Received 8358
16/11/2002

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

### ✻ ચાર પ્રકારની ચિંતા ✻

उत्तमा स्वात्म (धर्म) चिंता स्यात्, कामचिन्ता तु मध्यमा ।
अधमा त्वर्थचिन्ता स्यात्, परचिन्ताऽधमाधमा ॥

પોતાના આત્માની કે ધર્મની ચિંતાને ઉત્તમ ચિંતા કહી છે. કામ-ભોગની ચિંતાને મધ્યમ ચિંતા કહી છે. મધ્યમ એટલે થોડી સારી તેમ નહિ પણ અધમ ચિંતા જેટલી આ ચિંતા ખરાબ નહિ. અર્થ ચિંતાને અધમ ચિંતા કહી છે, કારણ કે તેમાં કામ ચિંતા કરતાં વધુ ક્લેશ, કષાય, અશુભ લેશ્યા, હિંસા-ચોરી આદિ પાપો મજેથી સેવાય છે માટે વગર લેવે દેવે બીજાની ખોટી ચિંતા-નિંદા કરવી કે 'આ આવો... તેવો...' વગેરે જેને પરચિંતા કહેવાય છે અને તેને અધમાધમ ચિંતા કહી છે.

## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૪ — અંક ૨૦



**નાગાથી બાદશાહ આઘા, સજ્જનોને ગુંડાઓ વચ્ચે રહેવું તે કષ્ટદાઇ.**

## ● ફરજની પરસ્પર જાગૃતિ ●

કડકડતી ઠંડીના એક કાતિલ દિવસો હતા.

એ અરસામાં ન્યુજર્સીના મોજરસ ટાઉનમાં અમેરિકન લશ્કર પડાવ નાખીને પડયું હતું.

એક દિવસે, સાંજને સમયે, લશ્કરી ઉપરી પોતાની છાવણીમાં નિરીક્ષણ કરી રહ્યા હતા.

એટલામાં એની નજર એક ચોકીદાર સૈનિક પર પડી. ઉપરી અધિકારીને માનવ મન વાંચવાની જબરો સહાવરો હતો એણે મનથી માપી લીધું કે, આ ચોકીદાર સૈનિક ભૂખ્યો લાગે છે.

પોતાની માન્યતાની સચ્ચાઇ પારખવાના ઇરાદાથી તેણે ચોકીદારને પૂછપરછ કરી તો તેની ધારણા સાવ સાચી હતી. એટલે ઉપરીએ એ સૈનિકને સંબોધી કહ્યું: 'ત્યારે તો, ભાઇ, પહેલામાં પહેલું ને વહેલામાં વહેલું કામ તું એ કર કે, અત્યારેને અત્યારે આપણે રસોડે જઇને પેટની આગને ઠારવી આવ.'

કર્તવ્યનિષ્ઠ સૈનિકે કહ્યું: 'આપની ભ. ી લાગણી બદલ હું આભારી છું. પરંતુ હાલ ફરજ પર હોવાથી શી રીતે તેમ કરી શકું ?

પણ.. આ તો સાધારણ અમલદાર નહ તો. સક્રિય સહાનુભૂતિ સાથે એણે કહ્યું: 'ઓ હો, એ જ કારણ છે ને ! લાવ ત્યારે, તારી બંદૂક મને આપી દે અને તારી ફરજનો હવાલો મને સોંપી દે. તું જમીને પાછો ફરે ત્ય લગી તારી ફરજ હું બજાવીશ. એક સામાન્ય ચોકીદાર જો પં તાની ફરજ ચૂકવા તૈયાર ન હોય તો લશ્કરના વડા તરીકે મ ગ્ર બધા જ સૈનિકોની જરૂરિયાતો પૂરી પાડવા .રજ હું શી રીતે ચૂકી શકું ? ફરજ અદા કરે એ જ અધિ.ર ભોગવી શકે.'

આ માનવતા પ્રેમી અધિકારી હ . . જ્યોર્જ વોશિંગ્ટન.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

વર્ષ ૧૪) *સંવત ૨૦૫૮ માગસર વદ ૧૦ મંગળવાર તા. ૮-૧-૨૦૦૨ (અંક: ૧૯/૨૦

## સમકિતના સડસઠ બોલની વિચારણા

હપ્તો - ૪

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

**છ ભાવના :**

જેના વડે આત્મા ભાવિત થાય તે ભાવના કહેવાય. કહેવાતી આ છ ભાવનાઓ થી ભાવિત એવું સમ્યક્ત્વ વિના વિલંબે નિરૂપમ એવા મોક્ષ સુખને આપે છે. સમ્યક્ત્વને સાધુધર્મ અને બાર પ્રકારના શ્રાવક ધર્મના મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન અને નિધિરૂપ કહ્યું છે.

*(૧) મૂળ :* અનંતોપકારી શ્રી જિનેશ્વરદેવોએ સાધુ ધર્મ અને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપી બારે પ્રકારના શ્રાવક ધર્મનું મૂળ આ સમકિત કહેલું છે. કહેવાય છે કે- સમ્યક્ત્વ મૂળ બાર પ્રકારનો શ્રાવક ધર્મ. અર્થાત્ સમકિત જેના મૂળમાં છે એવો શ્રાવકધર્મ અને સાધુધર્મ.

જેમ મૂળ વિનાનું વૃક્ષ પ્રચંડ વાવાઝોડાના વંટોળમાં જોત જોતામાં ઉખડીને દૂર - સુદૂર ફેંકાઈ જાય છે. તેમ મજબૂત મૂળ રૂપી સમ્યક્ત્વથી રહિત સાધુ કે શ્રાવક ધર્મ રૂપી વૃક્ષ ક્યારે વિચલિત થાય તે કહેવાય નહિ. જેનું મૂળ મજબૂત, મૂળિયા ઊંડા ઉતર્યા હોય તે વૃક્ષ વિનાશી વાવાઝોડાના વંટોળમાં અડીખમ ઊભું રહે છે અને તેના આધારે બરાબર રહેલા આજુબાજુના બીજાને પણ ઊભું રાખે છે. જેનો પાયો મજબૂત તે પ્રાસાદ પણ ચિરસ્થાયી અને જેનો પાયો પોલો તે ક્યારે કઈ બાજૂ કોની તરફ ઢળી પડે તે કહેવાય નહિ. માટે ધર્મના મૂળને જાણી તેને મજબૂત કરવા પ્રયત્ન કરવો હિતાવહ છે. માટે જ મહોપાધ્યાયજી સમકિતની સજ્ઝાયમાં કહે છે કે- સમકિત રૂપી મૂળ વિનાની જીવોની મતિ અંધ છે. અને જેઓ માત્ર બાહ્ય પ્રવૃત્તિમાં, બાહ્ય ધર્મક્રિયાઓમાં રચ્યા પચ્યા બની ગર્વિષ્ઠ બને છે તે ખોટનો જૂઠો ધંધો કરે છે. નિર્મલ પરિણતિ પૂર્વકની કે નિર્મલ પરિણતિને પામવા માટે કરાતી પ્રવૃત્તિ-ધર્મક્રિયા તે લેખે લાગે છે, લાભદાયી બને છે.

*(૨) દ્વાર :* સમકિત એ ધર્મપુરમાં પ્રવેશ કરવાનું દ્વાર - બારણું છે. જેમ દરવાજા વિનાનું નગર ચારે બાજુ કિલ્લાથી વિંટળાયેલ હોવા છતાં પણ લોકોનું આવાગમન ન હોવાથી નગર રૂપે રહેતું નથી. તેમ ધર્મરૂપી મહાનગરમાં સમકિત રૂપી દ્વારબારણા વિના પ્રવેશ કરવો અશક્ય છે.

*(૩) પ્રતિષ્ઠાન (પીઠ)*

જેના ઉપર મકાન ટકે તે પીઠ કહેવાય. તેની જેમ જે પીઠ સમાન હોય તે પીઠ કહેવાય. જેમ મકાન વધુ ઊંચું તેમ તેનો પાયો ઊંડો અને મજબૂત જોઈએ. પાયો પોલો તેને કડડભૂસ થતાં વાર નહિ. પાયો મજબૂત તે ક્યારે પણ ડગે નહિ. તેમ સમ્યક્ત્વ રૂપી દૃઢ પીઠ હોય તો મા

એવો ધર્મરૂપી પ્રાસાદ ક્યારે પણ ડગે નહિ, બરાબર સ્થિર રહે, બધા આઘાત-પ્રત્યાઘાત સહે પણ ન ડગે તે ન જ ડગે. અને મુક્તિને પામ્યા વિના ન રહે. જેના પાયામાં પ્રાણ સ્વરૂપ સમ્યક્ત્વ રહેલું - પૂરાયેલું છે તો દુનિયામાં કોની તાકાત કે મજાલ છે કે તેના પ્રાસાદની એક કાંકરી પણ ખેરવી શકે. તે તો મેરૂની જેમ અડીખમ સ્થિર ઉભો રહે અને બીજા ડગમગતાને પણ ટકાવે - સ્થિર કરે.

***(૪) આધાર :*** આધાર એટલે આશ્રય. જેમ પૃથ્વીના આધાર કે આશ્રય વિના આ જગત નિરાલંબન રૂપે રહી શકતું નથી. તેમ ધર્મરૂપ જગત પણ સમ્યક્ત્વ રૂપ આધાર વિના ટકી શકતું નથી. દુનિયામાં આગળ વધવા, પ્રગતિ સાધવા પરસ્પર એકબીજાને આધાર - આલંબન - આશ્રય આદિની જરૂર પડે છે. તે રીતના સહયોગ સાધી આગળ વધે છે. તેમ ધર્મમાં આગળ વધવા આ સમકિતરૂપ આધારની ખૂબ જ અનિવાર્ય જરૂર છે. મજબૂત આધાર આગળ વધારે જ.

***(૫) ભાજન:*** ભાજન એટલે પાત્ર, વાસણ આદિ. કોઈપણ ખાવા-પીવા આદિ વસ્તુને રાખવાનું જે સાધન વિશેષ તે ભાજન કહેવાય. ભાજનના અભાવમાં તે તે ખાદ્ય પદાર્થો આદિ ઢોળાઈ જાય, નાશ પામે. ભાજનમાં મૂકેલ તે તે ચીજ-વસ્તુની સાચવણી-રક્ષણ સારા થાય. તેમ સમકિત રૂપે ભાજનમાં રાખેલ શ્રુત અને શીલરૂપ ધર્મનો રસ ક્યારે પણ ઢોળાતો નથી કે નાશ પણ પામતો નથી. અર્થાત સમકિત રૂપ ભાજનમાં શ્રુત-શીલ આદિ ધર્મદ્રવ્યોની સારી સાચવણી - સારું રક્ષણ થાય છે, વૃદ્ધિ થાય છે અને આદાન - પ્રદાન દ્વારા સન્માર્ગમાં સુસ્થિત થવાય છે.

***(૬) નિધિ - નિધાન :*** ચક્રવર્તીના નવ નિધિ કે સુવર્ણ -રત્નાદિ નિધાન સુપ્રસિદ્ધ છે. જેની પાસે નિધાન રૂપી મોતી-સુવર્ણ આદિની ખાણોની માલિકી હોય છે તે સૌથી સુખી ગણાય છે. તેમ સમકિત રૂપી મહાનિધિ - નિધાનનો સ્વામી મહાસુખી ગણાય છે. પરમર્ષિઓ તો ત્યાં સુધી જણાવે છે કે- સમકિત એ જ સઘળાય આત્મ ગુણોનો ભંડાર છે તેના વિનાના સાધુના કે શ્રાવકના મૂલગુણ કે ઉત્તરગુણ માત્ર છૂટાં રત્નો જેવા છે. કેમ કે સમકિત મૂલ વ્રતાદિ રત્નોને ચોરનારા ચોરોનો ભય ભવો ભવ હોય છે. જો આત્મા સાવધ ન રહે અને જરાક ગાફેલ બને તો આત્મ શત્રુરૂપી ચોરો ક્યારે પેસી જાય અને ગુણ રત્નો ને ચોરી જાય તે કહેવાય નહિ. સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલાનો મોક્ષ ન જ થાય પણ કદાચ દ્રવ્યચારિત્ર ન પામેલો પણ સમકિતરૂપ મહાનિધાન પામે તો તેની અવશ્ય મુક્તિ થાય. નિધાન - ભંડારના રક્ષણ માટે બધા પ્રયત્નશીલ હોય છે તેમ આ સમ્યક્ત્વ રૂપ નિધાનના જતન માટે વિશેષ ઉદ્યમ કરવાથી આત્મા અનુપમ અને શાશ્વત એવા મોક્ષ સુખનો સ્વામી બને છે.

જે આત્મા આદર - બહુમાન પૂર્વક આ છયે ભાવના હંમેશ ભાવે છે તેના હૈયામાં પરમાર્થ રૂપી સમુદ્ર ઉછળ્યા કરે છે અને ચિદાનંદના કલ્લોલો - તરંગોમાં સ્નાન કરી પાવન બને છે. જેથી આત્માની મુક્તિ ન થાય ત્યાં સુધી સમકિત આત્મસાત્ બને છે.

ક્રમશઃ

## શુભેચ્છાઓ અંગ ક્ષમા

ગત વિશેષાંકમાં મેટર જે શુભેચ્છાઓમાં રહી જવા પામી છે તે શુભેચ્છાઓ આ અંકે તથા આવતા અંકમાં આવી જશે. શુભેચ્છા દાતાઓની તે માટે ક્ષમા માગીએ છીએ.

– સંપાદક

## પ્રતિષ્ઠા મુહુર્ત

શ્રી શંખેશ્વર મહાતીર્થ હાલારી જૈન ધર્મશાળામાં અંજન શલાકા પ્રતિષ્ઠાનું મુહુર્ત વિ. સ. ૨૦૫૮ ચૈત્ર શુદ - બીજી ચોથ તા. ૧૭-૪-૨૦૦૨, ના રોજ નક્કી થયેલ છે. કાર્યક્રમ હવે પ્રગટ થશે. હાલારી ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર.

# આરોગ્યધામ શ્રી મિરજ નગરે
## સૌ પ્રથમવાર પૂ. ગુરુ ભગવંતોના શેષચાતુર્માસની મંગલમય પૂર્ણાહૂતિ

સમગ્ર મહારાષ્ટ્રમાં "આરોગ્યધામ" તરીકેની ઐતિહાસિક પ્રસિદ્ધિને પામેલા એવા શ્રી મિરજ નગરે સૌ પ્રથમવાર જ સુવિશાલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા-આશિષથી શાસનપ્રભાવક પૂ. આ. શ્રી જયકુંજર સૂ. મ. તથા પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ. નાં શિષ્ય-પ્રશિષ્યરત્નો પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. એ શેષ ચાતુર્માસાર્થે પ્ર. આસો વદ - ૧૧ ના મંગલ પ્રવેશ થયા બાદ પૂજ્યશ્રીના પ્રવચનોથી સકલશ્રી સંઘમાં ખૂબ જ સુંદર ધર્મ આરાધનાનું વાતાવરણ સર્જાયેલ. શાશ્વતીઓળી સુધી માત્ર એક જ મહિનો પૂજ્યોની સ્થિરતા હોવા છતાં પૂજ્યોની સ્થિરતા દરમ્યાન પર્યુષણ જેવું વાતાવરણ થવા પામેલ. આ શેષ ચાતુર્માસનું આયોજન શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ તથા શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દહેરાસર ટ્રસ્ટના સંયુક્તપણે થવા પામેલ. આ ચાતુર્માસ દરમ્યાન અપૂર્વ ધર્મઆરાધના - તપશ્ચર્યા - મહોત્સવો થતાં મિરજ સકલ સંઘના જૈન ઇતિહાસમાં એક નવું જ સુવર્ણપૃષ્ઠ ઉમેરાવા પામ્યું છે. શેષ ચાતુર્માસની પૂર્ણાહૂતિ નિમિત્તે ત્રિ-દિવસીય જિનભક્તિ મહોત્સવ પણ ખૂબ જ સુંદર ઉજવાયેલ. પૂ. ગુરુ ભગવંતોએ દ્વિ. આસો વદ-૧૧ના મિરજથી સાંગલી વિહાર કરેલ તે વિદાયવેળા તો સકલ સંઘ માટે હૃદયને ભીંજવી દેનારો પ્રસંગ બની જવા પામેલ.

એકંદરે નાનકડા મિરજના સંઘમાં ૫૦ વર્ષના જૈન ઇતિહાસમાં સૌ પ્રથમવાર જ પૂ. ગુરુ ભગવંતોની શેષ ચાતુર્માસની પધરામણીથી સંઘમાં ધર્મ જાગૃતિનું સુંદર વાતાવરણ સર્જાઈ જતાં ઐતિહાસિક - અવિસ્મરણીય પ્રસંગ બની જવા પામ્યો છે.

# શેષ ચાતુર્માસના યાદગાર સંસ્મરણો

* પૂ. ગુરુભગવંતોનો મંગલમય નગર પ્રવેશ - રૂા. ૮૦ નું સંઘપૂજન - સ્વામીવાત્સલ્ય ૬૦૦ પુણ્યશાળીઓની ઉપસ્થિતિ
* પ્રતિદિન વ્યાખ્યાનમાં રૂા. ૫નું સંઘપૂજન.
* સામુદાયિક પંચમહાવ્રત તપમાં જોડાયેલ ૮૧ આરાધકોને શ્રી સંઘ તરફથી રૂા. ૧૨૫ની પ્રભાવના
* બે ત્રિ-દિવસીય અને એક નવાન્હિકા પરમાત્મભક્તિ મહોત્સવનું સુંદર આયોજન.
* શાશ્વતી ઓળીની યાદગાર આરાધના - ઓળીમાં જોડાયેલ ૫૫ આરાધકોને કુલ્લે રૂા. ૩૦૦ ની થયેલ પ્રભાવના.
* જૈનેતર પુણ્યશાળીઓએ પણ નવપદ - ઓળીની કરેલ સુંદર આરાધના.
* છેડા ભવનમાં થયેલ પ્રવચનોનું સુંદર આયોજન.
* શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન દહેરાસર ટ્રસ્ટ તરફથી રૂા. ૧૧૧૧/- ની સર્વ-સાધારણની તિથિ નોંધવાનું નક્કી થતાં પૂજ્યશ્રીની પ્રેરણાથી અંતિમ પ્રવચનના દિવસે નોંધાઈ ગયેલ ૧૦૮ તિથિઓ તથા સકલ સંઘની થયેલ નવકારશી.
* યાદગાર વિદાય સમારંભનું આયોજન.
* શ્રી જૈન શ્વે. મૂ. સંઘ તથા શ્રી વાસુપૂજ્યસ્વામી દહેરાસર ટ્રસ્ટના સંયુક્ત પણે શેષ ચાતુર્માસનું થયેલ આયોજન.

# જૈન દર્શનમાં બાર ભાવનાઓ

શાહ રતિલાલ ડી. ગુડકા-સહતંત્રી.

૧. **અનિત્ય ભાવના**

શાસ્ત્રકાર મહર્ષીઓ કરૂણાના ભંડાર અરિહંતો ફરમાવે છે કે હે જીવ, જયાં ઈન્દ્રનું ઈન્દ્રાસન અને ચક્રવર્તીનું સિંહાસન પણ અચળ નથી તો લોકવર્તી સામાન્ય સિંહાસનનું તો પૂછવું જ શું ? જેમ જન્મની પાછળ મરણ, યુવાની પાછળ ઘડપણ, હાસ્યની પાછળ શોક, સંયોગની પાછળ વિયોગ, તેમ જડ-ચેતન પદાર્થોની પાછળ અનિત્યતા નામનો દર્દ ઉભોજ છે. તે દર્દ એક ક્ષય રોગ જેવો છે. ક્ષયરોગ એક દિવસ અવશ્ય દેહને નાશ કરે છે, તેમ ક્ષયરોગ ની જેમ પુણ્ય યોગે પ્રાપ્ત થયેલા વૈભવો, વિલાસો સત્તાઓને-ધરાશાયી કરીનેજ રહેવાના છે. તે ક્ષયરોગ (કેન્સર)નો નાશ કરવા માટે આજ સુધી વૈધે કે ડોકટરે તેની કોઈ દવા શોધી નથી. તેથી સર્વ ભક્ષણ શીલ આ અનિત્યતાનો ક્ષયરોગ (આપણને) માનવોને પણ લાગેલોજ છે. દેવોને તથા પશુ પક્ષીઓને પણ લાગેલો જ છે. જડ પ્રદાર્થોને લાગેલો છે. તેથી વિવેકી મનુષ્યે મમતાનો ત્યાગ કરવા બતાવ્યું છે. ધન, માલ-મિલ્કત, યુવાની, સતા, વિગેરે અનિત્ય છે જેથી જેનાથી જેટલા પ્રમાણમાં બને તેટલું સત્ કાર્યમાં ઉજમાળ રહેવું હિતકારક છે.

૨. **અશરણ ભાવના**

ભૂખથી પીડાયેલો ભોજનનો આશરો શોધે છે. તરસથી પીડાયેલો પાણીનો આશરો શોધે છે. દર્દથી પીડાયેલા દવા ત્થા ડોકટરનો આશરો શોધે છે. ભયથી પીડાયેલા ભગવાનને શરણે જાય છે. પોલીશનો આશરો શોધે છે. પણ અનંતકાળથી પીડાયેલો જન્મમરણથી પીડાયેલ કોનો આશરો લેવો તે પણ વિચારવું પડશે જ ? માનવજીવનમાં દેવ ગુરૂ ધર્મનું શરણું સ્વીકારવાથી કર્મ શત્રુથી પીડાયેલાને અવશ્ય રક્ષણ મળશે.

૩. **સંસાર ભાવના**

જ્ઞાનીઓ કહે છે કે હે જીવ ! આ સંસારની વિષમતા જો કે અનાદિ કાળથી ૮૪ લાખ યોનિમાં ભટકતાં ભટકતાં કોઈવાર રાજા થયો તો કોઈ વાર રંક થયો, કોઈ વાર શ્રીમંત તો કોઈવાર ભિખારી (નિર્ધન), કોઈવાર પંડિત તો કોઈવાર મૂર્ખ, કોઈવાર સત્તાધીશ તો કોઈવાર ગુલામ, કોઈવાર સુંદર રૂપધાન તો કોઈવાર કુરૂપવાન કોઈવાર દેવ તો કોઈવાર મનુષ્ય, કોઈવાર પુરૂષ તો કોઈવાર સ્ત્રી, કોઈવાર સ્ત્રી તો કોઈવાર નપુંસક, કોઈવાર પશુ પંખી તો કોઈવાર નારક, કોઈવાર પંચેદ્રિય તો કોઈવાર એકેંદ્રિય, કોઈવાર સ્થાન ૨ માન તો કોઈવાર અપમાન, કોઈવાર સત્કાર તો કોઈવાર તિરસ્કાર, કોઈવાર રોગી તો કોઈવાર નિરોગી, કોઈવાર હર્ષ તો કોઈવાર શોક, કોઈવાર ક્રોધ તો કોઈવાર સમતા, કોઈવાર માન તો કોઈવાર માયા-લોભ, કોઈ પ્રેમ તો કોઈ વાર દ્વેષ, કોઈવાર કોયલ જેવો મધુર કંઠ તો કોઈવાર ભેંસાસુર, કોઈવાર યશ તો કોઈવાર અપયશ ', અનંત વારપામ્યો, બીજું એકવાર જીગરજાન દોસ્ત તો કોઈ વાર દુશ્મન થઈ જાય છે. આ જીવ એકવાર પૂત્ર તો બીજા જન્મમાં પિતા બને છે. અને પિતા પુત્ર બને છે માતા પત્નિ બને છે, પત્નિ માતા બને છે, આવી સંસારની વિષમતા સંસારમાં ભરેલી છે જેથી મુમુક્ષુ આત્મા સંસારમાં કદી આંનંદ ન પામે ?

૪. **એકત્વભાવ**

આ સંસારમાં સ્વાર્થ સિવાય કંઈજ દેખાતું નથી. અનંત પાપો કરીને વૈભવ લક્ષ્મી એક માણસ ભેગું કરે છે અને એની મોજ બધા ભેગા મળીને કરે છે. પણ મૃત્યુ સમયે કોઈ ભેગું જતું નથી. સુખમાં સર્વ સગા દુઃખમાં દુર ભાગે. કેવાનું કે સુખમાં સજ્જન સૌ મિલ્યા દુઃખમાં દુર પલાય. દુર્ગતિમાં કર્મ નો દંડા મારતો એકલાનેજ ભોગવવાનો છે. જીવ જન્મે એકલો અને મરે પણ એકલો, રોગની પીડા પણ એકલાનેજ સહેવાની તેમાં કાંઈ પણ સગો સ્નેહી પત્નિ કે પુત્ર કોઈ વેદના લઈ શકે નહિ. આજકાલ વિશ્વાસુને ઘણી જગ્યાએ ઠગે છે ન્યાયથી ભ્રષ્ટ

થાય છે. ધર્મ કર્મ મૂકે છે. જેના માટે ક્ષણ-ક્ષણ ચિંતા કરીએ છીએ એવો દેહ પણ પર ભવે જતાં એક ડગલું પણ સહાયમાં આવવા તૈયાર નથી. એકજ સહાયક સાધન માત્ર ધર્મ જ છે, માટે તેને સેવો.

## ૫. અન્યત્વ ભાવના

ગર્ભથીજ સાથી એવું શરીર પણ જયાં આત્માથી જુદો જ છે તો પછી બીજી વસ્તું તો અનિત્ય જ છે. આત્મા સ્વયં સચ્ચિદાનંદ ધન એકલો હોવા છતાં પણ હું અનેક સ્વરૂપ છું. જેમ આ શરીર મારૂં છું આ સ્ત્રી પુત્ર પરીવાર મારો છે. આ ઘર બંગલો દુકાન મારાં છે. વગેરે આત્માના સ્વભાવથી તદ્દન ભિન્ન અનિત્ય ને પરલોકમાં અવશ્ય સાથે નહી જ જનારાં કર્મબંધનમાં નિમિત ભુત બની એવી જડ વસ્તુઓને પોતાની માની હરખાયા કરે છે. છાતી કાઢીને ફરે છે. જે વાસ્તવમાં પોતાનું નથી. પોતે જન્મ વખતે સાથે લઈ આવ્યો નથી, પોતાનું કોઈ થવાનું નથી, તેનાથી સદ્ગતિ પ્રાપ્ત થતી નથી, છતાં હું તેનો અને તે મારાં આ જીવને અનાદિથી વળગેલું છે સદગુરૂની કૃપા થાય અને અંતર ચક્ષુ ખુલે અને આત્મ દર્શન થાય તોજ માયાનું મૂળ ઉખડે તોજ કાર્યસરે.

## ૬. અશુચી ભાવના

જેમ કાદવમાં પડેલી શુધ્ધ વસ્તુ પણ અપવિત્ર અશુધ્ધ બને છે, તેમ કાયારૂપી કાદવમાં પડેલું સુંદર ભોજન પણ અશુધ્ધ-અપવિત્ર, વિષ્ટા અને પેશાબ રૂપ બને છે. જેમ દુર્જન દુરાચારીના સંગે ચડેલો સારો સદાંચારી પુરૂષ પણ દુરાચારીને પાપી બને છે. તેમ આ કાયારૂપી અંગના સંગે ઉત્તમ ઉજવળ વસ્ત્રો પણ અપવિત્ર ગંદા બને છે. પરતું આ કાયાની ઉત્પતિ પણ માતાના રકત અને પિતાના શુક્રના મિલનથીજ બનેલી છે. પેટમાં માતાએ ચાવેલા ખોરાકમાથી બનેલા રસને ચૂસીને જે કાયાની વૃધ્ધિ થઈ છે. જેમાં નવ દ્વારોથી અશુધ્ધી સદા વહી રહી છે, તેવી સદાની અપવિત્ર કાયા લાખો મણ પાણીથી અને ઉચા ઉચા સાબુથી કેવી રીતે પવિત્ર થવાની છે. બીજું જે કાયા ઉપર જરા અને રોગોરૂપી શત્રુઓ આક્રમણ કરી રહયા છે એવી સદાથી રોગો અને ઘડપણરૂપી શત્રુઓથી ભયગ્રસ્ત કાયાને સ્થિરમની શા માટે ધર્મ કાર્યમાં ઉદ્યમ કરતો નથી ? (કરતા નથી) કાયા એટલે નદી કાંઠે જેમ ઝુંપડી બાંધી હોય અને એ હંમેશા ભયમાંજ હોય કે કયારે વીખેરાય જશે, કયારે તણાય જશે, પૂરના વેગમાં કયારે પવનમાં ઉડી જશે, તેમ મૃત્યુરૂપી પવનનો એક ઝપાટો આવતાં આ કાયારૂપી ઝૂંપડી કયાંયે ઉડી જવાની છે ? માટે નશ્વર કાયાથી શાશ્વત આત્મ ધર્મ કમાઈ લેવાનું કદી ચૂકશોમા. કદી જતુ નહિં કરવાનું એજ.

## ૭. આશ્રવ ભાવના

જેનાથી આત્મા કર્મથી બંધાય. કર્મથી લેપાય કર્મો આવરીલીએ તે આશ્રવ તેમ શાસ્ત્રમાં આવે છે. ઘણા વાંચનથી આ જાણેલ છે. અને ઘણા કહે આત્મા નથી. આત્મા નિત્ય નથી (એટલે કાયમ નથી), આત્મા કર્મનો કર્તા-ભોકતા નથી, મોક્ષ નથી અને મોક્ષનો ઉપાયમથી આવું જે માને તેને મિથ્યામાન્યતા તેને જૈન દર્શન મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ સર્વ પાપનો બાપ છે. ત્થા હિંસાદી પાપો, રાગ-દ્વેષ ધર્મમાં અનાદાર, દેવ-ગુરૂનો અવિનંય, અભકિત, અશુભ, યોગો, આ બધા આશ્રવો રૂપી પશુઓ છે. અને તે પશુઓ આત્મક્ષેત્રમાં ઘુસીને સત્કાર્યોરૂપી પાકેલ પાકને એટલે કે ધર્મરૂપી પાકને વારંવાર ખાઈ જાય છે નાશ કરી દીએ છે. ધર્મનું સત્વ-તેજ-ઉલ્લાસ આ આશ્રવોરૂપી ડાકુઓ ખત્મ કરી નાંખે છે. બધા દુઃખોનો મૂળ આ આશ્રવો છે. તેથી જો આપણા આત્મમાં જાગ્રતિ જોતી જ હોય તો તેના દુર્ગતિના દ્વાર બંધ કરવા હોય અને સદ્ગતિની અભિલાષાનો ઉત્તમ માનવ ભવના ક્ષેત્રમાં આ આશ્રવોરૂપી પશુઓને આપણે ઘુસવા ન દેવા અને બાકીતો બનતો પ્રયાસ કરવાથી ચોકકસ આપણે એમાં ફળી ભૂત બનશું.

## ૮. સંવર ભાવના

જે સુંદર સારી ધર્મપ્રવૃતિ કરવાથી કર્મ બંધન અટકે તેને જ્ઞાનીઓ સંવર કહે છે. વળી આવું તો અનેક વાર વાચ્યું હશે આપણે છતાં આત્મા છે, આત્મા પરિણામી નિત્ય છે. આત્મા સ્વયં કર્મ નો કર્તા-ભોકતા છે મોક્ષ પણ છે. અને મોક્ષનો ઉપાય સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યગ્ચારિત્ર છે. આવી જે કોઈ આત્મા સચોટ શ્રધ્ધા ધરાવે તેને જૈન દર્શનની ભાષમાં સમ્યકૃત્વ કહે છે.

વિશેષ ક્ષમા, નમૃતા, સરળતા, સંતોષ, સંયમ, તપ, બ્રહ્મચર્ય ને રૂજુતા આવી ઉત્તમ ભાવનાઓ ને

જ્ઞાનીઓએ સંવર કહેલ છે. આ સંવર ધર્મથીજ આત્માનું રક્ષણ થાય છે. તેથી હે આત્મા ! હે ભવ્યાત્માઓ આ સંવર મિત્રોનો સંગ કદી છોડવાનું નથી. અહીં માનવ જીવન માત્ર સંવર ધર્મની આરાધના થાય છે. તેથી લાખો ભવોએ મળેલી દુર્લભ એવી સંવરધર્મની આરધના તક કદી જવા દેવી નહીં.

## ૯. નિર્જરા ભાવના

જેના દ્વારા દૂધ અને પાણીની પેઠે આત્મા સાથે રહેલા કર્મો ક્ષય પામે છે. આત્માથી જુદા પડી ખરી જાય તેને નિર્જરા શબ્દજ્ઞાનીઓ એ કહેલ છે. જૈન દર્શનમાં બાર પ્રકારનાં તપ બતાવ્યાં છે અને તપ એ કર્મક્ષયનું અમોધ સાધન છે. આ બાર પ્રકારનાં તપ દ્વારા અસંખ્ય ભવોના સંચિત કર્મોનો નાશ થઈ જાય છે. જેમ જેમ તપ દ્વારા કર્મોનો ક્ષય થાય તેમ તેમ આત્મા નિર્મળ થતો જાય છે. આ જીવે તો નર્કાદિ થી અનેક ભોગવ્યા છે અને હજુ જો આપણે આપણો આત્મા વિષય કષાયમાં જ જો રકત રહેશે તો ભવિષ્યમાં અનેક કષ્ટો ભોગવવા પડશે માટે જો આપણે ચેતી સમજી જે તપક્રિયા સમ્યગ્જ્ઞાન પૂર્વક કરશું તો અવશ્ય ઘણાજ કર્મો ખપી જાશે. તેથી આપણા આત્માને કટુફળ ભોગવવા નહિ પડે. તેથી (હે જીવ) તેથી હે પુણ્યાત્માઓ આપણને સકામ નિર્જરા કરવાનો ઉત્તમ અવશર મળ્યો છે. તે ખાન-પાનને તે ભોગ વિલાસમાં વેડફી નહિ નાખવામાં સજાગ રહેવું. શુધ્ધ પવિત્ર બનવું.

## ૧૦. લોકસ્વ ભાવના

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય આ પંચ લોક અનાદિ અનંત છે. લોકનું એક પણ દ્રવ્ય સર્વથા નાશ થતું નથી. તેમજ એકપણ દ્રવ્ય નવું આવતું નથી. તેથી દ્રવ્યની દ્રષ્ટિએ લોક નિત્ય કહેવાય છે. ચૌદરાજ લોકમાં અનંતા જીવો અનંત કાળથી ભિન્ન ભિન્ન યોનિઓમાં જન્મ-મરણ કરી રહ્યાં છે. મારો તમારો આપણો આત્મા આ વિશાળ કાળલોકમાં કર્મથી દબાયેલો પરવશ પડી-જન્મ-મરણ અનંતા કર્યા. કયાંયે સ્થિરતા, શાંતિ, સુખ, આ લોકમાં તે જોયા નહિં. માત્ર લોકના મથાળે-લોકાન્તે એકજ એવું નિર્ભય-પીડા વેદના રહિત-અનંત સદા સુખમય જન્મ-જરા મરણથી રહિત સિધ્ધ સ્થાન છે. ત્યાં કર્મ મુક્ત થઈ જીવ જઈ શકે છે. માટે આપણે આ લોકના દુઃખમય સ્વરૂપને જાણી (માટે હે આત્મા) લોકાન્તે રહેવા માટે કર્મ તોડવા પ્રયત્ન કરજે (આપણે પ્રયત્ન કરવાનો છે.)

## ૧૧. બોધિ-દુર્લભ-ભાવના

બોધિ-અહિંસામય શુધ્ધ ધર્મની પ્રાપ્તિ થવી તેને જ્ઞાની પુરૂષો બોધિ રતન કહે છે. આ બોધિજ પ્રાપ્ત કરવી અત્યંત દુર્લભ છે. બીજા બધા વૈભવો (બાહય) સતાઓ સુંદરરૂપ-સોભાગ્ય વગેરે તો હલકા-પાપ-દુર્જન મનુષ્યને પણ મળે છે. પણ આત્માને અનંત જન્મ-મરણથી છોડાવી અજરામર પદને પ્રાપ્ત કરાવનાર એકજ બોધિની પ્રાપ્તિ જીવને પ્રાપ્ત થવી દુર્લભ છે. હે જીવ તને તારા અનંતપુણ્ય રાશીના ઉદયે (આપણને) આ બોધિ રત્ન મળ્યું છે. તો તેનું તું તારા પ્રાણથી પણ અધિક જતન કરજે. (આપણે પ્રાણથી અધિક જતન કરવાનું છે).

## ૧૨. ધર્મસ્વાખ્યાત ભાવના

અહો ધર્મ કેવો સુંદર છે જેમાં સર્વજીવોને અભયદાન આપવાનું ફરમાવવામાં આવ્યું છે. જેમાં અહિંસા અને ક્ષમા પ્રધાન છે. જેમાં તત્વ અને આચારની સુંદર વ્યવસ્થા છે. જેમાં દેવપણ વીતરાગ-ગુરૂ-સર્વથા ત્યાગી અને ધર્મ અહિંસા મય છે. એવા શ્રેષ્ઠ ધર્મની સરખામણી કોની સાથે થઈ શકે તેમ છે સર્વરી ધર્મને સૂર્યની ઉપમા આપી છે. ભવસાગર તરવા માટે જહાજ સમાન છે. એવી ઉપમા સેકડો-હજારો પાપોરૂપી રોગોનું એક ઉત્તમ ઔષધ છે. રાગદ્વેષ હરવા માટેનો મંત્ર છે આવા સૂંદર સ્વરૂપવાળા ધર્મને કહેવા સર્વજ્ઞ ભગવંત સિવાય બીજો કોણ સમર્થ છે.

## ૧. ચાર ભાવના - પ્રથમ મૈત્રી ભાવના.

વિશ્વમાં રહેલા નાના મોટા જીવોના હિંતની ચિંતા કરવી. એજ ધર્મનો સાર છે. સર્વજીવોને પોતાના આત્મ સમાન ગણી તેમના જીવનની રક્ષાની ચિંતા ને જે પ્રાપ્યથી ભાવથી તે જીવો સુખી કેવી રીતે બને, તેની ચિંતા તેના પાપો-દુષ્કૃત્યો કેવી રીતે દૂર થાય ! હુ તેના માટે શું કરૂ ? હું બધા જીવોને ધર્મ કેમ પમાડું તેની ચિંતા કરવી તે મૈત્રિભાવના.

સમસ્ત જીવોની સાથે મૈત્રી ભાવ પ્રેમભાવ એ

આ માનવ લોકનું અમૃત સમાન છે. આત્મત્વની દ્રષ્ટિએ વિશ્વના સમસ્ત જીવો સિધ્ધ સમાન છે. તેથી મારૂં અને તેઓને એટલેકે સમસ્ત જગતનું સ્વરૂપ એકજ છે. તેઓનું સુખ તે મારૂં સુખ, અને તેઓનું દુઃખ તે મારૂ દુઃખ, હું બુધ્ધિમાન અને મોટો અને ધર્મના રહસ્યને જાણનારૂં છું તો મારૂં કર્તવ્ય તેઓને ધર્મ બતાવી, ધર્મ સમજાવી તેઓના દુઃખ દુર કરવાનું. મારે, તમારે, આપણે એવી રીતજીવન જીવવું જે ઈએ કેતા જીવવાનું કે મારી ખાતર (આપણી ખાતર) મારા અન્ય સુખ ખાતર બીજા જીવોના પ્રાણ ન જાય, તેમને મારા તરફથી દુઃખ પીડા ન થાય. કોઈ અગવડ ન આવે. આનું નામ સાચી મૈત્રિ ભાવના. બાકી કોઈ પણ પ્રાણી બીજા પ્રાણીઓને દુઃખમાં નાખી, તેમના જીવનને નષ્ટ કરી, સુખ શાંતિની ચાહના-ઈચ્છા કરે તો તે વ્યર્થ થાય અને તેની તે ઈચ્છા પૂર્ણ થવાની નથી. જો આપણે (મારે તમારે) બધાને સુખ શાંતિ જોઈતી હોય તો આપણે શાંતિનું દાન કરવું પડશે અને બીજાના દુઃખોની નિરંતર ચિંતા કરવી પડશે, તેમના પ્રત્યે અથાગ પ્રેમ મૈત્રીભાવ સેવવો પડશે, પછી જુઓ કે આપણું જીવન કેવુ દૈવી- સ્વર્ગીય બની જાય છે.

## ૨. પ્રમોદ ભાવના

બીજા જીવોને સુખી જોઈ રાજી થવું, બીજા જીવોની સુખ સમૃધ્ધિથી આનંદ થવું, રાજી થવું, બીજાના ગુણો જોઈ અતિ પ્રસન્ન થવું, તેનું નામ પ્રમોદ ભાવના, ચાલો સુખી છે - આબાદ છે મારો ભાઈ છે ને ? મારો પાડોશી છે ને ? સાધર્મીક બંધુ છે ને ? વળી તેના પુણ્યના ઉદયે તે સુખી છે. સમૃધ્ધ છે. તો મારે તો પુણ્યશાળીના પુણ્યની અનુમોદના કરવી જોઈએ કે ગત જન્મમાં સારૂં પુણ્ય કરીને આવેલો છે. બાકી બીજાના સુખની અદેખાઈ ઈર્ષા તો ન જ કરવી. અને ઈર્ષા અદેખાઈ કરવાથી ઈર્ષાદિ કરનારનું પુણ્ય બળી જાય છે. તેના હૃદયમાં કદાપી શાંતિ હોતી નથી અને આવા ઘણા દ્રષ્ટાંત મોજુદ છે. માટે હંમેશા બીજાનું સુખ જોઈ રાજી થવું પણ કદી હલકાભાવ દિલમા ન લાવવા. બીજું બીજા ગુણવાન જીવોને આદર કરવો (આપવો) તેઓનું સન્માન કરવાની ભાવના, તેઓને જોઈ હૃદય નાચી ઉઠે, મો ઉપર આનંદ છવાઈ તેઓના ગુણોની પ્રશંસા કરવી, બાકી કદી પણ નિંદા-હલકાય તો ન જ કરવી. સર્વ જીવોને સુખી જોવાની ભાવના રોજ રાખવી. અને આ વિશ્વ ઉપર એકપણ જીવને મારે દુઃખી પીડીત જોવો ન પડે ? આવી ભાવનાનું નિરંતર ચિંતન કરનાર જીવ અનંતાનંત પુણ્યનું ઉપાર્જન કરે છે. અને કઈ જન્મોના પાપોનો એક ક્ષણમાં ખતમ કરી નાખે છે. પ્રમોદ ભાવના ગુણાનું રાગનું પ્રતિક છે.

## ૩. કરૂણા ભાવના

પ્રથમ તો જગતના દુઃખી જીવોના દુઃખો જોઈ હૈયુ કંપી ઉઠે. જેમ પોતાના માતા પિતાના કે નજીકના સગાં વ્હાલાઓનાં દુઃખો-રોગો-પીડાઓ જોઈને જેવી હૈયામાં લાગણી થાય છે. તેવી લાગણી બીજા બધા જીવો પ્રત્યે પણ જોઈએ. એક જીવ સુખી બીજા જીવોને દુઃખથી મુક્ત કરવાની ભાવના નહિં રાખે તો કોણ રાખશે ? આ ક્ષણીક દેહ, ધન, બુધ્ધિ, બળ, લક્ષ્મી વગેરેનો ઉપયોગ દુઃખીઓના દુઃખ દુર કરવા માટે કરવામાં આવે ને કર્યો તેજ સફળ છે બાકી કાલે શું થશે ? આપણી મારી પણ તે જ દશા નજીકના ભવિષ્યમાં આવવાની છે

એટલે કે આપણી કયારે કઈ દશા થાય એની કયાં ખબર છે આજે આપણે સુખી સ્થિતીમાં બીજાં દુખી જીવોની સાર સંભાળ નહિં કરીએ તો પછી આપણી કફોડી સ્થિતીમાં કોણ જોશે ? સુખો, સમૃધ્ધિ કયાં અમર છે ? માટે જેટલો દુઃખીયાના દુઃખો દુર કરવામાં ઉપયોગ કરી લઈએ તેટલો નકકર પુણ્યનો લાભ છે. પાપી-દુર્ગુણી દુરાચારી જીવોને સદ્ગુણી, સદાચારી, ધર્મી બનાવવાની ભાવના તે પણ કરૂણા ભાવના છે. તેથી પાપોથી દુરાચારોથી જીવો મુકત બને તો દુઃખોથી સ્વયંમ મુકત બની શકે છે. તેથી દુરાચારીનો દુરાચાર મુકવવો, પાપીનું પાપ મુકાવવું, માંસાહારીનું માંસ મુકાવવું. શરાબીનો શરાબ છોડાવવો આ મહાન કાર્ય સાધુ ભગવંતો કરે છે. તેથી સાધુ-સંતોના વિશ્વના જીવો ઉપર અમાપ ઉપકાર છે. આ કરૂણા ભાવના છે.

## ૪. માધ્યસ્થ ભાવના

અત્યંત પાપી, દુરાચારી પ્રત્યે ન રાગ કે ન દ્વેષ સેવવો. તેનું નામ માધ્યસ્થ ભાવના. જેમ આપણા ઘરમાં કોઈ આપણો વડીલશ્રી વધારે બિમાર હોય છે તો તેના તરફ આપણે કેવી સહાનુભુતિ, પ્રેમ ભાવના રાખીએ છીએ પણ અણગમો કે તિરસ્કાર નથી કરતાં તેવી જ રીતે વધારે પાપોથી, કર્મોથી બિમાર પડેલા જીવો પ્રત્યે આપણી (મારી)

તમારી કદાચ કોઈ કારણ વશાત સહાનુભુતિ ન રહી શકે તો પણ તેની નિંદા-તિરસ્કાર તો ન જ કરવો. આટલુ તો ઉદાર વિશાળ દિલ આપણે બધાએ રાખવું જ જોઈએને ? ઘણીવાર દુષ્ટ કર્મોરૂપી ભુત જ જીવો પાસે અનિચ્છનીય પાપો-દુષ્કૃત્યો કરાવે છે. તેથી તેના પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખવો બરાબર નથી. હશે તેને પણ સદ્બુધ્ધિ પ્રાપ્ત થાઓ ? તે પણ એક દિવસ જરૂર સુધરશે. નાહક તેની નિંદા, લઘુતા, તિરસ્કાર કરવાથી તો તે વધુ બગડશે. આપણો શત્રુ બનશે. તેના કરતાં તેના માટે જતું કરવું (દયા ચિંતવવી) તેના દોષોની ઉપેક્ષા કરવી એજ સજ્જન પુરૂષનું કામ છે. સાચો ધર્મી દુષ્ટમાં દુષ્ટ મનુષ્યની કે કોઈ કર્માધીન જીવોની નિંદા કરતો નથી. આવી રીતે અનિત્યાદિ ૧૨ ભાવનાઓ અને મૈત્રિ આદિ ચારભાવનાઓ એ આત્માને પુણ્યથી અને સંવેગ-ઉત્તમ ભાવને પુષ્ટ કરનારૂં છે. એક ઉત્તમ જડી બુટી છે. આ જડી બુટી ને જ ખાશે તે જરૂર એકને એક દિન ભવસાગર તરી જશે. શાસ્ત્રમાં આવે છે ને કે ભાવના ભવ નાશીની ઉત્તમ ભાવનાઓના ચિંતનથી અનંત દુ:ખમય સંસારનો જલ્દીઅંત આવે છે. એજ-આ લખાણ-વિધવિધ વાંચનથી અને બાકી જ્ઞાનાનુસારે બુધ્ધિ રૂપી ભાવનાથી લખેલ છે શાસ્ત્રના આધારે માટે દરેક આત્માઓએ સુજ્ઞજનોએ ધર્માત્માઓએ ભુલને ક્ષમ્ય આપવું અને મને ક્ષમા આપશો એ જ શિવમસ્તુ સર્વ જગત : એજ શુભ ભાવના સકળ જીવરાશિનું હિંત થાઓ. સર્વ જીવોનું કલ્યાણ થાઓ.

# વિસનગરમાં ઈતિહાસ સર્જતા ઉપધાન-તપ

## તપમાં જોડાયેલ ૭ વર્ષનો જૈનમ્ અને ૯ વર્ષની મયૂરી

છેલ્લા કેટલાય દિવસોથી વિસનગરની જૈન-જનતા ઉપધાન-તપના રંગે રંગાઈ ચૂકી છે. ૪૭/૪૭ દિવસ સુધી ઉપવાસ અને એકાસણું (એકટાણું) કરવાનું આકરૂં વ્રત જૈન ધર્મમાં ઉપધાન તરીકે ઓળખાઈ છે. આટલા દિવસો સુધી આ તપમાં ઘર-દુકાન આદિનો ત્યાગ કરીને જૈન સાધુ જેવું જીવન જીવવાનું હોય છે. ૧૭/૧૭ વર્ષો બાદ આવા તપનો શુભારંભ ૪ નવેમ્બરથી વિસનગર-મહેસાણા ચાર રસ્તા નજીક આવેલ ઈન્દ્રલોક સોસાયટીમાં થતા ૧૧૧ ભાઈ બહેનો જોડાયા છે. જેમાં શહેરના જાણીતા જૈન અગ્રણીઓ ઉપરાંત ૭ વર્ષના બાળકે જૈનમ્ અને ૯ વર્ષની બાલિકા મયૂરી પણ ભાગ લઈ રહી છે. હસતા મોંઢે આ ભીષ્મ તપ કરી રહેલ આ બાળકો સૌનું આકર્ષણ કેન્દ્ર બની રહયા છે. ઉપાધન તપની પૂર્ણાહુતિ સ્વરૂપ માળારોપણ-મહોત્સવ જેમ જેમ નજીક આવી રહયો છે, એમ એમ પૂરા શહેરમાં ઉત્સાહનું વાતાવરણ જામી રહયું છે. ઈન્દ્રલોક સોસાયટી 'ઉપાધાન નગર' માં પલટાઈ ગઈ હોવાથી નવા રૂપ રંગ સજી રહી છે. ચાતુર્માસ પધારેલ સિધ્ધહસ્ત લેખક પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી અને પ્રવચનકાર પૂ. મુનિરાજ શ્રી યુગચન્દ્ર વિજયજીની પ્રેરણા પામીને થયેલ આ આયોજનની પૂર્ણાહુતિ સ્વરૂપ માળારોપણ મહોત્સવ હવે નજીકના જ દિવસોમાં ઉજવાશે. આ પ્રસંગે પધારવા ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજને અમદાવાદ મુકામે આગ્રહભરી વિનંતિ કરતા તેઓશ્રીની આજ્ઞાથી પૂ. આચાર્યદેવ શ્રી જયકુંજર સૂરીશ્વરજી, પૂ. આ. શ્રી મુકિતપ્રભ સૂરીશ્વરજી, પૂ. મુનિરાજ શ્રી અક્ષય વિજયજી આદિ વિશાળ પરિવાર સાથે વિસનગરના આંગણે પધારશે. ઉપરોકત ત્રણેય આચાર્ય ભગવંતો ગઢવાડા-પ્રદેશમાં વાવ-સતલાસણા નજીક આવેલ કોઠાસણા ગામના સંસારી સંબંધે વતની હોવાથી પૂરા ગઢવાડા પ્રદેશ સહિત વિસનગરમાં અનેરો ઈતિહાસ સરજી જતો, માળારોપણ મહોત્સવ ડિસેમ્બર ૨૦ થી ૨૪ સુધીના દિવસોમાં ઉજવાશે. ૨૩ ડિસેમ્બરે નીકળનારી અતિભવ્ય શોભાયાત્રા-માળના વરઘોડાની તડામાર તૈયારી ચાલી રહી છે. જૈન સંઘના આગેવાનો અને જૈન સંઘના ઉત્સાહી યુવાનો આ પ્રસંગને શાસન પ્રભાવક રીતે ઉજવવા અથાગ પ્રયત્નો કરી રહયા છે. તપ-ત્યાગ અને તિતિક્ષાની ભીષ્મ તાલીમ સમા ઉપધાન તપની આ આરાધનામાં જોડાયેલા તપસ્વીઓના દર્શનાર્થે સ્નેહીઓ- સ્વજનો અને પરિચિતોનો પ્રવાહ દિવસ દરમ્યાન અવિરત ચાલતો જોવા મળે છે. જે આ આરાધનાનો અનુપમ પ્રભાવ દર્શાવે છે.

# પ્રવચન – એકાવનમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૨, બુધવાર, તા. ૧૧-૯-૧૯૮૭,
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

તમારા માબાપે તમને સાધુ થવાનું કહ્યું છે ? તમારો સંબંધી પણ એવો છે જે તમને સાધુ થવાનું કહે ? તમે મરવા સુધી ધંધાદિ કરો છો તો ઘરમાં કોઈ કહેનાર છે કે ક્યાં સુધી આ પાપ કરવું છે ? જ્ઞાની કહે છે કે - જે શ્રાવકના ઘરમાં કોઈને વિરાગ ભાવ જન્મે નહિ તે ઘરમાં કોઈ ચેતનવંતા નહિ પણ બધા મડદા જ વસે છે. તમે જીવતા છો કે મરેલ છો ? તમારા ઘરમાં વિરાગની વાત થાય છે ખરી ? તમને ગમતી ચીજ એક વાર સાંભળો તો યાદ રહી જાય છે અને આ અનેકવાર સાંભળો તો ય યાદ ન રહે તો તે અણગમતું જ કહેવાય કે બીજું કાંઈ ? 'આ સંસાર અસાર છે, ભૂંડો છે, છોડવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે' આ વાત કેટલીવાર સાંભળી છે ? ગમી છે ? આ વાત ન ગમે તો સાંભળવા આવો છો પણ સમજતા માટે નહિ એટલું જ નહિ પણ આ વાત ન સમજાઈ જાય તેની પણ તમે કાળજી રાખો છો ! એમ કહેવાય !

'આ સંસાર ભૂંડો છે, છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે.' તેમ અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે. આ વાત જેને સ્વીકારી તેવા અનંતા જીવો સંસાર છોડી, સાધુ થઈ, સાધુપણાનું બરાબર પાલન કરી કરીને મોક્ષે ગયા છે. શ્રી નવકાર મહામંત્રના પ્રથમ બે પદથી રોજ નમસ્કાર કરો છો તો તમને એમ પણ થાય છે ખરું કે- 'મારે ય ઝટ સંસાર છોડવો છે અને વહેલામાં વહેલા મોક્ષે જવું છે ?' આવું જેને મન પણ ન થાય તે બધા જીવો ભારે કર્મી કહેવાય. અને જે મનુષ્યપણામાંથી જ મોક્ષે જવાય તે મનુષ્યપણામાં આવી ભારે કર્મી જીવો નરકાદિ દુર્ગતિમાં જાય. આ બે પુત્રોની જેમ જે મહાભાગ જાગી જાય તેનું કલ્યાણ થાય. અને જો આ ભવ હારી ગયા તો વખતે અનંતકાળે પણ આવો ભવ ન મળે આ વાત કેટલી વાર સાંભળી છે ? ભય લાગ્યો છે ?

ધર્મ પામવો છે ? દુનિયાનું સુખ ખરાબ લાગે અને પોતાના જ પાપથી આવવું દુઃખ સારું લાગે - તે ધર્મિપણાનું લક્ષણ છે. દુઃખ આવે તે પાપ કાઢવા આવ્યું છે અને દુનિયાનું સુખ આવે તે પાપ કરાવવા આવે છે. થોડું સુખ મળે અને અધિકની ઈચ્છા થાય તે પાપ કહેવાય કે પુણ્ય કહેવાય ? દુઃખ આવે અને રોવા માંડો તો ય પાપ બંધાય કે પુણ્ય બંધાય ? દુઃખ આવે તો રાજી થાય, આનંદ પામે તેવા કેટલા જીવો મળે ? અને સુખ મળે તો ગભરાય તેવા કેટલા જીવો મળે ? આ દુનિયાનું સુખ મને રાગી, લોભી, માયાવી, જુઠ્ઠો, ચોટ્ટો, બનાવશે - આવો ભય દુનિયાનાં સુખનો લાગે છે ? જેમ જેમ દુનિયાનું સુખ વધુ ને વધુ મળે તો તમારી શી હાલત થાય છે ? આજનો મોટો ભાગ કેવો છે ? જૂઠ ન બોલે તેવા કેટલા મળે ? ચોરી ય ન કરે તેવા ય કેટલા મળે ? આપણામાં આ દોષો ભરેલા છે તે જાણ્યા પછી ગભરામણ થાય કે ન થાય ? તે દોષો ક્યાં લઈ જશે ? દુર્ગતિનો ભય નથી ને ? આજનો ધર્મ કરનારો ય મોટોભાગ નરક અને સ્વર્ગને માનતો નથી. નહિ માનનારા જો કબૂલ કરે તો ય સારા છે. તમે બધા ન માનો તેથી નરકાદિનો અભાવ નથી થઈ જતો. નરકને માનતા હો તો ગભરામણ થવી જોઈએ અને સ્વર્ગને માનતા હો તો સુધરવાનું મન થવું જોઈએ. પછી સારાં કામ

કરવાનું મન થાય અને ખરાબ કામ ન કરવાનું મન થાય.

તમે બધા ભાગ્યશાલી જીવો છો. રોજ 'આ સંસાર છોડવા જેવો છે, સાધુ થવા જેવું છે અને મોક્ષ મેળવવા જેવો છે' તે સાંભળવા મળે છે. તો હવે મારે અધર્મ નહિ કરવો જોઇએ અને ધર્મ જ કરવો જોઇએ તેવું પણ મન થાય છે? આ ધર્મનો ભય લાગે છે? ધર્મ ન થાય તેનું ય દુઃખ થાય છે? ક્યારે પૂરેપૂરો ધર્મ કરું અને ક્યારે અધર્મ છોડું તેમ થાય છે? અધર્મથી બચવું હોય તો સંસારથી છૂટવું જ પડે. સંસારથી ન છૂટો તો અધર્મથી બચાય નહિ અને પૂરેપૂરો ધર્મ થાય પણ નહિ. આ વાત સમજાય છે? ભગવાને પહેલો સાધુ ધર્મ જ કહ્યો છે. તે સાંભળ્યા પછી ગમી જાય તો તે જ લેવાનું મન થાય. તે સાધુ ધર્મ લેવાની શક્તિ ન હોય પણ ઝટ સાધુ થવાની શક્તિ આવે તેના માટે શ્રાવક ધર્મ કહ્યો છે. શ્રાવક ધર્મ કરે તેને સાધુપણાની ઇચ્છા હોય, હોય ને હોય જ. ભગવાનનું સાધુપણું આજે પણ પ્રશંસનીય છે. ભગવાનના સાધુને જોઇને જેને સાધુ થવાનું મન ન થાય તેને સાધુનું દર્શન ફળ્યું ન કહેવાય પણ ફુટ્યું કહેવાય! તેવાને ગમે તેટલી વાર સાધુ મળે પણ તે પથરો તેવો ને તેવો જ રહે, તે તો અવસરે સાધુને પણ ઠગે. સાધુના પરિચયમાં આવેલો કોઇને ઠગે તો તે સાધુની જ ફજેતી કહેવાય ને? સાધુની જ આબરૂ બગાડી કહેવાય ને?

આજે વ્યાખ્યાન પણ ખરાબ હેતુથી સાંભળનારા ઘણા છે, સમજવા માટે અને સમજીને સાચું પામવા માટે સાંભળનારા બહુ થોડા છે! રોજ સાંભળવા છતાં ય ધર્મ શક્તિ મુજબ કરવાનું મન કેટલાને થાય? સાધુપણું લેવાની વાત બાજુ પર રાખો પણ રોજ કમસે કમ ભગવાનનાં દર્શન કર્યા વિના તો મોંમાં પાણી પણ ન મુકવું તેવા કેટલા મળે? આજે તો લોક કહે છે કે - સાધુની પાસે જનારો જ મોટા માં મોટો હરામખોર હોય છે, અનીતિખોર છે! રોજ સાંભળે ને આવાને આવા રહે તેનું કારણ શું?

ધર્મ સહેલો નથી. સારા દેખાવા માટે ધર્મ કરે તેના માટે ધર્મ બહુ ભૂંડો છે! આજનો મોટોભાગ ધર્મિપણાનો દેખાવ કરીને ઘણાં ખોટાં કામ મઝેથી કરે છે. તમે જેટલો અધર્મ કરો છો તે ય ખટકે છે ખરો? તમે બધા મા-બાપ છો તો સંતાનો ધર્મ કરે તે ગમે કે અધર્મ કરે તો ગમે? તમે સાધુ પાસે જાવ છો તે પાપ કરતાં અટકો, ધર્મ કરતાં થાવ માટે કે અધર્મમાં પાવરધા બનો માટે?

પુરોહિત અને તેના બંન્ને પુત્રો વચ્ચે હજી ઘણી વાતચીત થાય છે તે આપણે જોવી છે. પુરોહિતે પુત્રોને કામ ભોગોની લાલચ બતાવી પણ પુત્રોએ તેનો ય પ્રતિકાર કર્યો. હવે પુરોહિત આત્માનું જ અસ્તિત્વ ઉડાવવાનો છે અને પુત્રો તેનો શું જવાબ આપે છે તે વાત હવે પછી...

ક્રમશઃ

જૈન શાસન અઠવાડીકને
હાર્દિક શુભેચ્છા

BABUBHAI S. VARIYA
PH. (02744) (R) 29016

Ruchit Handicrafts

❑ Kach's Handi's Specialist ❑

New Neminath Nagar, B/h. Bus Stand,
Deesa - 385 535 (B.K.)

નોંધ : સાધુ મહાત્માના લોચ માટેના સ્પેશ્યલ

# શંખેશ્વર હાલારી ધર્મશાળા

પૂ. આ. વિજય જિનેન્દ્ર સૂ. મ.

શ્રી હાલારી વીશા ઓસવાળ જૈન યુનિવર્સીટી કલાસ શ્રા સુ. ૩ થી ૧૨ સુધી ૧૦ દિવસ પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ લંડન તરફથી ચલાવવામાં આવેલ છે. ૪૫ બાળકો થયા હતા. ત્રણ પંડિતજી એ ભણાવેલ સુદ ૧૨ ના મેળાવડો થયો. બાળકોએ સંવાદ કર્યા ઇનામ પ્રભાવના સારા થયા સુરતથી શાહ રાયચંદ કાનજી તરફથી યાત્રીકો આવેલ તે પ્રસંગે બાળકોને નીચે મુજબ પ્રભાવના કરી હતી. ૧૦ રૂા. (૧) રેખાબેન પ્રવીણચંદ રાયચંદ (૨) ૫ રૂા. સોમચંદ પેથરાજ ગોસરાણી (૨) સોમચંદ લાલજી (૩) વાઘજી કચરા ગડા (૪) સોભાગ્યચંદ મેપા પુંજા (૫) હંસાબેન ખેતશી ભીમજી (૬) રણમલ નરશી નગરીયા (૭) મણીબેન ગુલાબચંદ મેઘજી બીદ(૮) દેવશી કચરા ગોસરાણી (૯) મોતીચંદ ભીમજી ગોસરાણી (૧૦) સુરેશચંદ્ર રાયશી દેવશી ગણૈયા રૂા. બે-(૧) કાનજી હીરજી (૨) નવીનચંદ્ર કચરા (૩) મોતીબેન નેમચંદ ખીમજી (૪) રામજી કાનજી છેડા (૫) શાંતિલાલ ગોસર ગડા (૬) હરખચંદ કારાભાઈ ગુઢકા (૭) પોપટલાલ પુંજાભાઈ (૮) પ્રેમચંદ દેવન ગંગર (૯) ઝવેરચંદ કાનજી છેડા (૧૦) ભરતભાઈ ગેલેકસી વાળા, રાજકોટ. (૧૧) લુણાવા યુવક મંડળ રૂા. ૧-૧ (૧) હઠીભાઈ વાડી, જૈન સંઘ યુવક મંડળ - અમદાવાદ.(૨) શાહ ઉત્સવ (૩) મહેતા સજન (૪) સિદ્ધાર્થ મોહનલાલ (૫) હસમુખ ચંદુલાલ (૬) દેવાસ ગ્રુપ અમદાવાદ (૭) શંખેશ્વર મંડળ (૮) દીપકભાઈ પંડિત (૮) અક્ષયકુમાર પ્રદીપકુમાર - મુહપત્તિ.

## ✻ શ્રી શંખેશ્વર હાલારી ધર્મશાળા ✻

## ✻✻ નૂતન જિનમંદિરમાં પટની યોજના ✻✻

(૧) નીચેના પટ ૭ાા x ૯ાા નંગ ૧૦, એકની નકરો રૂા. ૧ લાખ ૧૧ હજાર

(૨) ઉપરના પટ ૬ાા x ૬ નં. ૬, નકરો એકનો રૂા. ૬૧ હજાર

(૩) સ્ફૂટીક રત્નની પાદુકા તે ૨૪ જિનની ૨૪ અને ૨૪ જિનના ગણધરની ૧૪૫૨ પાદુકા, કુલ ૧૪૭૮ પાદુકા સહિત પટનો નકરો રૂા. ૨ લાખ ૨૫ હજાર, સ્ફૂટીકની પાદુકાનો આવો પટ પ્રથમ જ બને છે. લખવાની શરૂઆત થઇ ગઇ છે.

**વહેલો તે પહેલો એ રીતે લાભ લખાશે. આ લાભ ચુકવા જેવો નથી.**

:: આ અંગે પત્ર લખવા રકમ ડ્રાફ્ટ મોકલવાનું સરનામું ::

**શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મુ. તપા. જૈન ધર્મશાળા**

પંચાસર રોડ, મું. શંખેશ્વર, (તા. સમી, વાયા : મહેસાણા, ફોન : (૦૨૭૩૩) ૭૩૩૧૦

| | | | |
|---|---|---|---|
| મુંબઇ : | મગનલાલ લક્ષ્મણભાઇ મારૂ, | થાણા. | ફોન : ૫૪૦૧૪૧૩ |
| | હરખચંદ ગોવીંદજી મારૂ, | ઘાટકોપર | ફોન : ૨૦૬૧૫૮૮ |
| | પ્રેમચંદ મેઘજી ગુઢકા, | પરેલ | ફોન : ૪૧૩૨૮૨૯ |
| નાઇરોબી | : મેઘજી વીરજી, બોક્સ નં. ૪૯૬૦૬ | | |
| લંડન | : રતિલાલ દેવચંદ, | | ફેક્સ : + ૪૪૨૦૮૯૩૧ ૬૫૨૬ |
| | | | Email:RATILAL GUDKA@HOTMAIL.COM |
| | મોતીચંદ એસ. ગુઢકા | | ફોન : ૦૧૮૧ - ૯૩૩૮૪૫૮ |
| | ગુલાબચંદ મૂળચંદ | | ફોન : ૩૪૬૬૨૩ |

# મહાસતી સુલસા

*મુનિ હિતવર્ધન વિજય.*

**લેખાંક - ૭મો**

મહાસતી સુલસા, વિચારોના આકાશમાં વિહરવા લાગી.

ઉપાયોની શોધમાં નીકળેલી તેની વિચારયાત્રા કેમેય સમેટાતી ન હતી..

સુલસા, એક એવા ઉપાયનું શોધન કરી રહી હતી, જે ઉપાય નિરવદ્ય હોય.

પોતાના સમ્યક્ત્વની ધવલ દામનને નાના શોર્ય ડાઘ લાગે, એ તેને મંજુર ન હતું. આથી જ સમ્યક્ત્વની ઈમારતને ધ્રૂજાવે નહિ એવા નિરતિચાર ઉપાયની તે શોધ કરવા માંડી. સુલસાને મન 'સુત' જેટલો કિંમતી હતો એથી વધુ 'સમકિત' કિંમતી હતું.

હા!.સમ્યક્ત્વની મંગળવાસનાથી જેના દશેદશ પ્રાણો લેપાઈ ગયા છે, એવી પણ સુલસા પુત્ર પ્રાપ્તિમાટેના ઉપાયોની ખોજ કરી રહી હતી. એનું કારણ એના મનનો પુત્રમોહ ન હતો. કેવળ પતિના ચિત્તને સમાધિ બક્ષવાની આ એક શુભ ચેષ્ટા હતી. સુલસા, સુતની અર્થી હતી, એવું રખે કહેતા. એ તો હતી, સમાધિની અર્થી.

સુલસા, એક ગહન પ્રશ્નના વિચારમાં ડુબી ગઈ.

પ્રારબ્ધની લડતને પુરૂષાર્થના શસ્ત્રો દ્વારા શેં પણ જીતવી ? આવો તેનો પ્રશ્નાર્થ હતો. એનો પ્રશ્નાર્થ સાચો હતો. સુત, સ્ત્રી કે સંપત્તિ આખરે તો પ્રારબ્ધની દેન છે. પ્રારબ્ધની લડતનું પાસું પુરૂષાર્થ દ્વારા શું પલટાઈ શકે ? દુ:શકય...

એ સમજી ન હતી શકતી, કે પ્રારબ્ધની દેન માટે મનુષ્ય આટલો બધો બેચેન શા માટે બને છે ? પ્રારબ્ધની અવકૃપામાં તે સુનમુન શા માટે બને છે ? પ્રારબ્ધની અવકૃપાને કૃપામાં પલટાવવા તે આકાશ-પાતાળ શા માટે એક કરે છે ?

આવાજ પ્રકારના ચિંતને ચઢેલી સતી-મા સુલસાએ પોલાદી નિર્ણય કર્યો, કે ના, મારે પ્રારબ્ધ સામે લડત નથી આપવી. ના, મારે કામણ-ટુમણનો તુચ્છ માર્ગ નથી અપનાવવો. ના, મારે મિથ્યાત્વીનો પડછાયોય નથી લેવો. ના, મારે કુદેવ-કુગુરૂ કે કુધર્મની માનતા નથી કરવી. ના, મારે માદડીયા નથી બાંધવા... પ્રારબ્ધ સામે લડત આપવા કરતાં બહેત્તરતો એ છે કે નવા પ્રારબ્ધનું નિર્માણ કરીએ.

સતીમાએ એજ ક્ષણે સંકલ્પ કર્યો : પ્રારબ્ધના નિર્માણનો. આ માટે તેણે અરિહંતોએ નિર્દેશેલા ધર્મનું તરણું ઝાલવાનો નિર્ણય લીધો.

અરહિંતોએ ઉપદેશેલો ધર્મ, નિરવદ્ય છે, નિર્મળ છે, સુવિશુધ્ધ છે અને સત્ય છે. આવી અટલ માન્યતા ધરાવનારી સુલસા ધર્મના અમાપ ફળનું સ્મરણ કરે છે.

ઉત્તમ કુળ-શ્રેષ્ઠ કુળ.

* અનુકુળ પત્ની / અને પ્રેમપૂર્ણ દાંપત્ય..
* દીર્ઘાયુષ્ય / નિરોગી દેહ..
* અખંડિત સૌભાગ્ય / અખંડિત આરોગ્ય..
* મનગમતા નો મિલાપ..
* તેજસ્વી પુત્ર / સદાચારી પુત્રી..
* લબ્ધ પ્રતિષ્ઠા / કીર્તિ..
* ઈચ્છિત લક્ષ્મી..
* પ્રભાવક વાણી પ્રતિભા...
* શૌર્યવંતા બાહૂઓ / તરલ શરીર...
* દાનવીર મનોવૃત્તિ...
* આકર્ષક દેહયષ્ટિ...
* હદયમાં નિષ્કપટતા...
* આ બધાય સૌભાગ્યવંતા પરિબળો જિનધર્મની આરાધનાનું જ સમ્યગ્ ફળ છે.

रे चित्त ! खेदं किमु यासि नित्यं,
रूष्ट्वाऽन्य वस्तूनि मनोहराणि ।
धर्मं कुरूष्वाशु यदीच्छसीष्टं,
धर्मं विना नैव समीहितं स्यात ॥ ३/३६ ॥

જગતમાં એવી કોઈ વસ્તુ નથી, જેની પ્રાપ્તિ ધર્મના પ્રભાવે ન થાય. એ ધર્મમાંય વિઘ્નવિદારક અને વાંછિતદાયક ધર્મ જો કોઈ હોય તો તે છે : તપધર્મ. આ તપધર્મનો પ્રભાવ અજબ-ગજબનો છે.

અક્ષૌહિણી સેનાઓ જે નથી કરી શકતી, કરોડ મનુષ્યોનો ઉદ્યમ જે નથી કરી શકતો, એ કરી આપવાની તાકાત તપમાં રહી છે. સુલસા વિચારે છે: તપના પ્રભાવે દુષ્કારમાં દુષ્કર જણાતાં કાર્યો પણ સુકર બને છે. અશક્ય જણાતી ચીજ પણ શક્ય બને છે.

કરોડોના મોલ ધરાવતા ઔષધો જે રોગને નાબુદ નથી કરી શકતાં, એ રોગને મારી હટાવવાની શકિત તપસ્યા પાસે છે. ધન્વંતરી જેવા રાજય દ્વાર પુરસ્કૃત વૈદ્યો પણ જે વ્યાધિને શમાવી

શકયાં નહિ. એવા ગંભીર વ્યાધિને અનાથી કુમારના ચારિ સ્વીકારના કેવળ સંકલ્પે શમાવી દીધો !

નળથી વિખુટી પડેલી મહાસતી દમયંતીને ભયાનક અટવીમાં પ ા તપધર્મે જ શું ન હતી બચાવી ?

ના ાપાશોના ગાઢ બંધનથી પાંચેય પાંડવો જયારે બંધાઈ ગયાં, ત્યારે સતી-કુંતી અને સતી દ્રોપદીએ તો તેમના બંધનો દૂર કરાવ્યાં તાં, એય કાયોત્સર્ગ નામના અગ્યારમા પ્રકારના તપની આદરણા કરીને...

આ દ્રષ્ટાંતોને લોકોત્તર તપના છે. લોકોત્તર દ્રષ્ટાંતોની જેમ લૌકિક દ્રષ્ટાંતોનો પણ કોઈ પાર નથી. જે દ્રષ્ટાંતોમાં તપની અચિન્ત્યશક્તિનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

લૌકિક શાસ્ત્રોમાં પણ એ વાત પ્રસિધ્ધ બની છે, કે મહાસતી કુંતીએ ધર્મની આરાધના માત્રના બળે જ ધર્મરાજ (યુધિષ્ઠિર)ને જન્મ આપ્યો તો.

બસ ! હવે વધુ નિશ્ચલતા પૂર્વક અરિહંત ભગવંતની ભક્તિમાં ડુબી જઈશ.. તન-મનની એકાગ્રતા સાધીને જિન ભક્તિમાં ખોવાઈ જઈશ. મારા અસ્તિત્વને પરમાતત્વમાં વિલીન કરી દઈશ...

સતી-મા સુલસાએ પ્રશસ્ત એવું પ્રણિધાન કર્યુ. જિનેશ્વરના ખોળે સમાઈ જ્યા તેની કાયાની એકેકી રૂંવાટી તલસી ઉઠી. તપધર્મના યજ્ઞમાં જવલિત બનવા તે બધીય રૂંવાટીઓ ઉલ્લસિત બની.

ત્યાર પછી સુલસા, સોળે શણગાર સજીને પરમાત્માને ત્રિકાળ ભજવા લાગી. પ્રસન્ન ચિત્ત સાથે તેણે તપસ્યા શરૂ કરી. સુગંધિ પુષ્પો. સુગંધિત ધૂપ, સુગંધિ વિલેપનો જેવા મુલ્યવાન દ્રવ્યો દ્વારા તેણે પોતાની ભક્તિચર્યાનું વેગ બક્ષ્યો.

બીજી તરફ, સુપાત્ર દાન, ગુરૂશુશ્રુષા, સાધર્મિક ભક્તિ જેવા કર્તવ્યોમાં તે પરાયણ બની મન-વચન અને કાયાની વિશુદ્ધિ સાથે બ્રહ્મચર્યનું પાલન કરતી તે શકય બને ત્યાં સુધી આયંબિલ જેવો તપ કરતી.

આ બધાય ધર્માનુષ્ઠાનના પ્રભાવે સુલસાના આભ્યન્તર સત્વમાં જબ્બરદસ્ત કોટીનો ઉછાળો આવ્યો. સુલસાનું રૂપ પણ નીખરી ઉઠયું. આંખોનું અને વાણીનું તેજસ્ પણ નીખરી ઉઠ્યું. આ અભ્યન્તર સત્વની ચમક મનુષ્ય લોકમાં તો પ્રસરી જ ગઈ, આગળ વધીને તે મનુષ્યલોકના સીમાડા વીંધીને પહેલાં દેવલોકની ઈન્દ્રસભા સુધી પહોંચી ગઈ. સુલસાના અભ્યંતર સત્વથી પહેલાં સુધર્મ નામના દેવલોકના સ્વામી શક્રેન્દ્ર પણ પ્રભાવિત થયાં.

સ્વા જ્ઞાનના બળે સુલસાની સાધનાનું તેમજ તેના સત્વનું દર્શન કરનારા સૌધર્મેન્દ્ર પોતાની સુધર્મ નામની કરોડો દેવ-દેવીથી ઉભરતી સભામાં સતી-મા સુલસાના મુક્ત કંઠે વખાણ કર્યા.

".. દેવો અને દેવીઓ ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મગધ દેશની રાજગૃહી નગરી વસનારી પરમાર્હતા સતી-સુલસા એવી તો સત્વશાલિની છે, કે કદાચ દેવો અથવા તો દાનવો જઈને ઉપસર્ગોની ઝડી વરસાવે તોય પોતાના સમ્યક્ત્વથી તે ચલિત નહિ બને.. "

આવા ઉદ્ગાર કાઢ્યા ઈન્દ્રમહારાજે.

સુલસાના સત્વ સમેતના સમ્યક્ત્વની આવી મુક્ત પ્રશંસા સાંભળીને હરિણૈગમિષી દેવને તેની પરીક્ષા કરવાનું મન થયું.

ઈન્દ્રમહારાજા દ્વારા થયેલી એક માનુષીનારીના દેવોથીય ઝાઝેરી પ્રશંસામાં તથ્યં કેટલું છે ? તે જાણવા હરિણૈગમિષી તૈયાર થયું.

ઈન્દ્રની પ્રશંસાના સત્યને કસોટીની એરણ પર ચઢાવવા તેણે મનુષ્ય લોકમાં પહોચવાનું, પહોંચીને સુલસાને સમ્યક્ત્વથી ડગાવી જોવનું મુનાસીબ માન્યું.

હરિણૈગમિષી દેવે ઉતરવૈક્રિય શરીર ધારણ કર્યું દેવો પોતાના મૂળ શરીરે કયારેય દેવલોકમાંથી બહાર જઈ શકતાં નથી. માટે સ્તો હરિણૈગમિષીએ ગમનાગમન પૂરતું ઉતર વૈક્રિય શરીર બનાવ્યું.

* શરીરના તમામ અંગોપાંગોપર દીવ્ય વસ્ત્રોનું પરિધાન..
* કઠીભાગ પર કંદોરો. કંદોરામાં રણઝણ કરતી ઘૂઘરીઓ..
* મસ્તક પર દેદીપ્યમાન મુગટ..
* કાનપર મણિમય કુંડળો..
* કંઠમાં મુકતાફળની હારાવલિ..
* બાહુઓ પર રત્નજડિત બાજુબંધ..
* કાંડા પર રત્નમય કડાઓ..
* યથોચિત પાશાક..
* સુર્યથીય સવાયું તેજ બનાવીને હરિણૈગમેષી દોડ્યો.

ધરતી તરફનું તેનું પ્રયાણ વેગીલું હતું.. તે જંબૂદ્વીપ ના દક્ષિણાર્ધ ભરતના મધ્ય ખંડના મગધદેશની રાજધાની જેવી રાજગૃહી નગરી સુધી આવી પહોંચ્યો.

પવનથી વધુ ચપળ ગતિએ દોડનારા હરિણૈગમિષીને પ્રથમ દેવલોકમાંથી અહિં સુધી આવતાં જરીકેય વાર ન લાગી. રાજગૃહીના ઉપવનમાં નીચે ઉતરીને તેણે રૂપ પરાવર્તન કર્યુ. તેજોમય દેહયષ્ટિનું અને દિવ્ય કાંતિનું સંહરણ કરીને તેણે એક સાધુભગવંતનું રૂપ ધારણ કર્યુ.

ધવલ વસ્ત્રો, શ્યામળ શરીર, તપોમયગાત્ર, કાંખમાં રજોહરણ, હાથમાં ઝોળી-પાત્ર અને દાંડો લઈને તે હરિણૈગમિષી જાણે ઈર્યાસમિતિનું પાલન કરતો હોય એવો ડહોળ કરીને ખૂલ્લા પગે સુલસાના આંગળે આવ્યો.

સાધુરૂપ ધારી હરિણૈગમિષિ નગરજનોને / સહુકોઈને સાચેજ સાધુ લાગતો હતો.

તોરણોથી શોભતાં, ઝાલરોથી ઝમકતાં, દ્વારપાળો / રક્ષક પુરૂષો દ્વારા રક્ષાતાં, ધૂપની ધૂમ્રશેરોથી આચ્છાદિત બનેલાં, કસ્તુરીના લીપણથી લેવાયેલા ફરસવાળા, કલાત્મક સ્થંભવાળા, મુક્તા ફળોથી ગુંથાયેલા ચંદરવાથી ઢંકાયેલી છતવાળા, વિપુલ ગવાક્ષો ધરાવનારા, સુરમ્ય અને મનોહર એવા મહાસતી સુલસાના ભવન સુધી તે આવી પહોંચ્યો.

સાક્ષત્ દેવ વિમાન જેવા સુલસાના ભવનમાં સાધુ ભગવંત એકાએક પ્રવેશ્યાં...

( સાધુરૂપ ધારી હરિણૈગમિષી સુલસાના સત્વની અને – સમ્યક્ત્વની કેવી પરીક્ષા કરે છે, એ જાણવા આગામી લેખાંકની પ્રતીક્ષા કરવી રહી )

(ક્રમશઃ)

# વાલકેશ્વરમાં છ-છ દીક્ષાર્થીઓનો દબદબાભેર વરઘોડો

સુરત વીશા ઓસવાલ જ્ઞાતીય વાલકેશ્વર રહેતા સાકેરચંદ મોતીચંદ ઝવેરીએ રવિવાર તા. ૪ થી નવેમ્બરે વાલકેશ્વરના આંગણે છ-છ દીક્ષાર્થીઓના વર્ષાદાનનો સુંદર વરઘોડો યોજયો હતો. દીક્ષા યુગ પ્રવર્તક જૈનાચાર્યશ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યો વર્ધમાન તપોનિધિ આચાર્ય શ્રી ગુણયશસૂરિજી મહારાજ તથા સુપ્રસિધ્ધ પ્રવચનકાર આચાર્યશ્રી કીર્તિયશસૂરિજી મહારાજના શુભ સાનિધ્યમાં આ આયોજન કરાયેલ. સાકેરચંદભાઈના ધર્મપત્ની મીનાક્ષીબેન અને પુત્ર કુલેશ આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

અમદાવાદમાંરહેતા અને એમ.બી.એ સુધીનો ઉચ્ચ અભ્યાસ કરેલ ગર્ભશ્રીમંત પરિવારના મુમુક્ષુ જિજ્ઞાબહેનના સંયમસ્વીકારના નિર્ણયને વધાવવા આ આયોજન કરાયું હતું જેમાં અન્ય મુમુક્ષુઓ મેહુલભાઈ, મિતુલકુમાર, નિહાલચંદજી, વિક્રમભાઈ અને જયકુમાર પણ જોડાયા હતા. સવારે ૮-૩૦ વાગે ડોંગરલી રોડથી ઝવેરી પરિવારને ત્યાંથી શરૂ થઈ સવારે ૯ વાગે મહાવીર સ્વામી જિનાલયે વરઘોડો આવી પહોચ્યો હતો અને ત્યારબાદ પૂજયો તેમાં જોડાયા હતા.

વરઘોડામાં પ્રભુજીનો ચાંદીનો રથ, ચાંદીની ઈન્દ્રધ્વજાની ગાડી ઉપરાંત મુમુક્ષુઓના શણગારેલા પ્લોટો સુંદર શોભારૂપ બન્યા હતા. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજનો આચાર્યશ્રી હેમચંદ્રસૂરિજી મ.નો પોતાની માતા સધ્વીજીને અપાયેલ જ્ઞાન-સુકૃત દાન વગેરે ચાર પ્રસંગોના મોટા ચિત્રો બનાવી બળદ ગાડામાં શણગારી મૂકાયાં હતા. જે આકર્ષણનો વિષય બન્યા હતા.

વરઘોડો વાલકેશ્વર રોડ થઈ બેન્ડ સ્ટેન્ડ, બાબુલનાથ, ચોપાટી થઈ ફરી વાલકેશ્વર રોડ થઈ મહાવીર સ્વામી જિનાલયે ઉતર્યો હતો. વરઘોડામાં દરેક દીક્ષાર્થી ભાઈ-બહેનોએ રૂપાનાણું-વસ્ત્ર-અક્ષત આદિનું દાન કરેલ.

વરઘોડો ઉતર્યા બાદ શ્રી વિજય રામચંદ્રસૂરિ આરાધના ભવનના વિશાળ હોલમાં સંઘ એકત્ર થયેલ. જયાં સાકેરચંદ મોતીચંદ પરિવારે તેમજ ચંદનબાળાના સંઘે દરેક મુમુક્ષુઓનું સન્માન કરેલ. જિજ્ઞાબહેનને માનપત્ર પણ અપાયેલ. આ પ્રસંગે પ્રવચન પ્રભાવક આચાર્ય શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજે ખૂબ જ ભાવવાહી ઉદ્બોધન કરી સંસારની અસારતા, સર્વ પાપોના વિરામરૂપ તેમજ સર્વ પ્રકારની સમતાના આસ્વાદ રૂપ સંયમની સારતા અને મોક્ષની મહાનતાને સમજાવતું પ્રવચન કરેલ. સંયમનો સ્વીકાર કરનાર આત્માની જવાબદારી અને સંઘની સંયમીઓ પ્રત્યેની ભકિત-ફરજ-કર્તવ્યનું પણ પૂજયે નિદર્શન કરેલ. મુમુક્ષુ જિજ્ઞાબેન આઠ ભાષાનું જ્ઞાન મેળવવા ઉપરાંત અધ્યાત્મ-યોગના ગ્રંથો વ્યાકરણ અને ન્યાય શાસ્ત્રનો સવિગત અભ્યાસ કર્યો છે. તેઓશ્રી રામચંદ્રસુરિજી મહારાજના સુવિશાળ સમુદાયમાં આગામી ૯ મી ડીસેમ્બરે અમદાવાદ ખાતે દીક્ષા અંગીકાર કરશે. વરઘોડાનો આયોજક પરિવાર પોતે સંયમની ભાવના ધરાવે છે. આ પુર્વે સાકેરચંદ ભાઈએ પોતાના પુત્ર-પુત્રી વીરાંગ અને અમીષાને મુંબઈ-ચોપાટી પર ખૂબજ સુંદર રીતે દીક્ષા અપાવેલ જે આજે મુનિશ્રી વિરાગયશવિજયજી મહારાજ અને સાધ્વીજીશ્રી દર્શનપ્રજ્ઞાશ્રીજી મહારાજ ના નામે સુંદર સંયમ આરાધના કરી રહેલ છે.

# તાડપત્રીય ગ્રંથઆલેખન

સંકલન : **રમેશ દલીચંદ કોઠારી.**

પ્રભુ શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખે ત્રિપદી પામી બીજબુદ્ધિના ધણી શ્રી ગણધર ભગવંતોએ દ્વાદશાંગી- ચૌદપૂર્વની અંતર્મુહૂર્ત માત્રમાં રચના કરી-ભગવાને કેવલજ્ઞાના પ્રકાશમાં અને જોઈ એના પર સત્યતાની મહોરછાપ લગાવી આપી, શ્રમણ ભગવંતોએ અથાક પ્રયાસ કરી એ વારસાને મુખગત રાખ્યો. કાળના ક્રમે, અવસર્પિણી કાળના પ્રભાવે, ઉપરાઉપર પડતા દુકાળ, રાજકીય અસ્થિરતા, યુધ્ધો, વિગ્રહ વગેરેના કારણે સાધુ ભગવંતોની સ્મરણ શકિત ઘટી. ક્રમશ પૂર્વોના જ્ઞાનનો નાશ થતો ગયો. ત્યારે નષ્ટ થતા જ્ઞાનવારસાને બચાવી લેવા માટે શ્રી દેવદ્ધિગણિ ક્ષમાશ્રમણે ૫૦૦-૫૦૦ સૂરિશ્રેષ્ઠોને એકઠા કરી સૌને જે પણ જ્ઞાનવારસો કંઠસ્થ હતો તેને વ્યવસ્થિત કરી પુસ્તકારૂઢ કર્યો. તે સમય ગ્રંથલેખન માટે કાગળ કરતાં તાડપત્રોનો ઉપયોગ વિશેષ થતો હશે તેમ લાગે છે. કારણ કાગળ કરતાં તાડપત્રો વધુ ટકતાં અને સ્વાભાવિક મળતાં. તાડના ઝાડના પાંદડા ઉપર વિશેષ પ્રકારે બનાવેલી શાહીથી અથવા તો ધાતુની કલમથી અક્ષરો કોતરીને ગ્રંથો લખાતા. આ પ્રસંગ બન્યો શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે. ત્યારબાદ પૂ. આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજા, પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસુરિજી મહારાજા આદિ અનેકાનેક મહાપુરૂષોના જીવનકાળ દરમ્યાન શ્રી સંઘમાં આ રીતે તાડપત્ર પર આગમાદિ ગ્રંથો લખવા કોતરવાનું કાર્ય અવિરત ચાલતું રહ્યું. તાડપત્ર જો સારી રીતે સાચવવામાં આવે તો હજાર-બારસો વર્ષ સુધી મજેથી ટકી જાય. આજે પણ હજાર વર્ષ જુની તાડપત્ર પર લખેલી પ્રતો સારી અવસ્થામાં જોવા મળે છે.

કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રીહેમચંદ્રસુરિજીના સદુપદેશથી ૧૮ દેશના રાજવી કુમારપાળે ૭૦૦-૭૦૦ લહીયા રોકયા હતા. એ બધા તાડપત્ર પર ગ્રંથો આલેખતાં. કલિકાલસર્વજ્ઞશ્રી રચ્યે જાય ને લહીયાઓ લખ્યે જાય. રોજનો આ ક્રમ હતો. ખુદ મહારાજા કુમારપાળ પણ એ કામ ઉપર દેખરેખ કરતા. અવારનવાર આવી કામની તપાસ કરતા. ગ્રંથો તૈયાર થયે દેશોદેશના ભંડારોમાં એ ગ્રંથો મુકતા હતા.

એક દિ' મહારાજા કામના નિરીક્ષણાર્થે આવ્યા. લેખશાળામાં લેખનકાર્ય કાગળ પર ચાલતું જોયું. મહારાજા આશ્ચર્યચકિત બન્યા. પૂછયું કેમ કાગળ ઉપર ? તાડપત્ર કયાં ગયાં ? જવાબ મળ્યો, કયાંય તાડપત્ર મળતાં નથી ! તેથી મહારાજે વિચાર કર્યો, કાગળ તો વધુમાં વધુ ૩૦૦-૪૦૦ વર્ષ ટકશે. આ રીતે તો આગમાદિ'જ્ઞાનનિધિનો વહેલો નાશ થશે, હું રાજા હોઉં, ૧૮-૧૮ દેશ મારા તાબામાં અને મને તાડપત્ર ન મળે. હું જ્ઞાનની ભકિત ન કરી શકું તો શું કામનું મારુંરાજ ? આમ વિચારીને એમણે સંકલ્પ કરી લીધો. જયાં સુધી ગ્રંથઆલેખન માટે તાડપત્ર નહિ મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ ! નિયમ લેવા ગુરુ ભ. પાસે ગયા. કલિકાલસર્વજ્ઞ ભગવંતશ્રીએ પૂછયું-રાજન્ ! આજે કોઈતિથિ નથી ને ચોવિહાર ઉપવાસ કેમ ? રાજાએ વાત જણાવી. ગુરુ ભગવંતે પણ નિયમ આપ્યો. સત્વશાળી આત્માના શાસન ખાતર સમપર્ણના પ્રભાવે દેવો દોડતા આવ્યા ને રાજાના ઉદ્યાનમાં રહેલાં દરેક દરેક તાલ વૃક્ષો ઉપર તાડપત્રો ઉગી આવ્યાં અને પૂ.આ.શ્રી. હેમચંદ્રાચાર્યજીનો જ્ઞાનવારસો આપણા સુધી પહોંચવાનું માધ્યમ જીવતું રહ્યું. ત્યારબાદ બસો-ત્રણસો વર્ષ સુધી તાડપત્રો મળતાં રહ્યાં. લખાણ થતું રહ્યું આજેય એ સમયની તાડપત્રીય પ્રતો મળી આવે છે. પરંતુ સંઘના અલ્પ પુણ્યોદયે તાડપત્રો મળવાનાં બંધ થયાં. રાજકીય અસ્થિરતા, દૂર-સુદુરવર્તી દેશોનો અસંપર્ક, સુયોગ્ય વ્યવસ્થાનો અભાવ, સાધુ સંસ્થામાં વ્યાપેલી આચાર-વિચારની શિથિલતા, શ્રાવક વર્ગનું ધર્મવિષયક અજ્ઞાન આ અને આવા કૈંક કારણોથી તાડપત્રની પ્રાપ્તિ અવરોધાઈ. પરિણામે અલ્પજીવી કાગળ પર જ ગ્રંથો લખાવા લાગ્યા.

કાળની પૂરઝડપમાં, વાતાવરણના પરિવર્તનમાં ધીમેધીમે ગ્રંથારાશિ નાશ પામવા લાગી. અનેક મહત્વના આગમ ગ્રંથો, પ્રકરણ ગ્રંથો, ખગોળ-ભુગોળ, સાધક, મંત્ર-તંત્ર તેમજ સર્વાંગિણ સાહિત્યના ગ્રંથો કાળની ગર્તામાં લુપ્ત થયા. કેટલાક ઉધઈનો ભોગ બન્યા. કેટલાક ગ્રંથો વહીવટદારોની બેદરકારીથી ખવાઈ ગયા, સડી ગયા અને

લોંકિયા સાધુવેશધારી યતિઓએ વેંત વેંત માપીને વિદેશીઓને વેચી દીધા. પૂ. આ. શ્રી. હરિભદ્રસુરીશ્વરજી મહારાજાના બનાવેલા ૧૪૪૪ ગ્રથો પૈકી માંડ ૫૦/૬૦ ગ્રંથો આજે મળે છે. પૂ. વાચકવરશ્રી ઉમાસ્વાતિજી મહારાજાના બનાવેલા ૫૦૦ ગ્રંથો પૈકી માંડ ૪/૫ જ ગ્રંથો આજે પ્રાપ્ય છે.

પૂ.આ.શ્રી. હેમચંદ્રાચાર્યજીના બનાવેલા સાડાત્રણ ક્રોડ શ્લોકો માત્ર ૯૦૦ વર્ષના ગાળામાં કયાં ગયા, કોઈને પત્તો નથી. આજે માત્ર સવા લાખ શ્લોક પ્રમાણ ગ્રંથો મળે છે. પૂ. ઉપાધ્યાજીશ્રી યશોવિજયજી મહારાજાના બનાવેલ ઘણા ગ્રંથોના ઉલ્લેખો મળે છે: પણ ગ્રંથો તો માત્ર ગણ્યાગાંઠયા જ ઉપલબ્ધ રહ્યા. માત્ર ૩૦૦ વર્ષ જેટલા ટુંકા ગાળામાં આવો વિનાશ સર્જાયો. એનું કારણ જ્ઞાનની ઉપેક્ષા અને કાળનો પ્રભાવ જ કે બીજું કાંઈ ?

છતાં આપણાં પ્રબળ પુણ્યોદયે ભાંગ્યું તોય ભરૂચના ન્યાયે જે બચ્યું છે તે પણ એટલું બધું અઢળક છે કે એનો અભ્યાસ કરીએ, વાચીએ તો આપણું જીવન પુરું થઈ જાય પણ ગ્રંથો પૂરા ન થાય, એટલો મોટો જ્ઞાનસાગર આજે મોજુદ છે. જાગ્યા ત્યારથી સવાર કરી એને બચાવવા, સુરક્ષિત કરવા, સંવર્ધિત કરવા અને આવનારી ભાવિ પેઢીઓના આત્મહિત કાજે એ વારસાને અવિરત વહેતું રાખવાનું કામ શ્રીસંઘ જરૂર કરી શકે. જો થોડું આયોજનપુર્વક આ અંગે કાર્ય કરે તો !

પુજયપાદ પ્રવચનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજાના પ્રવચનોમાં આ વાત એક યા અનેકરૂપે અનેકવાર અવસર પામીને રજુ કરાતી. અનેક પુણ્યશાળીઓના કાને આ વાત પડતી. તન, મન, ધનથી કાંઈક કરવાના હૈયે ભાવ પણ થતો. પણ યોગ્ય દિશા પ્રાપ્ત થતી ન હતી.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની અને પરમારાધ્યપાદ તપાગચ્છાધિપતિ પૂ.આ.શ્રી. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા અસીમ કૃપા તેમજ પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂ.આ.શ્રી. વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા તથા વર્ધમાન તપોનિધિ પૂ.આ.શ્રી. વિજય ગુણયશસુરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી તેમજ પ્રવચનપ્રભાવક પૂજયશ્રીના માર્ગદર્શનને ઝીલી કેટલાક પુણ્ય આત્માઓએ અનેક કઠિન અભિગ્રહો ધારવાપૂર્વક આ કાર્યને સફળ કરનારું બીડું ઝડપ્યું અને ટુંકા જ સમયમાં અથાક મહેનત બાદ સિદ્ધિ હાંસલ કરી.

અમદાવાદના રાજેનભાઈ અને મુંબઈના ચંદ્રશેખર-ચિંતનભાઈએ આ કાર્યમાં ખૂબ રસ લીધો છે. પરિણામે તાડપત્રની શોધ, લહીયાઓની શોધ અને કેળવણી, લહીયાઓની મોટી સંખ્યામાં ટીમ, પદ્ધતિસરનું લેખન-ઉત્કીર્ણન, ત્રણ ત્રણ તબકકે પ્રુફરીડીંગ ભૂલો જણાય તેનું ફરી લહીયાઓ પાસેથી સુધારો, મહાત્માઓ અને તજ્ઞો દ્વારા ગ્રંથોનું નિરીક્ષણ આ ક્રમે ગ્રંથો લખાઈ રહ્યા છે. દરેક ગ્રંથોનો સુરક્ષિત કાષ્ઠબોક્ષ આદિમાં સંગ્રહ કરાઈ રહ્યો છે.

આજની તારીખે રોજના ૪૦૦૦ શ્લોકો કંડારાય છે. આ રીતે એક મહિનામાં ૧,૨૦,૦૦૦ શ્લોકો અને બાર મહિને ૧૪,૪૦,૦૦૦ શ્લોકો તાડપત્ર પર લખાઈ રહ્યા છે. દર વર્ષે લહીયાઓની સંખ્યા વધારી શ્લોક લેખનનું પ્રમાણ પણ વધારવામાં આવી રહ્યું છે.

હાલમાં પ્રભુ શ્રી મહાવીરદેવ દ્વારા ત્રિપદી પામી શ્રી ગણધર દેવોએ રચેલાં આગમ ગ્રંથો તેમજ અન્ય સ્થવિર ભગવંતો દ્વારા રચાયેલાં આગમ ગ્રથો મૂળની સાથે નિર્યુકિત, ચૂર્ણી, ભાષ્ય અને વૃત્તિ (ટીકા) પણ લખાવાઈ રહી છે. દરેક ગ્રંથની સૌ પ્રથમ ૨૭-૨૭ નકલો બનાવાઈ રહી છે. જેથી ભારતભરના ૨૭ રાજયોના ૨૭ સુરક્ષિત સ્થળો પર બનાવવામાં આવનાર જ્ઞાનભંડારોમાં દરેક ગ્રથની ઓછામાં ઓછી એક નકલ સ્થાપિત કરી શકાય.

આગમ ગ્રંથોની ૨૭ નકલોનું લેખન કાર્ય પરિપૂર્ણ થતાં જ જૈનશાસનના જયોતિર્ધર મહાપુરુષો : જેવા કે પૂ.આ.શ્રી. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પૂ.આ.શ્રી. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા અને પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજા આદિના તમામ ગ્રંથોનું લેખન કાર્ય શરૂ થશે.

ત્યાર બાદ અન્ય ગ્રંથકારોના ગ્રંથો પણ લખાવાશે.

ભારતભરના ૨૭ સ્થળીય ભંડારોનું નિર્માણ ભાવી પેઢી શ્રુતવારસો અકબંધ મળે એ જ હેતુથી વિચાર્યુ છે. એ ભંડારો માટેની પ્રતિઓનું લેખન કાર્ય એકવાર પૂર્ણ થયા બાદ કોઈ પણ પુણ્યાત્માને પોતાના કે પોતાના સંઘના હસ્તકના ભંડાર માટે કોઈ ગ્રંથ લખાવવો હોય તો સંસ્થા

તે લખાવી તેમને સુપ્રત કરશે. હાલના તબકકે તો માત્ર ૨૭ ભંડારોને ઉદ્દેશીને જ આ કાર્ય સંપન્ન થશે એની નોંધ લેવી.

**આ તાડપત્રો મેળવવાની અને તેને કેળવવાની રીત રસમો છે.**

વર્ષના દરેક મહિનાઓમાં તાડપત્રો મળતા નથી. ચોમાસા બાદના ત્રણેક મહિનાઓમાં જ એ ભેગાં કરી લેવાં પડે છે. પૂર્વ ભારતીગ સમુદ્ર કિનારાના પટ્ટામાં જ આવા તાડવૃક્ષો ઉપલબ્ધ છે કે જેના પત્રો લખવામાં, કોતરવામાં કામ લઈ શકાય. ખરતાડ હોય તો તાડવૃક્ષ જ પણ એનાં પાંદડાં રફ હોવાથી લખવાં-કોતરવાં માટે નકામાં હોય છે. શ્રીલંકા બાજુ શ્રીતાડ પણ હોય છે. એની છાલ ઉપર પણ ગ્રંથો લખી શકાય તેમ હોય છે.

ઝાડ પરથી ખરી પડેલાં તાડપત્રો ભેગા કરી એને અમુક ચોકકસ સાઈઝમાં કાપી લેવાય છે. ત્યારબાદ એને ચોકકસ વનસ્પતિના રસમાં ઉકાળવામાં આવે છે. એ રીતે તૈયાર થયેલા પત્રને ઉધઈ કે અન્ય જીવાત નુકશાન કરી શકતી નથી,

ધાતુની ૯-૧૦ જેટલી લાંબી કલમથી આ પત્રો કોતરાય છે કલમનો એક ભાગ જાડો હોય, બીજો સોંય જેવો અણિયાળો હોય છે.

તાડપત્ર પર કોતરણ થયા બાદ એના ઉપર તાડપત્ર માટેની ચોકકસ પ્રકારની સ્યાહી લગાડી સૂકવી પછી એની ઉપર ભીનું કપડું ફેરવી દેવાય છે. જેથી ખાડામાં (કોતરણમાં) જ રંગ રહી જાય છે. જેથી વાંચન સુલભ બને. તાડપત્ર ઉપર લખાણ કરવા માટે ખાસ અલગ જ ફોર્મ્યૂલાથી શાહિ બનાવવામાં આવે છે, જે સંપુર્ણપણે નાશક રસાયણમુકત હોય છે.

શ્રી સન્માર્ગ પરિવારે ઉપાડેલા આ શ્રુતરક્ષા-સંવર્ધન અભિયાનમાં અનેક સંઘોએ જ્ઞાન-દ્રવ્યમ થી સુંદરતમ લાભ લીધો છે. અનેક પુણ્યાત્માઓ સ્વદ્રવ્યના લાખો રૂપિયા આ શ્રુતસંરક્ષણ યજ્ઞમાં રેડી રહ્યા છે. કોઈ એક ગ્રંથ લખાવે છે તો કોઈ પાંચ, કોઈ અગ્યાર અંગ મૂળ લખાવે છે તો કોઈ સટીક, કેટલાકને તો ૪૫ એ ૪૫ આગમ લખાવવાના કોડ જાગ્યા છે. છેવટે હજાર શ્લોક લખાવીને સામાન્યમાં પણ સામાન્ય શ્રાવકો આનો લાભ લેવા પડાપડી કરી રહ્યા છે. કેમકે શાસનને સમજેલા સૌ કોઈ જાણે છે કે શ્રુત ટકશે તો જ શાસન ટકશે. શાસન ટકશે તો જ આપણા આત્મ કલ્યાણનો માર્ગ ટકશે. એ માર્ગને ટકાવવા શ્રુતને ટકાવવું અનિવાર્ય છે.

## યોજનાઓ

**શ્રી સંઘો અને શ્રુતી પ્રેમી સજ્જનો !**

**આપ પણ શ્રુત સંરક્ષણના આ મહાકાર્યમાં જોડાઈ શકો છો**

| લેખન | રૂપિયા |
|---|---|
| ૪૫ આગમ મૂળ | ૪,૦૦,૦૦૦ |
| ૧૧ અંગ મૂળ | ૧,૮૦,૦૦૦ |
| ૧૨ ઉપાંગ મૂળ | ૧,૩૦,૦૦૦ |
| ૧૦ પયન્ના મૂળ | ૬,૫૦૦ |
| ૬ છેદ સૂત્ર મૂળ | ૩૬,૦૦૦ |
| ૪ મૂળસૂત્ર મૂળ | ૨૧,૦૦૦ |
| ૨ ચૂલિકા સૂત્ર મૂળ | ૧૩,૦૦૦ |
| ૧૦૦૦ શ્લોક પ્રમાણ | ૫,૦૦૦ |
| ૪૫ આગમ ટીકા વગેરે | ૪૨,૦૦,૦૦૦ |
| ૧૧ અંગ ટીકા વગેરે | ૮,૦૫,૦૦૦ |
| ૧૨ ઉપાંગ ટીકા વગેરે | ૬,૨૧,૦૦૦ |
| ૧૦ પયન્ના ટીકા વગેરે | ૧૧,૦૦૦ |
| ૬ છેદ સૂત્ર ટીકા વગેરે | ૭,૭૫,૦૦૦ |
| ૪ મૂળસૂત્ર ટીકા વગેરે | ૭,૦૫,૦૦૦ |
| ૨ ચૂલિકા સૂત્ર ટીકા વગેરે | ૧,૩૦,૦૦૦ |

**સન્માર્ગ પરિવાર**
**ચન્દ્રશેખરભાઈ. બી. શાહ**
૩૦૯, ત્રીજે માળે, ફિનીકસ બિલ્ડીગ,
પ્રાર્થના સમાજ, ૪૫૭, એસ.વી.પી.રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન :- ૩૮૮ ૩૪૨૦.
ફોન :- ૩૬૯ ૮૧૬૫/ ૩૬૩ ૧૮૬૫

**સન્માર્ગ પ્રકાશન**
**શા. બાબુલાલ કકલદાસ શાહ**
આરધના ભવન, પાછીયાની પોળ,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૫૩૫ ૬૯૯૫-૫૩૫ ૭૬૪૮

# નવપદની ઓળી
# કર્મની હોળી

કડા (કંકાવટી નગરી) ગામે શ્રી શાશ્વતી ઓળીનો પ્રારંભ શ્રી નવાન્હિકા મહોત્સવથી શરૂ થયેલ સુભાજી રવચંદ જેચંદ ના પરિવારમાં આવેલા સંઘવી ચંદુલાલ જેસીંગભાઈ મનસુખભાઈ પરિવાર તેમ જ ચેરીટેબલ ટ્રસ્ટે પૂ. મુ. શ્રી વિરાગદર્શન વિ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે તેમ જ શ્રી શાશ્વતી નવપદની ઓળી કરવાની કરાવવાની ભાવના ''સુરિરામ'' ના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ સહસ્ત્રાધિક શ્રમણ-શ્રમણીના અધિપતિ આ. દેવ શ્રી. વિ મહોદયસુરીશ્વરજી મ. સા. આદિ પાસે વ્યકત કરતાં મધ્યપ્રદેશ-રાજસ્થાનાદિ ગામોમાં શાસન પ્રભાવના કરતાં કરતાં સતલાસણા સાત મુમુક્ષુઓને ભાગવતી પ્રવજયા આથી વિસનગર પધાર્યા. ત્યાંથી વિહાર કરી કડા ગામની હાઈસ્કુલથી પૂજયોનું સામૈયુ ઢોલી, અષ્ટમંગળની બળદગાડીઓ, પૂ. સૂરિરામની વિશાળ પ્રતિરૂપિ શણગારેલી ઊંટગાડીમાં, ૧૧-૧૧ મંગળકળશો લઈ ચાલતી સન્નારીઓ, બેન્ડ, પૂજયો આદિ સહિત ચઢેલું સામૈયું ગામની મધ્યમાં આવેલું ૧૨૫ વર્ષ જુનું શ્રી ગોડીજી પાર્શ્વનાથ જિનાલયે ઉતરેલ, સામુહિક ચૈત્યવદંનાદિ કર્યા બાદ શ્રી સંઘ ઉપાશ્રયે પધારેલ. પૂજારીશ્રીના માંગલિક બાદ સંઘવી પરિવાર તરફથી ૨-૨ રૂા. નું સંઘપૂજંન થયેલ પાછાં ત્યાથી વાજતે ગાજતે સૂર્યોદય હાઈસ્કુલ (કંકાવટી નગરી) માં પધારેલ. એ નગરી ની મધ્યે ઉપકારી પૂજયોનો મુકામ તેની બાજુમાં થોડા નજીક અને થોડો દુર સંઘવી પરિવાર, નાનાં નાના તંબુઓમાં શ્રી શાશ્વત ઓળીની આરાધના કરવા આવેલા આરાધકોના તંબુઓ, સ્કુલના વિશાળ નાટયગૃહમાં જીવદયા પ્રતિપાલક શ્રી શાંતિનાથ દાદાનું ભવ્ય જિનાલય, વિશાળ પ્રવચન મંડપ, તેની સામે ખુલ્લી જગ્યામાં આરાધકોની ભકિત તેમ જ સાધર્મિક ભકિતના વિશાળ મંડપોની રચના કરવામાં આવેલ. નગરીમાં પ્રવેશ્યા બાદ પૂ. આ. ભ. શ્રી વિ. મુકિતપ્રભસુરીજી મ. સા. યે પ્રવચન ફરમાવેલ ૫-૫ રૂા. ની પ્રભાવના થયેલ. નવપદની ઓળીના દિવસો શરૂ થયાં. લગભગ ૧૧૦ આરાધકો આરાધના કરવા અન્ય અન્ય ગામોથી પધારેલ. સવારે સામુહિક ચૈત્યવંદન, પ્રવચન વિધવિધ પુજાઓ - બપોરે રાસ અને રાત્રે ભાવના સાથે પ્રભાવના નિયમિત થયેલ. ચૈત્ર સુદ ૧૩ ના દિવસે શ્રી ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી ભગવાના જન્મ કલ્યાણ દિવસે ભવ્ય સ્નાન મહોત્સવ ચૌદ સ્વપ્ન, પારણું, હાલરડું, ૫૬ દિગકુમારી આદિ સાથે ભણાવવામાં આવેલ તે દિવસે ગામના ઘર દીઠ ૨-૨ લાડવાની પ્રભાવના, ચૌદસને દિવસે શ્રી સિધ્ધચક્ર મહાપુજન ભણાવવામાં આવેલ ચૈ. સુદ ૧૫ના દિવસે પુજયશ્રીના માંગલિક બાદ સંઘવી પરિવારે પુજયોનું ગુરૂપુજન સોનાચાંદીની ગિનિઓથી કરેલ તેમજ સર્વે મહાત્માઓને સંયમના ઉપકરણો વહોરાવેલ. સહયોગી સર્વેનું બહુમાન સાલ અને શ્રીફળથી કરવામાં આવ્યું. આંગી પુજનના દેવવંદનની વિધિ થયેલ. ચૈ. વદ ૧/૨ સર્વે આરાધકો, આમંત્રિત મહેમાનો તેમ જ આજુ બાજુથી આવેલા આધર્મિક ભાઈઓના પારણા કરાવવામાં આવેલ.

* દરેક આરાધકોને ચાંદિની થાળી, વાટકી, કેશર, બરાસ, ચોખા, ફળ, નિવૈદ્ય તથા રૂપાનાણું બહુમાન કરીને આપવામાં આવેલ. આમત્રિંત મહેમાનોને શ્રી અષ્ટમંગળ ની પાટલી તિલક કરીને આપવામાં આવેલ. શ્રી કડા જૈન સંઘના આરાધકો તરફથી પણ સર્વ આરાધકોનું બહુમાન કરવામાં આવેલ.

સારોય પ્રસંગ શાસન પ્રભાવક બની ઉઠયો. સંઘવી પરિવાર તેમ જ સર્વે જ માટે યાદગાર બની રહેલો. આ પ્રસંગ કર્મક્ષય ના નિમિત્તભુત બન્યો છે.

* * *

# સમાચાર સાર

**પાટણ :** કોકાન પાડિ શ્રી કોકાપાર્શ્વનાથ જિનાલય પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી અમૃતલાલ ભાઇ તથા ચંપાબેનની તથા પૂજ્ય ઉપકારી પુરુષોની સ્મૃતિમા તથા પૂ. સા. શ્રી જિનધર્માશ્રીજી મ., પૂ. સા. શ્રી રાજધર્માશ્રીજી મ. ના સંયમજીવનની અનુમોદનાર્થે તથા રતિભાઈ તથા તેમના ધર્મ પત્ની શારદાબેનના જીવીત મહોત્સવ નિમિત્તે ચારુપ તીર્થના સંઘ સહિત ત્રણ દિવસનો મહોત્સવ કા. વદ ૯ થી પ્રવેશ તથા વદ ૧૦ + ૧૧ ના વીશસ્થાનક પૂજન અને વદ ૧૨ ના ચારુપ તીર્થના સંઘનું સુંદર આયોજન થયુ.

**છાણી :** અત્રે પૂ. આ. શ્રી વિજય વીરશેખર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉપધાન તપનું આયોજન થયું. ઉપધાન તપ માગશર સુદ ૨ હોઇ તે નિમિત્તે કા. વદ ૧૩ થી પંચાન્હિકા મહોત્સવ સારી રીતે ઉજવાયો.

**ઘોટી (નાસિક) :** અત્રે પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કુ. સારિકા સતીષકુમાર પટણીની દીક્ષાનો મહોત્સવ કારતક સુદ ૧૩ થી વદ ૯ સુધી ઉત્સવ યોજાયો. કા. વ. ૯ ના ધામ ધૂમથી દીક્ષા થઇ.

**અમદાવાદ :** કસુંબાવડ વર્ધમાન તપ આરાધક પૂ. સા. શ્રી જય પ્રભાશ્રીજી મ. ના સમાધિ પૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે તથા તેમના ૫૮ વર્ષના સયમ પર્યાના અનુમોદનાર્થે તથા તેમના શિષ્ય પૂ. સા. શ્રી હેમયશાશ્રીજી મ. ના ૫૦ વર્ષના સંયમ વર્ષ પ્રવેશ નિમિત્તે વીશ સ્થાનક આદિ પંચાન્હિકા મહોત્સવ પૂ. સા. શ્રી વિજય જયકુંજ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિ પ્રભસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કારતક વદ ૧૩ થી માગશર શુદ ૨ ઉજવાયો.

**ઝગવરી** (રાજ.) ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ. ના સમાધિપૂર્વક કાલ ધર્મ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત પંચાન્હિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય સુશીલ સુરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કા. સુ. - ૯ થી કા. સુ. ૧૩ સુધી ઠાઠથી ઉજવાયો.

**કાંદીવલી :** અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કંચનબેન કાંતિલાલ ઝવેરીના જીવીત મહોત્સવ નિમિત્તે કા. વ. ૮ થી વદ ૧૩ સુધી વીશ સ્થાનક પૂજન આદિ સહિત પંચાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

**અમદાવાદ :** પાલડી જૈન મર્ચન્ટ સોસાયટીમાં પૂ. ગણિવરશ્રી નયવર્ધન વિજયજી મ. ની નિશ્રામાં શ્રી પ્રકાશકુમાર કાંતિલાલ શાહની દીક્ષા નિમિત્તે કા. વ. ૮ વરસીદાન વરઘોડો તથા કા. વદ ૯ ના દીક્ષાનું આયોજન ભવ્ય રીતે થયું. ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ ત્રણ દિવસનો મહોત્સવ સુંદર રીતે યોજાયો હતો. તેમના કુટુંબમા વસણ, ભાવિક, યશ તથા ચિ. ખુશાલી ચારની દીક્ષા થઇ છે. અને તેમના કાકા આ રીતે દીક્ષા ધારક બન્યા છે.

**સ્વીકાર – સમાલોચના :** અધ્યાત્મમત પરીક્ષા વિવેચન ભાગ - ૩, વિવેચન - પં. શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મહેતા સંકલન સંશોધિકા - પૂ. સા. શ્રી ચંદનબાળા શ્રીજી મ., પ્રકાશિકા ગીતાર્થ ગંગા જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા પાલડી, અમદાવાદ. રોયલડેમી ૮ પેઇઝ, ૫૬૧ થી ૯૫૯ મૂલ્ય રૂા. ૭૫ આ ગ્રંથ માલાના ભાગમાં પૂર્ણાહુતિ થાય છે. અમૂલ્ય વિવેચન સાથેનો એ ઉદામ છે. દરેક ભંડારોમાં ત્રણે ભાગ વસાવવા યોગ્ય છે.

સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપદ વિવેચના વિવેચનકાર સંશોધિકાકાર પ્રકાશક ઉપર મુજબ ડેમી ૮ પેઇઝ ૩૮૯ પેઇઝ મૂલ્ય રૂા. ૫૫/- આ ઉત્તમ ગ્રંથનું સુંદર સંપાદન પ્રગટ થઇ છે. દરેકે વાંચવા વસાવવા યોગ્ય છે.

**મુંબઈ વાલકેશ્વર :** પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ. સા., ની નિશ્રામાં ચંદન બાલા સોસાયટીમાં મુમુક્ષુ પુજાબેન (ઉ. વર્ષ ૨૧) પારમેશ્વરી પ્રવૃજ્યા કા. વદ ની થઇ. તે નિમિત્તે પંચાહ્નિકા ભવ્ય મહોત્સવ યોજાયો હતો.

**હાલારતીર્થ :** વડાલીયા સિંહણ પૂ. પં. શ્રી જિનસેન વિજયજી મ., પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ., મુ. શ્રી હેમપ્રભ વિજયજી મ. આદિની નિશ્રામાં પોષ દશમના અઠ્ઠમ તથા પોષદશમી આરાધના ત્રણ એકાસણા કરવા પૂર્વક શ્રી ગોવિંદજી શામજી મારૂ તથા અમૃતબેન ગોવીંદજી કંચનબેન ઉશવજી શામજી તથા ભાનુબેન પ્રેમચંદ શામજી મારૂ તરફથી આયોજન થયું.

**અમદાવાદ :** ક્ષેત્રપાળની પોળમાં પૂ. નિસ્પૃહ વાત્સલ્ય વારિધિ પ્રવર્તની સા. શ્રી કુમુદશ્રીજી મ. ના સંયમ જીવનના ૭૫ વર્ષની અનુમોદના તથા તેમના સમાધિપૂર્વક કાળધર્મ નિમિત્તે પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં માગશર સુદ ૧ થી ૫ સુધી પાંચ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

**ભાવળા– સાવત્થી :** અત્રે આ. શ્રી વિજય જિનચંદ્રસૂ. મ. ની નિશ્રામાં કા. સુ. ૧૫ સિદ્ધાચલ યાત્રા નવાણું પ્રકારે પૂજા સાધર્મિક વાત્સલ્ય મુકુંદભાઇ નાગરદાસ શાહ તથા શેઠશ્રી મહેશભાઇ માધુભાઇ પ્રજાપતિ તરફથી લાભ લેવાયો.

**સેટેલાઈટ અમદાવાદ (ગોડી પાર્શ્વનાથ પ્રેરણા તીર્થ) :** અત્રે પૂ. આ. શ્રી વિજય રાજયશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧-૧૨-૨૦૦૧ થી તા. ૧૦-૧૨-૨૦૦૧ સુધી ભવ્ય રીતે આયોજન થયેલ. જનાલપુરિના દેરાસરને અત્રે ફેરવી જીર્ણોદ્ધાર પૂર્વક ૨૫ શિખરવાળુ ભવ્ય મંદિર બનાવ્યું છે.

**બીકાનેરમાં પૂજ્યશ્રી ના સમુદાયનું સર્વપ્રથમ ચાતુર્માસ :** પ. પૂ. સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા ઘણા વર્ષ પૂર્વે જે બીકાનેરમાં વિચરેલાં છે તે જ બીકાનેર નગરીમાં એમના સમુદાયનું ઘણાં વર્ષોથી **સર્વ પ્રથમ ચાતુર્માસ** પ્રવર્તિની સાધ્વીજી ખાંતિશ્રીજી મ. ના શ્રી શિષ્યા સાધ્વીજી **સૂર્ય પ્રજ્ઞાશ્રીજી** આદિ ઠાણાનું ભવ્ય ચાતુર્માસ થયેલ. ચાતુર્માસમાં ૨૭ કષાય જપ તપ થયેલ. ૯ વર્ધમાન તપના પાયા થયેલા. ઇત્યાદિ અનેક આરાધનાઓ થયેલ. તથા બહેનોમાં રોજ પ્રવચન થયેલ. પ્રવચનમાં જૈન તત્વાદર્શન વાંચવામાં આવેલ.

**પાદરા :** પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની વતન ભૂમિ પાદર જૈન સંઘ શ્રી સંભવનાથજી જૈન દેરાસર તરફથી સાબરમતી સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા પ્રસંગે ગાભી તરીકે ૧,૫૧,૦૦૦/- આપવાના નક્કી કરેલ છે.

**ભાનપુર (મેવાડ) શ્રી સિદ્ધગિરિમહાતીર્થ યાત્રા સંઘ :** પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ. મ. પં.શ્રી રવિરત્ન વિ. મ. પૂ. પન્યાસ રશ્મિરત્ન વિ. મ., આદીની નિશ્રામાં કા. વ. ૯ થી રવિવારના તા. ૯-૧૨-૨૦૦૧ થી પોષવદ ૧૪, રવિવાર, તા. ૨૭-૧-૨૦૦૨ સુધી શ્રીમતી ભૂરીબેન કસ્તુરબેન સાજી તરફથી છ'રી પાલક સંઘનું આયોજન થયેલ છે.

**શંખેશ્વર હાલારી ધર્મશાળા** – અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ., આદિ ૧૨ મુનિરાજો તથા ૨૪ પૂ. આ. શ્રીજી મ.ની નિશ્રામાં શ્રી પ્રફૂલકુમાર મદનલાલ રૂપડા ખેડ (પુના) દીક્ષા તથા પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ના શ્રેણી તપ તથા ઉપર ૧૭ ઉપવાસ ના ઉદ્યાપન નિમિત્ત શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ મારૂ લંડનવાળા તરફથી ત્રણ દિવસ ઉત્સવ તથા સાધર્મિક ભક્તિ વિ. થયા.

સવારમાં વાજતે ગાજતે દાદાની યાત્રા થઈ ૯ા વાગ્યે ચાતુર્માસ પરીવર્તન થયો. ૪૦/- રૂા. નું સંઘપૂજન થયું તેમાં રૂા. ૧૦ /- શાહ લખમણ વીરપાર મારૂ થાન તથા ૧૦/- રૂા. અમૃતબેન શાંતિલાલ તથા માલવીબેન અશ્વિનભાઈ લંડન તરફથી ૫ રૂા. શાંતાબેન મહેન્દ્રભાઈ ૫ રૂા., શાહ કાલીદાસ હંસરાજ ૨/- રૂા. ભરતભાઈ રસીકલાલ રૂા. ૨, ભગવાનજી રણમલ રૂા. ૨/-, રૂા. ૨ ચુનીલાલ જીવરાજ, ૧-૧ રૂા. રમેશભાઈ મહેતાજી, લાલજી કચરા, જગદીશ મદનલાલ, શાંતિલાલ રાજપાર તરફથી હતા.

સુદ ૧૫ ના શ્રીમતી અમૃતબેન શાંતિલાલ તથા માલતીબેન અશ્વિનભાઈ તરફથી નવાણુપ્રકારી પૂજા ભણાવાય.

વદ ૧ સવારે જામનગર વિ. થી ૧૦૦ ઉપર ભાવિકો આવી ગયા હતા. ૬-૩૦ વાગ્યે દાદા વાડીમાં સામૈયે ત્યાં પધારેલ. ત્યાં સંઘ પૂજન થયું. પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ને આજે તપ પૂર્ણ થતાં બંને આચાર્ય મહારાજે પ્રવચન આપ્યું. બાદ ૨૦૦ ઉપર સંખ્યા થઈ. ૩૦-૩૦ રૂપિયાનું સંઘપૂજન થયું. તેમાં ૧૦ રૂા. જયાબેન ગુલાબચંદ મુલચંદ - લંડન. રૂા. ૩ શ્રીમતી અમૃતબેન શાંતિલાલ, માલવીબેન અશ્વિનભાઈ, લંડન, રૂા. ૨/- રામજી લખમણ મારૂ, થાન. (૨) કાનજી જેઠાભાઈ - જામનગર, રૂા. ૧/- (૧) મોહનલાલ લખમશી, (૨) હસમુખલાલ સૌભાગ્ય ચંદ, રાજકોટ. (૩) ચુનીલાલ જીવરાજ થાન (૪) કાનજી હિરજી (૫) નલીની બેન (૬) શાંતિલાલ કાનજી (૭) હંસરાજ સૌજપાર - જામનગર. (૮) હંસાબેન પ્રેમચંદ (૯) જગદીશભાઈ - ખેડ (૧૦) સુશીલાબેન રાયચંદ (૧૧) નટવરલાલ પ્રેમચંદ (૧૨) વ્રજલાલ પોપટલાલ - મોરબી. (૧૩) માલતીકાબેન પ્રફુલભાઈ - સુરેન્દ્રનગર. કુલ ૩૦ રૂા. નું થયું હતું.

વદ ૨ તા. ૨ સવારે ૯-૧૫ કલાકે દીક્ષાવિધિ શરૂ થઈ હતી.

દીક્ષાર્થીના ઉપકરણોની બોલી સારી થઈ હતી. (૧) કમડો - કાનજી જેઠાભાઈ (૨) પાંગરણી - જયાબેન ઝવેરચંદ લંડન (૩) ચાલપટ્ટો - વિનુભાઈ ભાવસાર - મોરબી (૪) કામળી - મદનલાલ પોપટલાલ - મોરબી. (૫) આસન કિશોર ગુલાબચંદ - લંડન. (૬) ઉત્તર પટ્ટો - નટવરલાલ પ્રેમચંદ - મોરબી. (૭) પાત્રા - વ્રજલાલ પોપટલાલ - મોરબી (૮)તરપણી ચેતનો - મધુબેન રશ્મિભાઈ - મોરબી. (૯) પોટલી - શાંતાબેન મહેન્દ્રભાઈ (૧૦) નવકાર વાડી - જયાબેન ગુલાબચંદ મુલચંદ - લંડન. (૧૧) ચરખડી - રળિયાતબેન કાનજી જેઠાભાઈ (૧૨) સુપડી - હીરાભાઈ હધાભાઈ (૧૩) દાંડો - પાનાચંદ પોપટલાલ રૂપડા - મોરબી (૧૪) દંડાસન રાયચંદ મેરગ ગડા - સોણસલા (૧૫) સંથારીયુ (૧૬) હંશરાજ સોજપાલ ગોસરાણી હ. કંચનબેન જામનગર.

દિગ્બંધન સમયે શ્રી પ્રફુલકુમારને મુનિરાજશ્રી હેમેન્દ્ર વિજયજી મ. ના શિષ્ય તરીકે મુનિરાજશ્રી પુષ્પેન્દ્ર વિજયજી તરીકે જાહેર કરાયા હતા. જીવ દયાની ટીપ સારી થઈ હતી. જયાબેન ગુલાબચંદ તરફથી શ્રીફળની પ્રભાવના અને ભાવિકો તરફથી ૧૦-૧૦ રૂા.નું સંઘપૂજન થયું. બપોરે જગદીશકુમાર મદનલાલ પોપટ તરફથી ૪૫ આગમની પૂજા ઠાઠથી ભણાવાય હતી.

## શંખેશ્વરમાં વડીદીક્ષા

હાલારી ધર્મશાળામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી પુષ્પેન્દ્ર વિજયજી મ. ની વડી દીક્ષા પોષ સુદ - બીજી ૬ રવિવાર તા. ૨૦-૧-૨૦૦૧ ના વડી દીક્ષાની સવારે ૧૦-૦૦ વાગ્યે વિધિ શરૂ થઈ તેમાં પધારવા તીર્થરોજ વિનંતિ છે. બાદ પૂ. આચાર્યદેવશ્રી આદિ વિહાર કરી અમદાવાદ સાબરમતી પૂ. આ. ભ. શ્રી વિજય સ્મૃતિમાં મંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે ત્યાર બાદ મહાવદમાં શંખેશ્વર પધારશે. અત્રે શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ પ્રભુજીની અંજનસલાકા પ્રતિષ્ઠા ચૈત્ર સુદ - બીજી ૪ બુધવાર તા. ૧૭-૪-૨૦૦૧ મા થશે.

ગુરુદેવ શ્રી આપની પરમ કૃપાના બલે અમે ભવ પાર કરીએ.

**પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.,**

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** ને વંદના પૂર્વક

# શ્રી જૈન શાસનને

## હાર્દિક શુભેચ્છા

### કડવી તુંબડીની કડવાશ

દ્રોપદી - પાંચાળ દેશમાં કાંપિલ્યપુરના દ્રુપદરાજાની પુત્રી દ્રોપદીએ રાધાવેધ કરી ચૂકેલા અર્જુનના કંઠમાં વરમાળા પહેરાવી કે બાકીના ચારેય ભાઇઓના ગળામાં વરમાળાઓ જોવામાં આવી. તેવામાં ત્યાં ચારણ શ્રમણ મહાત્મા આવ્યા. દરેક રાજાઓએ પ્રણામ કર્યો અને દ્રુપદે આમ થવાનું કારણ પૂછ્યું. મહાત્માએ કહ્યું ''ચંપામાં સોમદત્ત, સોમભૂતિ, સોમદેવ નામના ત્રણ બ્રાહ્મણ ભાઇઓને નાગશ્રી, રતિભૂતિ, અને યજ્ઞશ્રી, નામે સ્ત્રી હતી. તેઓ વારા પ્રમાણે રસોઇ કરીને જમાડતી હતી. એક વખત નાગરશ્રીએ કડવી તુંબડી નું શાક કુટુંબીઓને ન ખવડાવતાં ધર્મઘો મુનિના શિષ્ય માસ ઉપવાસી ધર્મરૂચિ મુનિને મુનિ ઉપરના દ્વેષથી વ્હોરાવ્યું. મુનિએ પરઠવા જતાં એક બિંદુ નીચે પડવાથી ઘણી કીડીઓનો નાશ સમજી પોતે તે વાપરી ગયા. એ શુભ ધ્યાને મરીને સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા.

નાગશ્રી છઠ્ઠી નરકે મત્સ્ય. સાતમી નરકે મત્સ્ય, નરકમાં, એમ સાત સાત વાર નરક ગમન અને મત્સ્યના ભવ થયા. પછી ચંપામાં સાગરદત્ત શેઠની સુભદ્રાની કુક્ષિએ સુકુમારિકા તરીકે ઉત્પન્ન થઇ. જિનદત્તના સાગર પુત્ર સાથે પરણાવી. પણ તેને સ્પર્શ અંગારા જેવો લાગવાથી છોડીને ચાલ્યો ગયો. પુત્રી માટે બીજા પણ ગરીબ પુરુષોની ગોઠવણી કરી. પણ કોઇ પણ તેનો સ્પર્શ સહન ન કરવાથી ચાલ્યા ગયા.

## જયાબેન વૃજલાલ પદમશી શેઠ

## **મેમોરીયલ ટ્રસ્ટ**

*હ. દિપકભાઈ તથા જગદીશભાઈ, જામનગર.*




૧ [illegible]પથી બચવા ઘણા ઉપદેશો અપાય છે. પણ તે સાંભળવાનું તથા કરવાનું પુણ્ય જોઈએ ને ?









વિસર્જન [illegible] ષ કાંઈ ચિત્ર દોરવા મારા [illegible] તેથી મેં આવું દશ્ય [illegible] કહેતા લોગ કે [illegible] માણાં ઉત્સવ વખતે આ [illegible] મને મુંબઈ આવ્યો હતો તેથી [illegible] લાઉડસ્પીકર પર વાગતાં ફિલ્મી ગીતો [illegible] ને શીખી ગયો છે. ભજન [illegible] ગયા છે.

**જીવ પણ સંસારનું ભણ તર, વૈભવમાં માન ભૂલી જાય છે.**

આ વખતે અધિક માસો છે તેવું આપે પ્રગટ કરેલા પંચાંગમાં વાંચીને આભારદર્શન કરવા આવ્યા છીએ. હવે બધાને અમે કહેશું કે જેવી રીતે આ વરસે માસોની બે અમાસ આવશે, તે રીતે અમને દિવાળીની બક્ષિસ પણ બે વખત આપો. એક અધિક અને પછી દ્વિતીય બોણી આપવી પડશે.

**સ્વાર્થીને ધર્મમાં પણ સ્વાર્થ દેખાય છે.**

પપ્પા, ભોજન માટે આવેલા નેતા સાથે તમે ઘરમાં પણ બાસમતી ચોખાની ભૂલ વિષે બચાવ કરવા લાગ્યા. તે કારણે મમ્મીનું ધ્યાન રસોઈમાં બરાબર રહ્યું નહીં અને ભાત દાઝીને કાળા પડી ગયા. તેવી રીતે નેતાઓના આવા ગંદા વિવાદથી દાઝેલી પ્રજાને બાસમતી ચોખા વાસવાળા લાગવા માંડયા છે.

**વાતોનું વતેસર**

વિસર્જન વખત પણ શહેરના ર[illegible] ઠેરઠેર મોટા ખાડા હતા. તેથી [illegible] ઉંદરોએ [illegible] આપ્યા હશે કે [illegible] ખોદકામ કરીને તમે પણ મા[illegible] અમારો [illegible] ખાડા ખોદી [illegible] છે.

(કાર્ટૂનિસ્ટ : રમેશ [illegible])

**ધર્મ કરતાં પણ સ્વા[illegible] લોભ જતા નથી અ[illegible] તેના ધર્મમાં પણ ખા[illegible] પડી જાય**

— જન્મ ભૂમિ પ્ર[illegible]ની

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

※ ધર્મી તેનું નામ કે જેને પોતાના ધર્મની ચિંતા હોય તેમ બીજાના ધર્મની પણ ચિંતા હોય.

※ પાંચેય ઈન્દ્રિયોના અનુકૂલ વિષયો પર રાગ અને ભૂંડા વિષયો પર દ્વેષ તેનું નામ અવિરતિ.

※ ભગવાનની પાસે આવી સંસારની સામગ્રી માંગે તેને પુણ્ય ન હોય તો મલે જ નહિ. પુણ્ય હોય અને મલે તો સાથે મિથ્યાત્ત્વ, અવિરતિ, કષાય એવા ગાઢ બંધાય કે તેમાં એવો લીન થઈ જાય કે અનંતકાળ સુધી ઠેકાણું ન પડે.

※ પૈસાના અર્થીપણાએ અને ભોગ, મોજ-શોખના અર્થીપણાએ તમારી પાસે શું શું કરાવ્યું છે ? અહીં આટલું ખરાબ થાય છે તો મર્યા પછી કેટલું ખરાબ થશે તેની કલ્પના કરો. એ પૈસાએ અને મોજશોખે તમાને અહીં કિવો પાયમાલ કર્યા છે ! તમે જુઠું નથી બોલ્યા ને ? રાગ-દ્વેષ કેડે પડયા છે અને સાચા બોલા રહી શકયા નથી. ધન-ભોગ કેટલા ભૂંડા છે તે સમજાવવું પડે તેવું છે કે સમજાઇ જાય તેવું છે ?

※ અમે અને તમે અટવી લંઘવા ન નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા જ નથી, આવી લંઘવા નીકળ્યા હોઈએ તો માર્ગ પામ્યા છીએ કાં માર્ગ પામવાની તૈયારીમાં છીએ.

※ જેટલા શ્રાવક હોય તેને ધનનો લોભ હોય તો તેને ભૂંડો લાગતો હોય તો ધર્મ લોભ તેના હૈયામાં સાચો હોય.

※ સંસારનું સુખ એવું છે કે જે જ્ઞાની સાવચેત ન રહે તો તેને પણ ગમી જાય અને દુર્ગતિમાં લઇ જાય.

※ સુખ મળે તે પુણ્ય છે પણ ગમે તે પાપ છે.

※ સંસારનું સુખ જેને ગમે તેનો સંસાર શાશ્વત !

※ આજે અવિધિનું સામ્રાજ્ય છે. મુર્ખાઓનું આધિપત્ય છે. વિધિ જાણવાની મહેનત નથી. વિધિ જાણ્યા પછી કરવાની ઇચ્છા નથી.

※ ધર્મના સંસ્કારવાળું જે પુણ્ય તેનું નામ પુણ્યાનુબંધી પુણ્ય. ધર્મના સંસ્કાર જે પુણ્ય સાથે જીવતા ન હોય તે પુણ્ય પુણ્યાનુબંધી નહિ.

※ મોક્ષ જોઇતો હોય તો મોક્ષ કઠીન નથી. ન જોઇતો હોય, તેને મોક્ષ કદિ ન મળે.

※ આ મનુષ્યપણું પામ્યા પછી, આટલી સામગ્રી પામ્યા પછી પણ ગૃહસ્થપણું જ ગમે છે તે સૂચવે છે કે ધર્મ સમજાયો નથી.

※ સંસાર સારો લાગવો-માનવો તે મિથ્યાત્ત્વ. આ બધું મને મળો તેનું નામ અવિરતિ. તેના ક્રોધ-માન-માયા-લોભ ખીલેલા જ હોય. તેને જે તે ન કરવાના કામ કરી કરીને સંસારમાં રખડે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી પ્રિન્ટર્સમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
5/7/2002

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

**આનુસંગિક ફલની કશી કિંમત નથી.**

फलं प्रधानमेवाहुर्नानुषङ्गिकमित्यपि ।
पलालादिपरित्यागात्कृषौ धान्याप्तिवद् बुधाः ॥
(શ્રી લલિત વિસ્તરા)

પંડિતપુરૂષો પ્રધાન - મોક્ષફલને જ ફલ કહે છે પરંતુ આનુસંગિક પ્રાસંગિક સંસારિક સુખ આદિ ફલને ફલ રૂપે કહેતા નથી, જેમ ખેતીમાં પલાલ-ઘારાદિ ગૌણ ફલને છોડીને, ધાન્યની પ્રાપ્તિ રૂપ પ્રધાન ફલને કહે છે તેમ.

વર્ષ ૧૪ | અંક ૨૨

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE: (0288) 770963

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂા ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

વર્ષ ૧૪) *સંવત ૨૦૫૮ પોષ શુદ ૧૫ મંગળવાર તા. ૨૯-૧-૨૦૦૨ (અંક : ૨૧/૨૨

# શ્રદ્ધા અને આચાર
# એ જૈન શાસનના પ્રભાવક છે

શ્રી અરિહંત પરમાત્માનું શાસન એ વિશ્વના કલ્યાણ કરવા માટે સમર્થ છે. પરંતુ તે કોઈ આત્માને પકડીને કલ્યાણ કરાવી શકે નહિ. જે આત્માઓ પોતે જ જૈન શાસનની દૃઢ શ્રદ્ધા કેળવે અને જૈન આચાર બરાબર પાળે તો તે આત્મા જૈન શાસનના પ્રભાવક બની શકે.

તેથી ઉલટું જૈન હોવા છતાં જૈન શાસન પ્રત્યે શ્રદ્ધા ન હોય તથા જૈન આચાર પાળી શકે તેમ હોવા છતાં જૈન આચાર વિરુદ્ધ વર્તન કરે તો તે જૈન શાસનના પ્રભાવક બની શકે નહિ. જૈન શાસનને દીપાવી શકે નહિ.

આજ કાલ જાહેરાત અને પ્રચારના જમાનામાં મોટાઈ કેળવી અને જૈન શાસનના સુભટ છીએ તેમ કહેવું શ્રી સંઘના આગેવાન ટ્રસ્ટી કે સભ્ય થવું તેમ કરવા છતાં તેમના જ વિચારો જૈન સિદ્ધાંતને અનુકૂળ ન હોય તેવાઓ સંઘના મકાનો વિ. નો વહિવટ કરશે પણ જૈન શાસન તેના સિદ્ધાંતોની મહત્તા સ્થાપી શકશે નહિ. આવડત હોય તો એક વાર વાહ વાહ પણ બોલાશે. પરંતુ સરવાળે જ્યારે જૈન શાસનની સિદ્ધાંતની વાત આવશે ત્યારે પાણીમાં બેસશે.

તેજ રીતે તપ જપ અનુષ્ઠાન વિ. કરીને વ્રત વિગેરેની પણ આરાધના કરનારા આત્માઓ જૈન શાસનની શોભા ગણાય. પરંતુ તેમને જૈન શાસનના સિદ્ધાંતોની શ્રદ્ધા ન હોય તો તે જૈન શાસનને શોભાવી શકશે નહિ.

આવા આત્માઓ સિદ્ધાંતની દૃષ્ટિ વિચારવાની તક લેતા નથી. અને લે તો આવું ન ચાલે, તેવું ન ચાલે કહી આ કાળમાં જૈન શાસનના સિદ્ધાંતો કામ ન લાગે. પણ સારા આચાર પાળતા હોય તો પણ શ્રદ્ધાને અભાવે એમ ખોટું હશે ? એમણે શું શાસ્ત્ર વાંચ્યા નહિ આવી દલિલ કરી ને સિદ્ધાંત પ્રત્યે સદ્‌ભાવને બદલે અનાદર ભાવ કેળવશે.

જો કે વહેવારમાં જેનો પુત્ર હોય તે તેને જ પુત્ર માનશે. પણ બીજાના પુત્ર ને પોતાનો પુત્ર માનશે નહિ ભાઈના પુત્રને પણ પોતાનો પુત્ર માનશે નહિ. બેનના પુત્ર માટે પોતાના પુત્ર જેવી ભણવામાં ધંધામાં કે બિમારીમાં કે વ્યવહારમાં મહત્ત્વ આપશે નહિ. પોતાના પુત્રની જ મહત્તા રહેશે. મિલકત વિ. પણ તેને જ વારસામાં આપશે કોઈ ઉદાર વિરલાની વાત જુદી છે.

તો અહિં શ્રી અરિહંત પરમાત્માના સિદ્ધાંતોની બાબતમાં તેમની શ્રદ્ધા સ્થિર નથી. તેથી તે વચનો માટે આદરભાવ કરી શકતા નથી.

આ વાતમાં માત્ર શ્રાવકોની વાત નથી. આવી જ વાત સાધુ સાધ્વીજી માટે છે. તેઓ પણ શ્રદ્ધા અને આચારમાં દૃઢ હોય તો પ્રભાવક બની શકે. સમકિતના ૬૭ બોલમાં આઠ પ્રભાવકોના બોલ છે. તે સાધુ સાધ્વી

માટે છે. તેઓ એ પ્રભાવકના ગુણની ઉપેક્ષા કરે તો તેઓને જૈન શાસનને દીપાવી શકે નહિ. પણ દરદીની સેવા કરનારો સમર્પિત સેવાભાવી ન હોય તો દરદીને રિબાવે છે કે મરણને શરણ પણ મોકલી દે છે.

એમ સાધુ સાધ્વીજી એ જૈન શાસનનું નૂર છે તેજ છે. પ્રાણ છે અને તેઓને જો શ્રદ્ધા અને આચારમાં સ્થિર ન હોય તો જૈન જયંતિ શાસનમ્ ન કરી શકે. જે બોલાવવી તે વાત જુદી છે. અને જય કરવો તે વાત જુદી છે. એથી જૈન શાસનનો સાચો સત્કાર કે પ્રભાવ ફેલાઈ શકે નહિ.

જૈન શ્રદ્ધાની વાત કરીએ તે આજે જૈન સંઘોમાં જે જાતનું કામ ચાલે છે તેમાં ઘણા સંઘની રીત પણ જૈન શાસનના સિદ્ધાંત વિરુદ્ધ છે. જિન મંદિરમાં મૂળનાયક હોય તેમના દેવ દેવીની સ્થાપના થાય તેને બદલે આજે બીજા જ દેવદેવીઓની સ્થાપના થતી રહી છે. લૌકિક દેવગુરુ અને લોકોત્તર દેવગુરુની માનતા બાધા આખડી રાખવી લૌકિક દેવગત ગુરુગત મિથ્યાત્વ છે. અને લોકોત્તર દેવ ગુરુની બાધા માનતા આખડી કરે તો તે લોકોત્તર દેવગત ગુરુ ગત મિથ્યાત્વ છે.

આ વાત સાધુ સાધવીજી જે મગજમાં ન લે તો તેમના દ્વારા જ જૈન શાસનના તત્ત્વોને નુકશાન થાય.

આજે ઘણો વર્ગ એવો થવા માંડ્યો છે કે તથા અરિહંતો તથા દેવ દેવીઓની માનતા કરે છે. અને થાકેલા કે તકલીફ વાળાને તેવું સૂઝે છે. પરંતુ ભાગ્યમાં હોય તે જ બને છે. આપણા કર્મમાં હશે તેમ જ થશે તો બાધા માનતા કરવાથી શું ? હા સમાજ માટે ભક્તિ તપ જપ કરે: પણ આ કર્મની શ્રદ્ધા ન હોવાને કારણે ધર્મની શ્રદ્ધા પણ જામતી નથી.

સંઘો પણ આવકના સાધના તરીકે દેવ દેવીઓ બેસાડતા જાય છે. અને સાધુ મહાત્માઓ પણ ગુરુને બદલે ચોર બનવા જેવું કરી ગૃહસ્થને ધર્મને માર્ગે વાળવાને બદલે લાલસા અને સ્વાર્થ માર્ગે ખોટી રીતે વાળે છે. આ કમનશીબીને કારણે. આજે સંઘોમાં પણ અજ્ઞાનતા અને આવા મિથ્યાત્વનું જોર વધે છે. અને સંઘો માટે તે ઘણી કમનશીબી છે.

આવા પ્રસંગોમાં એક ગામમાં ચોમાસામાં બીજા આચાર્યશ્રીએ મણિભદ્ર પૂજન અને મોટી સંખ્યામાં જમણ રાખ્યું. ત્યાં ચોમાસું રહેલ આચાર્યશ્રીએ આ કરવું બરાબર નથી તેમ કહ્યું ને ઘણો વર્ગ ઉશ્કેરાઈ ગયો અને વ્યાખ્યાનમાં આવતો બંધ થયો. એટલું જ ન હે ચાલુ ચોમાસે પણ વિહાર કરાવવાની વાતો કરવા લાગ્યા. મણિભદ્રનું પૂજન આદિ કરાવનારનો આચાર્યશ્રીએ ગુરુદેવો આચાર્ય દેવશ્રીને કહ્યું તો તેમણે કહ્યું કે તે શિષ્ય આચાર્ય મારૂં માનતા નથી.

ખરેખર આ જ સ્થિતિ સાચી હોય તો જૈન શાસનની નાવડી ડૂબવાની છે. આવા આચાર્ય જ જૈન શાસનની શ્રદ્ધા અને આચારને હાની પહોંચાડે શકશે.

આમ જૈન શાસનની શ્રદ્ધા અને જૈન શાસનના આચાર હોય તો જૈન શાસન દીપે. બાકી ગંગા ગયે ગંગાદાસ, જમના ગયે જમનાદાસ, કે જીસકે તડમે લડું ઉસકે તડ મેં હંમ એવી સ્થિતિ રહેશે તો જૈન શાસનને નહાવાનો વારો આવશે. છતે છોકરા નિર્વંશ જેવું છતે સંઘે જૈન શાસનની પ્રભાવ હીન રહેવું પડશે.

## બાળ બન્યા સૂરીપુરંદર

હેમચન્દ્રાચાર્ય - પાંચ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
આનંદ વિમલ સૂરી - પાંચ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
વિજયસેન સૂરિ - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
વિજય દેવ સૂરિ - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
સોમસુંદર સૂરિ - સાત વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
વિજયાનંદ સૂરિ - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
વિજય પ્રભ સૂરિ - નવ વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
મુનિસુંદર સૂરિ - સાત વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.
બપ્પભટ્ટ સૂરિ - સાત વર્ષની ઉંમરે સંયમ ગ્રહણ કરેલ.

(જૈન પરંપરા)
વસુ

# સમક્તિના સડસઠ બોલની વિચારણા

હપ્તો - ૫

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

**છ સ્થાન :**

જેના વિષે સમક્તિ સ્થિર રહે તે સ્થાન કહેવાય. સમ્યક્ત્વની સ્થિરતા માટેના છ સ્થાનક કહેવામાં આવ્યા છે. ૧- આત્મા છે, ૨- આત્મા નિત્ય છે. ૩- કર્મનો કર્તા છે. ૪- કર્મનો ભોક્તા છે. ૫- મોક્ષ છે અને ૬- મોક્ષના ઉપાયો પણ છે.

૧ **આત્મા છે :** આત્મા છે જ. દરેક જીવને સ્વાનુભવ રૂપ પ્રમાણ પ્રસિદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ થાય છે. આ ચૈતન્ય એ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ રૂપ પાંચ ભૂતોનો ધર્મ - સ્વભાવ નથી. જો ચૈતન્ય એ ભૂતોનો સ્વભાવ - ધર્મ હોય, તો પૃથ્વીની કઠીનતા, પાણીની સ્નિગ્ધતા આદિની જેમ બધી જગ્યાએ હંમેશા જાણાવવું જોઈએ. પણ માટીના ઢેફામાં કે મડદામાં ચૈતન્ય જાણાતું નથી.

વળી ચૈતન્ય એ આ પાંચ ભૂતોનું કાર્ય પણ નથી. બન્નેના - ચૈતન્ય અને ભૂતોના - અત્યંત પરસ્પર જુદા સ્વભાવ હોવાથી કાર્ય - કારણ ભાવની પ્રાપ્તિ પણ થતી નથી. પ્રત્યક્ષથી પૃથ્વી આદિ કાઠિન્યાદિ સ્વભાવવાળા દેખાય છે અને ચૈતન્ય તેનાથી વિપરીત સ્વભાવ વાળું દેખાય છે. તો બન્નેમાં કાર્ય-કારણ ભાવની પ્રાપ્તિ કઈ રીતના થાય ?

એટલે નક્કી થયું કે, ચૈતન્ય એ પાંચે ભૂતોનો ધર્મ-સ્વભાવ નથી કે પાંચે ભૂતોનું કાર્ય નથી. આ ચૈતન્ય જેને હોય તે જીવ છે. જે સ્વસંવેદન જ્ઞાનથી જાણાય છે. આત્મા, આત્મા વડે, આત્માને શુભ ધ્યાનના બળે જૂએ છે.

વળી સુખ-દુઃખ, ઈચ્છા, ચૈતન્ય આદિ કાર્યોનો કારણભૂત આત્મા જ છે. જેમ ઘટરૂપ કાર્યનું કારણ માટી છે કે વસ્ત્ર રૂપ કાર્યનું કારણ તંતુ છે તેમ સુખ - દુઃખાદિ કાર્યોનું કારણ આત્મા છે. આત્મા માત્ર અનુમાનગમ્ય નથી પણ કેવલજ્ઞાનીઓને પ્રત્યક્ષ છે.

આત્માની સિદ્ધિના સાધનોનો વિચાર કરીએ જેથી 'આત્મા છે જ' એ વાત અસ્થિમજ્જા સ્થિર થાય.

(૧) 'આત્મા નથી' - આ કથન જ આત્માની સિદ્ધિ કરે છે. જે વસ્તુમાં શંકા પેદા થાય કે ભ્રાંતિ પેદા થાય તે વાત તે વસ્તુની સિદ્ધિ કરે છે. જેમ કે, અંધારામાં દોરડામાં સાપ ભ્રાંતિ થાય છે તો જગતમાં સાપનું અસ્તિત્વ છે માટે દોરડામાં સાપની ભ્રાંતિ થઈ. જો જગતમાં સાપનું અસ્તિત્વ સર્વથા ન જ હોત કે સર્વથા અભાવ જ હોત તો સાપની ભ્રાંતિ ક્યાંથી ?

ખેતરમાં રહેલા ચાડિયામાં જેમ પુરૂષની ભ્રાંતિ થાય છે તે પુરૂષની સત્તા છે માટે, મૃગજલમાં જલની ભ્રાંતિ થાય છે તે જલ વિદ્યમાન છે માટે. તેમ જગતમાં જો આત્માનું અસ્તિત્વ જ ન હોત તો આત્માના અસ્તિત્વ અંગે શંકા કેમ પડત ? અને આત્માનો નિષેધ પણ કેમ થાત ? 'આત્મા નથી' આ પ્રમાણેના આત્માના નિષેધથી જ આત્માના અસ્તિત્વનો આપોઆપ સ્વીકાર થાય છે.

(૨) આત્માની સિદ્ધિનું બીજું સાધન એ છે કે, સમાસ રહિત જેટલા પદો હોય તેનો વાચ્ય પદાર્થ જગતમાં અવશ્ય હોય જ. સામાસિક પદોના વાચ્ય પદાર્થની પ્રાપ્તિ ન થાય પણ જે જે પદોનો સમાસ થાય છે તે તે પદાર્થોના વાચ્ય પદાર્થ જરૂર હોય છે. જેમ કે, શશશૃંગ, ખરશૃંગ, આકાશપુષ્પ આદિ. સસલાને શિંગડા, ખરને શિંગડા કે આકાશમાં પુષ્પ: આ આ પદાર્થોની પ્રાપ્તિ નહિ થાય. પરંતુ શશ અને શૃંગ, ખર અને શૃંગ, આકાશ અને પુષ્પ - આ બધા પદાર્થોની - વાચ્યપદોની પ્રાપ્તિ જરૂર થાય છે.

'આત્મા' એ અસમાસિક પદ છે માટે 'આત્મા' નો વાચ્ય પદાર્થ પણ જરૂર હોય જ. જેમ કે, જગતમાં હાથી, ઘોડા, ભેંસ, નર, નારી આદિ પદો પણ અસમાસિક - સમાસ રહિત પદ છે તો તેના વાચ્ય પદાર્થો પણ છે. તેમ

'આત્મા' પણ સમાસરહિત પદ છે તો તેનો વાચ્ય 'આત્મા' પદાર્થ પણ જરૂર હોય જ.

(૩) આત્માના અસ્તિત્વનો પ્રમાણથી વિચાર કરીએ તો પહેલું પ્રમાણ સ્વાનુભવ છે જે 'અહંપદ' વાચી છે. અર્થાત્ 'હું પણું' 'હું છું' 'હું છું' આમ બોલનાર કોણ છે? જડને વિષે 'હું છું' તેવી પ્રતીતિ થતી નથી પણ ચેતનને વિષે 'હું છું' તેવી પ્રતીતિ થાય છે. 'હું છું' આમ બોલનાર જ આત્મા છે. આત્મા જ આત્માનો સાક્ષી છે.

આપણે વિચારીએ કે - "હું કોણ છું ? જડ છું કે ચેતન છું ? જો જડથી ભિન્ન ચેતન છું તો મારું સ્વરૂપ શું છે ? શું હું હાડ-માંસ-ચામડી-લોહી- મજ્જા આદિ શરીર કે શરીરના કોઈ અંગોપાંગના રૂપમાં છું કે તેનાથી ભિન્ન છું ?" હું તેનાથી ભિન્ન છું કેમકે મૃતકના શરીરને શણગારવામાં આવે કે પીડા કરવામાં આવે તો મૃતકને આનંદ કે દુ:ખનો અનુભવ થતો નથી. જ્યારે જીવતાં શરીરને શણગારવામાં આવે કે પીડા આપવામાં આવે તો તેને હર્ષ અને શોકનો અનુભવ થાય છે. મૃતકમાંથી 'હું પદ' વાચી આત્મા નીકળી જવાથી મૃતકને સુખ-દુ:ખનો અનુભવ થતો નથી. જ્યારે જીવંતમાં 'હું પદ' વાચી આત્મા વિદ્યમાન છે માટે જીવતાને સુખ-દુ:ખનો અનુભવ થાય છે.

વળી, લકવાની અસરવાળા જીવતા મનુષ્યને જે ભાગ લકવાથી ગ્રસ્ત છે ત્યાં કોઈ જ સંવેદન થતું નથી. પરંતુ જે અંગોપાંગ લકવાની અસરથી મુક્ત છે ત્યાં બધું જ સંવેદન થાય છે. તેમજ ભૂતકાળમાં અનુભવેલ સંવેદનની સ્મૃતિ તો હોય છે. તે પણ આત્માના અસ્તિત્વને સૂચિત કરે છે.

(૪) હવે અનુમાન પ્રમાણથી આત્માની સિદ્ધિની વાત વિચારીએ - કોઈ કહે કે 'આત્માને પ્રત્યક્ષ બતાવો તો જ અમે માનીએ.' આત્મા અમૂર્ત છે. અમૂર્ત પદાર્થ છદ્મસ્થાને કે આપણને આપણી આ ચર્મ ચક્ષુથી દેખાય તેવા નથી, કાનથી તેનો અવાજ સંભળાતો નથી, નાકથી સુંઘાતા નથી, જીભથી સ્વાદનો અનુભવ કરાતો નથી કે સ્પર્શથી પણ તેનો અનુભવ થતો નથી. જેઓ કદાગ્રહી કે હઠાગ્રહી અમૂર્ત આત્માને પ્રત્યક્ષ બતાવો તો જ માનીએ તેમ કહે તેને પૂછવું કે - ભાઈ ! તમે જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું તે તમારા મગજમાંથી કાઢી અમને બતાવો તો જ તમને જ્ઞાની માનીએ." તો તેઓ તો શું કોઈપણ માનવ આ રીતના મગજમાંથી જ્ઞાન બહાર કાઢી પ્રત્યક્ષ બતાવવા શક્તિમાન નહિ બને.

માત્ર અમૂર્ત વસ્તુ-પદાર્થ જ નહિ પણ ઘણી સ્થૂલ વસ્તુઓ પણ આપણી આ આંખોથી જોઈ શકાતી નથી. જેમ કે, હવા, વિજળી આદિ સ્થૂલ વસ્તુઓ હોવા છતાં પણ નરી આંખથી દેખાતી નથી. હવાનું કાર્ય દેખાય છે, સ્પર્શ થાય છે તેથી અનુમાન કરીએ કે વાયુ-હવા-પવન વાય છે. તે જ રીતે વિજળીના કાર્ય પ્રકાશ, ગર્મી, યંત્રો ચાલે છે. વગેરે દેખાય છે તેના પરથી વિજળીનું અનુમાન કરાય છે. તે જ રીતના આત્માના કાર્યો પરથી આત્માનું અનુમાન કરાય છે. કહ્યું પણ છે કે-

"पुष्पे गंधं तिले तैलं काष्ठेऽग्निं पयसि घृतम् ।
इक्षौ गुडं तथा देहे पश्यऽऽत्मानं विवेकतः ॥"

ભાવાર્થ - પુષ્પમાં સુગંધ, તલમાં તેલ, અરણિના કાષ્ઠમાં અગ્નિ, દૂધમાં ઘી અને શેરડીમાં ગોળ દેખાતો નથી પણ તેનું અસ્તિત્વ છૂપેલું છે તે જ રીતે આપણા આ શરીરમાં આત્મા છે તેને વિવેકથી જાણો."

કાર્યના કારણે કારણનું અનુમાન કરાય છે. કારણ કે આ જગતમાં કોઈપણ કાર્ય, કારણ વિના થતું નથી. અર્થાત્ કારણપૂર્વક જ કાર્ય થાય છે.

આત્માનું કાર્ય જ્ઞાન છે. કેમ કે, ઘટ-પટાદિ દશ્યમાન વસ્તુઓ અને ઈન્દ્રિયોના વિષયને જણાવનારું જ્ઞાન જ છે, જે જ્ઞાન આત્માથી અભિન્ન છે. જ્ઞાન એ તો આત્માનો પોતાનો ગુણ છે. જ્ઞાન એ આત્માથી જુદું હોઈ શકતું નથી. કદાચ જ્ઞાન આત્માથી જુદું- અલગ થઈ જાય તો આત્મા જડ થઈ જાય. માટે તો નિગોદના જીવને પણ અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો - ખુલ્લો કહ્યો છે, નહિ તો જીવ જડ થઈ જાય. પણ જીવ ક્યારેય જડ થતો નથી અને જડ વસ્તુ ચેતન થતી નથી. માટે જ્ઞાન રૂપ કાર્યને જોઈ તે જ્ઞાનને કરવાવાળો કારણ રૂપ આત્મા છે તેવું અનુમાન થાય છે. આત્મા છે જ કેમ કે તેનું કાર્ય જ્ઞાન ઉપલબ્ધ - પ્રાપ્ત થાય છે. વળી જ્ઞાન આત્માનો ધર્મ છે. જો જ્ઞાન રૂપ ધર્મની પ્રાપ્તિ થાય તો તેનો ધર્મી આત્માનું અસ્તિત્વ પણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે. કેમ કે; ધર્મ, ધર્મીથી ક્યારે

પણ જુદા હોતો નથી. જ્યાં ધર્મ છે ત્યાં ધર્મી પણ છે. માટે જ્ઞાનરૂપ ધર્મની ઉપલબ્ધિથી તેના ધર્મી રૂપ આત્માની પણ સિદ્ધિ થાય છે.

જ્ઞાન તો સ્વસંવિદિત છે એટલે જ્ઞાન પોતાને જાણે છે. જે ખુદને - પોતાને જાણે છે તે ખુદના-પોતાના ધર્મીને પણ જાણે છે અને આ રીતે આત્મા સ્વસંવિત્ પ્રત્યક્ષ થાય છે. જેમ કે, 'નીલરંગને હું જાણું છું' આવું કહેનાર વ્યક્તિને નીલગુણની સાથે સાથે નીલગુણ જેમાં છે તે ગુણીની પણ પ્રતીતિ થાય છે. કેમ કે, ગુણ અને ગુણીનો અભેદ સંબંધ હોય છે. તેથી જ આત્માનો જ્ઞાનગુણ સ્વસંવિદથી પ્રત્યક્ષ થવાથી ગુણી રૂપ આત્મા પણ અનુમાનથી સિદ્ધ થાય છે.

જે ભિન્ન ભિન્ન શરીરો બને છે તે પણ આત્મા વિના બની શકતા નથી કેમ કે, આત્મા કર્મબંધનોથી બંધાયેલો હોવાથી ભિન્ન ભિન્ન ગતિમાં ભિન્ન ભિન્ન શરીરોને ધારણ કરે છે. જડ વસ્તુમાં શરીર બનાવવાનું સામર્થ્ય નથી. જો જડ વસ્તુમાં શરીર બનાવવાનું સામર્થ્ય હોય તો મડદું શરીર કેમ બનાવતું નથી ? ઈંટ - પત્થર - ચૂનો - લોખંડ આદિ જડપદાર્થ પણ શરીર કેમ બનાવતા નથી કે શરીર બનાવવા સમર્થ પણ થતા નથી ? આથી સિદ્ધ થાય છે કે આત્મા છે અને તે જ કર્મના કારણે શરીર બનાવે છે. માટે શરીર રૂપી કાર્યને જોઈ આત્મા રૂપી કારણનું અનુમાન સ્વતઃ થાય છે. શરીરને જોઈને શરીર બનાવવાવાળાનું અનુમાન થાય છે તે જ આત્મા છે.

દુનિયામાં પણ નાસ્તિકમાં નાસ્તિકને પણ અનુમાન પ્રમાણ તો માનવું જ પડે છે. નાસ્તિકે પોતાના પરદાદાને નથી જોયા પણ પોતે છે માટે પોતાના પિતા, પિતામહ અને પ્રપિતામહ પણ જરૂર હશે જ- આ રીતે અનુમાન પ્રમાણથી પર દાદાને માનવા પડે છે.

રાત્રિમાં વરસાદ પડયો, જમીન ભીની થઈ, નાસ્તિકે વરસાદને જોયો નથી પણ સવારના ઘર બહાર જતાં જમીન ભીની જૂએ છે તો અનુમાન દ્વારા માને છે કે રાત્રિમાં વરસાદ પડયો હશે માટે અત્યારે જમીન ભીની છે. આ રીતે આત્મા જેવા અમૂર્ત અને અતીન્દ્રિય પદાર્થને અનુમાન પ્રમાણથી માનવામાં કોઈ આપત્તિ નથી. આત્મા છે એ વાત નક્કી થઈ.

※ ક્રમશઃ

## નવકાર મંત્ર તપ આરાધના

લોણાર-ના મુનિ સુવ્રત સ્વામિ ભગવાનની છત્ર છાયામાં તપસ્વી આચાર્યશ્રી વારિષેણસુરિજી મહારાજની ૫૦ મી નવપદઓળી પ્રવચન કાર મુનિ વલ્લભસેન મ. ની ૩૫ મી વર્ધમાન ઓળી મુનિ વિરાગસેન મ. ની નવપદ ઓળી સાથે સંઘમાં વર્ધમાન પાયા ૧૦ વર્ધમાન ઓળી ૧૦ને નવ પદઓળી ૨૯ થવા પામી. આરાધકોની ભક્તિ બહુમાન બેસાણા પારણા સુંદર ભાવથી કરાયેલ ૭૮ આરાધકોએ એકાસના સાથે નવકાર તપ ને જાપ કરવા ઉત્સાહ રાખ્યો હતો. ચંદન બાળા ના અઠ્ઠમો ૩૫ થયેલ. સર્વેને સંઘ પૂજન કરવા સાથે પૂજ્યોના પધરામણી કરાવી હતી. પારણા થયેલ. નવદિન સિદ્ધ ચક્ર ૫૦૦ માળા સાથે વિવિધ નિયમોનું પાલન ઘણાએ કરી ધન્યતા પ્રાપ્ત કરી હતી.

## સગાના સ્વાર્થે સેવા કરનારા જાગે

વર્ષપ્રતિપદાને દિવસે પેશવાના દરબારમાં બ્રાહ્મણોને દક્ષિણા આપવાના રિવાજ મુજબ નાના ફડનવીસ દરેકની યોગ્યતા મુજબ આંકડો બોલતા જતા હતા ને રામશાસ્ત્રી એ પ્રમાણેની રકમ દરેકના હાથમાં મૂકતા હતા.

'વીસ મહોર.' હારબંધ આવ્યે જતા બ્રાહ્મણોમાં એકનો વારો આવતાં નાના ફડનવીસ બોલ્યા. અને રામશાસ્ત્રીનો હાથ થંભી ગયો; કારણ કે રકમ ઘણી મોટી હતી અને લેનાર બ્રાહ્મણ પોતાનો સગો ભાઈ હતો. 'વીસ મહોર'. નાનાએ ફરી કહ્યું, પણ રામશાસ્ત્રીએ તો માત્ર બે જ મહોરો પોતાના ભાઈના હાથમાં મુકતાં કહ્યું : 'હું આપના કરતાં મારા ભાઈને વધારે સારી રીતે ઓળખું, નાના. એ એટલો મોટો વિદ્વાન નથી. મારી પાસેથી એ માગે એટલી મહોરો આપું, પણ રાજ્યના ખજાનાની બાબતમાં એ સંબંધ ન ચાલે.'

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

**JAY JINENDRA**
NUTBOLTS
PRIVATE LIMITED

'JAINAM', GODOWN ROAD,
NEAR AMBICA WEIGH BRIDGE RAJKOT - 360 002.
PH. : (O) 462355 - 56
FAX : 00-91-281-462357.
E-MAIL : jayjinendra@rajkotonline.com

**રસિકલાલ કેશવલાલ રવાણી**
''જય-જિનેન્દ્ર''
ઈન્દ્રપ્રસ્થનગર, રોડ નં.૧,
ન્યુ. ગુ. હા. બોર્ડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.
ફોન : ૪૩૨૪૩૫

**લાખાબાવળ - શાંતિપુરી તીર્થ**
મૂળનાયક ***શ્રી શાંતિનાથજી*** આદિ
***૧૨૮૮ ની શાલના*** જમીનમાંથી થયેલા.
***શ્રી શાંતિનાથજી*** આદિ ૩ જિનબિંબોના
**દર્શન કરવા અવશ્ય પધારો.**
ભવ્ય દેરાસર - ઉપાશ્રય - ધર્મશાળા છે.
**જામનગર દ્વારકા રેલ્વે લાઈનમાં પહેલું સ્ટેશન છે.**
સ્ટેશન પાદરમાં જ છે. મોટર રસ્તે આવતાં
૧૨ કિ. મી. થાય છે.
**શ્રી શ્વેતામ્બર મૂર્તિ જૈન સંઘ**
**લાખાબાવળ - શાંતિપુરી** વાયા જામનગર.
ફોન : (૦૨૮૮) ૮૯૩૦૦
જામનગર : (૦૨૮૮) ૬૬૦૬૨૬

છ વિગઈનો વર્ષો સુધી ત્યાગ કરનાર
**પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની પરમ કૃપાથી**
**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ની પ્રેરણાથી**
જૈન ધર્મના સિદ્ધાંતોને પ્રચારતા

શ્રી જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા

**વેલજી દેપાર હરણીયા પરીવાર**
**૧૭-બી, દિગ્વિજય પ્લોટ,**
**જામનગર.**

હાલારમાં ૯ વર્ષ વિચરી હાલારી પ્રજામાં સંસ્કાર પીરસનાર
**પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના ઉપકાર પૂર્વક
**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** ની પ્રેરણાથી
જૈન ધર્મના સિધ્ધાંતની રક્ષા કરતા

# જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

## ભાવિલેખ

રુક્મણી વિદર્ભ દેશમાં કુંડિનપુર નગરના ભેષક રાજાની વિધુન્મતી રાણીથી જન્મેલા રૂક્મિ કુમાર અને રૂક્મિણી કન્યા હતા. એ વાતની કૃષ્ણને નારદે ખબર આપી, અને એજ રીતે રુક્મિણી ને કૃષ્ણના ગુણો સંભળાવ્યા. બન્નેયને પરસ્પર અનુરાગો કર્યા. પરંતુ રુક્મિણીનું શિશુપાલના દમઘોષની સાથે સગપણ કર્યું. રુક્મિણીની ફઇએ કહ્યું કે-"રુક્મિણી ! બાળપણમાં અતિમુક્તક મુનિએ કહ્યું હતું કે-" રુક્મિણી વાસુદેવની મુખ્ય પટ્ટરાણી થશે. તે યાદ છે કે ? તું ડરીશ નહીં. કૃષ્ણ વાસુદેવ શિશુપાલ અને જરાસંઘને પણ મારશે. એવી વાત ચાલે છે. અને તને પરણશે, કહે તો બોલાવું ?"

"ફઇબા ! તમે મારા હિતસ્વી છો ! તમને ઠીક પડે તેમ કરો."

કૃષ્ણને કાગળ લખી દ્વારકાથી તેડાવ્યા. અને નાગમંદિરમાં પૂજા નિમિત્તે મળવાનો સંકેત ગોઠવ્યો. કૃષ્ણે આવી નાગમંદિરમાંથી રૂક્મિણીનું હરણ કરી નાગમંદિરના ગભરાયેલા રક્ષકોને જ રુક્મિ કુમારને સમાચાર આપવા મોકલ્યા. રૂક્મિ લડવા આવ્યો. રૂક્મિના પરાક્રમથી ભય પામતી રૂક્મિણીને પોતાના બળની વજ્ર જેવો હીરો ચપટીમાં ચોળીને અને સાત ઝાડને એક ઝપાટે વીંધી નાંખીને કૃષ્ણે ખાત્રી કરાવી. પોતે રૂક્મિણી સહિત એક બાજુએ રહી, બળભદ્રને રૂક્મિ સામે લડવા ઉભા રાખ્યા. રુક્મિણીની વિજ્ઞાસિથી રુક્મિને અભય આપી લડતાં તેને હરાવ્યો, અને ડાબા હાથનો અંગુઠો કાપ્યો. તે લડતો બંધ પડયો. પરંતુ બ્હેનને પાછા લાવ્યા વિના શહેરમાં પ્રવેશ ન કરવાની પ્રતિજ્ઞા કરેલી હોવાથી બીજું ભોજકૃત નામનું નગર વસાવ્યું. રૂક્મિણીને આ બાબતની ખબર કરવામાં આવી. આગળ ચાલીને દ્વારકામાં જતાં પહેલાં સારી ભૂમિમાં કૃષ્ણ રહ્યા. અને ત્યાં વિવાહ કરવાનો વિચાર રાખ્યો. સિદ્ધાર્થ સારથીને આજ્ઞા આપી. પરંતુ નગરવાસીઓના આવ્યા પહેલાં યક્ષોએ આવીને વિવાહ મહોત્સવ પૂરો કર્યો. ત્યાં એક મંદિરમાંથી લક્ષ્મીદેવીની મૂર્તિને ઠેકાણે રૂક્મિણીની મૂર્તિ બેસાડી અને તેને પટરાણી કરવાનું વચન આપ્યું. મૂર્તિથી સૌ વિસ્મય પામ્યા. છેવટે દ્વારકામાં જઇ વડિલોની સમ્મતિ મેળવી રૂક્મિણીને પોતાના ભવનથી વાયવ્ય દિશાના મહેલમાં રાખી. તેવામાં સત્યભામાએ નવવધુને જોવા માંગણી કરી. એટલે કૃષ્ણે "લક્ષ્મીનાં ઉધાનમાં મૂકી આવ્યો છું." એમ કહ્યું. એટલે પરિવાર સહિત સત્યભામા ત્યાં ગયા. અને લક્ષ્મીને બદલે ગોઠવેલી રૂક્મિણીને લક્ષ્મી સમજીને તેને પ્રણામ કર્યા, ને સર્વ સ્ત્રીઓ કરતાં વધારે સૌભાગ્ય માગ્યું. રૂક્મિણીએ "તથાસ્તુ" કહ્યું. તેવામાં કૃષ્ણે બધો ભેદ ભાંગ્યો. અને સત્યભામાને ખોટું લાગ્યું. એમ ચાલ્યા કર્યું. પ્રધુમ્ન ચરિત્રમાં વિશેષ હકીકત જોવી.

અનુક્રમે રૂક્મિણીએ વિગેરે પટ્ટરાણીઓએ શ્રી નેમીશ્વર પ્રભુ પાસે ધર્મ સાંભળી દીક્ષા લઇ મોક્ષ પ્રાપ્ત કર્યો.

**શ્રીમતી સવિતાબેન વિરજીભાઇ પટેલ - ટ્રસ્ટ**

હ. ભરતભાઇ પટેલ

શત્રુંખાના, જામનગર.

# પ્રવર્તિની પૂ. સા. શ્રી કુમુદશ્રીજી મ. ની સમાધિપૂર્વક કાળધર્મ

જણાવવાનું કે પૂજ્યપાદ આચાર્યદેવશ્રીમદ્ વિજય સિદ્ધિ- સુરીશ્વરજી (પૂ. બાપજી મ.સા.) ના સમુદાયવર્તી તથા પ્રશાંતમૂર્તિ પૂજ્યાપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસુરીશ્વરજી મ. સા. ના પટ્ટધર સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રીમદ્વિજય મહોદયસુરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તિ પ્રવર્તિની પૂજ્ય સાધ્વીજી શ્રી હીરશ્રીજી મ. સા. ના શિષ્યારત્ના વાત્સલ્યનિધિ પ. પૂ. પ્રવર્તિની સાધ્વીજી શ્રી કુમુદશ્રીજી મ. સા. કા. સુ. ૫ મંગળવાર તા. ૨૦-૧૧-૨૦૦૧ ના રોજ રાતના ૮ ક. ૫૭ મિનિટે નમસ્કારમહામંત્રનું સ્મરણ તેમજ અરિહંતધ્યાનમાં એકાગ્ર બની કાળધર્મ પામ્યા છે.

જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે. પરંતુ મૃત્યુને મહોત્સવ બનાવી જનારા પૂણ્યાત્માઓને ધન્ય છે. સદ્ગતના સંયમ પૂણ્યાત્માનો અમદાવાદ (રાજનગર) ખેતરપાળની પોળમાં સુશ્રાવક પિતાશ્રી સાંકળચંદભાઈ તથા માતૃશ્રી માણીબેનના ગૃહે વિ. સં. ૧૯૯૬ ભા. વ. ૧૩ ના શુભ દિવસે પૂત્રીરત્નનો જન્મ થયો. તેઓશ્રીનું સંસારી નામ કમળાબેન હતું. તેઓશ્રીને ત્રણ ભાઈ, ચાર બેનો હતા તેમાં તેઓશ્રીનું સ્થાન બીજા નંબરે હતું માતા-પિતાના ધર્મસંસ્કારોના પ્રભાવે વિ. સં. ૧૯૮૩ વૈશાખ સુદ પાંચમના શુભ દિવસે અમદાવાદમાં હઠીભાઈની વાડીમાં ૧૭ વર્ષની ભરયુવાનીમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ્ હસ્તે દીક્ષિત થઈ પ. પૂ. શ્રી પ્રવર્તિની સાધ્વી શ્રીહીરશ્રીજી મ. સા. ના ચરણોમાં જીવન સમર્પિત કરી પોતાના સંયમ બાગને વિવિધ તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાનરૂપી પૂષ્પો દ્વારા મઘમઘાયમાન બનાવ્યો હતો. સ્વ. પૂ. શ્રી અમને છોડીને ચાલ્યા ગયા તેનું અમને ખૂબજ દુઃખ છે. પરંતુ તેઓશ્રી અદ્ભૂત સમાધિ સાધી ગયા. તેનો અમને આનંદ છે. મહાન પૂણ્યોદયે અંતિમ વર્ષમાં (૨૦૫૮) વાત્સલ્યસિંધુ, સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયજયકુંજર સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં ચાતુર્માસ થયું. પ. પૂ. મુનિરાજશ્રી કુમુદચંદ્ર વિ. મ. સા. નું પણ વાત્સલ્ય ભૂલાય તેમ નથી. તે ખરેખર અમારા આત્માને સંતોષજનક છે તે હકીકત છે.

**વિશેષતા :** તબિયત અસવસ્થ અને પાકટ ઉંમર હોવા છતાં પણ ક્રિયાનો રાગ તથા જ્ઞાનવિપાસાનો રાગ તેઓમાં ખીલેલો હતો. નિશ્રામાં રહેલાને તથા આવનારને ૯૨ વર્ષની વયે પણ અભ્યાસ તથા તપાચરણ સમજાવવાની શક્તિ અજબ કોટીની હતી, વાચનાથી ઘણા જીવો સદ્ધર્મમાર્ગે જોડાયેલા હતા.

સ્વ. પૂજ્યશ્રીજીની માંદગી ટુંકી હતી પણ તેમાં તેઓની ધીરજ, સમતા, ચિત્તની પ્રસન્નતા અજબ કોટીની હતી. જોનારને સહજ ડોલાવી દે તેવી હતી. તેઓશ્રીના શિષ્યા-પ્રશિષ્યા આદિને જ્ઞાન, દર્શન, ચારિત્ર્યમાં ઓતપ્રોત બનાવી સદા પોતામાં રહેલી વાત્સલ્યતા, ઉદારતા વિ. ગુણોના કારણે કિલ્લોલ કરાવતા ચાલી જનારા માતૃહૃદયા પૂ. ગુરૂદેવશ્રીજીના ઉપકારો અમે ક્યારે પણ ભૂલી શકીએ તેમ નથી.

જેના ઉપકારોના ઋણથી ક્યારેય પણ અઋણી ન બની શકાય એવા અમારા પરમોપકારી પૂ. ગુરૂણીજીને વેદનાની પળોમાં લયલીન રાખી સમાધિ આપનારા પરમોપકારી પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. સા. તેમજ અન્ય મુની ભગવંતોએ ઉપકારોની હેલી વરસાવી છે. સા. જીતસેનાશ્રીજી સા. જયયશાશ્રીજી સા. રમ્યપ્રજ્ઞાશ્રીજી આદિ શિષ્યા, પ્રશિષ્યાઓએ પણ સમાધિસૂત્રો વિગેરે સંભળાવી તેઓશ્રીના અશાતાના ઉદયને સમતાભાવથી શાતામાં પરિણમાવવાની કોશીષ કરી અઢળક કર્મનિર્જરા સાધી છે. સા. જયવર્ધનાશ્રીજી, સા. શ્રેયસ્પૂર્ણાશ્રીજી આદિએ વૈયાવચ્ચ કરી પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. સ્વર્ગવાસના સમાચાર મળતા સ્વજનો, ભક્તાદિવર્ગ ઉમટી પડ્યા હતા. તેમજ અગ્નિસંસ્કાર, જીવદયા વિગેરેની ઉપજ સુંદર થઈ હતી. આ પ્રસંગે નિઃસ્વાર્થ ભાવે સેવા કરનાર શ્રી ખેતરપાળની પોળના આરાધકો તથા સંસારી કુટુંબીજનો તેમજ ડૉ. આદિની અનન્ય ભક્તિ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. છેલ્લે અમારા પરમોપકારી, ગુરૂદેવશ્રીજી પાસે એકજ હૃદય પ્રાર્થના કરીએ છીએ કે આપે આપની જીવનયાત્રા સમતા, સાધના, સમાધિસહ પૂર્ણ કરી અને તેનું અનુસંધાન કરવા ભવાંતરમ પ્રયાણ કર્યું. અમોને પણ તેવીજ સમાધિ, ચિત્તની પ્રસન્નતા અને વ્યાધિને હસતે મુખે સહન કરવાની તાકાત મળે તે શુભેચ્છા, શુભકામના. તત્ર સર્વેને વંદના/અનુવંદના/ધર્મલાભ જણાવશો.

**લી. સાધ્વી જીતેન્દ્રશ્રીજી જર યશાશ્રીજી**

પત્રવ્યવહારનું સરનામું: માણેકચોક, ખેતરપાળની પોળ ઉપાશ્રય, અમદાવાદ-૩૮૦૦૦૧. ✻✻

# મહાસતી - સુલસા

**લેખાંક : ૮ મો**

**પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.**

એ મુનિ પળવારમાં તો સુલસાના ભદ્રાસન સુધી આવી ગયાં. સુલસાના ભદ્રાસનની સામે તેઓ ઉભા રહ્યાં. ન પગરવ સંભળાયો ન કોલાહલ થયો. ન કોઈ આગમનના એંધાણ મળ્યાં ન પડછાયા દેખાયાં. ન કોઈ પૂર્વ સંકેત સાંપડ્યાં.

જાણે કે અણધાર્યો તડિત્પાત થયો. વાદળવિનાનો વરસાદ કદાચ સંકેતો આપ્યા વિના ગમે ત્યારે વરસી પડે, તેમ આ મહાત્મા પણ અણસાર આપ્યા વિના અચાનક આવી પહોંચ્યાં. આ એક રહસ્યપૂર્ણ આશ્ચર્ય હતું.

ભવનના અંદરના ભાગમાં મહાસતીસુલસાએ ત્યારે ભદ્રાસન શોભાવ્યું તું. મહાસતી સુલસા જે ભદ્રાસન પર બિરાજ્યાં તાં, એ ભદ્રાસન કલાત્મક હતું. સુવર્ણ જડિત હતું તેના ઉપરના ભાગ પર સુંવાળી, પોચી અને કોમળ એવી નિષદ્યા બિછાવવામાં આવી હતી. એ નિષદ્યા ઉપર રેશમી ઓછાડ પથરાયો હતો.

ભદ્રાસન પર બેસેલી મહાસતી પોતાના ગૃહસંબંધી કાર્યમાં વ્યસ્ત હશે, ત્યાં જ અણધાર્યા મુનિરૂપધારી કોક સાધુ તેની સાવ નજીક આવી ઉભાં. મુનિના આ રીતે એકાએક દર્શન થતાં જ સાધુ ભક્તા સુલસા વિસ્મય પામી. રોમાંચિત બની. હર્ષના પ્રવાહમાં તેનું સારૂંય શરીર ખેંચાઈ ગયું.

ભદ્રાસન પરથી ઉભા થઈ તેણે મુનિનું સ્વાગત કર્યું. તે મનોમન વિચારવા લાગી:

**पुराण पापापगमैक हेतु सच्चै र्भविष्यत्फललाभवक्ता**
**नाभव्य खलु सर्वतीर्थमयोऽतिथि: पावयति क्रमाभ्याम्॥ ७ / ३॥**

દુર્ભાગીના આંગણે અતિથિનું આગમન પણ થતું નથી. સાક્ષાત્ જંગમતીર્થ સમા આ અતિથિના ચરણકમળ જ્યાં પડે, તે આંગણું પણ સૌભાગી બને. કેમકે એના આગમનમાં ભવિષ્યને મંગળમય બનાવવાની શક્તિ પડી છે. તો પૂર્વના પાપોનો ક્ષય કરી આપવાનું બળ પણ એના આગમનમાં જ રહ્યું છે.

સુલસા વિચારે છે: આંગણે આવેલા સાધુ/સાધ્વી કે અતિથિનો સત્કાર કરવો, એમને પ્રિય અન્ન-પાન વહોરાવવા, એજ તો ગૃહસ્થાશ્રમનું શ્રેષ્ઠ ફળ છે. કેવળ પોતાનું પેટ ભરનારા માનવ નથી પણ પશુ છે.

* દીપકનું પ્રાગટ્ય જેમ પ્રકાશનું કારણ બને..
* જળનું સિંચન જેમ વૃક્ષના વિકાસનું કારણ બને..
* વૃધ્ધોની સેવા જેમ બુદ્ધિની પરિપકવતાનું કારણ બને.
* અતિથિનો સત્કાર તેમ સઘળીય સમૃદ્ધિનું કારણ બને છે.

દુર્ભાગી, કૃપણ અને હિંસકના આંગણે અતિથિઓ ફરકતાં નથી. ખરેખર હું સદ્ભાગી છું. સુલસાના અંતરમાં આ તબક્કે દાન ધર્મ પ્રત્યેની અભિરૂચિ ખીલી ઉઠી. એના મનમાં કૃપણતા પ્રત્યે ફિટકાર જાગ્યો. એ ચિંતવવા લાગી..

જંગલી વૃક્ષોના ફૂલ નકામા જાય છે. વિધવા સ્ત્રીનું મદનીતરતું યૌવન પણ નિષ્ફળ જાય છે. બસ! કૃપણપુરૂષનું દાનધર્મના શુભ સ્રોત તરફ નહિ ઢળેલું ધન પણ વ્યર્થ ઠરે છે.

સાગરના ખારાનીર જેમ તૃષાતુરના ઉપયોગમાં નથી આવતાં, તેમ કૃપણની તુચ્છ લક્ષ્મી પણ દરિદ્રતાનો એક વિલક્ષણ કોટીનો પર્યાય છે. નથી તો તે ઉપભોગ પામતી. નથી તો તે ઉપયોગમાં આવતી.

જેણે જીવનમાં પરોપકારના કાર્યો કર્યા નથી, એનું જીવતર પણ નિષ્ફળ છે. પરોપકારકરણ વિનાનું આયુષ્ય શા કામનું?

પશુઓ પણ ઉપકારબુદ્ધિને ત્યાગતાં નથી. જીવતાં રહે ત્યાં સુધી દૂધ આપનારા અને મૃત્યુ પામ્યાં પછી ચર્મ જેવી ચીજો આપનારા પશુઓ પણ પરાર્થની કિંમત સમજે છે. પરાર્થનું મૂલ્ય નહિ સમજનારા કૃપણો સાચ્ચે જ ધિક્કારને પાત્ર ઠરે છે.

બળી ગયેલી પણ રાખ અનાજનું રક્ષણ કરે છે.

પ્રાણ વિનાનો ચાડીયો પુરૂષ પણ ખેતરનું રક્ષણ કરે છે.

બસ ! વિપુલ સમૃદ્ધિ મળવા છતાં કશું જ નહિ કરનારો કૃપાણ રાખથીય તુચ્છ છે.

આ પ્રમાણે, દાનધર્મના અપરંપાર માહાત્મ્યનું સ્મરણ કરતી મહાસતી સુલસા ભદ્રાસન પરથી ઉઠ્યાં પછી સાધુ ભગવંતને દાન આપવા ઉત્સુક બની.

સાધુના દર્શનથી પોતાના અવતારને ધન્ય સમજતી એવી સુલસાએ પોતાના દાન દેવામાં શૂરવીર એવા બન્નેય હાથોની અંજલિ કરી. નમન કરીને સાધુ ભગવંતને વિજ્ઞપ્તિ કરી.

હે પરમ કૃપાળું !

દયામૂર્તિ !

વાત્સલ્ય સિન્ધુ ! આપ નિષ્પાપ છો. જંગમ તીર્થસ્વરૂપ છો. આપે સ્વયમ્ પધારી મને હર્ષોલ્લાસનું નિમિત્ત પૂરુ પાડ્યું છે. જીવન પવિત્ર કર્યું છે. દયાળું ! અનુગ્રહ કરો. પ્રસન્ન થાઓ ! મારા યોગ્ય કાર્યસેવા ફરમાવો. મને કૃત કૃત્ય કરો !

સાધુ પણ સુલસાની વિનંતીની જ પ્રતીક્ષા કરતાં હતાં. સાધુરૂપ ધારી હરિણૈગમેષીએ સુલસાની પરીક્ષા માટે જે પાસા ગોઠવ્યાં તાં, તે પોબાર પાડવાની દિશા તરફ વળ્યાં. અલબત્ત, પરીક્ષાને અંતે વિજય સુલસાનોજ થવાનો હતો.

પોતાના દૈવી-અવધિજ્ઞાન દ્વારા દેવે જોયું; સુલસાના ઘરમાં લખપાલ તેલનો ઉપયોગ થાય છે. અંગ મર્દન વિલેખન માટે વપરાતુ આ તેલ સુલસાના ઘરમા સહજ રીતે જ મળી શકે તેમ છે. આ લક્ષપાક તેલ પાછું અતિશય કિંમતી ચાલો ! આ તેલની જ યાચના કરીએ. સુલસાના ઘરમાં નિયમિત વપરાતા આ તેલના ત્રણ ઘડા અત્યારે હાજર હતાં.

લક્ષપાક તેલ એટલે જે તેલના એક ચોક્કસ ઘડાની નિષ્પત્તિ પાછળ પૂરા એક લાખ સોનૈયાનો વ્યય કરવો પડે તે લાખ સોનૈયાના વિપુલ વ્યય દ્વારા આ તેલ એ જમાનામાં બનાવી શકાતું. ન જાણે આ યુગમાં એ કેટલું મોંઘુ દાટ પૂરવાર થતું હશે.

પરીક્ષા માટે યોગ્ય છદ્મ મેળવી લઈ દેવે સાધુના સ્વાંગમાં કહ્યું: મહાદેવી ! અમારા મુનિઓ ના સમુદાયમાં અમુક શ્રમણો બિમાર પડ્યાં છે. એમના શરી- ની અશાતાએ માઝા મૂકી છે. જે અશાતા અમને પા ! શાતા નથી અનભવવા દેતી. દેવી ! વૈદ્યકીય સારવાર પણ યથાયોગ્ય રીતે કરાવી.

વૈદ્યોનું કથન છે. ગ્લાન મુનિને શાત આપવી હોય તો લક્ષપાક તેલનું વિલેપન કરાવો ! આ સાંભળીને પહેલાં તો અમે હતાશ થઈ ગયાં. સાધુજીવનમાં આ મોંઘુદાટ તેલ લાવવું ક્યાંથી ? જો કે પછીથી એ તેલ માટે ની તપાસ શરૂ કરી. અમને એમાં જાણવા મળ્યું, કે આ રાજગૃહી નગરીમાં સુલસા નામની મહાસતી વસે છે.

એ સન્નારી પાછી જિનેશ્વર દેવોની પરમ ભક્તા છે. શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે. એનું ઘર ધનિક છે. ધનથી પણ ધર્મથી પણ. એ સમૃધ્ધાના ઘરે લક્ષપાક તેલ વારંવાર બને છે.

આ જાણીને આ ઔષધની અપેક્ષા સાથે તારા આંગણે આવ્યાં છીએ. ભદ્રે ! ઔષધની નિર્દોષ પ્રાપ્તિ અમને ઈષ્ટ છે. જો અમારા નિમિત્તે આવું લક્ષપાક તેલ ન બનાવાયું હોય, કોઈ - સાધુ - સાધ્વી કે ભિક્ષુકનો ઉદ્દેશ્ય પણ એના નિર્માણમાં ન રાખ્યો હોય, તમારા પોતાના હેતુનું લક્ષપાક જો હાજર હોય તો અમને તે ઈષ્ટ છે.

આટલું કહીને તે માયામુનિ એ વિરામ લીધો.

એમણે પોતાના ટુંકા અભિભાષણ માં પોતાની અપેક્ષાઓ રજૂ કરી હતી.

આ બાજુ, સાધુ ભગવંતના આગમનનો હેતુ જાણીને મહાસતી સુલસા આનંદ વિભોર બની ગઈ. સુલસાનો આનંદ ત્યારે પરાકાષ્ઠાને આંબી ગયો, જ્યારે એણે મુનિભગવંતના શ્રીમુખે લક્ષપાક તેલની અપેક્ષા સાંભળી.

સુલસા, લક્ષપાક તેલનું દાન કરવા માટે ઉલ્લસિત બની ગઈ. તેને મન લાખ રૂપિયાની કિંમત નહોતી. તેને મન કિંમતી હતી, ગ્લાન સંયમીની વૈયાવચ્ચ.

લાખ સોના મહોરના રક્ષણ કરતાં તે મહાસતી ગ્લાન સાધુની વૈયાવચ્ચને અને એ દ્વારા થઈ શકતાં પુન્યાનુબંધી પુન્યના વિપુલ બંધને અધિક બહેત્તર ગણતી હતી.

એક તો સુલસાના આંગણે સંયમી પધાર્યા તા, એથી

તે હર્ષિત થની. બીજું એ સંયમીને ગ્લાનની સેવા માટે જે જરૂરી હતું તે લક્ષપાક તેલનું દ્રવ્ય પોતાને ત્યાં ઉપલબ્ધ હતું. પોતે એ દ્રવ્યને દોષ રહિત પણે વહોરાવી શકે તેમ હતી, આથી સુલસાનો આનંદ નિરવધિ બની ગયો.

સાધુભગવંતનો લાભ લેવાનો તેનો આશય હતો. આથી તેણે મહાત્માને પ્રીતિપૂર્વકના વચનો દ્વારા તેલનો લાભ આપવાની વિનંતી કરી. તેલ લેવા માટે સુલસા મહેલના એક ખંડમાં પહોંચી. ત્યાં લક્ષપાક તેલના ત્રણ ઘડા પડ્યા તા.

ચિત્તના હર્ષ સાથે, દિલના ઔદાર્ય સાથે, દેહના રોમાંચ સાથે અને નયનના હર્ષાશ્રુ સાથે સુલસાએ લક્ષપાક તેલથી ભરેલો પહેલો ઘડો ઉપાડ્યો. ઉપાડીને મુનિ ભગવંતની દિશા તરફ તે વળી.

અફસોસ!

સાધુરૂપધારી દેવે પોતાની દિવ્ય શક્તિ દ્વારા એ ઘડાને ત્યાં જ નષ્ટ કરી નાંખ્યો. સુલસાની કોમળ હથેળીમાંથી ઘડો નીચે પડયો. ફૂટ્યો. મહેલની રૂમનું ફરસ લક્ષપાક તેલથી ખરડાઈ ગયું. લાખ સોનામહોર ત્યાં ફરસની છારબનીને પથરાઈ ગઈ.

આમ છતાં, સુલસાના ચિત્તનું ધૈર્ય અકબંધ રહ્યું. લાખ-લાખ સોનામહોરોનું તેલ ક્યારેય નહિ ને આજે જ ઢોળાઈ જવા છતાં સાધુ ધર્મ પ્રત્યેની, સુપાત્ર પ્રત્યેની એની ભક્તિ અકબંધ રહી.

એ મહાસતી સ્વસ્થ ચિત્તે પાછી વળી. ભલે પહેલો ઘડો ફૂટ્યો. બીજો ઘડો વહોરાવીશ ! એના દિલની અભિલાષા, સુપાત્રદાનની હતી. જે અતૂટ હતી. સુલસાએ એટલા જ હર્ષ સાથે બીજો ઘડો ઉપાડ્યો. ઉપાડીને તે મુનિ ભગવંતની દિશા તરફ ચાલી. સાવધાની પૂર્વક તે ડગ ભરતી હતી.

અફસોસ!

માયાવી દેવે ફરીને અકસ્માત સરજ્યો. સુલસાએ ઉપાડેલા સુપાત્રદાન માટેના તેલના બીજા ઘડાનો અંજામ પણ કરુણ આવ્યો. એ ઘડો લઈને સાવચેતી પૂર્વક આવી રહેલી સુલસા કોઈ અદષ્ટ કારણોસર સ્ખલના પામી. તેના હાથમાંથી ઘડો નીચે પડ્યો. પડતાં જ ફૂટી ગયો. લાખ સોનામહોરનું તેલ મહેલના ફરસ પર ફિનાઈલની જેમ ફેલાઈ ગયું.

આવા ભયાનક આંચકા તે દેવે આપ્યાં. જીવનમાં એકેય વાર નહિ જોયેલી દુર્ઘટના ઓચિંતી આવી પડી. તેમ છતાં સુલસાના હૃદયનો ઉલ્લાસ હજી અકબંધ હતો.

—ક્રમશ:

- **તોતડી જીભ બીજાને નુકશાન કરી શકતી નથી. પરંતુ તોછડી જીભ બીજાને નુકશાન કર્યા વગર રહેતી નથી.**
- **સમ્યક્દર્શન - જ્ઞાન - ચારિત્ર - તપ - વીર્ય અનુક્રમે રહસ્ય - જતન વર્તન - જિનાજ્ઞા પાલન હારને મહાઆનંદ.**
- **જ્ઞાનાચાર એ ખોરાક છે. દર્શનાચાર એ પાચનશક્તિ છે, ચારિત્રાચાર એ લોહી છે. તપાચાર એ ઓજસ છે. વીર્યાચાર એ હાડકાં આદિને મજબૂત બનાવે છે. આત્મિક / સાત્ત્વિક / તાત્ત્વિક/ સહજ આનંદ પ્રાપ્ત થાય છે.**
- **શ્રાવકના નવ અલંકારો છે. નિવૃતિમય અલંકાર (૧) સામાયિક (૨) પ્રતિક્રમણ (૩) પૌષધ પ્રવૃત્તિમય (૧) જિનેશ્વર દેવની પૂજા - તીર્થયાત્રા - સ્નાત્ર આવૃતિમય (૧) દાન (૨) સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ (૩) સમ્યગ્ તપ**

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૯, બુધવાર, તા. ૧૬-૯-૧૯૮૭,
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦૦૦૬.

# પ્રવચન – બાવનમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

**(શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)**

**माया य पिया य लुप्पाइ,**
**नो सुलहा सुगइ वि विच्चओ।**
**एयाइं भयाइं पेहिया,**
**आरंभा विरमिज्ज सुव्वए॥**

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા. આ 'પ્રકીર્ણક ધર્મોપદેશ' નામના ગ્રન્થમાં ધર્મનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. વાસ્તવિક ધર્મને નહિ સમજેલા એવા માતા-પિતાદિ પણ ધર્મમાં અંતરાય કર્યા વિના રહેતા નથી. તે સમજાવવા ભૃગુ પુરોહિતની કથા આપણે જોઇ રહ્યા છીએ.

જે પુણ્યાત્માઓ ભગવાનના વચનથી આ સંસાર જેવો છે તેવો સમજી જાય તેને ગમે તેવા માતા-પિતાદિ મળ્યા હોય તો પણ તેમના મોહમાં મૂંઝાયા વિના કે તેમની લાચામાણી વાતોમાં ફસાયા વિના પોતાના આત્માનો ઉદ્ધાર કરી શકે છે. તે માટે આ ભૃગુ પુરોહિતના બેય દીકરા દૃષ્ટાન્તભૂત છે. આપણે જોઇ આવ્યા કે, પુત્રના મોહથી શ્રાવકધર્મ પામેલો એવો પણ પુરોહિત ધર્મ જ ભૂલી ગયો. ખરેખર મોહ બહુ ખરાબ ચીજ છે. સંસારમાં મોહ બહુ ભયંકર છે. તે મોહ સમકિત થયું હોય તેને પણ લુંટી લે છે, વ્રત-પચ્ચક્ખાણ પણ લુંટી લે, અને જીવને એવો ભયંકર બનાવે કે પોતે ય રખડે અને બીજાને ય રખડાવે. આ ભૃગુ પુરોહિત શ્રાવક બનેલો પણ પુત્રના મોહથી બધું ભુલી ગયો એટલું જ નહિ પણ સાધુનો પરિચય ન થાય તેવા દેશમાં ગયો. છોકરાઓ સાધુના સંત્સર્ગથી બગડી ન જાય માટે સાધુઓને ખરાબ રીતે ઓળખાવ્યા. પણ આ બે આરાધક આત્મા હતા. ભૂતકાળમાં સુંદર આરાધના કરીને આવેલા માટે બચી ગયા. તે બેને ફસાવવા પુરોહિતે જે જે વાતો કરી, તે બેએ તેના જે જે જવાબો આપ્યા તે બધી વાતો આપણે જોઇ આવ્યા. પ્રતિબોધ પામેલો પુરોહિત પોતાની પત્નીને કઇ રીતે સમજાવે છે તે વાત કરવી છે.

જ્ઞાન સારું છે. જ્ઞાન આત્માનો ઉધ્ધાર કરનારું છે, પણ ક્યા આત્માનો ઉદ્ધાર કરે ? હેય હોય તેને હેય માને, ઉપાદેયને ઉપાદેય માને, હેયને છોડવાની અને ઉપાદેયને સ્વીકારવાની ભાવના કરે, તે મુજબ સેવન કરે તો લાભ થાય ને ? ભણેલા જો સારા થાય તો પોતાનું અને જગત નું કલ્યાણ કરે. પણ ભણેલા જો સારા ન હોય તો પોતાનું અને બીજાનું અકલ્યાણ કરે ! આજના વધારે ભણેલા શું કરે છે ? તમે તમારા સંતાનોને શા માટે ભણાવો છો ? તમે એમ કહી શકો ખરા કે- ''અમે અમારાં સંતાનોને એટલા માટે ભણાવીએ છીએ કે, ભણેલો છોકરો સાચું - ખોટું સમજે, ખોટું મરી જાય પણ ન કરે અને સાચું શક્તિ મુજબ કર્યા વિના ન રહે માટે ભણાવીએ છીએ.'' આજે તો કહે છે કે - 'ભણશે નહિ તો ખાશે શું ?' ભણ્યા વિના દુઃખી દુઃખી થઇ જશે તેમ અમને સમજાવે છે તો તે સાચું માનું ? 'અધર્મથી બચાય, ધર્મ કરાય, ધર્મ સારી રીતે કરી એવી રીતે જીવે કે જેથી આલોક ન બગડે, પરલોક ન બગડે અને વહેલી મુક્તિ થાય.' તે માટે ભણાવનારા કેટલા મળે ? જ્ઞાન ગમે તેટલું ભણે પણ જીવનમાં ન ઊતારે તો શું થાય ?

ધન - ભોગ માટે તમારે કેટલી વિટંબણા વેઠવી પડે છે. તેની ખબર નથી ? ધન - ભોગના અર્થી શું શું કરે છે ? ધન - ભોગ મળે કોને ? પુણ્ય હોય તેને. તે ભોગવાય પણ પુણ્યથી. ભોગવવાનું પુણ્ય ન હોય તો મળ્યા પછી પણ રિબામણનો પાર ન રહે. તે બે મેળવ્યા પછી સારી સામગ્રી અનુકૂળ ન હોય તો શું શું થાય ? ગમે તેટલા દિકરા થાય પણ તે ભલું જ કરે - તેવો કાયદો છે ? ઘણા દીકરા મા-બાપને ય હેરાન કરે છે તે રોજ સાંભળવા - જાણવા મળે છે ને ? ધન - ભોગમાં જે ફસાય તેનો ઉદ્ધાર કદી થતો નથી. જે

તેનાથી આઘો રહે તેનો જ ઉદ્ધાર થાય! ધનના લોભી ગમે તેટલું મળે તો ય ખોટા માર્ગથી ખસે ? આજે ભણેલા વધારે અન્યાય કરે છે કે ઓછો ? આજના ભણેલા કહે છે કે- આ કાળમાં અનીતિ કર્યા વિના જીવાય જ નહિ. આ વાત સાચી છે ? તમારા હૈયામાં શું છે ? અનીતિ ન કરો તો ભૂખે જ મરો ?

સભા : ભૂખે ન મરે.

ઉ. : છતાંય અનીતિ કેમ કરો છો ?

સભા : લોભથી.

મોજમઝાદિ માણવા જે અનીતિ કરે તે મરીને ક્યાં જાય ? પરલોક માનો છો ? નરક - સ્વર્ગ માનો છો ? નરકનો ડર નથી ને ? સ્વર્ગમાં જવાનો લોભ છે ને ? આપણે તો સ્વર્ગનો પણ લોભ જોઈતો નથી. આપણે તો કેવળ મોક્ષ જ જોઈએ છે. પણ સ્વર્ગના લોભી પણ આ ભવમાં પાપ ન કરે અને ધર્મ કરે. તે અજ્ઞાન હોવા છતાંય સ્વર્ગે જાય. ડાહ્યા - સમજદાર જીવો તો સ્વર્ગ માટે પણ ધર્મ કરે નહિ. તમે બધા ધર્મ શા માટે કરો છો ?

સભા : આત્મકલ્યાણ માટે.

ઉ. : આત્માનું કલ્યાણ એટલે શું ?

સભા : પરંપરાએ મોક્ષ.

ઉ. : તો સંસારના સુખને માટે જ જે ધર્મ કરે તેને મોક્ષ મળે ખરો ? કે મોક્ષ માટે ધર્મ કરે તેને મોક્ષ મળે ?

ભગવાને કોલ આપ્યો છે કે- જે જીવ મોક્ષ માટે જ ધર્મ કરે તેને મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં રહેવું પડે તો, મોક્ષ સાધક જે સામગ્રી જોઈએ તે બધી સામગ્રી મળ્યા જ કરે, માગવી ન પડે. મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચો તો ખબર પડે કે, એક પછી એક ભવ ચઢિયાતા. દુનિયાની સુખ સામગ્રી પાછળને પાછળ ચાલી આવે. તે પુણ્યાત્મા તે બધી સામગ્રીને લાત મારી, સાધુ થઈ, આજ્ઞા મુજબ જીવી થોડા જ કાળમાં મોક્ષે ચાલ્યો જાય.

જે જીવો જાણવા અને સમજવા છતાં પણ સંસારના સુખ માટે જ ધર્મ કરે તેઓ સુખ મળ્યા પછી દુર્ગતિમાં જ જાય આ વાત યાદ રહેશે ? ધર્મ મોક્ષ માટે જ કરાય. મોક્ષ ન મળે તો સદ્‌ગતિમાં જવા માટે કરાય. સદ્‌ગતિમાં કેમ જવું છે ? ત્યાં સંસારની ઘણી ઘણી સુખ - સાહ્યબી મળે માટે ? ના ત્યાં ધર્મની સામગ્રી મળે અને સારી રીતે ધર્મ થઈ શકે માટે સદ્‌ગતિમાં જવું છે. પાપ કરનારા કહે કે- મારે દુર્ગતિ નથી જોઈતી તો તે મળ્યા વિના રહે ? તમે બધા જ કહો કે- અમે ધર્મ મોક્ષ માટે જ કરીએ છીએ. મોક્ષ ન મળે ત્યાં સુધી દુર્ગતિમાં નથી જવું તે દુઃખથી ડરીને નહિ પણ ધર્મ થઈ શકે નહિ માટે. અને સદ્‌ગતિમાં પણ ધર્મ સારી રીતે કરીએ અને ઝટ મોક્ષે જઈએ માટે જવું છે. તમારી આ ઈચ્છા છે ને ?

ભૃગુ પુરોહિતના બે છોકરાની તેવી ઈચ્છા છે. ભૂતકાળમાં સુંદર સાધુપણું પાળીને આવ્યા છે. આ ભવમાં હજી કોઈ સારા સંસ્કાર મળ્યા નથી માત્ર સાધુની ચર્યા જોઈ અને ખોટા સંસ્કાર નીકળી ગયા. જાતિ સ્મરણ જ્ઞાન થયું, સાધુપણું યાદ આવ્યું અને સાધુના ભગત થઈ ગયા. બાપને પણ સમજાવી દીધા. બાપ ફસાવવા મહેનત કરે છે પણ ફસાતા નથી તે બધી વાત જોઈ આવ્યા.

ધર્મ પામેલો જીવ મનુષ્યપણું પામે અને ધર્મયાદ આવે તો તે મોટે ભાગે સાધુ જ થાય. કદાચ સાધુ ન થઈ શકે તો સારામાં સારો શ્રાવક થાય. પુણ્યયોગે તેની પાસે સંપત્તિ અધિક હોય તો શાસનની પ્રભાવના કરે. પાપના યોગે તે ગરીબ હોય તો મઝેથી ગરીબીને જીવે, પણ દુનિયામાં સુખી થવા પાપ ન કરે. તમારો નંબર શેમાં આવે ? ભૂતકાળનો ધર્મ યાદ આવતો નથી અને આ જન્મમાં કેવો ધર્મ કરો છો તે કહેવાય તેમ નથી. આ જન્મમાં ધર્મ જ કરવો જોઈએ, સંસાર તો ન છૂટકે કરવાનો છે- આ વાત હૈયામાં બેઠી છે ? ન બેઠી હોય તો ભારે પાપ બાંધીને આવ્યા છો તેમ કહેવું પડે ! આટલી સારામાં સારી સામગ્રી મળે તો પણ આ સંસાર છોડવા જેવો જ છે, સાધુપણું જ આરાધવા જેવું છે. તે એવી રીતે આરાધવું જોઈએ કે જેથી થોડા ભવમાં મુક્તિ થાય - આવી ભાવના છે ? શ્રાવકપણું જીવો તે સાધુપણાની શક્તિ મેળવવા માટે ને ? હજી તે શક્તિ નથી મળતી તો તેનો પ્રશ્ચાત્તાપ થાય છે ને ? સમજ્યા ત્યારથી તમને સાધુપણાની જ ઈચ્છા છે ને ? તે પામી શકાતું નથી, માટે તે પામવા માટે આ ધર્મ કરી રહ્યા છો તે વાત ખરી છે ? તમે સાધુપણું ન પામો તો જીવવા માટે પાપ જ કરવું પડે. તેમ કહો છો તે સામે મોટો વાંધો છે !

## હાર્દિક શુભેચ્છા

ચંચલ મનવાલો પુરુષજ સ્રીના કટાક્ષથી ચલે છે. પરંતુ સ્થુલભદ્ર જેવો ધીર પુરુષ તેવા તેવા કોશાયે કરેલા મહા સંકટોને વિષે પણ ચલતો નથી. જૂઓ દૃષ્ટાંત કહે છે કે, અગ્નિ થકી પોષાણ ચૂર્ણ થાય છે. લોઢું ગલી જાય છે; પરંતુ વૈડુર્ય રત્ન વિકાર પામતું નથી.

સારા રુપવાલી, યૌવનના ગુણથી સમીપ આવેલી અને પ્રેમવાલી ધનદત્ત શેઠની કન્યાના કટાક્ષોથી નહિં ભેદાતા વજ્ર સમાન વજ્ર મુનિએ અસત્યપુરુષોના સંગથી અપવિત્ર થયેલા શીલને પોતાના યશરુપી જલથી પવિત્ર કર્યું.


**વેલજી કરમણ ચંદરીયા**

C/o. દિવ્યા ઇલેક્ટ્રીકલ્સ

કે-૧, ૨૪૩, જી. આઇ.ડી.સી., જામનગર.

# જૈન શાસન અઠવાડિકને

## હાર્દિક શુભેચ્છા

**ઓશવાળ પ્રિન્ટર્સ**

પ્રફુલભાઇ ચંદુલાલ છેડા

ગીતાબેન પ્રફુલભાઇ છેડા

એલ.આઇ.સી. એજન્ટ,

જોલી - બંગલો,

૬૫-દિગ્વિજય પ્લોટ,

જામનગર. ફોન : ૫૬૪૦૧૯.

ગામડામાં વિચરી ગ્રામ્ય જનતાનો ઉદ્ધાર કરનાર

**પૂ. આચાર્ય દેવશ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ** ની પરમ કૃપાથી

**પૂ. આચાર્ય દેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ની

પ્રેરણાથી જૈન સંઘને શ્રદ્ધાની સુગંધ ફેલાવતા

## શ્રી જૈન શાસનને

## હાર્દિક શુભેચ્છા

જીવરક્ષા ઉપર રુચિ છે જેની એવે મહાપુરુષ શું જીવ્હાઈંદ્રિયથી જીતાય ખરો ? જૂઓ, જીવરક્ષા ઉપર રુચિ ધરનારા ધર્મરુચિ મુનિ કડવા તુંબડાને પણ પાકેલા આમ્રફલની પેઠે ભક્ષણ કરી ગયા. દૃષ્ટાંત કહે છે કે, વિશ્વના હિતને અર્થે શું સમુદ્રે વડવાગ્નિને પોતાના ઉદરમાં નથી રાખ્યો ? અથવા સાર વસ્તુને ગ્રહણ કરનારા દેવતાઓએ ત્યજી દીધેલું વિષ શું શિવે નથી પાન કર્યું ? અર્થાત્ જગત્‌ના હિતને માટે સમુદ્રે વડવાગ્નિને ધારણ કર્યો છે અને શંકરે વિષનું પાન પણ કર્યું છે.






# મારૂ ઈન્ડસ્ટ્રીઝ

**(પદમશી વૃજપાર મારૂ)**

C\2, - 111, G.I.D.C.,

જામનગર.

# જીવનમાં પ્રામાણિકપણે વર્તી આગળ વધવું એ મોટી સિદ્ધિ છે

— વિઠ્ઠલદાસ ઉદ્દેશી

અમદાવાદનું રેલવે સ્ટેશન આવી ગયું. પ્રિન્સિપાલ ભાનુશંકર દેસાઈએ પોતાના ગજવામાં હાથ નાખ્યો. બધાંજ ગજવાં, બેગ વિગેરે ફંફોળી જોયાં પરંતુ ટિકિટ ક્યાંયથી નીકળી નહિ.

અમદાવાદમાં ગુજરાતના શાળા પ્રિન્સિપાલોની એક કોન્ફરન્સ યોજાઈ હતી. એમાં ભાગ લેવા પ્રિન્સિપાલ સૌરાષ્ટ્રના એક શહેરમાંથી અમદાવાદ જઈ રહ્યા હતા. એમને યાદ આવ્યું કે છેલ્લી ઘડી સુધી કામના દબાણને કારણે ટિકિટ સાથે લેવાનું વિસરાઈ ગયું હતું.

તેમણે ઘડિયાળ સામે જોયું. એક કલાકમાં તો કોન્ફરન્સના સ્થળે પહોંચી જવાનું હતું. સ્ટેશન બહાર નીકળતી વખતે જો ચેકર ટિકિટ માગશે તો સારો એવો સમય નીકળી જશે અને કોન્ફરન્સમાં સમયસર પહોંચી શકાશે નહિ. આમ વિચારી તેમણે દૂરથી સ્ટેશન બહાર નીકળતા યાત્રીઓનું થોડીવાર નિરીક્ષણ કર્યા કર્યું. એક યાત્રી સાથે ટિકિટ ચેકર સવાલ-જવાબમાં મશગુલ હતો ત્યારે પ્રિન્સિપાલ અન્ય યાત્રીઓના ટોળામાં સિફતથી બહાર નીકળી ગયા. આ સમયે સમયસૂચકતા વાપર્યા વગર છૂટકોજ નહોતો.

બે દિવસની કોન્ફરન્સમાં ભાગ લઈ એ પાછા ઘરે પણ આવી ગયા. પરંતુ ટિકિટ વગર મુસાફરી કર્યાનો રંજ એમને સતાવતો રહ્યો. અંતે નિશ્ચય કર્યો કે સ્ટેશન પર જઈ ટિકિટના પૈસા તથા દંડ ભરી દેવો. આવા નિર્ણય સાથે તેઓ સ્ટેશને આવ્યા. બુકીંગ કાઉન્ટર પર બેઠેલા યુવાનને પોતાની વિગત જણાવી જેટલી રકમ ભરવાની થતી હોય એ લઈ લેવાનું જણાવ્યું.

**ધન્યતા**

ટિકિટ કાઉન્ટર પર બેઠેલો યુવાન એમની સામે તાકી રહ્યો.

એ બોલ્યો, ''કાકા, તમે નકામા ઈમાનદારી બતાવવાના ચક્કરમાં ન પડો. બધું ભૂલી જાઓ અને શાંતિથી ઘેર ચાલ્યા જાઓ. તમારા માટે એજ હિતાવહ છે.''

પરંતુ પ્રિન્સિપાલ જીદ પકડી ત્યારે એણે કહ્યું, ''ઈમાનદારી બતાવવાનો તમે નિર્ણય કરી જ લીધો હોય તો તમે મુખ્ય ટિકિટ નિરીક્ષકને મળો અને એ કહે તેમ કરો. આ કામ એમનું છે, મારું નથી.

પ્રિન્સિપાલ મુખ્ય ટિકિટ નિરીક્ષકની ઓફિસમાં ગયા. બધી વિગત નિરીક્ષકને જણાવી. જેટલી રકમ થતી હોય તેટલી લઈ રસીદ ફાડી આપવા કહ્યું.

ટિકિટ નિરીક્ષક આ ઈમાનદાર માણસની સામે જોઈ રહ્યો, બોલ્યો, ''જુઓ, તમારે ટિકિટના પૂરા પૈસા અને દંડ ભરવાની કોઈ જ જરૂર નથી. મારા હાથમાં ૧૨૫ રૂપિયા આપી દો એટલે તમે છૂટા ગયા.''

''એમ ન થાય! ૧૫૦ રૂપિયા તો ટિકિટના થાય છે અને વગર ટિકિટે મુસાફરી કરવાનો દંડ અલગ થાય. જે કાયદા પ્રમાણે થાય તે લઈ લો. રસીદ ફાડી આપો.''

''મેં કહ્યું ને કે રસીદ ફાડવાની કોઈ જરૂર નથી. દંડ ભરવાની પણ જરૂર નથી મેં કહ્યા એટલા મને આપી દો. મારી મારફત યાત્રા કરવાવાળા યાત્રીઓને કોઈ જ ઝંઝટમાં પડવું પડતું નથી. જ્યાં જવું હોય ત્યાં સુરક્ષિત રીતે પહોંચાડી દેવાની જવાબદારી મારી બોલો, આમા સૌનો ફાયદો જ છે ને?''

પ્રિન્સિપાલ આ નિરીક્ષકનું ભ્રષ્ટાચારી માનસ તુરત સમજી ગયા. એ બોલ્યા, ''તો શું તમને રેલવેતંત્રે એ માટે નોકરી પર રાખ્યા છે કે

તમે યાત્રીઓને આવી રીતે સહયોગ આપી, રેલવેને નુકશાન કરાવી તમારું પોતાનું ઘર ભરો ? તમારા જેવા નોકરિયાતો ઠેકઠેકાણે ખુરશીએ દબાવી બેસી ગયા છે. આમાં દેશની ઉન્નતિ થાય જ ક્યાંથી ?''

પ્રિન્સિપાલનું બદલાયેલું રૂપ જોઇ નિરીક્ષક ગભરાઇ ગયો. એ એને શાંત કરવાના પ્રયાસ કરવા લાગ્યો. ''તમે ખોટો ગુસ્સો ન કરો. જુઓ, મારી વાત શાંતિથી સાંભળો.''

''મારે હવે તમારી કોઇ જ વાત સાંભળવી નથી. હું તમારા આવા ધંધાની વાત ઉપર સુધી પહોંચાડવા માગું છું.'' એટલું બોલી પ્રિન્સીપાલ બહાર નીકળી ગયા. તેમના ગયા પછી નિરીક્ષક થોડીવાર માટે તો ખૂબ જ ગભરાઇ ગયો, પરંતુ તરત જ એણે સ્વસ્થતા મેળવી લીધી. એણે વિચાર્યું કે જો આ વિચિત્ર માણસ ઇમાનદારીના નશામાં ને નશામાં વાત આગળ વધારશે તો પોતાનું આવી બનશે. નોકરી પણ જશે અને સારી એવી આવક પણ બંધ થઇ જશે. બદનામ અને બેકાર થઇ જવાનો વારો આવશે એટલે આ વિચિત્ર માણસને બરાબરનો સબક શીખવવાનું એણે મનોમન નક્કી કરી લીધું. આ ભ્રષ્ટાચારી ધંધાને કારણે સ્ટેશનના પોલીસો સાથે પણ એને સારા સંબંધો હતા. એ ઓફિસમાંથી બહાર નીકળ્યો. રેલવેના એક પોલીસને પોતાની પાસે બોલાવી બધી વાત બરાબર સમજાવી એને પ્રિન્સિપાલ તરફ અંગુલિનિર્દેશ કરી દીધો.

પ્રિન્સિપાલ જેવા સ્ટેશનના દરવાજામાંથી બહાર નીકળી રહ્યા હતા કે રેલવે પોલીસના એ સિપાઇએ અવાજ કર્યો, ''કેમ કાકા, ક્યાંથી આવી રહ્યા છો ?''

''ટિકિટ નિરીક્ષકની ઓફિસમાં કામ હોવાથી ત્યાં ગયો હતો.''

''પ્લેટફોર્મ ટિકિટ બતાવો.''

''હું ટિકિટના કામ અંગે જ મુખ્ય નિરીક્ષક પાસે ગયો હતો. આથી મેં પ્લેટફોર્મ ટિકિટ કઢાવી નથી. તમને ટિકિટની બાબતમાં પૂછવાનો અધિકાર પણ નથી.''

''એમ ! ચાલો પોલીસ થાણામાં. ત્યાં પોલીસ અધિકારીને અધિકારની બાબતમાં જણાવજો.''

''હું શા માટે આવું પોલીસ થાણામાં ? મેં શું ગુનો કર્યો છે ?''

''તમે સીધા થાણામાં આવો છો કે નહિ ?'' સિપાઇએ ગુસ્સાથી કહ્યું.

પ્રિન્સિપાલ દેસાઇ બરાબર જાણતા હતા કે આવા પોલીસ સિપાઇઓની સાથે વાદવિવાદ કરવામાં મજા નથી. એણે નિર્ણય કર્યો કે પોલીસ અધિકારીને બધી વાત બરાબર સમજાવી દઇશ.''

પરંતુ પ્રિન્સિપાલની ધારણા ખોટી પડી. પોલીસ અધિકારીએ એની બધી વાત સાંભળ્યા પછી કહ્યું કે પ્લેટ ફોર્મ ટિકિટ વગર સ્ટેશનમાં પ્રવેશ કરવો એ ગુનો છે. તમે કાયદાનો ભંગ કર્યો છે. મુખ્ય નિરીક્ષક અને પોલીસ તંત્ર એકબીજા સાથે ભળેલા હતા.

પ્રિન્સિપાલને રેલવેની જેલ કોટડીમાં પૂરી દેવામાં આવ્યા.

સાંજે એમને પોલીસ અધિકારીની સામે ઉભા કરવામાં આવ્યા.

અધિકારીએ એમને પૂછયું, ''તમે તમારી ગિરફતારીની બાબતમાં કોઇને જણાવવા માગો છો ?''

''હા મારે ઘેર મારી ગિરફતારીના [illegible]બર આપી દો. રેલવે પ્લેટફોર્મ પર વગર ટિકિટ પ્રવેશ [illegible]રવા માટેનો દંડ હું ભરી દઉં તો.''

''અમે હવે આ બાબતમાં કાંઇ કરી શકીએ એમ નથી. તમને આવતી કાલે રેલવે કોર્ટમાં લઇ જવામાં આવશે. દંડ કરવો કે સજા [illegible]રવી એ રેલવે કોર્ટના ન્યાયાધીશ નક્કી કરશે. અમને એમ પણ જાણવા મળ્યું છે કે તમે ત્રણ દિવસ પહેલાં અહીંથી અમદાવાદ સુધીની મુસાફરી વગર ટિકિટે કરી છે.''

''હા, તો મેં શું ગુનો કર્યો છે ? હું ટિકિટ ઘેર ભૂલી ગયો. એ ટિકિટના પૈસા અને દંડ ભરવા હું તૈયાર હતો. પેલા મુખ્ય નિરીક્ષકે એ લેવા ના પાડી. એ મને રસીદ દીધા વગર ચેક રકમ લેવા માગતો હતો. હું રસીદ વગર કાંઇ પણ રકમ દેવા તૈયાર ન થયો. આમાં મેં શો ગુનો કર્યો ? હું બધી વાત સમજી શકું છું.''

''તમે જે સમજતા હો એ વાત તમે

કોર્ટમાં કહેજો.''

ફરીથી એને રેલવે થાણાની કોટડીમાં બંધ કરી દેવામાં આવ્યા.

એમની ગિરફતારીના ખબર એને ઘેર પહોંચતાં ઘરના સૌ ગભરાઈ ગયા. સૌને થયું કે ઈમાનદારી રાખવાની પણ એક હદ હોય છે. એની ખોટી ઈમાનદારીને કારણે જ એને રેલવે કોટીમાં બંધ કરી દેવામાં આવ્યા છે.

ઘરના બે જવાબદાર સભ્યો પોલીસ અધિકારી પાસે આવ્યા. તેઓએ અધિકારીને જણાવ્યું ''અમે જે રકમ થતી હોય એ ભરી દેવા તૈયાર છીએ. એમને છોડી દો.''

અધિકારીએ જણાવ્યું ''હવે તો એમને આવતી કાલે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ત્યાંજ એમનો ફેંસલો થશે. અમે કંઈ કરી શકીએ એમ નથી.''

બીજા દિવસે પ્રિન્સિપાલને રેલવે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા. બીજા ગુનેગારોની સાથે આગળ પાછળ પોલીસોની વચ્ચે પ્રિન્સિપાલ ભાનુશંકર જઈ રહ્યા હતા. એવામાં કોર્ટરૂમ માં કાળો ડગલો પહેરેલો એક વકીલની નજર પ્રિન્સિપાલ ભાનુશંકર પર પડી. પ્રિન્સિપાલને આવી રીતે કેદીના રૂપમાં જોઈએ આશ્ચર્યચકિત થઈ ગયો ! આવા આદર્શ સન્માનનીય પ્રિન્સિપાલને આ કોર્ટમાં કેમ આવવું પડયું હશે ! જરૂર આમાં કાંઈક ભેદ છે. એ વિચારી રહ્યો.

આ વકીલ એના ક્ષેત્રમાં ખૂબ જ કાબેલ હતો. એણે બે દિવસમાં આ બાબતની બધી જ કડીઓ મેળવી લેવા નિર્ણય કર્યો. પ્રિન્સિપાલને સન્માનપૂર્વક છોડાવી લેવાનો દૃઢ નિશ્ચિય કરી લીધો.

એ દિવસે તો પ્રિન્સિપાલને પૂછવામાં આવ્યું હતું કે તમારે કંઈ કહેવાનું છે ? તમારો કોઈ વકીલ છે ?

ત્યારે એમણે ન્યાયાધીશને કહ્યું, ''સાહેબ, શરતચૂકથી ટ્રેઈનમાં ટિકિટ સાથે લેવાનં હું ભૂલી ગયો. મેં અહીંથી અમદાવાદ સુધીની વગર ટિકિટે મુસાફરી કરી એ મારો ગુનો છે. એ બદલ ટિકિટના પૈસા અને દંડ ભરવા હું મુખ્ય ટિકિટ નિરીક્ષક પાસે ગયો. મારી પાસેથી લેવાની રકમ લઈ મને રસીદ આપવા મેં એને જણાવ્યું. એણે રસીદ આપવાની ના પાડી. ઉચક રકમ આપી દેવાનું અને રસીદ ન દેવાનું એણે મને જણાવ્યું. મેં એ વાત કબૂલ ન કરી. તેથી આ લોકોની જાળમાં હું ફસાઈ ગયો છું. મારો કોઈ વકીલ નથી. તમને યોગ્ય લાગે એ પ્રમાણે ન્યાય આપો.''

એ દિવસે તો આ મુકદમો મુલતવી રહ્યો.

બે દિવસ પછી પ્રિન્સિપાલને ફરીથી કોર્ટમાં ઉભા કરવામાં આવ્યા.

ન્યાયાધીશે પૂછયું, ''તમારો વકીલ છે કોઈ ?''

''ના, સાહેબ, મારો કોઈ વકીલ નથી. મેં આપને ખરી હકીકત જણાવી દીધી છે. ફેંસલો આપના હાથમાં છે.''

પ્રિન્સિપાલે આ વાત પૂરી કરી કે એક પ્રતિભાશાળી લાગતો વકીલ આગળ આવ્યો.

એણે ન્યાયાધીશને જણાવ્યું, ''સાહેબ, આ ભાનુશંકર દેસાઈનો કેસ હું લડવા માગું છું, એમને આ કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યા છે.''

''તમારી પાસે આ માટે શું પુરાવા છે ?''

''સાહેબ, મારી પાસે એને લગતા બધા જ પૂરાવા છે.''

એમ બોલી વકીલે કોર્ટમાં બેઠેલા બે માણસોને ઉભા કર્યા. એ બંનેને ન્યાયાધીશ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. વકીલે આ બંનને વારા ફરતી પૂછયું, ''બોલો, સ્ટેશનના મુખ્ય ટિકિટ નિરીક્ષકે તમારી પાસેથી ઉચક પૈસા લઈને તમને વગર ટિકિટે મુસાફરી કરાવી છે કે નહીં ?''

એક પછી એક બંનેએ જવાબ આપ્યો એનો સાર આ હતો.

ટિકિટ નિરીક્ષકે ઉચક પૈસા લઈ તેઓને અવારનવાર વગર ટિકિટે મુસાફરી કરાવી હતી. આ નિરીક્ષકનું નામ આપે એટલે કોઈ જ ટિકિટ ચેકર કે અન્ય કોઈ રેલવે અધિકારી યાત્રીને કોઈ જ વધુ સવાલ પૂછાતો નહીં.

વકીલે ન્યાયાધીશને કહ્યું, ''સાહેબ, મેં સી. આઈ.ડી. ના માણસો મારફત આ બાબતની પૂરેપૂરી તપાસ કરાવી છે અને સાબિતીઓ મેળવી છે. આ રેલવે ક્ષેત્રમાં ભ્રષ્ટાચારી ઓની જાળ ફેલાયેલી છે અને આ જાળનો ભાનુશંકર દેસાઈ ભોગ બન્યા છે. આખો

કોર્ટરૂમ સ્તબ્ધ બની વકીલની વાત સાંભળી રહ્યો !

'સાહેબ, આવા ભ્રષ્ટાચારીઓએ દેશના રેલવે તંત્રને લાખો કરોડોનું નુકશાન કરાવ્યું છે.''

ત્યાર પછી આ વકીલે ન્યાયાધીશ સમક્ષ એણે એકઠી કરેલી સાબિતીઓ રજૂ કરી. ભ્રષ્ટાચારીઓની આખી જાળ ખુલ્લી પડી ગઈ. ભાનુશંકર દેસાઈને માનભેર મુકત કરવામાં આવ્યા.

ન્યાયાધીશે આ ઘટનાની ગંભીરતાપૂર્વક નોંધ લીધી. રેલવેતંત્રમાં ચાલતા આ ષડયંત્રના મુખ્ય આરોપીઓને તંત્રમાંથી છૂટા કરવાનો અને ભ્રષ્ટાચારીઓએ તંત્રને કરેલા નુકશાનને ધ્યાનમાં લઈ દરેકને યોગ્ય સજા ફટકારવામાં આવી.

આ બનાવ પછી રેલવેતંત્રમાં ભારે સનસનાટી ફેલાઈ ગઈ. ભ્રષ્ટાચારનો અંજામ કેવો આવે છે એ જાણ્યા પછી સૌ સાવધાન થઈ ગયા. ભાનુશંકર દેસાઈ વિચારવા લાગ્યા કે આવો તે કોણ વકીલ હતો કે જેણે મારા માટે આટલી બધી મહેનત લઈ મને આ કેસમાંથી માનભેર મુકત કરાવ્યો.

ભાનુશંકરની આ વિચારધારા ચાલી રહી હતી એ દરમિયાન એક દિવસ એમના ઘરના દરવાજાનો બેલ વાગ્યો.

દરવાજો ખોલતાંવેંત એક યુવાને ઘરમાં પ્રવેશ કર્યો. પૂછ્યું, ''પ્રિન્સપાલ સાહેબ છે કે ?''

જવાબ મળ્યો, ''હા છે, બસો.''

યુવાન દિવાન-ખાનાના સોફા પર બેઠો. ભાનુશંકર દેસાઈએ દીવાનખાનામાં પ્રવેશ કર્યો. દેસાઈને જોઈને પેલો યુવાન સોફા પરથી ઊભો થઈ ગયો અને દેસાઈના પગમાં માથું નમાવી દીધું. આ યુવાનને દેસાઈ તુરત ઓળખી ગયા. એ હતો પેલો વકીલ કે જેણે એમને માનભેર મુકત કરાવ્યા હતા. વકીલ સોફા પર બેઠો. બાજુમાં ભાનુશંકર બેઠા. વકીલ બોલ્યો, ''સાહેબ, તમે મને ઓળખતા નથી પરંતુ હું આપને સારી રીતે ઓળખું છું. હું આપની શાળામાં ભણેલો આપનો વિદ્યાર્થી છું.''

''એમ ! ઘણા વિદ્યાર્થીઓ મારા હાથ નીચે ભણી ગયા છે એટલે હું તમને ઓળખી ન શકયો હોઉ એ સ્વાભાવિક છે.

''સાહેબ, તમારી કારકિર્દીનો એક પ્રસંગ તમને યાદ આવતો હોય તો યાદ કરો. મારું નામ છે પ્રદીપ ઉપાધ્યાય. પ્રસંગ એવો હતો કે એસ. એસ. સી. ની પ્રિલિમ પરીક્ષામાં વધુ ગુણાંક મેળવવાની મહત્ત્વાકાંક્ષાને લીધે હું ચોરી કરતાં પકડાઈ ગયો હતો. એ કલાસના સુપરવાઈઝર તરીકે ત્યારે આપ હતા. આપ ત્યારે શાળામાં શિક્ષક હતા. એ વખતે આપે મને ઊભો કરી શું કહ્યું હતું એ કહું ? આપના એ વખતના શબ્દો હજી આજે પણ મારા કાનમાં ગૂંજે છે.''

''હા કહો, કદાચ આ ઘટના મને યાદ આવી જશે.''

''સાહેબ, આપે ત્યારે કહ્યું હતું, ''ભાઈ પ્રદીપ, તું એસ. એસ. સી. માં અભ્યાસ કરતો એક હોશિયાર વિદ્યાર્થી છો. તું હંમેશાં સારા નંબરે પાસ થાય છે એ પણ હું જાણું છું. અભ્યાસમાં આગળ વધવા વધુ ગુણાંકો મેળવવા જરૂરી પણ છે. પરંતુ એ માટે તેં જે રસ્તો પસંદ કર્યો - એટલે કે બીજામાંથી ચોરી કરવાનો પ્રયત્ન કર્યો એ રસ્તો ખોટો છે. જીવનમાં પ્રામાણિકપણે વર્તી નામના મેળવવી, આગળ વધવું એ એક મહાન સિદ્ધિ છે. હવેથી આ વાત યાદ રાખી આગળ વધજે. એ સુખી થવાનો માર્ગ છે.'

આટલું કહી તમે મને છોડી દીધો હતો. એ દિવસે હું ખૂબ શરમિંદો બની ગયો હતો. તમે મને સલાહ આપી છોડી દીધો એથી આપના પ્રત્યે મને ખૂબ આદરભાવ થયો હતો. આપની સલાહ મેં બરાબર યાદ રાખી એ પ્રમાણે વર્તન કરવાનો નિર્ધાર કર્યો. આજે શહેરના એક નામાંકિત વકીલ તરીકે મારી ગણના થાય છે એ આપના પ્રતાપે,'' આટલું બોલી પ્રદીપ અટકયો.

પછી બોલ્યો, ''આપ શાળાના પ્રિન્સિપાલ બન્યા છો એની પણ મને જાણ હતી. આપના જેવી વ્યક્તિને કોર્ટમાં જોઈ હું આશ્ચર્ય પામ્યો. બધી વાત જાણી લીધી. આપને એ ષડયંત્રમાંથી છુટકારો અપાવવાનો મેં નિર્ણય લીધો.

— સૌજન્ય : મુંબઈ સમાચાર.

# સમાચાર સાર

**શંખેશ્વર તીર્થ શત્રુંજ્ય મહાતીર્થ છ'રી પાલક સંઘ** : પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી રશ્મિરત્ન વિ. મ. આદિની નિશ્રામાં તખતગઢ નિવાસી શાહ રતન ચંદજી છંદાજી ખોડા પરિવાર બેલગામ વાળા તરફથી છ'રી પાલિત સંઘ નીકળશે. પ્રયાણ પોષ સુદ ૧૩ તા. ૨૭-૧-૨૦૦૨ તથા સંઘમાળ મહાસુદ ૩ શુક્રવાર, તા. ૧૫-૨-૨૦૦૨ ના આયોજન થયેલ છે. તા. ૧૬-૨-૨૦૦૨ ના ૨૬ દીક્ષાઓ પાલીતાણામાં થશે.

**શંખેશ્વર તીર્થ હાલારી ધર્મશાળા** : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. આદિની નિશ્રામાં કા. વદ ૧, તા. ૧-૧૨-૨૦૦૧ ના પૂ. સા. શ્રી કૌશલ્ય પ્રભાશ્રીજી મ. ના શ્રેણીતપ તથા તે ઉપર ૧૭ ઉપવાસ કા. વ. ૧ ના પૂર્ણાહૂતિ તથા શ્રી પ્રફુલભાઇ મદનલાલની દીક્ષા નિમિત્તે સુદ ૧૫ થી વદ ૨-૩ દિવસનો મહોત્સવ શ્રીમતી જ્યાબેન ગુલાબચંદ મૂળચંદ પૂજા મોટા માંઢા વાળો લંડન તરફથી યોજાયો છે.

**માલેગામ** : અત્રે પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ., પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ., આદિની નિશ્રામાં ૪૫ આગમ પૂજા ૪૫ આગમ વરઘોડો વિ. પૂર્વક સંભવનાથ જિનમંદિરમાં ત્રાણ દિવસનો ભવ્ય મહોત્સવ કા. સુ. ૨ થી ૪ સુધી ઉજવાયો.

**અમદાવાદ, આંબાવાડી** : પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાવિની નિશ્રામાં શેઠ સુબોધચંદ્ર પોપટલાલ તરફથી કુ. જિજ્ઞાની દીક્ષા નિમિત્તે કા. વ. ૫ થી કા. વદ ૯ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર સહિત ભવ્ય મહોત્સવ ઉજવાશે.

**સાવરકુંડલા** : અત્રે પૂ. આ. શ્રી વિજય મલ્લિષેણ સૂરીશ્વરજી મ. સમાધિ મયકાલ ધર્મ તથા ૪૧ વર્ષના દીર્ઘ સંયમની અનુમોદનાર્થે સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રાણ દિવસનો મહોત્સવ પૂ. મુ. શ્રી મનમોહન વિ. મ. આદિની નિશ્રામાં દ્વિ. આસો. વદ ૩ થી વદ ૫ સુધી ઉજવાયો.

**ઝોટાણાથી ભોયણી તીર્થયાત્રા સંઘ** - ઝોટાણાથી ભોયણી તીર્થનો છ'રી પાલક સંઘ પૂ. આ. શ્રી વિજય જિનાનંદ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કારતક વદ ૮ ના નીકળશે. અને કારતક વદ ૯ ના તીર્થમાળ પહેરાશે. સંઘ હિંમતલાલ સાકળચંદ પરિવાર તરફથી નીકળશે.

**પાલી** : પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ. તથા પં. શ્રી રશ્મિરત્ન વિ. મ. ની નિશ્રામાં કા. સુ. ૨ થી ૯ સુધી અષ્ટાહ્નિકા મહોત્સવ સારી રીતે ઉજવાશે.

**ગોરેગાંવ** : અ. સૌ. હંશાબેન નટવરલાલ પરસોત્તમદાસ શાહના ૫૦૦ આંબલની પૂર્ણાહૂર્તે પ્રસંગે. મ. વ. ૨-૩ પ્રવચન પૂજા વિ. કાર્યક્રમ પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ તથા સંઘ સુયશ પ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી તત્ત્વ રત્નાશ્રીજી મ. ની નિશ્રામાં ઉજવાયો. પૂ. પં. શ્રી અત્રે યશોભૂષણ વિ. મ., આદિ પાણ અત્રે બિરાજમાન હોઇ તેમનો પાણ લાભ મળશે.

**અમદાવાદ - રંગસાગર** : ચાતુર્માસ સ્થિત પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિ. મહારાજાએ કા. સુ. ૪ ના સ્વ. પૂ. આ. શ્રી વિ. યશોદેવ સૂ. મ. ની ૩૦મી સ્વર્ગતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં તેમના ગુણાનુવાદ કરેલ. તેમજ સ્વ. શ્રી રમાણલાલ નેમચંદની પુણ્યતિથિ નિમિત્તે તેમની પૌત્રી ચિ. વિશ્વા કિરણકુમાર શાહ તરફથી પોતાના એકઠા કરેલા પૈસામાંથી સંઘ પૂજનાદિ કરાયેલ અને બન્ને નિમિત્તોને અનુલક્ષીને પ્રભુજીને સુંદર અંગરચના પણ રચાયેલ.

**પુના** - કલ્યાણ સોસાયટીમાં સંઘવી ગવરીબાઇ હંશરાજજી ગુંદેશાના સમાધિપૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે ઉપકારની સ્મૃતિમાં કા. વ. ૦)) થી માગશર સુદ ૬ સુધી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અઠ્ઠાઇ મહોત્સ ભવ્ય રીતે ઉજવાયો.

**નિયાણી** : પૂ. મુ. શ્રી પુણ્ય રક્ષિત વિજયજી મ. આદિની નિશ્રામાં ચંદ્ર પ્રભસ્વામી દેરાસરની ૧૦૯ મી વર્ષગાંઠ તથા શ્રી વીલાજી અસલાજી માતુશ્રી સાટીબાઇ, ભાઇશ્રી મીટમલજી ના શ્રેયાર્થે તથા સાકળચંદજી ધર્મપત્ની કુલીબાઇ, શ્રીમતી કમલાબાઇ એવ. શાંતિલાલજી ધર્મપત્ની કમલાબેનના સુધી અનુમોદનાર્થે ૧૦૮ પાર્શ્વના ૧ પૂજન

અર્હદ્ અભિષેક પૂજન, સિદ્ધચક્ર મહાપૂજન અષ્ટોત્તરી સ્નાત્ર પૂજન આહ્નિકા મહોત્સવ કારતક વદ ૧૯ થી માગશર સુદ ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

**જીરાવલા તીર્થ :** અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વર જી મ. ની નિશ્રામાં શા. લાલચંદ ભેરાજી કાંકરીયા પરિવાર દાંતરાઇ તરફથી પોષદશમીના અઠ્ઠમ તપ અને ઉત્સવનું સુંદર આયોજન થયું.

**અમદાવાદ :** દોશીપાડાની પોળ વિદ્યાશાળાએ પૂ. સા. શ્રી વિજયાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી પીયૂષપૂર્ણાશ્રીજી મ. ની વર્ધમાન તપની ૮૫ મી ઓળી નિમિત્તે કા. વદ ૨ રવિવારે શત્રુંજય ભાવયાત્રા રાખેલ શ્રી નરેશભાઇ શાહ તલ્લીન બનાવ્યું હતા. અને સંગીતકાર શ્રી જયેશભાઇ સોનીએ ભક્તિમાં તરબતોર બનાવ્યા હતા. આ આયોજન પૂ. પાદ સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સાકળચંદજી શિવાલજી માલવાડાવાળા તરફથી કરવામાં આવ્યું હતું.

**ડીસા :** અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. પ્ર. મુ. શ્રી જયાનંદ વિજયજી મ. પૂ. મુ. શ્રી મહાયશવિજયજી મ., પૂ. મુ. શ્રી ધુરેશ્વર વિજયજી મ. આદિની નિશ્રામાં પોષ દશમીની આરાધના તથા શ્રી ભીલડીયા જી તીર્થના પદયાત્રા સંઘ તથા વડેચા પરિવારના મોભી શ્રી રમણિકલાલ નરપતલાલ વડેચા તથા સુશ્રાવિકા મંગુબેન રમણિકલાલ વાડેચાના જીવંત મહોત્સવ નિમિત્તે શાંતિસ્નાત્ર આદિ ભવ્ય મહોત્સવ માગશર વદ ૯-૧૦-૧૧ સુધી ઉજવાયો.

**પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની સંભવિત વિહાર :** પોષ સુદ બીજી છઠ્ઠ, તા. ૨૦-૧-૨૦૦૨ ના નૂતન મુ. શ્રી પુષ્પેન્દ્ર વિજયજી મ. ની વડી દીક્ષા બાદ તા. ૨૧-૧-૨૦૦૨ પોષ સુદ ૭ ના વિહાર કરી પોષ વદ ૫ લગભગ અમદાવાદ પાલડી પહોંચશે. ત્યારબાદ મહા સુદ ૨ લગભગ સાબરમતી પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી સ્મૃતિ મંદિર જિનબિંબા આદિની પ્રતિષ્ઠા માટે પધારશે. મહા સુદ ૧૫ વિહાર કરી મહા વદ ૧૩ સુધી શંખેશ્વર પહોંચશે.

ત્યાં અંજનશલાકા પ્રતિષ્ઠા ચૈત્ર સુદ બીજી ચોથ બુધવાર, તા. ૧૭-૪-૨૦૦૨ નકી થઇ છે.

**તા. ૨૮-૧-૦૨ થી તા. ૨૭-૦૧-૦૨ સુધી ટપાલ તથા સંપર્ક સ્થળ : C/o. મહાવીર સ્ટોર્સ, ૨૬૮૧, ફુવારા બજાર, ગાંધી રોડ, અમદાવાદ. ફોન : ૨૧૪૦૨૯૧ / ૨૧૪૧૬૪૦-**

**જેંતીલાલ પદમશી- ફોન : ૬૭૭૯૮૫૮**

**નડિયાદ :** અત્રે શ્રી અજીતનાથજી તથા શ્રી આદિનાથજી પ્રભુની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી રત્ન સુંદર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વરબોધિ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં મહાસુદ ૪ ના થશે. તેમજ મહા સુદ ૬ પાર્શ્વધામમ શ્રીમતી કલીબેન પોપટલાલ શાહ જૈન ધાર્મિક ટ્રસ્ટ તથા જેન્તીભાઇ કાકા ચેરીટેબલ ટ્રસ્ટ નિમિત્તે ઉવસગ્ગહરં પાર્શ્વનાથ આદી જિન બિંબોની પ્રતિષ્ઠા થશે.

મહાસુદ ૧૨ નડિયાદ સોસાયટીમાં શ્રી બાપુલાલ મોતીલાલ શાહ પરિવાર નિમિત્તે રથાકાર જિનાલયમાં શ્રી આદિનાથ આદિજિન બિંબોની અંજન શલાકા પ્રતિષ્ઠા થશે.

**હળવદ :** અત્રે સ્વ. શેઠ મગનલાલ ત્રિભોવનદાસ તથા સ્વ. શ્રી સંતોકબેન મગનલાલ ના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી પૂ. મુ. શ્રી ધર્મતિલક વિજયજી મ. આદિની નિશ્રામાં માગશર સુદ ૧૧ થી ૧૩ સુધી શ્રી સિદ્ધચક્ર મહા પૂજન સાથે ત્રણ દિવસનો ઉત્સવ સારી રીતે યોજાયો હતો. વિધિ માટે મુકેશભાઇ વઢવાણ અને સંગીતકાર શ્રી રાજુભાઇ ભોયણીવાળા પધાર્યા હતા.

**ભીલડીયાજી તીર્થ :** અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ઉંદરાણા (થરાદ) નિવાસી પ્રવીણચંદ્ર ટીલચંદભાઇના પુત્રપુત્રી કુમારિકા જિનલબેનની દીક્ષા પોષ સુદ ૧૩ રવિવારે નકી થતાં તે નિમિત્તે થરાદમાં પો. સુ. ૯ અને અત્રે પોષ સુદ ૧૨ ના વરસીદાનનો વરઘોડો યોજાયો છે.

૧૦૮ પાર્શ્વનાથ પૂજન સુદ ૧૨ ના યોજાયું.

તપના ભંડાર પૂ. આ. શ્રી **વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ** ની
પરમ કૃપા અને
***પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ*** ની પ્રેરણાથી
જૈન શાસનમાં જ્ઞાન ઉધોત કરનાર

***શ્રી જૈન શાસનને હાર્દિક શુભેચ્છા***

**Justice Par Excellence !**

A bania was living at Virpur. Two travellers once came to him and gave him a gold filled flute asking him to return it when they come back.

After a few days one of them who was a cheat came to bania and took away the flute.

Another one came after sometime and asked the bania to give back their flute. Bania told him he had already returned it to the otherone.

Disbelieving him the traveller insisted that he must be given back the flute, Both went to court for justice Bania told the court what had happened. The traveller told the court that while giving the flute to bania for custody he had insisted that it should be returned only to both when they would come together.

Ministers of court were convinced that the fellow was a cheat. They said 'Alright, as you said, both of you come together and the flute will be given back.

Astonished the traveller cheat went away.

Justice means intellectual jusdicious approaches in administering it, when good people are oppressed by rogues.

**Shah Mishrimalji Hanaji**
Charano - Ka-Vas.
Dist. Jalore, (Raj.)



ના...ન ... એમનું નામ તો 'મૂસાભાઈ' છે પણ તેઓ બહારથી 'ત્રાસવાદ'ની વિરૂદ્ધ બોલે છે પણ અંદરખાને એની તરફેણ કરે છે એટલે અમે એમને 'મુશરફ મિયાં' કહીએ છીએ. વાત સમજાઈ ?

**કપટ સગો ન થાય.**



ના..ના.. આપણે ત્યાં તો ભૂકંપ નો મામૂલી આંચકો લાગતાં મકાનો પડયાં હતાં...પણ ન્યુયોર્કમાં તો નાનકડાં વિમાન અથડાતાં એકસો દસ માળની ઇમારત પડી ગઇ એટલે જ કહું છું કે... 'મકાન બાંધકામમાં તો બધેય કાંઇક લોચા થતા જ હોય છે' એટલે અમારી ધરપકડ ન કરો, સાહેબ !

**દુર્ગતિમાં ગયેલા પાપથી બચવા કહેવા આવતા નથી.**




મુરબ્બી ! ગામમાં તમે તમારા નામના પહેલા અક્ષરોથી જ જાણીતા છો એ બરોબર પણ... હાલના સંજોગોમાં, મુશીબતથી બચવું હોય તો 'લાદેન' લખવાના બદલે 'લાલચંદ દેવચંદ નડિયાદી' જ લખો. સમજ્યાં ?

**બચવાના નુસ્કા ઘણા પણ પાપથી બચવા તે છોડવું પડે.**



પશાકાકા ! ભાનમાં આવી જાવ... ! વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં મરનાર 'પોપટભાઇ પશાભાઇ પટેલ' નથી.. પણ 'પ્રહ્લાદ પીતાંબર પટેલ' છે ને એ આપણા પેટલાદવાળો કોઇ નથી પણ 'પેથાપૂર'નો છે. આપણો સગો નથી.

**રાગથી ઉદ્વેગ થાય છે.**

ગુ. ભ.

# હાસ્યમાંથી બોધ મેળવી ગંભીર બનો

**લીલા** : મારો પતિ દર મહીનાનાં છેલ્લા અઠવાડીયા કામ ઉપર નથી જતા !

**શીલા** : તારો પતિ એવું તે વળી ક્યું કામ કરે છે ?

**લીલા** : એ ખિસ્સાકાતરું છે !'

●

**પરીક્ષક** : પરીક્ષામાં પ્રશ્નોના જવાબ લખતી વખતે તું વારંવાર પાછળ કેમ જુએ છે ?

**આશિષ** : સાહેબ, પ્રશ્નપત્રમાં નીચે લખ્યું છે કે- ''પાછળ જુઓ... !!''

●

**સંગીતા** : ગઈકાલે દૂધ ગરમ કર્યા પછી તરત જ કેમ ફાટી ગયું ?

**દૂધવાળો** : ગઈકાલે દૂધ દોહતા પહેલાં મારી પત્નીએ ભેંસને લસ્સી પીવડાવી હતી માટે !!

●

**પિતાજી** : બેટા, ચિંતા ન કર. તારા નસીબમાં નાપાસ થવાનું લખ્યું હશે એટલે જ તું નાપાસ થયો.

**જતીન** : સારું થયું કે મેં મહેનત જ ના કરી !!

●

**વિનોદ** : તમારા દીકરાને કઈ લાઈનમાં લગાવવો છે ?

**રમેશ** : મારો દીકરો બહુ આળસું છે, તે સરકારી નોકરી સિવાય ક્યાંય ચાલે તેમ જ નથી !!

●

**ધર્મેન્દ્ર** : હું મૂર્ખ છું કે તારી સાથે લગ્ન કર્યા.

**આશા** : હું જાણતી હતી પણ મને લાગ્યું કે લગ્ન પછી તમે સુધરી જશો !!

●

**દર્દી** : મને અચાનક સખત તાવ આવી જાય છે.

**ડોકટર** : ચિંતા ન કરો. તાવ આવે તેના અડધા કલાક પહેલાં આ દવા લઈ લેજો.

(જનસત્તા - લોકસત્તા)

# સમ્યગ – સાધના સમર્પિત સુરેન્દ્રનગરના શ્રાવિકા મધુબેનનું આરાધનામય જીવન દર્શન

શ્રી મહાવીર પ્રભુનું શાસન કલિકાલમાં પણ ઝળહળતું છે, તેના પ્રતિકરૂપે શાસનની સ્વયં આરાધના કરનારા અગણિત પુણ્યાત્માઓ, તેમજ અન્યને આરાધનામાં જોડવા ઉપરાંત નિજ પરિવારને ધર્મશ્રદ્ધાના અમૃતનું પાન કરવાનાર અનેકમાંથી એકનો ઉલ્લેખ કરવો હોય તો સુરેન્દ્રનગરના ધર્મનિષ્ઠ શાહ પ્રભુદાસ વીરપાળ પરિવારના મનહરભાઇના ધર્મપત્ની મધુબેનને યાદ કર્યા **સિવાય રહેવાય નહિ. જે પરિવારમાં પૂ. સા. શ્રી ચારુલતાશ્રીજી** - પુન્યોદયાશ્રીજી-નૂતનપ્રભાશ્રીજી રૂપે ત્રાણ ત્રાણ બહેનોએ પ્રવજ્યાના પુનિત પ્રસંગે પદાર્પણ કરેલ, તે પરિવારના શ્વસુરગૃહમાં આવીને પૂ. સાધ્વીજી ભગવંતોના નિકટ સાનિધ્યમાં આવતાં મધુબેનના જીવનમાં ધર્મઆરાધના પૂર્વક જ્ઞાન પ્રાપ્તિનો દીપક પ્રકાશિત થવા લાગ્યો, પરિવારનાં નિકટનાં ઉપકારી ધર્મદાતા પૂ. આ. શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં અંતરના આશીર્વાદથી અને વારંવાર જિનવાણી શ્રવણથી મધુબેનના જીવનમાં અનેરી ધર્મશ્રદ્ધા પ્રગટી હતી. ધર્મદાતા પૂજ્યશ્રીને જ્યારે વંદન કરવા જવાનું બનતું, ત્યારે પૂજ્યશ્રી યોગ્ય આત્મા જાણી તેમને ઉદ્દેશીને સમગ્ર પરિવારને કેમ ધર્મિષ્ઠ બનાવવો, તે અંગે હિત શિક્ષા આપ્યા વિના રહેતા નહીં. પૂજ્યશ્રીના અંતરના ઉદ્ગારો ''આ શ્રાવિકામાં પુણ્યશાળીનાં લક્ષણો દેખાય છે, એથી પરિવારને ધર્મ માર્ગમાં સ્થિર રાખી પ્રગતિ કરાવશે.'' આવા ઉદ્ગારો પૂર્વક પૂજ્યશ્રી આશીર્વાદ આપતા. પૂર્વે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મહારાજાનાં આશીર્વાદ પામ્યા અને પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ, પૂ. સાધ્વીજીઓ, શ્રી ચતુરશ્રીજી મ., શ્રી ચરણશ્રીજી મ., શ્રી હેમશ્રીજી મ. અને શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ. નું સતત ત્રાણ વર્ષ એવું સાન્નિધ્ય પામ્યા કે, આ બધા પૂજ્યોની કૃપાના પ્રભાવે મધુબેનના જીવનમાં અદ્ભૂત ધર્મ-પરિણતિ, સમાધિભાવ જોવા મળ્યો. ધર્મ મુખ્ય અને સંસાર ગૌણ, એવી અસ્થિમજ્જામાં વ્યાપેલ શ્રદ્ધાથી તપ-જપ આદિ અનેક સુકૃત કરાણી દ્રવ્ય થી અને ભાવથી સમગ્ર જીવનમાં તેઓ જેરીતે કરી ગયાં, તેની સ્મૃતિ થતા હૈયુ અનુમોદનાથી ઉભરાઇ ગયા વિના નથી રહેતું. માર્ગાનુસારીના ગુણો તો ધર્મ કરવાની યોગ્યતાનો પાયો ગણાય, તેવા ગુણો એમના જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં વણાયેલા હતાં. પરમ શ્રદ્ધાવાન સસરાજી પ્રભુદાસ ભાઇની વૃદ્ધાવસ્થામાં એમણે જે સેવા કરી અને જે આશીર્વાદ મેળવ્યાં, અગણિત સાધાર્મિકોની જેવી ભક્તિ કરી, તે તો સુરેન્દ્રનગર ઉપરાંત પણ ઠેરઠેર દાખલા રૂપે યાદ કરાય છે. સં. ૨૦૫૮ ના માગશર સુદ-૪ મંગળવારના દિવસે સ્વર્ગવાસ પામનાર પુણ્યાત્મા મધુબેનની આરાધના, અંત સમયનો સમાધિભાવ સદ્ગતિની ખાત્રી આપે છે. તેઓ પોતે પણ એવી દૃઢશ્રદ્ધા વ્યક્ત કરતા હતા કે, મારી સદ્ગતિ નિશ્ચિત છે. માટે કોઈ શોક રાખતા નહિ. ખરેખ એમનું જીવન ઉજ્વળ અને મૃત્યુ અત્યુજ્વળ અને સમાધિમય બન્યું, આ જૈન શાસનની જ બલિહારી ગણાય.

## ક્રીમ વાંચન

*— જ્યારે વસ્તુપાલ મંત્રી સંઘ લઈ ગિરનાર જાય છે એ વખતે અનુપમા દેવી ભાવ વિભોર બનતા પોતાના ગળામાં રહેલા ૩૨ લાખના દાગીના પ્રભુને પહેરાવી દે છે. પછી ૧ કરોડ પુષ્પો વડે પૂજા કરે છે. તેથી તેજપાલ મંત્રી નવા ૩૨ લાખના દાગીના બનાવી આપે છે.*

*— ગિરનારથી શેત્રુંજ્ય જતાં અનુપમા દેવી ૩૨ લાખના દાગીના આદીમાપને પહેરાવી દીધા તે જોઈ વસ્તુપાલની પત્નીએ પણ પોતાના ૩૨ લાખના દાગીના પ્રભુને પહેરાવી દીધા.*

*— પૂ. આ. શ્રી કક્કસૂરિએ કચ્છમાં વિચરી લાખો અજૈનોને જૈન બનાવ્યા અને શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલ.*

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

※ જગતમાં પુણ્યશાલીઓ માટેજ સુખની સામગ્રી છે. તે સુખથી સામગ્રીની મજા જ સંસારને જીવતો રાખનારી છે.

※ સંસારમાં જીવ, જે પોતે સારું માન્યુ હોય તે મેળવવા શું શું નથી છોડતો ?

※ સંસારના સુખ માટે દુ:ખ વેઠવા કર્મ સહાયક છે. તે કર્મ જ બોલાવે કે દુ:ખ વિના સુખ નહિ, મહેનત-મજુરી વિના પૈસા નહી.'

※ મોહનીય એક એવું પાપ કર્મ છે જે પાપ જ કરાવે. તે મોહનીયનો એક ભેદ એવો છે જે પાપને પાપ માનવા દે જ નહિ. પાપ વિના તે ચાલતુ હશે તેમ કહેવરાવે.

※ ધર્મ કરવા સમજ જોઇએ. તેમાં કર્મ સહાય ન કરે.

※ કર્મ ગ્રન્થિને પોષનારા છે, સહાયક છે, ભેદનારા નથી. તેને ભેદવા માટે ભારેમાં ભારે પુરૂષાર્થ જોઇએ, સારા અધ્યવસાય જોઇએ અને આજ સુધી કદિ ન આવ્યો તેવો અપૂર્વકરણ નામનો પરિણામ એટલે કે આત્માનો અધ્યવસાય વિશેષ આવે તો જ ભેદાય.

※ સાધુને કોઇ અધર્મ કરવાની જરૂર નથી. તમારે અધર્મ કર્યા વિના ચાલે તેમ નથી. માટે જ ધર્મ સમજેલાંને ગૃહસ્થપણું ગમે જ નહિ. સાધુપણું જ ગમે.

※ દેવ-ગુરૂ-ધર્મ-ધર્મી અને ધર્મની સામગ્રી ધર્મ કરાવનાર છે અને અધર્મથી બચાવનાર છે.

※ આજે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે. સંસારની - પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે.

※ સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને ખપ નહિ તે બધા પાપી.

※ આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જ જાય. ધંધો પાપ તો ઠીક પણ ધંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.

※ સુખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય સુખ જેને સારા લાગે તેવો આઠમી ગમે તેટલું ભણે-ગણે તો ય પાગલ ગણાય.

※ સાધુપણું મૂળમાં સારું છે. ગૃહસ્થપણું મૂળમાં ખરાબ છે.

※ તમે કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.

※ ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ ચોર જેવા પાકે.

※ જીવને ખરાબ કરનાર પ્રમાદ છે.

**જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)**

**C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી**

**છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.**

Received 28/3/2002 8598

श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

**ઉત્તમ અને
અધમ પુરૂષની
ઓળખ**

संतगुणकित्तणोणावि पुरिसा
लज्जंति जे महासत्ता।
इअरा पुण अलिअपसंसणो
विहिअए न मायंति॥

વિદ્યમાન ગુણની સ્તુતિ-પ્રશંસાથી ઉત્તમ-મહાસત્ત્વ-શાલી પુરૂષો લજ્જા પામે છે. જ્યારે અધમપુરૂષો ખોટી પ્રશંસાથી ફુલાઈને ફાળકો થઈ જાય છે.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક

વર્ષ ૧૪ અંક ૨૯

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# મૂરછર્ાનું ફળ

– પૂ. સા. શ્રી અનંત ગુણાશ્રીજી મ.

શ્રી ચંડકૌશિક સર્પનો આત્મા તાપસપુત્રના ભવમાં આ રીતના પોતાના આશ્રમ ઉપર આશ્રમમાં ઉત્પન્ન થયેલા ફળ-ફુલ-વૃક્ષ આદિ ઉપર અત્યંત મૂરછર્ાવાળો હતો તો તેના કેવા ફળને પામ્યો તે પ્રસંગનો વિચાર કરવો છે. અતિ આસક્તિ આત્માને કેવી બનાવે છે. મૂરછર્ાના કારણે પોતાના જ તાપસોને જરૂરી ફળ-ફૂલાદિ નહિ લેવા દેવાથી તે તાપસો પણ તેનો ત્યાગ કરી ગયા. સંસાર પ્રત્યે અતિ મૂરછર્ાવાળા જીવો સ્વયં પોતે ખાય-પીએ નહિ અને બીજાને પણ ખાવા-પીવા દે નહિ કે કોઈ ખાતા-પીતા હોય તે પણ જોઈ શકે નહિ. એટલું જ નહિ પોતાની માલીકીનો ભાવ હોવાથી પોતાની તે વસ્તુ કોઈપણ લેવા જાય તો તેને મારવા અને હણવા પણ તૈયાર થાય. આ હાલત તે ચંડકૌશિક તાપસની હતી. એકવાર તે તાપસ કોઈ કામ પ્રસંગે અન્યત્ર ગયેલ અને તે અવસરે શ્વેતાંબી નગરીના કેટલાક રાજપુત્રો તે આશ્રમમાં આવેલા અને ત્યાંના ફળ-ફૂલાદિ મજેથી ખાતા હતા અને આનંદ-પ્રમોદ કરતા હતા. આ સમાચાર તે તાપસને મળવાથી ક્રોધથી ધમધમતો તીક્ષ્ણ કુહાડિને ઉગામી તે બધાને હણવા - મારવા દોડતો આવી રહ્યો છે. અને વચમાં એક ખાડામાં તે પડ્યો અને પોતાની જ કુહાડીથી તેનું મસ્તક છેદાઇ ગયું અને મરીને તે તે જ આશ્રમમાં દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયો અને પૂર્વભવના ચંડકૌશિક નામના કારણે ચંડકૌશિક સર્પ તરીકે ઓળખાયો. મૂચ્છર્ા, મમત્વ, મારું-તારું કરવાથી અંતે જીવની કેવી દશા થાય છે. જેના પર જ્યાં અતિરાગ-મોહ-મૂચ્છર્ા હોય છે. ત્યાં જ ઉત્પન્ન થવું પડે છે. આવી આપણી દશા ન થાય તે માટે આ વાત છે. વધારે બીજું શું કહેવું ?

---

सागरसूरि ज्ञानमंदिर
आराधना केन्द्र
(गांधीनगर)

પ્રો. હંસાબેન ડી. શાહ
"સમક્તિ" બંગલા,
અઠવા લાઈન્સ, સુરત.

**૧૮૦૦૦ શીલાંગ રથ**

અનંત ઉપકારી તીર્થંકર પરમાત્માઓએ સંયમની સર્વાંગ શુદ્ધ આરાધના માટે, વિરતિ ભાવની પ્રાપ્તિ થયા પછી તેના ટકાવ માટે શીત ચારિત્રના અઢાર હજાર ભેદોને શીલાંગ - રથની ઉપમાં આપી છે.

અઢાર હજાર ભેદોની સમજૂતી.

દશ પ્રકારનાં શ્રમણધર્મને દશ પ્રકારનાં પૃથ્વીકાયાદિથી ગુણતા ૧૦ X ૧૦ = ૧૦૦

ફરીને પાંચ ઈન્દ્રિય સાથે ગુણતા ૧૦૦ X ૫ = ૫૦૦

ફરી તેને ચાર સંજ્ઞાથી ગુણતા ૫૦૦ X ૪૦ = ૨૦૦૦

ફરી તેને મન, વચન અને કાયાથી ગુણતા ૨૦૦૦ X ૩ = ૬૦૦૦

ફરી તેને કરણ, કરાવણને અનુમોદનાથી ગુણતા ૬૦૦૦ X ૩ = ૧૮૦૦૦

શ્રાવકો શ્રી ટ્ટ્ઢાઈજ્જેસુ (મુનિવંદન) સુત્રમાં બીજી ગાથામાં "અટ્ઠારસ-સહસ્સશીલાંગધરા બોલે છે. તેનો અર્થ ઉપરોક્ત આપેલો છે.

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

વર્ષ૧૪) ❋સવંત ૨૦૫૮ મહા વદ ૧૪ મંગળવાર તા. ૧૨-૩-૨૦૦૨ (અંક:૨૫/૨૬

## સાધુ અને સાંસારિક પ્રવૃત્તિ

—રામવિજય

(વીર શાસન, પુસ્તક-૮, અંક-૪૪, તા. ૧-૮-૧૯૩૦, શ્રાવણ સુદ -૭ શુક્રવાર, વીર સં. ૨૪૫૬)

'આજે જે સાધુઓ ગૃહસ્થાનો ગૃહવાસની પંચાતમાં પડી, ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓની પ્રશંસા તથા પુષ્ટિ કરી રહ્યા છે, અને ગૃહસ્થોને ગૃહસ્થોના ગૃહવાસની કરણીઓ કરવાનો ઉપદેશ કરી રહ્યા છે, તેઓ ભર બજારમાં પોતાના સાધુપણાનું લીલામ જ કરી રહ્યા છે. કારણકે-શ્રી જિનેશ્વરદેવના સાધુઓને જેમ બહુ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈ છે, તેમ અલ્પ આરંભનો ઉપદેશ કરવાની પણ મનાઈ જ છે. શ્રી જિનેશ્વર દેવના સાધુ જેમ કંદમૂળ ખાવાનું પણ નથી કહી શકતા, તેમ કંદમૂળ સિવાયની વનસ્પતિ પણ ખાવાનું નથી કહી શકતા. જેમ મોટું પાપ આચરવાનું નથી કહી શકતા અર્થાત્ ગૃહવાસને પુષ્ટ કરતી એક પણ વસ્તુને અને 'ગૃહવાસ જરૂરી છે' - એમ ધ્વનિત કરતી એક પણ પ્રવૃત્તિને તે પુણ્યપુરૂષો પોતાના ઉપદેશમાં સ્થાન નથી જ આપી શકતા, તેમ જે સાધુઓ કેવલ લોકૈષણામાં જ પડ્યા છે અને માન-પાન એ જ જેઓનું એક જીવન ધ્યેય છે તથા જેઓ સહુને સારા લાગવામાં જ અને સહુને સારું મનાવવામાં જ તથા પોતાની વાહવાહ બનાવી રાખવા ખાતર સત્યને સ્ફૂટ કરવાની શક્તિ છતાં ઈરાદાપૂર્વક ગોળ ગોળ ગોટાળા વાળી અજ્ઞાન જનતાને અજ્ઞાનના અંધકારમાં અને દુર્ગતિના ખાડામાં ધકેલવા જેવા અધમ પ્રયત્નો સેવે છે, તેઓનું ઓઠું લઈ જે મહાપુરૂષો પ્રભુ માર્ગે જ વિચરવામાં અને એથી જ દુનિયાદારીના નાના કે મોટા એકપણ આરંભને અનુમોદન આપવા નથી ઈચ્છતા તથા ગૃહવાસને નરકના પ્રતિનિધિ તરીકે માની, તેના ફંદમાં ફસેલા પણ લઘુકર્મિ હોવાના કારણે તેના ત્યાગ તરફ જેઓની દૃષ્ટિ ઢળી છે, તેઓને 'તે નરકના પ્રતિનિધિરૂપ ગૃહવાસને તજી દેવાનો અને જેઓ એકદમ તજી શકે તેવા ન હોય, તેઓને તેમાં લીન નહિ થવાનો તથા ધીમે ધીમે પણ તજતા થવાનો અને ન તજી શકાય તો પણ તજવા યોગ્ય જ માનવો જોઈએ' - એવી જાતિનો ઉપદેશ આપવામાં કલ્યાણ માનનારા છે, તેવા પુણ્ય પુરૂષોને દુનિયાદારીની ક્ષુદ્ર તેમજ પરિણામે આરંભ અને સમારંભને ઢસડી લાવનારી તથા દરેકને અર્થકામની લાલસામાં મુગ્ધ બનાવનારી પ્રવૃત્તિઓમાં જોડાવાનું કહેવું, એ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની વિરાધના કરવા જેવું જ છે'. આથી મારી ભલામણ છે કે- મુનિમાર્ગને સમજી મુનિવરો પોતાના મુનિપણામાં શુદ્ધ રીતિએ ટકી શકે અને તમને પણ તે પુણ્ય માર્ગે દોરી શકે તેવી જ આચરણાઓ કરવી એ તમારા માટે હિતાવહ છે અને પૂજ્ય મુનિવરોએ પોતાના મુનિપણાને જ દૃષ્ટિ સમક્ષ રાખી તેમાં એક લેશ પણ ક્ષતિ ન આવે તેવી રીતિએ પ્રભુની આજ્ઞાને અનુસરતું જ વર્તવું એટલે કે - વિચારવું એ જ હિતાવહ છે.

(પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાનવાચસ્પતિ પ. પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.)

❋ ❋ ❋

# [illegible] શલાકા પુરુષોનો [illegible] પરિચય

[illegible] : પૂ. સા. સુવર્ણપ્રભાશ્રી

[illegible]તાંકથી ચાલુ...

તે વખતે આત્મિક નિર્મળતા વધતાં તેઓને અઢી [illegible]ીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોભાવને [illegible]ણાવનારૂં 'મન: પર્યવજ્ઞાન' ઉત્પન્ન થાય છે. પછી પ્રભુ [illegible]મેક્રમે વિહાર કરે છે. અપ્રમત-અપ્રતિબધ્ધપણે વિહરતાં, [illegible]નેક ઉપદ્રવોને, બાવીશ પરિસહોને, ઘોર તપશ્ચર્યાને કરતાં, [illegible]નવાસાદિકને સેવતાં, ચાર ઘાતિકર્મને ખપાવતાં થકાં, શુકલ [illegible]યાનમાં આરૂઢ થતાં, યથાયોગ્યકાળે શુભયોગે, પ્રભુને [illegible]ોકાલોકના સર્વસ્વરૂપને જણાવનારૂં, ત્રણે કાળના સમગ્ર [illegible]ગતના પદાર્થ - દ્રવ્યોને આત્મસાક્ષાત્ બતલાવનારૂં એવું [illegible]ંતિમ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. તે જ વખતે ઈન્દ્રો [illegible]ાસનકંપથી તેને જાણીને પ્રભુના કેવલજ્ઞાન કલ્યાણકને [illegible]જવવા તે સ્થળે સર્વ નિકાયના દેવો - ઈન્દ્રો આવી, શીઘ્ર [illegible]ોળ વા ચોખૂણ, ત્રણ ગઢવાળાં, ચાર દ્વારવાળાં, સોનું, [illegible]ૂપું તથા મણિરત્નથી બનેલાં, એક યોજન ઉંચાઈવાળાં, [illegible]ીશ હજાર પગથિયાંવાળાં, અનિર્વચનીય, અનેક દેખાવોથી [illegible]ભરપૂર, અશોકવૃક્ષ યુક્ત સમવસરણની રચના કરે છે. પ્રભુ [illegible]ુવર્ણ કમળ ઉપર થઈને સમવસરણમાં આવી પૂર્વ દિશાના [illegible]સિંહાસન ઉપર મૂળ શરીરે બિરાજી રત્નમણિમય પાદપીઠ [illegible]ઉપર પગ મૂકી, અતિશયથી ચતુર્મુખ થઈને તીર્થને નમસ્કાર [illegible]કરી ચોત્રીશ અતિશયે શોભતા અઢાર દોષ રહિત પ્રભુ [illegible]સમવસરણમાં આવેલા દેવો, મનુષ્યો અને તિર્યચોને સ્વસ્વ [illegible]ભાષામાં પ્રભુ અતિશયથી સમજાય તેવી સંશયોચ્છેદક, [illegible]ભવોદધિતારિણી, ૩૫ ગુણેયુક્ત એવી, એક યોજન સુધી [illegible]સંભળાય તેવી દેશનાને ગંભીર સ્વરથી રાગ-રાગિણીમાં [illegible]વિસ્તારે છે. પછી તેઓ ગણધરાદિપૂર્વક નવીન સંઘની [illegible]સ્થાપના કરી (આકાશમાં ચાલતું રત્નસિંહાસન, ધર્મચક્ર, [illegible]ધ્વજા, છત્ર અને ચામર સાથે) જગતભરમાં વિચરી, [illegible]સાધુધર્મને અંગે અહિંસા, સત્ય, અસ્તેય, તે અચૌર્ય, મૈથુનવર્જન તે સ્ત્રીત્યાગ, અને અપરિગ્રહ તે [illegible]નધાન્યાદિકના ત્યાગનો, ગૃહસ્થધર્મને અંગે બારવ્રતનો [illegible]ત્યાદિ અનેક પ્રકારનો અહિંસાપ્રધાન ત્યાગ વૈરાગ્યમૂલક ધ[illegible]નો જોરશોરથી બોધપાઠ જગતને આપી, અનેક જીવોને સં[illegible]ારમાંથી તારી, પાપ[illegible]મુક્તિગમન યોગ્ય કરે છે. [illegible]છી પ્રભુ પણ અપ્રતિબધ્ધપણે વિહરી શેષકર્મોનો ક્ષય કર[illegible] નિર્વાણ પામે છે એટલે મોક્ષે જાય છે. દેવો આસનકંપથી [illegible]ભુનું નિર્વાણ જાણી અહીં આવીને નિર્વાણકલ્યાણકને [illegible]ત્યન્ત ખિન્ન ચિત્તવાળા થયા થકા ઉજવે છે. આ તી[illegible]કરો અતુલ - અનંતબળના ધણી હોય છે, આનાથી વ[illegible] બળ - શક્તિ ત્રણેય જગતમાં કોઈનામાં હોતી નથી. એ[illegible]ાં દરેક કાળમાં ઉત્પન્ન થનારા ચોવીશ તીર્થંકરો પૈકી પહેલા તીર્થંકર પ્રભુથી દુનિયાનો સર્વ પ્રકારનો વ્યવહાર ધર્મ, ૬૪ સ્ત્રીકલા, ૭૨ પુરુષકલા, શિલ્પશાસ્ત્રો, અન્ય ક્રિયાદિ સ[illegible] વ્યવહારો શરૂ થાય છે. એટલે તેઓ તેનો ફક્ત વિધિક્રમ [illegible]લાવે છે.

આ પ્રમાણે પંચકલ્યાણકોનું દિગ્દર્શ[illegible] કરાવવા સાથે પરમાત્માની જન્મથી લઈ મુક્તિ પ્રાપ્તિ સુધ[illegible]ની વ્યવસ્થાની સંક્ષિપ્ત શાબ્દિક નોંધ બનાવી છે.

## ::સાર્વભૌમ ચક્રવર્તીઓનું સ્વરૂપ::

**નોંધ :** આપણા ભરતક્ષેત્રમાં દરેક [illegible]ળે પુરુષવર્ગમાં સર્વશ્રેષ્ઠ ગણાતી માત્ર ૬૩ વ્યક્તિઓ જ[illegible]ન્મે છે. એમાં ચક્રવર્તીઓ ૧૨ જ હોય છે. કરોડો - [illegible]બજો વરસના કાળમાં માત્ર ચક્રી ૧૨ થાય છે. એટલે તે [illegible]વિરલ વ્યક્તિમાં ગણાય. તેથી અહિંયા ચક્રવર્તીનો પરિચય અ[illegible]તેથી છખંડની વિજયયાત્રા ડાયરીની નોંધની જેમ રજુ કરી [illegible]. એક ચક્રવર્તીની જેવી યાત્રા હોય તેવી જ બીજા ચક્રીન[illegible] હોય છે.

ચક્રીદિગ્વિજય ક્રમ - તીર્થંકરવત્ ચ[illegible]વર્તીઓ પણ ઉચ્ચજાતિ ઉચ્ચગોત્ર અને રાજકુલે જ[illegible]ન લે છે. પરંતુ

નીચકુલમાં ક ાપિ જન્મ લેતા નથી. અરિહંત જનનીવત્ ચક્રવર્તી ગભ માં આવતાં જ ચક્રીની માતા પણ ચૌદ મહાસ્વપ્નોને જુએ છે.

વળી ર ાટલું વિશેષ છે કે જો નરકથી ચક્રીનો જીવ ગર્ભે આવ્યો હોય તો બારમે સ્વપ્ને ભવન દેખે અને વૈમાનિક દેવલોકથી આવ્યો હોય તો વિમાન દેખે છે. અનુક્રમે ગર્ભકાળ પૂર્ણ થયે છતે જન્મ થતાં મામહોત્સવો થાય છે. સર્વ રીતે નગરમાં આન દ આનંદ કરાવાય છે. અનુક્રમે સ્તનપાનાર્થે ધાત્રી - ધા વમાતા સ્નાન કરાવનારી વસ્ત્રાભૂષણ પહેરાવનારી ખોળામાં બેસાડનારી અને પાંચમી ક્રીડા કરાવનારી એ પાંચ ધાવમાતા દાસીઓથી લાલન પાલન કરાય છે.

ત્યારબ દ ક્રમશ: યથોચિત નામ સ્થાપનાદિક સંસ્કારો મહાઠાઠથી ઉજવાય છે. વળી સુખે સુખે વૃધ્ધિ પામતાં તેઓને અનેક વિષયના અનેક પંડિતો તથા કલાચાર્યો પાસે શાસ્ત્રમાં તથા દરેક કળામાં પ્રવીણ કરાવવામાં આવે છે. તેઓ પ્રથમ સ ઘયણ તથા પ્રથમ સંસ્થાન વાળા હોય છે. તેઓ ક્રમશ: યુ ાાવસ્થાને પામે ત્યારે સંપૂર્ણ ૧૦૦૮ પ્રકારના ઉત્તમોત્તમ સ મુદ્રિક લક્ષણોપેત શરીરવાળા થાય છે. અને તેઓને દક્ષિ ાાવર્ત પ્રશસ્ત લોમ હોય છે. અને વક્ષસ્થળે 'શ્રી વત્સ' નું ચિહન હોય છે. તેમજ તેઓ રાજાયોગ્ય, અઠાંગ, લક્ષ ાાદિ વગેરે ઉદ ગુણોયુક્ત અને સુવર્ણ જેવા શરીરી હોય છે

આ પ્ર ાાણે સુખમાં દિવસો વીત્યે થકે અન્યદા યથાયોગ્ય સમ યે તેની આયુધશાખામાં મહાદિવ્ય રત્નોથી અલંકૃત ચક્રર ન ઉત્પન્ન થાય છે. શાલારક્ષક રત્નને જોઈ હૃદયપુષ્ટ થતો નમસ્કાર કરી ચક્રીને વિનયપૂર્વક શુભ સમાચાર આપે, ચક્રવર્તી મુકુટ સિવાય શાલારક્ષકને પ્રચુર દ્રવ્ય અને આભૂષણોનું આજીવન નિર્વાહ ચાલે તેટલું પ્રીતિદાન આપી, પોતે સિંહાસનથી ઉતરી, ત્યાં જ સાત - આઠ પગલાં ચાલી, ચક્રર્ન દિશા તરફ સ્તુતિ નમસ્કારાદિ કરે, પછી સ્નાનાદિક કરી, મહાપૂજાની વિવિધ ઉત્તમોત્તમ સામગ્રી લઈને, વાજતે - ગાજતે મહાપરિવારયુક્ત આયુધશાળામાં આવી, ચક્રરત્નની વિધિ મુજબ પૂજા કરી, સર્વત્ર નગરમાં અઢારે આલમ માં આનંદ ફેલાવે, અને જિનેશ્વરોના મંદિરોમાં મહાઅષ્ટાહિ ાકા મહોત્સવ કરે. મહોત્સવ પૂર્ણ થયા બાદ બાર જાતના દિવ્યનાદધ્વનિપૂર્વક હજાર યક્ષોથી સેવા ચક્રરત્ન આયુધશાળાથી બહાર નીકળી આકાશમાં જ ચાલે તે વખતે સર્વ લોકો તેને જુએ છે. પછી તે રત્ન માગધતી તરફ ચાલવા માંડે તે વખતે હાથી ઉપર આરૂઢ થયેલો. ચતુરં સેનાથી સજ્જ બનેલો સમયજ્ઞ ચક્રી, શુભ શુકનો મંગલ લઈને તેની પછવાડે ચાલે, માર્ગમાં આવતા અને દેશ-નગરો, રાજાઓને જીતતો તે ચક્રીનું ચક્રરત્ન પ્રયાણ દિવસે ગંગા નદીના દક્ષિણ કિનારે, પ્રમાણાંગુલીય ૧ યોજન (૪૦૦ ગાઉ) ચાલીને વિજય કરવાની સ્થાન સૂચના કર ત્યાં જ સ્થિર રહે. તેથી તેટલું મહાપ્રયાણ પણ મહાસૈન્યને સુખરૂપ રહે, પછી માગધતીર્થ સમીપે આવી ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી છાવણીનો પડાવ નંખાય, પછી ચક્રીહસ્તિ ઉપરથી ઉતરી, વાર્ધકી નામના પુરુષ રત્નને મહાઅદ્દભુત પૌષધશાળા બનાવવાનો આદેશ કરી તે શાળ તૈયાર થયે ચક્રી અંદર જઈ માગધકુમારની આરાધના નિમિત્તે અટ્ઠમ તપ કરી સ્મરણ કરે. પછી ચોથે દિવસે લવણ સમુદ્રના કિનારેથી બાર યોજન દૂર આવેલા તે માગધતીર્થને સાધવ સ્વરથને રથની નાભિ પ્રમાણ જળમાં ઉતારી વૈશાખ સંસ્થાને ઉભો રહી, બાણની સ્તુતિ કરી જયને ઇચ્છતો ચક્રી સ્વનામથી અંકિત બાણ છોડે, તે દિવ્ય નાટારંભોને જોઈ રહેલા માગધકુમારની સભામાં જઈને એકાએક પડે, પછી એકાએક શત્રુનું બાણ પડવાથી મગધેશ બહુ કોપાયમાન થતો અનેક કુવચનો કાઢે, પરંતુ નિર્ણય માટે બાણને લેતા ચક્રીનું નામ વાંચી તરત જ શાન્ત થઈ ચક્રી ઉત્પન્ન થઈ ગયા છે' માટે હવે તાબે થવું જોઈએ એવો વિચાર કરી ચક્રી પાસે આવીને અનેક ઉત્તમ ભેટણાં સ્વભૂમિનું જલ-માટી આદિ ભેટણું કરી ચક્રીની આજ્ઞાને સ્વીકારે, પછી ચક્રી પારણું કરીને જયની ખુશાલીમાં ત્યાં અષ્ટાહિનકા મહોત્સવ કરાવે બાદ માગધતીર્થવત્ અટ્ઠમાદિક તપ કરવા પૂર્વક વરદાન પ્રભાસ તીર્થોને જીતે ત્યાં પણ તત્રવર્તી દેવોનું ભેટણાં લઈ આવવું, આજ્ઞા સ્વીકાર, ચક્રીતપ, પારણું અને મહોત્સવ આ વ્યવસ્થા પૂર્વવત્ સમજી લેવી. પછી ચક્રી અટ્ઠમતપ કરી બાણ મૂકયા વિના આસન કંપાવવા પૂર્વક સિન્ધુનદીની અધિષ્ઠાત્રી સિન્ધુદેવીને જીતે. ત્યાં પણ ભેટણું, આજ્ઞા સ્વીકાર, ચક્રીતપ, પારણુ, મહોત્સવ ઇત્યાદિ સમજી લેવું

— ક્રમશ:

# સમક્તિના સડસઠ બોલની વિચારણા

—પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિ. મ.

હપ્તો - ૭

**(૪) જીવ કર્મનો ભોક્તા છે :** જીવે પોતે જ જે જે શુભાશુભ - પુણ્ય - પાપ - કર્મો ઉપાર્જેલા - બાંધેલાં હોય તેના સુખ-દુ:ખરૂપ ફળ પણ પોતે જ ભોગવે છે. કેમ કે કહ્યું છે કે-કરોડો કલ્પો-વર્ષો વડે પણ ભોગવ્યા વિના કર્મ ક્ષય-નાશ પામતા નથી. માટે પોતે કરેલા શુભાશુભ કર્મ ભોગવવા જ પડે છે. સર્વ કર્મ જીવ પ્રદેશ રૂપે તો ભોગવે જ છે પણ અનુભવ એટલે રસથી ભજના છે એટલે ભોગવે પણ ખરો અને ન પણ ભોગવે.

વળી જીવ પોતાના જ કર્મ ભોગવે છે પણ બીજાના નહિ. જો આમ માનવામાં આવે કે બીજાના પણ કર્મ ભોગવે છે તો એક જણ જમે તો આખા જગતને તૃપ્તિ થઇ જાય પણ તેવું દેખાતું નથી. માટે નક્કી થયું કે - જીવ પોતે જ કરેલાં-બાંધેલાં કર્મ ભોગવે છે પણ બીજાના નહિ જ. આગમમાં પણ કહેવાયું છે કે- **"जवे णं भन्ते ! किं अत्तकडे दुक्खे परकडे दुक्खे तदुभयकडेदुक्खे ? गोयमा ! अत्तकडे दुक्खे नो परकडे दुक्ख नो तदुभयक डे दुक्खे".**

અર્થાત્ - "હે ભગવંત ! જીવ પોતે જ કરેલાં કર્મથી દુ:ખ ભોગવે કે બીજાએ કરેલાં કર્મ દુ:ખ ભોગવે કે સ્વપર ઉભયે કરેલાં કર્મથી દુ:ખ ભોગવે ?

હે ગૌતમ ! જીવ પોતે જ કરેલાં કર્મથી દુ:ખ ભોગવે છે પણ બીજાએ કરેલાં કે સ્વ-પર ઉભયે કરેલાં કર્મથી દુ:ખ ભોગવતો નથી."

જો આ પ્રમાણે હોય તો નહિ કરેલાં કર્મોનો ભોગ થાય કે ન થાય આવી શંકાના સમાધાનમાં કહ્યું છે કે-જીવે પોતે નહિ બાંધેલાં કર્મોનો ભોગવતો નથી કેમ કે નહિ કરેલી વસ્તુનો શશશ્રૃંગની જેમ સર્વથા અભાવ હોય છે.

શ્રી સિદ્ધભગવંતોને કર્મબંધનો સર્વથા અભાવ હોવાથી કર્મજન્ય સુખ-દુ:ખ હોતા નથી પણ તેઓ તો પોતાના ક્ષાયિક ભાવના આત્માના ગુણોને ભોગવે છે. માટે જ કહેવાયું કે-વ્યવહારથી જીવ સ્વકૃત કર્મથી પ્રાપ્ત પુણ્ય - પાપના ફલ સ્વરૂપ સુખ અને દુ:ખનો ભોક્તા છે. અને નિશ્ચયથી પોતાના આત્મગુણોનો ભોક્તા છે.

***(૫) આત્માનો મોક્ષ છે :*** દુ:ખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને આવ્યા પછી ક્યારે નાશ ન પામે તેવું જે સુખ તે આત્માનું સાચું અને વાસ્તવિક સુખ છે. આવું સુખ તે સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આ સંસાર તો ઉપાધિનું ઘર છે અને તે ઉપાધિમાંથી આધિ અને વ્યાધિ જન્મે છે. શરીરના રોગ તે વ્યાધિ કહેવાય અને મનના રોગ-પીડા તે આધિ કહેવાય. આ બન્નેના અભાવથી જન્ય જે સુખ તે જ વાસ્તવિક સાચું સુખ છે. શરીર છે માટે જ ખાવું-પીવું, પહેરવું-ઓઢવું આદિ છે. શરીર છે માટે જરૂર છે. મોક્ષમાં શરીર નથી માટે ખાવા - પીવાદિની જરૂર નથી. કોઇ ઉપાધિ નથી. જીવવાનું સદા અને જીવવા કોઇ ચીજની જરૂર નથી અને સંસારમાં જીવવાનું થોડો કાળ અને ઉપાધિનો પાર નહિ, જરૂરિયાતનો પાર નહિ. સંસારમાં જેમ સુખનો પ્રકર્ષ દેખાય છે તેમ આત્માના સુખનો પણ પ્રકર્ષ હોવો જ જોઇએ અને તેનું નામ જ મોક્ષ છે.

આત્મા સત્ છે તેમ મોક્ષ પણ સત્ પદ છે અને જે સત્ પદ હોય તે વિદ્યમાન હોય જ. માટે સત્ એવા જીવનો રાગ, દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા, રોગ આદિ દુ:ખોના ક્ષય-નાશ રૂપ જીવની અવસ્થા વિશેષ તેનું નામ મોક્ષ છે.

'મુચ્' ધાતુ મૂકાવા અર્થમાં અભિપ્રેત છે. તેથી કર્મનાં બંધનોમાંથી સર્વથા મૂકાવું તેનું નામ મોક્ષ છે.

બૌદ્ધો દિવાના બૂઝાવા - ઓલવાવા રૂપ જીવના - અભાવ સ્વરૂપ નિર્વાણ એટલે મોક્ષને કહે છે. અર્થાત્ દિવાની જ્યોતની જેમ જીવના સર્વથા નાશને જ મોક્ષ કહે છે. "જેમ દિવો બૂઝાઇ ગયા પછી પૃથ્વીમાં જતો નથી આકાશમાં જતો નથી, કોઇ દિશા કે વિદિશામાં પણ જતો નથી પણ તેલનો ક્ષય થવાથી કેવલ શાંતિને પામે છે. તેમ મોક્ષ પામેલ જીવ પણ પૃથ્વીમાં, આકાશમાં કે કોઇ દિશા કે વિદિશામાં પણ જતો નથી. પરંતુ કલેશ નાશ થવાથી ફક્ત શાંતિને પામે છે."

આ ાત માત્ર ભ્રાંતિ પેદા કરનાર છે અને દિવાનું દૃષ્ટાન્ત પા  અસિદ્ધ છે. કારણ કે દિવાની જ્યોતનો સર્વથા વિનાશ નથ . પરંતુ પુદ્ગલોની તેવા પ્રકારની પરિણમનની વિચિત્રતા ા કારણે જ તે જ્યોત-અગ્નિના પુદ્ગલો જે પ્રકાશરૂપ  ઽતા તે અંધકારરૂપને પામે છે. તથા દિવો ઓલવવા ા સાથે જ અંધકારના પુદ્ગલરૂપ વિકાર પેદા થાય છે તેથ  તે દીર્ઘકાળ દેખાતો નથી. અંજનના રજની જેમ આ અં ધકાર સૂક્ષ્મ-સૂક્ષ્મતર પરિણામ સ્વરૂપ હોવાથી પવનવડે ઉ ાણ કરાતી અંજન- મેશની જે કાળી રજ ઉડે છે, તે અભ  વથી નહિ પણ સૂક્ષ્મ પરિણામરૂપ હોવાથી દેખાતી ન ી. તેમ કર્મરહિત એવો જીવ પણ અમૂર્ત આત્મસ્વરૂ ા અન્ય પરિણામને પામીને નિર્વાણ પામ્યો કહેવાય છે. એટલે વિદ્યમાન જીવની દુઃખના ક્ષય સ્વરૂપ જીવની જે ાવસ્થા તે જ નિર્વાણ છે એમ સિદ્ધ થાય છે.

મોક્ષ ાં શુદ્ધ સ્વરૂપને પામેલા જીવનું જે સુખ છે તે જ સાચું, વ સ્તવિક છે, અચલ અને અનંત છે. અનુપમ છે. દુનિયા ાં શેરડી, દૂધ, ગોળ આદિની મીઠાશમાં જે ફેર છે તેના કરત પણ મોક્ષનું સુખ વચનાતીત છે. ખુદ શ્રી કેવલી ભગવંતો પ ણ 'મૂક ગુડને ન્યાય' તેનું વર્ણન કરવા સમર્થ નથી. જંગલ માંથી નગરમાં જઈ નગરના સુખોને વાણીથી વર્ણવવા જે ા ભીલ સમર્થ થતો નથી તેવું તે સુખ છે.

શરીર વિના ત્યાં ક્યા પ્રકારનું સુખ હોય ? જ્યાં ખાવા, પીવા, પહે વા, ઓઢવા, મોજમજાદિના સાધનો નથી, મોટી મહેલાતો કે બાગબગીચા નથી ત્યાં સુખ કઈ રીતના હોય આવી શંકાના સમાધાનમાં જ્ઞાનિઓ જણાવે છે કે- ''લોકમાં પાંચે ઈન્દ્રિયોના અનુકૂલ વિષયોય ભોગમાં, વેદનાના અભાવમાં, પુણ્યકર્મના વિપાકમાં અને મોક્ષમાં એમ ચાર અર્થોમાં, પદાર્થોમાં સુખ શબ્દ વપરાય છે. અનુકૂળ સાંભળવા, જોવા, સુંઘવા, ખાવા, સ્પર્શવા મળે તો હું ઘણો સુખી છું, દુઃખના અભાવમાં પણ હું સુખી છું, પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત ઈન્દ્રિયજન્ય અનુકૂળતાથી હું સુખી છું, શિયાળામાં અગ્નિ અને ઉનાળામાં શીતલ વાયુ સુખકારી લાગે છે તેમ કર્મજન્યકલેશોના નાશથી પણ મોક્ષમાં અનુપમ સુખ છે - તે સમજાય છે. જે સ્થાન ઉપાધિ-ઉપદ્રવોથી રહિત હોવાથી એકાન્તે કલ્યાણકારી છે. બધા દેવલોકના ત્રણે કાલ સંબંધી બધા જ દેવોના બધા જ સુખો ભેગા કરવામાં આવે તેના કરતાં પણ અનંતગણું સુખ મોક્ષમાં છે.

શરીરધારી એવા આપણને શરીરમાં રોગાદિનો અભાવ હોય અને આપણું મન ટેન્શન-ચિંતાથી સર્વથા મુક્ત હોય તો આપણને જે સુખનો અનુભવ થાય છે તો શરીરનો જ અભાવ હોય, શરીર જન્ય કલેશમાત્રનો અભાવ હોય અને માત્ર આત્મગુણોમાં રમણતા હોય તો કેવા અનુપમ સુખનો અનુભવ થાય. વિચારક આત્મા શાંતચિત્તે વિચારે તો પણ તેની બુદ્ધિમાં આ વાત સહજ બેસે તેવી છે. કર્મજન્યકલેશ માત્રનો અભાવ તેવું જે સ્થાન તેનું નામ જ મોક્ષ છે.

— ક્રમશઃ

## સુવાક્યો....

- ❖ દીવ ા દિવેટ સાથે અગ્નિનો સંયોગ એ પ્રકાશ આપે છે. અને ઠંડક આપે છે. તેમ પાણી સાથે વર્તન આ ડિ જાય તો પ્રકાશ અને ઠંડક આપે. પાણી ઠંડક અને આચરણ પ્રકાશ. દર્શન ઘી છે તપ એ અગ્નિ છે. ંચપરમેષ્ઠિ એ કોડિયું છે.
- ❖ અ િહંત પરમાત્માનો સ્નેહ. સિદ્ધ ભગવંતોનું સૌજન્ય, આચાર્ય ભગવંતોનો સદાચાર, ઉપાધ્યાય ભગ વંતની સાદાઈ અને સાધુ ભગવંતોનો સેવાગુણ શ્રી જિનશાસનની નોખી-અનોખી-ગુણ સંપત્તિની અદ ભૂત ખાણ છે.
- ❖ તોત ડી જીભ બીજાને નુકશાન કરી શકતી નથી. પરંતુ તોછડી જીભ બીજાને નુકશાન કર્યા વગર રહેતી નથી.
- ❖ સમ્ યકદર્શન-જ્ઞાન ચારિત્ર-તપ-વીર્ય અનુક્રમે રહસ્ય-જતન-વર્તન-જિનાજ્ઞા પાલનહારને સહ ાનંદ.

# ઋણાનુબંધ

* રમણલાલ સોની *

**હપ્તો ૨જો....**

આ સાંભળી પાંડુ શેઠને હસવું આવ્યું.

સાધુએ કહ્યું: 'હસવું આવે એવી જ વાત છે, શેઠ! જંગલી લૂંટારાઓની આગળ શ્લોકો ઝાપટવાથી શો દહાડો વળે ? એ લોકો પંડિતની બોલીમાં સમજ્યા નહિ, ત્યારે કહે, આની બોલી તો કંઇ સમજાતી નથી, પણ એના ગળામાં જોર ઝાઝું છે. માટે એને છૂટો મેલવામાં સાર નથી. એટલે ભાઇ, લૂંટારા તો વળગ્યા. પછેડીએ પંડિતના હાથપગ બાંધી એઓ એને પોતાની સાથે ઉપાડી ગયા અને દૂર દૂર જંગલમાં લઇ ગયા. ત્યાં એક મોટું સરોવર હતું. સરોવરની વચમાં એક ઉજ્જડ બેટ હતો. એ બેટ પર તેમણે પંડિતને એકલો મૂકી દીધો. કહે : 'અહીં પડ્યો પડ્યો દેખાડજે તારા ગળામાં જેટલું હોય એટલું જોર !'

લૂંટારાઓ જતા રહ્યા પછી પંડિત એકલો ઉજ્જડ બેટમાં ગાંડાની પેઠે દોટમદોટા કરવા લાગ્યો, પણ ક્યાંયે એને વિસામો ખાવા જેટલીયે જગા જડી નહિ. બપોર થતાં એને ભૂખ લાગી, પણ ખાવું શું ? ઘણું રખડ્યો, પણ બેટમાં ક્યાંય કશું ખાવાનું મળ્યું નહિ. સરોવર તરીને સામે પાર જવાય તો કંઇક પત્તો લાગે. હવે પંડિતને ખબર પડી કે પોતાને તરતાં આવડતું નથી ! દુનિયાની બધી વિદ્યામાં એ પારંગત થયો હતો, પણ તરવાની વિદ્યામાં તો હજી એ આ પાર રહી ગયો હતો, હજી એણે એમાં ચાંચ પણ બોળી નહોતી ! ઢગલો વિદ્યાઓ ભણેલો એ પંડિત એ ઉજ્જડ બેટમાં માથે હાથ દઇને રોવા બેઠો. હવે એ બોલ્યો : 'હું પંડિત નથી, હું પારંગત નથી, હું સર્વજ્ઞ નથી; અરે, હું કશુંયે નથી !'

દૃષ્ટાન્ત સાંભળી પાંડુ શેઠ વિચારમાં પડી ગયા.

સાધુએ વાત પૂરી કરતાં કહ્યું : 'માટે કહ્યું છે, શેઠ, કે હું આમ છું ને હું તેમ છું એવો ગર્વ કરવો ખોટો છે. ખરું પૂછો તો હું કશુંયે નથી !'

આમ કહી સાધુએ મંદમંદ હસવા માંડ્યું.

આખે રસ્તે સાધુએ શેઠને આવાં તો કંઇ કંઇ દૃષ્ટાંતો કહી સંભળાવ્યાં. શેઠ માથું ધુણાવતા એ બધું સાંભળી રહ્યા.

એટલામાં એક સાંકડી નાળ આવી. બે બાજુ ઊભા ડુંગર અને વચમાં થઇને સાંકડો રસ્તો જતો હતો. સામેથી હજાર માણસની ફોજ આવતી હોય તો પણ એક મરણિયો આ નાળના મોં આગળ ઊભો રહીને એના ધસારાને ખાળી શકે.

રથ નાળમાં દાખલ થયો અને અધવચ્ચ પહોંચ્યો. ત્યાં આગળ એક ગાડું અટકી પડેલું દેખાયું. ગાડામાં ચોખાની ગૂણો ભરેલી હતી. ગાડાનું પૈડું બાજુના ઊંડા ચીલામાં ફસાઇ ગયું હતું. ગાડાની બાજુમાં થઇને રથ લઇ જઇ શકાય તેટલી જગા નહોતી. ગાડું જો ખસે તો જ જગ્યા થાય !

ગાડાવાળો ગાડાના પૈડાને ઊંચું કરવા બહુ મહેનત કરતો હતો, પણ ચોખાના ભારને લીધે ગાડું ચસકતું નહોતું.

એટલામાં ગાડાવાળાએ શેઠને આજીજી કરી: 'શેઠ, મારે વહેલું વહેલું કાશી પહોંચવાનું છે. પણ ગાડું ફસાઇ ગયું છે. વળી ગાડામાં ભાર જરી વધારે છે પણ આપનો સારથિ જો મને થોડો ટેકો કરે તો હમણાં પૈડું બહાર નીકળી જાય !'

આ સાંભળતાં જ શેઠનો મિજાજ ગયો.

તે બોલ્યા: 'ગાડામાં ભાર વધારે છે તો ઓછો કરી નાખ ! બેટા હરામખોરો બમણો તમણો માલ ભરીને બળદને મારી નાખે છે ! બાપડા મૂંગા પ્રાણીની તો જરી દયા રાખો ! આવા ઘાતકીઓને તો શૂળીએ ચડાવવા જોઇએ !'

પછી તેમણે પોતાના સારથિને હુકમ કર્યો: 'મહાદત્ત, પાડી નાખ કોથળા અને ધકેલી કાઢ ગાડું ! મારે ક્યાં લગી આમ ઊભા રહેવું ? હું તે શું કંઇ એનો નોકર બોકર છું ?'

ગાડાવાળો આજીજી કરતો રહ્યો, ને મહાદત્તે ઊતરી ચોખાની ગૂણો ગાડામાંથી ધકેલીને નીચે ફેંકી દીધી. પછી ગાડું બાજુ પર હડસેલી દઇ તેણે રથને જોરથી હાંકી મેલ્યો.

ગાડાવાળો હતાશ બની માથે હાથ દઇ નીચે બેસી પડ્યો.

રથ ચાલ્યો કે પેલા સાધુએ કહ્યું: 'શેઠ, હું અહીં ઊતરી

જાઉં છું. મને લાગે છે કે મારા પર ચડેલું તમારું ૠણ વાળવાનો અત્યારે સમય આવ્યો છે.'

શેઠે નવાઈ પામી કહ્યું: 'મારું ૠણ વાળવાનો એટલામાં સમય પણ આવી ગયો ? રે, પહેલાં ૠણ તો ચડવા દો !'

સાધુએ કહ્યું: 'ૠણ તો ઘણું ચડ્યું છે, શેઠ! આટલુંયે વાળી શકું તો ભગવાનની દયા !'

આમ કહી સાધુ રથમાંથી નીચે ઊતરી પડ્યો ને પેલા ગાડા ભણી ચાલ્યો.

એ જોઈ નવાઈ પામી શેઠે કહ્યું: 'આમ ક્યાં ચાલ્યા ?'

'તમારું ૠણ વાળવા !'

'મારું ૠણ વાળવા ? અને તે આમ ? આ તરફ ?'

સાધુએ કહ્યું: 'હા, આ ગરીબ ગાડાવાળાને મદદ કરી હું તમારું ૠણ વાળીશ !'

શેઠે કહ્યું: 'તમે ગાડાવાળાને મદદ કરો તો ગાડાવાળાનું ૠણ ઊતરે, મારું કેવી રીતે ઊતરે ?

સાધુએ કહ્યું: 'ધરતી પરથી તીર આકાશ તરફ જતું દેખાય છે, પણ પછી એ ધરતી પર જ ઊતરે છે ! તેમ હું તમારી પાસેથી જાઉં છું ગાડાવાળાને મદદ કરવા, પણ એમ કરી હું તમને જ મદદ કરું છું. એથી તમારું ૠણ ઓછું થશે !'

'એ કેવી રીતે બને ?' શેઠે પૂછયું.

'એ જ બને ! કારણ કે એ ગાડાવાળો તમારો સંબંધી છે. તમારા નસીબની સાથે એનું નસીબ જોડાયેલું છે! તમારો ડગલો ને એનો ડગલો એક જ દરજીએ વેતરેલો ને સીવેલો છે !'

'ડગલો ? ડગલો વળી ક્યો ?' શેઠે પોતાનાં કપડાં સામે જોઈ કહ્યું.

સાધુએ કહ્યું: 'ડગલો જ તો ! આપણું આ શરીર એક ડગલો જ છે ને ? શરીર પણ ડગલો, મન પણ ડગલો અને બુદ્ધિ પણ ડગલો ! અને એ ડગલાને પહેરનારો તે આપણો જીવ. આપણે જેવા વિચારો કરીએ તેવાં આપણાં મન બુદ્ધિ થાય, જેવાં કર્મ કરીએ તેવું આપણું શરીર થાય ! એટલે આપણા વિચારો અને આપણાં કર્મ તે આપણો દરજી અને દરજીએ વેતરેલો અને સીવેલો ડગલો તે આપણું શરીર અને મન !'

પાંડુ શેઠ સાંભળી રહ્યા; આગળ વાત કરવા થોભ્યા વગર હવે તેમણે રથ જોરથી હાંકડવા સારથિને કહ્યું.

❖

ગાડાવાળો મૂઢ બની ગયો હતો.

આજે સાંજ પહેલાં તેણે ચોખા કાશી પહોંચાડવાના હતા. પણ હવે શું થાય ?

ચોખાની આવી ભારે ગૂણો એકલે હાથે ગાડામાં ચડાવવાનું અશક્ય હતું. તેથી તે ચિંતામાં બાવરો બની ગયો હતો.

એવામાં સાધુએ તેની પાસે આવી કહ્યું: 'ચાલ રે, આપણે કોથળા ચડાવી દઈએ !'

આ લાગણીભરી વાણી સાંભળી ગાડાવાળાની આંખમાં આસું આવી ગયા. તેણે કહ્યું : 'મહારાજ, આ પૈસાદારો કેવા દુષ્ટ હોય છે ! તેમનામાં દયાનો કે લાગણીનો છાંટોયે હોતો નથી ! ધરતી પર તો જાણે એમનો પગ ઠરતો જ નથી. તમે જ કહો, આ શેઠનું મેં શું બગાડ્યું હતું કે તેણે મારા કોથળા આમ ફેંકી દેવડાવ્યા ?

સાધુએ કહ્યું: 'ભાઈ, પૈસો એવી ચીજ છે ! માણસને દારૂનો નશો ન ચડે એવું કદાચ બને, પણ ધનનો નશો ચડ્યા વિના રહેતો નથી. એવા ધનમાં વળી અજ્ઞાન ભળે તો શું બાકી રહે ? તું જ વિચારી જો તો ! તું જો આ શેઠની જગ્યાએ આમ રથમાં જતો હોય અને કોઈ ગરીબનું ગાડુ તારો રસ્તો રોકી ઊભું હોય તો તને ગુસ્સો ચડે કે નહિ ?'

ગાડાવાળો વિચારમાં પડ્યો.

તેને હવે યાદ આવ્યું કે પોતે ખાધેપીધે અને પહેરવે ઓઢવે સુખી હતો ને સારું રળતો કમાતો હતો, તેનો તેને મનમાં કેવો ફાંકો હતો ! બીજા પોતાના કરતાં ઓછા ભાગ્યશાળી માણસોને તે મૂરખ સમજતો હતો અને તેમને કંઈ હિસાબમાં જ ગણતો નહોતો ! એકવાર એના નાના ભાઈએ એની સલાહ ન માની, એટલામાં તો એ એના પર તપી ગયો હતો ! એણે એના કેવા ઊધડા લઈ નાંખ્યા હતા.

તે મનમાં બોલ્યો : 'આ શેઠનું પણ એવું જ હતું તો હું જેમ મારા મનમાં નાના ભાઈની આગળ રૂઆબ કરું છું તેમ આ શેઠ મારી આગળ રૂઆબ કરે છે ! બેઉ સરખા !'

ગાડાવાળાને પોતાનો દોષ સમજાયો. તેણે હાથ જોડી કહ્યું: 'મહારાજ, તમારું કહેવું સાચું છે. હુંયે શેઠની જગ્યાએ હોઉં તો આવું જ કરું ! - હુંયે મૂર્ખ છું, અભિમાની છું ! પણ આજથી નિશ્ચય કરું છું કે હવે પછી કદી કોઈને દુઃખ થાય એવું નહિ કરું !'

— ક્રમશઃ

# ઉત્સૂત્ર ભાષણ કિશ્યો

અરે ! ભગવાન જિનેન્દ્રદેવના ધર્મની લોકમાં હીલના આપણાથી થાય, શ્રી તીર્થંકરદેવની આશાતના થાય એવું એક પણ વચન આપણાથી બોલાય ખરું ? સુગુરુદેવની અહેલના થાય તેવી વાણીનું ઉચ્ચારણ થાય ખરું ?

જો કદાચ થઇ જાય તો આત્માને ઘોર દુર્ગતિમાં જવું પડે. અસાર એવો સંસાર અપાર વધી જાય અને અનેક ભવો પર્યંત તે પાપના કડવા ફળ ભોગવવા પડે છે.

આજની કેળવણીના પાપે આપણે ત્યાં આવી પડેલા નિરંકુશ વાણીના સ્વાતંત્ર્યને આપણે મઝેથી આવકાર્યું છે. દેવ-ગુરુ અને ધર્મની નિંદા કરતાં આપણને જરાપણ પાપનો ડર લાગતો નથી. યદા તદા વાણીનો પ્રલય કરતા આપણે સૌ ભૂલી જઇએ છીએ કે કેવા કિલષ્ટ કર્મો બંધાશે ? આવો વિચાર પણ આજે આપણા મગજમાંથી વિદાય લઇ રહ્યો છે.

શ્રી જિનધર્મની હીલના કરતું એક વાકય બોલવા માત્રથી કેવા કેવા ઘોરાતિઘોર પાપ બંધાય છે તેને જાણવા માટે એક શ્રમણીની કથા આપણે માટે બસ છે.

આપણે જો સાવધાન થવા માગતા હોઈએ તો આપણી આંખ (અંતર ચક્ષુ) ઉઘાડવા માટે આ કથા પૂરતી છે.

એક મુનિનો વિશાળ વડલો હતો. તેમાં નાની મોટી પાંચસો ડાળીઓ હતી અને લગભગ હજારેક જેટલી વડવાઇઓ હતી.

એટલે, તે સમુદાયમાં પાંચશો મુનિવરો હતા અને તે અધિપતિની નીશ્રામાં વર્તનાર એક હજાર સાધ્વીજીઓ હતા.

મુનિ સમુદાય ગામોગામ વિચરી સુંદર શાસન પ્રભાવના કરતો હતો. અનેકના હૃદયમાં ધર્મ-બીજ સ્થાપન કરતા હતા. અશક્ત હોવાથી એક સ્થળે સ્થિર રહેવાની જરૂર પડતી ન હતી.

જ્યારે હજાર શ્રમણી સમુદાયની મધ્યમાં કેટલાંક સાધ્વીજીઓ વૃદ્ધાવસ્થાને પામ્યા હતાં. તો કેટલાંક વળી પડિત હોવાથી વિહાર કરી શકે તેમ ન હોવાથી એક નગરમાં સ્થિરવાસ કરીને રહ્યા હતા.

તે શ્રમણી સમુદાયની અંદર એક ''રજ્જા નામની સાધ્વીજી હતા. તેમનો દેહ દુર્ગંધ મારી રહ્યો હતો, શરીર ગળના કોઢના વ્યાધિથી વીંટાયેલું હતું. તેઓ એનો ચેપ કોઇને લાગી ન જાય તે માટે તેઓ ગુરુની આજ્ઞાથી ભિન્ન ઉપાશ્રયે રહ્યા હતા. સમયે સમયે શુશ્રુષા થઇ જતી હતી.

પાંજરામાં પુરાયેલું પંખી, જેલમાં પુરાયેલો માનવી જેમ કંટાળી જાય તેમ આ એકલા સાધ્વીજી ક્યારે કંટાળી જતા હતા. ક્યારેક ક્યારેક બીજા સાધ્વીજીઓ આવે ને કાંઇક સાત્વન આપી જતા.

એક દિવસ ''રજ્જા'' સાધ્વીજી અન્ય સાધ્વીજીના ઉપાશ્રયે જઇ ચઢયા. વડીલોને વંદન-સુખશાતાદિ પૂછી યોગ્ય સ્થાને આસન જમાવ્યું. આવનાર રજ્જા સાધ્વીજી મહેમાન બની બેઠા. વૃદ્ધ તો હતા સાથે ગ્લાન પણ હતા. આ જોઇ સ્હેજ સ્વભાવિક તેમના પ્રત્યે સૌની લાગણી ખેંચાઇ આવી.

અન્ય સાધ્વીજીઓ ટોળે વળી સુખશાત પૂછવા લાગી. વળી એકે પૂછ્યું, ''ભગવતી, જુઓને ! તમારુ શરીર કેવું થઇ ગયું છે ? આમ કેમ બન્યું ? શું કાંઇ અપથ્યનું સેવન કર્યું હતું કે શું ?

કંટાળેલા રજ્જા સાધ્વીજીએ વાક્-અગ્નિ ફેંક્યો, ''અરે ! શું કહું ? આ ગરમ કરેલું જે પાણી આપણે પીએ છીએ તેનાથી મારું શરીર આવું થઇ ગયું છે.''

બસ ! ઉત્સૂત્ર ભાષણ થઇ ગયું. માનવીને શું બોલવું ને શું ન બોલવું તેનો તો વિવેક હોવો જોઇએ. વિચાર કરીને બોલનારો માનવી પાછળથી પસ્તાતો નથી. જેમ તેમ લવારો કરનાર માનવીની કંઇ કિંમત અંકાતી નથી. શું બોલવાથી સંસાર વધે ને શું બોલવાથી સંસાર ઘટે તેનો ખ્યાલ સૌને હોવો જોઇએ. બોલવાનો વિવેક રાખવાથી આત્માની દુર્ગતિ દુર્લભ બની ઉઠે છે.

ઉચ્ચારણ કરતી વખતે રજ્જા સાધ્વીને લેશમાત્ર પણ ખ્યાલ ન હતો કે, આ બોલવાથી મારો અનંત સંસાર વધી જશે. લાંબાકાળ સુધી મારે આ સંસારમાં ખૂંચાવવું પડશે.

તીરમાંથી છુટેલું બાણ પાછું વાળી શકાતું નથી તેમ

મુખમાંથી છુટેલી વાણીને પાછી તોળી શકાતી નથી.

મુખમાંથી છુટેલું વચન સાંભળી અન્ય સાધ્વીજીઓ કંપી ઉઠી તેમનું મન ચગડોળે ચઢ્યું.

અરે ! ઉકાળેલું પાણી પીવાથી આવું થાય છે. અંતે અમારી પણ આવી દશા થશે ? ત્યારે શું અમારે પણ સચિત જળનો ઉપયોગ કરવો હિતાવહ છે ?

બસ ! ચિત્તમાં ચિંતા પેઠી સ્થિર ચિત્તનું તંત્ર ખોરવાઈ ગયું. વિચારોના વમળોએ ચિત્ત તંત્રને વ્યગ્ર બનાવી દીધું

પરંતુ...

તે સાધ્વીજીઓની મધ્યે એક વિચારવંત સાધ્વીજી હતા. હતા ઉંમરલાયક સાથે જ્ઞાની અને અનુભવી હતા. નવું નવું જ્ઞાન ભણવાની, ગણવાની તાલાવેલી ઘણી હતી. કર્મ સામે સિંહની ફાળ ભરતી તે સાધ્વીજી કાંઇક વિચારે ચઢી ગયા.

અરે ! રજ્જા સાધ્વીજી બોલ્યા તે બરાબર છે ? આ વચનો શું યુક્તિયુક્ત છે ? ના ! ના ! લેશ માત્ર પણ નહિ.

કારણ કે સર્વ વસ્તુઓના સર્વ ભાવોને સદાકાળ જાણનારા તીર્થંકરો આવો ઉપદેશ આપે ખરાં ? પરહિતમાં સદા તત્પર રહેનાર જેમના રાગ-દ્વેષ જડમૂળથી ઉખડી ગયા છે એવા તીર્થંકરો આ લોકમાં નુકશાન કરે અથવા પરલોકમાં નુકશાન કરે તેવી ક્રિયાનો ઉપદેશ ન જ કરે.

જો રજ્જા સાધ્વીજીનું વિધાન બરાબર હોય તો આપણા તારકો આવું વિધાન કરે ખરા ?

રજ્જા સાધ્વીજીનું વચન મિથ્યા છે. શ્રી તીર્થંકર ભગવંતોના સર્વજ્ઞપણા ઉપર આક્ષેપ કરનારો આ વાક્ય છે. ''તે સાંભળવું એ પણ પાપ છે.'' ''તે અંગે વિચારવું એ પણ મહાપાપને આપનારું છે.'' ''તેવા વચન ઉચ્ચારવાથી દુર્ગતિ સુલભ બને છે.''

આ રીતે તીર્થંકર ભગવંતોના ગુણોના સ્મરણમાં રમતા તે શ્રમણીનો સંવેગ ભાવ વૃદ્ધિ પામવા લાગ્યો. ધ્યાનની ધારે ચઢતા તે સાધ્વીજીને અલ્પસમયમાં જ લોકાલોકના સર્વ વસ્તુઓના સર્વ ભાવોને સાક્ષાત્કાર કરાવતું કેવળજ્ઞાન પ્રગટી ઉઠ્યું.

જ્ઞાનના ઝળહળતા પ્રકાશથી તે સાધ્વીજીએ સર્વ વસ્તુઓની સ્થિતિ જાણી લીધી. એક પળમાં તો રજ્જા સાધ્વીજીના કુષ્ટરોગનું કારણ પણ જાણી લીધું. સર્વ શ્રમણી સમુદાયના મનના સંકલ્પો - વિકલ્પો વાંચી લીધા. સર્વ શ્રમણીઓ તે ઉત્સૂત્ર વાણી ઉપર ગાઢ કર્મો બાંધી ન લે માટે પરહિતની ચિંતા કરનાર આ કેવલજ્ઞાની શ્રમણીએ સિંહ ગર્જના કરી.

એકાએક ગર્જના થતાં સૌ ચોંકી ઉઠયા. કેમ શું થયું ? શા માટે એકાએક રાડ નાખી ? શા માટે પડકાર ફેંક્યો ? જ્ઞાની, અનુભવી અને વયોવૃદ્ધ સાધ્વીજી શું કાંઇ ખોટું બોલતાં હશે ? તેમણે પણ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે શાસ્ત્રમાં હશે માટે જ બોલતાં હશે ને ? શા માટે ખોટો પડકાર ફેંકીને વિખવાદ - વિટંબનાવાદ ઉભો કરો છો ? ન સાંભળવું હોય ને ન કરવું હોય તો એક ખૂણામાં બેસી જાય ને ? અમે તેમની સાથે ભળી જવાના ? આવો દુઃખદાયી રોગ અમે સહન ન કરી શકીએ ! અમે તો તેમના પલ્લામાં બેસી જવાના ! એકતા કરી લેવાના !

અરે ! શ્રમણીઓ મારી વાત કાન દઈને જરા સાંભળો ! વિચાર કરો ! પછી યોગ્ય લાગે તે કરવા અવશર લેજો.

શા માટે તમારા ચિત્તને ચગડોળે ચઢાવો છો ? કેવળજ્ઞાનથી હું સમગ્ર વસ્તુસ્થિતિને જાણી શકું છું. તમારા મનના ભાવ પણ હું સારી રીતે જાણી શકું છું. ક્યા કારણસર આવો રોગ ઉત્પન્ન થયો છે તે હું મારા જ્ઞાન વડે સ્પષ્ટ જાણી શકું છું તમે જે મનમાં વિચાર કર્યો કે ''શું અમારે સચિત્ત જળનો ઉપયોગ કરવો ?'' તેની તમે વહેલામાં વહેલી તકે આલોચના અને નિંદા કરી એનું પ્રાયશ્ચિત કરી લો.''

અને...

એ રજ્જા સાધ્વીજી, તમે પણ ધ્યાનપૂર્વક સાંભળો તમે જે ઉષ્ણ પાણીનો દોષ પ્રગટ કર્યો છે તે બરાબર નથી તે ઉત્સૂત્ર બોલવાથી તમે સર્વજ્ઞ ભગવંતોની આશાતાના કરી છે, તેથી તમે તો અનંતા ભવો પર્યન્ત સંસારચક્રમાં ભ્રમણ કરવાના છો.

તમને થયેલ કુષ્ઠ રોગનું કારણ સાંભળવું હોય તો સંભળાવું.

તો સંભળાવો. રજ્જા સાધ્વીજી રડતાં હૃદયે બોલ્યા.

લો ત્યારે સાંભળો, તમે ધનાવર વાણિયાના પુત્રનું મુળ કે જે લીટથી ખરડાયેલ હતું તેને સાફ કર્યું હતું ત્યારે

પછી તમે તમારા હાથ સચિત્ત જળથી ધોયા હતા. આ વસ્તુસ્થિતિ ત્યાં વિચરતા દેવતાએ જોઇ. તે તમારા પર કોપાયમાન થયો. આ જોઈ ધમધમી ગયેલો દેવતા મનોમન બોલી ઉઠ્યો, 'એ જિનશાસનની લઘુતા કરનારીઓ પાપિણી ! ત્વરા અનાચારનું ફળ હું તને પ્રત્યક્ષ બતાવું.એ પ્રમાણે વિચારી તેણે, તમે જ્યારે ભોજન કરતા હતા ત્યારે તમારા ભોજનમાં કુષ્ઠરોગ ઉત્પન્ન કરનાર ચૂર્ણ નાખી દીધું. તે આરોગી જવાથી તમારું શરીર રોગથી ઘેરાઈ ગયું. તમે રોગીષ્ઠ બન્યા, નહિં કે ઉકાળેલા ગરમ જલના પીવાથી.

આ સાંભળતાં જ સર્વે શ્રમણીઓની આંખો ચકરવકર ભમવા લાગી. કોઈકના આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યો. કરેલ ભૂલની નિંદા કરવા લાગ્યા. કેવળજ્ઞાની પાસે આલોચના કરી પ્રાયશ્ચિત સ્વીકાર્યું.

''ઉત્સૂત્ર બોલવાથી મારો અનતો સંસાર વધી ગયો છે,'' તે સાંભળી રજ્જા સાધ્વીજી કાંપવા લાગી. ધ્રુજતી એવી તે બોલી ઉઠી, હે ભંતે ! ''હું શુદ્ધ થઈ શકીશ.'' ? કેવળ ભગવંત બોલ્યા, જો તમે કોઈની પાસે પ્રાયશ્ચિત ગ્રહણ કરો તો કદાચ તમે શુદ્ધ થઈ શકો છો ?

રજ્જા સાધ્વીજીએ કહ્યું કે, ભગવંત ! આપ કેવળી છો. આપ જ આનું પ્રાયશ્ચિત આપો. આપના સિવાય અન્ય કોણ પ્રાયશ્ચિત આપવા સમર્થ છે ?

ઉત્સૂત્ર ભાષણ થઈ તો ગયું પરંતુ સાચી સમજણ મળતાં પોતાના ઘરમાં આવી ગયા. અત્યારે વખત આખો જુદો છે. કદાચ કોઈ સત્ય વાત જાહેર પણ કરે તો તેને સ્વીકારવા કેટલા તૈયાર થાય ? ઉપરથી તર્ક - વિતર્ક કરીને પોતાના ઉત્સૂત્ર ભાષણને વધુને વધુ પુષ્ઠ બનાવે. અત્યારે ઉત્સૂત્ર ભાષણ, ઉત્સૂત્ર ભાષણ તરીકે લાગતું જ નથી. અમારો આટલા વર્ષનો અનુભવ અને કેટલાંય શાસ્ત્રોનું દોહન કર્યું ને અંતે અમે આ પ્રોત પ્રકાશ્યું છે. તેને કઈ રીતે ઉત્સૂત્ર ભાષણ કહેવાય. ખરેખર ! મીયાં પડયા ખરા પણ તંગડી તો ઉંચી ને ઉંચી જ રાખે તેવી સ્થિતિ આજે છે.

ક્ષણ માત્રમાં સઘળું જોનાર કેવળી સાધ્વીજી બોલ્યા, ''તમારે યોગ્ય કોઈ પ્રાયશ્ચિત મને દેખાતું હોય તો હું તમને આપી શકું, પરંતુ તમે જે પ્રકારના વચનો ઉચ્ચાર્યા છે અને તે દ્વારા શ્રી તીર્થંકર પરમાત્માઓની જે ઘોર આશાતના કરી છે. તેનાથી જે કર્મ ઉપાર્જન કર્યું છે તે પ્રાયશ્ચિતથી શુદ્ધ થનાર નથી. તે કર્મ તો તમારે અવશ્ય ભોગવવું જ પડશે. તેના સિવાય અન્ય કોઈ ઈલાજ નથી.

આ સાંભળી રજ્જા સાધ્વીજી રડી પડ્યા. અરેરે ! મેં સર્વજ્ઞ ભગવાનની વાણી જૂઠી પાડવાનો પ્રયત્ન કર્યો. ખરેખર ! મેં સર્વજ્ઞ ભગવાનને પ્રરૂપેલ વાણીની ઘોર આશાતના કરી. મારું શું થશે ? આવું બોલીને કેવા ભયંકર કર્મો મેં બાંધ્યા ? મારું શું થશે ? શું થશે ? તેમ બોલતા રજ્જા સાધ્વીજી ઉપાશ્રય છોડી ચાલી નીકળ્યા.

નાનકડું પણ આ દષ્ટાંત, શું આપણને જિનવચનથી જરાક જેટલું વિરુદ્ધ બોલતાં અટકાવશે ખરા ? શ્રી જિનેશ્વરદેવની આશાતના થાય તેવું એક માત્ર વચન ઉચ્ચારનાર આત્માની શું પરિસ્થિતિ થઈ તે તમે જોઈને ?

વર્તમાન યુગમાં શ્રદ્ધા - સમ્યક્ત્વના ડુંગરોને હચમચાવી નાખવાની જોરદાર પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલી રહી છે, વિજ્ઞાનના પ્રત્યક્ષ પ્રયોગોથી શ્રી જિનેશ્વરદેવનાં સર્વજ્ઞપણાને દર્શાવવાની જાણે હોડ ન જામી હોય તેવા યુગમાં પણ...

આપણાથી જાણે કે અજાણે એવી એક પણ વાતમાં સંમત્તિ ન દર્શાવાઈ જાય કે જે વાતથી શ્રી તીર્થંકરદેવોની આશાતના કરનારું ભયંકર પાપ આપણે માથે ચોંટી જાય.

તેની સતત જાગૃતી-ચીવટ રાખીને આપણે સમજી વિચારી, વિવેકપૂર્વક બોલવાનો સતત ખ્યાલ રાખીશું ને !

જાગતા રહેજો ! જો... જો... ભૂલ ન થાય.

*—વિરાગ.*

: વજન :

'ડોકટરસાહેબ, તમે મારી પત્નીને ગોળીઓ આપી હતી ને...'

'શું થયું... શું ઊંઘ ન આવી...?'

'એવું નથી, એ બે દિવસ સૂતી રહી, પણ આજે સવારે ફરી ઊઠી ગઈ છે !'

**- પતિનો ભાવ શું છે ?**

(ચંદન: ૬ ડિસે.)

●પરિચય પરિમલ●

# મેરુ સમ અણનમ અડગતાના સ્વામી

## ❖ ધીરતા ❖ વીરતા ❖ ગંભીરતા ❖ દક્ષતા જ જેમનું બીજું નામ છે

સમયન ા પગલે પગલે તાલ મિલાવવા અને સમયના સૂર જોઇને સૂરનું સુકાન બદલવું તે આધુનિક 'સંતપુરુષો'ની એક વિલક્ષાણ ા છે. જ્યારે પોતાના 'સ્વ સમયને અનુરૂપ અઢાર-અઢાર યુગો સુધી જીવનનું - શાસનનું - સંઘનું સુકાન એકધારું સફળ તાપૂર્વક ચલાવનાર યુગદૃષ્ટા યુગપુરુષ પરમ શાસન પ્રભ વક, વ્યાખ્યાનવાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરી ારજી મહારાજાના વ્યક્તિત્વ - વિશિષ્ટત્વનું આલેખન કરવું તે પંગુ માટે ઊંચા ઝાડ ઉપર ચઢવા જેવું છે. મેરુ સમ આણ ામ અડગતા એ જ જેઓના જીવનનું ઉમદા પાસુ છે.

'સંયમ - શાસ્ત્ર - સિધ્ધિપદ' : આ શબ્દ ત્રિભેટે 'રામ-વિજય૬૭' નામની હુલામણી એક વર્ષો બાદ કવચિત દેખા દેતી વિર ા મહાશક્તિ - વ્યક્તિનું સર્જન કર્યું. જેઓની સુવિશુદ્ધ શુદ્ધ શનાના પ્રચંડ સિંહનાદે અનેક શાસ્ત્રસમર્પક-સંરક્ષક વિરલ મહાત્માઓને જન્મ આપ્યો તો સમયના સાદે ચાલનારા વિ ોધીઓને ત્રસ્ત કર્યા, જેમની એક પણ કારવાઇ ફાવવા ન દીધી.

સમયને રંગ જોઇને મુખ ફેરવવુ તેવી બહુમુખી પ્રતિભા તે આ એકવીસમી શદીની દેન છે અને તે પ્રમાણે તો રંગ ફેરવવામાં કાચંડાની તોલે કોઇ જ ન આવે ! જ્યારે સાન્વર્થ અને સાર્થક બહુમુખી પ્રતિભાના દર્શન તો આ મહાપુરુષમાં થાય છે. જેઓ ગમે તેવો પ્રાણાન્ત પ્રસંગોમાં જરાય વિચલિત થયા વિના પોત ાના કર્ત્તવ્યની કેડીથી વિમુખ થતા નથી અને સાણસાણતા સવાલોની ઝંડીઓના જડબાતોડ જવાબોથી શ્રોતાજનોના માથા ડોલાવી નાખે છે.

ગમે તેવા બાહ્ય - અભ્યંતર વિરોધના વાતાવરણ વચ્ચે પણ શાસ્ત્ર - સિધ્ધાંત - સામાચારીનો આણનમ 'વિજય' વાવટો જેઓ લહેરાવી રહ્યા છે અને પોતાની કુશાગ્રતીક્ષ્ણ બુધ્ધિ અને સાચી નિર્ણાયકતા અને સ્પષ્ટભાષિતા - નીતિથી વિરોધીઓના દુશ્મનોના હૈયામાં પણ માનનીય - આદરણીય સ્થાન પામ્યા છે. મહાભારતમાં એક પ્રસંગ આવે છે કે- દુર્યોધન જુગાર રમવા માટે ધૃતરાષ્ટ્રની અનુમતિ માગે છે ત્યારે ધૃતરાષ્ટ્રે કહ્યું કે, તારા વિદુર કાકાની સલાહ લે જે ત્યારે દુર્યોધન વિચારે છે કે- ''મારો વિદુર કાકો મરી જાય પણ મને જુગાર રમવાની સલાહ ન આપે.'' તેઓશ્રીની આવી જ આદરણીય બનેલ સ્પષ્ટ-સત્યનીતિના પ્રશંસકો અને નિંદકો પણ બે મુખે વખાણ કરતાં થાકતા નથી. શાસ્ત્રના સન્માર્ગે ચાલનારાઓને આવી સિદ્ધિ સહજ છે છતાં પણ તે પ્રત્યે તેઓની જે 'ઉદાસીનતા' તે જ તેઓની બહુમુખી આગવી પ્રતિભાનું પાસુ છે.

જેઓશ્રીની પુણ્યાનુબંધી પુણ્યાઇ અને પ્રચંડપ્રતિભાથી જૈન સંઘ તો ખરો પણ જૈનેતરો પણ તેટલા જ પ્રભાવિત છે. જેઓ શ્રીની પ્રશમરસનું પાન કરાવનાર પ્રશાન્તમૂર્તિનું દર્શન પણ સંસારની ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોને પરમશાન્તિનો અનુભવ કરાવે છે. જેઓશ્રીના સુવિશાલ હૈયામાં સકલ જીવોને શાસનરસી અને મુક્તિએ પહોંચાડવાનો અનુપમ તમન્ના-ભાવનાનો સ્રોત વહી રહ્યો છે, જેઓના નયનો નેહથી નીતરતાં છે, જેઓના હેતાળ હાથના વાત્સલ્યવારિધિથી સીંચાયેલા જીવો પાપપંકથી મુકાતા જાય છે અને જેઓના ચરણોનું શરણ આ ભવબીજનો નાશ કરનારું છે. જેઓના નાભિના નાદમાંથી નીકળતી શ્રી જિનવાણીનું શ્રવણ જેઓના સુમુખે કરવું તે પણ ભવવ્યથાને વ્યથિત કરનારું છે અને શાસ્ત્રસિધ્ધાન્તના સંરક્ષણ કાજે. શાસનને માટે પ્રાણ ન્યોછાવનારા વીરોને પેદા કરનારી વીરહાક કરતી વાણીનો રણકો પથ્થરમાં પણ પ્રાણ પૂરનારો બને છે. તેનો અનુભવ આ જૈફ બુઝર્ગવયે 'મર્દાનગી' અને 'ખમીરવંતીખુમારી' ના ધારક જેઓશ્રી કરાવી જડમાં પણ ચેતન પૂરી રહ્યા છે. 'સંયમ - શાસ્ત્ર અને સિધ્ધિપદ'ની જ્યારે ઘોર ઉપેક્ષા ઉપદેશકો જ કરી રહ્યા છે ત્યારે 'સંયમ-શાસ્ત્ર અને સિધ્ધિપદના સંદેશ'નો જ રણકાર તેઓશ્રીના શ્રીમુખે સાંભળવો અતિ મીઠો-મધુર-હૃદયંગમ લાગે છે.

ઝંઝાવાતોમાં જ જન્મેલા, ઝંઝાવાતોમાં જ ઉછરેલા અને ઝંઝાવાતોમાં જ અડીખમ - અણનમ રહેલા આ યુગદ્દષ્ટા મહાપુરુષની છ - છ દાયકા પૂર્વે ઉચ્ચરાયેલી આર્ષવાણી આજે પણ તેટલી જ સત્ય પડી રહી છે. જેનો ટંકાર શાસનપ્રેમીઓના હૈયા ઉછાળે છે અને શાસનદ્રોહીઓને વિરોધીઓને શ્યામ મુખાન્વિત કરે છે. તેઓના જ શબ્દોમાં જોઈએ—

'' 'સાચાં સામે 'ખોટા'નું આક્રમણ આજનું નથી પણ સદાનું ચાલુ છે. માટે સૌનું ભલું થાઓ એવી જ બુદ્ધિથી શરણે આવનાર તરી જાય, એ જાતિના શુભ પ્રયત્નો ગમે તેટલા આડખીલીના પ્રયત્નો વચ્ચે પણ નિર્ભયપણે કરતા રહેવું, એ આપણી સૌની ફરજ છે. **પ્રભુની આજ્ઞા આપણા મસ્તક ઉપર છે, સત્ય આપણી પડખે છે, શાસ્ત્રની આજ્ઞાની મહોરછાપ છે, કોઈનું પણ ભૂંડું કરવાની ભાવના નથી, તો ભય કોનો છે ?** સાચા સુવિહિત ધર્મગુરુઓ, સાચા તારકો આપણા પક્ષમાં છે, પછી શી ફિકર છે ?''

આવી અડગતા, અણનમતા, અડોલતાના સ્વામી એવા મહાપુરુષના ચરણોની સેવા પામવા આપણે સૌ સૌભાગ્યશાલી બન્યા છીએ તો તેઓને યથાર્થરૂપે ઓળખી તેમને સાચા વફાદાર બની જીવનની કૃતાર્થતા સાધીએ અને તેઓનું અમૂલ્ય માર્ગદર્શન જે દસ્તાવેજી પુરાવા જેવું છે તેના રાહે ચાલીએ તે જ અભ્યર્થના સહ પુનઃ તેઓના ચરણોમાં *અનંતશઃ વંદનાવલી કરી તેઓના જીવનની* આછેરી ઝલક ઉપ દ્દષ્ટિપાત કરી વિરમીએ છીએ

*જન્મ : સં. ૧૯૫૨, ફાગણ વદ ૪, દહેવાણ.*

*દીક્ષા : સં. ૧૯૬૯ પોષ સુદ ૧૩, ગંધાર*

*પંન્યાસપદવી : સં. ૧૯૮૦ કારતક વદ ૩ મુંબઈ.*

*ઉપાધ્યાય પદવી : સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.*

*આચાર્યપદવી : સં. ૧૯૯૨, વૈશાખ સુદ , મુંબઈ.*

*સં. ૧૯૭૬ થી સમ્યગ્દર્શનની જ્યોતને ઝળહળતી કરતી પ્રારંભાયેલી દેશનાની વણથંભી આગેકૂચ અનેકના જીવનને સન્માર્ગગામી અને નવપલ્લવિત બનાવી મુક્તિપથની દીપિકા બની છે - બની રહી છે.*

---

## ◆ ૫૦૦ ની ઘટમાળા ◆ - વિરાગ

- ૫૦૦ સાધુની વૈયાવચ્ચ પૂર્વભવમાં બાહુબલીજીએ કરી.
- ૫૦૦ ઘોડાઓ કુમારપાળા મહારાજાએ સાધર્મિકોને ભેટ આપ્યા.
- ૫૦૦ ગામાનો રાજા શ્રીધર હતો.
- ૫૦૦ વખારના માલિક રામજી શેઠ ગંધારના હતા.
- ૫૦૦ ક્ષત્રીઓ સાથે જમાલીએ સંયમ ગ્રહણ કરેલ.
- ૫૦૦ પુત્રોને ભરત ચક્રવતીએ દીક્ષા અપાવેલ.
- ૫૦૦ શિષ્ય સ્કંધકાચાર્યના ઘાણીમાં પીલાયેલા.
- ૫૦૦ વાહન, દુકાન, ઘોડા ધન્ના શેઠ પાસે હતા.
- ૫૦૦ રાણીઓ સાથે પ્રદેશી રાજા વીરપ્રભુને વંદવા ગયેલ.
- ૫૦૦ જાતના વાંજીત્ર મહેશ્વર દની શેઠ પાસે હતા.
- ૫૦૦ હાથી દાંતના જિનાલયો વિક્રમ રાજાના સંઘમાં હતા.
- ૫૦૦ ચોરોને જંબુસ્વામીએ પ્રતિબોધીત કરેલ.
- ૫૦૦ ભાટ - ચારણો સાથે ધન શેઠ શત્રુંજય પર કેવળી બનેલ.
- ૫૦૦ યોજન લાંબી જ અભિષેકની શીલાઓ પાંડુક બનથો વનમાં છે.
- ૫૦૦ અખંડ આયંબિલની તપશ્ચર્યા ચંદ્રકેવલીએ સુલસના ભવમાં કરેલ.
- ૫૦૦ સાધુઓ રોજ વસ્તુપાલ મંત્રીના ઘરે ગોચરી વોરવા જતાં.
- ૫૦૦ ચોરો કપીલ કેવળના દર્શનથી સંયમી બન્યા.
- ૫૦૦ જિનમંદિરો તક્ષશીલામાં હતા.

# સુખ પ્રાપ્તિનો ઉપાય

❖ શ્રી શાંતિ

"દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે અને દુઃખની નિવૃત્તિ સુખ જેનાથી પામે છે, એવાં રાગ દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના થવી સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ, એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઇ પ્રકારે થઇ નથી.

"પૈસા, શરીર, સુખ, સગા સબંધીઓ તજી દે, પણ એક વિતરાગ અર્હતપરમાત્માએ બતાવેલો ધર્મ તજીશ નહિં. ધર્મથી ભવોભવમાં આ પદાર્થો મળશે. પણ એથી તે મળવો દુર્લભ છે.'

અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ, આ રીતે મનુષ્ય જાતીને પોતાના ઉપર આવી પડતી નિરર્થક આપત્તિઓથી બચાવી લઇ સુખ શાન્તિના વાસ્તવિક માર્ગ લઇ જનાર છે.

શ્રી જૈન શાસનના આદેશ અને ઉપદેશનો શક્તિ મુજબ અમલ કરનાર આત્મા રોગથી ઘેરાતો નથી એમ નહિ પરંતુ માત્ર કર્મોદય જન્ય રોગની પીડા જ એને સહવી પડે છે.

શ્રી જૈન શાસ્ત્રશાસને માનેલા અભક્ષ્ય કે અનંતકાય એ એવી જાતના પદાર્થો છે, કે તેનું ભોજન કરનાર આત્મા પૂર્વેનો તીવ્ર પૂર્ણોદય ન હોય તો ભાગ્યે જ આગુંતક રોગોનો ભોગ થતો બચી શકે.

વાસી કે વીદલ, તુચ્છ ફળ કે અજાણ્યા ફળ, ચલિતરસ કે બોળ અથાણા માંસ કે મદિરા મધ કે માખણ.

બરફ કે કેળા, બહુ બીજ કે અનંતકાય, રાત્રી ભોજન કે ભૂમિકંદ, એનું ભક્ષણ એ બધા રોગનું ઘર છે, એની આજના વૈજ્ઞાનિક યુગમાં કોનાથી ના પાડી શકાય તેમ છે.

મનુષ્ય જાતી અભક્ષ્યનું ભક્ષણ કરે, રોગથી પીડાય અને પછી તેનાં સંરક્ષણાર્થ, નિરપરાધી પશુ અને જંતુ જગતનો સંહાર કરીને દવાઓ ઉતપન્ન કરાય અને એ દવાઓ ઉત્પન્ન કરનારા દયાળુ મનાય, એનાં કરતાં મનુષ્ય જાતીને અભક્ષ્ય ભક્ષણથી જ બચાવી લેવાનો પ્રયાસ કરનાર પરમદયાળુ છે.

અભક્ષ્ય ભક્ષણનો જીવન પર્યન્ત ત્યાગ, એ જેમ શ્રી જૈન શાસનનો આદેશ છે, તેમ આજીવિકા યાને જીવન નિર્વાહનાં સાધનો મેળવવા માટે, તેમજ વ્યાપારાદિકથી ધન વૃદ્ધિ માટે પણ જેમાં મહારંભયાવત પંચેન્દ્રિય પ્રાણીઓનો ભયંકર વિનાસ રહેલો છે, એવા ધંધાઓ નહિ કરવા માટે ફરમાન કરેલું છે, આ ફરમાનથી તે તે ધંધામાં નાશ પામતા પ્રાણીઓને અભયદાન છે.

માટે સુખ પ્રાપ્તિ માટે ઉપરનું લખાણ વાંચી, વીચારી સમજીને મન વચન કાયાથી જીવનમાં જે કોઇ ભાગ્યશાળી ઉતારશે તે પરમ સુખી થશે, એટલું જ નહિ પણ જીવદયાથી આવતો ભવ સારો મલવાનો અને મુક્તિનો માર્ગ પરંપરાએ મલવાનો જીવદયા એ દરેક શ્રાવકની માતા છે. એ ખાસ યાદ રાખી દરેક મનુષ્ય જીવનમાં ઉતારે એજ પ્રાર્થના.

---

* The true work of ART is but a shadow of divine perfection.
  - Michaelangelo
* The Author himself of the best judge of his performance.
  - Gibbon
* There is no cosmetic for beauty like HAPPINESS.
  - Lady Blessing Ton
* Trust n future, howere pleasant its the dead past bury its dead. Act act in the living present heart within and GOD o'er head.
  -Longfellow, Psalm of Life
* Therefore, always perform action which must e performed, without attachment for a man, performing action without attachment, attains the supreme.
  - Gita
* There is no education like ADVERSITY. - Disraeli

# સમાચાર સાર

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

**શ્રી મિલન નિલેશભાઈ શાહ, ઉંમર - વર્ષ ૧૨, તા. ૭-૧-૨૦૦૨ ના રોજ ત્યાંની પેઢીમાં ગયા હતા અને જણાવેલ છે કે તેમણે કારતક સુદ-૧૫ થી** માગસર વદ-૬ દરમ્યાનના ૩૬ દિવસોમાં પ.શ. ગિરિરાજની ૧૦૮ યાત્રાઓ કરેલ છે અને આ દરમ્યાન તેમણે ૭ દિવસ એકાસણા તથા છઠ્ઠ ચોવિહાર કરેલ હતા. આ ૧૦૮ યાત્રા તેમણે પ. પૂ. શ્રી સ્થુલભદ્ર મ.સા.ના ઉપદેશથી કરેલ છે.

**પૂ. પ્રવર્તિની પર્યાયસ્થવિરી સા. શ્રી હંસશ્રીજી મ.ના બેરોનેટ બિલ્ડીંગ વિભાગ નં.-૩૪, સાબરમતી, અમદાવાદ - ૩૮૦૦૦૫. સમાધિપૂર્ણ સ્વર્ગવાસ :** પોષ વદ-૧૦, બુધવાર, વંદના અનુવંદના ધર્મલાભ, :- પરમારાધ્યપાદ, પરમ તારક, સુવિશાલગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર, પૂજ્યપાદ સહસ્રાધિક શ્રમણ-શ્રમણી ગણના અધિનાયક પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તિની, પ્રશમરસનિમગ્ના, અઢીસોથી અધિક શ્રમણીગણના શિરચ્છત્ર પ્રવર્તિની અને અમારા સૌના પરમાધાર ગુરૂદેવા સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ. પરમ આરાધનામયજીવનના પરિપાક રૂપે પરમસમાધિમયમૃત્યુને સાધી ગત પોષવદ ૭-૮, સોમવાર, તા. ૪-૨-૨૦૦૨ ના રોજ બપોરે ૪-૧૧ કલાકે અમદાવાદ-સાબરમતી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

તેઓશ્રીનો જન્મ દીક્ષાની ખાણ઼ી એવા છાંણી ગામમાં ૧૯૭૩ માં થયો હતો. માતા મંછાબેન અને પિતા હિંમતભાઈના કુળને અજવાળ્યું હતું. કુળનાં પ્રભાવે ઉત્તમ સંસ્કારોને પામેલા તેઓશ્રીનો આત્મા સ્ફટિક જેવો નિર્મળ હતો તેવામાં સદ્ગુરુસમાગમના પ્રભાવે વૈરાગ્યવાસિત બની ૧૬ વર્ષની ઉગતી યુવાનવયે પૂ. સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાન સૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે તેઓએ સંયમનો સ્વીકાર કર્યો હતો અને પરમવિદુષી સાધ્વીવર્યા શ્રી દર્શનશ્રીજી મ. ના શિષ્યારૂપે સા. શ્રી હંસશ્રીજી તરીકે તેઓએ સંયમજીવનનો પ્રારંભ કર્યો હતો. સહજ સુંદર એવા ઉત્તમકોટિના હીરાને જેમ અવનવા ઘાટ આપવાથી તે વધુ સુંદર બને છે, તેમ સાહજિક ઉત્તમતાના સ્વામિની શ્રી હંસશ્રીજી મ. વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, સંયમ, ગુર્વાજ્ઞાપાલન વગેરેના સંસ્કાર પામતાં આખાય સાધ્વી સમુદાયમાં એક આદરણીય આભાને પામી શક્યા હતા. જ્યાં ગુરુને પોતાના હૃદયમાં વસાવવા જ દુર્લભ હોય છે, ત્યાં તેઓ અદ્ભૂત ગુણસમૃધ્ધિના કારણે ગુરૂદેવના હૃદયમાં વસી ગયા હતાં. આ તેઓની અનુપમ સિધ્ધિ હતી.

મઘમઘાયમાન થતાં ગુલાબો પાસે મકરંદપ્યાસી ભ્રમરો ગુંજારવ કરતાં ઘૂમવા લાગે, તેમ અનેક ભવવિરહકામી ભવ્યાત્માઓ તેઓશ્રીના ચરણનું શરણ સ્વીકારી સંયમજીવનના સાધક બન્યા હતા.

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મ. ના ઉત્તરોત્તર વિકાસ પામી રહેલા વિશાળ શ્રમણી સમુદાયના પ્રવર્તિનીપદે છેલ્લાં ૧૮ વર્ષોથી શોભી રહેલા પૂજ્યશ્રી સમુદાયના દરેક ગૌરવવંતા સાધ્વીજીઓ અને આરાધક મહાત્માઓના હૃદયમાં ખૂબ અહોભાવભર્યું સ્થાન પામેલા હતા.

ધવલ રાજહંસની માફક ધવલ આત્મપરિણતિના ધારક પૂજ્યશ્રી બોલતાં બહું ઓછું, પણ એમ કહી શકાય કે, તેઓનું જીવન જ બોલતું હતું. તેઓનું જીવન જ સૌને હિતશિક્ષારૂપ અને આદર્શરૂપ હતું. તેઓશ્રીની, આરાધનામાં અપ્રમત્તતા, ક્રિયામાં અત્યંત અભિરૂચિ અને તન્મયતા, પ્રશમભાવની પ્રસન્નતા, સદાય સ્મિતભર્યું પ્રસન્નવદન, સદાય સ્વાધ્યાય મગ્નતા, નિરીહતા, ગંભીરતા, વત્સલતા વગેરે વગેરે ગુણસંપદા જોઈને સૌના મસ્તક આપોઆપ ઝૂકી જતાં હતાં.

હાલમાં ઉજવાય રહેલા સ્મૃતિમંદિર - પ્રતિષ્ઠાના મહામહોત્સવને નિહાળવા તથા પૂ. ગચ્છાધિપતિશ્રીજી આદિ પૂજ્યોને વંદન કરવાના ભાવથી પૂજ્યશ્રીએ વાપીથી વિહાર કર્યો હતો. એકંદરે નિરાબાધપણે માર્ગ કાપી તેઓ પ્રસન્નતા સાથે અમદાવાદ આવી પહોંચ્યા હતાં. માર્ગમાં માત્રા અંગેની થોડી તકલીફ થઈ હતી, પણ દેવ ગુરુની કૃપા

તથા પોતાના દૃઢ મનોબળના પ્રભાવે તેઓશ્રી હેમખેમ અમદાવાદ આવી પહોંચ્યાં હતાં. પરંતુ ભાવિની ભીતરમાં શું છે ? એ કોઈ ક્યાં જાણતું હતું ? પો. સુ. ૭ના તેઓશ્રીએ અમદાવાદ પ્રવેશ કર્યો અને પો વદ-૭ના તો તેઓશ્રીએ સદાને માટેની વિદાય લઈ લીધી.

છેલ્લાં અઠવાડીયામાં તેઓશ્રીનું સ્વાસ્થ્ય કથળ્યું હતું. તાવ કેડો છોડતો ન હતો. બી.પી., ટી.બી. યુરીનમાં પસ અને ફેફસામાં કફનો ભરાવો. આ બધા દર્દોએ બરાબરનો ભરડો લીધો. તેવા સંયોગોમાં સાબરમતી પુખરાજ રાયચંદ હોસ્પિટલમાં તેઓશ્રીને દાખલ કરવા જ પડ્યા. ત્યાં વેળાસરના દ્રવ્યોપચાર ચાલુ કર્યાં, સાથોસાથ ભાવોપચાર પણ ચાલુ જ હતાં. તેઓશ્રી સ્વયં જાગૃત તો હતાં જ, છતાં પણ પૂજ્યો અને અમો સૌ પણ અમારું કર્તવ્ય બજાવી તેઓશ્રીને સમાધિમાં સહાયક બની રહ્યા હતાં. પૂ. ગચ્છાધિપતિશ્રીનો સમાધિસંદેશ તથા પૂ. આ. શ્રીના મુક્તિપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી હેમભૂષણ સૂ. મ., પૂ. આ. શ્રી શ્રેયાંસપ્રભ સૂ. મ., પૂ. ગ. શ્રી નયવર્ધન વિ. મ., પૂ. ગ. શ્રી જયદર્શન વિ. મ., પૂ. મુ. શ્રી ભવ્યરત્ન વિ. મ., પૂ. મુ. શ્રી યશકીર્તિ વિ. મ., પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. આદિ પૂજ્યો તથા વિશાળ શ્રમણીગણ તેઓશ્રીને સમાધિમાં મ્હાલતાં જોઈ શક્યો હતો. ત્યારે 'શ્રી અરિહંત પદનું જ રટણ કરતાં કરતાં તેઓશ્રીનો પાવન આત્મા સ્વર્ગની વાટે સંચરી ગયો.

તેઓશ્રીની ચિરવિદાય થતાં અમારા સૌનો તો મોભ તૂટી પડ્યો છે. એટલું જ નહીં પણ સમસ્ત સમુદાયે એક ગૌરવવંતા આરાધક આત્માને ગુમાવ્યા છે. તેઓશ્રીનો પાવન આત્મા જ્યાં હોય, ત્યાં પરમાત્મશાસનની અનુપમ આરાધના કરતાં કરતાં વહેલી તકે પરમાત્મપદને પ્રાપ્ત કરે એજ અભિલાષા સેવું છું. તેઓશ્રીના જીવનને આંખ સામે રાખી તેઓશ્રીના ગુણો આપણા સૌના જીવનમાં પણ પ્રગટે એવી હાર્દિક ઈચ્છા સ્હેજે અનુભવાય છે.

તેઓશ્રીના કાળધર્મ બાદ બીજા દિવસે પંચશિખરી પાલખીમાં તેમના દેહને સ્થાપિત કરી ગૌરવપૂર્વક અંતિમયાત્રા કાઢવા સાથે અંતિમસંસ્કાર કરાયો હતો. આ સમયે ઉછામણિ ખૂબ અનુમોદનીય થઈ હતી. અનેક પુણ્યાત્માઓએ તેઓને અંત સમયે ઘણું જ સુકૃતદાન કર્યું હતું. જે ખૂબ અનુમોદનીય છે.

પૂજ્યશ્રીના વૈયાવચ્ચનાં રાત-દિવસનો વિચાર કર્યા વગર સેવા બજાવનાર ડૉ. પત્રાવાલાની ભક્તિ તથા તેઓશ્રીની અંતિમ વૈયાવચ્ચમાં જે કોઈ પણ પુણ્યાત્માઓએ લાભ લીધો છે, તે સૌ પણ અભિનંદનને પાત્ર છે.

સુવિનીતા સાધ્વીજી શ્રી પુણ્ય દર્શનાશ્રીજી તથા સાધ્વીજી શ્રી સમ્યગ્દર્શના શ્રીજીએ પણ જીવન પર્યંત પૂજ્યશ્રીની ખૂબ સેવા કરી છે અત્યારે તેઓ વાપી છે.

છેલ્લે તેઓશ્રીના માફક આપણે સૌ પણ મોક્ષમાર્ગની અપૂર્વતમ આરાધના કરી, જીવનનું શ્રેય: સાધનારા બનીએ એજ એક શુભાભિલાષા.

**લિ. સાધ્વીજી શ્રી પદ્મકીર્તિશ્રીજી**

: પત્ર વ્યવહાર : C/o. વિમળાબેન ત્રિમકલાલ શાહ,
રાજા મહેતાની પોળમાં, ઘર નં. ૧૨૧૧,
લક્ષ્મીનારાયણની પોળ, મહાદેવની બાજુમાં,
અમદાવાદ - ૩૮૦૦૦૧.

...............

**શંખેશ્વર :-** હાલારી ધર્મશાળામાં પોષ સુદ દ્વિ. પો. સુદ-૬ ના પૂ. મુ. શ્રી પુષ્પેન્દ્ર વિજયજી મ. ની વડી દીક્ષા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. **ની નિશ્રામાં થઈ વિધિ વત સંઘપૂજન ૫/-** રૂા. જયાબેન ગુલાબચંદ મૂળચંદ પરિવાર, લંડન, ૫/- રૂા. કંચનબેન ખીમચંદ એસ. શાહ, લંડન, ૧/- રૂા. પદમશી વાઘજી ગુઢકા, લાખાબાવળ, રૂા. ૨૧/નું સંઘપૂજન થયું. પૂ. શ્રી એ અમદાવાદ તરફ વિહાર કર્યો છે.

પત્ર તથા સંપક : મહાવીર સ્ટોર્સ, ૨૬૮૧, ફુવારાબજાર, ગાંધી રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૧૪૦૨૯૧ : ૨૧૪૧૬૪૦

**બેંગ્લોર, શ્રી પાર્શ્વ લબ્ધિ ધામ તીર્થ :** પૂ. પા. આચાર્ય ભગવંત શ્રી લબ્ધિ ભુવનતિલક સૂરીશ્વરજી પટ્ટધર પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ., પૂ. આ. શ્રી અમરસેન સૂ. મ., આદિ ઠા. ૫, પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિ ઠા. ૮ પોષ દશમની આરાધના પ્રસંગે બેંગ્લોર શ્રી પાર્શ્વ લબ્ધિ ધામ તીર્થ માગશર વદ ૮ ના પધાર્યા હતા.

સા. વદ૯ **અને ૧૧ ના શ્રીમાન કાન્તિલાલ બાફણા અરૂ ા સીલ્ક વાળા તરફથી** શ્રી લબ્ધિ પાર્શ્વનાથ આદિ પ્રતિ ાને ભવ્ય આંગી રચવામાં આવી હતી.

મા. વદ ૧૦ ના શ્રીમાન પ્રતાપચંદ પેરાજી હ. તારા ચંદજી તરફથી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા અને ભવ્ય આંગી રચના તેમજ પ્રભાવના આપવામાં આવી હતી. પૂજા ભાણ વવા માટે બેંગ્લોરથી શ્રી પાર્શ્વ પદ્માવત્તી મહિલા સેવા મંડળ આગમન થયું હતું.

**ડીસાનાં આંગણિયે ઉજવાયેલા ભવ્યાતિભવ્ય જિન ક્તિ મહોત્સવ :** અત્રે શ્રી સંઘના આદરાણીય મોભી શ્રી ર ાણીકલાલ નરપતલાલ વડેચા તથા તેમના ધર્મપત્ની અ.સૌ. મંગુબેન રમાણીકલાલ વડેચા ના જીવનમાં થયેલ અનેક સુકૃતોની અનુમોદનાર્થે તેમના પરિવાર તરફથી પોતાના પરિવ રના કુલદિપીકા પૂ. સાધ્વીજી શ્રી જિનકર્માશ્રીજી મ. ના સ પદેશની છેલ્લાં ઘાણા સમયની ભવ્ય જિનભક્તિ મહોત્ વના આયોજનની ભાવના હતી. આ મંગલપ્રસંગે નિશ્રા દાન કરવા સૂરિરામના સમુદાયના શાસનપ્રભાવક પૂ. આચ ર્દિવ શ્રીમદ્ વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સા. આદિ ને આગ્રહપૂર્ણ વિનંતિ કરી પૂજ્યશ્રીજીએ ગચ્છ ધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની અનુજ્ઞાપૂર્વક વિનંતિ સ્વીકારી છેક જા નગરથી ૪૦૦ કિ. મી. નો ભુવિહાર કરી પૂજ્યશ્રીજી આદિ થા પૂ. સાધ્વીજીશ્રી નિર્મમાશ્રીજી મ. પૂ. આ. શ્રી ઇન્દુરે ાશ્રીજી મ., પૂ. આ. શ્રી જિનકર્માશ્રીજી મ. આદિનો ભવ્ય પ્ર શ માગશર વદ ૮, રવિવાર, તા. ૬-૧-૨૦૦૨ ના મંગલ ને થયો. વડેચા પરિવાર તરફથી આયોજિત જિનભ ક્તિ મહોત્સવ પ્રસંગે પધારતા પૂજ્યશ્રીજી, પૂ. મુ. શ્રી કુલ ીલ વિ. મ. આદિ તથા પૂ. ઉપા મહાયશ વિ. મ., પૂ. આ ભ. શ્રી ૐકાર સૂ. મ. ની સમુદાયના પૂ. મુ. શ્રી મહાયશ વિ. મ., આદિનું ભવ્ય સામૈયુ થયેલ. આ પ્રસંગે નેમના નગરમાં વિરાજમાન પૂ. આ. શ્રી દર્શનરત્ન સૂ. મ., પૂ. મુ. ી દિવ્યકિર્તિ વિ. મ. આદિ પાણ પધારેલા. ડીસા નગરના વિવિધ રાજમાર્ગો ઉપરથી પસાર થયા બાદ શ્રેયાંસ સોસાય ીમાં બંધાયેલ વિશાલ મંડપમાં પૂજ્યોના પ્રવચનો યોજાય સાડાબાર સુધી પાણ વિશાલ જનમેદનીની ઉપસ્થિતિ હતી. તે દિવસે સાંજે અઠ્ઠમ તપના તપસ્ ીઓના અત્તરપારાણા થયેલ. મા. વ. ૯ સોમવારના દિને સવારના ૯-૩૦થી ૧૧-૩૦ સુધી પૂજ્યોના પ્રવચનો બપોરે ૨-૦૦ કલાકે શ્રી પંચકલ્યાણક પૂજા ત્યારબાદ ૩-૩૦ કલાકે વામામાતાના થાળનો પ્રસંગ ખૂબ જ ભવ્ય ીતીએ ઉજવાયેલ.

મા. વ. ૧૦ ના દિવસે વડેચા પરિવાર તર ફથી જ ડીસા નગરથી પ્રતિ વર્ષ નીકળતા ભીલડીયાજી તીર્થ ૫ દયાત્રા સંઘનું આયોજન થયેલ. સવારના ૬-૦૦ કલાકે શ્રેયાંસ સોસાયટી વડેચા રમાણીકભાઈના નિવાસસ્થાને થી પૂ. આચાર્યભગવંતશ્રીજીની નિશ્રામાં સંઘનું મંગલ પ્રયાણ થયેલ. વાઘંપુરા તીર્થ સુધી પૂ. મુ. શ્રી દિવ્યકિર્તી વિ. મ. આદિનું સાનિધ્ય મળેલ. વાઘપુત્ર તીર્થમાં સકલસંઘની નવ ારશી, મંગલપ્રવચન આદિ કાર્યક્રમ ઉજવાયા બા . સંઘ ભીલડીયાજી તીર્થમાં બપોરે પહોંચેલ. ત્યાં પ્રભુભક્તિ અનુષ્ઠાનો સંપન્ન થયા બાદ બપોરના ૩-૦૦ કલા : ડીસા નગરમાં નવગ્રહાદિ પાટલા પૂજન, સાંજે ભાવના, આદિ કાર્યક્રમ સંપન્ન થયેલ. મા. વ. ૧૧ ના મંગલદિને સવારે ૯-૩૦ કલાકે પૂજ્યોના પ્રવચનોનો મંગલ પ્રારંભ થયે ા. આ મંગલ પ્રસંગે વડેચા પરિવારની આગ્રહભરી વિનંતિથી સંઘવી તારાચંદજી ભેરૂમલજી, શ્રી હિમાંશુભાઈ રાજા, આદિ તથા જૂનાડીસા ભીલડીયાજી તીર્થના પ્રમુખ રૂસ્કીગણ વા ાપંથક સંઘના અગ્રાણીઓ આદિ બનાસકાઠાના નામાં કિત - સદ્ગૃહસ્થોની ઉપસ્થિતિ હતી. પધારનાર મહાનુભ વોએ સુશ્રાવક રમાણીકભાઈ તથા સુશ્રાવિકા મંગુબેનના જી નમાં થયેલા અનેકવિધ સુકૃતોની ઉપબૃંહાણા કરેલ. આ પ્રસંગે ૩૦૦૦થી પાણ વધારે સંખ્યામાં વિરાટ જનમેદની ઉપસ્થિત રહેલી પ્રાંતે પૂ. આચાર્યભગવંતશ્રીએ માર્મિક હિત શિક્ષા ફરમાવેલ. બપોરે શાંતિસ્નાત્ર મહાપૂજન અતિ ઉલ્લાસપૂર્વક ભાણાયેલ. શાંતિસ્નાત્રમાં પાણ વિરાટ સંખ્યામાં માનવ મહેરામાણ ઉભરાયેલ. મા. વ. ૧૨ ના દિવસે અઠ્ઠમ તપના તપસ્વીઓના પારાણા, ઉલ્લાસપૂર્વક થયેલા. પ્રત્યેક તપસ્વીઓને પ્રભાવના સુંદર થયેલ તે જ દિવસે ૧૧-૩૦ કલાકે પૂ. આચાર્યભગવંત આદિ ચતુર્વિધ સંઘના શ્રી રમાણીકભાઈના નિવાસસ્થાને પગલા થયેલ. પૂજ્યશ્રીએ

પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ. મા. વ. ૧૩ ના દિવસે પૂજ્યશ્રીજી એ જૂનાડીસા તરફ વિહાર કરેલ. જૂનાડીસામાં પણ સુ. જ્યંતિભાઈ પ્રવિણભાઈ વડેચાના નિવાસસ્થાને પૂજ્યોના પગલા માંગલિક પ્રવચન આદિ થયેલ. ત્યાંથી પૂજ્યશ્રીજી પાટણ થઈ ધીણોજમાં મુમુક્ષુ અમીતાબેનના વર્ષીદાન વરઘોડા, શાંતિસ્નાત્ર જિનભક્તિ મહોત્સવમાં નિશ્રા આપી અમદાવાદ પધારશે. મહોત્સવમાં વિધિવિધાન માટે શ્રી દરાસુખભાઈ શેઠ તથા પાટણની નરેશભાઈ એ પધારી પ્રભુ ભક્તિની રમઝટ મચાવેલ. સંગીતકાર વડેચા પરિવારની અદ્ભુત ઉદારતા દ્વારા પ્રભુભક્તિ મહોત્સવ પ્રતિષ્ઠા મહોત્સવને યાદ કરાવે એવો ચિરઃસ્મરણીય બની ગયો.

**"शासननो डंको बाग्यो रे....":**

साबरमती डी. केबीन अभिनव जैन संघना उपक्रमे वर्धमान तपोनिधि पू. आ. भ. श्री विजय प्रभाकरसूरीश्वरजी म. नी पावन निश्रामां ताजेतरमां श्री उपधान तपना मालारोपण महोत्सव पो. सु. १२ ना भव्य रिते उजवाई गयो. उपधान दरम्यान रोजे व्याख्यानमां प्रभावना, प्रभुजीने नितनवी अंगरचना थती हती. मालना देरेक तपस्वीने खेडावाला श्री कांताबेन चंदुलाल मंगलदास परिवार तरफथी ४२००/- रु. नो बार चांदीनी वस्तुओ पूजानो सेट तेमज ८०० रु. नी जुदी विविध उपकरणनी प्रभावना थयेल. तेमज राजनगरमां प्रथमवार देवविमानद्वारा मालारोपण थयेल. एनो पण चढावो सुंदर थयेल. नानी उंमरनां बालिकाओने सुवर्ण विंटीनी प्रभावना थयेल. पो. सु. १३ ना अत्रेथी शेरीसा तीर्थनो छ'री पालक संघ प्रयाण थयेल. जेमां २२५ भाविको जोडाया हता. पदयात्रिकोने थाली वाटको प्यालो प्रभावना मां आपवामां आवेल हतो. पू. आ. श्री मुक्तिचन्द्र सु. म. श्री स्वर्गतिथि निमित्ते पो. दशम नाअठ्ठम ५८ थया हता. प्रभावना सुंदर थयेल. पू. श्री ना स्वर्गतिथि निमित्ते आयंबिलनी तिथि, छ मास सुधी दररोज आयंबिल करनारने वे रु. नी प्रभावनानी जाहेरात थयेल. तेमज पालडी रंगसागरमां स्व. पू. आ. श्री मुक्तिचन्द्र सू. म. नुं गुरुमंदिर होई त्यां पू. श्री तिथि निमित्ते कायमी अठ्ठम अने पारणा थाय छे. आ वर्षे ६० अठ्ठम थया हता.

---

## વિવેક વિના વિનાશ

**❖ પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.**

તિર્યંચ કરતાં મનુષ્યોને ઊંચા કહ્યા તેનું એક કારણ છે કે, મનુષ્યોમાં વિવેક ગુણ વિશેષ હોય છે. વિવેકના કારણે મનુષ્યની વિશેષતા અલગ તરી આવે છે. તેથી જ અવિવેકને બધા દોષોની ઉત્પત્તિ ભૂમિ કહેવાય અને વિવેકને બધા સદ્ગુણોની જનની કહેવાય. સંસારમાં સારા પદાર્થો પણ છે અને ખરાબ પદાર્થો છે. જરૂર છે પદાર્થમાં વિવેક કરવાની. જેથી સારા-ખોટા પદાર્થોને ઓળખી, હંસની જેમ વિવેક દૃષ્ટિ કેળવી, સારા પદાર્થોમાં મુંઝાવું નથી અને ખરાબ પદાર્થોથી ડરવું પણ નથી. ગમે તે કારણ હોય, સાધન-સામગ્રી, સુખ-સગવડોની પ્રચુરતા હોવા છતાં પણ એક માત્ર અવિવેક ગુણના અભાવે જીવનમાં સુખ- શાંતિ - સમાધિનું સપનું પણ દુર્લભ બન્યું છે.

જો વિવેક ગુણની પ્રાપ્તિ થઈ જાય તો સુખ-સુખ-સુખ જ છે. પ્રત્યેક પદાર્થોમાં ભરપુર સુખ પડ્યું છે. તે માણી અનુભવી શકાશે. પછી દરેક દરેક ધર્મક્રિયાઓ આનંદ આપનારી બનશે. દર્શન, પૂજન, સામાયિક, પ્રતિક્રમણ, તપ-જપ, સ્વાધ્યાય, સેવા-ભક્તિથી જીવન ભર્યું ભર્યું બની જશે. ચોમેર સાચા સુખની છોળો ઉછળશે-અનુભવાશે.

મન શુભ ગુણોમાં રમતું થાય એટલે દેવ-ગુર્વાદિના વિનય-વૈયાવચ્ચમાં વૃદ્ધિ થશે, ક્ષમા-નમ્રતા, સરળતા, નિર્લોભતામાં ભાન પણ ભૂલી જવાશે. પછી 'હું એકલો છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી, અનંતજ્ઞાનાદિ આત્મગુણો જ મારા છે તે સિવાયનું કશું મારું નથી' - આસક્તિ અને મમતાને મારનાર આ મહામંત્રના સ્મરણથી આત્મા સમતાનો સ્વામી બનશે. એટલે જીવન ચોપાટની બાજી જીતાઈ જશે. મારા-તારાના પારકા-પોતાનાનો ભેદ મટી જશે. માન-અપમાન હર્ષ-શોક, સુખ-દુઃખના દ્વંદ્વોના ભેદ ભૂંસાઈ જશે અને 'સોઽહં' 'તેજ હું' નો નાદ રોમેરોમમાં છવાઈ જશે. નિર્લેપતા અને નિઃસંગતાનો અનુભવ થશે. પછી તો આનંદ આનંદ અને આનંદ થશે.

નિજાનંદની મહાલવાનું મસ્તીમાં મલશે અને આત્માનંદનો અનુભવ થશે. વિવેક વિના આત્માના વિનાશને જાણ્યો તો હવે અનાદિના પુદ્ગલના મહથી બચાવી આત્માનંદી બનાવનાર આ વિવેક ગુણને સૌ પામો તે જ શુભભાવના. ❑❑❑

□ જિનાજ્ઞા પ્રત્યે ઉત્કૃષ્ટ અહોભાવ : મુક્તિનું બીજ □

# રાત્રિભોજન મહાપાપ કેમ ? અંતરચક્ષુ ખોલતું નોખું અનોખું ચિંતન

લેખક : વર્ધમાન તપોનિધિ / પ્રભાવક પ્રવચનકાર પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ

શ્રી જિનશાસન અને જિનાજ્ઞાના સહારે આ વિશ્વની અંદર અનંત અનંત કાળથી ભવ્યાત્માઓ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર તપ અને સુદેવ-સુગુરુ-સુધર્મના બળે દુઃખમય, દુઃખફલક, દુઃખની પરંપરાવાળા તેમજ પાપો, દુઃખો, રોગો ચિંતાઓથી ભરેલા સંસારમાંથી મુક્ત બની ચરમ અને પરમ એવા સિધ્ધી સુખને પ્રાપ્ત કરી સદા માટે જન્મ અને મરણના સંસાર ચક્રથી મુક્ત બને છે.

આ જયવંતુ જિનશાસન દરેક કાળે વિશ્વના જીવો ઉપર સતત ઉપકાર કરે છે. તારક તીર્થંકરોની, જબરજસ્ત ત્યાગી-તપસ્વી-જ્ઞાની-પવિત્ર આત્માઓની ભેટ શ્રી જિનશાસન આપે છે.

મોક્ષ પામવા માટે તેના સાધક અને બાધક તત્ત્વોની જાણકારી પ્રત્યેક મોક્ષાભિલાષી આત્માએ અવશ્ય મેળવવી જોઈએ. મોક્ષ પામવા માટે જિનાજ્ઞાને સૂક્ષ્મદૃષ્ટિથી સમજવી જરૂરી છે. ક્યારે પણ જિનાજ્ઞાનું પાલન લાભદાયી જ થાય છે. નુકશાન કારક નહિ. મોક્ષ પામવા નાની મોટી અનેક આજ્ઞાઓ જિનેશ્વરદેવોએ ફરમાવી છે. તેમાં એક છે રાત્રિ ભોજનનો ત્યાગ-શાસ્ત્રકારોએ રાત્રિભોજનને નરકનું પ્રથમ દ્વાર કહ્યું છે. નરકનું પ્રથમ દ્વાર કહ્યું પાછો તેનો વિસ્તાર કરતાં વિવિધ રીતે સમજાવવા જ્ઞાનીઓએ પ્રયત્ન કર્યો છે. મિથ્યાજ્ઞાનના ભોગ બનેલાઓને આ બધુ મગજમાં બેસતું નથી. પરિણામે સ્વયં પાપોમાં રગદોળાય છે. પરિવારને પાપોમાં રગદોળે છે. જુઠી દલિલો કરી પોતે પોતાનાં આત્માનું અહિત કરે છે. જીવન પાપોનો અખાડો બને છે.

રાત્રિભોજનમાં પાપ કેટલું ? રાત્રિ ભોજન એ પાપ નહિ પણ મહાપાપ છે. ૯૬ ભવ સુધી કોઈ માછીમાર જીવોને સતત હણે તેટલું પાપ એક સરોવરને સુકવવાથી થાય છે.

૧૦૮ ભવ સુધી સરોવર સુકવીએ જે પાપ બાંધે તે પાપ એક દાવાનળ સળગાવવામાં લાગે. એવા.

૧૦૮ ભવ સુધી દાવાનળ સળગાવે એટલું પાપ એક કુવાણિજ્ય કરવાથી થાય છે.

૧૪૪ ભવ સુધી કુવાણિજ્ય કરે તેટલું પાપ કોઈને એકવાર ખોટું આળ આપવામાં લાગે છે !

૧૫૧ ભવ સુધી ખોટું આળ આપવામાં જે પાપ લાગે તેટલું પાપ એકવાર પરસ્ત્રીગમન કરતાં લાગે અને

૯૯ ભવ સુધી પરસ્ત્રીગમનમાં જે પાપ લાગે તેટલું પાપ માત્ર એક જ વખતના રાત્રિભોજનમાં લાગે છે. તેવી શક્યતા છે.

તો આ રાત્રિભોજનના મહાપાપને સમજીને આજ ક્ષણે છોડવાનો તેનાથી પાછા ફરવાનો શુભ સંકલ્પ કરો.

રાત્રિભોજન નરકનો નેશનલ હાઈવે છે. આરોગ્યની દૃષ્ટિએ અનેક રોગોનું મૂળ પણ છે.

<u>રાત્રિભોજન કરવાથી</u>

□ અગણિત સૂક્ષ્મજીવો, ત્રસજીવોની હિંસા થાય છે □ શરીર બિમાર અને આળસુ બને છે □ મનની પવિત્રતા ઘટે છે □ આત્મા તિર્યંચગતિ-નરકગતિ-અશાતા- વેદનીય આદિ પાપ કર્મ બાંધે છે □ મરણમાં અસમાધિ અને પરલોકમાં દુર્ગતિ અને દુઃખની પરંપરા ચાલે □ વ્યંતર-ભૂત-પ્રેતાદિ છળે, હેરાન કરે □ રાત્રે ભોજન કરતાં કીડી ખાવામાં આવે તો બુધ્ધિ ભ્રષ્ટ થાય, જૂ આવી જવાથી જલોદર, માખીથી ઉલટી, કરોળિયાથી કોઢ, લાકડાની ફાંસથી કંઠનાનો વીંછી આવી જવાથી તાળવું વીંધાઈ જાય. □ ઘુવડ, કાગડા, બીલાડા, ગીધ, સાબર, ભૂંડ-સાપ, વીંછી અને ગોધા વિગેરેના હલકા અવતારો મળે □ નરકગતિની કાતિલ, કાળઝાળ વેદનાઓ ભોગવવી પડે □ નરકમાં ઓછામાં ઓછું આયુષ્ય દસહજાર વર્ષનું અને વધુમાં વધુ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે. □ પૂર્ણ આયુષ્ય ભોગવવું પડે છે. આપઘાત થઈ શકતો નથી □ સતત આર્ત અને રૌદ્રધ્યાન ચાલુ રહે છે.

## રાત્રિ ભોજન ત્યાગ કરવાથી

❑ રાતક પૈસાનો ખર્ચ નથી ❑ નફાનો પાર નથી ❑ નુકશાનનું નામ નથી ❑ દર મહિને ૧૫ ઉપવાસનો લાભ મળે છે. અડધી જીંદગી ઉપવાસમાં જાય છે. હોટેલની રખડપટ્ટી, રાત્રે ભટકવાનું, ખોટા ખર્ચ વિગેરે આપો આપ બંધ થઈ જાય છે ❑ જેમ જેમ આ ત્યાગ જીવનમાં વધતો જાય છે તેમ તેમ આનંદ-શાંતિ વધતી જાય છે ❑ જિનાજ્ઞા પાલનનો લાભ મળે છે ❑ આ સંસ્કાર સાથે આવે છે. હૃદયમાં કોમળતા-કરુણા- દયા-જીવદયા ગુણો વધુ નિર્મળ બને છે. ❑ આપણો ત્યાગ નિહાળી અન્ય માનવીઓ પણ ત્યાગ કરવાનું નિમિત્ત પામી બદલાઈ જાય તેનો લાભ મળે છે ❑ આટલાં દિવસ રાત્રે ખાધું તેનું મનમાં દુઃખ થાય છે.

હવે આપણે એ વિચાર કરવો છે કે રાત્રિભોજન આટલું ભયંકર પાપ જ્ઞાનીઓ એ શા માટે કહ્યું ? દાખલા, દલિલો, તર્ક દ્વારા જરૂબેસલાક બેસાડાય તો લાભ થાય. આજે તો રાત્રે ન જમે તેને ધરમનું પૂંછડું કે વેદિયો કહી મશ્કરી કરાય છે. અને ફેશનના પ્રવાહમાં તણાઈ નિષ્ઠુર પણે રાત્રિભોજન કરનાર જાણે મોટું મહાન કાર્ય કરતાં હોય તેવું માને છે ?

સારા સારા આરાધકોના ઘેર લગ્ન પ્રસંગે પણ રાત્રિ-ભોજન જરાંય દુઃખ વિના આગળ વધી રહ્યું છે. કેટલાંક સાધર્મિક વાત્સલ્યમાં સાંજના લગભગ વેલા સુધી રાત્રિભોજન થઈ જાય છે. આવા સાધર્મિક વાત્સલ્યોમાં ખૂબ વિવેકની જરૂર છે.

દરેક જીવને પોતાનો પ્રાણ વહાલો હોય છે. દુઃખ કે આપત્તિના સમયે કેમ બચી જવું તે વિચાર તરફ દરેક માનવી દોડતો હોય છે. માખી જેવી માખી રાત્રે પોતાને કોઈ મારી ન નાખે માટે દોરી ઉપર આવી બેસી જાય છે.ગરોળી વિગેરે મારી ન નાખે તે માટે પંખીઓ માળા કે ઝાડ ઉપર રાતના બેસી જાય છે. પરંતુ રાત્રિભોજનમાં એવા સૂક્ષ્મજીવો આવે છે કે તે બચવા માગે તો પણ બચી શકતા નથી. ઝવેરી હજારો વોલ્ટ લાઈટનો ગોળો હોય છતાંય રાત્રે હિરાની પરખ કરતો નથી. ભૂલ થાક થઈ જવાનો સંભવ રહે છે. શાસ્ત્રકારોએ પરતંત્રજીવોની હિંસામાં ખૂબ પાપ કહ્યું છે. ન્યાયાલયમાં નિર્દોષ માનવીને હણો તો મોટી સજા થાય છે. આવાં નિર્દોષ અસંખ્યાતા જીવોને અભયદાન આપવાનું સદ્ભાગ્ય રાત્રિભોજન ત્યાગ કરનારને મળી શકે છે. આવા જીવોને અભયદાન સમજુ આરાધકો આપી શકે છે.

મેવાડના રાજાની આંખો ખરાબ થઈ ગઈ. મહારાજાની આંખો સારી કરવા વૈદ્યોએ નીર્દોષ પંખીની હત્યા કરી લોહી કાઢયું. તેમાં અમુક ઔષધી ભેળવી રાજાની આંખમાં અંજન કર્યું. રાજાની આંખ સારી થઈ ગઈ. રાજાને ખબર પડી મારી આંખો સારી કરવા માટે નીર્દોષ પંખીની હત્યા કરાઈ છે. તેનું હૃદય વલોવાઈ ગયું. આવા ભયંકર પાપના પ્રાયશ્ચિત રૂપે રાજાએ ધગધગતા શીશાનો રસ બનાવી, પી ગયો. પ્રાણ ત્યજી દીધા. પૂરાણ, માર્તન્ડ વિગેરેમાં પણ નિર્દોષ પ્રાણી હત્યાનું ખૂબ પાપ કહ્યું છે. ત્યાં સુધી લખ્યું છે નીર્દોષ જીવોનાં પ્રાણ લેવા કરતાં ફાંસીથી મરી જવું. અગ્નિમાં ઝંપાપાત કરી દેવો વિગેરે નીર્દોષ પંચેન્દ્રીય પ્રાણી તો ઠીક હવે પૈસા કમાવવા નીર્દોષ બાળકોના અપહરણ કરી તેઓમાં કીડની, આંખ, હૃદય કાઢી તેના દ્વારા લાખો રૂપિયા કમાય છે. હોસ્પિટલોમાં ગરીબ નીર્દોષ માણસોના ઓપરેશનના બહાને કિંમતી અંગોપાંગ કાઢી લેવાનું ચાલે છે.

એક નીરપરાધી જીવને ૫૧ ભવ સુધી આળ દેવાથી જે પાપ લાગે છે તો તેને હણી નાખવાથી ક્રોડ ઘણું પાપ બંધાય છે. રાત્રે ખાવાથી વિકાર વધે છે. કુબુધ્ધિ થાય છે અને કુબુધ્ધિથી દુર્ગતિમાં જવું પડે છે. એકવાર દુર્ગતિમાં જવાથી સારી બુધ્ધિ સારા આલંબન ન મળવાથી બીજા ભવમાં દુર્ગતિમાં જવું પડે. આમ અનંતા અનંત ભવ સુધી ભટકીને ભવભ્રમણ વધે છે. વળી જ્યાં જાય ત્યાં પાપની શકયતા અને ખોટા કામ કરવાની બુધ્ધિ તીવ્ર બને છે.

રાત્રિભોજનમાં તદ્વાર્ણના સૂક્ષ્મત્રસ જીવો હજાર વોલ્ટના ગ્લોબની લાઈટમાં દેખી શકાતા નથી.

લોકમાં કહેવાય છે લાખ મરજો પણ લાખનો તારણહાર તેમ જ ધર્મનિ મરજો. મોટાભાગે મનુષ્યો સામાન્ય માણસનું માનતા નથી તો ઘણીવાર ભારે દુઃખી થાય છે. સામાન્ય માનવીનું ન માને હવે રાજાનું ન માને તો કેટલું દુઃખ પડે ? રાજા કરતાં મોટા ચક્રવર્તીનું ન માને તો તેમાં કેટલું દુઃખ પડે ? ચક્રવર્તીના પણ ચક્રવર્તી ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માનું ન માનીએ તો કેટલું દુઃખ ભોગવવું પડે ?

આવું સમજાયા પછી રાત્રિભોજનના ત્યાગી બની જવું જોઈએ. આજ સુધી રાત્રિભોજનનું પાપ કર્યું હોય તો પ્રાયશ્ચિત લઈ શુધ્ધ થઈ જવું જોઈએ. કવિ-કલાપીએ લખ્યું છે. પસ્તાવો હા વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું. પાપી તેમાં ડુબકી મારીને પુણ્યશાળી બની જાય છે.

૯૯ ભવ સુધી પરસ્ત્રીગમનથી જે પાપ લાગે તે એકવાર રાત્રિભોજનથી પાપ લાગે. પરસ્ત્રી ગમનમાં કેમ વધુ પાપ ? એક માણસને સીધો મારી નાખે બીજાને રીબાવી રીબાવીને મારીએ. માણસને સ્ત્રી સર્વસ્વ છે. બીજાની સ્ત્રીના સેવનથી તે ભાઈ આખો દિવસ દુર્દપાન કરીને તીવ્રપાપ બાંધે છે. આર્યદેશનું નિર્મળ બીજ ખાત્મો બોલાવે છે. સીતાના શિયળની રક્ષા ખાતર રામ-રાવણના યુધ્ધમાં લાખો માણસો મરી ગયા. રામચન્દ્રજીએ વિચાર્યું કે આર્ય દેશનું બીજ નહિ સચવાય તો બધા પરસ્ત્રીગમન કરતાં થઈ જશે. પછી કોઈ મહાપુરુષ પાકી ન શકે અને કોઈ જીવ મોક્ષ ગતિને ન પામી શકે. સત્યની લડાઈ માટે હંમેશા આ દેશમાં લાખો માનવીઓ બલિદાન આપતા આવ્યા છે. માટે કોઈને ખોટા આળ દેવાથી જે પાપ લખ્યું છે તે બરાબર લખ્યું છે.

રાત્રિભોજનમાં વગર કારણે નીર્દોષ જીવોને મારવાથી તીવ્ર પાપ બંધાય છે.

રાત્રિભોજન કરવાથી અગણિત સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે. શરીર બિમાર-આળસુ-પ્રમાદી-રોગ્રસ્ત બને છે. ચંદ્ર. પૂર્વના જ્ઞાનીઓ આળસ અને પ્રમાદને કારણે સાતમી નરકમાં અને નિગોદમાં ચાલી ગયાના દૃષ્ટાંતો મળે છે.

રાત્રિભોજન કરવાથી ખોરાક બરાબર ન પચવાથી મન અપવિત્ર બને છે. રાત્રે સૂર્યના કિરણો નહિ મળવાથી ખોરાક પચતો નથી અને બુધ્ધિ ભ્રષ્ટ બને છે.

રાત્રિભોજનથી આત્મા તિર્યંચગતિ-નરકગતિ-અશાતા વેદનીય કર્મ બાંધે છે. અને ભવિષ્યમાં અશાતા વેદનીયના ઉદયે ધર્મ કરવાની શક્તિ ન મળવાથી પરંપરાએ અનંતાભવો વધી જાય છે.

રાત્રે જમવાથી વિશેષ વ્યંતર-ભૂત-પ્રેતાદી છળે છે. હેરાન કરે છે. છળવાની વિશેષ શક્યતા રહેલી છે. તીવ્ર પુણ્ય હોય તો ન છળી શકે. પરંતુ અગ્નિનો સ્વભાવ બાળવાનો કહેવાય. પરંતુ ચન્દ્રકાન્તમણી હોય જેની પાસે તેને ન છળી શકે. તેમ પૂર્વના પુણ્યરૂપી ચન્દ્રકાન્તમણી ન હોય તો આ ભવમાં કર્મના પરિણામ ન પણ જોવા મળે. જેમ જુવાનીમાં પડી જાય તો ઘા દેખાય નહિ પણ ઘડપણમાં કળતર થાય કેમ કે જુવાનીમાં લોહી હતું તેથી કળતર ન દેખાઈ. પરંતુ લોહી સુકાઈ જવાથી ઘડપણમાં કળતર દેખાય છે તેમ સમજી લેવું.

ઘુવડ- બીલાડા- ગીધ - જંગલી પશુ વિશેષે કરી રાતના આહાર કરવા જાય છે તેવા અવતારો ભવો મળે છે.

માનવજીવનની અંદર વીતરાગનો ધર્મ બરાબર સમજાઈ જાય તો સારી રીતે સમજી સમજીને ધર્મ આરાધના કરતાં કરતાં ૧૪ ગુણ સ્થાનકને પ્રાપ્ત કરતા કરતાં ૧૪ રાજલોકની અગ્ર ભાગે રહેલાં સિધ્ધશિલા ઉપર સદા માટે શાશ્વત સુખની પ્રાપ્તિ છે.

જીવ શબ્દ સૂચવે છે જીવ. અરિહંત પરમાત્માના વિશેષણો છે. જેવાં કે અરિહંત, તીર્થંકર, જિનેશ્વર, વીતરાગ, સર્વજ્ઞ હવે આ તમામ શબ્દોનો પ્રથમ અક્ષર વિચારીએ અતી જિવીસ, અતીજિવીસ શું અર્થ થાય ? મોક્ષમાં અતિ જિવીસ કદી મરવાનું નહિ.

દુર્લભ માનવજીવનમાં જો ધર્મ નહિ સમજાય, નહિ આરાધાય તો જીવન ધૂળધાણી બની જશે અને ચકડાપાણી જેવા ભવ બની જશે.

આવું માખણનું પણ માખણ, અમૃતનું પણ અમૃત સમજાયા પછી ચકોર બની જઈએ.

કોઈપણ ભોગે રાત્રિભોજન કરવું નથી આવા દૃઢ મનોબળવાળા બનવું જોઈએ. શુધ્ધ રાત્રિભોજનનો ત્યાગ કરવો હોય તો સૂર્યાસ્તના ૪૮ મિનિટ અગાઉ આહાર પાણીનો ત્યાગ કરી ચોવિહાર પચ્ચક્ખાણ કરી લેવું જોઈએ. આવી અનુકૂળતા ન હોય તો છેવટે સૂર્યાસ્તના પાંચ મિનિટ પહેલાં આહાર પાણીનો ત્યાગ કરી દેવો જોઈએ ચૌવિહાર પચ્ચક્ખાણ કરી લેવા જોઈએ. પાણી વગર ન જ રહી શકાતું હોય તો તિવિહાર પચ્ચક્ખાણ લેવા જોઈએ. આવું પણ ન થઈ શકે તો જેટલું બને તેટલું વહેલું જમી લેવું જોઈએ. વિચારવું હે જીવ તું રાત્રે ખાવાનું છોડતો નથી તારે મરીને કઈ ગતિમાં જવું છે ? રડતાં હૃદયે દુઃખપૂર્વક રાત્રિભોજન

ત્યાગના પંથે કેવી રીતે ચઢી જવું તે વિચારધારા જિવંત રાખવી.

આજ સુધીમાં જે કોઈ આત્માઓ મુક્તિમાં ગયા તેઓએ ધર્મ સમજાયા પછી રાત્રે જમવાનું પાપ કર્યું નથી. આચાર્ય ભગવંતોએ, સાધુ સાધ્વીજી ભગવંતોએ રાત્રિભોજન કર્યું નથી. ઉત્તમશ્રાવક-શ્રાવિકાઓ રાત્રિભોજન કરતાં નથી. કદાચ રાત્રે જમવું પડે તો તેમને હૈયામાં ભારે બળાપો હોય છે. હે ભગવાન ! આવું પાપ મારે ક્યાં કરવાનું આવ્યું ? આવો સુંદર વારસો આદર્શો આપણને મલ્યા છે. આવી પ્રભુશાસનની સુંદર પેઢીમાં નંબર લાગી ગયં છે તો સુંદર માર્ગ જિવંત રાખવા આપણે સજ્જ બની શકીએ. આવા ઉત્તમ આદર્શને હું મારા જીવનમાં, પરિવારમાં, સ્નેહિજનો-મિત્ર વર્તુળમાં સ્થાપિત કરવા શક્તિમાન બનું. દેવ-ગુરુ ધર્મની કૃપાથી મારું આત્મબળ ખિલી ઉઠે. રાત્રિભોજનનું મહાપાપ મારા જીવનમાંથી દૂર થાવ. દૂર થાવ, દૂર થાવ.

હવે ફરીથી ટુંકામાં રાત્રિભોજન ત્યાગની આવશ્યકતાને જરાં ઊંડાણથી વિચારીએ.

(૧) ૯૬ ભવ સુધી લાગલગાટ માછીમાર માછલા મારે તેના કરતાં એક સરોવર સુકાવાથી વધુ પાપ લાગે છે. વિચાર કરતાં લાગે છે કે સરોવર સૂકવવામાં પાપ વધુ કેમ ? સરોવર સુકવવાથી તેમાં અનેક પ્રકારનાં માછલા તથા બીજા અનેક જળચર જીવો મરી જાય છે. તેમજ પશુપંખી અને માનવોનું આશ્રયસ્થાન તૂટી જવાથી ભારે વિટંબણા થાય છે. એટલે તેનું પાપ બુધ્ધિમાં બેસી જાય છે.

(૨) ૧૦૮ ભવ સુધી સરોવર સૂકવવાથી જેટલું પાપ લાગે તેના કરતાં એક દાવાનળમાં વધુ પાપ લાગે છે. દવાનળનો વિસ્તાર જબરો હોય છે. તે વિસ્તારતા જ જાય છે. તે કોને ન ભરખી જાય તે પ્રશ્ન છે. અનેક ઝાડ-પાન, પશુ-પંખી, માનવો ખત્મ થઈ જાય છે. માટે માછલા લાગલગાટ ૫૧ ભવ સુધી મારે તો સંખ્યાતા જીવો મરે. તેનાં કરતાં અસંખ્યાત ગુણા જીવો સરોવર સૂકવવાથી મરે. તેના કરતાં દાવાનળ સળગાવવાથી તેના કરતાં અસંખ્યાત ગુણા જીવો મરે છે.

(૩) ૧૦૮ ભવ સુધી દાવાનળ સળગાવવાથી જેટલું પાપ લાગે તેના કરતાં એક કુવાણિજ્ય કરવાથી પાપ લાગે છે. જગતમાં બુધ્ધિતો અનંતા અનંત ભવની મહેનત પછી મળે છે અને તે બુધ્ધિનો દૂરઉપયોગ કરવાથી કુવાણિજ્યમાં અનંતા અનંત ગુણું પાપ લાગે છે.

(૪) ૧૪૪ ભવ સુધી કુવાણિજ્ય કરવાથી જે પાપ લાગે તેટલું પાપ એક વાર બીજાને આળ દેવાથી થાય છે. આળ દેવું એટલે સત્યરૂપી પરમેશ્વરનું ખુન કર્યા બરાબર છે.

(૫) ૫૧ ભવ સુધી કોઈને આળ દેવાથી જેટલું પાપ લાગે તેટલું પાપ પરસ્ત્રીગમનથી લાગે છે. અબ્રહ્મના સેવન સમયે મન-વચન-કાયા બગડ્યા વગર રહેતા નથી. બીજા કોઈ પાપ કરતી વખતે મનમાં પાપનો ડંખ જીવતો રહે છે. પરંતુ પરસ્ત્રીગમનનું નિષ્ઠુર પાપ, હૈયું કાળુ મેશ બનાવ્યા વગર થઈ શકતું નથી. બ્રહ્મચર્ય એટલે આત્માની રમણતા, પાંચે ઈન્દ્રિયો અને મન-વચન-કાયાના સર્વ કાર્યોને ત્યજી આત્મ તત્ત્વમાં લીન થવું. સ્વસ્ત્રી સેવનમાં જ્ઞાનીઓએ પાપ કહ્યું છે. તેનાં કરતાં અનંતગણું પાપ લાગે છે. બીજાની બુધ્ધિ-મન-હૈયાને રીબાવાનું / મલિન કરવાનું ઘોર પાપ પરસ્ત્રીગમનમાં થાય છે.

(૬) ૯૯ ભવ સુધી પરસ્ત્રીગમન કરવાથી જે પાપ લાગે તેટલું પાપ એકવાર રાત્રિભોજનથી લાગે છે. પરસ્ત્રીગમન કરતાં રાત્રિભોજનનું પાપ કેમ વધારે ? જે જીવો મરે છે તેની હિંસા થાય છે. તેમાં જીવ અદત્ત લાગે છે. તીર્થંકર ભગવાનને ના પાડવા છતાં કરીએ છીએ એટલે તીર્થંકર અદત્ત લાગે છે. રાત્રે જમવાથી વિકારની શક્યતા વધુ છે. વિકારમાં ઘણાં પાપોની શક્યતા છે. એ વિષયો પાછા કષાયો કરાવે છે. આવા અનેક પાપોની પરંપરા જીવનમાં ચાલુ રહે છે. માટે જ્ઞાનીઓએ રાત્રિભોજનમાં ઘણું પાપ કહ્યું છે.

ચલો, બોધનો ધોધ વહાવનારા સદ્બુધ્ધિને સર્જનારા દૃષ્ટાંતો વિચારીએ.

રામાયણનો પ્રસંગ છે. લક્ષ્મણ જ્યારે તેની પત્ની ઉર્મિલાથી છૂટો પડ્યો ત્યારે ઉર્મિલાએ પાછા આવવાનું વચન માંગ્યું. ત્યારે લક્ષ્મણ કહે છે જો હું પાછો ન આવું તો તું કહે તે પાપ. ત્યારે લક્ષ્મણે કહ્યુ હું પાછો ન આવું તો મને પરસ્ત્રીગમન કર્યાનું પાપ લાગે. ત્યારે ઉર્મિલા કહ્યું ના,

પરસ્ત્રીગમન કરતાં રાત્રિભોજનનું પાપ મોટું છે. તો તમે વચન આપ્યા મુજબ પાછા ન આવો તો તમોને એક દિવસનું રાત્રિભોજન કર્યાનું પાપ લાગે. વિચારો તે રામચન્દ્રજી, સીતા, દશરથ વિગેરેના ઘરમાં રાત્રિભોજન થતું ન હતું.

આવું સમજાયા પછી રાત્રિભોજન કેમ થાય ? છતાંય મન ન માનતું હોય તો રાત્રે જમતાં પહેલાં પોતાના હાથે પોતાનાં ગાલ ઉપર એક જોરથી લાફો મારવો અને વિચારવું એક લાફો સહન થતો નથી. તો નરક અને પશુ ગતિનાં દુઃખો તું કેવી રીતે ભોગવીશ ? રડતાં હૃદયે જમવું.

એક ભાઈને રાત્રે નહિ જમવાનો નિયમ હતો. નોકરીમાં શેઠને કહ્યું મારે રાત્રિભોજન ત્યાગ છે સમય થઈ ગયો છે હું જમીને આવું. શેઠે કહ્યું રજા નહિ મળે. ધર્મ શ્રવણ અને જિનવચનની અપાર શ્રધ્ધા હૈયે વસેલી હતી. આ ભાઈ ઘેર ન ગયા. દુકાન બંધ કરી ઘેર ગયા. રાત્રે ન જમ્યા. બીજે દિવસે પર્વતિથી હોઈ ઉપવાસ હતો. શેઠે કહ્યું જમવાનો સમય થઈ ગયો છે તમે જમવા જાવ. આ ભાઈએ કહ્યું મારે આજે ઉપવાસ છે. શેઠ વિચારમાં પડી ગયા. ગઈ કાલે રાત્રે આ ભાઈ જમ્યા નથી. આજે ઉપવાસ છે મેં આવા ધર્મિ આત્માને હેરાન કરી પાપ બાંધ્યું. શેઠે કહ્યું તમારે હવે મને પુછવાની જરુર નથી. તમારે સાંજે જમવાનો ટાઈમ થાય ત્યારે જમી આવવું. ત્યારબાદ થોડો ટાઈમ આ ધર્મિ આત્માએ ધંધો શરુ કર્યો. પુણ્યોદય લાખો રૂપિયા કમાયા પણ જિનપૂજા, જિનવાણીશ્રવણ, રાત્રિભોજન ત્યાગ, નિત્ય બે ટાઈમપ્રતિક્રમણ ઉપરાંત ગુપ્તદાન અઢળક કર્યું. અનેકના હૈયાનાં સાચા આશીષ મેળવી જીવનભર અનેક સુકૃતો કરી સુંદર સમાધિમરણ મેળવી ચાલી ગયા. ધર્મિ આત્મા તકલિફને તકદીર બનાવે. આફતને અવસર બનાવે.

વર્ષીતપ કરનારા, અઠ્ઠાઈ કરનારા, માસ ક્ષમણ કરનારા, પુણ્યવાનો આ ધરતી ઉપર આજે પણ વિદ્યમાન છે. રાધનપુરના સરસ્વતિબેને અઠ્ઠાઈથી વર્ષીતપ કર્યો હતો. આવું બધુ જાણ્યા પછી રાત્રિભોજન ત્યાગ કરવા મન સજ્જ ન બને તેવું બને ખરું ?

એક શેઠની દિકરી હતી. રુપવાન હતી. મોહાધીન હતી. ધર્મ કડવો લાગતો હતો. પૂજનીય ઉપકારી સાધુ. સાધ્વીજી ભગવંતોના મલિન વસ્રો દેખી તેને વારેવારે દુર્ગંછા થતી હતી. પરિણામે બીજા જન્મમાં દુર્ગંધા બની. તેની માતાના પેટમાંથી જન્મીને જેવી બહાર આવી કે શરીરમાંથી ભયંકર દુર્ગંધ વછૂટે. કોઈ એક ક્ષણ તેની પાસે ઉભું ન રહી શકે. ખાલી મલિન વસ્રો દેખી મનમાં દુર્ભાવો થવાથી આવી ગતિ અને દુઃખો વેઠવા પડે તો રોજ જરાય દુઃખ વિના મજેથી રાત્રિભોજન કરે તેને તેના વિપાકરૂપે કેવા પરિણામ ભોગવવા પડે ?

એક વખત માતાએ પોતાના દિકરાને આવેશમાં આવી કહ્યું તારા હાથ ક્યાં કપાઈ ગયા હતા. ત્યારે દિકરાએ કહ્યું મને ખાવા આવવાના સમયે તું ક્યાં ફાંસીએ ચડવા ગઈ હતી ? આવું બોલવા માત્રથી બીજા ભવમાં દિકરાને ફાંસીએ ચઢવું પડ્યું. માતાને હાથ કપાવા પડ્યા. જીભનો નાનો ગેરઉપયોગ કેવું પરિણામ આવ્યું ?

એક આચાર્ય ભગવંતને પગે દર્દ હતું. પાટે બાંધવો પડતો હતો. હવે તે પાટા સાથે મમતા બંધાઈ ગઈ. મમતાને કારણે અનાર્યદેશમાં નીચા કુળમાં જન્મ પામી ગયા. પોતાના શિષ્યો ઉચ્ચ આરાધના કરી પોતાના ગુરુ ક્યાં છે તે ઉપયોગ મુક્યો. ગુરુને તારવાની બુધ્ધિથી ત્યાં આવ્યા. પૂર્વભવ કહ્યો. ફરી દીક્ષા આપી સુંદર આરાધના કરી સદ્‌ગતિ મેળવી પરમગતિ પામ્યા. નાની ભૂલનું કેવું પરિણામ ? પાછો ધર્મના પ્રભાવે કેવી ઉન્નતી ?

પશુના ભવમાં સંસારની પરંપરા વધે ત્યાં રાત્રિભોજન હોય, આત્મવિકાસ કેવી રીતે થાય ? સમજુ બનીએ, શાણપણને વસાવીએ. ✲✲✲

## ક્રીમ વાંચન

- ❑ પૂ. આ. શ્રી સ્વયંપ્રભસૂરિએ શ્રીમાલ નગરના રાજા આદિ ૯૦,૦૦૦ ઘરોની વસતિને પ્રતિબોધ કરી જૈન બનાવેલ પદ્માવતી નગરમાં યજ્ઞ બંધ કરાવી ૪૫,૦૦૦ અજૈન કુટુંબોને જૈન બનાવેલ.
- ❑ પૂ.આ. શ્રી સુપ્રતિબદ્ધસૂરિએ સૂરિમંત્રનો એક ક્રોડવખત જાપ કરેલ તેથી નિગ્રન્થ ગચ્છનું નામ કોટીગચ્છ નામ પડેલ.

હસો : હવાલદાર ફોન ઉપર : ''સાહેબ અહીં એક માણસને ધોળે દહાડે લૂંટી લેવામાં આવ્યો છે.''
ઈન્સ્પેક્ટર : ''કોઈ હાથમાં આવ્યું ?''
હવાલદાર : હા, સાહેબ.'
ઈન્સ્પેક્ટર : ''કોણ ?''
હવાલદાર : ''જે લુંટાયો છે, તે માણસ !'' - ગુજરાત ટુડે

## માણસાઈના દીવા

**'હા મ રે શાહજોગ આપવાના'**

અ શરે ૪૫ વર્ષ પહેલાની વાત છે. અમારો **વ્યવસાય સુથારી-લુહારી** કામનો. મારા પિતા સુથારી કામ કરે. ખેતીના ઓજારો તૈયાર કરતા. ગાડા-પૈડાનું કામ કરતા. ખેતીના ઓજારો રિપેર કરવાના બદલામાં ચોમાસાની સીઝન પુરી થાય એટલે ખેડૂત તરફથી વર્ષે એક માણ અનાજ આપવામાં આવતું. જુની બાર્ટર સીસ્ટમ તે વખતે પ્રચલિત હતી.

આવા એક ઘરાક નામે નાથા ખાંટ જેને અમો નાથાકાકા તરીકે ઓળખતા હતા, તેઓ અમારી કોઢમાં ખેત ઓજાર-સમારકામ માટેઆવતા.

નાથાકાકા ગામના છેવાડા ફળિયામ - ટેકરાવાળા ફળીયામાં તેમના માટીથી બનાવેલા એક ઓરડો અને પરસાળવાળા ઘરમાં રહેતા. તેમના પત્ની 'જીવીકાકી' તથા એક પુત્ર મોતીભાઈ રહેતા હતા. મોતીભાઈ મોટો થતાં કોઈ વતનદાર - શાહુકારને ત્યાં બહારગામ 'સાથી' તરીકે કામ કરવા ગયેલા. તેથી આ નાથાકાકા અને કાકી પંડે એકલા જ રહેતા, નાની ખેતી કરતા, જીવીકાકી-ભેંસો રાખે-વલોણું કરતાં. વલોણાનો 'વાંસ' લઈ તેના સમારકામ માટે તે પણ અમારે ઘેર આવતાં. ઘરડા-બોખા દાંતવાળા જીવીકાકી બા સાથે બેસવા પણ આવતાં. ઘરડાં 'જીવીકાકી'ને તેમના પતિ નાથાકાકા સાથે ગોઠે નહિ. બે જીવ પંડે **એકલાં છતાં** ચડભડ ચાલે. ઘરમાં પણ એક બીજા સાથે કાંઈ બોલે નહિ.

જીવીકાકી પણ બા સાથે બેસવા આવે ત્યારે ડોસા સાથેની ચડભડ અને પજવણીની વાત કાઢી હૈયાવરાળ કાઢતાં. નાથાકાકાની ઉંમર મોટી. કાકીને થતું કે આ ડોસો મને ઘર ચલાવવા કોઈ રકમ આપશે કે કેમ ? તેવો અંદેશો રહેતો. કાકી વલોણું કરે અને ઘી વેચી પાઈ પાઈ ભેગી કરે. પંડે કસર કરી પૈસો બચાવે તેવો કરકસરીયો જીવ.

ગામના છેવાડા માટીના ઘરોમાં તસ્કરોની બીકથી સલામતી નહિ તેથી ઠાકોર કોમના લોક તસ્કરો-ચોરથી બચવા તેમના દરદાગીના કે ટૂંકી મૂડી ગામના શાહુકાર કે પ્રતિષ્ઠિતોને ઘેર મુકતા હતા. જીવીકાકી પણ તેમની પાઈપાઈની સાચવેલ બચતના રૂા. ૧૦૦/- (૫૦વર્ષ પૂર્વના) તથા ઘરેણાં, બશેર ચાંદીના કલ્લાં તથા સોને મઢેલ હાંસડી વિ. નાથાકાકાથી છાનેછપને અમારે ઘેર મૂકી ગયેલા, જે બાએ સાચવીને લાકડાના પટારામાં ડબ્બામાં અલગ રાખેલાં. આવા કેટલાંક ખેડૂતોની અનામતો આ રીતે અમારે ત્યાં સચવાતી.

બન્યું એમ કે, જીવીકાકી તો ઓચિંતા એક દિવસની ટૂંકી માંદગીમાં જ મોટા ગામતરે ઉપડી ગયાં. છેવાડા ઘરના આ અવસાનની જાણ મારા પિતાજીને થઈ ''નાથા-ખાંટના પત્ની જીવી ડોશી ગયાં'' ગામમાં સમાચાર તુરત પ્રસરી રહ્યા. બેએક દિવસ બાદ હું જ્યારે અમદાવાદ કોલેજમાં ભણતો ત્યાંથી ઘેર આવ્યો ત્યારે મારા પિતાજીએ મને કહ્યું, ''ચાલ, મારી સાથે'' કહી એક પીતળનો ગોળ ડબ્બો ભરેલી થેલી મને આપી સાથે આવવા કહ્યું.

શિયાળાના બપોર પછીનો સમય હતો. નાથાકાકા ટેકરીવાળા ફળિયામાં રૂમાલથી કેડ બાંધી ઊંડે ઉતરી ગયેલ આંખોવાળા નિસ્તેજ ચહેરે નાની ખાટલીમાં સૂતા હતા. અમોને આવેલ જોઈ નાથાકાકા સફાળા બેઠા થયા, ''આવ - હરાભાઈ'' (પિતાજીને કેટલાક ગામલોક 'હરાભાઈ' નામથી કહેતા). હું પણ નાનકડા ખાટલાની ઈસ પર બેઠો. બન્ને બુઝુર્ગો થોડીવાર શાંત બેઠા. ડોસીના મૃત્યુના શોકગ્રસ્ત

વાતાવરણથી થોડી ગમગીની છવાયેલી અનુભવાતી હતી. પિતાજીને ડોસા-ડોસીના અણબનાવની ખબર એટલે પિતાજીએ કહ્યું, ''ડોસી તો ઓચિંતા જ ગયા! કેમ નાથજી? ના કોઈ માંદગી, ના કાંઈ દર્દ!''

''હા, ભાઈ એમાં આપણું ક્યાં કંઈ ચાલે? પણ મૂંઈ માંદી ના રહી. મારી ચાકરી પણ ન માંગી. તેને વિશ્વાસ નહિ ને કે હું તેની સાથે ઝઘડો એટલે ચાકરી ન કરૂં તો? તેથી ઓચિંતી મોટા મારગે હેંડતી થઈ!'' નાથાકાકાએ જમણા હાથની આંગળી ઊંચે બતાવી ઈશ્વરના મોટા ઘર - આકાશ તરફ ઈશારો કર્યો, ''નાથાભાઈ, મરતાં મરતાં, ડોસીએ કાંઈ કહ્યું છે ખરું?'' પિતાજીએ પ્રશ્ન કર્યો. ''ના હરાભાઈ, વાત કરવાનો મોકો જ ન આપ્યોને, છાણકા સાથે છોકરાનું ધ્યાન રાખવાનું કહી હાલી નીકરી.'' નાથાકાકાએ જવાબ આપ્યો.

''કોઈ લેવડ -દેવડ પૈસાની વાત કરી નથી?'' મારા પિતાજીએ પૂછ્યું અને ઉમેર્યું કે 'ડોસી મારી પાસેથી થોડા પૈસા ઉછીના લઈ ગયા છે. તમને કહ્યું છે?''

નાથાકાકાએ, તુર્તજ નિર્લેપભાવે અને કોઈ જાતના આશ્ચર્ય વિના જવાબ આપ્યો - ''ભલે લઈ ગઈ, મારે શાહજોગ આપ્યાના. કેટલા છે બોલ!''

મારા પિતાજીને ડોસા-ડોસીના અણબનાવનો ખ્યાલ હતો તેથી અડછડતાં જ આ વાત કહી હતી કે જોઉ તો ખરો નાથજી શું કહે છે?

પણ કેવી નાથાકાકાની દિલદારગીરી અને બંનેના અબોલા હોવા છતાં પરસ્પરની જવાબદારી નીભાવવાની આ અભણ ડોસાની ક્વી તત્પરતા!

> **ના, પુણ્ય પરવાર્યું નથી**
>
> **જેને ધરમ, કરમ અને તત્ત્વની ચર્ચામાં રસ નથી, પણ બને એટલું સન્માર્ગે ચાલવાની ખેવના છે, એવા સામાન્ય માણસોના ખમીર અને ખુમારીની, નેક, ટેક અને દિલાવરીની સત્ય ઘટનાઓ અત્રે રજૂ કરી છે. વાચકો પણ આવી સત્ય ઘટનાઓ મોકલી શકે છે.**

મારા પિતાજીએ શાંતિથી કહ્યું, ''ડોસીએ તમોને કોઈ વાત કરી નથી કે કોઈ જણશ-રકમ ક્યાં મૂકી છે?''

નાથાકાકાએ જવાબ આપ્યો, ''ના હરાભાઈ, તારા સમ મને કાંઈ વાત કરી નથી.''

મારા પિતાએ જણાવ્યું, ''ડોસી-જીવીકાકી તમારાથી છુપાવી મારે ત્યાં રૂા. ૧૦૦/- અને ઘરેણાં ચાંદીના કલ્લાં અને સોનાની હાંસડી મૂકી ગયેલા છે!''

નાથાકાકાએ તુરત જ જવાબ આપ્યો, ''તું જાણે અને ભગવાન જાણે! બાકી કોઈ પૈસા જેટલા લઈ ગઈ હોય તો બોલજે. આના પૈસા સાથે આપીશ. ભલે ડોસી મારી સાથે બોલતાં ન હતાં પણ જવાબદારી તો મારી છે ને?''

પિતાજીએ મારા હાથમાંથી થેલી લઈ ઘરેણાંનો ડબ્બો અને તેમાં જુના જમાનાની રૂા. ૧૦ની દસ નોટ જીવ કાકીએ આપેલા હતા તેવા જ અકબંધ નાથાકાકાને સુપ્રત કર્યા. ત્યારે તેમની આંખમાં તેમની પત્નીની યાદમાં આવેલ ઝળઝળીયાં હું ભાવવિભોર થઈ નીરખી રહ્યો!

નાથાકાકા ધીમેથી નમ્રભાવે બોલ્યા, ''હરાભાઈ, ડોસીએ તારે ત્યાં મૂકેલી રકમો તેં પાછી આપી, તેં પાછી આપી તેની ન નહિ, મને તમારી પર ભારે વિસવા (વિશ્વાસ) કે તમારે ત્યાંથી કોઈ રકમ ક્યાંય જાય નહિ. પણ કોઈ છાનેમાને ડોસીને તે પૈસા આપ્યા હોય તો બોલજે હું આપવાવાળો બેઠો છું.''

આ બોલ સાથે નાથાકાકા મારા પિતાજી સામે અહોભાવની નજરે જોતા રહ્યાં. હું પણ નાથાકાકાની ધર્મપત્નીના મૃત્યુ પછી પણ વ્યવહારિક જવાબદારી અદા કરવાની કર્તવ્યપરાયણતાભરી ખુમારી અને નિખાલસ ખેલદિલીને મનોમન વંદી રહ્યો.

—પૂનમભાઈ પંચાલ

(ગુજરાત સમાચાર, તા. ૧૧-નવેમ્બર ૨૦૦૧)

# स्वनिर्मित नेता १०० करोड़ के फेर में

जोधपुर / ३०-१०-२००१

ापकी पत्रिका अक्टूबर २००१ में जैन महासभा के महास‍ि व, भगवान महावीर २६००वां जन्म कल्याणक महोत्सव महासमिति के सदस्य एवं महावीर मिशन के सम्पादक श्री रतन जैन की 'दस्तक' पढ़ने को मिली। सर्व प्रथम तो मैं इस बात के लिये धन्यवाद देना चाहता हूँ कि आपने ऐसी सामग्री प्रकाशि‍ कर न केवल साहस का परिचय दिया है अपितु जैन समाज ‍ अग्रणीय नेताओं की पोल खोल दी है। यह शतप्रति ात् सत्य है, कि हम अपने आचार्यों के आशीर्वाद बिना प्र ति नहीं कर सकते। वर्तमान महोत्सव महासमिति ने हमारे स ाधु-वर्ग को भुला दिया है तथा अपनी ख्याति अर्जित करने मे लगे हैं। महावीर जयन्ती से अब तक की कार्य श्रृंखला ों में हमारे आचार्यों की कितनी भूमिका है, यदि इसका मूल्यांक । किया जाए तो सम्भवत: उत्तर शून्य ही होगा। जो समाज ‍पने धर्मगुरुओं / आचार्यों के मार्ग-दर्शन से नहीं चलता, वह प्रगति नहीं कर सकता।

मारे स्वनिर्मित नेता १०० करोड़ के चक्कर में फंस गये हैं। वे नहीं जानते कि इससे कई गुणा राशि प्रति वर्ष जैन समाज ‍वल जन उपयोगी कार्यों में खर्च करता है। इसमें धार्मिक ‍ार्यों पर खर्च की जाने वाली राशि जोड़ दी जाए तो वह अर ‍ं-खरबों में होगी। हमारे आचार्यों के मात्र इशारे पर करोड़ों ‍पये खर्च हो जाते हैं तो जैन समाज को इन १०० करोड़ व ‍ मोह त्याग देना चाहिये। ये दिखावटी नेता स्वत: ही शान्त ह‍ जायेगें।

‍म महावीर की सन्तान हैं। हम सब समृद्धशाली हैं। धार्मिक ‍्रिया - कलापों से ओत-प्रोत हैं। यदि हमें भगवान महावीर का सच्चा २६०० वां जन्म कल्याणक वर्ष मनाना है तो हमें ‍रकारी मदद की और से मुँह मोड़ लेना चाहिये तथा हमे अ‍ ‍ी यथाशक्ति हेतु कार्य करना चाहिये। जैनाचार्यो से मार्ग-‍ ‍ेशन प्राप्त कर योजनायें बनानी चाहिये। धार्मिक प्रवृतिय‍ बढ़ानी चाहिए। अहिंसा सर्कल या अहिंसा द्वार का निर्माण ‍ो हम स्वयं अपने धार्मिक स्थानों के आस-पास कर सकते है अतएव इसमें सरकारी सहयोग की क्या आवश्यकता हैं? नाकोड़ा तीर्थ के प्रवेश पर बना अहिंसा द्वार इस का ‍ीता जागता उदाहरण है। यदि हम सरकार की और हाथ ‍ैलाये अब तक नहीं रहते तो बीते सात माह में अधिक कार्य ‍रते। फिर बीते सात माह में हमने क्या पाया? केवल स‍ारी आश्वासन कि १०० करोड़ रुपये दिये जायेंगे!

महोत्सव महासमिति बीते सात माह का सच्चे ह‍य से मूल्यांकन करें तथा आचार्यो के समक्ष जाकर अपनी भू‍ों के लिये प्रायश्चित करें। मेरी दृष्टि में सरकार की कथन‍ एवं करनी में भारी अन्तर है। सरकार अपनी वोटों की राजनी‍ति से सभी धर्मानुयाइयों को खुश रखना चाहती है। इस जन्म कल्याणक वर्ष को सरकार ने ''अहिंसा वर्ष' घोषित ‍िया। किंतु इसके विपरीत सरकार इसी वर्ष में मांसाहा‍ हेतु कत्ल-कारखाने खोलने का लाइसेंस जारी कर रही है, ‍नको अनुदान देकर प्रोत्साहित कर रही है, मांस निर्यात का लक्ष्य बढ़ा रही है, सरकारी प्रीतिभोजों में मांसाहार परोसा जा ‍ा है, क्या यही है अहिंसा वर्ष की सार्थकता?

धर्म प्रेमी बन्धुओं! यदि आप महावीर की सन्तान हैं तो भूल जाइये इस सरकार के अनुदान को और जाइये जैन‍ाचार्यो के समक्ष और उनके बताये गये मार्ग पर चलिए। ‍पनी श्रद्धानुसार धार्मिक गतिविधियाँ करें तथा बचे हुए पाँच ‍ाह में आचार्यो के निर्देशानुसार कार्य करके इस सरकार को ‍ता दें कि हमें १०० करोड़ के बदले कत्ल -कारखाने नहीं खु‍लवाने हैं। हम अहिंसा में विश्वास रखते हैं तथा उन्हीं कद‍ों पर जीवन के अन्तिम क्षण तक चलते रहेंगे।

प्रो. रतन जैन सहित अन्य महोत्सव महासमिति के स‍दस्यों से अनुरोध है कि वे भी इस पर गहन चिन्तन करें तथा ‍पनी भूलों / त्रुटियों के लिये आचार्य श्री के समक्ष प्रायश्चित ‍करके मुख्य धारा से जुड़ें। मेरा समस्त जैनाचार्यो से भी अनुरो‍ध है कि वे इस स्थिति पर गहन मनन कर समाज को सही मार्गदर्शन दें।

(स्थूलभद्र ‍देश)

- मिटठुलाल डागा

# પરિમલ

**- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

❖ મિથ્યાત્વ મોહની સત્તા ઉઠે તો જ અધ્યાત્મ ભાવ આવે. તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત ગમે, નહિ તો પૈસા-ટકા, દુનિયાની મોજ મજાદિ માટે જ ધર્મ થાય.

❖ જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ થાય તો ય સત્યાનાશ કાઢે.

❖ દુનિયાના પૈસાદિ માટે મંદિરમાં જવું તે ય પાપ!

❖ શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે, નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.

❖ સમ્યગ્દષ્ટિ તેને જ કહેવાય કે જેની દષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ.

❖ જે ભવને ભયંકર ન માને અને ભદ્રંકર માને તે ધર્મને લાયક નથી, ધર્મ માટે તે અનાધિકારી છે. ધર્મીપણું એનાથી વેગળું છે. માણસાઈ વિનાના માણસ જેમ નકામા છે તેમ ધર્મ વગરના કહેવાતા ધર્મી પણ નકામા છે.

❖ સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ-છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાન્તની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ.

❖ જ્યારે જ્યારે નવી વાત આવે ચાલે ત્યારે સત્ય શું છે, અસત્ય શું છે તે જાણવાનું મન ન થાય, સમજવાનું મન ન થાય, સમજ્યા પછી સાચું કરવાનું અને ખોટું છોડવાનું મન ન થાય તે બધા મિથ્યાત્વના પ્રેમી છે!

❖ મોક્ષની ઈચ્છા વગરનાને ધર્મમાં મજા ન આવે તેને તો પાપમાં મજા આવે.

❖ જેને ભગવાન મલી જાય, ભગવાનનો માર્ગ ગમી જાય તેણે જ આ કલ્યાણક બરાબર ઉજવ્યા કહેવાય. ભગવાન આપણા હૈયામાં આવવા જોઈએ ભગવાનની એક એક આજ્ઞા આપણા હૈયામાં અંકિત થવી જોઈએ. તેમાં પહેલાં મિથ્યાત્વને કાઢવાનું છે, સમ્યકત્વ મેળવવાનું છે. મિથ્યાત્વ પર ગુસ્સો આવવો જોઈએ અને સમ્યકત્વ પર પ્રેમ થવો જોઈએ.

❖ તને વળગેલી લક્ષ્મી તારો સત્યાનાશ કાઢનારી છે એમ ભગવાને પહેલાં જ કહ્યું. બીજા નંબરે ભોગને ભૂંડા કહ્યા, ત્રીજા નંબરે દુનિયાના સુખની ઈચ્છાને ભૂંડી કહી અને ચોથા નંબરે દુનિયામાં જે કાંઈ પણ સારૂં તેને ભૂંડુ કહ્યું. આ બધી ઈચ્છાઓ ક્યારે જાય? જ્યારે આખો સંસાર ભૂંડો લાગે ત્યારે.

❖ ભગવાન મહાવીરને સમજ્યા હોઈએ તો સંસાર કાળા કેર જેવો લાગવો જોઈએ. ધર્મ જ એક સારામાં સારી ઉત્તમ ચીજ લાગવી જોઈએ એવા જીવોનું જ કલ્યાણ થવાનું છે. ધર્મ કરતા હોય પણ હૈયા ભૂંડા હોય તો તેનું કદી કલ્યાણ થવાનું નથી.

**જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)**
**C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી**
**તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી**
**છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.**

8667

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

**દુઃખનું બીજ શું?**

दुःखानां बीजमघं, तपसैव,
क्षीयते न मरणेन।
तदिदं हेयं देहं,
सफली क्रियतां तपश्चरणैः ॥

(શ્રી ઉત્તરા૦ અધ્ય. ૧૩, શ્લો. ૩ ની ટીકામાંથી)

દુઃખોનું કારણ પાપ છે અને તે માત્ર આજ્ઞા મુજબના તપથી જ ક્ષીણ થાય છે પણ આત્મ ઘાતરૂપ મરણથી નહિ. તેથી આ શરીર પણ ત્યાગ કરવા લાયક છે. છોડવાનું છે તો તેને તપ અને ચારિત્ર વડે સફળ કરવું જોઈએ.

વર્ષ ૧૪ અંક ૨૮

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન

અઠવાડિક

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९



આ મહોલ્લામાં અમે જ દોરીસંચાર કરીએ છીએ એવી ચૂંટણીપ્રસંગની ટગ ઓફ વૉર હરીફાઈ નથી ચાલી રહી. કોઈ એક પાર્ટીવાળાને ધ્વજ લહેરાવવા માટે બોલાવીએ તો બીજા પક્ષવાળા નારાજ થાય તેથી એવો રસ્તો કર્યો કે ધ્વજવંદન વખતે પવિત્ર દોરી બધા પાર્ટીવાળાના હાથમાં રહે.



આ દરજી કેવો ચાલાક છે. બુશશર્ટની સિલાઈમાં ભૂલ થઈ તેથી એવું બહાનું કહે છે કે વિશ્વની એક મહાસત્તાના [illegible] હાલ આપણા પડોશી દેશનાં કરતૂતો પ્રત્યે આંખ આડા કાન કરે છે. તેવી ફેશનનું આ બુશશર્ટ તૈયાર કર્યું છે. જેના કોલર ગ્રાહકને આંખ અને કાનની આડે આવ્યા કરે.



આપણે છવ્વીસમીની ઉજવણી માટે યોજેલા સમારંભમાં મંડળના આગેવાનને મોટા કદનો ચંદ્રક એનાયત કર્યો. તેનો આકાર પતંગ જેવો હોવાથી એવી ગેરસમજ થાય છે કે આ નેતા ચૂંટણી વખતે એકમાંથી બીજા જૂથમાં ગુલાંટ માર્યા કરે છે તેથી મંડળવાળાએ તેમને પતંગશ્રીનો ખિતાબ આપ્યો.



તમારા પક્ષવાળા ક્યા વોર્ડમાંથી ચૂંટણી લડશે તેની આ યાદી નથી. એકબીજા સામે આક્ષેપ બાજીનાં યુદ્ધ ખેલીને માનસિક રીતે અસ્વસ્થ બની ગયેલા ક્યા પક્ષવાળાને સારવાર માટે હોસ્પિટલના કયા વોર્ડમાં રાખવા પડ્યા છે તેની આ યાદી છે.

(કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ)

## ❖ સમજુ બનો ❖

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ ૧૪) *સવંત ૨૦૫૮ ફાગણ વદ ૫ મંગળવાર તા. ૨-૪-૨૦૦૨ (અંક : ૨૮

## પ્રવચન – બાવનમું

### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૯, બુધવાર, તા. ૧૬-૯-૧૯૮૭,
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦ ૦૦૬.

**પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

*ગતાંકથી ચાલુ...*

(શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)

ખરેખર, હે રાજન્ ! જે આત્માઓ એવા અવિવેકી અને રાગાદિથી ભરેલા જ નથી હોતા, તે આત્માઓની દશા ઘણી જ ઉત્તમ હોય છે. અને એવી ઉત્તમદશાના કારણે, કર્મસંયોગે ભોગોને ભોગવીને અને તે પછી તેનો ત્યાગ કરીને તેવા પ્રકારનાં ઉત્તમ અનુષ્ઠાનોની આરાધનાથી પ્રમોદને પામતા અને પવનની માફક અપ્રતિબધ્ધપણે વિહાર કરનારા બનીને પક્ષીઓની માફક ઇચ્છા મુજબ વિચરે છે.

પણ હે રાજન્ ! મોહનો વિલાસ કોઇ કારમો જ છે. એ જ કારણે હે આર્ય ! મારા અને આપના હાથમાં આવેલા આ શબ્દાદિ વિષયો કે જેની આપણે અનેક ઉપાયો દ્વારા રક્ષા કરીએ તો પણ તે તો સ્વભાવે કરીને અસ્થિર હોવાથી કંપે છે. જ્યારે કારમા મોહના વિલાસને આધીન થયેલા આપણે તો એવા નાશવંત વિષયોમાં પણ એવા આસક્ત રહીએ છીએ કે- એનાથી એક સહેજ પણ કંપતા નથી. એ હેતુથી, હે રાજન્ ! એવા કારમા મોહવિલાસનો ત્યાગ કરીને આપણે પણ પુરોહિત આદિએ જેવી રીતિએ આ વિષયોની ચંચળતાને જોઇને એ વિષયોનો ત્યાગ કર્યો, તેમ આપણે પણ ચંચળ એવા શબ્દાદિ વિષયોનો ત્યાગ કરશું અને સંયમપંથે વિહરશું.

વળી હે રાજન્ ! આપ એવી માન્યતામાં મહાલતા હો કે- 'અસ્થિર એવા પણ કામો સુખના હેતુ તો છે જ, માટે શું કામ તેનો ત્યાગ કરવો ? તો એ પણ ઠીક નથી. કારણ કે- એમાં સુખની કલ્પના કરવી એ પણ ભ્રમ છે. માટે આપણે તો ધન - ધાન્યાદિ સઘળાય સંગના હેતુઓને તજીને નિ:સંગ થયા થકા અપ્રતિબધ્ધપણે વિચરશું. કારણ કે- સંગ એ જ દુ:ખનું કારણ છે અને નિ:સંગતા એ જ શાશ્વત સુખનું કારણ છે. એમ આપણે આ દુનિયામાં પણ દૃષ્ટાન્તપૂર્વક જોઇ શકીએ છીએ કે- જેમ માંસવાળા પક્ષીને અન્ય પક્ષીઓ દ્વારા આપણે પીડાતું જોઇએ છીએ અને એ જ પક્ષી જ્યારે માંસહીન બની જાય છે, ત્યારે તેને કોઇ જ પીડતું નથી એમ પણ આપણે જોઇએ છીએ.

વળી હે રાજન્ ! માંસથી ભરેલા ગૃધની છે ઉપમા જેને એવા શબ્દાદિ વિષયો સંસારને વધારનારા છે - એમ જાણીને, આપ ઘણી જ સાવધાનીથી વર્તો. ગરૂડના દર્શનથી ભયભીત બનેલો સર્પ જેમ ગરૂડની આગળ અવાજ ન થાય એવી રીતિએ થોડું થોડું ચાલે છે. તેમ આપ પણ એવી રીતિએ યતનાપૂર્વક ઉત્તમક્રિયાઓમાં પ્રવર્તો કે જેથી ગરૂડ જેવા વિષયોથી આપને સહજ પણ બાધા ન થાય. એટલું જ નહિ પણ હે રાજન્ ! હાથી જેમ બંધનના દોરડાને છેદી નાખીને વિન્ધ્યાટવી નામના પોતાના સ્થાને ચાલ્યો જાય છે, તેમ આપ પણ આપના આત્માને લાગેલા કર્મનાં બંધનોને છેદી નાખીને શુદ્ધ જીવના સ્થાનરૂપ જે મુક્તિમાં પહોંચી જશો.

આ હિતકારી વાત મેં જે આપની સમક્ષ કહી તે, હે મહારાજા ઇષુકાર ! મેં મારી જ બુદ્ધિથી નથી કહી, પણ એ હિતકારી વાત મેં સાધુપુરુષો દ્વારા સાંભળેલી છે.

આર્ય રાજરમાણીના આવા અનુપમ ઉપદેશથી ઇષુકાર મહારાજા પ્રતિબોધ પામ્યા. અને વિપુલ રાજ્ય તથા દુસ્ત્યજ કામભોગોનો ત્યાગ કરીને વિષયરહિત બનેલ, એ જ હેતુથી રાગના કારણથી રહિત બનેલ તે રાજા અને રાણીએ શ્રુતચારિત્રરૂપ સમ્યગ્ધર્મને જાણીને, કોઇના પણ પ્રતિબન્ધથી રહિત બનેલ અને કોઇપણ વસ્તુ ઉપરની મૂર્ચ્છાથી પણ રહિત બનેલ તે બે એ શ્રેષ્ઠ કામ ગુણોનો ત્યાગ કરીને પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો અને કર્મશત્રુઓના જય માટે ઘોર તપને કરવા લાગ્યા.

આ રીતિએ ધર્મપરાયણ બનેલા તે છ યે પુણ્યવાન આત્માઓએ દીક્ષાને અંગીકાર કરીને, તપોમય સુંદર જીવન જીવીને, સર્વદુ:ખના અન્તરૂપ એકાન્તે અનન્ત સુખમય મોક્ષને પામ્યા.

આરાધીને આવેલા જીવોને નિમિત્ત મલવું જોઇએ. તમે પણ આરાધના કરીને આવ્યા છો ને ? નિમિત્ત સારાં મળ્યાં છે કે ખરાબ ? તમને શું શું ભાવ પેદા થાય છે ? આ બધી ધર્મક્રિયાઓ કરો છો તો તે ગમે છે ખરી ? ધર્મક્રિયા પણ કોને ગમે ? જેને સાધુપણું જોઇએ તેને. જેને ધર્મનો ખપ ન હોય તે ધર્મક્રિયા કેમ કરે ? આજે ઘણાને મંદિરમાં કેમ પેસવું, દર્શન કેવી રીતે થાય તેની ય ખબર નથી. સમજવાણનો ખપ નથી. સમજાવે તો સમજવું નથી. પૂજા કરનારને સમજાવીએ કે, આવી આવી અવિધિ ન થાય, આમ પૂજા ન થાય તો તે કહે કે, કાલથી પૂજા નહિ કરીએ.

મને ઉપદેશ આપતાં વર્ષો થયાં છે. મેં ઘણી વાર ઘણે ઠેકાણે કહ્યું છે કે - તમે બધા ઘર-પેઢી ચલાવો છો, છોકરા છોકરી પરણાવો છો અને મફતના પૈસે પૂજા રો છો તો તેની પૂજા કિંમતી નથી, તેની પૂજા તે પૂજા નથી, છતાં ય મોટોભાગ એમને એવો રહ્યો છે તેને પૂજા શું લાભ કરે ? દ્રવ્યપૂજાની આજ્ઞા શા માટે કરી છે ? લક્ષ્મીની મૂર્ચ્છા ઉતરે માટે. આ[illegible]રાથી દ્રવ્યપૂજા ન થાય. શાસ્ત્રે તો કહ્યું છે કે, શ્રાવક વધારે પૈસાવાળો હોય તેમ તેની પૂજા વધારે સારી હોય. જેની પૂજાની સામગ્રી ઊંચી હોય તો સમજાય કે આ ભગવાનનો ભગત લાગે છે. આજે પૂજા કરનારમાં સુખી કોણ અને દુ:ખી કોણ - તે શી રીતે ઓળખવા ? સંસારના સુખ ના અર્થી ભગવાનની જેવી ભક્તિ કરે છે તેવી તમે નથી કરતા. તમે કેવી રીતે પૂજા કરો છો ? તમારી સંસારની આસક્તિ એવી છે કે છતી શક્તિએ મફત પૂજા કરો છો. પૂજામાં એક પૈસો ન પર ખાવો તેવી લુખી તમારી ભાવના છે !!

તમે બધા સમજુ અને શાણા બનો તે માટેની આ મહેનત છે. આડા - અવળા પ્રશ્નો કરી ખોટી વાતને સિદ્ધ ન કરો, સાચી વસ્તુ સમજો. ધર્મ તો રોજ કરવાનો છે. જેની પાસે ધન હોય તો તેનો પહેલો ઉપયોગ દાન છે. ભોગ કરવો તે પાપ છે. સંગ્રહ કરવો તે તો મહાપાપ છે. બેંકના નાણાથી આનંદ પામો તો પાપ લાગે કે ધર્મ થાય ? જેની પાસે ખૂબ પૈસા છે અને જે મોજમઝાદિ કરે છે તે બધા પાપ કરે છે કે પુણ્ય કરે છે ? આ બહુ મોટો શ્રીમંત છે તેમ સાંભળી ફુલાવ છો પણ જેની પાસે ઘણો પરિગ્રહ હોય તે પાપ કહેવાય કે ધર્મ ? તેનું દાન વખાણાય કે મૂડી ? તમે તો તેના પરિગ્રહ વખાણો છો. તેવો પરિગ્રહ મને પણ ક્યારે મળે તેમ થાય છે તેવો પરિગ્રહ મળે તેની મહેનત પણ કરો છો. તમને તેનો પરિગ્રહ જેટલો ગમે છે તેટલું કોઇનું દાન નથી ગમતું. કોઇ સારું દાન કરે તો દાન કરવાનું મન થાય છે ?

સભા :- અનુમોદના કરીએ.

ઉ. :- સાચી અનુમોદના પણ કોને કહેવાય ? તમારા કરતાં ઓછી શક્તિવાળો ધર્મનું સારું કામ કરે તો થવું જોઇએ કે-કેવો ભાગ્યશાળી છે અને હું કેવો નિર્ભાગી છું ! તે અનુમોદનાથી કરતો થાય તો તેની અનુમોદના સાચી. અનુમોદના કરનારો જેમ જેમ શક્તિ આવે તેમ તેમ દાન ન કરે તો તેની અનુમોદના બનાવટી છે, લોકોને ઠગનારી છે.

પ્ર. - દાનાંતરાય નડતો હોય તો ?

ઉ. - દાનાંતરાય નડે તેનું દુ:ખ છે ? ઇચ્છા હોય કે ન હોય પણ દાન દેવાની ટેવ પાડવી જોઇએ તેમ મનમાં થયું છે ?

મેં મારા જીવનમાં એવા પણ જીવો જોયા છે કે જે પોતે ન બોલી શકે પણ મિત્રને કહે કે- 'મારી શક્તિ જાણે છે, ત્યાં સુધી બોલ જે હું આપી દઇશ.' બાર મહિને એક દા'ડો દાનનો પ્રસંગ ન આવે તો થાય કે- વર્ષ વાંઝીયું ગયું ! રોજ દાન કરવાનું મન થાય ?

— ક્રમશ:

# ઢાલની બે બાજુ

## પચીસ હજારની હુંડી

(વીરશાસન, વર્ષ-૧૧, અંક-૨૦ માંથી સાભાર)

આજે દેવદ્રવ્યનો તે સિવાયના બીજાં-બીજાં એક-બીજા ખાતામાં જરૂર પ્રમાણે જે રીતના ઉપયોગ થઈ-કરાઈ રહ્યો છે. હવાલા નંખાઈ રહ્યા છે. તેના કારણે દેવ દ્રવ્યના ભક્ષણનં જાણતા કે અજાણતા દોષ લાગે છે તે વાત લગભગ ભૂલી-ભૂલાઈ જવાઈ છે. તે કાળમાં આ દષ્ટાન્ત દિશાસૂચક-માર્ગદર્શક બનશે તેવી આશા અસ્થાને નહિ ગણાય.

શાંત ચિત્તે વાંચી - વિચારી તેનો પરમાર્થ આત્મસાત્ કરવા વિનંતિ. સંપા૦)

(૧)

રીખવદાસ શેઠ અહમદનગરના એક ધનાઢ્ય વ્યાપારી હતા. તેઓની ઠેકાણે ઠેકાણે પેઢીઓ ચાલતી હતી અને ધીકતા ધંધામાં તેઓ સારી સમ્પત્તિ પ્રાપ્ત કરી શકયા હતા. સમ્પત્તિની સાથે યશોદેવીની પણ કૃપા થઈ હતી અને તેમના સૌજન્યને માટે નગરજનો નિરન્તર માનભર્યા શબ્દો ઉચ્ચારતા તેઓના પિતા તેમને બાલકાલમાં તેમના જ કર્મના વિશ્વાસ ઉપર છોડી ગયા હતા. માત્ર વારસામાં એક અનુપમ વસ્તુ રીખવદાસને મળી હતી. સ્વર્ગસ્થ પિતાની ધર્મપરાયણતાના મળેલા એ વારસાને રીખવદાસ વિપુલ સંપત્તિ અને સુવિશાલ યશસ્વિતા પ્રાપ્ત કરવા છતાં, પૂર્ણ અનુરાગથી જાળવી રહ્યા હતા. અથવા તો એ વારસામાં મળેલી ધર્મપરાયણતા વધારે દીપ્તિમાન બની હતી. આજ કારણે તેઓને શ્રી શાંતિનાથજીના અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના મન્દિરનો વહીવટ શ્રી સંઘે સોંપ્યો હતો. શ્રી જિનમન્દિરોની આવક યોગ્ય માર્ગે વધારવામાં અને એનો સદુપયોગ કરવામાં તેઓ પોતાની શક્તિને દક્ષતાં એવી રીતે ખર્ચતા કે કદિપણ શ્રી સંઘને શંકા ય ઉપસ્થિત થઈ ન્હોતી કે કોઈએ વહીવટ પણ તપાસ્યો ન્હોતો.

ભોજનાદિથી પરવારીને શેઠ નીચે પેઢીમાં પધાર્યા. નોકરે તેમના ન્હાનકડા પુત્રને પણ લાવીને ગાદી ઉપર બેસાડ્યો. એટલે મુનીમ હાથમાં પચીસ હજારની હુંડી લઈને આવ્યો.

'શેઠ! આનું શું કરવું છે? હુંડી આવતી કાલે તો સ્વીકારવી જ જોઈએ અને તે પહેલાં આવડી મ્હોટી રકમ એકઠી કરવી મુશ્કેલ છે. અને આજ સુધીમાં આપણે બીજા કોઈ વ્યાપારીને ત્યાંથી રૂપીયા મંગાવ્યા નથી. જ્યારે જોઈએ ત્યારે તેઓ લઈ જાય છે, તો આપણે મંગાવવા એમાં આપણી પેઢીની ઈજ્જતને માટે સારૂં નહિ.'

રીખવદાસ શેઠ સંપત્તિશાલી તો હતા જ, પરંતુ રોકડ રકમ કાંઈ પેઢીમાં પડી રહે છે? વ્યાપારમાં રોકાયેલા હતા. અને કલકત્તાની પેઢીને આણધાર્યું નુકશાન જવાથી શેઠ ઉપર જ સીધી પચીસ હજાર રૂપીઆની હુંડી લખી હતી. મુનીમે કહેલી વાત તેઓએ શાંતિથી સાંભળી અને વિચારમાં ગરકાવ થઈ ગયા. પણ એક દિવસમાં પચીસ હજાર રૂપીઆ રોકડા કરવાનો માર્ગ સૂઝયો નહિ.

મુનિમે થોડા વખત ઉભા રહ્યા બાદ ફરી પૂછયું 'શું કરીશું?'

શેઠ એ જ વિચાર ગ્રસ્તતા અનુભવતા મૌન રહ્યા.

મુનીમ બ્રાહ્મણ જાતિનો હતો. તેણે આ મુશ્કેલી ટાળવાનો માર્ગ શોધી રાખ્યો હતો. પરંતુ એ વાત કહેવાની ત્હેનામાં હામ ન્હોતી. હવે એને લાગ્યું કે શેઠને એ વાત કરવી.

'મ્હને એક માર્ગ સૂઝયો છે?' મુનિએ કહ્યું.

'શો?' શેઠે આતુરતા પૂર્વક પ્રશ્ન કર્યો.

'આપણે ત્યાં રૂપીઆ તો પડ્યા છે, પણ....' મુનીમ બોલતાં અટકયો.

'પણ શું?' શેઠ મુનીમ સ્હામે એકધારી દૃષ્ટિથી જોઈ રહ્યા. 'આપણે પેલા સમેતશીખર જીર્ણોદ્ધાર માટે મોકલવાના....'

મુનીમ તેનું કહેવાનું પૂર્ણ કરે તે પહેલાં જ શેઠ વચ્ચે બોલી ઉઠયા.

'સમજ્યો, સમજ્યો. શ્રી શાન્તિનાથજી અને શ્રી પાર્શ્વનાથજીના દેરાસર તરફથી જીર્ણોદ્ધાર માટે મોકલવા તૈયાર કરી છે તે રકમની વાત કરો છો, કેમ?'

'હા...હા... સાહેબ! બે દિવસ તે રોકી લઈએ અને જોઈએ તેટલું વ્યાજ ઉમેરીને પછી મોકલીએ. એમાં એ રકમ આપણે ક્યાં ખાઈ જવી હતી?' મુનીમે કહ્યું.

**રામ શંકર? આટલા દિવસથી મ્હારી પેઢીનો વહીવટ ખેડો છો, છતાં આખર આજ બુદ્ધિ સૂઝી કે?**

**તમે એટલું ય ન વિચાર્યું કે- દેરાસરનાં નાણાંની કોથળી પણ જુદી જ રહે છે ! ગમે તેટલું વ્યાજ આપીને પણ એ રકમનો ઉપયોગ ન કરી શકાય. માણસ એક પગલું ભૂલ્યા પછીથી કેટલે નીચે જશે તે કલ્પી પણ શકાતું નથી. ધીરે ધીરે એ દશા થાય કે-દેવદ્રવ્ય વેડફાઇ જાય અને એ પાપે આપણે જે કાંઇ હોય તે પણ ખોઇ બેસીએ. આ વહીવટ એટલે કાંઇ શેઠાઇ નથી. આ તો કારી સેવા છે. અને આત્માના કલ્યાણને માટે મ્હારે પ્રામાણિક સેવક તરીકે સેવા કરવી છે. આ તો કાંઇ નથી, પણ કદિ દેવાળું કાઢવું પડે તો પણ દેવદ્રવ્યની એક પાઇને પણ આંચ આવવા દેવાની જ નહિ ! માટે ભવિષ્યમાં કદિ જ આવા વિચારો કરશો નહિ. જાવ !'**

શેઠની તેજભરી મુખમુદ્રા જોઇ મુનીમ ચાલ્યો ગયો. પોતાની ગાદી ઉપર બેસી બીજું કામ હાથમાં લીધું પણ જીવ કામમાં લાગ્યો નહિ. એને આવતી કાલે સ્વીકારવાની હુંડીની ચિંતા લાગી હતી, પણ શેઠ નારાજ થયેલા હોવાથી તે બોલી શકતો ન્હોતો. છતાં આ ચિંતામાં ય શેઠની ધર્મપરાયણતાની તે મનમાં ને મનમાં પ્રશંસા કરતો હતો.

આમ સાંજ પડવા આવી. આખો દિવસ શેઠે કોઇ જોડે વાતો કરી નહિ. વચ્ચે વચ્ચે પોતાના પુત્રને રમાડતા ને કહેતા કે- **'બેટા ! ગમે તેવા સંકટ સમયે પણ દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનો વિચાર સરખો ય કરીશ નહિ. અને બાપની આબરૂને વધારજે !'**

મુનીમ અને મહેતાજીઓને લાગતું કે-શેઠ જાણે પોતાના આત્માને જ ઉપદેશ આપી રહ્યા છે.

સાંજ પડવા આવી, કાંઇ વ્યવસ્થા થઇ નહિ. કાલે હુંડી ન સ્વીકારીએ તો પેઢીની આબરૂને બટ્ટો લાગે, એ વિચારોથી મૂંઝાતા મુનીમે શેઠ પાસે જઇને ફરીથી પૂછ્યું.

'શું કરીશું ? સાંજ તો પડી !'

એકાએક શેઠને કાંઇક વિચાર આવ્યો હોય તેમ ઉભા થઇ ગયા. મુનીમને અંદર આવવાનો આંખથી ઇશારો કર્યો. અંદર જઇને શેઠે તીજોરી ખોલી. શેઠાણીના કિંમતી દાગીનાઓમાંથી લગભગ એક લાખના મુનીમના હાથમાં મૂક્યા. મુનીમ તો આભો બનીને જોઇ જ રહ્યો.

'રામશંકર ! શું જૂઓ છો ?' શેઠે મૌન રહેલા મુનીમને પૂછ્યું.

'પણ સાહેબ ! શેઠાણીના દાગીના ?' મુનીમે આશ્ચર્ય અને ગંભીરતા મિશ્રિત સ્વરે પૂછ્યું.

'હા ! હા ! એમાં શું ? જૂઓ, આ દાગીના તમે દલાલોને છૂપી રીતે આપીને વ્યાપારીઓને ત્યાં ઘરાણે મૂકાવી રૂપીઆ બજારમાંથી એકઠા કરી લ્યો એટલે હુંડી સમયસર સ્વીકારી શકાશે. પેઢીની આબરૂ જળવાશે અને **તમને પેલા દેવદ્રવ્યનો ઉપયોગ કરવાનું મન પણ નહિ થાય !** હવે જલ્દિ કરો અને બાહોશીથી કામ પતાવી લ્યો.' શેઠે ગંભીરતાથી કહ્યું.

મુનીમે દેવદ્રવ્યનો ઉપયોગ કરવાની પોતે કરેલી સૂચનાને માટે માફી માગી. તે બહાર ગયો. અને પરમ આત્મસંતોષ અનુભવતા શેઠ ઘરમાં ગયા.

(૨)

બીજે દિવસે બપોરે બાર વાગે જ્યાં પોતાના મુનીમને હુંડીના રૂપીઆ લેવાને માટે મોકલવાના બદલે બાલચંદ શેઠ રીખવદાસ શેઠની પેઢી ઉપર આવ્યા, ત્યારે મુનીમ વિગેરેને આશ્ચર્ય થયું. બાલચંદ શેઠનો ઘણો સત્કાર કર્યા પછીથી રીખવચંદ શેઠે તેમને કહ્યું કે- 'આપે શા માટે કષ્ટ ઉઠાવ્યું ? મુનીમને મોકલવો હતો ને ? રૂપીઆ તૈયાર છે ?'

'એ પછી. હું તો બીજા કામે આવ્યો છું' બાલચંદ શેઠે કહ્યું.'

'બોલો, શું કામ છે ?'

'મ્હારું આટલું કામ તો કરવું જ પડશે. જૂઓને, આ છોકરા ઉડાઉ નીકળ્યા છે અને પૈસા વેડફી નાખે છે. હું વૃદ્ધ છું એટલે મ્હારા જીવનનો ભરોસો નહિ. માટે આપને ત્યાં આ રકમ જમે રાખવા મહેરબાની કરો ! આપના સિવાય બીજા કોઇનો વિશ્વાસ પડતો નથી. જ્યારે છોકરા કંગાલ થઇ જાય ત્યારે એ રકમ આપજો.' બાલચંદ શેઠે કહ્યું.

'વારૂ, આ રૂપીઆ લઇ જાવ અને માની જ લો કે તમારા રૂપીઆ મ્હારે ત્યાં જમે મૂકાઇ ગયા. તમારી સાથેના સંબંધમાં એટલું તો કરી શકાશે.' રીખવદાસ શેઠે કહ્યું.

'અરે હોય ? આપ તો પરમદયાળુ છો, પણ અમારાથી એમ થાય ? આપ એ પચીશ હજારની રકમ રાખો એ જ મ્હોટી મહેરબાની છે !' કહી બાલચંદ શેઠ રવાના થયા.

રામશંકર આ બધું આશ્ચર્યથી જોઇ જ રહ્યો. છેલ્લે તેનાથી બોલાઇ ગયું.

''ધર્મપરાયણ વૃત્તિનો કેવો પ્રભાવ !''

# ધર્મીના આધારે ધર્મ કે ધર્મના આધારે ધર્મી ?

વ્યવહાર દૃષ્ટિએ વિચારીએ તો પ્રથમ દીકરો કે પ્રથમ બાપ ? દીકરાના આધારે બાપ કે બાપના આધારે દીકરો ? હું છું તો મારો બાપ છે, મારો બાપ મારા આધારે જીવે છે એમ કોઈ પણ કુળવાન પુત્ર કદી બોલે ખરો ? એમ બોલે તો એ એને માટે શોભાસ્પદ બને ખરું ?

પ્રથમ શાસન કે પ્રથમ આરાધક ? પ્રથમ સાધર્મિક કે પ્રથમ શાસન (ધર્મ) ? સાધર્મિકના આધારે શાસન કે શાસનના આધારે સાધર્મિક ? સાધર્મિક હોય તો શાસન હોય કે શાસન હોય તો સાધર્મિક હોય ? ધર્મીના આધારે ધર્મ કે ધર્મના આધારે ધર્મી ?

સૌ પ્રથમ શાસન સ્થપાય છે. શાસન સ્થપાયા બાદ જ સાધર્મિકો થાય છે. ત્રીજા, ચોથા અને પાંચમા આરા સિવાયના કાળમાં શાસનના અભાવે સાધર્મિકોનો સર્વથા અભાવ હોય છે.

મહાવિદેહ ક્ષેત્રમાં શાસન સદાકાળ હોય છે તો ત્યાં સાધર્મિકો પણ સદાકાળ હોય જ છે. ભરત-ઐરવત ક્ષેત્રમાં સદાકાળ શાસન હોતું નથી તો ત્યાં સાધર્મિકો પણ સદાકાળ હોતા નથી

પાંચમા આરાને અંતે પ્રથમ નાશ ધર્મનો થાય છે. ધર્મનો નાશ થયા પછી ધર્મી ક્યાંથી હોય ? ધર્મનો નાશ થયા પછી ધર્મી રહી શકતો નથી. ધર્મનો નાશ થયા પછી ધર્મીનો નાશ થાય જ છે પ્રથમ ધર્મીનો નાશ થાય અને પછી ધર્મનો નાશ થાય એવું કોઈ પણ કાળે બનતું નથી.

માત્ર ધર્મશાસ્ત્રના આધારે નહિ, વ્યાકરણ શાસ્ત્રના આધારે પણ ધર્મનો આધારે ધર્મી (ધર્મ-ધર્મી સંબંધ) સિદ્ધ થાય છે.

ધર્મ જેના હૈયામાં હોય એને જ ધર્મી કહેવાય છે. ધર્મના અભાવે ધર્મી ન જ હોય. **मूलं नास्ति कुतो शाखा ?**

કોઈ એક ગામમાં જૈનોનાં ઘર હોય, ત્યાં જો દેવ (દેરાસર) અને ગુરુનું આવાગમન પણ ન જ હોય તો ત્યાં ધર્મ ટકે કે નાશ પામે ? ગુરુ મહારાજને ચોમાસાની વિનંતિ કરવા આવનારા પણ કહેતા હોય છે કે ગુરુ વિના ધર્મ ટકશે નહિ.

સાધર્મિક (ધર્મી) હોય તો શાસન (ધર્મ) હોય એમ અપેક્ષાએ કહેવાય, પણ એકાંતે તો કહેવાય જ નહિ, કારણ કે જૈન તો જિનનો ભક્ત હોય તે જ કહેવાય છે.

**હૈયું ઠારવાના સ્થાને હૈયું બાળશો નહિ**

આપણે આપણું ધન સદ્‌બુદ્ધિથી વિચાર કરીને આપણી ઇચ્છા મુજબના કાર્યમાં ખરચીએ છીએ કે અજ્ઞાન લોકને પૂછી-પૂછીને તેઓ કહે તે કાર્યમાં ખરચીએ છીએ?

આપણા હૈયામાં સાધર્મિક ભક્તિ ઉભરાતી હોય તો તે ખૂબ ખૂબ અનુમોદનીય છે. આપણે પોતે સાધર્મિકો માટે કેટલું ધન ખરચ્યું છે અને દર સાલ કેટલું ખરચવાનું નક્કી કર્યું છે ?

આપણે સાધર્મિક ભક્તિની **'परोपदेशे पांडित्यम्'** ની જેમ માત્ર વાતો જ કરીએ અને ખરચવાનું તો બીજાને જ કહીએ એ કેટલું ન્યાયયુક્ત છે ? સાધર્મિક ભક્તિ તો સૌએ પોતપોતની શક્તિ અનુસાર કરવાની હોય કે નહિ

આપણે આપણું ઘર આપણી ઇચ્છા મુજબ ચલાવીએ છીએ પણ બીજાની ઇચ્છા મુજબ ચલાવતા નથી.

ભગવાને સ્થાપેલું શાસન આપણી ઇચ્છા મુજબ ચાલે કે ભગવાનની આજ્ઞા મુજબ ચાલે ? આપણે જ્ઞાની કે ભગવાન જ્ઞાની ?

શ્રીમંતોનું ધન એની પોતાની તીજોરીમાં ભરેલું પડી રહે એમાં આપણે હૈયું બાળતા નથી, પણ એ જ્યારે ખરચવા માંડે છે ત્યારે જ હૈયું બાળવા લાગી જઈએ છીએ. વાસ્તવમાં ધન ખરચાય નહિ અને શ્રીમંતોની તીજોરીમાં પડ્યું રહે એમાં જ હૈયું બાળવું જોઈએ.

શ્રીમંત જ્યારે પોતાનું ધન ખરચવા માંડે ત્યારે એ પુણ્યકાર્યમાં ખરચાતું હોય તો હૈયું બળાય કે પાપમાં ખરચાતું હોય તો હૈયું બળાય ? શ્રીમંતોનું ધન પુણ્યકાર્યોમાં ખરચાતું હોય એમાં હૈયું બાળવાથી દાનાંતરાયને ભોગાંતરાય કર્મ આપણા આત્માને બંધાવાનો સંભવ ખરો કે નહિ ?

શ્રીમંતો પોતાનું ધન આપણા (અજ્ઞાન લોકોના) કહેવા મુજબ ખરચે એ યોગ્ય કે ભગવાનની આજ્ઞા મુજબ ખરચે એ યોગ્ય ગણાય ?

# પરિમલ

## - સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ જીવને સુખી કરવો હોય તો મોક્ષે મોકલવા સિવાય બીજો કોઈ ઉપાય નહિ. જીવ સુખી ત્યારે જ કાં તો એ મોક્ષમાં જાય અથવા તો સમકિતની પ્રાપ્તિ કરે. સંસારમાં સુખી સમકિતી અને સમકિતનો અર્થી.

❖ બોલો તમે બધા સુખી છો કે દુ:ખી ? સમકિતનો અર્થી દુ:ખની ફરિયાદ જ ન કરે. ગમે ત્યારે પૂછો તો કહે આનંદમાં. કેમ આનંદમાં ? તો કહે કે દેવ-ગુરૂ-ધર્મ મલી ગયા છે. દેવ-ગુરૂ-ધર્મની જેને સામગ્રી મલી હોય તેને દુ:ખ શું ? સંસારના સુખની સામગ્રીને સુખ માને તે પહેલા નંબરના દુ:ખી છે. આ સામગ્રી સુખ રૂપ ન લાગી હોત તો તમે દુ:ખી હોત જ નહિ. સમકિતનો અર્થી પણ સુખી અને સમજુ હોય તે કોઈ દિવસ ખાવાની પૈસા ટકાની પહેરવા ઓઢવાની ફરીયાદ જ ન કરે.

❖ દોષ રહીત જીવવું, અધર્મ રહિત જીવવું, ધર્મ સહિત જીવવું, મઝેથી મરવું તે આપણા હાથની વાત છે. આ રીતે જીવે તેની સદ્ગતિ નિયમા થાય અને તે પણ ધર્મવાળી હોય.

❖ સંસારની સાધના કરવી પડે તો ન છૂટકે કરે પણ તે કરવાનું જેનું હૈયું નહિ તેનું નામ ધર્મી !

❖ સંયમનો અર્થી અને સંસારમાં ન છૂટકે રહેનાર જીવ માટે દુર્ગતિ છે જ નહિ.

❖ આજે જે જીવો દુ:ખી દેખાય છે તે અસલમાં દુ:ખી નથી પણ તેમના મન ખરાબ છે માટે દુ:ખી છે. જો તેમની મનોવૃત્તિ સુધરે તો કાલથી સુખી થઈ જાય.

❖ ઘણા નિર્ભાગી જીવોને ધર્મની સામગ્રી વધુ પાપ કરાવવા જ મળે છે.

❖ જે જીવોને સંસારમાં જ મઝા આવે છે, ધર્મ કરવાનું મન જ થતું નથી, કદાચ ન છૂટકે દેખાવે માટે થોડો ઘણો ધર્મ કરે છે તે બધાનું પુણ્ય પાપાનુબંધી છે !

❖ પૈસા કમાવવા એટલે નવાં દુ:ખ ઉભા કરવા.

❖ સંસારમાં અક્કલનો ઉપયોગ કરવો એટલે અનેકને ઉન્માર્ગે દોરી સત્યાનાશ કાઢવું.

❖ પુણ્યથી મળતી અનુકુળતા ભોગવવાથી આપણું પુણ્ય ખવાય છે અને એવા પાપ બંધાય છે કે ભવાંતરમાં ભીખ માગતા ય ખાવા-પીવા પહેરવા-ઓઢવા ન મળે

❖ સંયમનું સારી રીતે પાલન કરવા માટે વિહાર છે

❖ કર્મસત્તા તો છુપી પોલીસ કરતા ય છુપી પોલીસ છે તે એવી રીતે જીવને પકડી લે છે કે જીવ ગમે તેટલી માયા-પ્રપંચાદિ કરે તો ય તેને તરત ચોંટી જાય છે.

❖ સાધુપણાનો સ્વાદ પરિષહ વેઠવામાં છે.

❖ ભગવાન અરિહંત મોક્ષમાર્ગના દર્શક છે. મોક્ષે જવું હોય તેને મોક્ષ માર્ગ જોઈએ મોક્ષમાર્ગે જવું હોય તો મોક્ષમાર્ગ બતાવનાર ઉપકારી લાગે. સંસાર ભયંકર અટવી છે તે અટવી લંઘાવનાર ભગવાન અરિહંત સાર્થવાહ જેવા છે.

❖ અનંતાનુબંધી કષાય સમકિતને રોકે. અપ્રત્યાખ્યાની કષાય દેશ વિરતિને રોકે પ્રત્યાખ્યાની કષાય સર્વ વિરતિ રોકે સંજ્વલનના કષાય વિતરાગતા રોકે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

8774 875

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૪ અંક ૩૨

:: આત્માના
સુખ–દુઃખનું મૂળ ::

जं अइतिक्खं दुक्खं, जं च
सुहं उत्तमं तिलोईए।
तं जाण कसायाणं,
वुड्ढिक्खय हेउयं सव्वं ॥

(શ્રી સંવેગ રંગશાળા, ગા. ૭૦૨૫)

ત્રણે લોકમાં જીવને જે અત્યંત દુઃખ કે ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય છે તે સઘળું કષાયોની વૃદ્ધિ અને હાનિના કારણે જ થાય છે તેમ જાણો.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९



અલ્યા, આ તો દિવાળીના ખર્ચા કરી કરી મારી આ દશા થઈ ગઈ છે, બાકી મારો આ બિઝનેશ નથી... યા... !



ટૂંક સમયમાં જ ચૂંટણી આવી અને ઉભી રહેશે માટે નવા વર્ષથી જ સ્વાર્થના કામો છોડી અને પ્રજાકીય કાર્યો જ કરવાનો સંકલ્પ લઈ લ્યો .... !



એન્થ્રેક્સના ભયને કારણે મેં આ વર્ષે નવા વર્ષની શુભેચ્છાના કાર્ડ મોકલવાના કે સ્વીકારવાના બંધ રાખ્યા છે !



એઈડ્સ, એન્થ્રેક્સ જેવા રોગોના ફેલાવાના કારણે મેં આ વર્ષે એક પણ વિદેશ પ્રવાસ ન કરવાનું મનથી નક્કી જ કરી નાખ્યું છે !

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ ૧૪) ❊સવંત ૨૦૫૮ ચૈત્ર વદ ૧૦ મંગળવાર તા. ૭-૫-૨૦૦૨ (અંક: ૩૨

# સાધુત્વની સૌરભ

**સા**ધુ શબ્દ કેવો સુંદર. સાધુ એટલે સારૂં. સારૂં ? હા સારૂં. પાણ એ સારૂં ક્યું ખબર છે ?

જુઓ જગતમાં ઘર પાણ સારૂં હોય, સ્થાન પાણ સારૂં હોય, દેશ સારો હોય એવું એવું તો બીજું ઘણું ય સારૂં હોય. સમજ્યા, ત્યારે આ સાધુ એટલે સારૂં એ કંઇ જાતનું ? સાધુ એટલે સારૂં અને સારૂં એટલે શા સંતપુરૂષ અને સજ્જનથી અનિન્દિત સમજ્યા ? હા સમજ્યા. વલી અનિન્દિત એટલુ જ નહિ પણ શાસ્ત્રવિહત એ સારૂં સંતપુરુષો અને સજ્નોએ આચરેલું હોય. એ સારૂં એજ સાધુ કેટલો ગંભીર આથી એ સાધુ શબ્દ માં રહેલ છે. બોલો સાધુ સાધુ બસ જે ભગવા વસ્ત્રમાં ત્યાગી પાણામાં દેખાય તે બધાય સાધુ કેમ ? ના ના હો

ર એવું સમજી લેતા અને આપાણે તો સાધુનો અર્થ કર્યો અનિન્દિત શાસ્ત્રવિહિત. સંતપુરુષો અને સજ્જનોએ આચરેલું.

અનિન્દિત શું, શાસ્ત્રવિહિત શું ? સત્પુરુષો અને સજ્જનો એ આચરેલું શું ? આટલું જાણીએ તો આપણને ખરો સાધુ - જાણાઈ આવે. સાધુતાનું યથાસ્થિત ભાન થાય અને સાધુત્વની સૌરભ અનુભવવા આગળ આવી શકીએ. લ્યો ત્યારે આગળ ચાલો. જુઓ પ્રથમ અનિન્દિત એ કોઇએ નિન્દા ન કરી હોય એવું. અરે ભાઇ, કોઇએ નિન્દા ન કરી હોય એવું ? હા હા એવું. અરે તો તે ધર્મ ત્યાગ વૈરાગ્ય દાન શીલ અહિંસા વિગેરેની પાણ નિન્દા કરનારા સભ્યો ચારે તરફ પ્રગટ દેખાય છે. એ ખરૂં પાણ એવાઓની નિન્દાની કશી જ કિંમત નહિ. નિન્દા ન કરનાર તરીકે સંતપુરુષ કે સજ્જન જોઇએ એટલે કે એ વસ્તુની સંતપુરુષ કે સજ્જન નિન્દા કરનાર ન હોવો જોઇએ સમજ્યા એ અનિન્દિત ? અનિન્દિત બરોબર હવે ?

હવે ચાલો આગળ શાસ્ત્રવિહિત.

શાસ્ત્રવિહિત કહેવું કોને ? ચેય બરાબર છે.

શાસ્ત્ર ન જાણેલા ને શું ખબર કે શાસ્ત્રમાં શેનું વિધાન છે ? પાણ જુઓ સંત પુરુષો અને સજ્જનો ને જે આચરણ કે વિધાન કરે તે શાસ્ત્રને પ્રાય: અનુસરીને જ કરે. એટલે સંત પુરુષો અને સજ્જનોનું અનિન્દિત આચરાણ અને વિધાન તેજ શાસ્ત્ર વિહતનું સામાન્ય લિંગ કહેવાથી ત્યારે માં સંતપુરુષનું આચરાણ એજ શાસ્ત્ર ખરૂને ?

હા અને એથી જ સંતપુરુષોને પોતાનું આચરાણ શાસ્ત્ર સમર્પાણ બનીને જ કરવાનું કહેલું છે. તેમને કંઇ આચરણ કે વિધાન કરવું હોય તે શાસ્ત્રને અનુસરીને જ કરવું જોઇએ. હવે સમજાયું ને ? સાધુ એટલે શું ?

ટુંકમાં પૂર્વના યોગીપુરુષોએ આચરેલું યોગીઓથી નહિ નિન્દાયેલું અને શાસ્ત્રમાં વિધાન કરાયેલું જ કંઇ હોય તે સાધુ. આ થઇ સાધુની વ્યાખ્યા.

આપણને સાધુત્વની સૌરભ જોઈએ છીએ કેમ ?

જરૂર જુઓ ત્યારે સાધુ એટલે શું એ ખ્યાલ આવી ગયો. તેની વ્યાખ્યા પ્રમાણે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહતા પરોપકાર નિસ્પૃહતા, ક્ષમા, સરલતા, મૃદુતા, સંયમ, દેવભક્તિ, ગુરૂસેવા, સત્સંગ, ધર્મકથા, સદ્ગુણોનો સાધુમાં સમાવેશ થશે.

ખરૂં કહીએ તો સાધુ એટલે અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય, અપરિગ્રહતા, સાધુ એટલે પરોપકાર, નિસ્પૃહતા, ક્ષમા, સરલતા, મૃદુતા. સાધુ એટલે સંયમ સાધુ, એટલે દેવભક્તિ, ગુરૂસેવા, સત્સંગ, ધર્મકથા એ બધાયને એક જગ્યાએ સમા દેવા હોય તો કહી શકાય કે સાધુ એટલે વિશ્વના તમામ જીવોનું હિત. સાધુ એટલે વિશ્વના કોઈપણ જીવના અહિતનો ત્યાગ. જ્યાં એ હોય ત્યાં સાધુત્વ. જ્યાં એકપણ જીવના હિતનો ત્યાગ ત્યાં સાધુત્વને દૂષણ જ્યાં એકપણ જીવના અહિતનો અત્યાગ ત્યાં સાધુત્વને દૂષણ સાધુત્વ કહો કે સાધુતા કહો એ બન્ને એક જ છે.

એ સાધુત્વ યાને સાધુતા જેની પાસે હોય તેને કહેવાય.

સાધુ સમજ્યા ?

સમજ્યા તો ખરા પણ આ તો પાછા ફર્યા જેવું થયું સાધુમાંથી સાધુત્વ સાધુતા અને સાધુત્વને સાધુતામાંથી પાછા સાધુ.

ભાઈ મારા એ બરાબર છે. પણ શબ્દ એક દેખાય તેથી શું સરખું કહેવાય ? નહિજ.

પ્રથમ સાધુ એ સુઆચરણ છે. અને બીજી વાર સાધુ એટલે એ સુઆચરણનું સ્થાન છે. બન્નેનો તફાવત કેટલો છે. પ્રકાશ અને દીપક જેટલો જને ?

સાધુતાનો ખરો અર્થ સમજીએ તો એ સાધુતાના સ્થાન રૂપને સાધુ એનું કેવું સ્વરૂપ હોય તો સમજાય નહિતર સાધુ સાધુ હમ સાધુ કરતા બહુ લોક હજારો લોક ફરે છે. શું એ બધામાં અહિ કહયા તે ગુણના સ્થાન રૂપ જોઈ શકો છો ?

આ ય મારૂં ખરૂં ? આ તો ખ્યાલે નહિ ખ્યાલ આવે તો ખરી સાધુતા પિછાણાય ચાલો ત્યારે આગળ આ સાધુ શબ્દ જ કોઈ એવા અદ્વિતીય ભાવથી ભરેલો છે કે બોલતાં ય કંઈ આત્મિય ભાવ જાગે છે. સાધુ દર્શન થતા હૈયું હર્ષોલ્લસિત બને છે. સાધુતાની સૌરભ આત્માને અનાયાસે નમાવી દે છે. આનું કારણ એ જ કે સાધુતા યાને સાધુત્વ એ વિશ્વમાં સર્વ શ્રેષ્ઠ વસ્તુ છે. કલ્પનાતીત એની મહત્તા છે. પ્રમાણાતીત એનું ફલ છે. વચનાતીતએનું સ્વરૂપ છે. આવી સાધુતા જ્યાં રમતી હોય ત્યાં શું હોય ? વિશ્વહિતની જ હિમાયત હોય ને ? જગતના જીવોનાં કલ્યાણની જ કામના હોયને ? પરોપકાર અને પરમાર્થના જ પગરણ હોયને ? ઈર્ષ્યા અને દ્વેષ તો સળગીને સેકાઈ જ ગયા હોય ને ? મૈત્રી પ્રમોદ કારુણ્ય અને મધ્યસ્થ આ ભાવનાઓના ભવનો જ આસપાસ ઉભા થયા હોય ને ? સાધુતા નું સ્થાન જ્યાં શોભતું હોય ત્યાં પરાયું હોય ? પોતાનું હોય ? સ્વપરનો પક્ષપાત હોય ?

અહં અને મમના મંડાણ હોય ? વેર અને દ્વેષને દાવાનલ હોય ? નહિ જ.

ત્યાં તો સર્વ પોતાના પોતે સર્વના હું અને મારૂં એનું તો નામ ન મલે. વૈર અને દ્વેષ તો દૂર જ હોય.

કહોને જ્યાં સાધુત્વની સૌરભ મઘ મઘાયમાન થતી હોય ત્યાં પવિત્રતા અને પ્રેમના પ્રવાહ વહેતા હોય સ્નેહના સાગર ઘુઘવતા હોય. વાત્સલ્યના મધુરાં વહેણ સંભળાતા હોય અને સત્ય તથા અહિંસાના મધુરાં ગાન ગવાતાં હોય.

બસ... બસ... વધારે કેટલું કહેવું.

જ્યાં સાધુત્વની સૌરભ વિસ્મેહિત થઈ હોય ત્યાં શું ન હોય એજ પ્રશ્ન છે.

સાધુત્વ એજ વિશ્વનું જીવન છે. વિશ્વમાં પ્રાણ છે. સાધુત્વના પૂજારીઓ વિશ્વના રત્નો છે. વિશ્વના નેતાઓ છે. અને કદીએ વિશ્વમાં જે કંઈ સાર છે તે સાધુત્વ જ છે. સાધુત્વને સમજનારા થોડા છે. સાધુતાના પૂજારી તેથી ય થોડા છે અને સાધુતાના સ્થાન રૂપ આત્માઓ વલી એથી ય અલ્પ છે. એ સાધુતા, સાધુત્વની અલ્પ પણ સૌરભ જેને સુંઘવા મલી છે તેને ધન્યવાદ ધન્ય સાધુત્વ, ધન્ય સાધુત્વના પૂજારી અને ધન્ય એ સાધુત્વની સૌરભને વરેલા પુણ્યાત્માઓ.

## જન્મભૂમિ પ્રવાસી




આ... (અ)મારા પક્ષના ઉમેદવાર. એવું લખાણ તમારી પાર્ટીએ ક્યે ...ની ભીંત પર કર્યું છે પણ પાટિયાંની પટ્ટીમાંથી કેટલાક ...લ ...સ્ટિકના અક્ષર નીચે સરકી ગયા હોવાથી એવો અર્થ થઈ જા... છે કે ચૂંટાયા પછી અમારા પક્ષના ઉદર મેવા ખાવાનું કા... કરશે. શહેરની સેવા કરવાનું ભૂલી જશે.



આ બધા તાલિબાનવાળા છે એવું સાંભળવામાં ગેરસમજ થઈ સાહેબ. હું સાંકેતિક ભાષામાં એમ કહેવા માગું છું કે આપની ચૂંટણીસભામાં નાણાં આપીને ગોઠવેલા આ ભાડૂતી પ્રેક્ષકો છે અને તમારા પ્રવચન વખતે વચ્ચેવચ્ચે તાળી પાડવા માટે આ બધા પ્રેક્ષકોને અમે બાનરૂપે બેસાડી રાખ્યા છે.



ટી વીની આ પૌરાણિક સિરિયલમાં કોઈ સાધક પોતાના ક...લ્યાણ માટે એક પગ પર ઉભા રહીને તપશ્ચર્યા કરતા જોવા મ...ળે છે પણ પપ્પા તો લોકલ ટ્રેનની ગિરદી વચ્ચે છેક વિ...રારથી ચર્ચગેટ સુધી રોજ એક પગે ઊભીને મુસાફરી કરે છે તો એમનું ખૂબ કલ્યાણ થવું જોઈએને !



ઐતિહાસિક નાટક માટેના પહેરવેશ વેચતી આ દુકાનમાં હમણાં ઘરાકી વધી ગઈ છે. ક્રિકેટ અને ચૂંટણીજંગમાં મેદાનમાં ઝુકાવનારા ખેલાડીઓ પોતાની સુરક્ષા માટે જૂના જમાનાના યુદ્ધમાં વપરાતા તેવા બખ્તરના પોશાક ખરીદવા ઊમટી પડ્યા છે.　　(કાર્ટૂનિસ્ટ : રમેશબૂચ)

श्रीमान् डी. एन. झा साहब
प्राध्यापक इतिहास विभाग
दिल्ली विश्वविद्यालय
**दिल्ली**

# विषय : भगवान् महावीर पर मांसाहार के आरोप का प्रतिवाद ! (खंडन)

ગતાંકથી ચાલુ...

**मार्जार** - संस्कृत शब्दकोश के अनुसार 'मार्जार' बिल्ली का वाचक है। आयुर्वेदीय शब्दकोश के अनुसार 'मार्जार' चित्रक का वाचक है।

**शितिवार: शितिवर: स्वस्तिक: सुनिषण्णक: । श्रीवारक: सूचिपत्र:पर्णक कुक्कुट: शिखी ॥**

(भाव प्रकाष निघण्टु शाकवर्ग पृ० ६७३, ६७४)

वनस्पति शास्त्र में शितिवार के लिए कुक्कुट का प्रयोग हुआ है - **कुक्कुट: शितिवार: मुर्गा इति लोके । कुक्कुटचूडावत पुष्पत्यूहत्वात् ।**
(द्रव्यगुणकोष: पृ० ४३, धन्वन्तरि निघण्टु १/१५५)

शितिवार का प्रयोग **दीपन और अग्निमांद्य** को दूर करने के लिए किया जाता है। इसका शाक त्रिदोषघ्न और ज्वरनाशक है।

**मांस** - आयुर्वेदीय ग्रन्थों में छाल के लिए त्वचा और गूदे के लिए मांस शब्द का प्रयोग किया जाता है। अष्टांग संग्रह में भिलावे के गूदे के लिए मांस का प्रयोग किया गया है-

**भल्लातकस्य त्वग् मांसं**
**बृंहणं स्वादु शीतलम् ॥**

(अष्टांग संग्रह ८/१६८)

आयुर्वेदीय ग्रन्थों में गूदे के लिए मांस शब्द का प्रयोग अपवाद स्वरुप नहीं है। यह एक वनस्पतिशास्त्रीय सामान्य प्रयोग है।

कैयदेव निघण्टु में भी गूदे के लिए मांस शब्द का प्रयोग मिलता है-

**उष्णवातकफश्वासकासतृष्णावमिप्रणुत ।**
**तस्य त्वक् कटु तिक्तोष्णा, गुर्वी स्निग्धा च दुर्जरा ॥**
**कृमि श्लेष्मानिलहर: मांसं स्वादु हिमं गुरु ।**
**बृंहणं श्लेष्मलं स्निग्धं पित्तमारुतनाशनम् ॥**

(कैयदेव निघण्टु श्लोक २५५, २५६ औषधिवर्ग)

वनस्पति शास्त्र में मांसल फल का मर्तरि के अर्थ में प्रयोग हुआ है-**मांसलफल: कालिन्दी ।**

अनेक शब्द ऐसे हैं जिनका प्रयोग प्राणिशास्त्र और वनस्पति शास्त्र - दोनों में समान रुप से हुआ है। (आचार्य महाप्रज्ञ द्वारा "मांसाहार एक समीक्षा"- से साभार उद्धृत)

हाँ, तो झा साहब एक ही शब्द के अनेक अर्थ होते हैं। जिनका प्रयोग प्रसंगानुसार किया जाता है। आपकी जानकारी हेतु शब्दों के कुछ ऐसे उदाहरण यहाँ दे रहा हूँ। जिनके अर्थ वनस्पति परक एवं मांस परक दोनों होते हैं।

**शब्द, अर्थ, संदर्भ**
**आमिष** : मांस, भोजन, पकवान-Sanskrit
**मांस** : प्राणीजन्य मांस, वनस्पति जन्यगर्भ-English
**मत्सयंडी** : मछली के अण्डे, शक्कर-Dictionary by Apte
**कपोत**: कबूतर, सफेद कद्दू- (सुश्रुतसंहिता पृ० ३३८)
**कुक्कुट** : मुर्गा, बिजौरा - (वैदक शब्द सिंधु पृ० १५१)
**मज्जार** : बिल्ला या बिलाड, एक प्रकार का वायु- (वैदक

शब्द सिंधु पृ० ८८१)

**मत्स्यपिता** : मछली का पिता, एक प्रकार की वनस्पति

**मंडूकी** : मेंढकी, इस नाम की एक वनस्पति-

**कुक्कुड** : मुर्गा, इस नाम की वनस्पति-वैदक ग्रंथ

**कुकड** : मुर्गी, अरिष्ट - बृहद निघंटु

**मांसफल** : मांस का फल, खरबूजा - वैदक ग्रंथ

**अंडा** : अण्डा, आंवला - वैदक ग्रंथ

**अहिफन** : सांप का फन, अफीम - बृहदनिघंटु

**नागजिहा** : नाग की जीभ, पणशिल (फल) - बृहदनिघंटु

Flesh - मांस Fleshy part of a fruit - Eng. Dic.

फल का मावा (गूदा) by J. Ogilvee P. 292

एक दफा किसी तथाकथित सिरफरे पंडित ने पूर्व में भी भगवान् महावीर पर उक्त आगम पाठ को लेकर मांसाहार का आक्षेप लगा दिया था, इस संदर्भ में श्री रतिलाल मफाभाई शाह की सर्वोदयी नेता विनोबा जी से बात हुई, उन्होंने जो जवाब दिया वह आपके लिए मननीय है :

"ऋषि मांस नहीं खाते थे ऐसा मैं नहीं मानता, परन्तु भगवान् महावीर का जीवन, उनके उपदेश सूक्ष्म अहिंसा का पालन तथा आत्यंतिक सत्य के लिए तनिक भी चलित न होने की उनकी मनोवृत्ति देखते हुए, मैं निःसंदेह मानता हूँ कि भगवान् महावीर कभी मांसाहार कर ही नहीं सकते। मैं पंडितों के साथ चर्चा करना नहीं चाहता, किन्तु उनके जीवन से विसंगत ऐसा अर्थ वे क्यों जोड सकते होंगे, यह मेरी बुद्धि में ही नही उतरता। मैं मानता हूँ कि यह शाब्दिक खेल का प्रश्न नही है, पर हृदय की सूझबूझ का प्रश्न है। यदि भगवान् महावीर में तनिक भी त्रुटि नजर आती, तो विश्वभर में अनन्य ऐसा निरामिषाहारी जैनसंघ स्थापित करने की योग्य शक्ति ही वे न प्राप्त कर सकते।"

कुछ देर रुककर पुनः उन्होंने कहा - "हास्यास्पद बात तो यह है कि जिस प्रकार भगवान् महावीर के एकाद शब्द का आधार लेकर पंडितों ने उन्हें मुर्गे का मांस खिलाया है, उसी प्रकार ईसाइयों ने ईसा को 'टिड्डी' खिलाई है। प्रसिद्ध टीकाकार... रॅवरॅन्ड (नाम मैं भूल गया हूँ) ने बाईबल की अपनी टीका में लिखा है कि ईसा शहद के साथ टिड्डी खाते थे। यह पढकर मुझे लगा कि टिड्डी क्या खाने की वस्तु है, जिसे ईसा शहद के साथ खाते होंगे ? अतः इस सम्बन्ध में मैं पादरी साहब से मिला, तो उन्होंने बताया, "बाईबल में ही जब स्पष्ट उल्लेख है, तब अन्य विकल्प का स्थान ही नहीं रहता। शब्दों को ही पकड कर रहने वाले पंडितों को इसके अतिरिक्त अन्य सूझ ही क्या सकता है ? किन्तु मुझे इस प्रश्न ने बेचैन बना दिया। मेरा हृदय यह अर्थ स्वीकार करने का इन्कार करता था। अतः मैं प्रसिद्ध विद्वानों के विभिन्न शब्दकोष देखने लगा तो, एक में उस शब्द का अर्थ 'टिड्डी' के अतिरिक्त 'एक प्रकार का फल' (जिसका नाम मैं याद नहीं रख सका हूँ) मिला। उस फल के साथ आज भी शहद लिया जा सकता है।

अतः मैं उन रेवरॅन्ड साहब से पुनः मिला और मैंने फल का अर्थ ही ईसा के साथ अधिक सुसंगत है, यह समझाया। उन्होंने अपनी भूल को स्वीकार करके उस नये अर्थ को मान्य रखा। पर तब तक तो यह भूल चलती ही रही। मतलब कि व्यक्ति के जीवन को समझे बिना उसके जीवन के साथ विसंगत अर्थ जोड देना ऐसे पुरुषों को बडा भारी अन्याय करने के बराबर है।"

जैन मुनि के लिए अनेक विशेषणों का प्रयोग किया गया है, उनमें से एक विशेषण है- **अमज्जमंसासि**- (दशवै० सूत्र चूलिका २) अर्थात् मद्य मांसादि अभक्ष्य पदार्थों का कदापि सेवन न करने वाला, जो अपने शिष्यों को मद्य मांसादि अभक्ष्य पदार्थों के सेवन के निषेध का विधान करे और स्वयं इसका सेवन करे, क्या यह आश्चर्यजनक बात कभी हो सकती है ? भगवान् महावीर के संत तीन करण, तीन योग से हिंसा के सम्पूर्ण त्यागी होते हैं।

आपके उक्त आरोप के खंडन के लिए वैसे देने को सैकडों हेतु एवं प्रमाण हमारे पास हैं, किन्तु उन सब को उद्घृत करने से पुस्तक का रुप बन जायगा, अतएव हमने मुख्य संदर्भ आपके विचारार्थ इस पत्र में दे दिये हैं। कृपया इन पर गहनता से चिंतन मनन करें एवं अपनी

गलती का अहसास करें।

चूंकि आपके उक्त लेखन से अपने आराध्य भगवान् महावीर के प्रति आस्था रखने वाले लाखों लोगों के चित्त को आघात पहुँचा है। इसके लिए आवश्यक है कि आप बिना किसी शर्त के सार्वजनिक रुप से लिखित में क्षमायाचना करें साथ ही इस पुस्तक में भगवान् महावीर के साथ साथ अन्य धर्मों के महापुरुषों पर भी जो मांसाहार के आक्षेप लगाये हैं, उन्हें तुरन्त प्रभाव से निकालने का कष्ट करें ।

जैन समाज शांतिप्रिय एवं पूर्णतया अहिंसा में विश्वास रखने वाला समाज है । वह नहीं चाहता कि इस **''अहिंसा वर्ष''** में इस प्रसंग के प्रतिवाद के लिए किसी प्रकार की हिंसात्मक या उत्तेजनात्मक शैली अपनाई जाय ?

सही तथ्यों की जानकारी दिलाने पर आपका नैतिक कर्त्तव्य होता है कि आप उक्त पुस्तक को स्वयमेव वापिस (*Withdraw*) कर लें एवं अपने इस कृत्य के लिए क्षमा मांगें। यदि आप ऐसा नहीं करते हैं, तो मजबूरन सम्पूर्ण जैन समाज को इसके लिए उचित कार्यवाही हेतु सोचना होगा । जिसकी समस्त जिम्मेदारी आपकी होगी। कृपया नोट करें। धन्यवाद !

– नेमीचन्द बांठिया, सम्पादक, 'सम्यग् -दर्शन'

:: समाप्त ::

## પીડા પણ કલ્યાણકારિણી

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

પરોપકાર કરવામાં રકત પુણ્યાત્માઓ યોગ્ય જીવો પર ઉપકાર કરતી વખતે પોતાની પણ પીડાને જરાપણ ગણકારતા નથી અને સામી વ્યકિત બોધ પામવા યોગ્ય હોય તો તેની ખાતર કષ્ટો પણ હસતે મુખે સહન કરે છે. આ વાત આપણને ખુદ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જીવનથી સમજાય છે. અણગાર બનેલા ભગવાન છદ્મસ્થપણામાં દેશ - વિદેશને પાવન કરી રહ્યા છે ત્યારે શ્વેતાંબી નગરી તરફ જવા બે રસ્તા હતા. એક ટુંકો અને સીધો બીજો લાંબો પણ ટુંકા રસ્તે કનકખલ નામનો આશ્રમ ચંડકૌશિક નામના દષ્ટિવિષ સર્પથી અધિષ્ઠિત હોવાથી તે માર્ગ અવાવરો અને ઉજ્જડ જેવો થઇ ગયેલો. છતાં પણ ભગવાનની જ્ઞાનદષ્ટિએ આવો ભયંકર દષ્ટિવિષ સર્પ પણ બોધ પામવા યોગ્ય જોયો તો પોતાની પીડાને પણ ગણકાર્યા વિના ગોવાળો આદિની મના છતાંય તે રસ્તે ગયા. આપણે આ પ્રસંગ પરથી એ પરમાર્થ પામવો છે કે આપણા કારણે કોઈનું પણ સારું થતું હોય તો આપણી પીડા જોવી નથી. નિસ્વાર્થ પણે બીજા ખાતર ઘસાવું પડે, થોડો ઘણો ભોગ આપવો પડે તો તે પણ આપવા તૈયાર થવું છે. સ્વાર્થ સરતો હોય તો ઘસાવા બધા તૈયાર હોય. પણ જ્યાં માત્ર બીજાનું સારું જ થતું હોય ત્યાં આવો વિચાર ધર્માત્મા વિના બીજા કોને આવે ? મને ગમે તેટલી તકલીફ પડે, કષ્ટ આવે, પીડા પેદા થાય, દુઃખ પણ આવે તો પણ બીજાનું સારું થતું હોય તો તે કામ ચૂકવું નથી. આ વૃત્તિ જ માનવને પ્રભુતા તરફ દોરી જશે અને સ્વાર્થીવૃત્તિ પશુતા તરફ લઈ જશે. શું પસંદ કરવું તે વાચકોના હાથમાં મૂકું છું !

# ઋણાનુબંધ

રમણલાલ સોની

ગતાંકથી ચાલુ....

હવે સાધુને મળવાની એમને ઝંખના જાગી. એ સાધુની શોધમાં નીકળી પડ્યા.

દિવસોની દોડાદોડ પછી એમણે સાધુને શોધી કાઢ્યા. સાધુના પગમાં માથું મૂકી પાંડુએ કહ્યું : ''દેવ, મને ઉપદેશ કરો !''

સાધુએ કહ્યું : 'ઉપદેશ બીજો શો કરું ? ઉપદેશ જે કરવાનો હતો તે થઇ ગયો છે. છતાં સાંભળો, ફરી કહું.'

પાંડુ એકચિત્ત બની સાંભળી રહ્યા.

સાધુએ કહ્યું : 'બીજાને પણ તમારા જ જેવું સુખ-દુઃખ થાય છે એ કદી ભૂલતા નહિ. 'બીજા તમારી સાથે કેવી રીતે વર્તે તો તમને ગમે' એ વિચારીને તમે તેમની સાથે તેવી રીતે વર્તજો ! બીજાનું ભલું કરવાની તક કેટલાં પુણ્ય કર્યા હોય ત્યારે મળે છે. એવી જો એકાદ તક મળે તો એને હાથથી જવા દેતા નહિ, પણ પકડીને ડાંગરના ધરુની પેઠે વાવજો ! જો જો, ઊગીને એ સંસારની ભૂખ ભાંગશે. ખેતરમાં વાવેલા અનાજના કણ બધા નહિ ઊગે, પણ આ સત્કર્મનો કણેકણ ઊગીને પાંગરશે એ નક્કી છે. માટે સૌ પ્રથમ બીજાના સુખનો વિચાર કરજો !'

શેઠે કહ્યું: 'મહારાજ, બીજાના સુખનો વિચાર કરવાનું તમે કહ્યું, પણ હું તે મને સંભાળું કે બીજાને ? પહેલી ફરજ કઇ ? મને સંભાળવાની કે બીજાઓને !'

સાધુએ કહ્યું: 'માણસની પહેલી ફરજ પોતાને સંભાળવાની ! પોતાને એટલે પોતાના આ ચામડાના ડગલાને નહિ, પણ એ ડગલો ઓઢનારા જીવને ! અને બીજાઓને સંભાળવાથી જ એને સંભાળી શકાય છે એ વાત ખાસ સમજવાની છે.'

પાંડુએ કહ્યું : 'પણ બીજાઓ તો કંઇ એક બે છે ? કેટલા બધા છે ! એમાંથી હું કેટલાને સાચવી શકવાનો ?'

સાધુએ કહ્યું: 'તમારી એ ચિંતા ખોટી છે. આ કંઇ વ્યાજને હિસાબ ગણવાનો નથી કે આંકડા માંડીને વાત થઇ શકે ! ડગલાની આંખોથી જોશો તો તમને બધે ડગલા જ ડગલા દેખાશે - તમે જુદા ને એ જુદા - બધા જુદા, બધા અલગ ! અને ડગલાના ઓઢનારાની આંખે જોશો તો તમે બધે તમને જ દેખશો - જે તમે છો તે જ બીજા છે - જે બીજા છે તે જ તમે છો ! બીજાઓ કેટલા બધા છે એ ખ્યાલ જ પછી નહિ રહે !'

પાંડુ એક ચિત્તે સાંભળી રહ્યા. પછી તેમણે કહ્યું : 'દેવ, સુખનો સહેલો રસ્તો બતાવો !'

સાધુએ કહ્યું: 'સહેલો રસ્તો તો કોણ જાણે, પણ સીધો રસ્તો બતાવું ! બીજાને સુખી કરવામાં જે સુખ છે તે જ ખરું સુખ છે, અને તે જ માત્ર સુખનો સીધો રસ્તો છે.'

પાંડુ શેઠે કહ્યું: 'પણ કેટલાક માણસો આપણું ભૂંડું તાકે છે તેનું શું ?'

સાધુએ કહ્યું : 'ડગલાની આંખે જોઇએ તો એવું દેખાય ખરું ! ડગલો ઓઢનારની આંખે જોવાનું શીખ્યા નથી ત્યાં લગી એવું દેખાવાનું. એનો ઉપાય એ છે કે જેને ભૂંડું તાકવું હોય તે ભલે તાકે. બીજા કાદવમાં હાથ ખરડે છે એટલે શું તમારે પણ ખરડવા ? બીજા જે ડાળ પર બેઠા છે તે ડાળને કાપે છે, એટલે તમારે પણ તેમ કરવું ? તમે તમારું સંભાળો ! તમારા ડગલાના ઓઢનારાને સંભાળો ! તમે તમારા કર્તવ્યરૂપે, સૌનું ભલું વિચારો, અને ઇન્સાફ કરવાનું કર્મના નિયમને સોંપી દો !'

પાંડુએ કહ્યું: 'કર્મનો નિયમ એટલે શું, પ્રભુ ?'

'કર્મનો નિયમ એટલે અવાજ અને પડઘાનો નિયમ, સૂરજ અને પ્રકાશનો નિયમ; બી અને ફળનો નિયમ; ક્રિયા અને પ્રતિક્રિયાનો નિયમ ! એ નિયમ એવો છે કે જેની સાથે તમે જરીક પણ સંબંધમાં આવો છો તે બધાયે તમારા ઉપર તેમની કંઇક છાપ-ઓછી કે વધારે-મૂકતા જાય છે. આ છાપને સંસ્કાર કહે છે. એક વાર એવી છાપ મૂકી ગયેલો માણસ ફરી મળે ત્યારે એ છાપ પાછી સજીવન થાય છે અને વધારે પાકી બને છે. આ છાપ ચામડાના ડગલા પર નથી પડતી. પણ પ્રાણના ડગલા પર પડે છે, મનના ડગલા પર પડે છે, બુદ્ધિના ડગલા પર પડે છે. એ ડગલાઓને સૂક્ષ્મ શરીરો કહે છે. એ છાપ જેટલી વધારે

પાકી, તેટલી એ વધારે ટકે. એક વાર એવી છાપ પાડી ગયેલો માણસ સો વર્ષે, અરે, સેંકડો વર્ષે પણ ફરી મળે તો પણ તરત એની ઓળખાણ થઈ જાય છે.'

'સો વર્ષે-સેંકડો વર્ષે ? એ કેવી રીતે, દેવ ?'

સાધુએ મંદ હાસ્ય કર્યું. તે બોલ્યા : 'તમારો જ દાખલો આપું. પેલે દિવસે તમે મને રથમાં બેસવા કેમ બોલાવ્યો હતો ? મેં કંઈ તમને કહ્યું નહોતું, મેં તો તમારા સામુંય જોયું નહોતું !'

પાંડુએ કહ્યું: 'તમને ઉઘાડા પગે, ઉઘાડા માથે, ધોમ તડકામાં ચાલતા જોઈ મને લાગણી થઈ આવી હતી !'

સાધુએ કહ્યું : 'એવી રીતે તડકામાં ચાલતાં શું તમે અગાઉ કદી કોઈને નથી જોયા ? એ દરેક પ્રસંગે એ દરેકને તમે રથમાં બેસવા કહ્યું છે ?'

પાંડુ ઝવેરી વિચારમાં પડી ગયા.

સાધુએ કહ્યું : 'અથવા, કહો, પેલો ગાડાવાળો કેટલો હેરાન થયેલો હતો, છતાં એને જોઈને તમને એવી દયાની લાગણી કેમ ન થઈ ? એનો માલ ઉથલાવી પાડવાનું જ તમને કેમ સૂઝ્યું ?'

પાંડુએ કહ્યું : 'કંઈ સમજાતું નથી.'

સાધુએ કહ્યું : 'તો હું સમજાવું. મને જોઈને તમને દયા આવી, અને એ ગાડાવાળાને જોઈને તમને રોષ ચડ્યો તેનું કારણ અમે બંનેએ અગાઉ કોઈ વખત તમારા સૂક્ષ્મ શરીર પર પાડેલી છાપ છે. સારી છાપ હોય તો પ્રેમ થાય, ખરાબ છાપ હોય તો ગુસ્સો થાય !'

પાંડુએ કહ્યું: 'પણ મેં તો તમને કે ગાડાવાળાને જોઈનેય આ જિંદગીમાં એ પહેલાં કદી જોયા હોય એવું યાદ નથી, તો આ છાપ પડી ક્યારે ?'

સાધુએ મંદ હાસ્ય કરી કહ્યું: 'પહેલાં-પહેલાં, આ જિંદગીનીયે પહેલાં પડેલી એ છાપ છે !'

પાંડુ ઝવેરી મૂઢ બની સાંભળી રહ્યા. ઘડીભર તેમની આંખો મીંચાઈ ગઈ, જાણે દૂર દૂરના ભૂતકાળની કોઈ વાતનો વિચાર કરવામાં એ ડૂબી ગયા હતા. એ ભૂતકાળ ઘણો દૂરનો હતો, આ જિંદગીની પેલી પારનો હતો.

સાધુનો શાંત અવાજ ફરી સંભળાયો.

તે બોલ્યા : 'શેઠ, ભૂતકાળની કેડી બહુ સાંકડી છે. જાળવીને ધીરે ધીરે પગલું ભરવાનું છે. વાટ અંધારી છે, **જ્ઞાનની મશાલ લઈને** ધીરે ધીરે મારગ શોધતા જજો ! એક દિવસ બધું જડી જશે ! પછી બધું પરિચિત લાગશે. બધું સમુચિત લાગશે. આજે તમે ક્યાં ઊભા છો એ એક વાર તમે બરાબર સમજી લો, તો પછી કાલે તમે ક્યાં ઊભા હતા અને આવતી કાલે ક્યાં ઊભા હશો, એ જાણી લેવાનું અઘરું નથી, માટે આજને ઓળખો. આ આજ એ વૃક્ષ પણ છે અને બી પણ છે. ભૂતકાળના બીમાંથી ઊગેલું એ વૃક્ષ છે અને ભવિષ્યમાં ઊગનારા એ વૃક્ષનું એ બી છે. આ બરાબર સમજી લેજો !'

પાંડુ ઝવેરી ઊંડા વિચારમાં ડૂબી ગયા હતા.

સાધુ શાંત રહ્યા.

કેટલી વારે પાંડુએ આંખો ઉઘાડી. હવે તેમણે સાધુને પ્રણામ કરી વિદાય લીધી.

પાંડુ ઝવેરીનું મન હવે સાધુસંતોની સેવા તરફ વળ્યું. કૌશામ્બી નગરીમાં તેમણે સાધુસંતો ને બ્રાહ્મણો માટે એક સુંદર વિહાર બંધાવ્યો. દેશના દૂર દૂરના ભાગમાંથી સાધુઓ આવીને એ વિહારમાં રહેવા લાગ્યા. ત્યાં પાઠશાળાઓ મંડાઈ ગઈ. ધર્મશાસ્ત્રોનો રાત દિવસ અભ્યાસ ચાલવા લાગ્યો. ધર્મની ચર્ચાઓ થવા લાગી અને સૂત્રો રચાવા માંડ્યાં. ચિત્રકાર સાધુઓ પોતાની પીંછી વડે વિહારની ભીંતો પર ધાર્મિક ચિત્રો ચીતરવા લાગ્યા, શિલ્પીઓ પથ્થરમાં ટાંકણાં ચલાવી ભક્તિભાવભીની મૂર્તિઓ કંડારવા લાગ્યા, અને કવિઓ લોકભાષામાં કથાનકો રચવા લાગ્યા. જોતજોતામાં કૌશામ્બીનો વિહાર સંસ્કૃતિનું ઘર બની ગયો.

પાંડુ ઝવેરીનો સારથિ મહાદત્ત ચોરીના આરોપમાંથી છૂટ્યો ખરો, પણ પોતાના પર શેઠે વગર કારણે ખોટો આરોપ મૂક્યો ને પોતાને હેરાન કર્યો તેથી તેને શેઠ પર ઘણો ગુસ્સો ચડ્યો હતો. તે દાંત પીસી બોલ્યો: 'વીસ વીસ વરસ લગી વફાદારીથી મેં તારી નોકરી કરી તેનો તેં મને આ બદલો આપ્યો, દુષ્ટ ! ધનના મદમાં તેં મને ગુનેગાર ઠરાવ્યો. પણ તારો એ ધનનો મદ ઉતારું તો હું ખરો ! યાદ રાખ આનું વેર લીધા વિના હું રહેવાનો નથી !'

— — ક્રમશ:

❑ ❑ ❑

# ચેલ્લણા

—પ્રેષક પૂ. સા. શ્રી સુરેન્દ્ર પ્રભાશ્રીજી મ.

એક મોટુ શહેર હતુ. કારણ શહેરો ઘણા હોય નાના મોટા તેમાં આ મોટું હતું. તેમાં રાજા રાજ્ય કરતો હતો કેવો રાજા. રાજાઓનો રાજા તેનું નામ ચેટક હતુ. તે રાજા ન્યાયી અને પ્રજાને પાળનાર ખુબ જ બળવાન અને પ્રતાપી હતો. વળી તે રાજા આપણા શાસન નાયક મહાવીર સ્વામી તેમના એ મામા થતા હતા.

હવે આ રાજાને સંસારના સુખ ભોગવતા સાત દિકરી થઈ તેમાં અનુક્રમે મોટી થતા રાજાએ સંસારમાં ગોઠવી તેમાં પાંચ તો સંસારગ્રંથીથી જોડાય ગઈ હવે બે નાની રહી તેમાં એકનું નામ સુજ્યેષ્ઠા ને બીજીનું નામ ચેલ્લણા જે કથા નાયક હવે બને બહેનો ગુણિયલ 'ભણેલ હોય ને ગુણિયલ' ન હોય તો ભણતર શા કામનું પણ આ બંને બહેનો તો બધી કળામાં પણ પારંગત એટલુ જ નહિ ધર્મનું જ્ઞાન તો ઘણું જ ઊંડું કર્મશાસ્ત્રને પણ જાણે અને ધર્મઆરાધનાની પણ પ્રેમી.

તેમને કોઈ વાતની કમીના નહિ સુંદર રહેવાના મકાન એટલે મહેલ, હરવા ફરવા માટે બગીચા, કપડા પણ સુંદર પહેરવાના અને ખાવા - પીવાના મેવા મીઠાઈ મનગમતા છતા આ બંને બહેનો તે ન લોભાતા સારૂં સારૂં તત્ત્વનું વાંચન વાંચે સારૂં સારૂં સુંદર કર્ણ પ્રીય ધર્મનું ગાય, દેવદર્શન પૂજાદિ કરે ને વાત શાની કરે ધર્મની કર્મશાસ્ત્રની જેથી તે બંનેનાં રૂપગુણની ખ્યાતિ દેશોદેશમાં પ્રસરી.

હવે આ બાજુ આ બંને કુવરીની ખ્યાતિ સાંભળી મગધદેશના મહારાજા શ્રેણિક તે કન્યાની માગણી કરે છે. ત્યારે ચેટક મહારાજા શું જવાબ આપે છેતે આપણે વાંચીએ.

ચેટક મહારાજા જવાબમાં કહે છેકે- 'હે રાજા ? તમારૂ કુળ અમારાથી ઉતરતું છે કારણ કે શાસ્ત્રમાં જણાવ્યું છે કે 'સમાન કુળ' જોઈને કરવું માટે અમારી કન્યા નહિ મળે.'

આ જવાબથી રાજા શ્રેણિકને ખોટું લાગ્યું હવે રાજાને મન કુંવરીઓ વસી ગઈ જેથી હવે રાજા શ્રેણિકનું મન તેમાં જ રમ્યા કરે કેમ મલશે તે વિચારમાં ઘુમ્યા કરે.

આમ દિવસો મહિના જતા વસંતઋતુ આવી જેથી કુદરત આનંદે ઉભરાવા લાગી હવે આ બંને બહેનો હિંડોળે હિંચકા ખાતી બેઠી છે. ને માંહોમાંહે વાતો કરે છે તો મોટી બેન સુજ્યેષ્ઠા કહે ચેલ્લણા ? કેવા રૂડા વસંતના દિવસો છે ચેલ્લણા બોલી બહેન ? એમાં પૂછવું જ શું ? આખી કુદરત વસંતમાં સંગીતથી જ ઉભરાય છે. તો મને પણ મનમાં એમ થાય છે હું આખો દિવસ ગયા જ કરૂં.

સુજ્યેષ્ઠા કહે વાહ કેવો સુંદર વિચાર ? ચેલ્લણા ? તારા મધુર ગીતથી કુદરતનો આનંદ અનેરો લાગશે માટે તું એક સુંદર ગીત ગા.'

ચેલ્લણા ગીત ગાવા માંડ્યું :

સખિ ? આવ્યા વસંતનાં વધામણાં રે,
મારાં હઈડાં ફૂલી ફૂલી જાય રે, આવ્યા૦ ૧
થયાં ભૂરાં આકાશનાં આંગણાં રે,
ત્યાં સોનેરી સાથિયા પૂરાય રે. આ૦ ૨
સખિ ? આંબાનાં વન રૂડાં મ્હોરિયાં રે,
ત્યાં કોયલ કરે ટહુકાર રે. આ૦ ૩
સખિ ? ભર્યાં સરોવર શોભતાં રે,
ત્યાં હંસ રહ્યા હરખાય રે. આ૦ ૪
જ્યાં આવી વસંત ઉર ઉતરે રે,
ત્યાં આનંદ પૂર રેલાય રે. આ૦ ૫

સુજ્યેષ્ઠા કહે વાહ ? ચેલ્લણા વાહ ? કેવું મધુર છે આ ગીત ? આમ નિર્દોષ આનંદ લૂંટી બંને બહેનો જુદી પડી અને પોતપોતાના કામે વળગી.

સુજ્યેષ્ઠા પોતાના ઓરડામાં આવી એટલે એક સખીએ વાત કરી. બહેન ? આજે મેં એક અદ્‌ભુત છબી જોઈ. શું તેનું રૂપ ? મેં તો જિંદગીમાં એવું રૂપ ક્યાંયે જોયું નથી.

સુજ્યેષ્ઠા કહે ક્યાં છે એ છબી ? સખી - બહેન ? એક અત્તરના વેપારીની દુકાને. સુજ્યેષ્ઠા બોલી કોની છબી છે. એ સખી કહે એ છબી તો મગધ દેશના મહારાજા શ્રેણિકની તે સાંભળતા સુજ્યેષ્ઠા કહે હે બેન ? લઈ આવ એ છબી, મારે જોવાનુ મન છે. તે સાંભળતા સખિ તુરત વેપારી પાસેથી છબી લાવી અને સુજ્યેષ્ઠાએ જોઈ જોતાં જ છક થઈ ગઈ એકધારી જોવા લાગી તેમ જોતી સુજ્યેષ્ઠાને સખીએ કહ્યું બહેન ? શું જુઓ છો ? આ છબી કેવી છે જેની છે મ.

રાજા જેવો બીજો કોઇ રાજવી નથી. આમ કહેતા સખિ છબી લઇ વેપારી ને ત્યાં આપ્યાવી પણ સુજ્યેષ્ઠા તેના જ વિચાર કરવા લાગી.

અહો ? શ્રેણિકનાં વખાણ સાંભળ્યા હતા, પણ રૂપ જોયું ન હતું. આજે આ છબી જોતા ખ્યાલ આવ્યો રૂપવાન છે પણ પિતાશ્રીએ કુળના અભિમાનમાં રાજવીનું અપમાન કર્યું પણ આથી સારોપતિ બીજો ક્યો છે. એમ વિચાર કરતા મનોમન નક્કી કર્યું પરણવું તો આમને જ પરણવું પણ પિતાથી છાનું પરણવું સહેલુ નથી. એટલે તે ચિંતામાં પડી હવે તેનું ચિંતા તુર મુખ જોઇ તેની સખીએ કહ્યું બહેન ચિંતા શું કરો છો. આપણે વેપારીને હાથમાં લઇ આપનું બધું જ કામ થઇ જશે આમ જ્યા સખિ કહી રહી છે ત્યાં જ સુજ્યેષ્ઠા બોલી જા જલ્દી શ્રેણિકરાજવી સાથે મારો સંબંધ એટલે લગ્ન થાય તેમ તું કર હવે સખિ વેપારી પાસે જઇને એક ઉપાય શોધી કાઢયો. ઉપાય શું કે રાજમહેલથી નગર બહાર ભોયરૂં કરાવવું. પછી શ્રેણિક ત્યાં આવે અને સુજ્યેષ્ઠા ત્યાં તૈયાર રહે તેથી શ્રેણિક તેને લઇ જાય. અને પછી ગાંધર્વ વિવાહથી બંને પરણી લે ? બધી વાતચિત્ત થઇ ગઇ ને ઉપાય જે કહ્યો તે પ્રમાણે બધુ થઇ ગયું.

હવે દિવસ પણ નક્કી થયો. શ્રેણિક થોડા બહાદુર યોદ્ધાઓ સાથે આવી ગયા. સુજ્યેષ્ઠા પણ તૈયાર થઇ ગઇ. એવામાં ચેલ્લાણા યાદ આવી અને તેનાથી વાત છાની કેમ રખાય એવો વિચાર થતા ચેલ્લાણાને મલવા ગઇ ત્યાં ચેલ્લાણાએ પૂછ્યું બ્હેન ? આજે ઉદાસ કેમ લાગે છે. ત્યારે સુજ્યેષ્ઠા કહે 'તારા વિયોગના વિચારે' ચેલ્લાણા 'મારો વિયોગ' બહેન ? હું અને તમે તો સાથે જ છીએ અને સાથે જ રહીશું તો સુજ્યેષ્ઠા બોલી લગ્ન નથી થયા ત્યાં લગે પછી છુટાં જ પડીશું ને ચેલ્લાણા કહે આપણે બંને એક પતિને પરણશું પછી સવાલ જ નથી જે તારો પતિ તેજ મારો પતિ આમ જ્યાં ચેલ્લાણા બોલી ત્યાં જ સુજ્યેષ્ઠા કહે તો થા તૈયાર મારો પતિ મારી રાહ જોઇને ઉભો છે. ચેલ્લાણા કહે ક્યાં તો સુજ્યેષ્ઠા કહે ભોયરામાં હમણા ચાલ બીજીવાત વિસ્તારથી પછી કહીશ.

હવે આ બાજુ શ્રેણિક ભોયરાના મોઢા પાસે ઉભા ઉભા પોતાના બહાદુર યોદ્ધાઓ વાત કરે છે હે મહારાજા ! આ તો શત્રુની રાજધાની તેમાં વધારે વખત રહેવું સારૂં નહિ હજુ સુધી કોઇ જાણતું નથી માટે કંઇક દગો હશે તો મહારાજા કહે એ ચેટકરાજાની પુત્રી દગો કરે તેમ નથી. યોદ્ધાઓ કહે આપને વિશ્વાસ છે. અમોને શંકા છે, શ્રેણિક રાજા કહે થોડી વાર જોવા દો જેવી સુજ્યેષ્ઠા આવે કે તુરત રથ ઉપાડીશું પણ ક્યા ખબર છે કે એક નહિ પણ બને બહેન આવવાની છે. ચેલ્લાણા સુજ્યેષ્ઠા તૈયાર થયાં, ભોયરામાં ચાલવા લાગ્યાં. રથ થોડે દુર રહ્યો એટલે સુજ્યેષ્ઠા બોલી બહેન ઉતાવળમાં મારો ઘરેણાંનો દાબડો રહી ગયો ચેલ્લાણા કહે બહેન ? તમે રથમાં બેસો હું લઇ આવું સુજ્યેષ્ઠા કહે ના ચેલ્લાણા તું રથમાં બેસ હું દાબડો લઇ આવું. ચેલ્લાણા આવીને રથમાં બેઠી સહુ સમજ્યા કે સુજ્યેષ્ઠા આવી એટલે રથ પવનવેગે ઉપાડ્યો હવે જેટલામાં સુજ્યેષ્ઠા આવી જુવે તો રથ નહિ તે સમજી ગઇ મારા બદલે ચેલ્લાણા ગઇ અને હું રહી ગઇ તેણે બૂમ પાડી દોડો દોડો ચેલ્લાણાનું હરણ થયું આ અવાજ થતા ચેટક રાજાના યોદ્ધાઓ દોડ્યા પણ જરા મોડા પડયા. એટલામાં શ્રેણિક રાજા ઘણે દૂર નીકળી ગયાં હવે આ બાબતની વિચારણા કરતા સુજ્યેષ્ઠાને લાગ્યું કે આના કરતા ઉચું જીવન જીવવાની જરૂર છે તેણે દીક્ષા લીધી. હવે શ્રેણિક રાજાને ઘણી રાણીઓ તેમાં ચેલ્લાણા વહાલી ચેલ્લાણાને પ્રભુ મહાવીરનો ઉપદેશ બહુ ગમતો જેથી તે રાજાને પણ સમજાવે એટલે શ્રેણિકને પણ પ્રભુ ઉપર શ્રદ્ધા થઇ અને તે પ્રભુ મહાવીરના સાચા ભકત બન્યા ધન્ય ચેલ્લાણાને જેણે પતિને બોધ પમાડ્યો જે પતિને ધર્મ પમાડે તે સ્ત્રીઓને ધન્ય.

પતિની સાચી સેવા કરનાર ચેલ્લાણાને ગર્ભ રહ્યા ને તે ગર્ભમાં આવતા ચેલ્લાણા તે ભાવ દુષ્ટ આવના તે પિતાનો વેરી થશે નહિતર આવો વિચાર ન આવે બીજા બે પુત્ર ચેલ્લાણાને થયા તેનું નામ હલ્લને વિહલ્લ ત્રાણે ભાઇ આનંદે ઉછરતા મોટા થયા.

એકવાર રાજા રાણી સૂતા હતા. ત્યારે શિયાળાની રાત કડકડતી ટાઢ પડે. એટલામાં ચેલ્લાણાનો હાથ સોડમાંથી બહાર નીકળી ગયો જેથી ઠરી ગયો ત્યાં ચેલ્લાણાને વિચાર આવ્યો. આ રાજમહેલ છતાં આટલી ઠંડીને મુનિરાજ તો સાવ કપડા રહિત એક પણ કપડુ ઓઢ્યું નથી વહી નદી કાઠે ઉભા છે. તો આવી ટાઢમાં **એમનું શું થયું હશે**. આ વાક્ય જોરથી ઉચ્ચાર થઇ ગયો ત્યારે શ્રેણિક રાજા જાગતા.

# મહાસતી સુલસા

- લેખાક : ૧૨ મો

**પૂ. મુનિરાજ હિતવર્ધન વિજય**

બાળકોની વાતો સાંભળીને દેવી સુલસા અને સારથિનાગ, બન્નેય હસી પડતાં - માતા-પિતાના મુખપર હાસ્ય ની રેખાઓ નિહાળીને બાળકોને પણ એમ થતું કે અમે કોઇ ગૌરવ ભર્યું અને પરાક્રમભર્યું કામ કર્યું છે. અમારા પુરૂષાર્થ પર માતા-પિતા આફરીન પુકારી રહ્યાં છે. ખરેખર અમારૂં કાર્ય મહાન હોવું જોઇએ. બાળકો આમ, સ્વાભિમાનની અનુભૂતિ કરતાં. એ સ્વાભિમાનના અતિરેકમાં તેઓ ખિલખિલાટ હસી પડતાં. એમનું અકારણહાસ્ય માતા-પિતા માટે વાસ્તવિક હાસ્યનું કારણ બની જતું.

માતા-પિતા ત્યારે મ્હોરી ઉઠતાં. બાળકોને તેડી તેડીને આલિંગન આપતાં. ચૂંટીઓ ખણી એમના ગાલને લાલ-લાલ કરી મૂકતાં. પોતાના બાહુપાશમાં જકડી એમના સ્વમાનનો અને સત્ત્વનો આદર કરતાં. માતા-પિતાના આવા નિર્દોષ વાત્સલ્યનો પ્રશસ્ત પરિપાક એ સરજાતો કે બાળકોની માતા-પિતા પ્રત્યેની પ્રીતિ પણ આથી દ્વિ-ગુણિત બની જતી. માતા - પિતામાં તેમને સર્વસ્વના દર્શન થવા માંડતા. માતા - પિતા આપણું અહિત કરે જનહિ, એ આપણું હિતજ ઝંખે, આપણો વિકાસ જ ઇચ્છે. એવો અકાટ્ય કોટિનો વિશ્વાસ તેમના અંતરમાં બંધાતો અને માતા-પિતાનું વચન કદાપિ ઉલ્લંઘી શકાય જ નહિ, કેમ કે તેમનું વચન સાક્ષાત્ બ્રહ્મવચન છે, એવી ઝળહળતી વફાદારી એમના હૈયામાં લોખંડી બાંધણીનો માળો ગોઠવતી જતી.

બાળકોને મા-બાપનો અનાદર કરતાં અટકાવવા હોય, માતૃભકત અને પિતૃપૂજારી બનાવવા હોય, મા-બાપમાં જ પરમેશ્વરને નિહાળતાં કરી દેવા હોય, મા-બાપની ઇચ્છા ખાતર કુરબાન થતાં જોવા હોય, મા-બાપના અસ્તિત્વમાં સર્વસ્વનું દર્શન કરતાં નિહાળવા હોય અને એમની પ્રતિકૂળતાઓ, એમની અરૂચિઓ, એમના સિદ્ધાંતો માટે લડતાં કરવા હોય તો એકજ માર્ગ છે : બાળકોને પ્યારના સાગરમાં ડૂબાડી દ્યો. હા ! એટલું ભાન અવશ્ય રાખજો, એ પ્રેમ ઉન્માદના સ્પર્શથી વેગળો રહેવો જોઇએ. નાનેરીવયમાં જ જો બાળકોને સાગર જેવો અગાધ પ્રેમ માતા - પિતા તરફથી મળી જતો હોય તો આ એક જરૂરીયાતના બદલામાં બાળકો માતા - પિતાની બધી જ વીરાસતો અપનાવવા તૈયાર રહે છે. જીવનભર માટે પોતાના. જનક - જનેતાની બધી જ ઇચ્છાઓની પૂર્તિ કરવા કટિબદ્ધ બને છે. શરતમાત્ર એટલી જ, મા-બાપ પોતાના લાડકવાયાને સ્વાર્થની ગંધ વિનાનો અને અપેક્ષાના સ્પર્શ વિનાનો પ્રેમ આપે. એ પ્રેમના બદલામાં એમને યાચનાની જરૂર નહિ પડે. બાળકો પોતાના પ્રાણોની આહુતિ આપી દેવાય તૈનાત થઇ જશે.

બસ ! મહાસતી સુલસા અને સારથિ નાગ, પોતાના બત્રીશ - બત્રીશ કિશોરોને આવાજ નિર્દોષતાની રેખા તળે રહેલાં પ્રેમમાં ઝબોળી રાખતાં. જેના સમ્યક્ પરિણામ સ્વરૂપે આ કિશોરો માતા-પિતાની પ્રત્યેક રૂચિઓ, ચેષ્ટાઓ અને આજ્ઞાઓને બારીકાઇ પૂર્વક નજર અંદાજ કરીને જીવનમાં ઉતારવાનો યત્ન કરતાં હતાં. આમ, સંસ્કરણ - શિક્ષણનો આ યજ્ઞ તેના પ્રચંડ વેગ સાથે આગળને આગળ ધપતો ગયો. આ યજ્ઞના મુખ્ય બે અંગો હતાં. એક તો સંસ્કારદાતા અને બીજા નંબરમાં સંસ્કારના અર્થી બાળકો. બન્નેય અંગો સમર્થ હતાં. પોત-પોતાના કર્ત્તવ્યમાં સનિષ્ઠ હતાં. પછી બાળકો મોરની પીંછી જેવા સુરેખ તૈયાર થતાં જાય એમાં કોઇ આશ્ચર્ય ખરૂં ?

હંસ પક્ષીનું ટોળું ઉમટી પડે એ કોઇ આશ્ચર્યકારી ઘટના નથી જો તટ ભાગીરથી નો જ છે. ભ્રમરોનો સમૂહ ખેંચાઇ આવે અને વાતાવરણને પોતાના ગુંજારવ દ્વારા શબ્દિત કરી દે, એ પણ કોઇ વિસ્મયજનક ઘટના નથી, જો પુષ્પ કમળનું જ છે. પાછું વિકસિત પણ છે. બસ ! એમ વિદ્યાર્થીમાં જો ત્રણ ગુણોનો ઉદ્ભવ જોવા મળે તો વિદ્યાના ત્યાં ટોળે ટોળા જમા થઇ જાય એ ય કોઇ અશક્ય વાત નથી.

(૧) જિજ્ઞાસા (૨) ક્ષયોપશમ અને (૩) શુશ્રૂષા આ ત્રણ ગુણોનો સંગમ થવો જ દુર્લભ છે. નહિ કે વિદ્યાનું ઉપાર્જન. આ કુમારો ગુણવાન હતાં. આ ત્રણેય ગુણો તેમનામાં દૃષ્ટિગોચર બનતાં હતાં તેથી ટૂંક જ સમયમાં તેઓ વિદ્યાના પારને પામ્યાં.

યુદ્ધવિદ્યા, શસ્ત્રવિદ્યા, સુભટવિદ્યા, વ્યાપારવિદ્યા, આહારવિદ્યા, આરોગ્યવિદ્યા, ભોગવિદ્યા, અર્થવિદ્યા, કામવિદ્યા જેવી સઘળીય વિદ્યાઓના તળભાગ સુધીનો પ્રવાસ ખેડનારા આ બંધુઓને સૌથી પ્યારી વિદ્યા તેમ છતાં ધર્મ વિદ્યા હતી. જે ધર્મવિદ્યા કેવળ મોક્ષના જ લક્ષને વરેલી ગણાય છે.

દંડ, આયુધ, તોમર, ગદા, ધનુષ્ય, ભાલા જેવા શસ્ત્રોની ખેલંદાજીમાં એવા તો જાંબાઝ આ બન્ધુઓ હતાં કે રાજગૃહીના રાજવી શ્રેણિક પણ તેમની વીરતા અને તેમની પરાક્રમ જોઈને પ્રભાવિત થઈ ગયો.

રાજવી શ્રેણિક આ બત્રીશ બંધુઓ પર એટલો બધો તો વિશ્વસ્ત બની શક્યો કે તેણે આ બંધુઓને પોતાના અત્યંત વિશ્વાસુ અંગત અંગરક્ષકો તરીકે નિયુક્ત કરી દીધા. મગધનો આ સમ્રાટ આ બંધુઓને કેવળ રાજ સુભટની દૃષ્ટિથી જ ન નીહાળતાં પોતાના સામ્રાજ્યની શૂરવીર, દિગ્ગજ અને પ્રચંડ કોટીની રાજકીય હસ્તીઓના સ્વરૂપમાં અવલોકતો હતો.

પોતાની વય, વિદ્યા, સન્માન... બધું જ વધવા છતાં મહાસતી સુલસાના આ સપૂત કિશોરો રોજબરોજ જિનપૂજા, ચૈત્યપરિપાટી, ગુરૂદેવોની ભક્તિ અને વડીલોનો આદર કરવાનું વિસરતાં નહતાં. આ જ તેમની સાચુકલી ખાનદાની હતી.

ઉદારપ્રકૃતિના આ કિશોરો સમયે સમયે પોતાનું ઔદાર્ય પ્રગટ કરી યાચકોના મન પર પણ સવાર થઈ જતાં હતાં. આથી જ તેઓ લોકપ્રિય અને સજ્જનો માટે માન્ય બની શક્યાં હતા. ગોષ્ઠિ, વિનોદ, હાસ્ય અને વિલાસમાં મગ્ન બનેલા આ કુમારોના દેહ પણ હવે ભોગને યોગ્ય બન્યાં. સૌષ્ઠવ અને લાલિત્ય દ્વારા લસલસતાં થયાં.

કોઈ સ્વર્ગખંડના વાસી સુરકુમારોની કુમક પોતાનો સ્વર્ગખંડ ભૂલીને ધરા પર ચઢી આવી હોય એવી નજાકત અને નમણી તેમની કાયા હતી. આમ, સમયનો પરિપાક થયો ત્યારે માતા-પિતાએ એક એક કુમાર સાથે સમાન વયની, કુલીન અને રૂપરંભાના મનુષ્યાવતાર જેવી ૩૨-૩૨ કન્યાઓના પાણિગ્રહણ કરાવ્યાં.

પ્રબળ સૌભાગ્યના ઉદયનો આ કાળ હતો. સ્વર્ગ પરથી પૃથ્વી પીઠ આવી પડેલાં ત્રાયસ્ત્રિંશ (૩૩) દેવો જેવી જ આ બત્રીશે ભાઈઓની ચર્યા હતી. વાવ, તળાવ, વન, ઉપવન, લતા, નદી જેવા વિનોદજનક સ્થળોમાં વિહરતાં વિહરતાં, કાવ્ય, સૂકતા વલિ, નાટક, કથા, પ્રહેલિકા ના માધ્યમે આનંદ લૂંટતાં લૂંટતાં અને પત્નીઓ સાથે મર્યાદિત ભોગો ભોગવતાં - ભોગવતાં તે કુમારો સમય સાગરની મઝધારે પહોંચવા આવ્યાં.

• • •

કિલ્લો લોખંડી હતો.

કિલ્લાની ટોચના ભાગ પર કલાત્મક કાંગરાઓ એ રીતે ગોઠવાયા હતાં, જેથી કોઈ અંદર પ્રવેશી શકે નહિ અને નગરની શોભામાં ઓર વૃદ્ધિ થાય.

કિલ્લાની ચોફરદમ ઉંડી ખાઈ હતી. જે ડૂબ્યો તે મર્યો સમજો.

એ ખાઈની પેલે પાર તાલ-તમાલના વૃક્ષોથી આચ્છાદિત બનેલાં વનો હતાં.

નગરીનું નામ હતું : વિશાલાપુરી.

વિશાલાપુરીનું અનુશાસન ત્યારે રાજવી ચેટકના હાથમાં હતું. ચેટક એટલે પરાક્રમનો નાયગરા ધોધ. પ્રતિજ્ઞાની વજ્રથી સીંચાયેલી અતૂટ રેખા.

શ્રમણ ભગવાન મહાવીરદેવના મામા બનવાનું વાસ્તવિક સૌભાગ્ય ધરાવનારો આ ભૂપ ઈતિહાસની દિવાલપર કોતરાઈ જઈને અમર બની શક્યો છે.

- ❑ તેને પ્રતિજ્ઞા હતી, યુદ્ધમાં એક દિવસે એક જ બાણ છોડવાની.
- ❑ તેને પ્રતિજ્ઞા હતી, કન્યાદાન પણ નહિ કરવાની.

પરાક્રમ એવું અતુલ મળ્યું હતું કે એના એક જ તીરે શત્રુનો બલિ ચઢ્યા વિના ન રહે. એ જેની તરફ નિશાન તાકે, એ પાતાળમાં પેસી જાય તોય ઉગરી શકે નહિ.

સંવેગ એવો દૃઢમૂલ મળ્યો હતો કે જવાબદારી સ્વીકારનારા તૈયાર દેખાયા ત્યારે તેણે પોતાની સાતે સાત કન્યાઓનું દાન પણ નકારી દીધું.

રણભૂમિમાં લાખ્ખો શત્રુઓને એક જ તીરે વીંધી નાંખે એવા આ પ્રચંડ પરાક્રમી રાજાને સાત સુપુત્રીઓ હતી. (૧) પ્રભાવતી (૨) શિવા (૩) મૃગાવતી (૪) જ્યેષ્ઠા (૫) પદ્માવતી (૬) સુજ્યેષ્ઠા અને (૭) ચેલણા. આ તેમના નામ હતાં.

આ સાત પૈકીની વડીલ પાંચ પુત્રીના પાણિગ્રહણ ભિન્ન - ભિન્ન દેશના રાજકુમારો કે રાજવીઓ સાથે થઇ ગયાં હતાં. નાની બે કન્યાઓ સુજ્યેષ્ઠા અને ચેલણા હજી અવિવાહિત હતી.

❑ રૂપ અને લાવણ્ય જેમ ને નાગ કન્યા જેવું મળ્યું હતું.
❑ જૈન શાસ્ત્રોના રહસ્યને જેઓ સુપેરે જાણતી હતી.

એવી મદમસ્ત યૌવનવયે પહોંચેલી તે બે કુમારિકાઓ ધર્મના અભ્યાસમાં સમય વ્યતીત કરતી હતી. આ બન્નેય ભગીનીઓની દિનચર્યા નિરાળી હતી. આવશ્યકાર્યો અને મનોરંજનની પ્રવૃત્તિ માટે તેઓ જેમ સમય ફાળવતી તેમ મધ્યાહન પછીના સમયમાં ખાસ્સો એવો કાળ ધર્મગોષ્ઠિમાં પણ પસાર કરતી. એમની ધર્મગોષ્ઠિ પણ ડાંગરના બીબા જેવી ફોરી નહોતી. એ સોનાના તપેલા રસ જેવી ઉજ્જવળ, સૂક્ષ્મ અને વજનદાર રહેતી. જે તત્ત્વોનો અભ્યાસ તે બે ભગિનીઓએ કર્યો હતો એ તત્ત્વોની પરાવર્તનાની એવી તો રમઝટ જામતી કે સાંભળનાર વ્યક્તિ પણ એ રમઝટના પ્રવાહમાં ખેંચાયા વિના ન રહે.

એક ઉતરતા મધ્યાહ્ને આ બન્નેય બહેનો અંતઃપુરમાં પહોંચી અંતઃપુરના સ્વાધ્યાય માટે જ આરક્ષિત રખાયેલા એક અલાયદા ખંડમાં પહોંચી જઇ તેમણે બુધ્ધિનો વિન્યાસ માંગીલે તેવી તત્ત્વના ઉંડાણને સ્પર્શનારી ચર્ચા શરૂ કરી એ ચર્ચા હજી પ્રારંભિક ભૂમિકાપર હશે ત્યાં જ વાતાવરણે એકાએક આશ્ચર્યો વળાંક લીધો.

જેનું નામ કદી સાંભળ્યું નથી, જેની છબિ કદી નિહાળી નથી, જેનો પરિચય ક્યારેય કર્યો નથી અને જેના અસ્તિત્વનો રજ જેટલોય અનુભવ અદ્યાવધિ નથી થયો એવી એક પરિવ્રાજિકા ત્યાં આવી ચઢી. સખીઓ - શિષ્યાઓના વૃન્દથી વીંટળાયેલી તે પરિવ્રાજિકા કશાય ક્ષોભવિના સીધી જ ખંડમાં દાખલ થઇ ચેલણા અને જ્યેષ્ઠાની વચોવચ આસન જમાવીને બેસી ગઇ. જાણે કોઇ લજ્જા જ નહિ. ક્ષોભ જેવા તત્ત્વનો કદાચ તેને પરિચય જ નહિ થયો હોય. આમન્યા કે મર્યાદા જેવી ચીજ તેની બુદ્ધિની રેખામાં ક્યાંય દોરાઇ જ નહિ હોય.

એ પરિવ્રાજિકા હતી એટલું ચોક્કસ હતું.

❑ તેના એક હાથમાં અણિયાળો ત્રિદંડ હતો.
❑ તેના બીજા હાથમાં કાસાનું ચળકતું કમંડળું હતું.
❑ કાસાના એ કમંડળા પર ચાંદીની પ્યાલી મૂકી હતી.
❑ તેના એક ખભે ડાભનું આસન હતું.
❑ ગેરૂના રંગથી રંગાયેલી લાલ સાડીનો પોશાક તેણે ધારણ કર્યો હતો.
❑ રાતા કેશપાશમાં ફૂલોથી ભરેલો અંબોડો તેણે બાંધ્યો હતો.
❑ તે બોલવામાં અતિશય ચતુર હતી. સ્વશાસ્ત્રમાં વિશારદ હતી.

આવી તે પરિવ્રાજિકા, ન જાણે કઇ નિયતિએ તેનું નિર્માણ કર્યું હશે ? પણ તે અત્યારે દૃઢ સમ્યક્ત્વ શાલિની એવી સુજ્યેષ્ઠા અને ચેલણા પાસે આવી ઉભી. આમન્ત્રણની પ્રતિક્ષા કર્યા વિના જે છેક મધ્યસ્થખંડ સુધી ઘસી શકતી હોય તેવી પરિવ્રાજિકા પછી માન - સન્માનનો વિચાર કરે ખરી ? માન - સન્માન કે સ્વાભિમાન ભર્યા વ્યવહારો તેના માટે અગોચર જ હશે. આથી જ તેણે જાતે જ આસન ગ્રહણ કરી લીધું.

એની નિર્લજ્જતાની પરાકાષ્ઠા તો ત્યારે સર્જાઇ ગઇ જ્યારે એ કશાય ખચકાટ વિના સુજ્યેષ્ઠા અને ચેલણા જેવી પરમાર્હતા સુશ્રાવિકાઓ પાસે પોતાના હળાહળ મિથ્યાત્વથી ભરેલા શૌચમતનું ઉત્સાહપૂર્વક પ્રતિપાદન કરવા માંડી.

પરિવ્રાજિકાની આવી મિથ્યાત્વના ઝેર પીરસતી વાતો સુજ્યેષ્ઠા અને ચેલણા જેવી શિરમોર કક્ષાની શ્રાવિકાઓ સાંભળી લે ખરી ? હરગીઝ નહિ. એ સામેથી આવી ચઢી, ઉધ્ધતાઇ પૂર્વક આસનપર ચઢી બેઠી, એ બધું હજી આ શ્રાવિકાઓ સહન કરીલે. કેમ કે એ જ એમના ક્ષમાધર્મ માટે ઇષ્ટ હતું. પણ જિનવચનની ઘોરખોદે તેવી વાતો જો આ શ્રાવિકાઓએ સાંભળી લીધી હોત તો તેમની શ્રદ્ધાનું લીલામ થઇ જાત. એ એમને જરીકેય માન્ય નહતું.

આથી જ સુજ્યેષ્ઠાએ પરિવ્રાજિકાની યુક્તિઓને અધ વચ્ચે જ આંતરી લીધી. તેની મિથ્યાયુક્તિઓને સબળતાપૂર્વક પડકારી. — ક્રમશઃ

# સમાચાર સાર

**પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મહારાજ આદિની શુભ નિશ્રામાં**

**દાતારાયમાં ઉજવાયેલ ચૌધરી પરિવારમાં** સર્વપ્રથમ કુ. **વર્ષાબેન શાંતિલાલજીનો ભવ્ય દીક્ષામહોત્સવ** જીરાવલાતીર્થની હવેલીમાં દાતારાઈનગરમાં હેમલતાકુમારી (વર્ષા)બેન શાંતિલાલજી ચૌધરીનો પોષ વદ ૧૦, બુધવાર, તા. ૬-૨-૨૦૦૨ નો ભવ્ય દીક્ષામહોત્સવ પૂ. મેવાડદેશોદ્ધારક આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કમલરત્ન- સૂરીશ્વરજી મ.** સા. પૂ. આચાર્યશ્રીમદ્ વિજય **દર્શનરત્નસૂરીશ્વરજી મ.** સા., પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય **દર્શનરત્નસૂરીશ્વરજી મ.** સા., પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **અજિતરત્ન સૂરીશ્વરજી મ.** સા., પૂ. મુનિરાજ શ્રી **ભાવેશરત્ન વિજયજી મ.** સા., પૂ. મુનિરાજ શ્રી **પ્રશમરત્ન વિજયજી મ.** સા., પૂ. **દાનરત્ન વિજયજી** મ. સા., પૂ. **ત્નેશરત્ન વિજયજી મ.**, પૂ. **ખાંતિરણી** વિજયજી મ. સા., પૂ. **દીપકરત્નવિજયજી મ. સા.**, આદિ વિશાલ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શા જીવરાજજી અચલાજી ચૌધરી પરિવાર તરફથી ભવ્ય દીક્ષા મહોત્સવનું આયોજન થયેલ. પોષ વદ ૨ બુધવાર, તા. ૩૦-૧-૨૦૦૨ ને ગુરૂભગવંતોનો ભવ્ય પ્રવેશ થયેલ. મહોત્સવમાં બેન્ડ, શરણાઈના ઢોલથી વાતાવરણ ગુંજતું હતું. ભારતના સુપ્રસિદ્ધ સંગીતકાર સોહનલાલજી શાસ્ત્રી તથા રાજસ્થાનના સુપ્રસિદ્ધ સંગીતકાર ભવરલાલજી ચૌધરી આ મહોત્સવમાં પૂજા ભાવનામાં રમઝટ મચાવતાં હતાં. મહોત્સવમાં દરરોજ પ્રવચન થયેલ. છેલ્લા ચાર દિવસ પ્રવચન રત્નત્રયી નગરીમાં





થયેલ દાંતરાઈમાં સર્વપ્રથમ આવો ભવ્ય મંડપ રત્નથી રચાયેલ. પોષ વદ ૭+૮ દિ ૪-૨-૨૦૦૨ ને સાધ્વીજી શ્રેયોરત્નાશ્રીજીના સંસારી ભાઈઓ તરફથી ગુરૂપૂજન સંઘપૂજન રત્નત્રયી નગરીમાં થયેલ. ત્યાર પછી દીક્ષાર્થી તથા તેના પાંચે કાકાઓના ઘેર પગલા સંઘપૂજન ગુરૂપૂજન પ્રવચન થયેલ. પોષવદ ૯ દિ. ૫-૨-૨૦૦૨ ને સાધ્વીજી તપોરક્ષિતાશ્રીજી તથા સાધ્વીજી જિનરક્ષિતાશ્રીજી ભગની દ્વય ના સંસારી ભાઈઓના ઘેર પગલા, સંઘપૂજન, ગુરૂપૂજન, પ્રવચન થયેલ. કનકભાઈ વગેરે પણ રંગ મંડપમાં ઉછામણીનો રંગ, લાવતાં હતાં. ધાર્મિક પાઠશાલામાં બાળકોને પ્રભાવનાની ટીપ પણ સારી થયેલ. જીવદયાની ટીપ પણ શ્રીસિદ્ધચક્રદાપૂજન વખતે સારી થયેલ. પોષ વદ ૫+૮, દિ. ૪-૨-૨૦૦૨ ને બપોરે શ્રીસિદ્ધચક્રપૂજન શિવગંજના સુપ્રસિદ્ધ ચંપકભાઈ વિધિકારકે ભણાવેલ. પોષ વદ ૯, દિ. ૫-૨-૨૦૦૨ ની રાત્રે આઠ વાગ્યે સન્માન સમારોહ પ્રારંભ થયેલ તેમાં તીલક, કવર માલા, માનપત્રની ઉછામણીઓ થયેલ.

ઉકચંદજી મુલાજી એ તિલક, તથા એક સદ્ગુહસ્થે શ્રીફલકવર, હજારીમલજી સાંકલાજી માલા અને શા હજારીમલજી લુંલાજી એ સંઘ તરફથી સન્માનપત્ર આપવાનો ઉછામણીબોલીને લાભ લીધેલ. પોષ વદ ૧૦, બુધવાર, દિ. ૬-૨-૨૦૦૨ ને પ્રાતઃ શુભમુહૂર્તે દીક્ષાવિધિનો શુભારંભ થયેલ. દીક્ષાના ઉપકરણો અર્પણ કરવા આદિની ઉછામણીઓનો લાભ લેનાર ભાગ્યશાલીઓ.

**:: ઉછામણીઓ રેકોર્ડ રૂપ થયેલ ::**

૧. ગણેશમલજી વીરાજીની લજવાલા - અંતિમ વિદાયતિલક.

૨. તો ઉછામણી બોલી ઓઘો આપતાં પહેલા તિલક કરવાનો અપૂર્વ લાભ લીધેલ.

મુળપાત્ર - શા હંજારીમલજી માંડુલચંદજી પુનાજી

૩. કામ્બલી - શાલાલચંદજી આદિ ગજી તાતડ
**સાડો** : શા હજારીમલજી લીલાજી
**કપડા** : કે. પી. સંઘવી માલગામ - મુંબઈ.
**પાત્રા** : સંઘવી ભેરમલજી હકમાજી માલગાવ
**તરપણી** : શા રૂગનાથમલજી નનાજી નિંબજવાલા.
**પોથી** : હંજારીમલજી સાંકલાજી.
**દંડાસણ** : પુખરાજજી કાનાજી.
**દંડો** : મનરાજજી ખુમાજી.
**કમાણી** : મગનલાલજી ભૂમલજી અનાદરા.
**નવકારવાલી** : હંજારીમલજી સાંકલાજી.
**સંથારા** : જીવરાજજી અચલાજી.
**ઉત્તરપટ્ટો** : કે. પી. સંઘવી.
**આસન** : મીઠાલાલજી જવાનમલજી.
**સુપડી** : કાંતિલાલજી કપૂરચંદજી નિબજવાલા.
**નામ જાહેર કરવાઓ** : બાબુલાલજી લખમીચંદજી.
**ગુરૂપૂજન** : શા ઉકચંદજી મૂલાજી.
**સરવલી** : શાંતિલાલજી ભૂમાજી.
**વાગરની** : સમરમલજી મગાજી મડીયા વાલા.
**ગુરૂભગવંતોને કામણી વહોરાવવી** : સદ્ગૃહસ્થ.
**સાધ્વીજીને કામલી વહોરાવવી** : શાહીરાચંદજી સાંકલાજી.

આ દીક્ષા મહોત્સવે દાંતરાઈમાં રેકોર્ડ સ્થાપિત કરેલ. આ દીક્ષામહોત્સવ દાંતરાઈના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે સદા અંકિત રહેશે. આ દીક્ષા મહોત્સવમાં સાડા ત્રાણ લાખ રૂપિયાનો મંડપ હતો. મંડપે બહુમાન કરવામાં આવેલ. કુ. હેમલતાબેન (વર્ષા) નું નામ - સાધ્વીજી કાતપ્રજ્ઞાશ્રીજી મ. જાહેર થયેલ તથા ગુરૂણીનું નામ સાધ્વીજી હર્ષપ્રજ્ઞાશ્રીજી જાહેર થયેલ. દીક્ષાના દિવસે જ સાંજે ગુરૂભગવંતોએ અમદાવાદ પૂ. રામચંદ્રસૂરીશ્વરજી કમલ પાદર પ્રતિષ્ઠા માટે વિહાર કરેલ.

❉

**થરાનગરે** : શાસન પ્રભાવક જ્યોતિર્વિદ્ પ. પૂ. આચાર્યદેવ લબ્ધિસૂરીશ્વરજી મ.સા., પ્રવચનકાર મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી યુવા પ્રવચનકાર શીલરત્ન વિ. મ., સાધ્વીજી હેમલતાશ્રીજી આદિઠાણાની નિશ્રામાં રાજુલાની દીક્ષા - સાધ્વીજી રાજ્યપ્રજ્ઞાશ્રીજી તથા પ્રભાબેનના એકાંતર પાંચસો આયંબીલ પારાણાં થરાપાવાપુરીજી દેરાસરની સાલોગરી નિમીત્તે એ સિધ્ધચક્રપૂજન ભક્તામર પૂજન- ચાર સ્વામી વાત્સલ્ય - વર્ષીદાનનો ભવ્ય વરઘોડો - ઉપકરણોની રેકર્ડરૂપ ઉછામણી જીવદયા ફંડ- આયંબીલ ની દિપી સારી થયેલ. જયરત્નાશ્રીજીના શિષ્યા રમ્યરત્નાશ્રીજી નામ રાખેલા ગુણવંતભાઈ, દલપતભાઈ, હસમુખભાઈ, શાંતિભાઈ, હર્ષદભાઈ નાદારે સકલ સંઘ સાથે પગલાં જ્ઞાનપૂજન ગુરૂપૂજન સંઘપૂજન કાંબળી વહોરાવવા આદિ કાર્યક્રમો ભવ્ય રીતે થયેલ.

પૂજ્યપાદશ્રી ઓળીની આરાધના અમદાવાદ **પ્રેરણાતીર્થ** જોધપુર ગામમાં સેટેલાઈટ કરાવશે.

આગામી ચાતુર્માસ અમદાવાદ લાવણ્ય સોસાયટી ધરણીધર દેરાસર પાછળ. પાલડી નક્કી થયેલા બાલમુમુક્ષુ સિધ્ધાર્થ ઉ. વ. ૧૧ ની દીક્ષા જેઠ સુદ ૩, **થરા** મુકામે ભવ્યરીતે અનેક પ્રોગ્રામ પૂર્વક થશે.

**ભીલડીયાજી તીર્થ** : અત્રે પૂ. આ. શ્રી વિજયજિનચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં બાણા નિવાસી શાહ વીરચંદ પુનમચંદ દલાજી પરિવાર તરફથી ચૈત્ર માસની ઓળી શ્રી નવપદ આરાધક સમાજ (મુંબઈ) ના આયોજનથી થશે. તે માટે ભાવભર્યું આમંત્રણ આપ્યું છે.

**કારીયાણી** - અત્રે શાંતિનાથજી દેરાસરની ૬૩ મી વર્ષગાંઠ નિમિત્તે મહાસુદ ૧૩ ના ધજારોપણ મહોત્સવ બારભાયા ધીરજલાલ વલુભાઈ પરિવાર કારીયાણીવાળા હાલ બોટાદ તરફથી યોજાયો. શ્રીમતી લીલાબેનની પ્રેરણાથી ધીરજભાઈના ચાલુ ૫૦૦ આંબેલની પાણ આરાધના નિમિત્તે થયો. ૨૫૦ જેવી સંખ્યા આવેલ જીવદયાની પારેવાની જુવારની પાણ ૪૦ હજાર જેટલી ટીપ થઈ હતી. સાથે ઉત્સાહ હતો. આવતી સાલ વર્ષગાંઠ મહોત્સવ નો લાભ પોપટલાલ સુખલાલ બારભાયા પરિવારે લેવાનું નક્કી કર્યું.

**અલાઉ** : અત્રે દેરાસરજીની વર્ષગાંઠ મહા સુદ ૧૩ ની ઉજવાણી સંઘવી ત્રિભોનદાસ પોપટલાલ તરફથી થઈ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ની પ્રેરણાથી આયોજન થયુ. ૧૪૦ જેવી સંખ્યા થઈ સ્નાત્રપૂજા ભક્તિ સુંદર થયો અને ઉત્સાહથી ધજા મઢાવાઈ. સાધારાણ ખર્ચને પહોંચવા યોજનાને સારો સહકાર મળ્યો. આવતી સાલની વર્ષગાંઠની ઉજવાણી બારડોલી વાળા શાહ રસીકલાલ રતિલાલ દોશી તરફથી નક્કી થઈ ઉત્સાહ ખૂબ હતો. ❉❉

# જૈન શાસનમાં નવો મળેલ સહકાર

૨૦[illegible]-૦૦ રમણલાલ નંદલાલ
સુપુત્ર ચિ. જિજ્ઞેશના શુભ લગ્ન પ્રસંગે ભેટ

૧૦[illegible]-૦૦ જીવરાજજી અસલાજી ઓઘરા,
દાંતરાઈવાળા
પૂ. સા. શ્રી શ્રીકાંતપ્રભાશ્રીજી મ. સા. ની વડીદીક્ષા અમદાવાદ મૂકામે થતાં ખુશી ભેટ.

૫[illegible]-૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી ખુશી ભેટના હસ્તગિરિ તિર્થોધ્ધારક, આગમ દિવાકર, સ્વ. પૂ. આ. ભ. વિજય માનતુંગસૂરીશ્વરજી મ. સા. ના સંસારી સુપુત્રી પ્રશમરશ્મિ નિમગ્ના તપસ્વીરત્ના પૂ. સા. શ્રી ચંદનબાલાશ્રીજી મ. સા., સંયમ જીવનની અનુમોદનાર્થે.

૧૧૦૦૦-૦૦ હેમરાજ પ્રેમરાજ અ.સૌ. ચાંદાદેવી હેમરાજ
સોની જૈન શ્વે. મુ. સેવા ટ્રસ્ટ, હિંગોલી
(મહારાષ્ટ્ર)
શ્રી ઈન્દરચંદ પ્રેમરાજજી સોની
પ.પુ. શ્રી શાન્તીગુની મ. સા. ની પ્રેરણાથી
ખુશી ભેટના.

# વૈમનસ્ય

**(વીર શાસન, વર્ષ ૧૩, અંક ૪૮ + ૪૯ માંથી સાભાર)**

પ્રામાણિક વિરોધ અને વૈમનસ્ય ભાવ એ બન્ને વચ્ચે તફાવત છે. વ્યક્તિ દ્વેષ અને અવગુણ દ્વેષ વચ્ચે મહાન અંતર છે. અવગુણ પ્રત્યે અસદ્‌ભાવ હોય. અવગુણી પ્રત્યે દયા હોય. પ્રામાણિક વિરોધમાં વૈમનસ્ય ન હોય. વૈમનસ્ય થાય એટલે પ્રમાણિકતા ચાલી જાય, શિષ્ટતા ચાલી જાય. એના બોલવામાં ને લખવામાં એ વ્યક્તિદ્વેષ વ્યકત કરે. રદીયા આપવાને બદલે ગુંગાણામણ બહાર કાઢે, ભૂલ કબૂલવાને બદલે ભૂલ બતાવનાર સામે દાંતીયાં કરે.

અજ્ઞાનના આવરણથી ભૂલ થવી શક્ય છે. પણ ભૂલ ભૂલરૂપે જણાયા બાદ મિથ્યા ઘમંડમાં ખેંચાનારો પોતાની જાતને ભૂલે છે. સ્થાનને ભૂલે છે, પોતે શું કર્યું અને શું કરે છે. એ પણ ભૂલી જાય છે. કેવલ વૈમનસ્ય ભાવે બકવાદ આદરે છે અને પોતાના હાજીયા ટોળાને રાજી રાખવાનો નિરર્થક યત્ન છે.

એ બીચારાની આ પામર દશા સામે સભ્ય જગતને, વસ્તુ સ્થિતિના જ્ઞાતાઓને દયા ઉપજે છે. એની કેવી દુર્દશા થઈ રહી છે, એ વિચાર દુઃખ ઉપજાવે છે. અને રદિયા નહિ આપતાં કુટીલતા વાપરી અજ્ઞાન જનસમૂહને ભમાવવાની કાર્યવાહી તરફ તિરસ્કાર પેદા કરે છે.

પ્રભુશાસનની જેને આરાધના કરવી હોય, તેણે જરૂર એવા દોષથી બચવું જોઈએ. નામનાની લાલસા અને ઘમંડભરી મનોદશા હોય ત્યાં સત્ય અને સત્યવાદી બન્ને સામે દાંતીયાં કરવાથી નહિ બચાય.

વૈમનસ્યને આધીન થએલાની ભાષા તોછડી બને છે. દલીલો પાંગળી હોવાથી દલીલોમાં ગાળો હોય છે. અને એની નેમ એક જ હોય છે કે કોઈ પણ રીતિએ સામાને દબાવું. પણ સત્ય દબાતું નથી અને સમર્થ સત્ય ભાષી એ કુટીલતા તરફ દયાળુ બને છે.

માટે સૌએ વૈમનસ્ય ભાવથી પર રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને મિથ્યા ઘમંડનો ત્યાગ કરી શાસનની આરાધના માટે સરળતા કેળવવી જોઈએ. ❖❖❖

# "તીર્થંકર-ચક્રવર્તી-વાસુદેવ-પ્રતિવાસુદેવ-બલદેવાદિ ત્રેષઠ શલાકા પુરુષોનો સંક્ષિપ્ત પરિચય"

● પ્રેષક : પૂ. સા. સુવર્ણપ્રભાશ્રી

*ગતાંકથી ચાલુ...

## ચક્રવર્તી આદિના કાળ

ચોવીશ તીર્થંકરના વખતમાં તથા તેમના આંતરામાં થયેલ ૧૨ ચક્રવર્તી, નવવાસુદેવ, નવ બળદેવ તથા નવ પ્રતિવાસુદેવ ક્યારે ક્યારે થયા ?

ઋષભદેવજીના વખતમાં પહેલા ભરતચક્રવર્તી થયા. શ્રી અજિતનાથજીના વખતમાં બીજા સગર ચક્રવર્તી થયા. શ્રી શ્રેયાંસનાથજીના વખતમાં પહેલા ત્રિપૃષ્ઠ વાસુદેવ, પહેલા અચળ બળદેવ અને પહેલા અશ્વગ્રીવ પ્રતિવાસુદેવ થયા. શ્રી વાસુપૂજ્ય સ્વામીના વખતમાં બીજા દ્વિપૃષ્ઠ વાસુદેવ થયા. બીજા વિજય બળદેવ અને બીજા તારક પ્રતિવાસુદેવ થયા. શ્રી વિમલનાથજી ના વખતમાં ત્રીજા સ્વયંભૂ વાસુદેવ, ત્રીજા ભદ્ર બળદેવ અને ત્રીજા મેરૂક પ્રતિવાસુદેવ થયા.

શ્રી અનંતનાથજીના વખતમાં ચોથા પુરુષોત્તમ વાસુદેવ થયા ચોથા સુપ્રભ બળદેવ અને ચોથા મધુ પ્રતિવાસુદેવ થયા.

શ્રી ધર્મનાથજીના વખતમાં પાંચમાં પુરુષસિંહ વાસુદેવ થયા. પાંચમાં સુદર્શન બળદેવ અને પાંચમાં નિષંભ પ્રતિવાસુદેવ.

શ્રી ધર્મનાથજી અને શ્રી શાંતિનાથજીના આંતરામાં ત્રીજા મઘવા ચક્રી અને ચોથા સનત્કુમાર ચક્રવર્તી થયા.

શ્રી શાંતિનાથજી, શ્રી કુંથુનાથજી તથા શ્રી અરનાથજી એ ત્રણે પાંચમાં, છઠ્ઠા અને સાતમા ચક્રવર્તી થયા.

શ્રી અરનાથજી અને મલ્લિનાથજીના અંતરમાં આઠમા સુભુમ ચક્રવર્તી થયા. વળી તે જ અંતરમાં છઠ્ઠા પુરુષપુંડરીક વાસુદેવ, છઠ્ઠા આનંદ બળદેવ અને બળી પ્રતિવાસુદેવ થયા. વળી તેમનાં અંતરમાં સાતમાં દત્ત વાસુદેવ, સાતમાં નંદન બળદેવ અને સાતમાં પ્રલ્હાદ પ્રતિવાસુદેવ થયા.

શ્રી મુનિસુવ્રત સ્વામીજીના વખતમાં નવમાં પદ્મ ચક્રવર્તી થયા. શ્રી મુનિસુવ્રતજી અને નમિનાથજીના અંતરમાં આઠમાં લક્ષ્મણ વાસુદેવ, આઠમા પદ્મ-રામચંદ્ર બળદેવ અને આઠમાં રાવણ પ્રતિવાસુદેવ થયા. શ્રી નમિનાથજીના વખતમાં દશમાં હરિષેણ ચક્રવર્તી થયા.

શ્રી નમિનાથજી અને શ્રી નેમનાથજીના અંતરામાં જય ચક્રવર્તી થયા.

શ્રી નેમનાથજીના વખતમાં નવમાં કૃષ્ણ વાસુદેવ, નવમાં બળભદ્ર, બળદેવ અને નવમાં જરાસંઘ પ્રતિવાસુદેવ થયા.

શ્રી નેમનાથજી અને શ્રી પાર્શ્વનાથજીના અંતરમાં બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા.

## ચક્રવર્તીની રૂધ્ધિ

ભરતખંડના છખંડ, નવનિધિ. ચૌદરત્ન, ચૌદરત્નના થઈને ચૌદ હજાર દેવો. ૨ હજાર પોતાના જ અંગરક્ષક દેવો, એકછત્રી રાજ્ય, સેવા કરતા બત્રીશ હજાર મુકુટબધ્ધ રાજાઓ, ઋતુ કલ્યાણી-મહાકલ્યાણકારી ૩૨ હજાર પુરુસ્ત્રીઓ, અન્ય રાજ્યોની દેવાંગનાના રૂપને પણ પરાભવ કરતી ૩૨૦૦૦ હજાર અંતે કેરીઓ, કુલ ૬૪૦૦૦ સ્ત્રીઓ અને પુનઃ તે દરેકને બે બે વારાંગના - દાસીઓ, તે મળી કુલ ૧૨૮૦૦તે સર્વે મળીને ૧૯૨૦૦૦ અંતઃ પુરીઓ, ચક્રીને વૈક્રિય શરીરથી ભોગ્ય બને છે.

પ્રત્યેક ૮૪ લાખની સંખ્યાએ ઘોડાઓ, હાથીઓ, મોટા નિશાનો, રથો, વાજિંત્રો, ૯૬ કોટી પાયદળો, લશ્કર, ૫ કરોડ દીવેટીયા, દશ કરોડ પંચરંગી ધ્વજા પતાકાવાળા, ૩ કરોડ નિયોગી, ૩૬ કરોડ આભરણ રક્ષકો, તેટલા જ અંગમર્દન કરવાવાળા ૩૬ કરોડ રસોઈ કરનારા, ૩ કરોડ હળ તથા ગાડા, ૧ કરોડ ગોકુલ પ્રત્યેક નવ્વાણુ કરોડની સંખ્યાએ ભોઈ, કાવડિયા, મસૂરિયા વગેરે પંડિત, મીઠાબોલા, પૌતાર ભાયાતો, દાસદાસી, માંડબિકો, ૯૬

કરોડ ગામો, ૭ કરોડ કુટુમ્બિકો, ૧ કરોડ ૮૦ હજાર વૃષભો, ૩ કરોડ પાયક વિનોદી. ૩૦ કરોડ તંબોલી ૫૦ કરોડ પખાલી, તેટલા જ પ્રતિહારાદિક રક્ષકો, ૯૯ લાખ માનવ અંગરક્ષકો, ૧૨ લાખ નેજા, ૩ લાખ વાજિંત્રકારક, ૩ લાખ ભોજનસ્થાનો, પાંચ લાખ દીપકના ધારકો, ૯૯ હજાર દ્રોણમુખો, ૬૪ હજાર મહાકલ્યાણને કરનારા ૮૦ હજાર પંડિતો, ૭૨ હજાર મોટા નગરો. ૪૯ હજાર ઉધાનો, ૪૮ હજાર પત્તન તથા ૩૬૦૦૦ સૂપકારકો તેમજ વેલાવલ ૫૬૦૦૦ વેલાકુલો, ૧૮ કરોડ મોટા અશ્વો તથા પ્રત્યેક રાણીના લગ્નમાં અપાએલાં બત્રીશબધ્ધ નાટકો તથા નવહારી નગરીઓ, ૨૭ હજાર નગર અકર, ૨૪૦૦૦ ની સંખ્યાએ સંબોધ કર્બટ, મંડબ, ૨૧ હજાર સન્નિવેશો, ૨૦ હજાર આગરો-રત્નસુવર્ણની ખાણો, ૧૮ હજાર શ્રેણીકા, પ્રશ્રેણીકારૂ, ૧૬ હજારની સંખ્યાઓ રત્નાકરો, દ્વીપો, ખેડઓ, રાજધાનીઓ, ૪લેચ્છ રાજાઓ, ૧૪ હજારની સંખ્યાએ બુધ્ધિનિધાન મહામંત્રીઓ, જલપંથી, સંબાધો ૪૯૦૦ કુરાજ્ય અપાત સંપત્તિ પ્રત્યંતર રાજા, વળી ૩૬૦ કેવળ ચક્રીકુટુંબની જ રસોઈ કરનારા રસોઈઆઓ હંમેશા ૪ કરોડ માણ અન્ન રંધાય અને તેમાં ૧૦ લાખ માણ મીઠું વપરાય છે અને ચક્રીને તથા તેની સ્ત્રી રત્ન બન્ને જ પથ્ય અને મહાઅમૃતમય ગોદ્ધપ્રધાન (કલ્યાણસંજ્ઞક) ભોજનને ચક્રી તથા રત્ન બન્ને જ જમે છે આ સિવાય બીજી ઘણી રિધ્ધિ સિધ્ધિ તથા તેની સંખ્યાના મતાંતરો ગ્રથાંતરથી જોવાં.

**વાસુદેવ :** વાસુદેવનો જન્મ પણ ઉત્તમ મહર્ધ્ધિક કુલે જ થાય છે. વાસુદેવો નિશ્ચે વૈમાનિકમાંથી આવીને માતાની કુક્ષિમાં ઉત્પન્ન થાય છે. એ વખતે જન્મદાતા માતા ચૌદમાંથી સાત મહાસ્વપ્નોને જુએ છે. આ વાસુદેવો ગત ત્રીજે ભવે કોઈ સંયમી મહાતપસ્વી ઋષિઓ હોય છે. અન્યનું ઋધ્ધિબળ દેખીને અથવા અહંકારાદિને કારણે પોતે તે જ વખતે અહંકાર લાવી નિયાણું કરે કે જો ''આ મારા સંયમ તપાદિકનો પ્રભાવ હોય તો આ સંયમના ફલરૂપે આવતા ભવે હું મહાબળવાન થાઉં.'' આ પ્રમાણે નિયાણું કરવાથી, તપોબળથી નિશ્ચે વૈમાનિકમાં ઉત્પન્ન થઈ આયુષ્યક્ષયે અનંતરભવે અવશ્ય વાસુદેવ થાય છે. વાસુદેવ થયા બાદ અતિ આસક્તિ પૂર્વક ઉત્તમોત્તમ ભોગો ભોગવવા દ્વારા મરીને નિશ્ચે નરકમાં જાય છે. એથી સંયમ - ચારિત્રના લાભને તેઓ કદી પામતા નથી. વળી આ કર્મપુરુષ વાસુદેવો શ્યામ કાન્તિવાળા, પીતવર્ણના, રેશમી વસ્ત્રો પહેરનારા, કૌસ્તુભમણિયુક્ત, વક્ષઃસ્થળવાળા, ગરુડ ચિહ્ન યુક્ત ધ્વજાવાળા હોય છે. આ વાસુદેવો ભરતના છ ખંડ પૈકી દક્ષિણાર્ધના ત્રણ ખંડના ધણી, અનેક સુલક્ષણોપેત, ઉત્તમ ફળદાયક પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર કૌમોદકી ગદા, ખડ્ગ, સારંગ, ધનુષ્ય મણિ, અકલાન વનમાળા એ સાત રત્નોએ યુક્ત અને ચક્રીથી અર્ધઅર્ધ ઋધ્ધિ સિધ્ધિવાળા હોવાથી ૩૨૦૦૦ દેવાંગના જેવી સ્ત્રીઓ સાથે ભોગ ભોગવતા વિહરે છે. આ વાસુદેવો ચક્રવર્તીના વિરહકાળે રૂથાય છે.

**બલદેવ :** આ બળદેવો ચારે દેવનિકાયમાંથી આવનાર હોય છે. તેઓ પૂર્વભવમાં નિયાણું કર્યા વિના બળદેવપણું પામ્યા હોવાથી બળદેવના ભવે જ તેઓ સ્વર્ગે અથવા વહાલા અનુજ બંધુ વાસુદેવના મરણના ખેદથી ઉત્પન્ન થયો છે. વૈરાગ્ય જેને એવા તે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરી છેવટે મોક્ષે પણ જઈ શકે છે. બળદેવની માતા તેમના જન્મસૂચક ચૌદમાંથી ચાર સ્વપ્નોને જૂએ છે. આ બળદેવની સંખ્યા પણ નવની હોય છે. કારણકે એક એક વાસુદેવ સાથે તેમના સગા વડીલ બંધુ તરીકે જ એક એક બળદેવ ઉત્પન્ન થાય છે. છતાં તેઓ પરસ્પર દયાળુ, મત્સર રહિત, અનુત્તર અને નિર્મળ સ્નેહને ધારણ કરવાવાળા હોય છે. તેઓ ૧૦૮ લક્ષણયુક્ત, ગૌરવર્ણીય, અદ્‌ભુત રૂપવાળા, મહાબલી અને અમોઘ શક્તિવાળાં, ધનુષ્ય, હળ, મૂશળ એ ત્રણ રત્નોથી યુક્ત, તાલચિહ્નયુક્ત ધ્વજાવાળા હોય છે. તેમની નિર્યામત સ્ત્રી સંખ્યા ઉપલબ્ધ જોવાતી નથી. આ પ્રમાણે વાસુદેવો અને બળદેવો બન્ને મળીને ત્રણ ખંડનું સુખેથી રાજ ભોગવનારા હોય છે.

**પ્રતિવાસુદેવ :** પ્રતિવાસુદેવનું સ્વપ્નાદિક સર્વ સ્વરૂપ વાસુદેવવત્ સમજવું. આ પ્રતિવાસુદેવો પણ નવ હોય છે. કારણ કે પ્રત્યેક પ્રતિવાસુદેવ વાસુદેવની ઉત્પત્તિ થયેલી હોય ત્યારે સામ્રાજ્ય ભોગવતા હોય છે. તે વખતે શેષ અન્યાયુષી પ્રતિવાસુદેવોને વાસુદેવો સાથે ભીષણ યુધ્ધમાં ઉતરવું પડે

છે. અને વાસુદેવના મહાન બળ આગળ ન ફાવતાં છેવટનો ઉપાય લેવ પ્રતિવાસુદેવ મહાસુદર્શનચક્ર વાસુદેવના મસ્તકને છેદવા મૂકે છે. એ વખતે એ ચક્ર અનાદિકાળના નિયમ મુજબ "નિશ્ચે વ સુદેવના હાથે જ પ્રતિવાસુદેવો મરતા હોવાથી" વાસુદેવને ન હણતાં ઊલટું તાબેદાર બની જાય છે. એ વખતે વાસુદેવ ો જ ચક્ર પ્રતિવાસુદેવ ઉપર મૂકી તેનો શિરચ્છેદ કરી નરક ામમાં પ્રતિવાસુદેવોને પહોંચાડી વાસુદેવો તેનું ત્રણ ખં નું સામ્રાજ્ય ભોગવે છે. એથી જ અનંત પ્રતિવાસુ વો વાસુદેવને હાથે જ મર્યા છે અને મરશે. જેમ કૃષ્ણે જરા સંઘને હણ્યા હતા તેમ આ પ્રમાણે અહીં કેવલ ત્રેષઠ શલ કા પુરુષોનું દિગ્દર્શન માત્ર કરાવ્યું.

**નારદ :** ુમાં દરેક વાસુદેવના વખતમાં એકબીજા વચ્ચે કલેશ કરા વામાં કુતૂહલી પરંતુ બ્રહ્મચર્યના દિવ્ય, અદ્ભુત અને પ્રભ વશાળી, સર્વોતમ ગુણવાળા અને એથી જ વાસુદેવા દિક રાજાઓની રાણીઓના અંતઃપુરમાં નિઃશંકાપણે ગમનાગમન કરનારા લોક પ્રસિધ્ધ નવ નારદો ઉત્પન્ન થાય છે. તે ગુહસ્થયોગી જેવા હોય છે. વળી ગગનગામિની વિદ્યાથી આકાશમાર્ગે ગમનાગમન કરનારા અને સર્વત્ર રાજસભામાં, રાજાનો આદેશ થતાં પોતે જોએલી, અનુભવેલી, અનેકક્ષેત્રાદિક વિષયોની વિવિધ હાસ્યરસ ભરપૂર કૌતુકમય કથાઓને સંભળાવનારા અને તેથી એકબીજાને લડાવી આપવામાં મહાન કુશળ હોય છે.

**મહાદેવ :** જેઓ રુદ્ર નામથી પ્રસિધ્ધ છે તેઓ તથાવિધ કર્મવશે અનેક લોકવિરુધ્ધ આચરણો કરનારાં અને દેવ આરાધનથી અનેક પરાક્રમો બતલાવનારાં, અનેક વિદ્યાના જાણકાર અને મહાવ્યભિચારી હોય છે. લોકમાં પણ છેલ્લા મહાદેવ-પાર્વતીનો પ્રસંગ સર્વત્ર પ્રસિધ્ધ રહ્યો છે.

આ પ્રમાણે આ પુરુષો પાંચે મહાવિદેહમાં નિરંતર ભરત ઐરવતમાં તો ઉત્સર્પિણી અવસર્પિણીના ક્રમે યથાયોગ્ય સમયે ત્રીજા-ચોથા આરામાં ઉત્પન્ન થાય છે. ◆




—જન્મભૂમિ પ્રવાસી

# જિનેશ્વર પ્રભુની ભક્તિનું ફળ

**- શ્રી શાંતિ**

હે ગૌત્તમ !, હું હરિયાનાપાણીના પારને પામી શકું છું, તારાઓના પાણ છેડાને જાણી શકું છું પરંતુ જિનેશ્વર પ્રભુની પૂજાના ફળને પાર પામી શકતો નથી.

જિનેશ્વર પરમાત્માને વંદન કરવાથી મનુષ્ય નીચ ગૌત્ર કર્મ ખપાવે છે. ઉચ્ચ ગોત્ર બાંધે છે અને કર્મોની ગાંઠ ઢીલી કરે છે.

જિનાલયની સાફસુફીમાં ૧૦૦ ઉપવાસનું ફળ, પ્રભુને વિલેપન, પૂજા આદિથી હજાર ઉપવાસનો લાભ, ફુલની માળા પહેરાવાથી એક લાખ ઉપવાસનો અને સંગીત - વાજિંત્ર આદિભાવ પૂજાથી અનંત ઉપવાસનો લાભ મલે છે.

જિનબિંબ ભરાવનાર આત્માને દરિદ્રપાણું, દૌર્ભાગ્ય, નીચ કુળમાં જન્મ, ખરાબ શરીર, દુર્ગતિ, અપમાન, રોગ અને શોક વગેરે થતું નથી.

સવારે કરેલી જિનેશ્વર પ્રભુની, પૂજા / ભક્તિ રાત્રે કરેલ પાપનો મધ્યાહન કાળે કરેલ ભક્તિ જન્મથી લઈને કરેલ પાપનો અને રાત્રીએ કરેલ ભક્તિસાત જન્મના પાપોનો નાશ કરે છે.

જિનેશ્વર પ્રભુની પૂજા; વ્રત / પચ્ચક્ખાણમાં આનંદ, સામાયિક પૌષધને વિષે પ્રયત્ન, સુપાત્રમાં દાન, ઉત્તમ તીર્થમાં રહેઠાણ અને સુસાધુની ભક્તિ આ મોક્ષમાં જવાનો ઉત્તમ માર્ગ છે.

નવું જિનમંદિર બનાવવામાં જે ફળ થાય છે, તે નાથી આઠ ગાણું પુણ્ય જૂના દેરાસરના જિર્ણોધ્ધારથી મળે છે.

જિન કલ્પી એવા મુનિ પાણ જિનમંદિર જીર્ણ થયે છતે, મંત્રી, શ્રેષ્ઠી કે હોટું બીડુ પુરૂષોને ઉપદેશ આપીને નવા કરાવી શકે છે.

જિનેશ્વર પ્રભુનું વાસ્તવિક નામ લેવાથી તેમની ભક્તિ ત્રાણ રીતે ફળદાયી થાય છે; (૧) વિઘ્નોની ઉપશાંત થાય છે (૨) અભ્યુદયને વધારનારી છે અને (૩) મોક્ષ સુખને કરનારી થાય છે.

પાંચમાં આરામાં જિનેશ્વર ની મૂર્તિ, આગમ, કલ્પવૃક્ષ છે, તેનાથી મોક્ષમાર્ગની સીડી છે, તેમાં જરાય સંશય નથી., તેમ મહાપુરૂષો પોકારી પોકારીને કહી ગયા છે, તો આપાણે દરરોજ જિનેશ્વર ની સેવા, પૂજા ભક્તિ કરી, આગમનું શ્રવાણ કરી મોક્ષ વહેલી તકે મેળવીએ. ●

## જન્મકલ્યાણક મહોત્સવની જાહેર ઉજવણીમાં મહાવીર સ્વામીના આજ્ઞાની અવજ્ઞા ?

કરૂણાસિંધુ ભગવાન મહાવીર સ્વામીએ દેહના નશ્વરપાણાનું અને આત્માના શાશ્વતપાણાનું અજોડ તત્વજ્ઞાન આપ્યું સત્ય ધર્મના આચરણ માટે અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, ક્ષમા, અનુકંપા, તપ, ત્યાગ વિગેરેનો મહાન સદુપદેશ આપ્યો. પરંતુ વર્તમાનમાં જાણેકે આ વાત વિસરાય ગઇ હોય તેમ ભગવાનની ૨૬૦૦મી જન્મ કલ્યાણકની ઉજવાણી અશાસ્ત્રીય રીતે થઇ રહી હોય તેમ લાગે છે. આવી ઉજવણીથી ભગવાનની આજ્ઞાન અને ઉપદેશની અવજ્ઞા તો થતી નથી ને ? જે આયોજકોએ ગંભીર પાણ વિચારવું જોઇએ.

ભગવાન લોકોત્તર સર્વજ્ઞ હતા તેથી તેમના નામનો ઉપયોગ લૌકિક, દુન્યવી કે સામાજીક શાસ્ત્રાનુંસાર તપ, જપ, ત્યાગ અને ધર્મારાધના વડે થાય છે અને તે પાણ પ્રાયઃ કરીને આચાર્ય ભગવંતો કે મુનિ ભગવંતોની નિશ્રામાં થાય છે. ભગવાનનો ઉપદેશ નિર્વાણ (મોક્ષ) પ્રાપ્તિનો છે અને ભૌતિક પાપ કર્મને તજવાનો છે. તેનાથી વિપરીત અશાસ્ત્રીય ઉજવાણી કરવામાં આવે તો સમસ્ત સંઘને મહાદોષ લાગે છે અને જિનવાણીની અવહેલના થાય છે. ઉજવાણીના વ્યામોહમાં તાણાઇને ભગવાનનું નામ લૌકિક કે સામાજીક પ્રવૃતિ સાથે જોડાય તે જરા પાણ યોગ્ય નથી, ઇચ્છનીય નથી.

ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકનો અશાસ્ત્રીય રીતિ મહોત્સવ વિગેરે કાર્યક્રમ યોજનારા તેમજ તેને અનુમોદન આપનારા માટે કર્મબંધનું કારણ બને છે. કેવળી ભગવાન પ્રરૂપિતા ધર્મના સિધ્ધાંતોનું ઉલ્લંઘન ન થાય તેની તકેદારી રાખવાની ખાસ જરૂર છે. —**નગીનદાસ રામજીભાઇ, વીરાણી, પ્રમુખ, શ્રી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ.**

—સંદેશ, રાજકોટ. તા. ૮, એપ્રીલ, ૨૦૦૨.

# યથા મતિ તથા ગતિ

**બોધદાયક કથા**

—પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ

દ્વારિકા નગરીમાં કૃષ્ણવાસુદેવ રાજ્ય કરે છે. તેમના પુણ્ય પ્રતાપે નગરીમાં સૌને લીલા - લહેર છે, ચોરી - જુઠ - કજીયો - કંકાસ શબ્દો શબ્દ કોશમાં જોવા મળે છે પાણ લોકમાં નાહિ. આપાણા સૌનું શરીર એ રોગનું ઘર છે. હરેક કાળમાં શરીરના પ્રેમી જીવો રહેવાના. શરીરના રોગોની દવા-ચિકિત્સા કરાવવા બધાની પડાપડી રહેવાની, માત્ર ભગવાનના શાસનના સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા રૂપ ધર્માત્મા જ આત્માના રોગોની ચિકિત્સા માટે પ્રયત્નશીલ હોય.

તે નગરીમાં ધન્વંતરી અને વૈતરિણી નામના બે પ્રસિદ્ધ વૈદ્યો હતા. જ્ઞાનિઓએ ચિકિત્સાને મહારંભ રૂપસાવદ્ય કામ કહેલ છે. મહારંભને નરકગતિનું એક કારાણ પાણ કહેવાયું છે.

પૃથ્વીતલને પોતાના પુનીત પાદારવિંદોથી પાવન કરતાં એવા શ્રી નેમનાથસ્વામિ ભગવાન એકવાર દ્વારિકા નગરીમાં પધાર્યા. શ્રી કૃષ્ણ મહારાજા સપરિવાર નગરજનોની સાથે હર્ષોલ્લાસપૂર્વક વંદન કરવા ગયા અને ભવસમુદ્રને તરવા નૌ-નાવડી સમાન ધર્મદેશનાના શ્રવાણથી રોમાંચિત બન્યા. આપાણે પાણ વિચારવું છે કે સદ્‌ગુરૂના શ્રીમુખેથી શ્રી જિનવાણીના શ્રવાણથી 'મેઘ ગાજે અને મોર નાચે' તેની જેમ આપાણું હૃદય રોમાંચિત-આનંદિત થાય છે ખરું ? કે પછી માત્ર વ્યવહાર ? અખા ભગતના શબ્દોમાં જોઈએ તો કથા સુણી સુણી ફુટયા કાન તો યે ન થયું બ્રહ્મજ્ઞાન !'

અવસરપામી શ્રીકૃષ્ણ મહારાજાએ ભગવાનને પૂછ્યું કે, ''ભગવંત ! મારી નગરીમાં બે પ્રસિદ્ધ વૈદ્ય વસે છે તો તેમની ગતિ કઈ થશે ?''

ત્યારે મધુર ધ્વનિએ ભગવાને ભાવિના ભેદ ભાખ્યા કે- ''કૃષ્ણ ! ધન્વંતરી વૈદ્ય મહાઆરંભાદિના કારાણે સાતમી નરકમાં જશે. (જ્ઞાનીઓએ આ અવસર્પિણીમાં થયેલા - ગાણાયેલ અભવ્યોમાં આ ધન્વંતરી વૈદ્યને પાણ અભવ્ય કહેલો છે.) જ્યારે વૈતરાણી વૈદ્ય પાણ આરંભાદિ તો કરે છે પાણ તેના હૈયાના પરિણામ તેવા નિધ્વંસ નથી, કાંઈક કુણા છે તેથી તે નિધ્વંસ ભાવે પાપ કરતો નથી. અહીંથી મરીને તે વનમાં વાનર થશે. ત્યાં કોઈક મુનિને કાંટો વાગવાથી તેના જોવામાં આવશે. તે મુનિને જોતાં તેને જાતિ સ્મરાણ થશે. પૂર્વભવનું અભ્યસ્ત કરેલ વૈદ્યકનું જ્ઞાન અને સાધુ ભગવંતોની કરેલ સેવા-ભક્તિ યાદ આવશે. મુનિને સાજાં-સારા કરશે. તેમની આગળ પોતાની આપવીતી લખીને જણાવશે. મુનિ પાણ તેને યોગ્ય જાણી ધર્મમાં પ્રતિબોધ કરશે. જ્ઞાનિઓએ યોગ્યતા પર જે ભાર મૂક્યો છે તે સહેતુ છે. પછી તે પોતાના ભવોભવના બધા પાપોને વોસિરાવીને ત્રાણ દિવસનું અનશન કરી આઠમા દેવલોકમાં દેવ થશે.''

પાપનો ભય જીવની ગતિને સુધારનારો છે. કદાચ પાપથી સર્વથા નિવૃત્તિ ન પાણ લઈ શકાય છતાં પાણ જો પાપામીરૂતા ગુણ પેદા થઈ જાય તો આત્માનું કલ્યાણ સુનિશ્ચિત છે. આપાણી સાથે આપાણે કેળવેલાં - પાડેલા શુભા-શુભ સંસ્કાર આવે છે. અને જેવા સંસ્કાર પાડયા તેવી વૃત્તિ અને પ્રવૃત્તિ થાય છે. તેમાંથી જીવની શુભાશુભ ગતિ થાય છે. માટે આપાણી ગતિ ન બગડે માટે ખૂબ જ સાવધ રહેવાની અને જાગૃત થવાની જરૂર છે. તે માટે પાપનો ભય રાખવાની જરૂર છે. તેથી કદાચ પાપનો બંધ પડે તે નુકશાનકારક તો નહિ જ બને પાણ જે અનુબંધ પડશે તે લાભદાયી બનશે. શુભાશુભ કર્મનો બંધ તો જીવને બાહ્ય સુખ સામગ્રીની અનુકૂળતા કે પ્રતિકૂળતા આપશે. પાણ પડેલા શુભાશુભ અનુબંધ, મનના વિચારો કે હૈયાના ભાવોને સારા કે નરસા બનાવશે. માટે બંધ કરતાં અનુબંધ ખરાબ ન પડે તેવી જાગૃતિ રાખવી આપાણા સૌના માટે હિતાવહ છે. સુજ્ઞેષુ કિં બહુના ?

• • •

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ ભૌતિક સુખને ભૂંડું માને તે સુખી, સુખને સારું માને તે બધા દુઃખી.

❖ સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ- છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાંતની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ.

❖ શરીર પરનો પ્રેમ જાય તો ખરેખર ધર્મ આવ્યો કહેવાય.

❖ ધર્મ એટલે આત્માનો પરિણામ મોક્ષની ઈચ્છા ધર્મના પરિણામને લાવનારી ચીજ છે.

❖ શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે, નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.

❖ જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ તો થાય તો ય સત્યાનાશ કાઢે.

❖ સમ્યગ્દષ્ટિ તેને જ કહેવાય કે જેની દ્રષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દ્રષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ. પાપના ઉદયથી આવતાં દુઃખ મઝેથી વેઠવા એટલે દુઃખના મૂળને કાપવું. સંસારનું સુખ તે જ દુઃખનું મૂળ છે કેમ કે, સંસારના સુખની ઈચ્છા પાપના ઉદયથી થાય છે. તે ઈચ્છા ખુદ પાપ છે અને તેનાથી પાપ જ બંધ થાય છે.

❖ શ્રી નવકાર મહામંત્ર મળે અને જેને સંસારનાં સુખો જ ગમે તે નાલાયક છે.

❖ ધર્મ કરતાં પણ પૈસો જેને વધારે વહાલો લાગે તેને ધર્મની કિંમત હોય જ નહિ.

❖ અનિત્યાદિ ભાવનાથી ભાવિત આત્મા પોતાની જાતને સંસારમાં ફસાયેલી માને.

❖ જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ તો થાય તો ય સત્યાનાશ કાઢે.

❖ સંસાર સારો છે જ નહિ, સંસારનો જેને રસ લાગ્યો તે ખરાબ થયો સમજો.

❖ અવિરતિ એવું ભયંકર પાપ છે કે જે આ દુનિયાના સુખ ઉપર જરાય અપ્રીતિ ન થવા દે અને પોતે કરેલા જ પાપ તેનાથી આવતું જે દુઃખ તેના ઉપર કદિ પ્રીતિ થવા ન દે.

❖ સંસારનાં સુખ માટે શ્રી નવકારમંત્ર ગણવો તે શ્રી નવકારમંત્રની મહા આશાતના છે.

❖ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો આત્માના ધર્મપ્રાણને લુંટનારી ચીજો છે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 15/6/02
2859

# જૈન શાસન

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

:: આરાધક
કોણ બને ? ::

असमाहीओ दुक्खं, दुहिणो
पुण अट्टमेव न उ धम्मो।
धम्मविहीणस्स पुणो, दूरे
आराहणमग्गो ॥

(શ્રી સંવેગ રંગશાળા,
ગા. ૧૭૦૪)

અસમાધિથી દુઃખ થાય, દુઃખિને આર્તધ્યાન જ હોય પણ ધર્મ કરે નહિ અને ધર્મથી રહિત આત્મા માટે આરાધનાનો માર્ગ દૂર બને છે. માટે આરાધક બનવા ઈચ્છનારે અસમાધિથી દૂર રહેવું જોઈએ.

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## અઠવાડિક

| વર્ષ | અંક |
|---|---|
| ૧૪ | ૩૯ |

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आचार्य श्री कैलाससागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

# નિર્દોષ પ્રજાની ભયંકર પાયમાલી સર્જનાર છેતરામણી લોકસભા – ધારાસભાને જ્યાં સુધી તાળા નહીં લાગે ત્યાં સુધી સુખશાંતિ જોખમમાં

સ્વતંત્રતા (ઠગારી !) મળી તેના અંધાપામાં ૧૯૪૭ થી જ પ્રજાના દૂરભાગ્યે કદી અસ્તિત્વમાં ન હતી તેવી ખતરનાક અને અહિતકારી બહુમતવાદની પદ્ધતિ આ મહાન આર્યદેશમાં લદાઇ ગઇ. અસલ અને આદર્શ સુવ્યવસ્થાઓને ઉથલાવીને છેતરામણી લોકશાહીનું લોખંડી ચોકઠું ગોઠવાઇ ગયું. તે વખતના દેશ નેતાઓ અને ચળવળકારો અંગ્રેજ શાસકોની ગણત્રી પૂર્વકની ચાલબાજી અને ઉંડી રમત ને પકડી શકયા નહીં પરિણામે આપણી હજારો વર્ષની અખંડ અને ઉત્તમ રાજવ્યવસ્થા, ન્યાય વ્યવસ્થા વિગેરે બધું જ ગુમાવી બેઠા. તે વખતના નેતાઓ ગાંધીજી, નહેરૂ, વલ્લભભાઇ, મૌલાના આઝાદ, મહમદઅલી ઝીણા, લીયાકતઅલિખાન, સુહરાવર્દી વિગેરે અંગ્રેજોની મુત્સદીગીરી સામે થાપ ખાઇ ગયા. દેશના હિંસક અને દુ:ખમય ભાગલા પડયા. વેરઝેરના બીજ રોપાયા, સંરક્ષણ અબજો રૂપિયાના ધુમાડા થયા અને ભારતવર્ષની ભોળી પ્રજા જાત જાતના અને ભાતભાતના સ્વાર્થાંધ રાજકીય પક્ષોના ફાસલામાં ફસાણી અને તેમાં અથડાઇ થાકી ગઇ છે, કંટાળી ગઇ છે.

અંગ્રેજ શાસકોને હાંકી કાઢવાનું કામ આપણાં શૂરવીર લશ્કરને જ સોંપી દીધું હોત તો દેશ અખંડ રહેત. નિર્દોષ પ્રજાની કત્લેઆમ ન થાત. વતન છોડવા ન પડત અને અંધાધુંધી ન ફેલાત, તેમજ ચોમાસાના અળસીયાની જેમ ફૂટી નીકળેલા સ્વાર્થાંધ પક્ષો જન્મતજ નહીં પરિણામે પ્રજાજનો લલચાવનારી ચૂંટણીરૂપી દૈત્યના મહાત્રાસમાંથી બચી જાત. આશરે ૭૮ વર્ષ પહેલા તે વખતના મહાન વિચારક, દીર્ઘદ્રષ્ટા પંડિત પ્રભુદાસભાઇ પારેખે દેશ નેતાઓને ખૂબ ચેતવ્યા હતા અને વાસ્તવિકતા સમજાવવા અથાગ પ્રયત્નો કર્યા હતા. પરંતુ પ્રજાના કમભાગ્યે આ મહાપુરૂષની સત્ય વાત બહેરા કાને અથડાઇ પરિણામે સમગ્ર પ્રજા પાયમાલ થઇ ગઇ.

હવે શું કરવું ? દેશ નેતાઓએ કરેલી અક્ષમ્ય અને પહાડી ભૂલોના ભોગ જ બની રહેવું કે પ્રતિક્રાન્તિ કરવી ? માત્ર અર્થ અને કામ ના પાયા ઉપર રચાયેલ અંગ્રેજી બંધારણ છોડવું પડશે. ઝાંઝવાના જળ જેવી લોકસભા તથા ધારાસભાઓને તાળા મારવા પડશે. પહેલાના પ્રજા - પ્રાણી માત્રના પાલક અને સેવક એવા રાજા મહારાજાઓને ફરીથી રાજ સિંહાસન ઉપર સબહુમાન પૂર્વક બેસાડવા પડશે. પછી અબજો રૂપિયાના ખોટા બેફામ ખર્ચા બંધ થઇ જશે. પોલીસ અને સંરક્ષણ ખર્ચમાં ગાબડા પડશે. જુલ્મી કરવેરા નામશેષ થશે. નોકરશાહી, વૈમનસ્ય, ગુન્હાખોરી, અન્યાય અને અરાજકતાનો અંત આવશે. સાચા મહાસંતો અને મહાજનોની આચાર સંહિતા અમલમાં આવશે એટલે રામરાજ્યના આદર્શની સુવ્યવસ્થાઓનું પુન: નિર્માણ થશે. પ્રજાને અનાથ બનાવી દીધી છે, તે સનાથ થશે પરિણામે રાજકારણની રોજીંદી ચિંતામાંથી આમ પ્રજા મુકત થશે અને હાશકારો અનુભવશે. હિન્દુ કે મુસલમાન સૌને અસરકરતા ગંદા રાજકારણનો અંત લાવવા શક્તિશાળી પ્રબુધ્ધજનો ક્યારે જાગશે ?

આરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ: ૧૪ *સંવત ૨૦૫૮ વૈશાખ વદ ૨ મંગળવાર તા. ૧૨-૬-૨૦૦૨ (અંક:૩

## જૈન સંઘમાં તુચ્છ બુદ્ધિ ન જોઈએ

આજે દુનિયામાં દરેક મનુષ્ય ને પોતાના સંયોગ પ્રમાણે સુખ દુઃખ મળે છે. અને તે પ્રમાણે સમભાવે રહી સાચી ભાવના એ રાખે છે કે આ માનવ જન્મજ પ્રભુ મહાવીરના માર્ગે વીતાવી જીવનને સફળ બનાવીએ.

પ્રભુ મહાવીરના અનુયાયી અર્થાત્ પ્રભુ વચનને માનનારાની આ ભાવના હોય છે. આ લક્ષણ હોય છે.

આજે ઘણા ગરીબ છે તે પૈસાદારની રકમ મૂળી પડાવી લેવાનો વિચાર કરતા નથી. અને પૈસાદારને લૂંટો અને પૈસાદારની મૂળી લઈ લો અને સુખી તથા ધનવાન બનો એવા વિચારો જાહેરમાં મૂકતા નથી. અરે અપરણિત કન્યા ન મળે તો ગમે તેની કન્યા ઉપાડી લાવી અને પરણી જાવ તેમ કહેતા નથી.

રોગી માણસો કોઈને લૂંટીને દવા કરાવી તેમ કહેતા નથી. વહેવારમાં આ સ્પષ્ટ સમજણ છે તેથી વિપ્લવ થતો નથી.

પરંતુ ધર્મના વિષયમાં એવા ઢગલા બંધ માણસો છે કે જેઓ ધર્મ વિરુદ્ધ વિચારો રજુ કરે છે અને તેવા વિચારો રજુ કરવામાં પોતાની હોશિયારી માને છે. દેવદ્રવ્યની સ્વપ્ન દ્રવ્યની રકમો ગરીબોને આપો. સાધારણમાં લઈ જાવ. ભગવાનની માતાને સ્વપ્ના આવ્યા હતા. માટે દેવ દ્રવ્ય ન કહેવાય. ભગવાન ગ્રહસ્થપણામાં હતા માટે દેવ દ્રવ્ય ન કહેવાય, શ્રાવકની ઈચ્છા મુજબ લઈ જવાય. દેવ દ્રવ્ય ઘણું છે તેમાં જરૂર નથી. પણ આ રકમ સાધારણમાં લઈ જાવ- વિગેરે અનેક વિકલ્પો રજુ કરે છે અને અજ્ઞાન, અભણ તથા ભદ્રીક પૂર્વગ્રહીતો કે સુધારકો કે આ વિષયમાં અજાણ છતાં બધે પોતે જાણકાર છે. એવા માણસોમાં ભ્રમ ફેલાવે છે અને ધર્મની પ્રક્રિયામાં ભેદ ઉત્પતિ કરે છે. ત્યારે વિવેકી આત્માઓએ તેવા અધકચરા સમજુ અને પોતાની જાતને ગૌરવશાળી બુદ્ધિશાળી માનતા જીવોને વિવેકથી સમજાવવી જોઈએ. મક્કમતાથી રજુઆત કરવી જોઈએ અને ધર્મમાર્ગમાં ભેદ કે વિપ્લવ ન થાય તેની કાળજી રાખવી જોઈએ.

જોગેશ્વરી આત્મા શ્રી રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ્ જોગેશ્વરી શાખાથી જ આવી અજ્ઞાન પત્રિકા પ્રગટ કરીને તેઓ જણાવે છે કે-

હમારે જૈન માર્ગો પર ફીર સે જવાબદારી આગઈ હે કિ સ્વપ્ન કી બોલિયો કરધન સાધારણ ખાતે મે લેને કા ઠોસ નિર્ણય સાધુ સમ્મેલન દ્વારા કરે. આને દેવદ્રવ્યકી કોઈ કમી નહી હે. પ્રત્યેક સંઘ કે પાસ ધન ખડા હે ટ્રસ્ટી ગણ ઉસસે માલિક બન બૈઠે હે. વે ઉસ દેવ દ્રવ્ય કો ઔર બઢાને કે જરિયે ઢુંઢ રહે હે એસો સમયમેં અન્ય જગહ મંદિરો કે લિએ વહ ધન નહી કે બરાબર દિયા જાતા હૈ

ક્યા યહ ઉચિત હે ?

આ લખાણ એક બેજવાબદાર લખાણ છે. પહેલી વાત તો એ છે કે આ પરિષદને જ્ઞાન નથી રાજેન્દ્ર પક્ષવાળા તો સ્વપ્ન દ્રવ્ય દેવ દ્રવ્યને બદલે સાધારણમાં લઈ જાય છે. અને આ પરિષદે જ તપાસ કરવી જોઈએ દેવ દ્રવ્ય સાધારણમાં લઈ જઈને રાજેન્દ્ર પક્ષવાળા કેટલા તાલેવંત થઈ ગયા નિશંક થઈ ગયા ? અને સાધારણ નાં પ્રશ્નો કેટલા હલ થયા ? આ બિનજવાબદાર પરિષદ માત્ર પહોંચ દેશે પાંડિત્યં જેવી અજ્ઞાન બુદ્ધિને ધારણ કરે છે નહિંતર પહેલાં પોતાના પક્ષની તપાસ કરવી જોઈએ. અને તેમાં શું છે તે જાણીને લખવું જોઈએ.

તપગચ્છની શુદ્ધ સામાચારી માનનારા આવા ગોટાળા કરે નહિ તેમને મન રકમની કિંમત નથી પણ ભાગવદ્‌વચનની કિંમત છે. ધર્મસ્થાનોમાં પોતાના મન કલ્પિત સિદ્ધાંતો પેશાડવા આ પરિષદ લોકોની જેમ અમારા ધર્માત્માઓ પેશતા નથી.

વળી દેરાસરમાં પડેલું દેવદ્રવ્ય કરોડોની સંખ્યામાં જૈનમંદિર નિર્માણ જીર્ણોદ્ધાર વિગેરેમાં જાય છે. તેની આ પરિષદે તપાસ કરવી જોઈએ. તો તપગચ્છની મહાન પ્રણાલિકાનો તેને ખ્યાલ આવે સિવાય એલ ફેલ લખવા બોલવાથી કંઈ વળે નહિ અને વાયડા કહેવાવ તે નફામાં પડે.

હા જે સંઘો દેવદ્રવ્ય સંગ્રહી રાખતા હોય અને જરૂર હોય ત્યાં ન આપતા હોય તો તેમને પ્રેરણા કરવી જોઈએ અને જીર્ણોદ્ધાર આદિમાં જરૂર હોય તેમાં આપવા સંઘમાં અને સંઘના સભ્યોએ પણ પ્રબાણ કરવું જોઈએ. પરંતુ રાજેન્દ્ર પરિષદની રાજેન્દ્ર પક્ષમાં ગડબડ કરનારાઓ છે તેમ જાણીને તેની વાત સાંભળવા કે માનવા જેવી નથી. આત્મા શબ્દ વાપરોને જાણે સકલ ભારતના તે પ્રતિનિધિ છે. તેવી કલ્પના કોઈ ન કરે. આ તો ધરાર ધાણી થવાના અને અમે જ અખિલ ભારતીયનું કામ કરનારા છીએ એવા લખાણ ફેલાવવાના નુશ્કામાં વિશ્વાસ નહિ કરવો જોઈએ.

જૈન શાસનની વિધિઓમાં અને પ્રણાલિકામાં ફેરનારા કરનારા જૈન શાસન માણી શક્તા નથી. મડદાને દરિયો પણ બહાર ફેંકી દે છે. માટે જૈન સંઘ શાસનની મર્યાદાઓ સામે ચેડા નહી કરવા તે યોગ્ય છે અને એક ચેડા કરનારાઓએ મડદાની જેમ જૈન શાસન માર્ગમાંથી આરાધનામાંથી ફેંકાઈ જવાના છે. તેમ પણ લક્ષમાં

જન્મભૂમિ પ્રવાસી



# સમાચાર સાર

**દંતાણી :** અત્રે પૂ. આ. શ્રી કલાપ્રભસાગર સૂ. મ. ની નિશ્રાનાં વરસીતપના ૨૫ તપસ્વીઓના પારાણા અત્રે થયા હતા.

**મધુવન (શિખરજી) :** અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલસૂરીશ્વરજી મ. આદિનું ચાતુર્માસ અત્રે નક્કી થયું છે (જી. ગિરિડીહ ઝારખંડ)

**ભામર (બનાસકાંઠા) :** અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. આ. શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં સંઘવી જીવતલાલ ચુનીલાલ રોળીયા કકલદાસ હાલચંદભાઈ સંઘવી લહેરચંદભાઈ પોપટલાલ તરફથી સંઘવી પ્રભાબેન શાંતિલાલ રોળીયા, પુષ્પાબેન હીરાલાલ સંઘવી, શારદાબેન બાબુલાલના એકાંતર ૫૦૦ આંબિલ નિમિત્તે વૈ.સુ ૧૧ થી ૧૩ સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ઉત્સવ તથા સ્વ. માતુશ્રી રિખુબેન ફોજાલાલ સંઘવીના આત્મશ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ઉત્સવ વૈ. સુ. ૧૩ થી ૧૫ સુધી ઉજવાયો.

**ધાખા (ધાનેરા) :** અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ. આદિ તથા રાજનંદિતાશ્રીજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી આરાધના ભવન ભોજનશાળા તથા યાત્રિક ભવનના ઉદ્દ્ઘાટન નિમિત્તે વૈ. સુ. ૬ થી ૮ સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રણ દિવસનો ઉત્સવ સુંદર રીતે ઉજવાયો.

**ભીલડીયાજી તીર્થ :** અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શાહ વીરચંદ પુનમચંદ બાપલાવાળા પરિવાર તરફથી ચૈત્ર ઓળીનું આરાધન શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ઉજવાયું.

**હસ્તગિરિતીર્થ :** શ્રી સિદ્ધાયજ્ઞ મંદિરની ૧૩ મી વર્ષગાંઠ પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અજિતસેન સૂ. મ. ની નિશ્રામાં વૈ.સુ. ૨ થી ૬ સુધી ઉજવાય.

**ખંભાત :** અત્રે પૂ. આ. શ્રી વિજયરાજ શેખર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય વીરશેખર સૂ. મ. આદિની નિશ્રામાં ૬ ભાગ્યશાળીઓના વરસીતપના પારાણા યોજાયા. વૈ સુ. ૧ થી ૧૮ અભિષેક નવાણું અભિષેક મહાપૂજા (જૈનશાળામાં) તથા જૈન શાળાર્થે તપસ્વીઓનો વરઘોડો ત્રીજના ચડયો હતો. આ પ્રસંગે પૂ. સા. શ્રી ચંદ્રમાલાશ્રીજી મ. આદિ તથા અમારા સંસારી પૂ. સા. શ્રી આત્મલીતાશ્રીજી મ. આદિ પધાર્યા હતા. સુદ ૪ ના જૈન શાળામાં વીશ સ્થાનક પૂજન ભણાવાયું.

**સાબરમતી રામનગર :** શ્રીમતી કંકુબેન કસરચંદ હેમાજી આયંબિલ ભવનમાં પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂ. મ., પૂ. મુ. શ્રી હિતરુચિવિજયજી મ. ની નિશ્રામાં ચૈત્ર ઓળીનું સારૂં આરાધન થયું.

**ભાટારા (ગોલવાળા) :** પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂ. મ. આદિની નિશ્રામાં દેરાસરની ૮૮ મી વર્ષગાંઠ નિમિત્તે સિદ્ધચક્ર મહાપૂજન સ્વામિવત્સલ વિ. પૂર્વ વૈ.સુ. ૬ નાં ઉજવવામાં આવી.

**પીંડવાળા :** અત્રે પૂ. મુ. શ્રી ચરણગુણ વિ. મ. ની નિશ્રામાં ચૈત્રી ઓળીની સુંદર આરાધના થઈ પૂ. મુ. શ્રી ગંભીરરત્ન વિજયજી મ. ના. નવપદ અંગે મહિમાના પ્રવચનો સારા થયા.

**અનાદરા :** શ્રી સંઘવી ભેરૂતારક ધામ તીર્થમાં પૂ. પં. શ્રી રવિરત્ન વિ. મ. આદિની નિશ્રામાં શ્રીમતી મંગુબેન હજારી મલજી ભગવાનજી પિત્તલીયા પરિવાર તરફથી ઓળીનું ભવ્ય આરાધન થયું ૧૨૦૦ આરાધકો જોડાયા હતા. અનેક પૂજનો વિ. ભણાયા હતા.

**મલાડ – ઈસ્ટ :** સુભાષલેન વિશ્વકર્મા જ્યોતિ બિલ્ડીંગમાં શ્રી જયંતિલાલ મણિલાલ મહેતા તરફથી શ્રી ધર્મનાથ પ્રભુજીની પૂ. મુ. શ્રી ચારિત્રરતિ વિજયજી મ. ના ઉપદેશથી ચૈત્ર વદ ૧૩, શુક્રવાર, તા. ૧૦-૫-૨૦૦૨ ના પધરામણી થઈ તે નિમિત્તે રથયાત્રા મંગલ પ્રવેશ નવકારસી સાધર્મિક ભકતી ૧૮ અભિષેક વિ. સુંદર થયા. વિધિ માટે જામનગરથી શ્રી નવીનભાઈ પધાર્યા હતા. અને ચલ પ્રતિષ્ઠા કરવામાં આવી.

**ભાયંદર (થાણા) :** અત્રે લાઠારા રાજસ્થાન નિવાસ મુમુક્ષુ સંદીપકુમાર અમરચંદજી ચોપડાની દીક્ષા પૂ. ગણિવર્યશ્રી રત્નશેન વિજયજી મ. ની નિશ્રામાં તા. ૫-૬-૨૦૦૨ પોદાર હાઈસ્કૂલમાં ઉજવાશે. તા. ૪-૬

ના વરસીદાનનો વરઘોડો ચડશે.

**અમદાવાદ – વાસણા ગોદાવરી** : અત્રે પૂ. મુ. શ્રી ભવ્યચંદ્ર વિજયજી મ. ના મહાનિશીથ સત્રનાં યોગની પૂર્ણાહૂતિ નિમિત્તે વૈ. સુ. ૫ થી ૭ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ પૂર્વકનો મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો.

❑

**દક્ષિણ મહારાષ્ટ્રમાં અનેરી ધર્મપ્રભાવના**

**ઈચલકરંજી (માલભાગ)** : મહારાષ્ટ્રનું મેન્ચેસ્ટર તરીકે ઓળખાતા એવા શ્રી ઈચલકરંજી નગરે **પૂ. આ. ભ. શ્રી જયકુંજર સૂ. મ.** તથા **પૂ. આ. ભ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ.** ના શિષ્ય-પ્રશિષ્યરત્નો **પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ. પૂ. મુ. શ્રી અક્ષયબોધિ વિ. મ.** તથા **પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ.**ની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય ભગવાન જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ-માલભાગ ના ઉપક્રમે શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલયની દ્વિતીય સાલગિરિના ઉપલક્ષમાં તથા મહારાષ્ટ્રદેશોદ્ધારક પૂ. આ. ભ. શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા** ના પોષ સુદ ૧૩ ના દીક્ષાદિનની પાવનસ્મૃતિમાં ત્રિ-દિવસીય પરમાત્મભક્તિ મહોત્સવ ખૂબ જ સુંદર ઉજવાયો. આ મહોત્સવ પ્રસંગે પોષ સુદ-૧૩ના પૂ. ગુરુભગવંતોનો સામૈયા સહ મંગલ પ્રવેશ થયેલ. પ્રથમ બે દિવસ પૂજા ભણાયા બાદ મહોત્સવનો અંતિમ દિન પોષ સુદ-૧૩ ના મહારાષ્ટ્ર દેશોદ્ધારક સૂરિ 'રામ' ના દીક્ષાદિનની સ્મૃતિમાં પૂજ્યશ્રીએ ગુણાનુવાદ પ્રવચન ફરમાવેલ. પ્રવચનબાદ પૂજ્યપાદશ્રીજીની પ્રતિકૃતિને વાસક્ષેપથી ગુરૂપૂજન કરવાનો ચઢાવો બોલાતા શ્રી ચીમનલાલ ચેવલાવાળા એ બોલી બોલીને લાભ લીધેલ. જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૩ નું સંઘપૂજન થયેલ. શ્રી સંઘ તરફથી સંઘપૂજન કરવાનો ચઢાવો બોલાતા શ્રી શહાબંધૂ પરિવારે બોલી બોલીને લાભ લીધેલ ગુણાનુવાદ બાદ શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય થયેલ. વિજયમુહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વિધિકારશ્રી પાર્શ્વજિન આરાધક મંડળ-સાંગલી એ ભણાવેલ. સંગીતકારશ્રી ભરતભાઈ (સાંગલી) પધારેલ.

આ ત્રિ-દિવસીય મહોત્સવનું આયોજન શ્રી સંઘનો આદેશ મેળવી **શ્રી ઘોંડીલાલ તુલજારામ શહા પરિવારે** કર્યુ હતું. મહોત્સવ બાદ પણ પૂજ્યશ્રીની ૧૫ દિ' જેટલી સ્થિરતા થતાં પૂજ્યશ્રીના પ્રવચનથી શ્રી સંઘમાં ખૂબ જ સુંદર ધર્મ જાગૃતિનું વાતાવરણ સર્જાયેલ.

**કુરુંદવાડ** : મહારાષ્ટ્રની પ્રાચીન નગરી શ્રી કુરુંદવાડ મધ્યે શ્રી **ચિંતામણિ પાર્શ્વનાથ જિનાલયની ૯૨ મી સાલગિરિ નિમિત્તે** તથા **મહારાષ્ટ્રદેશોદ્ધારક સૂરિ'રામ'ના સ્મૃતિ મંદિર – પ્રતિષ્ઠાની અનુમોદનાર્થે** શ્રી સંઘના ઉપક્રમે પરમાત્મભક્તિસ્વરૂપ શ્રી અઢાર અભિષેક મહાપૂજન ખૂબ જ ઠાઠમાઠથી ભણાયેલ. સાલગિરિના આ પ્રસંગે શ્રી સંઘની આગ્રહપૂર્ણ વિનંતિનો સ્વીકાર કરી પૂજ્યશ્રી એ પાંચદિવસ પૂર્વે મહા સુદ-૧ ના દિને સસ્વાગત મંગલ પ્રવેશ કરેલ. મહા સુદ-૩ ના દિવસે મહારાષ્ટ્ર દેશોદ્ધારક પૂજ્યશ્રીના વિશિષ્ઠ ગુણાનુવાદ થયેલ. ગુણાનુવાદ બાદ પૂજ્યશ્રીને પ્રતિકૃતિને ચઢાવો બોલીને વાસક્ષેપ પૂજા થયેલ. મહા સુદ-૫ ના સાલગિરિ નિમિત્તે ધ્વજારોપણ થયા બાદ શ્રી અઢાર અભિષેક પૂજન વિધિકારશ્રી અરવિંદભાઈ ઈચલકરંજી વાળાએ ભણાવેલ. પૂજન બાદ ધ્વજારોહણ - અઢાર અભિષેક તથા સંઘસ્વામી વાત્સલ્યનો લાભ લેનાર સંઘવી શા. પુનમચંદજી સુરતીંગજી રામસિણા પરિવાર - જયશિંગપુરવાલાનું શ્રી સંઘ તરફથી સન્માન થયેલ. ત્યારબાદ સાલગિરિના મહા સુદ ૫ ના દિને જ ઈચલકરંજીના વિવિધ સંઘોમાં અધ્યાયન કરાવી રહેલા અધ્યાયક શ્રી અરવિંદભાઈ મહેતા નું ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોઈ શ્રી સંઘે શાલ ઓઢાવવાપૂર્વક વિશિષ્ઠ સન્માન કરેલ. શા. પુનમચંદજી સુરતીંગજી પરિવાર-જયશિંગપુરવાલા તરફથી સાલગિરિ પ્રસંગે ૦ા કિલો ગોળના પેકેટની પ્રભાવના તથા રૂા. ૫ નું સંઘપૂજન થયેલ.

૧૮ ઘરોના નાનકડા એવા શ્રી કુરુંદવાડ ગામમાં પૂજ્યશ્રીની પધરામણી થતાં સંઘના ખૂબ જ સુંદર ધર્મભાવનાનું વાતાવરણ સર્જાયેલ-પાંચે દિવસ બપોરે પૂજ્યશ્રીના પ્રવચનોમાં શ્રી સંઘના બધા સદસ્યોએ સારો લાભ લીધેલ.

# આરાધકની સમસ્યા, સમાધાન

## મુહપત્તિ, મૂર્તિ ભવસાગરે દિવા બત્તી

**લેખક** : પ. પૂ. આ. દે. શ્રી પ્રભાકરસૂરીશ્વરજી મ. સા.

તીર્થંકર પરમાત્માના શાસનની વાતો કેવી નક્કર / સચોટ / ત્રિકાલાબાધિત સત્યથી ભરપૂર છે. પરંતુ ઘણીવાર ભગવાનના માર્ગને નુકશાન કેટલાકોથી થતું હોય છે. ઘણી વખત આરાધકોનાં મનમાં શંકાઓ ઉત્પન્ન થાય છે. આ સાચું કે પેલું સાચું ? કેટલાકને એવું હોય છે બહું ઊંડા ઉતરીને શું કામ છે ? એ તો રગડા - ઝઘડા બધું ચાલ્યા કરે, આપણે ક્યાં બધી ઝંઝટમાં ઉતરવું ? પણ ઘણી વખત એવા આરાધક આત્માઓ આવે છે કહે છે, ભગવંત સાચું હોય તે સમજાવો. સાચું સમજવા વાળા ભાવનાશાળીઓ માટે અહીં બે વસ્તુની વિચારણા છે. દરેક કાળમાં સાચું સમજનાર અલ્પ જ હોય છે.

### મુહપત્તિ :

**પ્રશ્ન :** ગુરુમહારાજ આ મુહપત્તિ શું પસિનો લુછવા માટે છે ?

**જવાબ :** હે પુણ્યશાળી, તમે સંસારની બધી બાબતમાં હોંશિયાર બની ગયા. અને ધર્મની બાબતમાં કેમ આટલા પાછળ રહી ગયા. મુહપત્તિમાં તો સમગ્ર જૈન શાસનનું નવનીત ભર્યું છે. તમામ સાધુ સાધ્વીજી ભગવંત શ્રાવક - શ્રાવિકાઓ જ્યારે પણ જાહેરમાં વ્રત નિયમો સ્વીકારે, સામાયિક પ્રતિક્રમણ વિગેરે કરે ત્યારે આ મુહપત્તિ રાખવાનું વિધાન છે. અને જ્યારે જ્યારે મુહપત્તિનું પડિલેહણ કરે ત્યારે ૫૦ બોલ બોલવાના હોય છે. મુહપત્તિના ૫૦ બોલની અંદર મોહ મંદ પડે અને મોક્ષભાવના પ્રગટે તેવું છે.

**પ્રશ્ન :** ગુરુ મહારાજ એ ૫૦ બોલ જરાં સમજાવો.

**જવાબ :** જૂઓ, મુહપત્તિ ડાબા હાથમાં પહેલાં મુકવાની પછી આપ્રમાણે છેડો પકડવાનો. બીજો છેડો આ પ્રમાણે પકડવાનો. પછી આ પ્રમાણે અખોડા પખોડા કરવાના. અને જ્યાં જ્યાં જે બોલ બોલવાના છે તે - સમજાવું છું. જૂઓ સૌથી પહેલાં સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું, પછી સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય મિથ્યાત્વ મોહનીય પરિહરું, પછી કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, પરિહરું, પછી સુદેવ, સુગુરુ, સુધર્મ આદરુ પછી કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું, પછી જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું પછી જ્ઞાન વિરાધના, દર્શનવિરાધના, ચારિત્રવિરાધના પરિહરું, પછી મનગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ આદરું, પછી મન દંડ, વચન, કાય દંડ પરિહરું, પછી હાસ્ય, રતિ, અરતિ પરિહરું, પછી ભય, શોક, દુર્ગંછા, પરિહરું, પછી કૃષ્ણ લેશ્યા, **કપોત લેશ્યા, નીલ લેશ્યા, પરિહરું** પછી રસ ગારવ, શાતાગારવ, **વૃધ્ધિ** ગારવ પરિહરું, **પછી ક્રોધમાન પરિહરું, માયા લોભ પરિહરું, પછી માયા શલ્ય, નિયાણ શલ્ય, મિથ્યાત્વ શલ્ય પરિહરું**, પૃથ્વી અપકત્ય તેઉકાયની જયણા કરું, વાઉકાય/ વનસ્પતિ કાય/ ત્રસકાયની જયણા કરું, છેલ્લાં છ બોલમાં ગુરુભગવંતો રક્ષા કરું બોલે. (મુહપત્તિનું પડિલેહણ તમે કોઈ ગુરુભગવંત અગર સાધર્મિક પાસે શિખી લેજો. તમને બહુ લાભનું કારણ બનશે.)

**પ્રશ્ન :** હે ગુરુભગવંત, જો મુહપત્તિના ૫૦ બોલ બોલવાના હોય તો જેઓ મુખે મુહપત્તિ બાંધી રાખે છે તે શું કરતા હશે ?

**જવાબ :** તમારો પ્રશ્ન બહુ સારો છે. આંબા ઉપર કેરી આવે તેના ઉપરથી નક્કી થાય કે ભાઈ નીચે

આંબો હશે. જેઓ મુહપત્તિ બાંધે છે તેનું મૂળ જાણશો તો તમને મનનું સમાધાન થશે અને શંકા દૂર થઇ જશે. આપણે ત્યાં ૧૦૦ વર્ષ પહેલાં પૂ. આત્મારામજી મહારાજ થઇ ગયા પહેલાં તેમણે - સ્થાનકવાસી મતમાં દીક્ષા લીધી હતી. પ્રખર બુધ્ધિ હતી. સાચું સમજવાની તાલાવેલી સાથે સાચું કરવાની ભાવના હતી. યાદશક્તિ પણ સારી હતી. સ્થાનકાવાસી જે ૩૨ આગમો માને છે તેનો સારી રીતે અભ્યાસ પણ કરેલો. ત્યાર બાદ સ્થાનકવાસી પંથ ખોટો લાગતાં ૧૭ સાધુને ત્યાંથી લઇ નીકળી તપાગચ્છમાં દીક્ષા લીધી હતી અને તેઓની આચાર્યપદવી પાલીતાણામાં ૫૦૦૦૦ની હાજરીમાં ખુબ જ પ્રભાવક થઇ હતી. આ મહાપુરુષે તેમનાં સમયમાં ઘણું સહન કર્યું હતું. સાથે સાથે અનેક ભવ્યાત્માઓને સદુપદેશ આપી સન્માર્ગમાં સ્થિર કર્યા હતા. તેઓ દ્વારા જબરજસ્ત આરાધના પ્રભાવનાઓ અને સુંદર ધર્મ ગ્રંથો સર્જન થયા હતા. તેમાં સમ્યકત્વ શલ્યોધ્ધાર નામનો ગ્રંથ છે એ તમો જ્ઞાન ભંડારમાંથી મેળવી વાંચી જશો તો તમારા હૃદયમાં સાચો પ્રકાશ થશે. બાકી તો મુહપત્તિ બાંધી રાખે છે એટલે મુહપત્તિના ૫૦ બોલ અંગે તો તેઓને પુછો તો જ ખ્યાલ આવે.

**પ્રશ્ન :** મુહપત્તિ શા માટે બાંધી રાખે છે ?

**જવાબ :** એ લોકો એમ કહે છે કે બોલવાથી વાંઉકાયના જીવો મરી જાય. એટલે મુહપત્તિ બાંધી રાખીએ છીએ. મુહપત્તિ બાંધી રાખવાનું શ્રીભગવતી સૂત્રમાં લખ્યું છે તેવું તેમના જેઠમલ નામના પંડિતે લખ્યું છે. પણ આવું કાંઇ ભગવતી સૂત્રમાં છે નહીં. શ્રી ભગવતી સૂત્રમાં લખ્યું છે કે સંપાતિમ્ અર્થાત્ માંખી- મચ્છરાદિસ જીવોની રક્ષાના હેતુથી જ્યારે બોલવું હોય ત્યારે મુહપત્તિનો મુખ પાસે ઉપયોગ રાખી બોલવું ત્યાં મોઢે બાંધવાની વાત નથી. બીજું પૂ. આ. શ્રી આત્મારામજી મહારાજ ત્યાં સ્થાનક વાસીમાં રહ્યા હતા. તેઓનો અનુભવ લખે છે કે ગામે ગામ જઇએ ત્યારે આવી મુહપત્તિ બાંધેલી જોઇને પ્રાય: બાળકો અને સ્ત્રીઓ ડરે છે અને ઘણીવાર કૂતરા ભસે છે. પાછું શ્રી આત્મારામજી મહારાજ કહે છે કે જો મોઢે મુહપત્તિ બાંધો છો તો નાકે, કાને અને ગુંદાના દ્વારો પર પણ મુહપત્તિ બાંધવી જોઇએ. કારણ કે તે દ્વારોમાંથી પણ વાઉ કાયના જીવો મરતા હશે ? તેમના મત અનુસાર ન બાંધે તો હિંસા થાય, પાછું પૂ. આત્મારામજી મહારાજ લખે છે મુખમાંથી નીકળતાં થૂંકમાં સ્પર્શથી બે ઘડી પછી સંમૂર્ચ્છીમ જીવોની ઉત્પત્તિ કહી છે. તો પછી મુહપત્તિ બાંધી રાખવાથી હિંસા ચાલુ રહે છે. આ તો પ્રત્યક્ષ થયું. મુહપત્તિ અને રજો હરણનો હેતુ વાઉકાયની રક્ષાનો નહી પણ ત્રસકાય જીવોની રક્ષા માટે છે જ્યારે પણ ખાંસી આવે, ઓડકાર આવે ત્યારે મુહપત્તિ મુખ પાસે લાવવાનું વિધાન શાસ્ત્રમાં છે.

પગરખા એટલે બુટ ચંપલ. હવે તે કાંઇ રાતદિવસ પહેરી રાખવાના હોતા નથી પણ જ્યારે બહાર જઇએ ત્યારે પહેરાય. તેવી રીતે મુહપત્તિ એટલે મોંઢાની પટ્ટી નહીં. પરંતુ બોલવાના સમયે ઉપયોગ રાખવો જોઇએ. રજોહરણ એટલે આખો દિવસ રજને હરણ કરવાનું નહીં. જેઓ મુહપત્તિ બાંધતા નથી અને મુહપત્તિનો ઉપયોગ રાખે છે તેને વધુ બોલવાનું બંધ થાય છે અને ભગવાને કહ્યું છે ઉપયોગ એ ધર્મ, તે બરાબર સચવાઇ જાય છે.

આગળના જમાનામાં સાફ સૂફી કરવા માટે જે આવતાં તેઓ મોંઢે કપડું બાંધતાં હાલ પણ કેટલાંક સફાઇ કામદારો બાંધે છે. જો આવી રીતે મુખે બાંધી રાખીએ તો કોઇને શંકા થાય કે આ સફાઇ કામદારો હશે ? પ. પૂ. સ્વ. મુનિરાજશ્રી જ્ઞાન સુંદરવિજયજી મહારાજે **'આગમ નિર્ણય'** પુસ્તક લખ્યું છે તે વાંચવા જેવું છે.

મુહપત્તિ બાંધેલી રાખવામાં આવે તો પડિલેહણના સમયે પડિલેહણ બરાબર થઇ શકતું નથી. પ્રવચન સમયે શ્રોતાઓને સમજવામાં પણ તકલિફ પડે છે. શબ્દોના સ્પષ્ટ ઉચ્ચાર થતાં નથી.

મનમાં પ્રશ્ન થાય કે મુહપત્તિ જેઓ બાંધી રાખે

છે તે જમતી વખતે મુહપત્તિ છોડતા હશે ? અને તે વખતે સંપૂર્ણ મૌન પાલન કરતા હશે ?

મુહપત્તિ બાંધી રાખવાથી વાઉકાયના જીવો અથડાય છે અને બાધાત થાય છે. મોઢું ઉંચું નીચું થાય ત્યારે વાઉકાયના જીવો મરી જાય છે. જ્યારે મુહપત્તિ હાથમાં રાખવાથી વચમાં થોડું આંતરૂં રહે છે અને જીવોનો વ્યાઘાત આપણી ભૂલથી થતો નથી.

કુદરતી નાકમાં શ્વાસ લેવાનું ચાલુ છે. ત્યાં વાઉકાયના જીવો મરે છે પણ તે અશક્ય પરિહાર છે. અધોવાયુ થાય ત્યાં પણ જીવો મરે છે ત્યાં મુહપત્તિ બંધાતી નથી. તે સહેજે સમજી શકાય તેવું છે ?

જેઓ મુહપત્તિ રાખે છે અને માત્ર કમરે લટકાવી રાખે છે. બોલતી વખતે ઉપયોગ ન રખાય તો દોષ લાગે છે. દરેક સાધુ - સાધ્વીજી ભગવંતે બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ રાખવો જોઇએ.

એક ભૂલ થઇ તેમાંથી ભૂલની પરંપરા સર્જાઇ. આગમોની અંદર ચૈત્ય શબ્દ આવે છે તેનો અર્થ સ્થાનકવાસીઓ ઠેર ઠેર જ્ઞાન સાધુ કરે છે. વ્યુત્પત્તિ દ્વારા પણ આ અર્થ બેસતો નથી. કોઇપણ શબ્દ કોશમાં ચૈત્યનો અર્થ જ્ઞાનસાધુ નથી. જિનમંદિર અને જિનમૂર્તિ જેવું અદ્‌ભૂત, અલૌકિક અજોડ આલંબન બીજું એક પણ નથી. સમવાયાંગ, ઉપાસક દશાંગ વગેરે ગ્રંથોમાં જિનમૂર્તિ કહેલ છે. તેમજ ભાષ્ય, ચૂર્ણિ, ટીકા નિર્યુક્તિ વિગેરેમાં મહાનપુરુષોએ ચૈત્યનો અર્થ જિનમૂર્તિ કહેલ છે.

લૌકિક મહાન માણસોના પૂતળાને ખાસડા પહેરાવે તો હુલ્લડ કેમ થાય છે ? સ્થાનકવાસી માન્યતાવાળા ગુરુને, ગુરુની પાસે અને ફોટાને પૂજનીય માને છે. કોઇ સ્થાનકવાસી સાધુ - સાધ્વી કાળ કરે તો ૨૪ કલાક મડદું રહેવા દે છે બધા વાંદે પછી મડદું કાઢે છે.

શ્રી જ્ઞાતાસૂત્રની અંદર જણાવેલ છે દ્રૌપદીએ પ્રતિમા પૂજી હતી. દેવલોકની પ્રતિમાઓ, તીર્થો, શાશ્વતા અશાશ્વતા તીર્થોને વંદન કરવાની વાત સકલ તીર્થ સૂત્રમાં આવે છે. જિનેશ્વર ભગવાનનું નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ જીવને સુલભ બોધિ બનાવે છે. યાવત્ મોક્ષ અપાવી શકે છે.

વ્યવહારમાં શુન્ય એટલે કાંઇ નહી. પણ શુન્યને સમજાવવા માટે આકાર તો આપવો પડે છે. જો આવું ઠોઠા જેવું જ્ઞાન મેળવવા અક્ષરની મૂર્તિ માનીએ અને સમગ્ર શ્રી જિનશાસનનું મૂળ જિનેશ્વરદેવો તેની મૂર્તિ ન માનવી તે કેવું ?

દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યું છે કે સ્ત્રીના ફોટાથી વિકાસ થવાની સંભાવના છે. તો પ્રશમરસ નિમગ્ન, કરુણાના સાગર, ત્રિલોકનાથ દેવાધિદેવ, અરિહંત પરમાત્માની મૂર્તિના દર્શન-વંદન-પૂજનનો લાભ કેમ ન થાય ? હૃદયમાં ચિત્તપ્રસન્નતા કેમ ન પ્રગટે ? ચૈત્યવંદનો, સ્તુતિ, સ્તવનો કેવા સુંદર ભાવવાહી છે.

ગુરુભગવંત કદાચ કાયમ માટે ન મળી શકે. પરંતુ જિનમંદિર અને જિનમૂર્તિ કાયમ માટે મળી શકે. જિનમંદિર અને જિનમૂર્તિ દ્વારા અગણિત આત્માઓનું અનિયત સમય સુધી કલ્યાણ થાય છે. નાનો બાળક હોય કે મોટા હોય, બહુ જ્ઞાન કદાચ ન પણ હોય પણ એટલી શ્રધ્ધા હોય આ મારા વીતરાગ ભગવાનની મૂર્તિ છે. ભગવાન ધર્મ સાધીને મોક્ષે ગયા તેમનું શરણું હું લઇશ તો મારો જરૂર ઉધ્ધાર થશે. હું પણ એક દિવસ ભગવાન બની જઇશ તો તેનું કલ્યાણ જરુર થાય.

નાકની ગંધ અરૂપી છે છતાં ગંધ અક્ષર દ્વારા તેનો બોધ થાય છે. અક્ષર એ મૂર્તિ છે કે બીજું કંઇ ? બાપાનો - પત્નીનો - દિકરાનો ફોટો જોઇ તેનું સ્મરણ થાય તો ભગવાનની મૂર્તિ દ્વારા ભગવાનનું સ્મરણ શા માટે ન થાય ? બાળક મરી ગયા પછી તેના માતા-પિતાને તેના કપડાં જોઇ બાળક યાદ આવે છે કે નહી ? પત્નીના દાગીના જોઇ પતિને તેની પત્ની યાદ આવે છે કે નહીં ? જંગલમાં સાધુ વેષ જોઇ ભાવિક આત્માઓને સુંદર ભાવ આવે છે. આમ અનેક રીતે મૂર્તિ સિધ્ધ થઇ શકે તેમ છે.

નીરાકારને સાધવા માટે આકારની જરુર પડે

છે. જેમ કે શબ્દ અરુપી છે તો તેને સાધવા માટે ટ્રાન્ઝીસ્ટર, ટી.વી., ટેપ, ટેલિફોન, આદિનો આશરો લેવો પડે છે. અથવા સંગીત આદિ માટે વાજિંત્રનો આશરો લેવો પડે છે. સુગંધ અરૂપી છે તેને સાધવા માટે ફૂલ આદિનો આશરો લેવો પડે છે. કેરીનો સ્વાદ અરુપી છે પણ કેરીનો સહારો લેવો પડે છે. અમુક અમુક રૂપીના સ્વાદમાં ફેરફાર છે. તે માટે તે તે રૂપનો આશરો લેવો પડે છે. અમુક વસ્તુના સ્પર્શ માટે જે તે વ્યકિતનો આસરો લેવો પડે છે. શુન્ય એટલે કાંઇ નહીં. છતાં તે માટે ૦ કરવું પડે છે. સિધ્ધભગવંત નિરાકાર છે તેને ઓળખવા માટે કોઇક આકાર કરવો પડે છે. અરે દુનિયામાં ઘણે ચોખા વ્યક્તિને તે આકાર થી ઓળખાય છે.

*મરચાં જડ છે છતાં વધુ ખવાઇ જાય તો પૂંઠ* બાળે છે. અરે, ઝેર જડ છે પણ માણસને મારી નાખે છે. દુનિયાના બધા વ્યવહારો જડના માધ્યમથી જ ચાલે છે. અને એ વ્યહારથી ભાવો ઉત્પન્ન થાય છે. મિષ્ટાન્ન અને વિષ્ટા બન્ને જડ છે. તેની અસર બધાને ખબર છે.

મોટા ભાગે જે કેવળજ્ઞાની બન્યા છે. સંપત્તી બન્યા છે તે તે નિમિત્તથી બન્યા છે. અરે કોઇને ભૂત વળગી જાય તો મંત્રાક્ષર જે નિરાકાર છે તેનાથી ભૂત નીકળી જાય છે.

કોઇને ગ્રહ નડતો હોય તો અમુક ગ્રહની વીંટી પહેરે છે. વીંટીયો પણ જડ છે. પૈસો પણ જડ છે. દુનિયા આખીને દોડાવે છે.

પ્રતિક્રમણની ક્રિયા કરતી વખતે વાઉકાયના જીવોની વિરાધના થાય છે. પરંતુ તે બધી હિંસાને જ્ઞાનીઓએ સ્વરૂપ હિંસા કીધી છે. અમુક સ્વરૂપ હિંસા કર્યા વગર ભાવ ઉત્પન્ન થતો નથી. હેતુહિંસા, અનુબંધ હિંસા, સ્વરુપહિંસા ને સૂક્ષ્મ દ્દષ્ટિથી વિચારાય તો મનની ગુંચો ઉકલી જાય. કાંટાને કાઢવા માટે કાંટાની જરૂર છે. વીતરાગની મૂર્તિ યોગ્ય આત્માને જરુર લાભદાયી થાય તેમાં શંકા નથી.

જે લોકો મૂર્તિ માનતા નથી તે લોકો તેમના ગુરુના આસનને પણ લગાવતા નથી. આસન એ પણ જડ છે. ગુરુની પાટ એ પણ જડ છે, માટે વાઉકાયની હિંસાથી કોઇએ ખોટી રીતે ભડકી *ઉઠવાની જરુર નથી.*

દુનિયામાં ગમે તેવો ચમરબંધી હોય. ગમે તે દેશમાં હોય, ગમે તે કાળે હોય પણ તેને વસ્તુ કે વ્યક્તિનો સહારો લીધા વિના ચાલતું નથી. આ સૌની પરાધિનતા છે. પરાધિનતાનો અંશ પણ નહીં તે અવસ્થા મોક્ષ મળે ત્યારે જ દૂર થઇ શકે. ધર્મ એ સારા બનાવે છે. પુણ્ય એ સારા કહેવડાવે છે. અનંતકાળથી વિશ્વમાં ચાલી આવતા જૈન શાસન સામે ઘણી મુશ્કેલીઓ આવી છે. તેમાંથી ધર્મ શાસન પસાર થઇ અડગ ઉભું છે. અને રહેશે. આવા શાસનની યથાશક્તિ સેવા કરી આંશિક ઋણ મુક્ત બનીએ.

**- સંપૂર્ણ**

## હિંસકમાંથી અહિંસક:

● ચિત્તોડનો કિલ્લો સર કરતી વખતે અકબરે લાખો સ્ત્રી પુરુષો અને પશુઓનો સંહાર કર્યો હતો. — તે વખતે ૭૪ મણ જનોઇનો ઢગલો થયેલ. ● લાહોરના જંગલમાં ૧ લાખ પશુઓની કતલ કરાવી હતી. ● ૧૬૨૦ની સાલમાં ગોંડવાણાની રાણી દુર્ગાવતી સાથે ભયંકર ક્રુરતા આચરી વિષય વાસના સંતોષી હતી. ● શિકાર કરવા માટેના રસાલા તરીકે તેની પાસે પાંચ હજાર પાડા, વીસ હજાર કૂતરાં, વીસ હજાર વાઘરી, ૫૦૦ ચિત્તા, હજારો બાજ પક્ષી તથા શકરાં પક્ષીઓ હતા. ● નાનકડી ભૂલના કારણે બાર વર્ષના નોકરને અકબરે મહેલની બારીમાંથી બહાર ફેંકી દીધો હતો. તરત જ ખોપરી ફાટી જતાં તે મરણ પામેલ. ● પોતાની ખુશામત નહિ કરનાર કવિ ગંગને હાથીના પગ તળે નાખ્યો હતો. ● આવા ક્રૂર અકબરને પૂજ્ય હીર સૂરીશ્વરજી મ. સા. એ સાવ અહિંસક બનાવી દીધો હતો.

# ચોટીલા (સૌ.) પાસે ગંભીર અકસ્માતના કારણે પૂજ્ય સાધ્વીજીશ્રી જિનરત્નાશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યા

સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના સમુદાયના અને પર્યાય સ્થવિરા પૂજ્ય સાધ્વીજીશ્રી રોહિતાશ્રીજી મહારાજના શિષ્યરત્ના પૂજ્ય સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મહારાજના સુવિનીત સંયમી શિષ્યા પૂજ્ય સા. શ્રી જિનરત્નાશ્રીજી મહારાજ ચોટીલા (સૌ.) થી ૬ કિ. મી. પહેલાં માર્ગમાં અજાણ્યા વાહનની અડફેટે ચડી જતાં તત્કાળ કાળધર્મ પામ્યા છે.

વિ. સં. ૨૦૫૮ ના ફાગણ સુદ ૧૩ + ૧૪ ની સવારે શાપર ગામથી વિહાર કરી પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ ઠાણા ૬ ચોટીલા મુકામે જઈ રહ્યા હતા. બે - બે સાધ્વીજી ભગવંતોના ગ્રુપમાં વિહાર કરતાં આગળ વધી રહ્યા હતા. પરોઢિયે સાત વાગ્યાની આસપાસ ચોટીલા લગભગ છએક કિ. મી. દૂર હતું ત્યારે બે સા. ભગવંતો આગળ હતા, સદ્ગત પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી તથા પૂ. સા. શ્રી ધૈર્યરત્નાશ્રીજી મ. વચ્ચે હતા અને પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી અપૂર્વરત્નાશ્રીજી મ. પાછળ હતા. તેમાં કોઈ અજાણ્યા વાહને પાછળથી આવીને સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. ને અડફેટે લીધા, તેઓ તત્કાળ રોડ ઉપર ફેંકાઈ ગયા હશે અને તેમની ઝાપટ કદાચ પૂ. સા. શ્રી ધૈર્યત્નાશ્રીજીને વાગવાથી તેઓ રસ્તા વચ્ચે ફેંકાઈ ગયા હશે. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. રોડ ઉપર પડી જવાથી તેમના નાભિપ્રદેશ ઉપર ટાયર ફરી જવાથી અને માથામાં ખૂબ જ ઘા વાગવાથી લોહી લુહાણ હાલતમાં પડ્યા હશે. આ ઘટના ઘડીના પલકારામાં એ રીતે ઘડાઈ હશે કે પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. મુખમાંથી ચીસ પણ પાડ્યા વિના તત્કાળ કાળધર્મ પામ્યા હશે. માર્ગ ખૂબ પહોળા હતા, બે વાહનો ઓવરટેક કરવા જાય તો પણ ત્રીજું એક વાહન સમાઈ જાય તેટલી જગ્યા હોવા છતાં અને મહત્ત્વની વાત તો એ હતી કે પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. ક્યારેય રોડ ઉપર ચાલતા નહોતા. ગમે તેવો ખરાબ માર્ગ હોય તો પણ સહન કરી લેતા હતા. તેથી આ ઘટના કેવી રીતે ઘડાઈ હશે તે જ્ઞાની ભગવંતો જાણી શકે.

પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. આદિ ઘટના સ્થળની નજીક આવતાં દૂરથી માર્ગમાં સફેદ પથરા પડ્યા જેવો ભાસ થયો. થોડા નજીક આવતાં સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. રસ્તા ઉપર પડેલા જણાયા. તુરંત પૂ. સા. શ્રી અપૂર્વરત્નાશ્રીજી મ. દોડયા અને જોયું તો તેમનો દેહ લોહીના ખાબોચિયા વચ્ચે પડ્યો હતો. આ અકલ્પ્ય દૃશ્ય જ્યારે પૂ. સા. શ્રી અપૂર્વરત્નાશ્રીજી મ. એ જોયું કે તરત તેમણે ચીસ પાડી. તુરંત હિંમત એકઠી કરી તેમનામાં જીવ છે કે નહીં તેની તપાસ કરી જેથી અંતિમ આરાધના કરાવી શકાય. પરંતુ અફસોસ ! તેમનો આત્મા પરલોકની યાત્રાએ પહોંચી ગયો હતો. હવે ત્યાંથી તુરંત ઉભા થઈ આગળ ૧૦-૧૨ ડગલાના અંતરે બરાબર રોડની વચ્ચે સા. શ્રી ધૈર્યરત્નાશ્રીજી મ. નું શરીર પડયું હતું. ત્યાં જઈ તપાસ કરી તો તેઓ પણ ગંભીર રીતે ઘવાયા હતા. માથામાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું. અને બેભાન દશામાં પડ્યા હતા. તેમના ચૈતન્યની તપાસ કરી તુરંત ભાનમાં લાવવા માટે તેમના મુખ ઉપર પાણી છાંટયું સહેજ કળ વળતાં આંખો ખોલી અને મિચ્છા મિ દુક્કડં આપો... હું જાઉં છું... ઈત્યાદિ શબ્દો તેમના મુખમાંથી નીકળ્યા. અત્યારે જરાય વિલંબ કરવો પાલવે તેમ ન હોવાથી પૂ. સા. શ્રી અપૂર્વરત્નાશ્રીજી મ. અત્યંત આઘાત પામ્યા હોવા છતાં હિંમત એકઠી કરી કોઈ વાહન મળી જાય તો તેના ડ્રાઈવર સાથે આગળ ગયેલ પૂ. સા. શ્રી કારુણ્યરત્નાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી

વિશુદ્ધરત્નાશ્રીજી મ. ને સંદેશો મોકલાવી શકાય. તે માટે ઘણા પ્રયત્નો કરવા છતાં કોઈ વાહનો ઉભા રહેવા તૈયાર નહોતા છેવટે બરાબર રસ્તા વચ્ચે ઉભા રહીને વાહન રોકાવી પોતાના જાનની પણ પરવાહ કર્યા વિના આગળ સમાચાર મોકલાવ્યા. બંને સા. મ. ઘટના સ્થળે આવી ગયા. ભલભલા પત્થર દિલ પણ પીગળી જાય તેવા ભયંકર દૃશ્યને જોઈને બંને સા. ભગવંતો ડઘાઈ ગયા. સંયમ ગ્રહણ કર્યા પૂર્વે અને પછી પણ અખંડ પ્રીતના બંધનથી બંધાયેલા પૂ. સા. શ્રી વિશુદ્ધરત્નાશ્રીજી મ. પોતાની પ્રાણપ્રિય ગુરુબહેનના મૃતકને જોઈ ન શકયા તે જ વખતે કરુણ કલ્પાંત કરવા લાગ્યા. કોણ કોને આશ્વાસન આપે એ જટિલ પ્રશ્ન હતો. પણ હવે આ રીતે વધુ વિલંબ કરવામાં આવે તો બેભાન જેવી દશામાં પડેલા પૂ. સા. શ્રી ધૈર્યરત્નાશ્રીજી મ. પણ ભયાનક આપત્તિમાં આવી પડે. તેથી કોઈ વાહન મળી જાય તો તેમને તત્કાળ સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાય. આ તરફ હાલાર મુકામે દીક્ષા પ્રસંગે પધારતાં પૂ. આ. ભગવંત શ્રી લલિતશેખર સૂ. મ. તેમનાથી ત્રણેક મુકામ દૂર હતા. પ્રથમ તેઓશ્રીને આ સમાચાર જણાવવામાં આવ્યા. તેઓશ્રી ડોળિયા મુકામે પહોંચવાની તૈયારીમાં હતા. આ આઘાતજનક સમાચાર સાંભળી ક્ષણભર તો તેઓશ્રીજી પણ હેબતાઈ ગયા. આ બાજુ અમદાવાદથી વેરાવળ જતી એક એમ્બ્યુલન્સ યોગાનુયોગ આવી ચઢતાં તુરંત જ પૂ. સા. શ્રી ધૈર્યરત્નાશ્રીજી મ. અને પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. ના દેહને લઈ રાજકોટ તરફ રવાના કરવામાં આવ્યા. ધ્વનિયંત્ર દ્વારા તુરત જ ચારેબાજુ સમાચાર ફેલાઈ જતાં રાજકોટમાં સાધ્વીજી ભગવંતો પહોંચે તે પૂર્વે જ શ્રી જયેંદ્ર કે. મારૂ તથા શ્રી કીર્તિ આર. મારૂ., વર્ધમાનનગર તથા રણછોડનગર સંઘના અગ્રણીઓ વગેરે માર્ગમાં આવેલ ધકાણ હોસ્પિટલ પાસે ઉભા હતા. દરેકને સમાચાર મોકલવામાં અને સાધ્વીજી ભગવંતોને તુરંત રાજકોટ પહોંચાડવા માટે સોમેશ્વર તરફ જતા પરોપકાર રત એક સ્થાનકવાસી યુવક તુષારભાઈએ આત્મીયતાથી ખૂબ જ સહકાર આપ્યો. હોસ્પિટલમાં તુરંત પૂ. સા. શ્રી ધૈર્યરત્નાશ્રીજી મ.ની સારવાર શરૂ થઈ ગઈ. સમયસર સારવાર મળી જવાથી તેઓશ્રી મોતના મુખમાંથી આબાદ ઉગરી ગયા. પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. ને પોસમોર્ટમ માટે સીવીલ હોસ્પિટલમાં લઈ જવાયા. ત્યાં યોગાનુયોગ જૈન ડોકટર મળી જવાથી અને રાજકોટના પ્રકાશ દોશીના અથાગ પ્રયત્નથી પોસમોર્ટમ કર્યા વિના કાર્ય તુરત સંપન્ન થઈ ગયું. મૃતકને વ્યવસ્થિત ગોઠવી સાંજ સુધીમાં વર્ધમાનનગર શ્વે. મૂ. જૈન સંઘના ઉપાશ્રયે લાવવામાં આવ્યો.

પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. ની અંતિમ ક્રિયા માટે જોઈતા તમામ ઉપકરણે પૂ. આ. શ્રી કલાપૂર્ણ સૂ. મ. ના સમુદાયના પૂ. સા. શ્રી નિત્યયશાશ્રીજી મ. આદિઓ આત્મીયભાવે આવ્યા.

ખૂબ જ ખંતીલા અને આત્મીયભાવે કાર્ય કરનારા શ્રી સંઘના આગેવાન શ્રાવક-શ્રાવિકાઓએ પાલખી વગેરેની પૂર્વ તૈયારી કરવા માંડી. મૃતકને દર્શનાર્થે ગોઠવી દેવામાં આવ્યો. રાત્રે લગભગ અગિયાર વાગ્યા સુધી દર્શનાર્થીઓ આવતા રહ્યા. દશેક યુવકોએ આખી રાત જાગી અ કર્યો. સદ્ગતના સંસારી સંબંધીઓ અન્ય ભકત વર્ગ વગેરે વહેલી સવારે આવી પહોંચ્યા. લગભગ નવ વાગ્યે અંતિમ સંસ્કાર અંગેની ઉછામણી શરૂ થઈ. જીવદયાની પણ સુંદર ઉપજ થઈ. મુંબઈ, ભીવંડી, મુલુંડ, ડોંબીવલી, વાપી, જામનગર વગેરે સ્થળેથી અનેક ભાવિકો આવ્યા હતા.

રાજકોટના વિવિધ માર્ગે ફરતી-ફરતી પાલખી યાત્રા અંતિમ સંસ્કાર સ્થળે પહોંચી. લગભગ એક હજાર દર્શનાર્થીઓ પાલખીયાત્રામાં જોડાયા હતા. સદ્ગત પૂ. સાધ્વીજી મ. ના સંસારી સ્વજનોએ અંતિમ સંસ્કાર કર્યા. જોતજોતામાં ચંદનની ચિત્તા અગ્નિથી પ્રજવલિત બની. નવમા તત્ત્વ 'મોક્ષ'ને મેળવવા સમુત્સુક પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી

મહારાજે ચંદન જેવું સુવાસિત નિર્મળ સંયમ આરાધ્યું છે એવો સંદેશ ચંદનની ચિત્તામાંથી પ્રગટ થતો હતો. જોતજોતામાં ઔદારિક શરીર પંચમહાભૂતમાં વિલીન બની ગયું. પરંતુ તેમનું ગુણરૂપી શરીર તો યાવરચંદ્ર દિવાકરો સુધી ઉદિત રહેશે.

અભ્યંતર સાધનાથી સમૃદ્ધ પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજીએ અદ્‌ભુત કોટિનો ગુરુ સમર્પણભાવ કેળવ્યો હતો. પોતાની સ્વતંત્ર ઈચ્છા ક્યારેય દર્શાવી નહોતી. ગુરુની ઈચ્છા એ જ તેની ઈચ્છા. સહવર્તિ તમામ સાધ્વીજી ભગવંતોને પણ સ્નેહના બંધને બાંધ્યા હતા. કયારેય બેઠા-બેઠા કોઈ ઈરિયાવહિયં જેવી ક્રિયા પણ નહોતી કરી. અપ્રમત્તભાવે ક્રિયા કરવાનો અભ્યાસ કેળવ્યો હતો. જ્ઞાન સાધનાની સાથે સાથે બાહ્યતપમાં પણ માસક્ષમણ, સિદ્ધિતપ, ૫૦૦ આયંબિલ, વર્ષીતપ, ૧૬ ઉપવાસ, ૧૧ તથા ૮ ઉપવાસ, ૧૨ વર્ધમાનતપ આયંબિલની ઓળી, નવપદજીની ઓળી વગેરે આરાધી રસનેંદ્રિયનો વિજય કરવા ઉદ્યમશીલ બન્યા હતા.

જીવન કેટલું જીવ્યાં એ મહત્વનું નથી પરંતુ કેવું જીવ્યા એ મહત્ત્વનું છે. પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. વર્તમાન વિશ્વમાં વિદ્યમાન નથી પરંતુ તેમણે સહવર્તિ સાધ્વીજી ભગવંતોના હૃદયમાં એટલું ગૌરવપૂર્વકનું આદરણીય સ્થાન મેળવ્યું હતું કે લોહીનો કોઈ સંબંધ ન હોવા છતાં તેમના ગુરૂણી તથા અન્ય સાધ્વીજી ભગવંતો એમની ચિર વિદાયે વ્યથિત બની ગયા છે. તેમના સંયમ જીવનમાં સતત સહાયક બનનારા એ દિવંગત આત્માને અંતિમ ઘડીએ એક નવકાર પણ સંભળાવી ન શકવાનો અફસોસ પ્રત્યેકના આત્મામાં ઉંડો આઘાત જન્માવે છે.

તેઓશ્રી સંસારી પક્ષે હાલાર - સિક્કાના જીવરાજ મોકર દોઢિયાના સુપુત્રી હતા. તેમણે તેની પ્રિય સખી વર્ષા (હાલ. પૂ. સા. શ્રી વિશુદ્ધરત્નાશ્રીજી મહારાજ) સાથે પૂ. આ. શ્રી લલિતશેખર સૂ. મ. ની શુભ નિશ્રામાં દહેજ મુકામે ઉપધાન તપ કર્યા તે વખતે પૂ. આ. શ્રી મહોદય સૂ. મ. ના આજ્ઞાનુવર્તિની પૂ. સા. શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. નો શુભ પરિચય કેળવ્યો. બંને સખીઓએ પોતાની પ્રીત અખંડ રાખવા વિ. સં. ૨૦૪૯ માં ભીવંડી મુકામે સંયમનો સ્વીકાર કર્યો. દીક્ષા વખતે સદ્‌ગત પૂ. સાધ્વીજી ના સંસારી પિતાશ્રીજીએ પૂ. સા. શ્રી વિશુદ્ધ રત્નાશ્રીજીમને કહ્યું હતું કે 'મારી દીકરીને તમારી સાથે જ રાખજો કયારેય છૂટી પાડશો નહીં. પરંતુ કાળદેવતાએ બંને સખીઓને છૂટી પાડી દીધી. જ્યારે પાલખી ઉપાશ્રયમાંથી નીકળી ત્યારે તેના આઘાતને સહન નહીં થવાથી સાધ્વીજી શ્રી વિશુદ્ધ રત્નાશ્રીજી મ. બેભાન જેવી અવસ્થા પામ્યા. અલબત્ત સાધુ જીવનમાં મૃત્યુનો શોક કરવાનો ન હોય આમ છતાં અનાદિકાલીન અભ્યાસને કારણે આ પરિસ્થિતિ સર્જાઈ. લગભગ નવ વર્ષનો ચારિત્રપર્યાય અને ચાલીસ વર્ષની ઉંમર ધરાવતા દિવંગત પૂ. સા. શ્રી જિનરત્નાશ્રીજી મ. નો આત્મા જ્યાં પણ હોય ત્યાંથી શીઘ્ર શાશ્વપદને પ્રાપ્ત કરે એવી અભિલાષા.

---

**કિસ્કાંટ નામક ચોકલેટ મેં કોમલ બછડો કે માંસ કા ઉપયોગ રેનેટ (જામુન) કે રૂપ મેં કીયા જાતા હૈ । નેસ્લે યુ. કે. લિ. કી. ન્યુટ્રિશન શ્રીમતી બાકા એન્ડર્સનને યહ બતાયા હૈ । તથા યહ બાત અંતરાષ્ટ્રીય પત્રિકા 'યંગ જેન્સ' મેં પ્રકાશિત હુઈ હૈ । લિ. એમ. સી. જૈન**
**(સાપ્તાહિક શ્વેતાંબર જૈન વિ. સં. ૨૦૫૭ વૈશાખ સુદ-૧૨, મંગળવાર, તા. ૧૬-૫-૨૦૦૦, અંક - ૪૧, પાના નં. ૭, આ જાહેરાત લખેલી હતી. (ચૈત્રમાં વર્ષ બદલા)**

# શિક્ષકોનું બહુમાન

શ્રી લલિતચંન્દ્ર કીર્તિ શિક્ષાણ સંસ્થા વીટા મહારાષ્ટ્ર દ્વારા આયોજિત ધાર્મિક અધ્યાપકોના બહુમાનનો ભવ્ય સમારોહ શ્રી નવજીવન જૈન શ્વે. સંઘના આંગણે યોજાઈ ગયો. આ સંસ્થાના પ્રેરક પૂ. સુપ્રસિધ્ધ વક્તા પ.પૂ.પં શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. ના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી કીર્તિદર્શનવિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં તા. ૨૪-૩-૨૦૦૨ ના રોજ ધાર્મિક યોજનામાં જોડાયેલા ૧૭૧ જેટલા શિક્ષકો, પંડિતો અને શિક્ષિકાઓનું ઉપર્યુક્ત સંસ્થા તરફથી રૂ. ૧૦૦૦/- અર્પાણ કરવા પૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂના, ઇચલકરંજી, નિપાણી, કરાડ, વગેરે મહારાષ્ટ્રના અને મુંબઇ ભરના ૧૭૧ જેટલી શિક્ષકો અને શિક્ષીકાઓ પધાર્યા હતા. બહારગામથી પધારેલા અધ્યાપકોને ગાડી- ભાડાનો ખર્ચ પણ સંસ્થાએ આપ્યો હતો.

આ પ્રસંગે મુંબઇ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના અગ્રણી શ્રી ચિમનભાઇ પાલીતાણાકર, પં.શ્રી નાનાલાલ લાભાઇ, પં.શ્રી અરવિંદભાઇ (ઇચલકરંજીવાળા) પં. શ્રી મુક્તિલાલભાઇ અને પં. શ્રી ધનંજયભાઇ જૈન (પ્રેમકેતુ) એ ભાવવિભોર પ્રવચનો આપીને સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનીઓના મહિમાનું વર્ણન કર્યુ હતું.

પં. શ્રી ધનંજયભાઇ જૈને પોતાના હૃદયસ્પર્શી પ્રવચનમાં જાણાવ્યું હતું કે તીર્થંકર ભગવંતો દ્વારા વહેલી જ્ઞાનપરંપરાને આપાણા સુધી પહોચાડનાર જ્ઞાની પંડીતો છે. તેમના દ્વારા જ સમ્યગ્જ્ઞાન અને સંસ્કાર આપણા બાળકોમાં જળવાઇ રહયા છે. અને તો જ તે બાળકો સદ્ગુરુઓ સુધી પહોંચીને સંસ્કારી બની શક્યા છે. માટે ગુરુદેવો પછી સૌથી મોટો સંઘ ઉપર. આપણા સંતાનો ઉપર ઉપકાર, પંડીતો અને અધ્યાપકોનો છે. અરે માટે જ આવા જ્ઞાનીઓનું માત્ર બહુમાનજ નહિ, તેમની તો પૂજા થવી જોઇએ. કારણકે આ જગતનો સર્વોતમ દાની જો કોઇ હોય તો તે જ્ઞાની છે. પં.ધનંજયભાઇના આ વક્તવ્યને સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું

ત્યાર બાદ પૂં ગણિવર્ય શ્રી કીર્તિદર્શનવિજયજી મહારાજ સાહેબે પોતાના પ્રવચનમાં જાણાવ્યું હતું કે આજે આપણા જ્ઞાની શિક્ષકો અને અધ્યાપકોની સ્થિતિ માટે વિશેષ ધ્યાન આપવાની જરુર છે. ઘાણી શિક્ષિકાઓના પગાર ટુંકા છે. તેમના બહુમાન જળવાતા નથી. ઘાણી બધી દુ:ખદ કથાઓ સાંભળી છે, તે માટે મારા હૃદયમાં, અમારા પૂ.પરમતારકગુરુદેવ પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજની કરુણાના શુભ સંસ્કારોથી પ્રેરીત બનીને આ સંસ્થાની સ્થાપના થઇ છે. આ સંસ્થા પાઠશાળાના અધ્યાપકોનું દર વર્ષે વિશિષ્ઠ બહુમાન કરે છે. આર્થિક રીતે તકલીફવાળા અધ્યાપકોને વગર વ્યાજની લોન આપે છે દર પાંચ વર્ષે ૧૧૦૦૦/- રૂ. ની રકમથી પંડીતોનું વિશિષ્ટ બહુમાન કરે છે. (૫૦૦૦ રૂ. ની કુપન બુક લેનાર પંડીતોનું) ગત વર્ષે ૭૦ અધ્યાકોનું દરેકનું ૧૬૦૦૦/- રૂ. આપીને ઘાટકોપરમાં આવ્યું હતું. તથા દર વર્ષે ૪૫ થી ૫૦ હજાર ના ફેમેલી મેડિકલેઇમ તથા પર્સનલ એકસીડન્ટ વિમાનું સંસ્થા પોતાના તરફથી પ્રીમીયમ ભરે છે. જેના લાભ તે તે પંડીતોને ફેમીલી મેડીકલેમનું ૩ લાખ રૂા. નું પ્રીમીયમ સંસ્થાએ ભર્યું હતું. આ વર્ષે ૩૩૩ પંડીતોના ૪૫૦૦૦/- રૂા. ના ફેમીલી મેડીકલેઇમનું કુલ પ્રીમીયમ ૫ લાખ રૂા. ભરવામાં આવ્યું છે. જેનો લાભ તે તે પંડીતોને મળશે. આ રીતે પૂજ્યશ્રીએ સંસ્થાના ઉદ્દેશ્યો, અને કાર્યક્રમ ની માહીતી આપતું હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું

આ પ્રસંગે બન્ને ટાઇમની સાધર્મિક ભકિતનો લાભશ્રી નવજીવન જૈન સંઘે લીધો હતો સંસ્થાના કાર્યકર્તાઓ સર્વ શ્રી રમાણલાલ પદમચંદ શાહ, મધુકરભાઇ, સુધાકરભાઇ, વિલાસભાઇ, વગેરે સમુપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન મુંબઇ નવજીવન સંઘના કાર્યકર્તા શ્રી જીતુભાઇ ખંભાતીએ કર્યુ હતું. આમ જ્ઞાન અને જ્ઞાનીની અનુમોદનાનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ધાર્મિક શિક્ષિકા/ શિક્ષિકાઓનું બહુમાન શેઠ શ્રી જવાહરભાઇ મોતીલાલ શાહ (માલેગામવાળા) તથા શેઠશ્રી રામજીભાઇ રવજીભાઇ મોતા (બારામતીવાળા) હસ્તક સંસ્થા તરફથી કરાવેલ. તેઓનો સંસ્થાને કાયમ સહયોગ હોય છે.

## ઋણાનુબંધ

રમણલાલ સોની

ગતાંકથી ચાલુ....

મહાદત્ત કહે : 'એટલે તમારે મને છોડી દેવો છે ? મને વહેતો મેલવો છે ? આવી જ કે તમારી વફાદારી ?' આમાંથી થઇ ગયો કજિયો.

મહાદત્ત કહે : 'તમારો વિશ્વાસ રાખ્યો એ મે ભૂલ કરી !'

ભાઇબંધો કહે : 'તું જુઠો છે ! તારે બધું ધન પચાવી પાડવું છે એટલે તું અમને એજગા બતાવતો નથી !'

મહાદતનો પિતો ગયો, તે બોલ્યો : 'શું તમે મને જૂઠો કહો છો ?'

'જૂઠો! લાખ વાર જૂઠો ! જૂઠો ને સ્વાર્થી !' એના ભાઇબંધોએ સંભળાવ્યું.

મહાદત શેઠને સ્વાર્થી કહીને ગાળ આપી હતી. આજે એના જ ભાઇબંધો એને એથીયે ભૂંડી ગાળો આપી રહ્યા હતા. મહાદત શરીરે હૃષ્ટપુષ્ટ હતો અને મિજાજનો તેજ હતો. એટલે એના ભાઇબંધોએ જ્યારે એને જુઠો ને સ્વાર્થી કહ્યો ત્યારે એનો ગુસ્સો દાબ્યો રહ્યો નહિ. એણે તલવાર પર હાથ નાખ્યો.

એના ભાઇબંધો કહે : 'તને એકલાને તલવાર તાણતાં આવડતી હશે, કાં ?
અમારી પાસે તલવાર નથી, પણ આ લાઠી તો છે !'

એટલે તો મહાદાતે ખરેખરી તલવાર તાણી. સામસામાં હથિયારો ઊછળ્યાં.

એક બાજુ મહાદત એકલો, અને બીજી બાજુ એના તમામ વફાદાર ભાઇબંધો !

મહદત પોતાના બાહુબળે એમનો સરદાર થયો હતો. એ બાહુબળ એણે અત્યારે બતાવ્યું. ઘડીકમાં ચાર પાંચ ને એણે ધૂળ ચાટતા કરી નાખ્યા ને બીજાઓને ભગાડી મૂક્યા. પણ આ મારામારીમાં એ પોતે ખૂબ ઘવાયો હતો.
યુધ્ધનો જુસ્સો ઓછો થતાં એ બેભાન થઇ જમીન પર ઢળી પડ્યો.

બન્યું એવું કે પેલા દયાધન સાધુ આ વખતે એ જંગલમાં થઇને જતા હતા. અચાનક એમણે ઝાડીમાં ઝપાઝપી થતી સાંભળી, એટલે પોતાના પ્રાણની પણ દરકાર કર્યા વિના તેમણે તે ઝાડીમાં પ્રવેશ કર્યો ! તે જ વખતે મહાદતના સાથીદારો ભાગી રહ્યા હતા અને મહાદત બેભાન થઇ જમીન પર પડ્યો હતો. એની આજુબાજુમાં ચારપાંચ લુંટારાઓના શબ પડ્યા હતાં. આ હત્યાકાંડ જોઇ સાધુનું હૃદય દયાર્દ્ર બની ગયું. તેમણે ચારે બાજુ કરુણ દૃષ્ટિ નાખી. પછી તેઓ એ શબોના ઢગલામાં એકમાત્ર જીવતા રહેલા મહાદાતાની પાસે ગયા. એનું માથું તેમણે ખોળામાં લીધું, ને પોતાના કમંડળમાં પાણી કાઢી તેઓ એ શબોના ઢગલામાં એકમાત્ર જીવતા રહેલા મહાદતની પાસે ગયા. એનું પાણી કાઢી તેઓ એના મોંમા એ ટોવા લાગ્યા.

થોડી વારે ભાન આવતા આંખો ઉઘાડી જોયું તો એક શાંત્ત સૌમ્ય મખ એની સામે ઝૂકી રહેલું હતું ! એની આંખોમાંથી પ્રેમ હતો !

એ મુખ પહેલા કયાંય જોયું હોય એવું લાગ્યું પણ કયાં જોયેલું તે તે એને યાદ આવ્યું નહિ.

સાધુએ શાંત સ્વરે કહ્યું : 'ભાઇ, કરોળીયાના જાળનો એક તાંતણો ઝાલીનેય માણસ નરકમાંથી બચી શકે છે, માટે જિંદગીમાં કોઇ એકાદ પણ સત્કર્મ કર્યું હોય તો તે અત્યારે યાદ કર ! એ સત્કર્મનો જ વિચાર કર, તેમાં જ મનને સ્થિર કર !'

મહા પરાણે મહાદત બોલ્યો : 'સત્કર્મ તો કાંઇ કર્યું હોય એવું યાદ આવતું નથી ! લૂંટફાટ અને મારામારીઓ કરી એ જ યાદ આવ્યા કરે છે !'

સાધુ એ કહ્યું : 'પ્રયત્ન કર, યાદ આવશે ! ગમે તેવા અંધારામાંયે પ્રકાશનું કિરણ છુપું નહિ રહે ! એ દેખાશે !'

થોડી વાર પછી મહાદાતના મોં પર કંઇક સુખની રેખા દેખાઇ. તે ધીમેથી બોલ્યો : 'હું અજાણે પણ મારા હાથે સત્કર્મ જરૂર થયું હશે, જરૂર થયું હશે, નહિ તો અત્યારે આ મરવા ટાણે તમારા જેવા

...ધુપુરુષોનાં મને દર્શન થાય નહિ અને તમારા ...ાળામાં માંથુ મૂકી મરવાનું મળે નહિ!'

સાધુ એ કહ્યું : 'ધન્ય છે, ભાઈ, તને ! તું ન...સીબદાર છે ! પ્રભુની તારા પર કૃપા છે. જે રહસ્ય હું પાંડુ ઝવેરી જેવાને ન સમજાવી શક્યો તે અત્યારે ત...મે એની મેળે સમજાઈ ગયું !'

પાડું ઝવેરીનું નામ સાંભળી મહાદત ચમક્યો. તે બોલ્યો : ' પાંડુ ઝવેરી ? કાશીના પાંડુ ઝવેરી ? કૌશામ્બીના વિહારવાળા ? તે મહારાજ, તમે એમને ઓળખો છો ? તમે એમને શું સમજાવતા હતા ? ક...હો... કહો... મારે એનુંકામ છે !'

બોલતાં બોલતાં તે ઉશ્કેરાઈ ગયો.

સાધુએ કહ્યું : ' હા. એ જ કાશીના પાંડુ ઝ...રી. કૌશામ્બીના વિહારવાળા. હું તેમને સમજાવતો હ...તો : એક વાર તેમણે મને તડકામાં ચાલતો જોઈ પો...તાના રથમાં બેસાડ્યો હતો તેનું કારણ ! રસ્તામાં એ... ગરીબ ગાડાવાળાને જોઈ તેમને ગુસ્સો ચડ્યો હ...તો તેનું કારણ!

અ...ને પોતાના નિર્દોષ નોકર મહાદત પર એમણે સો...નામહોરોની થેલી ચોર્યાનો આરોપ મૂક્યો તેનું કારણ !

મહાદત આ સાંભળી બોલી ઉઠ્યો : ' નિર્દોષ મ...હાદત ? મહારાજ, હવે હું તમને ઓળખી ગયો છું. ખ...બર શું મહાદત નિર્દોષ હતો ? '

સાધુ એ કહ્યું : ' હા, એ ચોરી પૂરતો તો એ નિ...ર્દોષ હતો જ...'

' ચોરી પૂરતો.....! ' મહાદત ગણગણ્યો. 'પ...ણ મહારાજ, અથડામણ વગર કદી કોઈને વાગતું ન...થી, તેમ એ મહાદતે કંઈક તો દુષ્કર્મ કર્યું જ હોવું જો...ઈએ. એ વગર એને માથે એવું ચોરીનું આળ આવે ન...હિ !'

સાધુ એ કહ્યું : ' હું પણ એ જ કહું છું અને એ... જ વાત હું શેઠને સમજાવતો હતો. કે આપણી આ...ંખ માત્ર ફળ ને જુએ છે, બી તો ધરતીમાં હોય છે... અને એ એવું અદશ્ય બની ગયું હોય છે કે ખોદો તોયે જડે નહિ ! પણ બુદ્ધિ અને શાસ્ત્ર કહે છે કે તે છે એ વાત નક્કી ! આ વાત પાંડુને સમજાવવી જરી અઘરી લાગી, પણ તને સમજાઈ ગઈ લાગે છે ! '

ધીરે ધીરે ઘવાયેલા અને લોહીથી ખરડાયેલા હાથ ઊંચા કરી, સાધુના મુખ પર દૃષ્ટિ કરી મહાદતે હાથ જોડ્યા અને કહ્યું : ' પ્રભુ! મારા પર દયા કરો. મને આશીર્વાદ આપો કે મને બધું સમજાય ! '

સાધુએ કહ્યું : ' તથાસ્તુ ! '

મહાદતે આગળ ચલાવ્યું : ' મહારાજ, હું જ પાંડુ ઝવેરીનો એ અભાગી મહાદત છું પણ આજે તમારા આશીર્વાદથી સુભાગી છું. શેઠે મારા પર ખોટો આરોપ મૂકી મને માર ખવડાવ્યો, તેનું વેર લેવા હું લૂટારો બન્યો. એનું વેર લેવાય - એ પહેલાં તો હું કાળમુખો બની ગયો - અનેક નિર્દોષોને મેં લૂટ્યા, માર્યા ને હણ્યા! બધે ત્રાસ ફેલાવી દીધો, ત્યારે શેઠ હાથમાં આવ્યા. તેમને પણ મેં લૂંટી લઈ ખુવાર કર્યા. વેર વળ્યાનો મને સંતોષ થયો. મે માન્યું કે હિસાબ ચૂકતે થયો. પણ ના, દેવાનો ડુંગર ક્યાં ખડકાતો જતો હતો તેની મને ખબર નહોતી એની ખબર પડી, જ્યારે મારા જ સાથીદારોએ મને જૂઠો અને સ્વાર્થી કહ્યો ત્યારે ! તેમના હાથે મરણતોલ ઘાયલ થઈ હું જમીન પર પડ્યો ત્યારે ! હવે મને સમજાય છે કે મારી હાલત માટે હું જ પોતે જવાબદાર છું, કારણ કે જે બી મેં વાવ્યું હતું તે જ ઊગ્યું છે; જે દેવું મેં પણ કર્યું હતું તે જમારે ભરપાઈ કરવાનું આવ્યું છે, પાણીને બદલે લોહીથી ! હું આ સ્પષ્ટ જોઈ શકું છું '

બોલતાં બોલતાં તેણે પળ વાર આંખો મીંચી લીધી. પછી આંખો ઉઘાડીને સાધુના મોં પર સ્થિર કરી તે બોલ્યો : ' પ્રભુ, પાંડુ ઝવેરીનું તમામ ધન મેં એક જગ્યાએ સુરક્ષિત રાખ્યું છે. મારા સિવાય કોઈને તે જગાની ખબર નથી ! એમને કહેજો કે ત્યાંથી એ ધન લઈ જાય !

આમ કહી તેણે સંતાડેલું ધન સાધુને બતાવ્યું.

ક્રમશ:

# શરૂઆતની ત્રણ નરકમાં 'પરમાધાર્મિક' વેદના જણાવે છે

— પ્રેષક : પૂ. સા. સુવર્ણપ્રભાશ્રીજી મ.

સંકલિષ્ટ અધ્યવસાયવાળા પરમાધાર્મિક જાતિના દેવો પંદર પ્રકારના છે. અમ્બ, અમ્બરિષ, શ્યામ, શબલ, રૂદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, વનુ કુમ્ભી, વાલુક, વૈતરાણી, ખરસ્વર અને મહાઘોષ એઓ સાન્વર્થ નામવાળા છે. તેઓ નરકાત્માઓને ઘોર દુઃખો ઉત્પન્ન કરી આયુષ્ય પુણ્ય થયે મહાપાપ કર્મને વશ થઈ અંડગોલિક પણે ઉત્પન્ન થાય છે. તેઓનાથી નારકોને કેવી વેદનાઓ વેદવી પડે છે તે કહે છે.

કોઈ વખત તપાવેલા લોઢાના રસનું પાન કરાવે છે. કદાચિત તપાવેલા ધગધગતા લોઢાના સ્થંભ સાથે બળાત્કારે આલિંગન કરાવે છે. ક્યારેક કાંટામય શાલ્મલિવૃક્ષ ઉપર ચઢાવી વિડંબના આપે છે. ક્યારેક લોઢાના ઘણવડે છુંદી નાખે છે, કોઈ વખત વાંસલાને છરી વડે છેદીને તેમાં ક્ષારથી ભરેલું તપાવેલું ધગધગતું તેલ રેડે છે. કોઈ વખત લોઢાના ભાલા પર પરોવે છે. અગ્નિની ભઠ્ઠીમાં ભૂંજે છે. તલની જેમ ઘાણીમાં ઊંધે મસ્તકે પીલે છે, કરવત વડે છેદે છે, પોતાની વૈક્રયશક્તિથી શ્યેતાદિ પશુ-પક્ષિના, સિંહ, વાઘ, દીપડા, શિયાળ, ગીધપક્ષી, કંકપક્ષી, ઘુવડાદિ અનેક પ્રકારની કદર્થનાઓ કરનારા જન્તુઓ વડે પીડાવે છે. તપાવેલી રેતીમાં, અસિપત્ર જેવા તીક્ષ્ણ ધારવાળા વનમાં પ્રવેશ કરાવે છે. વૈતરાણી નદીમાં ઉતારે છે. કુકડાઓની જેમ પરસ્પર લડાવી મારે છે. યુક્તિ - પ્રયુક્તિ કરી યુદ્ધ પણ કરાવે છે. વળી તે પરમાધામીઓ નારકોના નાક - કાન કાપવા, આંખો છેદવી, હાથ - પગ ફાડવા, છાતી બાળવી, કઢાઈમાં તળવું, તીક્ષ્ણ ત્રિશૂળથી ભેદવું, અગ્નિમુખા ભયંકર જાનવરો પાસે ભક્ષ્ય કરાવવાનું કાર્ય કર્યા કરે છે.

વળી નારકોને તેઓ યમની કુહાડીથી પણ અધિક તીક્ષ્ણ ધારવાળી તલવારથી છેદે છે. એઓ રૂદન કરતા રહે ત્યાં તો ભૂખ્યા ડાંસ જેવા ઝેરી વીંછીઓથી ઘેરી લેવાય છે. એમના બન્ને હાથોને તલવારથી કાપીને બલહીન કરીને પછી તેના સમગ્ર શરીરને કરવતથી વેરવામાં આવે છે. વળી ધગધગતું સીસું પાઈ, શરીર બાળી નાંખી, કુંભી, મૂષ, એટલે ધાતુ ગાળવાની ભઠ્ઠીમાં પકાવે છે. આ નારકો બૂમો માર્યા કરે છે, છતાં જાજ્વલ્યમાન ખદિરના અગ્નિની જ્વાળામાં ભુંજવામાં આવે છે. વળી બળ્યા અંગારા જેવા વજ્રના ભવનોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં જ વિકૃત હાથ મોંવાળા એઓ દીન સ્વરે રૂદન કરી રહ્યા હોય છે. ત્યાં પાછા તેને બાળવામાં આવે છે. એ બિચારા કર્મથી પરાધીન પડેલા દીનજીવો ચારે બાજુએ જોયા કરે છે, પણ નથી એમને કોઈ સહાય કરતું કે નથી એને કોઈ રક્ષણ આપતું. તીક્ષ્ણ તલવારો, ભાલાઓ, વિષમ કોદાળીઓ, ચક્ર, પરશુ, ત્રિશુલ, મુદ્ગર બાણ, વાંસલા અને હથોડા વડે એમના તાલુ-મસ્તકને સૂરી નાંખે છે, હાથ, કાન, નાક, હોઠને છેદે છે, હૃદય, પેટ, આંખો, આંતરડાઓને ભેદી નાંખે છે, આવાં આવાં દુઃખોને ભોગવતાં એ કર્મપટલાંધ દીન, નારકો, પૃથ્વી ઉપર પડતા ઉઠતા આળોટ્યા કરે છે. હા ! હા ! ખરેખર ત્યાં એમનું કોઈ રક્ષણહાર નથી !

એથીએ પણ એ ક્રૂર દેવો તેઓને કુંભીમાં પકાવે છે. ત્યારે એઓ ઉત્કૃષ્ટથી ૫૦૦ યોજન સુધી તેમને ઉંચે ઉછાળે છે. અથવા કારમી વેદનાથી સ્વયં પણ ઉછળે છે. ઉપરથી પાછા પૃથ્વી ઉપર પડતાં જ એમને ભાલામાં પરોવી દે છે. અગર તો વજ્ર તુલ્ય કઠોર ચાંચોવાળા વૈક્રિય પક્ષીઓ તેને વળગીને ફાડી નાંખે છે. ફાડતાં શેષ રહે તેને વૈક્રિય શરીરરૂપે વ્યાઘ્રાદિ હિંસક જાનવરોથી નાશ કરી નાંખે છે.

આ પ્રમાણે નરકગતિના મહાન દુઃખો પ્રાપ્ત કરવા ન હોય તો પ્રત્યેક જીવે પોતાનું જીવન સુધારી, પાપાચરણો દૂર કરી, પ્રથમથી જ ચેતીને વીતરાગ

કથિત શુધ્ધ મુક્તિદાયક માર્ગનું અવશ્ય પાલન કરવું.

**શંકા** - આ પરમાધામી દેવો નારકોને દુઃખ આપે તેનું કારણ શું ? અને એ દુઃખ આપવાથી તેઓને નવું કર્મબંધન થાય ખરું કે નહિ ?

**સમાધાન** - આ પરમાધીઓ પૂર્વભવમાં ક્રૂરકર્મી, સંકલિષ્ટ અધ્યવસાયવા પાપકાર્યમાં જ આનંદ માનનારા હોઈને પંચાગ્નિરૂપ મિથ્યાકષ્ટવાળા, જન્માન્તરના અજ્ઞાન કાયકષ્ટો, અજ્ઞાન તપ વગેરે ધર્મોના બળે આટલી આસુરી વિભૂતિને પ્રાપ્ત કરે છે. ત્યાં તેમનો બીજાને દુઃખ આપવાનો સ્વભાવ હોવાથી જ ઉક્ત વેદનાઓ કરે છે. જેમ અહીં મનુષ્યલોકમાં સાપ, કુકડા, વર્તક, લાવક વગેરે પક્ષીઓને હાથી, પાડા, પરસ્પર વિરોધી તથા મુષ્ટિમલ્લોને યુધ્ધ કરતા થકા પરસ્પર પ્રહાર કરતા જોઈને રાગ-દ્વેષથી પરાભવ પામેલા પાપાનુબન્ધી પુન્યવાળા મનુષ્યોને બહુ આનંદ આપે છે. તેમ તે પરમાધીઓ પણ નરકના જીવોને એક બીજા ઉપર પડતા.

❖

***પરમાધામીઓ મરીને અંડગોલિકપણે ઉત્પન્ન થઈ કેવી રીતે પકડાય તે સંબંધી વર્ણન નીચે પ્રમાણે :***

જ્યાં સિન્ધુ નદી લવણસમુદ્રને મળે છે તે સ્થાનની દક્ષિણ બાજુ પંચાવન યોજન દૂર રહેલી જંબૂવેદિકાથી સાડાબાર યોજન દૂર એક ભયાનક સ્થળ છે. ત્યાં આગળ ૩ા યોજનની સમુદ્રની ઉંડાઈ છે. અને ત્યાં આગળ ૪૭ અંધકારમય ગુફાઓ છે એની અંદર વજ્રઋષભનારારા સંઘયણવાળા મહાપરાક્રમી મધ-માંસ અને સ્ત્રીઓના તો મહાલોલુપી એવા જલચર મનુષ્યો રહે છે. એમનો વર્ણ અશુભ અને અપ્રિય તેમજ દૃષ્ટિ ઘોર ભયાનક છે. તેઓ સાડાબાર હાથની કાયાવાળા અને સંખ્યાતા વર્ષાયુષી હોય છે.

આ સન્તાપદાયક સ્થાનથી ૩૧ યોજન દૂર સમુદ્ર મધ્યે અનેક મનુષ્યોની વસ્તીવાળો રત્નદ્વીપ નામનો દ્વીપ છે. ત્યાંના મનુષ્યો પાસે વજ્રની બનાવેલી મહાન ઘંટીઓ હોય છે. એ ઘંટીઓને એ માનવો મધ-માસ વડે ખૂબ ખૂબ લીંપે છે. અને એ ઘંટીના મધ્યમાં ખૂબ મધ-માંસ ભરે છે. ત્યારબાદ તે મનુષ્યો મધ-માંસથી ભરેલા તુંબડાઓથી વહાણો ભરીને સમુદ્રમાં જાય છે. અને એ તુંબડાઓને સમુદ્રમાં નાખી જલચર મનુષ્યોને ખૂબ લોભાવે છે. લુબ્ધ એવા જલમનુષ્યો એ તુંબડાને ખાતા ખાતા ક્રમશઃ તે ઘંટી પાસે આવતા લુબ્ધ થઈને તેમાં પડે છે, ત્યાં તેઓ અગ્નિમાં પકાવેલા માંસના તથા જીર્ણ-મધુર ગદ્યને બે-ત્રાણ દિવસ સુધી તો સુખપૂર્વક ખાતા રહે, એવામાં લાગ જોઈને રત્નદ્વીપવાસી શસ્ત્રસજ્જ સુભટો યન્ત્રથી ઘંટી ઉપરના પડને સંપુટ કરી દઈને પછી તે ઘંટીઓને યુક્તિથી ચલાવવી શરૂ કરી ચોતરફથી તેઓને ઘેરીલે છે. એ ઘંટી મહાન હોવાથી મહામુશ્કેલીથી એક વર્ષ પર્યન્ત ફેરવ્યા કરે તો પણ તે જલચરનાં હાડકાં લેશમાત્ર ભાંગતા નથી. એવા ભયંકર દુઃખમાત્રને સહન કરતાં એક વર્ષાન્તે મૃત્યુ પામે છે અને મરીને એ ઓ નારકપણે ઉત્પન્ન થાય પછી તેઓના ગુપ્ત ભાગમાં રહેલી અંડગોલીઓને લઈને રત્નો મેળવવાની ઈચ્છાવાળા તે પુરુષો ચમરી ગાયના પૂચ્છના વાળથી તે અંડગોલિક ને ગૂંથીને બન્ને કાને લટકાવી સમુદ્રમાં પ્રવેશ કરે છે. એના પ્રભાવથી તેઓને કુલીરમત્સ્યાદિ જંતુઓ હાનિ કરતા નથી તેમજ તેઓ સમુદ્રમાં ડુબ્યા નથી અને જળમાં પણ ઉદ્યોન માર્ગદર્શક થઈ પડે છે. આ પ્રમાણે ઘોર કર્મ બાંધી અંડગોલિક પાણે ઉત્પન્ન થઈ, આવી ભયાનક ઘંટીઓનાં પીલાઈ મહાન દુઃખોને અનુભવવા પડે છે. ને પ્રહાર કરતા જોઈને અત્યન્ત ખુશી થાય છે. અને પ્રમોદના અતિરેકમ તાલીઓ પાડીને ખડખડ અટ્ટહાસ્ય કરે છે, વસ્ત્ર ઉડાડે છે, પૃથ્વી ઉપર હાથ પછાડે છે. આવો આનંદ તો તેને દેવલોકના નાટકાદિ જોવામાં પણ થતો નથી. એવા એ દેવો અધમકોટિના આનંદમાં રાચવાવાળા છે.

જો કે નારકોને કરેલા પાપના ફલરૂપે તેઓ સર્વ દુઃખ દે છે. પરંતુ દુઃખ દઈને પોતાના આત્માને અત્યંત તલ્લીન કરી ખુશ કરે છે, રાચીમાચીને ખૂંચ્યો રાખે છે અને મારીને અત્યંત આનંદ પામે છે, તેથી મહાપાપી નિર્દય એવા એ દેવો મહાકર્મ બાંધી

અંડગોલિકાદિની જેમ દુષ્ટ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે.

કેવલ છટ્ઠી અને સાતમી નારકીના જીવોને સમગ્ર સમયે કેટલા રોગો હોય છે ? તે જણાતાં જણાવે છે કે પાંચક્રોડ, અડસઠ લાખ, નવ્વાણું હજાર, પાંચશો ને ચોરાશી (૫૬૮૯૯૫૮૪) એટલા રોગોથી પરિવરેલ તેઓ મહાદુઃખ વિટંબનાને પામે છે.

પ્રથમ અમ્બ નામના પરમાધામીઓ નારકોને ઊંચે ઉછાળી ફેંકે, બીજો ભઠ્ઠીમાં પકાવી શકાય એવા ટુકડા કરે, ત્રીજો આંતરડા - હૃદયને ભેદે, ચોથો તેઓને કાપકૂપ કરે, પાંચમાં ભાલામાં પરોવે, છઠ્ઠો અંગોપાંગને ભાંગી નાખે, સાતમો તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાનું વન બનાવી નારકોને તેમાં ફેરવે, ૮ મો ધનુષ્યમાંથી છોડેલી અર્ધચન્દ્રાકાર બાણો વડે વીંધે, ૯ મો કુમ્ભીમાં પકાવે, ૧૦ મો પોચા માંસના ટુકડાઓને ખાંડે, ૧૧ મો કુંડમાં પકાવે, ૧૨ મો ઉકળતા રુધિર અને પરુથી ભરેલી વૈતરણી નદી બનાવી તેમાં નાંખે, ૧૩ મો કદમ્બપુષ્પ આદિના આકારવાળી વેલુમાં પકાવે, ૧૪ મો દુઃખથી આમતેમ ભાગી જતા નારકોને મોટા-હાકોટા બૂમો મારીને, ગભરાવીને તેને રોકે અને ૧૫ મો વજ્રના કાંટાવાળા શાલ્મલીવૃક્ષ ઉપર ચઢાવીને તેને આલોટાવે છે. એ પ્રમાણે તેઓ નારકોને ફક્ત મોજની ખાતર દુઃખ આપી પોતે અનન્તા પાપકર્મોને સંચિત કરી, અત્યન્ત દુઃખમાં મૃત્યુ પામીને અંડગોલિપણે ઉત્પન્ન થાય છે.




**સિંહ અને ઉંદર :** એક સિંહ હતો. એ પોતાનો શિકાર પતાવીને આરામથી આડો પડ્યો હોય ત્યારે ઝાડની બખોલમાંથી એક ઉંદર સિંહને કંઈક અટકચાળું કરી જાય. કોઈવાર સિંહની પૂંછડી પર ચડી અને તીણા દાંત બેસાડે. કોઈવાર વળી ઉંદરડો મસ્તાન બન્યો હોય ત્યારે સિંહના શરીર ઉપર ચડીને ફુલણજીની જેમ ઊભો રહે અને ગર્વ કરે કે સિંહ મારાથી ડરે છે.

સિંહની શાંતિમાં એ કંઈ ને કંઈ દખલ કરીને ખલેલ પાડ્યા કરે. સિંહે એને ધમકી આપી કે હવે જો કાંઈ પણ ઉંદરવેડા કર્યા તો મોત આવ્યું જાણજે. પણ મસ્તાનો બનેલો ઉંદરડો એની જાત જણાવ્યા વિના રહે નહિ. કોઈવાર સિંહની સામે એ આવીને ચેષ્ટા કરે અને સિંહ પંજો ઉગામે કે તરત દોડીને એના દરમાં પેસી જાય. સિંહ છેવટે ખૂબ રોષે ભરાયો. એ ઉંદરડાને હવે સીધો કરવો પડશે. એ મને કમજોર માનીને અડપલાં કરે છે. પણ એ અડપલાં એને હવે ભારે પડી જશે.

એટલે એકવાર સિંહ ઊંઘવાનો ડોળ કરીને પડ્યો રહ્યો. ઉંદરે જાણ્યું કે સિંહ ગાફેલ છે. એને જરા તીણા દાંતનો સ્વાદ ચખાડીએ. એટલે ઉંદરડો ચડ્યો અને સિંહના મોઢા સુધી આવ્યો. એના પંજા પર ચડવા ગયો. સિંહે એકદમ તરાપ મારીને એને ઝડપી લીધો. ઉંદરે બચાવો બચાવોના ચૂં ચૂં ચૂં ચૂં સ્ટાઈલમાં પોકારો કર્યા. પણ સિંહે એને સહેજ પંજો મારીને દૂર ફેંકી દીધો. *(ગુજરાત સમાચાર)*

# खूदाई के दौरान प्रभु महावीर की प्रतिमा कलाकृतियां एवं अवशेष मिले

*- श्वे. जैन, अजीतकुमार सराक*

बलियापुरा पश्चिम बंगाल के पुरुलिया जिले के पुरुलिया मुफस्सिल थाना क्षेत्र के कुसटांड गांव के नजदीक चारों ओर हरी-भरी फसलों के बीच एक सुनसान, खेत के बीच करंज पेड़ के नीचे पिछले १९ अगस्त को ग्रामीण द्वारा खुदाई के दौरान मिले प्राचीन कलाकृतियां तथा अवशेष पूरे जिले में ही नहीं इसके आसपास के इलाकों में भी चर्चा का विषय बन चुकी है।

खुदाई के दौरान पाये गये प्राचीनकालीन कलाकृतियां तथा मूर्तियां काभी आकर्षक दंग से बनी हुई हैं ऐसा देखने से लगता है, लोगों का मानना है कि ये कलाकृतियां व मूर्तियां उस समय की है जब शिल्पकला का विकास आरंभ हुआ था, जिसे प्राचीन शिल्पकारों द्वारा काफी आकर्षक ढंग से पत्थरों को उकेर कर विभिन्न कलाकृतियों बनायी गयी है।

इससे प्राचीन भारतीय सभ्यता की एक समृद्ध परम्परा का भी पता चलता है।

खुदाई के दौरान वहां भगवान महावीर जैन, नटराज की तथा अन्य मूर्तियां, कलश तथा मंदिर आदि पाये गये हैं। सभी कलकाकृतियां सफेद रंग के पत्थरों से बनी है इससे यह प्रतीत होता है कि यहां पूजा-पाठ करने की परम्परा तथा मूर्ति निर्माण की कला भी उस समय प्रचलित हो चुकी थी।

मूर्तियों को देखकर ऐसा अनुमान लगाया जा सकता है कि ४६८ ई. पूर्व महावीर के अवसान के पश्चात वहां जैन धर्मावलंबियो की बस्ती रही होगी। पायी गयी मूर्तियां मंदिर के तीन कमरों में विभाजित है, जिसकी दीवारों की चौड़ाई ढ़ाई फीट हैं, मंदिर के दो कमरे ८-८ फीट लंबे चौड़े हैं, जबकि तीसरे कमरों की लम्बाई - चौड़ाई १२-१२ फीट है। मंदिर का निर्माण भी पत्थरों से ही किया गया है।

खुदाई के दौरान पायी गयी कलाकृतियां में एक बड़ा तथा दो छोटे कलश भी हैं, जो देखने में काले पत्थर से बनाये प्रतीत होते हैं, बड़ा कलश साढे चौबीस ईच का है जबकि छोटा कलश क्रमश: साढ़े १३ ईच तथा २० ईच का है। कलशों को पान पत्तों के आकार से सजाया गया है, जो काफी आकर्षक है, वही महावीर की सिरविहीन मूर्ति की ऊंचाई साढ़े चौतीस इंच है। भगवान महावीर मूर्ति के अगल-बगल पत्थर पर बारह-बारह मूर्तियांभी जड़ी हुई है, जो मूर्ति के ऊपर से नीचे तक छोटे - छोटे घरों में हैं, प्रत्येक घर में दो-दो मूर्तियों हैं। महावीर मूर्ति के दोनों ओर दो अन्य मूर्तियां भी है, खुदाई के दौरान नक्काशी तथा छोटी - छोटी मूर्तियो के अवशेष भी पाये गये हैं। खुदाई स्थल के २०० मीटर की दूरी पर पूरब की ओर एक टापू हैं, संभावना है कि वहां खुदाई करने पर कुछ पाया जा सकता है। खुदाई स्थल से कुछ दूरी पर एक तालाब है, जिसे वहां के ग्रामिण जलो हरि तालाब कहते है। ग्रामीणों का कहना है कि उक्त तालाब का पानी कभी सूखता नहीं है, जबकि तालाब में पानी की मात्रा कम ही रहती है।

खुदाई स्थल पर पुरुलिया जिला प्रशासन ने लोगों के प्रवेश पर रोक लगा दी है तथा पहरे के लिए पुलिस को तैनात कर दिया गया है। जिला प्रशासन के वरिष्ठ अधिकारी घटनास्थल का दौरा कर चुके हैं तथा जिला प्रशासन ने इसे पुरातत्व विभाग के हवाले कर दिया है।

इस संबंध में पुजारी खेपु राय का कहना है कि कुशटांड गांव निवासी खादू राय के १५ वर्षीय पुत्र तारापद राय, जो पहले चरवाहा का काम अपने फूफा के घर भोजूडीह में करता था।

उक्त लड़का तारपद राय खुदाई के तीन-चार दिनों पहले अपने घर कुसटांड आया और गोजोजाम देखने के लिए चला गया। उन्होंने कहा कि गोजोधाम से घर आने पर उसने ग्रामीणों को गोजोधाम के नीचे मिट्टी मंदिर होने की बात कहने लगा। परन्तु लोगों उनकी बात पर कोई ध्यान नहीं दिया इसके बाद उसने स्वयं दो - चा साथियों को लेकर गोजोदाम में-खुदाई करने के लिए चला गया। जहां खुदाई के दौरान कलश पाया। उसके बाद उसकी चर्चा पूरे कुसटांड गांव में फैली और काफी संख्या में ग्रामीणों ने खुदाई करना शुरु कर दिया जिसमें प्राचीन कलाकृतियां मंदिर तथा मूर्तियां मिली।

लोगों का कहना है कि प्राचीन कलाकृतियों के मिलने के बाद इसकी चर्चा पूरे जिले में होने लगी तवी जिला प्रशासन को इसकी संख्या मिलने पर प्रशासन ने खुदाई स्थल जाकर खुदाई बंद करा दी तथा वहां पहरे पर पुलिस तैनात कर दिया।

अ. भा. जैन श्वे. तीर्थ रक्षा कमेटी के, पदाधिकारियों को जाकर उक्त स्थल को देखकर उक्त स्थल को पुनः खुदाई करने का अनुरोध विभाग से करना चाहिए।

## ■ પાણી નહિ પીનારો મૂર્ખ ■

તરસ્યો થયેલો કોઈ એક મૂર્ખ પ્રવાસી મુશ્કેલીએ જંગલ વટાવીને નદી પાસે આવી પહોંચ્યો. પછી પાણ પાણી નહિ પીતાં માત્ર તે તરફ જોવા લાગ્યો. કોઈએ તેને કહ્યું "તરસ્યો હોવા છતાં તું પાણી કેમ પીતો નથી ?" એટલે તે મંદબુધ્ધિ એ તેને કહ્યું કે "આટલું બધું પાણી હું શી રીતે પીઉં ?" જો તું બધું પાણી નહિ પીએ તો રાજા શું તને શિક્ષા કરશે ?" એ પ્રમાણે પેલાએ ઉપકાર કર્યો. તો પણ તે મૂર્ખે પાણી પીધું નહિ.

એ પ્રમાણે મૂર્ખ મનુષ્યો આ જગતમાં કોઈ કામ યથાશક્તિ પૂર્ણ કરી શકતા નથી. એટલું જ નહિ, તેનો અંશ પણ પાર પાડી શકતા નથી.

(કથાસરિત્સાગર ૧૦૬)

## ઘણું દૂધ મેળવવાની આશાએ ગાય નહિ દોહનાર મૂર્ખ

કોઈ મૂર્ખ ગામડિયો હતો. તેની પાસે એક ગાય હતી. તેની એ ગાય દરરોજ સો પળ દૂધ આપતી હતી. એક વાર તેને ત્યાં ઉત્સવનો સમય નજીક આવ્યો. એટલે "એકી સાથે ઘણું દૂધ હું ઉત્સવના દિવસે લઈશ." એમ વિચારીને એ મૂર્ખે એક માસ સુધી તે ગાય દોહી નહિ, ઉત્સવનો દિવસ આવતાં દોહવા જાય છે. તો એ ગાયનું બધું દૂધ સુકાઈ ગયું હતું. એથી લોકોને સતત હસવાનું થયું.

(કથાસરિત્સાગર ૯૫)

# શ્રદ્ધાનો સૂર્યોદય

લેખાંક:૧૫મો

—પૂ. મુનિરાજ હિતવર્ધન વિજયજી મ.

તેનું ભૌમિતિક જ્ઞાન પણ અદ્ભુત હતું. જે જ્ઞાન દ્વારા તે ભૂ- ગર્ભના રસ-કસ જાણી લેતો. ભૂમિની અંદરના નિધાનો પીછાણી તો આસ -પાસની વસતિ અને તેની વિલક્ષણતાનો બોધ પણ મેળવી લેતો.બસ ! આવી જ ભૌમિતિક વિદ્યા કુમારને એમ કહી રહી હતી: કુમાર ! તું જયાં બેઠો છે એ પૃથ્વી રત્નગર્ભા છે. સમુદ્રના આસપાસના ઉંડાણમાંજ કિંમતીરત્નો પડ્યા છે. યોજના ઘડી લે. યુકિત અજમાવી લે. કિંમતી રત્નોનો તું સ્વામી બની જઇશ. સ્પષ્ટશબ્દોમાં કહીએ તો અત્યારે કુમાર અનૂપદ્વીપની જે ભૂમિપર આવી ઉભો છે,એ ભૂમિની આસપાસના દરિયાઇ ઉંડાણમાંજ રત્નોના ઢેર ભંડારાયા હતાં.જે રત્નો સમુદ્રની ' રત્નાકર ' એવી ખ્યાતિની યથાર્થતાનો પૂરાવો હતા. સમુદ્રને સાહિત્યવિશારદોએ રત્નાકર કહ્યો છે. રત્નાકરનો અર્થ એ થયો કે જેમાં રત્નોના ઢેરના ઢેર પડયા હોય તેનું નામ સમુદ્ર.

સબુર ! રત્નાકર એવા સમુદ્રમાં પણ સર્વત્ર કાંઇ રત્નો નથી મળતાં.રત્નાકરનો વ્યાપ દેખાતી દુનિયામાં બે તૃતીયાંશ જેટલો વિસ્તૃત છે. સમુદ્રના પેટાળમાં પણ કોક - ચોક્કસ સ્થળો એ રત્નો રહ્યા હોય છે. જે રત્નોના સ્થળો દૃષ્ટિગોચર ભલે નથી બનતાં પણ વિદ્યાગોચર જરૂર બને છે.

ભૌમિતિક વિદ્યાના સ્વામી કુમારે પોતાની ભૂમિશાસ્ત્રીય નિપૂણતાના જોરે એ જાણી લીધું કે અનૂપદ્વીપની નજીકનાજ સામુદ્રિક પેટાળમાં સારૂકલાં રત્નો ભર્યા છે. જો એ રત્નો પૈકીના થોડાંક પણ મને મળી જાય, તો મારૂ જીવન કૃતાર્થ બની જાય, યાવત્ જ નહિ. સાડીસીત્યોતેર પેઢીઓ સુખના ઘેનમાન રમતી રહે, એવી અજબ ગજબની ધનાઢ્યતાનો હું સ્વામી બની જાઉં.... જીવનભરના વેપાર દ્વારા ય જે ઉપલબ્ધિ શકય નથી એવી બૃહદ ઉપલબ્ધિ અહિં વિના પ્રયત્ને શકય બને તેમ છે.

રત્નોની પ્રાપ્તિ દ્વારા કેવળ ધનજ નહિ. યશ અને પ્રસિધ્ધિ પણ એવી અમીટ ઉભી કરી શકાય જેનું વર્ણન ન થઇ શકે..

કુમારનું થનગનાટ અનુભવતું મન આમ,વિચારોનો વ્યાયામ કરતું જાય છે.

આસપાસનાં ઉંડાણમાંજ કિંમતી રત્નો હોવાની શકયતા પૂરેપૂરી જણાઇ આવી ત્યારે કુમારને સમુદ્રની ગુપ્ત મૂઠી જેવા, દેદીપ્યમાન, તેજઝર્યા. ભાત - ભાતના અને ભિન્ન -ભિન્ન આકારો, રૂપ તથા પ્રભાવ ધરાવનારા થોડાંક રત્નો એકઠાં કરી લેવાની વાંછા જાગી.આવી વાંછાને સાકાર બનાવવા કુમારે એક રહસ્યમય યોજના પણ ઘડી કાઢી અલબત,રત્નપ્રાપ્તિની શકયતા અને યોજના જાહેર કરવામાં લેશપણ લાભ નહોતો. હોઠસુધી સામે ચાલીને આવી ગયેલા અમૃતના પ્યાલાને પીધા પહેલાંજ જાહેર કરી દેવામાં જેમ શાણપણ નથી જ ગણાતું તેમ ભૌમિતિક વિદ્યાના બળે જે સમુદ્રાન્તર રત્નો કુમારને દેખાતા હતા, તેની જાહેરાત કરવામાં પણ શાણપણ નહોતું. એની જાહેરાત કરવી એટલે લૂંટને આમન્ત્રણ આપવું. એની જાહેરાત કરવી એટલે ઇર્ષ્યાળુઓને તક પૂરી પાડવી..

આથી જ કુમારે એની વિદ્યા,એની માહિતી તેમજ તેની યોજના,આ બધું જ ગુપ્ત રાખ્યું. યોજનાનો અમલ પણ પડછાયાનેય ગંધ ન આવે એ રીતે કરવાનો હતો, એમાં જ લક્ષ્ય સિધ્ધિ સમાયેલી હતી. જો સાથી વેપારીઓ કુમાર સાથે જ રોકાણ કરે કે એ વેપારીઓના ગુપ્તચરો,સેવકો પણ કુમાર સાથે રહી જાય,તો કુમારની યોજના ધૂળમાં મળી જાય

તેમ હતી.

એટલે જ કુમારે સાથેના સઘળાયા વેપારીઓને વિદાય કરી દીધા. બિમારી તો એક છદ્મ હતું. નહિ કે વાસ્તવિકતા.

આ બાજુ કુમાર રત્નપ્રાપ્તિની યોજના સાથે વહાણમાંથી નીચે ઉતર્યો. વહાણ ચાલકોને વહાણો લંગારવાની આજ્ઞા આપી દીધી. સેવકોને તંબુઓ ઉભા કરવાની આજ્ઞા આપી દીધી. એમાં પણ અગમચેતી વાપરી. પોતાનો એક તંબુ સમુદ્ર પાસે ની ચોક્કસ ભૂમિ પર બંધાવ્યો. બાકીના તંબુઓ પોતાના તંબુથી ખૂબ દૂર પણ નહિ અને સાવ નજીક પણ નહિ એવા અંતર સાથે નખાવ્યાં.

કુમારે દ્વીપપર ઉતરીને સૌ પહેલું કામ આખાય દ્વીપના અવલોકન નું કર્યું. કુમાર દ્વીપનું અવલોકન કરીને પાછો ફર્યો ત્યારે તંબુઓનું બાંધકામ પણ થવા આવેલું કુમારનો ભૃત્યવર્ગ વિશાળ હતો. વાણિજ્ય સામગ્રી પણ વિપુલ હતી. પુરવઠો પણ પુષ્કળ પ્રમાણમાં હતો. તેથી એ બધાના અલગ- અલગ તંબૂઓ નાખવામાં આવ્યાં.

રસોડું, ગોદામ, વાણિજ્યાગાર, કોષાગાર, મંગલઘર, ભૃત્યનિવાસ જેવા તંબૂઓના પથરાણ આ નાનકડો દ્વીપ પણ એક નગરજેવો ભાસવા લાગ્યો.

બધાને ભૂખતો લાગી જ હતી. તંબૂઓ જ્યાં બંધાયાં કે તરતજ દાસ- દાસીઓ કામે લાગી ગયાં. ખંડન - પીષાણ, દોહન -જવાલન જેવી ક્રિયાઓ શરૂ થઈ ગઈ. જાણે શૂન્યગ્રામ થોડા સમય માટે ભરચક થઈ ગયું.

ભોજન તૈયાર થતાં કુમારને આમન્ત્રાણ મળ્યું. કુમારપણ ભોજનગૃહમાં પ્રવેશ્યો. ગરમાગરમ ફરસાણ અને મિષ્ટાન્ન પીરસાયા. કુમારે યથારૂચિ ભોજન કર્યું.

આમને આમ તૈયારીમાંજ સન્દયા ઢળવા આવી. સન્ધ્યા કાલિન ભોજન સ્વીકારીને કુમારે પોતાની દૈનિક ક્રિયાઓ આટોપી. બીજી તરફ દિવસ ભરની યાત્રા કરીને શ્રમિત થયેલો સૂર્ય અસ્તાચળના શિખરપરથી ઢળી પડ્યો: સન્ધ્યાનો લાલ-લાલ ચહેરો આકાશપર ચઢીને સૃષ્ટિનું દર્શન કરવા લાગ્યો.

આ સમયે કુમારને સાગરતટ પર અટાર લગાવવાનું મન થયું. એકાદ- બે વિશ્વાસુ પુરૂષોને સાથે લઈ કુમાર, પાસેના સાગર તટ પહોંચ્યો. તટ પર અટાર મારતાં મારતાં કુમારે કશુંક મનોમન્થન કરી લીધું. કુમારની સાઈજાણતી પણ તેજ દૃષ્ટિ દશ્યપદાર્થની ભીતરમાં થી અવનવા અદશ્યો શોધી લાવતી. એવી આંખો ફરી રહી હતી. એક સ્થળ પર તે સ્થિર થઈ. તેણે પરિપકવ સમીક્ષા કરી લીધી; તે સ્થળની.

ત્યાર બાદ એજ સ્થળ પર પસંદગી ઉતારી. વિશ્વાસુ પુરૂષને આજ્ઞા કરી. ભદ્ર શ્યામળરાખના ઘડાઓ લઈ આવો !
જેવી કુમારની આજ્ઞા.
એમ નહિ.
હેજી ? રાખને સાથે પચરંગી અતરો તેમજ ગંધકુટીની મંજૂષા પણ લેતા આવજો !હજૂર, કુમાર હમણાજ બધીય સામગ્રીઓ લઈને હાજર થઈશું.
બે પાંચ ક્ષણો વીતી ન વીતી ત્યાં તો રાખ અને સુગંધિદ્રવ્યો હાજર થઈ ગયાં.
કુમારે પોતાની આંગળીના ટેરવાઓ ઘૂમાવી રાખ કયાં કયાં કેટલી- કેટલી બિછાવવી, એ જણાવતો નકશો દોરી બતાવ્યો. રાખમાં ગન્ધકદ્રવ્યોનું ઉચિત મિશ્રાણ નું કાર્ય કુમારે અનામત રાખ્યું. રાખ પથરાઈ ગઈ.

કુમારે કહ્યું હવે તમે બધા જાવ. જરા દેહક્રિયા કરીને આવું છું બધાય સેવકો દૂર થયા. કુમારે ગન્ધક દ્રવ્યોનું મિશ્રણ ગુપ્તરીતે કરી રાખપર ઢોળી દીધું.

નિવાસપર પહોંચીને અગમચેતી કરી: રાખની ગંધથી છીંકો ન ચઢે માટે મે ગન્ધકદ્રવ્યો મંગાવેલા. પણ એની જરૂર જ ન પડી.

આ તરફ રાખની ગંધ દરિયાના મોજાઓમાં પ્રસરવા માંડી. પ્રસરતી- પ્રસરતી તે જળચરો સુધી પહોંચી. નવી જ ગંધ મળતાં વિસ્મત થયેલાં જળચરો આ ગંધ મેળવવા માટે કિનારા સુધી

ખેંચાયા. કિનારાની રેતી સુધી ભાગ્યેજ આવનારા દુર્લભ જળચરોને પણ રાખની ઉત્કટ સુગંધ કિનારા સુધી ખેંચી લાવી. સાગરનો તટ સાવ નિર્જન હતો. અંધકારનો ઓથાર પથરાયો હતો. કિનારા પર ધસી આવેલા જળચરજીવોની ઉત્કંઠા બેહદ બનતી જતી હતી. તેમણે રાખ પર તરાપ લગાવી.

શરીરની ખાણજ જેમ માનવને પીડે છે તેમ આ જળચરોને પણ તે પીડે છે. આવી લીસી રાખ એમના માટે ખણજખનનનું સાધન બની રહે છે. બસ! કિનારા સુધી ખેંચાયેલા જળચરો પણ રાખમાં આળોટવા લાગ્યાં. સાવ સ્વચ્છંદી રીતે. બિલકુલ નિર્ભય બનીને કેમકે એમની ગીધ જેવી આંખોએ એવી પાકકી ખાત્રી મેળવી લીધી હતી કે આસપાસના પ્રદેશમાં કોઈ પારધિનથી છુપાયો.

કિનારાપર ધસી જવું, રાખની ગંધ માણવી, રાખમાં પળ બેપળ ધીંગા કરવા, આ બધું જાણે જળચરો માટે મનભાવન થઈ પડ્યું, એ પણ એ હદે કે રાખમાં આળોટવા આવનારા જળચરોનીય ભીડ સર્જાઈ ગઈ.

અલબત, કુમારે માટે આ પૂર્વકલ્પિત દશ્ય હતું. તેણે રાખનો ઢગ પૂરતા પ્રમાણમાં કરાવી જ રાખ્યો હતો.

આમ, એક નહિ, બે-પાંચ દિવસ સુધી આજ પરિપાટી ખેલાતી રહી. કુમાર રોજ-બરોજ નવી-નવી રાખ પથરાવી સાગરના તટ પર જળચરો નોતરતો. જળચરો ગુલતાન બનીને ધીંગા કરતાં,

કુમારની યોજનાનો પ્રારંભતો મસ્તીભેર થઈ ગયો હતો. આથી ઉત્સાહવંત બનેલા કુમારે યોજનાનું પાનું ફેકયું.

એક તાંબાનું વાસણ તૈયાર કરાવ્યું એમાં ખાસ નિયોજાયેલી પધ્ધતીનું બનેલું દધિમિશ્રિત કરંભ (હલકા ભાતનું પ્રવાહી) ભરાવ્યું. પછી જાતે સાગર તટ પર ધસી જવી તામ્રપાત્રનું સ્થાપન કર્યું.

કરંભકની ગંધ આવતાંજ જળચર પ્રાણીઓમાં આશ્ચર્યનું નવું અભિયાન જામી પડ્યું. નવીજ ગંધ અને નવોજ છતાં પ્રિય સ્વાદ સમુદ્રના જળચારીઓ તો કરંતીના પ્રવાહીનું આકંઠ પાન કરવા માંડયાં. કરંભજેમાં રહયું હતું, એ તામ્ર પાત્ર પાસે દિવસે પણ જળચારીઓની ભીડ જામતી. કરંભનું તામ્રપાત્ર જોવા. આ જળચારીઓ સાગરમાં દૂર-દૂરથી ઉછળતાં કરંભનું પાત્ર જોઈને તે જળચરો ઝૂમી ઉઠતાં. કરંભ ભરેલું તામ્રપાત્ર એમનું પ્રિયપાત્ર બની ગયું. બિલાડીને દૂધ ગમે છે તેમસ્તો.

એમના મનમાં સદાય એવી શંકા શેકાતી રહેતી, કદાચ, કયારેક, કોક સમયે અમારૂં આ પ્રિય પાત્ર ઝૂંટવાઈ ગયું તો ? એમાં ભોજન પીરસવાનું બંધ થઈ ગયું તો ? આવી આશંકાના માર્યા તેઓ હંમેશા કરંભપાત્રની કાળજી લેતા. ભરપેટ તૃપ્તિ થઈ ગઈ હોય તોય પ્રહરે પ્રહરે કિનારાપર આવી કરંભપાત્રની સલામતીની ખાત્રી મેળવી લેતા. જો કયારેક એ કરંભપાત્ર એમને ન દેખાય, તો તેઓ બેચેન બની જતાં. એમને રોમે રોમ આઘાતની ધ્રૂજારી ફરી વળતી. થોડીક શોધખોળ કે થોડીક પ્રતીક્ષાને અંતે જયારે ફરીથી પાત્રનું દર્શન થાય, ત્યારે તેમનો રૂંધાયેલો શ્વાસ મોકળો બનતો..

આ જળચર પ્રાણીઓના મનમાં એવી આશાપણ રમતી રહેતી કે એમને જાન જેટલું પ્યારૂં એમનું કરંભપાત્ર કુમાર કયારેય નહિ ઉઠાવે. અવસરે - અવસરે, સમયે-સમયે કુમાર પોતેજ કિનારા પર ધસી જઈ તામ્રપાત્રમાં કરંભનું પ્રવાહી ઠાલવાતો હતો. એ સમય દરમ્યાન કેટલાંય જળચરો કુમારની વાસન્તીવેલ જેવી આકૃતિને ટીકી ટીકીને નીરખ્યાં કરતાં, આ નિદર્શના ફળ સ્વરૂપે એમના મનમાં કુમાર માટે એક સ્વામી પ્રત્યેના, ઉપકારી પ્રત્યેના, અન્નદાતા પ્રત્યેના, સમર્પણની ભાવના બંધાઈ ગયેલી

આમ, કુમાર અને જળચરો વચ્ચે એક જાતનો સેતુ સ્થપાઈ ગયો. કુમારે પાત્રમાં હંમેશા કરંભનું પ્રવાહી પીરસતા રહીને જળચરોની આશા સંતોષી હતી.. જળચરોને મન પણ કુમાર એક ભિન્ન જાતીય નહિ રહેતાં પોતાનો હમદર્દ બની ગયો હતો..

આ રીતે પરિપાટી કેટલોક સમય ચાલી. એક દિવસતો એવો ઉગી નીકળ્યો જ્યારે જળચરોના મનનો ડર પૂરેપૂરો ખંખેરાઈ ગયો. કુમારે એ બધાયને વિશ્વસ્ત અને આશ્વસ્ત કરી દીધા હતાં. હવે તો કુમાર જે સમયે પાત્રમાં કરંભ પીરસવા આવવાનો હોય, એ સમય પૂર્વે જ કેટલાંય નાના- મોટા જળચરો પાત્રને ચોફેર વીંટળાઈ વળતાં. કુમાર આવીને જ્યાં ભોજન પીરસે કે કુમારની હાજરીમાં જ તે બધાં તૂટી પડતાં. કુમારનો કોઈ ભય તેમને સતાવતો નહિ.

જળચરો સાથે વધુ નિકટતા સાધવા માટે કુમાર પણ હવે કરંભ પીરસીને ત્યાં ઉભો રહેતો. જાત-જાતના જળચરોને બોલાવતો. એમની પીઠ પર સુંવાળો હાથ પ્રસરાવતો. એમને હાથમાં લઈ રમાડતો.

જળચરો પણ એટલાંતો નિકટ આવી ચૂક્યાં હતાં કે કુમાર આવે ત્યાંજ એના પગ સૂધતાં. એના ખોળામાં કૂદતાં એનો કરસ્પર્શ પામવા પડાપડી કરતાં.

સમસ્યા એવી સરજાતી કે ઉમેદવારોનું ટોળું ઉભરાતું એની સામે કુમારનું કરંભ અને પાત્ર સાવ સાંકળા પૂરવાર થતાં.

સબૂર ! તોય ચતુર કુમારે બીજા પાત્રોની વ્યવસ્થા નજ ગોઠવી. ખાસ હેતુંપૂર્વક સ્તો. કુમાર જળચરોની ઉત્કંઠા અને લોલુપતા સલામત રાખવા માંગતો હતો. આગળવધી એનું સંવર્ધન કરવાં ઈચ્છતો હતો. જે થઈને રહ્યું.

ભક્ષ્ય થોડું, ભક્ષક ઝાઝાં. દરેક જળચરની ઈચ્છા રહેતી કે કુમાર મને જ એકલાને આખું પાત્ર પીવડાવી દે. આ બાજુ કુમારની ઈચ્છા રત્ન પ્રાપ્તિની હતી. તે યોજનાનુસાર આગળ ધપી જ રહયો હતો.

એક દિવસ કુમારમાટે ફળશ્રુતિનો ઉગ્યો. લક્ષ્યની સિધ્ધિનો ઉગ્યો. સાગરમાંથી એક તેજસ્વી, બુધ્ધિશાળી અને અન્યોની અપેક્ષા વધારે હોશિયાર એક જળચર રોજના નિશ્ચિત સમય કરતાં વહેલો તટ પર દોડી આવ્યો. આવીને કરંભપાત્ર પાસે ગોઠવાઈ ગયો. કુમાર કરંભપાત્ર લઈનેજ આવી જ ગયો હતો. તે સહેજ આસપાસમાં રોકાયો હશે. બસ ! બીજા જળચરો આવે એ પહેલા, કુમારની આંખમાં ધૂળ નાંખી આ નટ-ખટ નક્રે કરંભનું પાત્ર ગટગટાવવાની શરૂઆત કરી દીધી.

માનવ જેવો માનવ પણ જો નટખળવેળા કરવાનું બંધ ન કરી શકતો હોય, આશ્રયદાતા સાથે અને આશ્રિતો સાથે પણ સ્વાર્થના ખેલ ખેલતો રહેતો હોય તો તિર્યંચજાત આ દૂષણની ભોગ બને એમાં કોઈ આશ્ચર્ય ખરૂં ?

બરાબર આજ ક્ષણે ચતુર કુમારે તરાપ મારી. એય ક્યાં કમ હતો ? છૂપે રુસ્તમ બનીને કરંભપાત્રમાં મુખ નાંખનારા તે ચાલાક જળચરની પીઠ પર હજી તો કુમારે હાથ જ મૂકયો ત્યાંજ વીજળી જેવી ઝડપે તે જળચર ઉછળ્યું. સમુદ્રમાં દોડી જઈને તેણે જળનું શરણ લઈ લીધું.

એ ઉસ્તાદ જળચર આજે પૂરેપુરૂ કરંભ પી જવા કૃતનિશ્ચય હતો. એણે અંદર જઈને સપાટી તરફ ભેગા થઈ રહેલા સઘળાય જળચરોને છેતર્યા. કહ્યું હું પાત્રપાસે જઈને જ પાછો ફરૂં છું. આજે કરંભ પીરસવાનું, એવી પાક્કી માહીતી લઈ પાછો ફરૂં છું સ્થળ સુધી ધસી જવાનું કષ્ટ ન ઉઠાવશો, એવો મારો અનુરોધ છે, પછી જેવી તમારી મનસૂફી.

ભોળા જળચરો પણ નટખટી નક્રની છેતરામણી ભરી વાકજાળમાં આબાદ ફસાઈ ગયા તેઓ ત્યાંજ ટોળે વળી ગયાં પાત્ર સુધી પહોંચાવાનું માંડી વાળ્યું

બીજી તરફ પેલા ચાલાક જળચરે ડૂબકી લગાવી. દરિયાના ઉંડાણ સુધી તે ધસી ગયો. ત્યાં રત્નોનું વેરાન પડ્યું હતું. એક રત્ન એણે સાથે લીધું સેકન્ડ કાંટાનેઆંટી જાય એવી ઝડપે તે ઉંડાણમાંથી સપાટી પર આવ્યો. સપાટી પર આવીને સીધો કિનારા તરફ દોડયો કરંભના પાત્ર પર એક તરાપ લગાવી. એ પહેલા એણે સાથે લાવેલું રત્ન કુમારના હાથમાં સમર્પી દીધું. હાથમાં રત્ન આવતાંજ કુમારની રગ

રગ રગમાં રોમાંચ પ્રસરી ગયો. એની કેટલાંય દિવસોની સાધના આજે સાકાર બની હતી. મૂકતત્વો સાથેની એની સંભાષા આજે ઇતિહાસ સરજી રહી હતી. અપરિચિત તિર્યંચો સાથેનું તેનું ધૂનન કરોડોની અક્સ્માયાત લાવનારી બની રહી હતી. તેની બુધ્ધિના અનુઠા અને અવળખેલ કટોકટીમાંથી આબાદ ઉગરીને શૃંગ પર પહોંચી રહ્યાં હતાં.

કુમારની રોમરાજી વિકસ્વર બની ગઇ. તે રત્નને નીરખતો ગયો, તેમ તેમ તેનું રકત વધુ ને વધુ મરકવા માંડ્યું. સફળતાની આ પળ હતી. ખુશીનો મહેંક ખીલી ઉઠે એમાં આશ્ચર્ય શું ?

આ બાજું ચાલાક મત્સ્યે કરંભનું પાત્ર ગટગટાવવા માંડ્યું. એકલાએજ આકંઠ ભોજન કરી લીધું. આ બધી જ સન સનાટીભરી ઘટનાઓ બાકીના જળચરો મૂકસાક્ષી બનીને જોઇ રહ્યાં હતાં. સાગરની સપાટી પર ટોળે વળીને ચકમકતી દશ્યો જોનારા તે જળચરોએ આ ઘટના પરથી બે તારણો કાઢ્યાં.

(૧) એકતો સાગરના તળિયે આપણે જે ચીજો સાથે હંમેશા ટકરાઇએ છીએ, એ ચીજ કુમાર માટે જરૂરી અને કિંમતી લાગે છે. કુમારને અતિપ્રિય છે.

(૨) બીજું, આવું પ્રકાશ ઝરતું દ્રવ્ય જો લઇ આવીશું, તો કુમાર થોડી નહિ, ઘડો ભરીને કરંભ પાશે..

બસ ! જળચરોને તો ગંગા લાધી. એમને કરંભના ઘડાનાઘડા પીવા હતાં. ઉપાય હવે હસ્તગત બની ગયો હતો. તે બધાંજ સાગરના ઉંડાણમાં જઇને કયાંકથી શોધી શોધીને રત્નો લઇ આવ્યાં. કુમારને આપવા માંડ્યાં. કુમાર પણ આ પળ માટે ઇંતેજાર જ હતો. એક એક રત્નો તે સ્વીકારતો જાય છે અને હૈયામાં ઉદ્ભવેલા ઉન્મેષનું એક એક કિરણ લોહીમાં પ્રસરતું જાય છે.

કુમારે બધાજ જળચરોને યથેચ્છ પાણે ભોજન કરાવ્યું. જળચરોને તો જાણે ઉજાણી મળી તેઓ ખૂબ નાચ્યા. ભરપેટ ભોજન કર્યું. ત્યારપછી કુમાર અને જળચરો, બધાંજ વિખેરાયાં.

( કુમાર આજે સ્વર્ગના પડછાયામાં પહોંચી શકયો હતો. પણ આ પડછાયો એ સાચવી શકશે ખરો ? મળેલા મહામૂલા રત્નોની તે માવજત કી રીતે કરશે ? રત્નોને એ જગ જાહેર થવા દે છે કે ગુપ્ત રાખે છે ? રાખે છે તો શી રીતે ? રત્નોની પ્રાપ્તિ એક દિવસ પૂરતી મર્યાદિત રહે છે કે એ પ્રાપ્તિની પરંપરા સરજાય છે ?

આમ ! ક્ષણે ક્ષણે નવી નવી પ્યાસ જગાવનારી આ કથાના હવે પછીના વળાંકો એક મહિના પછી જ વાંચવાં મળશે. પ્રતીક્ષા કરજો. ) ***(ક્રમશ:)***

---

## ■ પુત્રને મારનાર મૂર્ખ ■

ઘણા પુત્રવાળો અને દરિદ્ર એવો કોઇ મૂર્ખ પુરુષ હતો. જ્યારે તેનો એક પુત્ર મરણ પામ્યો ત્યારે આ એકલો બાળક લાંબા પંથ ઉપર દૂર શી રીતે જઇ શકશે ?' એમ વિચારીને તેણે પોતે જ બીજા પુત્રને મારી નાખ્યો, પછી નિન્દનીય અને હાસ્ય પાત્ર એવા તે મૂર્ખને લોકોએ દેશમાંથી હાંકી કાઢયો, એ પ્રમાણે નિવિવેક બુધ્ધિવાળો પશુ અને મૂર્ખ એ બે સમાન જ છે.

હાલાર દેશનું પ્રાચીન - ૪૦૦ વર્ષનું તીર્થ

# મોડપુર તીર્થ

## (જામનગર)

❑ મૂલનાયકશ્રી સુપાર્શ્વનાથ સ્વામી પ્રાચીન

❑ પાછળ વિશાળ મંડપમાં ૯૯ ઈંચના શ્યામ

શ્રી શત્રુંજય કેશરીયા આદીશ્વર જિનેન્દ્રના ભવ્ય અદ્‌ભુત પ્રતિમાજી

### અવશ્ય યાત્રાર્થે પધારો

* જામનગર દ્વારકા રેલ્વે લાઈન-મોડપુર સ્ટેશન છે. સ્ટેશન નજીક ૧ કિ.મી. ગામ છે.
* જામનગર ખંભાળીયા હાઈ વે ઉપર ખટીયા ગામ ફુલજર ડેમથી મોડપુર રોડ છે ૯ કિ. મી. છે. અને આખો દિવસ ટેક્ષી-રિક્ષાઓ મળે છે.
* બે દેરાસર, ઉપાશ્રય, ધર્મશાળા, ભોજનશાળા વિગેરે પુરતી સગવડ છે.
* રોડ ગામ પાછળ દેરાસર પાસે આવી જાય છે.

**સંપર્ક : *શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ – મોડપુર.***

C/o. શ્રી વિમલનાથ જૈન દેરાસર, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર-૩૬૧૦૦૫. ફોન : ૫૫૨૩૨૪

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ પાપનું કારણ સમજતો હોય, એથી કોઈના જન્મમાં નિમિત્ત ન બની જવાય, એ માટેય એ સતત કાળજી રાખતો હોય. એ માટે જ એ બ્રહ્મવ્રતનો આગ્રહી હોય.

❖ હું આત્મા છું, હું આઠ કર્મોથી બંધાયેલો છું, એ કર્મો જે દુઃખ આપે છે, એ મને ફાવતા નથી, એ કર્મો જે સુખ આપે છે, એ મને ગમી જાય છે. આ કર્મો જે પાપ-કાર્યો કરાવે છે, એ હું કર્યે જ જાઉં છું, આ મારી કેવી લાચારી! આ વાત સમજાઈ જાય, પછી જ આત્માનું કલ્યાણ થાય. સુખ આપનારા કર્મ તમને સીધી રીતે સુખ આપતા નથી, પણ તમારી પાસે ઘણું આડું અવળું કરાવીને સુખનો ટુકડો જ આપે છે. માટે મારે તમારી આંખ આ કર્મ પર લાલ કરાવવી છે. તમે એમ બોલો કે, સુખ મેળવવા માટે નહિ, દુઃખ કાઢવા માટેય નહિ, પણ કર્મને કાઢવા માટે જ અમે ધર્મ કરીએ છીએ.

❖ "પાપ સિવાય દુઃખ નહિ અને દેવ-ગુરુની કૃપા સિવાય સુખ નહિ" આ શ્રદ્ધા તમારામાં પાકી છે? 'મા' મા બની રહે અને 'બાપ' બાપ બની રહે, એ પણ દેવગુરુની કૃપાનું જ ફળ છે. કારણ કે પુણ્ય વિના આ સંભવિત નથી. આ પુણ્ય ધર્મને આધીન છે. ધર્મ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા સાથે બંધાયેલો છે. અને એ આજ્ઞાને સમજાવનારા ગુરુભગવંતો છે. માટે જેટલું સારું એ દેવ-ગુરુની કૃપાનું ફળ છે અને નબળું તે પોતાના પાપનું ફળ છે.

❖ સુખ પુણ્યથી મળે છે અને પુણ્ય ધર્મથી પેદા થાય છે. સુખમાં મસ્ત બનીને જે ધર્મને જ ધક્કો મારે, એ વિશ્વાસઘાતી અને સ્વામીદ્રોહી ગણાય. જેણે પુણ્ય કર્યું હોય, એને જ સુખ મળે, આ વાતમાં તમારી શ્રદ્ધા પાકી છે ને? કેટલાક માણસો નોકરી કરે, છતાં પેટ પણ ભરી શકતા નથી, જ્યારે કેટલાંક જનાવરોની તહેનાતમાં પણ માણસને નોકર તરીકે કામ કરવું પડે છે. આ બતાવી આપે છે કે, પુણ્ય વિના સુખની પ્રાપ્તિ સંભવી શકતી નથી. ધર્મથી પુણ્ય અને પુણ્યથી સુખ મળે ખરું, પણ એમાં જે રાગી બની જાય, એના તો બાર જ વાગે! સુખનો રાગ મટી જાય, તો આ સંસારમાં એવી કોઈ ચીજનું અસ્તિત્વ જ નથી કે, જે જીવને દુર્ગતિમાં ધકેલી શકે.

❖ મિથ્યાત્વ ન હોય, તો આ જગતમાં સારું લાગવા જેવું શું છે? અવિરતિ ન હોય, તો આ સંસારમાં ઈચ્છવા જેવું શું છે? અને કષાય ન હોય, તો આ જગતમાં તમારું ભૂંડું કરનાર કોણ છે? કષાયોની ફાવટ અવિરતિને લઈને છે અને અવિરતિની મીઠાશ મિથ્યાત્વને કારણે છે. આ ત્રણ પાપના પાયા પર જ આખા સંસારનું મંડાણ છે.

- ક્રમશઃ

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી કિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 29/6/02

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

जेत्तियमेत्तो संगो, तेत्तियमेत्ता अणत्थयत्थारी ।
संगं विवज्जिउणं, ता होमि अहंपि निस्संगो ॥

(સંવેગરંગશાળા, ગા. ૧૭૪૬)

જેટલા પ્રમાણમાં સંગ હોય તેટલા પ્રમાણમાં અનર્થો પેદા થાય. માટે સંગ માત્રનો ત્યાગ કરી હું પણ નિઃસંગપણાનો સ્વીકાર કરીશ અર્થાત્ સાધુ થઈશ.

**શ્રી જૈન શાસન કાર્યાલય**

શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર, (સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE: (0288) 770963

વર્ષ ૧૪ અંક ૩૮

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

# ગુરૂની ચરણસેવા

**ગતાંકથી ચાલુ...**

**પ્રેષક: પૂ. સાધ્વીશ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.**

પછી રાજાએ મુનિ-વેશધારી પુરુષોને ત્યાં મોકલ્યા. તેઓ અનાર્યોને આ પ્રમાણે કહેવા લાગ્યા કે- 'તમારે અમને આ બેંતાલીશ દોષોથી રહિત વસ્ત્ર અન્ન અને પાન આપવું. એ દોષો તમે બરાબર ધારી રાખજો. એમ કરશો તો સ્વામી તમારા પર પ્રસન્ન થશે. નહિ તો તે કોપાયમાન થશે.' આથી તે અનાર્યો પણ તે પ્રમાણે કરવા લાગ્યા. એ પ્રમાણે તેમને યતિજનોના આચારમાં કુશળ બનાવ્યા પછી સંપ્રતિરાજાએ આર્યસુહસ્તી મહારાજને વિજ્ઞપ્તિ કરી કે - હે ભગવન ? મુનિઓ અનાર્યોમાં કેમ વિચરતા નથી ?'' ગુરુ બોલ્યા - 'તેમનામાં અજ્ઞાનતા હોવાથી જ્ઞાનાદિ ગુણો વૃધ્ધિ પામી શકતા નથી.' રાજાએ કહ્યું કે હે ભગવન્ ? અનાર્યોમાં પણ મુનિઓને મોકલો.' ત્યારે ગુરુએ આંધ્ર અને દ્રવિડ પ્રમુખ દેશોમાં સાધુઓને મોકલ્યા. તે અનાર્યો મુનિઓને જોઈ 'આ રાજાના સુભટો છે.' એમ માનતા તેઓ પૂર્વોક્ત શિખામણ પ્રમાણે તેમને ભક્ત પાનાદિક આપવા લાગ્યા. પછી મુનિઓએ આવીને ગુરૂ મહારાજને જણાવ્યું કે- 'સંપ્રતિ રાજાએ પોતાની શક્તિથી અનાર્યોના દેશને પણ યતિજનોને વિચરવા યોગ્ય બનાવી દીધા છે.

હવે પૂર્વભવને યાદ કરતાં સંપ્રતિ રાજાએ નગરીમાં દાનશાળાઓ કરાવી. તેમાં સ્વપરની અપેક્ષા વિના લોકો શ્રેષ્ઠ ભોજન પામી શકતા હતા. તેમાં જે કાંઈ ભોજન વધતું, તે રસોયા લઈ જતા હતા. ત્યારે રાજાએ તેમને કહ્યું કે- 'તમે વધેલ ભોજન બધું સાધુઓને આપજો. તે બદલ હું તમને દ્રવ્ય આપીશ, એટલે તે રસોયા વધેલ ભોજન સાધુઓને આપવા લાગ્યા. તેમજ કંદોઈ અને વણિકોને રાજાએ આ પ્રમાણે સુચના આપી કે- 'તમે માંડા, મોદક, ઘી વસ્ત્રાદિક સાધુઓને આપજો. તેનું મૂલ્ય હું તમને આપીશ.' આથી તે લોકો પણ સાધુઓને દરેક વસ્તુ મુક્ત હાથે આપવા લાગ્યા. આ બધું આર્યહસ્તી જાણતાં છતાં તે રાજાના શિષ્યપણાને લીધે બહું સહન કરતા હતા. એટલે આર્યમહાગિરિએ તેમને કહ્યું કે- 'હે સુહસ્તી ! આ બધું તમે રાજાનું ભક્ત કેમ ગ્રહણ કરો છો ? સુહસ્તી બોલ્યા- 'હે મુનીન્દ્ર ! એમાં અશુધ્ધ શું છે ? કેમકે રાજાના અનુવર્તનથી આ લોકો આહારાદિ આપે છે.' એટલે 'આ તો માયાવી લાગે છે' એમ સમજી કોપાયમાન થતા મહાગિરિ બોલ્યા કે આજથી તમે મારા સંભોગી નથી. કારણ કે સરખા મોની સાથે સંગ ઉચિત કહેલ છે.'

ત્યારે બાળકની, જેમ ભયભ્રાંત થતા સુહસ્તી મહાગિરિને કહેવા લાગ્યા કે હે ભગવન્ ! એ મારો દોષ ક્ષમા કરો. હવે ફરીવાર એમ નહિ કરૂં.'' મહાગિરિ બોલ્યા- 'એમાં તમારો દોષ નથી. કારણ કે વીર ભગવંત કહી ગયા છે કે ''સ્થુલિભદ્ર પછી મારા તીર્થમાં સાધુઓ ગુણોત્કર્ષથી પતિત થશે.' એ કથન સત્ય થયું.' એમ કહી તેમને 'અસંભોગમાં રાખીને આર્ય મહાગિરિ ઉજ્જયનિથી નીકળીને ગજપદ તીર્થમાં ગયા. ત્યાં અનશન-વિધિથી શરીરનો ત્યાગ કરીને સ્વર્ગે ગયા અને અનુક્રમે નિર્વાણ-સુખને પણ પામ્યા.

*-કુમારપાલ પ્રબોધમાંથી*

---

- *જ્ઞાનાચાર એ ખોરાક છે. દર્શનાચાર એ પાચન શક્તિ છે, ચારિત્રાચારએ લોહી છે. તપાચાર એ ઓજસ છે. વીર્યાચાર એ હાડકાં આદિને મજબૂત બનાવે છે. આત્મિક/સાત્ત્વિક/તાત્ત્વિક/સહજ આનંદ પ્રાપ્ત થાય છે.*
- *શ્રાવકના નવ અલંકારો છે. નિવૃતિમય અલંકાર (૧) સામાયિક (૨) પ્રતિક્રમણ (૩) પૌષધ પ્રવૃત્તિમય (૧) જિનેશ્વર દેવની પૂજા-તીર્થયાત્રા- સ્નાત્ર આવૃતિમય (૧) દાન (૨) સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ (૩) સમ્યગ્તપ*

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

## પ્રવચન – ત્રેપનમું

### પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૦, ગુરૂવાર, તા. ૧૭-૯-૧૯૮૭.
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦૦૦૬.

### પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

**(શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. — અવ૦)**

છતાં આ એક કન્યા સુનંદા મલી ગઈ અને મા-બાપે તેમને પરણાવ્યા. પણ તેમને પરણવું ન હતું. તમને તમારા માતા-પિતાએ મઝેથી પરણાવ્યા કે દુઃખથી પરણાવ્યા ? વર્તમાનકાળના જૈનોમાં ઘણાકાળથી જૈનપણું ભૂલાઈ ગયું છે. જૈનજાતિ-જૈનકુળ ચાલ્યા આવે છે પણ જૈનજાતિ અને જૈનકુળના સંસ્કાર લગભગ નાશ પામ્યા છે. શ્રી ધનગિરિજીને થાય કે હું સંસારમાં ફસી ગયો, મા-બાપે મને ફસાવી દીધો. પણ જેવી ખબર પડી કે, મારી સ્ત્રીને ગર્ભ રહ્યો છે એટલે તેઓ સાધુ જ થઇ ગયા. શ્રી ધનગિરિજીએ તે ભૂંડું કર્યું કે સારું કર્યું ? જ્યારે શ્રી વજ્રસ્વામિજી જન્મ્યા ત્યારે જ એવા રૂપસંપન્ન હતા કે જેના હતા કે-બધી પાડોશણ બાઈઓ બોલી ઊઠી કે - જો આનો બાપ સાધુ ન થયો હોત તો સુંદર જન્મોત્સવ કરત. બાપ સાધુ થયો છે તે શબ્દો કાને પડતા જ તેઓને સાધુપણું યાદ આવી ગયું. સાધુ જ થવાનું નક્કી કર્યું. પણ તેઓ સમજતા હતા કે- મારી મા મને જોઈને આનંદ પામે છે. મારી ઉપર ઘણો મોહ છે. તેથી તે મને સંયમ નહિ લેવા દે, અંતરાય કરનારી થશે. માટે મારી ઉપર મારી માને પ્રેમ ન થાય તેમ મારે જીવવું જોઈએ.

વર્તમાનમાં જૈનકુળમાં જન્મેલા ધર્મ કેવો કરે છે ? ધર્મની સારામાં સારી સામગ્રી મળવા છતાં પણ ધર્મ કરવાનું મન થતું નથી. આજે તો કુલાચાર ચાલે છે. ઘણા તો વેઠપૂર્વક જ ધર્મ કરે છે. તાજો જ જન્મેલો એવો આ બાળક વિચારે છે કે- ''માને મારી ઉપર પ્રેમ ન થાય માટે મા મને હસતો ન જૂએ, રોતો જ જૂએ તેમ મારે જીવવું જોઈએ. તો જ માને પ્રેમ થાય નહિ.'' આખો'દિ રડરડ કરે છે એટલે મા કંટાળી જાય ને ? માને કંટાળો આપવાનો નિર્ણય કરે છે. મા ઊંઘે પછી ઊંઘે છે, મા જાગે તે પહેલા જાગે છે, મા તેને રોતો જ જૂએ છે. મા કંટાળી ગઈ, માને થયું કે, આ જોઈએ નહિ, બાપ સાધુ થયો છે, આવે તો આપી દઉં. છ મહિનાના છોકરા ઉપર અપ્રીતિ થાય તો ક્યારે થાય ? આ કથા યાદ નથી ? માને મારા ઉપર પ્રેમ ન થાય. પ્રેમ થાય તો સાધુપણું લેવા ન દે તે માટે જન્મ્યો ત્યારથી તેને રોવા માંડ્યું છે. માને છ મહિનામાં કાયર કરી નાખી.

જૈનપણું યાદ આવે, ભૂતકાળનો ધર્મ યાદ આવે, તેના સંસ્કાર જોરદાર પડયા હોય તો ધર્મ ઉપર કેટલો પ્રેમ થાય ? મંદિર મારું લાગે કે ઘર મારું લાગે ? ઘર મારું કહે તે ઓળખ માટે. તેને મારું કહેતાં દુઃખ થાય. જે મૂકીને જવું પડે તેને મારું કહેવામાં મઝા શી છે ? ઘર-પેઢી તમારા છે ? પૈસા તમારા છે ? કુટુંબ - પરિવાર તમારો છે ? તમારું શું છે ? દેવ-ગુરુ-ધર્મ, ધર્મ કરનારા જીવો અને ધર્મની સામગ્રી વિના મારું કોઈ જ છે નહિ-આમ મનમાં છે ખરું ? આમ જેના મનમાં હોય તે સાચા જૈન છે, બીજા નામના જૈન છે. તમે નામના જૈન છો કે સાચા જૈન છો ? 'મંદિર સંઘનું છે, સંઘ સાચવે, મારે શું લાગેવળગે, ઘર તો મારું છે, મારે જ તે

સાચવવાનું અને સંભાળવાનું છે' આમ જે માને તે જૈન કહેવાય ? આ બાળક તો જન્મતાને દિવસે જ સમજી જાય છે કે- માનો પ્રેમ વધશે તો સાધુ નહિ થઈ શકું, માટે મારે એવી રીતે જીવવું જોઈએ જેથી માને મારી ઉપર પ્રેમ ન થાય ! જે ચીજનો વધારે પ્રેમ હોય તે યાદ આવે ને ? તમને પૈસા-ટકા, મોજ-મઝાદિ ઉપર પ્રેમ છે પણ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ છે ખરો ? દેવ-ગુરુ-ધર્મને હમણાં બાજુ ઉપર મુકો પણ મા-બાપ ઉપર પણ પ્રેમ છે ખરો ? મા-બાપ ઉપર પણ પ્રેમ ક્યાં સુધી હોય ? જે માગો તે આપે ત્યાં સુધી. કુટુંબી ઉપર પણ પ્રેમ ક્યાં સુધી ? સાચવે ત્યાં સુધી. તમને ચાર છોકરા હોય તો ક્યો સારો લાગે ?

સભા : પોતાના કામમાં આવે તે.

ઉ. - તમારા જેવા સ્વાર્થી બીજા કોણ ?

જૈન આવો સ્વાર્થી હોય નહિ. તમને તો તમારો છોકરો કમાવામાં પડી જાય, ધર્મ ભૂલી જાય તો ય ન થાય કે- આવો ક્યાંથી પાક્યો ? તમારો કુટુંબી ધર્મી હોય તે ગમે કે ગમે તેવો હોય તે ગમે ? તમને સાધર્મિક ઉપર બહુ પ્રેમ છે ? સાધર્મિકનાં દર્શન થતાં ખુશ ખુશ થઈ જાઓ છો ? સાધર્મિકને દુઃખી જોઈ ભારે દુઃખ થાય છે ? તમે જીવતા હો ને સાધર્મિક દુઃખી હોય ? ધર્મીની અનુકંપા જ એવી હોય જે જોઈને અધર્મી પણ ધર્મી થઈ જાય. તેની આંખે દુઃખી ચઢે તો તેનું દુઃખ દૂર કર્યા વિના રહે નહિ. કદાચ દુઃખ દૂર ન કરી શકે તો પણ આશ્વાસન તો આપે. ધર્મીની દયા લુખી ન હોય ! ધર્મી, જનાવર રાખે નહિ અને કદાચ રાખે તો તેને ચારો મળ્યો કે નહિ તેનું ધ્યાન રાખ્યા વિના જમે નહિ. જનાવરની ખબર લીધા વિના રહે નહિ. તે માને કે- મારા કુટુંબીની જેમ, મારા ઘરનું જનાવર પણ દુઃખી ન થવું જોઈએ.

તમને શું ગમે છે ? ઘર ગમે છે ? પેઢી ગમે છે ? પૈસા-ટકાદિ ગમે છે ? કુટુંબમાં ધર્મી ન કરે તે ગમે કે ધર્મ કરે તે ગમે ? દેવ-ગુરુ-ધર્મ-ધર્મી-ધર્મનાં સાધન વિના કશું જ ન ગમે એવી હાલત છે ? તમે બધા જન્મે તો જૈન છો પણ મારે તમને સાચા જૈન બનાવવા છે તે માટે આ મહેનત છે. બાપ પણ ધર્મી જોઈએ, મા પણ ધર્મી જોઈએ, કુટુંબ-પરિવાર પણ ધર્મી જોઈએ, ધર્મમાં ચઢાવનાર જોઈએ, રોકનાર કોઈ જોઈએ નહિ.

માએ આ પોતાના બાળકને છ મહિના સુધી હસતો જોયો નહિ, રોતો જ જોયો, તેથી એવી કંટાળી ગઈ કે - આ છોકરો જોઈએ નહિ, આ કથા કેટલીવાર સાંભળી છે ? આ વાત યાદ છે ? માતા-પિતાદિનો પ્રેમ ન ટકે તેવાને ભગવાન, સાધુ, ધર્મ ઉપર પણ પ્રેમ થાય ? પ્રેમ ન થાય તો જૈનપણું પામે ખરો ? જૈનપણું પામવું કે સમકિત પામવું તે બે એક છે. તમે બધા જૈન છો ને ? તમને મારું મંદિર લાગે કે ઘર મારું લાગે ? પેઢી મારી લાગે કે ઉપાશ્રય મારો લાગે ? કુટુંબી મારા લાગે કે સાધર્મિક મારા લાગે ? ભગવાનના ધર્મને પામેલા હોય તે જ સાચો સંબંધી છે, ભગવાનના ધર્મને પામેલા ન હોય કે પામવાની ઈચ્છા પણ ન હોય તે સંબંધી, સંબંધી જ નથી. તે તો અમને ઊંધે માર્ગે લઈ જનારા છે, સીધે માર્ગે જવામાં અંતરાય કરનારા છે. તમારો હૈયાનો પ્રેમ ક્યાં છે ?

સભા : બંન્ને ઉપર રાખવો પડે.

ઉ. - તેનામાં જૈનપણું હોય ?

સંસારમાં બધા ઉપર પ્રેમ રાખવો પડે, ન રાખીએ તો કજીયો થાય પણ હૈયાથી પ્રેમ તો મંદિરાદિ ઉપર જ છે તેમ કહી શકો ખરા ? પૈસા કમાઈને પ્રેમપૂર્વક બંગલો બંધાવે તે જૈન હોય ખરો ? શ્રાવક મકાન પ્રેમથી બંધાવે નહિ, મકાન બંધાવવું પડે માટે બંધાવે પણ મકાન બંધાવવું જ જોઈએ માની બંધાવે તો તેનું નામ શ્રાવક નહિ ! આખો સંસાર અધર્મ છે, જૈનપણું પામવા ઘણું ઘણું કરવું પડશે. શ્રાવકને સંસારમાં છોકરા-છોકરી ય પરણાવવા પડે પણ તેમાં આનંદ હોય કે દુઃખ હોય ?

સભા : પરણાવવા તે ફરજ છે એમ માની એ છીએ.

ઉ. - તે તદ્દન બેવકૂફી છે, શ્રી કૃષ્ણ અને શ્રી ચેડા મહારાજા કન્યાદાન કરતા ન હતા તેમ વાંચ્યું છે ને ''સાંભળ્યું પણ છે ને ? શ્રાવક, પોતાના સંતાનો અનાચારી ન બને માટે પરણાવે, પણ તે માને કે, આટલો ય અધર્મ કરવો પડે છે. પણ લગ્નને ધર્મ નથી માનતા ! ઘણા સારા શ્રાવકો તો લગ્નની રસોઈ પણ નથી ખાતા, તેના અનુમોદનનું પાપ લાગે માટે ! લગ્ન એટલે અબ્રહ્મ સેવવાનો ખુલ્લો માર્ગ કરવો તે.

પ્ર. - સદાચાર રૂપી ધર્મના રક્ષણ માટે કરે તો.

ઉ. - કરવો પડે છે તેમ કહે પણ કરવા જેવો તો નથી જ તેમ તે હૈયાથી માને.

પ્ર. - તે વ્યવહાર ધર્મ ખરો કે નહિ ?

ઉ. - ના.

આમાં સદાચારનાં રક્ષણ માટે લગ્ન કરનારા કેટલા અને લગ્નને લહાવો માનનારા કેટલા ? તમે બધા ગૃહસ્થપણામાં કેમ બેઠા છો તે નથી કહેતો. પાપનો ઉદય હોય તો રહેવું પણ પડે. પણ 'ઘરમાં ન રહીએ તો ક્યાં જઈએ, ઘર તો માંડવું જ જોઈએ' આમ કહે તે નક્કટ જૈન છે ! શ્રાવકો વેપારાદિ કરે તેના છૂટકે કરે, પણ વેપાર કરવો જોઈએ તેમ માનીને શ્રાવક વેપારાદિ કરે નહિ, વેપારને ધર્મ માને નહિ. વેપારને ધર્મ માને તો તે જૈન કહેવાય નહિ. આ શાસનમાં તો રાજાઓ પણ રાજ્યને પાપ માનતા હતા. શ્રાવકો પણ ઘરને, પેઢીને, ધંધાને પાપ માને.

પ્ર. - કરોડો રૂા. કેવી રીતે મળ્યા હશે ?

ઉ. - પુણ્યથી.

તમે તેની ઈચ્છા કરી મરી જાવ પણ મળવાના નથી. આજના કરોડપતિની આબરૂ પણ શી છે ? સલામ ભરનારા ઘણા કહે છે કે - 'લોકોનું લોહી ચૂસનારો છે, મોં જોયું હોય તો ખાવાનું ન મળે' તેમ કહે છે. આજના શ્રીમંતોને જોઈને નારાજ થાય ખરો ? ધર્મી શ્રીમંત દર્શન કરવા જાય તો દાન કરતો-ધન ઉછાળતો જાય. તમે દર્શન કરવા જાવ તો ધૂળ ઉડાડતા જાવ. પેથડશાની પત્ની રોજ સવાશેર સોનું દાનમાં આપતી હતી. તમે કેવી રીતે દર્શન કરવા જાવ છો ? શ્રાવક દાન કરતો કરતો મંદિરે જાય તે વાતને ગપ્પા માનો છો કે સાચી ? જૈન આખા સંસારને ભૂંડો માને, સાધુપણાને જ સારું માને અને મોક્ષના જ અર્થી હોય.

શ્રી વજ્રસ્વામિજી આવા હતા માટે માનો મોહ ટાળી દીધો. હવે છ મહિના પછી સાધુ થયેલા તેમના બાપ શ્રી ધનગિરિજી તે ગામમાં આવ્યા છે અને ગોચરી વહોરવા ગયા છે તો સુનંદાએ પહેલા તે બાળકને બધાની સાક્ષીએ આપી દીધો. જેવો તેને ઝોળીમાં મૂક્યો તો હસતો થઈ ગયો. આજે આવું બને તો ત્યાં રાખવો ? આ સંઘ કોનો ? અમારો ? આ સંઘ જ કહે કે મહારાજ ! આ વેઠ શું ઊભી કરી ? તે બાળક વજનદાર હતા માટે ગુરુએ તેનું 'વજ્ર' નામ રાખ્યું અને તેને સાધ્વીજીના ઉપાશ્રયમાં રાખ્યો. દરેક શ્રાવિકા તેનું ધ્યાન રાખતી. કોઈ ટીકા કરતું ન હતું. ત્રણ વર્ષની વયમાં તો અગિયાર અંગ ભણી ગયો. મા પણ રોજ જતી. તેને આનંદમાં જોઈ પાછો મેળવવા મહેનત કરવા લાગી. ત્યારે શ્રી સંઘે કહ્યું કે- આ ગુરુની મિલ્કત છે, પાછો ન અપાય. આખો શ્રી સંઘ એક તરફ, ગામ મા તરફી, આજે આવો સંઘ મળે ખરો ? બે-ચાર સારા હોય તો તેમને આજે મૂંગા રહેવું પડે, બોલાય નહિ. ભગવાનનું જૈનપણું શું છે ? સંઘમાં આવવું શું છે તે ખબર છે ? પછી મા એ રાજ્યમાં ફરિયાદ કરી, રાજાએ બધાને ભેગા કર્યા અને કહ્યું કે- 'આ બાળક જેની પાસે જાય તેનો'. મા તેને પહેલા બોલાવે. મા ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની એવી એવી ચીજો લાવી છે કે મોહ પમાડે. મા એક એક ચીજો બતાવે છે પણ આ તેની સામે ય જોતો નથી. છેલ્લે મા એવું રૂદન કરે છે કે આખી સભા રડી પડે છે. તે વખતે આ વજ્રસ્વામિજી વિચારે છે કે- "જો હું માના મોહમાં ફસાઉં તો સંઘની આશાતનાનું પાપ મને લાગે" મા ની સામું પણ જોતા નથી. પછી રાજા સાધુને બોલાવવા આદેશ કરે છે. સાધુ પાસે શું હોય ? સાધુ તો ઓઘો બતાવે છે. તે લઈને તે બાળક નાચે છે. ત્યારે રાજા પણ કહે છે કે- આ બાળક સાધુ થવા જ સર્જાયો છે. આજે હું ઓઘો બતાવું તે ઘણાને ગમતું નથી. બધું ઓઘામાં જ આવી ગયું તેમ બોલનારા ઘણા છે. તે શ્રાવકોને મિથ્યાત્વનો ભારોભાર ઉદય છે. અમારે આપવા લાયક સાધુપણું જ છે. તેની શક્તિ ન હોય તો શ્રાવકપણું છે. તમે બધા અમારી પાસે શું લેવા આવો છો ?

- ક્રમશઃ


**રતિલાલ દેવચંદ ગુઢકા**

**સહતંત્રી શ્રી મહાવીર શાસન**

16, WINCHFIELD CLOSE, KENTON, HARROW
MIDDLESEX, HA3 ODT, U.K.
PHONE : R. : 0208907 2009
FAX : R. : + 44208 931 6526
FAX : PARESH : +44 845 458 2803


**જૈન શાસન માં નવો મળેલ સહકાર**

૧૦૦૧-૦૦ દેવચંદ ગોસર કુંભા ગડા પરીવાર, જામનગર.

પ. પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ. સા. ના વર્ધમાન તપની ૧૦૦ મી આંબેલની ઓળીના પારણા નિમિત્તે તેમના સંસારી સગાવહાલા તથા કુટુંબીજનો તરફથી ભેટ.

# જીવણલાલ પર એન્થ્રેક્સનું આક્રમણ !

*- અમૃતલાલ મોરારજી*

જીવાણલાલને નાની નાની બાબતે બહુ જ ગભરામણ થાય. બિલાડી મ્યાઉં... કરે એટલે એમનો જીવ ગભરાય. કૂતરો સામે દોડતો આવતો દેખાય તો જીવાણલાલ ઘરમાં ભરાય જાય.

આજકાલ એમને અમેરિકન અને અફઘાનિસ્તાનનાં યુદ્ધનો ડર પેસી ગયો છે. જો કોઈ વિમાન કે હેલિકોપ્ટર ગામમાં નીચેથી પસાર થાય તો અવાજ સાંભળી જીવાણલાલ પોતાના ઘરનાં બારી-બારણાં બંધ કરી દે. એમને ડર લાગે છે કે કોઈ વિમાન કશું ફેંકી જશે અને નુકસાન થશે. જીવાણલાલના આ ગભરુ સ્વભાવ વિશે ગામના સૌ લોકો જાણે. ઘણા એમની મશ્કરી કરી એમને નકામા ગભરાવે પણ.

આજે બપોરે એક વિચિત્ર ઘટના બની. જીવાણલાલના નામે ટપાલી એક બંધ પરબીડીયું આપી ગયો. પહેલાં કદી ન જોયું એવું નાનું મૃત જીવાણુ જોયું.



અને જીવાણલાલ ચીસ પાડી ઊઠ્યા '' જીવાણુ... ! એન્થ્રેકસ તો ના હોય ?...!! મરી જઈશ બાપ...!! આ તો આતંકવાદીઓનો જીવાણુ હુમલો લાગે છે... !!! '' જીવાણલાલ ડરના માર્યા શરીરે ધ્રુજી રહ્યા. શરીરે પસીનો છૂટવા માંડ્યો. તરત જ પોતાના ફેમિલી ડોક્ટર વિનોદભાઈ પાસે દોડ્યા. વિનોદભાઈને પરબીડિયું બતાવી સઘળી હકીકત જણાવી.

વિનોદભાઈ એમને દવાખાનાના ખાસ ઓરડામાં લઈ ગયાં. જ્યાં એમના બે સિવાય બીજું કોઈ ન હતું. ડોક્ટરે ગંભીરતાથી કહ્યું, '' કાકા, કેસ બહુ ગંભીર છે. વાત બહાર બીજા કોઈને ન જણાવતા. આ જીવાણુથી જગત ગભરાય રહ્યું છે. ચોક્કસ આતંકવાદીઓ દ્વારા જ મોકલાયેલા જીવાણુ લાગે છે. હું આજે બપોર પછી એ જીવાણુને ચકાસી અભ્યાસ કરી સાંજે છ વાગ્યે એ બાબતે વધુ વિગત જણાવીશ. તમે સાંજે છ વાગ્યે મને મળો. વાત કોઈને ન કહેશો. જાણ થતાં પોલીસ અને સરકાર પૂછપરછ કરશે. આ કેસ તથા એની સારવાર માટે આપણે બે જ સમજી લઈશું. જોકે, જીવાણુ મરેલું છે પણ કોઈ રીતે એના ચેપ ફેલાય તો નુકસાન કરી શકે.

ડોક્ટરના જવાબથી જીવાણલાલને શાંતિ થઈ ઘરે આવ્યા પણ કોઈને આ બાબતે વાત ન કરી. જમીને ઊંઘી ગયા. સાંજે સાડા પાંચ વાગ્યે જાગી તૈયાર થઈ ડોક્ટર પાસે પહોંચી ગયા.

ડોક્ટર એમને ફરી એકાંત ઓરડામાં લઈ ગયા. આ વખતે દિનેશભાઈએ વધુ ગંભીરતાથી જણાવ્યું, '' કાકા ખરાબ સમાચાર છે. આ જીવાણું એન્થ્રેકસનું જ છે. મેં પરીક્ષણ કરી લીધું છે. તમે આ જંતુના સંસર્ગમાં આવ્યા અને હું પણ. હવે આપણા બંનેની સાત દિવસની સારવાર કરવી પડશે. દરરોજ એક ગોળી તમારે લેવાની જે અહીં મારા દવાખાને આવીને જ તમારે લેવાની કાલે બપોરે બાર વાગ્યે જમ્યા પછી મારા દવાખાને આવીને જ તમારે લેવાની. કાલે બપોરે બાર વાગ્યે જમ્યા પછી મારા દવાખાને આવી જશો. ગોળી દરરોજ જમ્યા પછી જ લેવાની છે અને હા વચન આપો આ વાત બહાર જાય ના.''

જીવાણલાલે સારવારના ખર્ચ માટે

પૂછ્યું, દિનેશભાઈએ મીઠી વાણીમાં જણાવ્યું, " તમારી પાસે ક્યાં વધારે લેવા છે, કેસ ભારે છે. ગોળી બહુ મોંઘી છે. આમ તો સાત દિવસના સાત હજાર થાય પણ હું તમારો ફેમિલી ડોકટર છું. પાંચ હજારમાં પતાવી દઈશું."

' ભલે, હું કાલે બપોરે જ પ્રથમ ગોળી લેવા આવીશ ત્યારે રૂપિયા પાંચ હજાર લઈ આવીશ પણ મને જરા પણ આંચ ન આવવી જોઈએ. તમે તો જાણો જ છો. હું હમણાં જ રેલવેની નોકરીમાંથી નિવૃત થયો હું લાખો રૂપિયા મને અને હવે પેન્શન પર આરામથી જીવન જીવવું છે. જીવણલાલે ખુશ થતાં કહ્યું ડોકટર દિનેશભાઈની પણખુશીમાં આ વાત સાંભળી વધારો થઈ ગયો.

બીજા દિવસે બરાબર સાડાબાર વાગ્યે જીવણલાલ દવાખાને પહોંચી ગયાં. એકાંત ઓરડામાં ડોકટરે કાચના ગ્લાસમાં પાણી અને એક ગોળી જીવણલાલને આપ્યાં.

"દિનુ ભાઈ, પહેલાં પૈસા ગણી લો. પછી હું ગોળી લઈશ." જીવણલાલને નમ્રતાથી પાંચ હજારની થોકડી આપતાં કહ્યું.

ડોકટર બહુ હરખાયા અને ઝટપટ નોટો ગણવા માંડયાં. આ દરમિયાન અચાનક જીવણલાલ જોર જોરથી ઉધરસ ખાવા મંડ્યા. ઉધરસનો અવાજ સાંભળી તરત જ બે અજાણી વ્યક્તિ એકાંત ઓરડાનું બારણું ખોલી અંદર ધસી ગઈ.

"પૂછ્યા વગર ઓરડીમાં ન આવો. કોણ છો તમે ? કેમ અચાનક ધસી આવ્યા ? શી તકલીફ છે ?" ડોકટરે કડક શબ્દોમાં પ્રશ્નોની ઝડી વરસાવી.

" હું કર્નલ સંજય પાંડે અને આ મારા સહાયક સુધીર ચોનકર. અમે પોલીસની ગુનાશોધક શાખામાંથી આવ્યા છીયે. તમારી ધરપકડ કરવા માટે " કર્નલે જણાવ્યું.

" ધરપકડ ?...! અને મારી ?...!! કર્નલ મેં શું ગુનો કર્યો છે ?...!! "

" એન્થ્રેક્સ જીવાણુનો ખોટો ભય ઊભો કરી તમે જીવણલાલ પાસેથી પૈસા કઢાવવાની યોજના બનાવી. જીવાણુ તો જાતજાતનાં બહુ મળી રહે. તમે એક નાનું વિચિત્ર જંતુ મેળવ્યું જે બંધ પરબીડીયામાં જીવણલાલના સરનામે મોકલ્યું. તમારી યોજના સફળ થઈ. બીકણ જીવણલાલ તમારા શિકાર બની ગયા પણ જીવણલાલને તમારા પર શંકા જતાં એમણે પરબીડીયું મળ્યું તે જ દિવસથી તમારી સાથેની બધી વાતચીત અમને જણાવી. અમને પણ તમારા પ્રત્યે સો ટકા શંકા જાગી. અમે પણ છટકું ગોઠવવાનું નક્કી કર્યું. તે મુજબ જીવણલાલે તમારી હામાં હા ભણી અને રૂપિયા પાંચ હજાર તમને આપવા તૈયાર થયા. આ પાંચ હજારની નોટ પાઉડરવાળી છે જે તમે ગણતા તમારા અંગુઠાની છાપ નોટો પર મળી આવશે. હવે વધુ ચાલાકી ન કરશો. ગુનો કબૂલ કરી લો. અમાનવીય - અસામાજિક કર્નલે કહ્યું.

" કર્નલે હું તમારી જાળમાં બરાબર સપડાયો છું. હું ગુનેગાર છું. "

' તમને સજા થશે ડોકટર. આજના સમયે વિશ્વમાં આપણા દેશમાં એન્થ્રેક્સ જીવાણુનો ડર છે. સમાજ ભયભીત છે ત્યારે તમારા જેવા ડોકટરનું કર્તવ્ય છે દેશ અને સમાજના લોકોને યોગ્ય માર્ગદર્શન આપવાનું. સલાહસૂચન કરવાનું. લોકોમાં ફેલાયેલો ભય દૂર કરવાનું અને તમારે પ્રયત્ન કરવા જોઈએ. આવા જીવાણુ સામે બાથ ભીડવાના. તેના નાશ માટે ઉપાય શોધવાના - સારવાર માટે નવા સંશોધન કરવાનાં જે સમાજસેવા અને દેશસેવા છે. પરતું તેમ ન કરી તમે તમારા અંગત સ્વાર્થ માટે કૃત્ય કર્યું જે ગેરકાનૂની, અસામાજિક, અમાનવીય છે. તમારા આ ગુના માટે હું તમારી ધરપકડ કરું છું " કર્નલે કહ્યું.

કર્નલના સહાયક સુધીર ચોનકરે ડોક્ટર દિનેશભાઈને હાથકડી પહેરાવી દીધી. ડોકટર રડતાં રડતાં પોલીસવાનમાં બેઠા અને વિચારવા મંડયા. ખરાબ સમયે બેકારીમાં પૈસા કમાવા, પેટ ભરવા પ્રમાણિકતાથી વધુ મહેનત કરવી જોઈએ. ખોટી ચાલાકી ન કરવી. કોઈ સાથે છેતરપિંડી ન કરવી.

# [illegible]ગતિ માટે પ્રતિકાર સાથે પ્રચાર પણ જરૂરી છે !

'શાસન ભકત'

વર્તમાનકાળે જૈનશાસનમાં જે જે ચાલી પડયું [illegible], આપમતિને પ્રધાનતા અપાઇ રહી છે તેથી ખોટી [illegible]તને રોજ ઝાટકયા કરે - ખંખેર્યા કરે તે સુગુરુ ! [illegible]ને તેઓને જ કપરી ફરજ બજાવવી પડે છે. અને [illegible]થી જ શાસનમાં - સંઘમાં કે સમુદાયમાં જે જે ખોટું [illegible]લી પડે છે તે ભવ્ય જીવોને સમજાવવું જરૂરી છે [illegible]મ તેનાથી બચાવવા પણ જરૂરી છે. અને સમર્થ [illegible]ત્માઓની શક્તિ તેમાં જ ખર્ચાવાથી જે નીતિનો [illegible]ભ થવો જોઇએ તે મેળવી શકાતો નથી.

પ્રગતિ માટે પ્રતિકારની જેમ પ્રચારની પણ તે[illegible]લીજ તાતી અનિવાર્ય જરૂર છે. જેના કારણો [illegible]ઓને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ નથી, જેમને વા[illegible]સ્તવિકતાથી જાણી - બૂઝીને હાથે કરીને દૂર જ ર[illegible]ાય છે કાં તેમના હૈયામાં બીજી બીજી વાતો જ [illegible]રમાવવામાં આવી છે તેથી વ્યુહગ્રાહિક મતિને પા[illegible]મેલા તેઓ સત્યની નજીક પણ આવી શકતા નથી. [illegible]ને જેઓ ખરેખર સાચા છે તેમને ખોટા જ માને [illegible] એ જે વાસ્તવમાં પોતાની ઊણપો, ખામીઓ છુ[illegible]ાવવા ખોટા હોવા છતાં સાચાનો દેખાવ કરે છે તે[illegible]ાં અંજાઇ જાય છે અને તેમને જ સાચા માને છે. [illegible]વા અવસરે જો પ્રચારનો માર્ગ વ્યવસ્થિત [illegible]જમાવાય તો ધાર્યો લાભ થાય. આજે પ્રચારમાં [illegible] ઉપેક્ષા કે બેદરકારી કરાય છે તેથી મોટા ભાગે [illegible]મ જ માને છે કે '' આ તો બધા કાયમ વાત-વા[illegible]માં અંદર અંદર લડયા - ઝઘડયા કરે છે. અમુકને તો[illegible]ધાનો વિરોધ જ કરતા આવડે છે. કોઇનું સાચું જો[illegible] - દેખી શકતાં નથી. ઇર્ષ્યા - તેજો દ્વેષથી પીડિત છે[illegible] દુભાયેલા છે એણે દૂધમાંથી પોરા કાઢે છે. પો[illegible]ાનામાં કાંઇ નથી અને પોતાના ગણાતાના કામ પા[illegible] બગાડે છે. '' આગ લગાડનારા અને આગ બૂ[illegible]ાવનારાનો ભેદ - વિવેક નહિ કરનારા બધાને સ[illegible]ાન માને છે. સૂકાં ભેગું લીલું પણ બાળી નાંખે છે[illegible] આ ખામી પ્રચારની ઊણપની છે.

ખોટાનો પ્રતિકાર જેમ જરૂરી છે તેમ પ્રચાર પણ તેથી બલ્કે વધુ જરૂરી અને અનિવાર્ય છે. ધર્મની ખોટી વાતોનો, અર્ધશાસ્ત્રીયતાનો અવિહિત શાસ્ત્રીય પ્રવૃતિઓનો પ્રતિકાર કરનારા માટે પ્રચારની ઉપેક્ષા હાનિકર પણ બને છે. ખોટાનો ન્યાય - નીતિયુકત પ્રતિકાર કરનારાનો ધીમે ધીમે વર્ગ - ટેકો વધતો જાય છે તેમ સમય બતાવે છે.

અર્ધશાસ્ત્રીય - અવિહિત પ્રવૃતિઓને માટે આજનો કાળ ઘણો જ અનુકૂળ છે. જો તમારી પાસે પૈસા - પ્રતિષ્ઠા અને પદનું જોર હોય તો બેરોકટોક તમારી પ્રવૃતિ મજેથી ચાલે છે. આજના રાજકારણીઓની જેમ પછી તેઓ ફુલે પૂજાય છે, પોતાના ખર્ચે પોતાના પૈસે પોતાના માધ્યમોમાં તેઓ છવાઇ જાય છે અને તેમનો અવાજ એ જ બ્રહ્મવાકય ! પછી સાચી વાત સમજવા તો તેઓ તૈયાર નથી થતા પણ ખોટી વાતને સાચી ઠરાવે છે. આવા અવસરે સન્માર્ગની રક્ષા કરનારા શાસનસેવાની તમન્ના રાખનારા દરેકે દરેક શાસનભકતોની ફરજ છે કે સમ્યગ પ્રચારના માર્ગે વધુ મહેનત અને જહેમત ઉઠાવે. હૈયામાં રક્ષાની સાચી ધગશ હશે તો પ્રચાર કેમ કરાય તે આપોઆપ આવડી જશે. પ્રચાર કરનારનો સાથ આપવા પણ મન ઉત્સા હેત થશે. આજે ' મારે શુ ? મારે કેટલી લેવા દેવા ? ' આ વૃતિએ પ્રચારમાં છે. તો કમમાં કમ આ વૃતિ પણ કાઢવી જરૂરી છે. જો હૈયામાં શાસનદાઝ હોય તો કશું અશકય નથી. 'અલંવિસ્તરેણ ।'

દિલમાં કાળાશ હોય તો ગમે તેટલી ચમકતી આંખ પણ વિચારો કરી શકતી નથી.

— ગોનજ

Something is better than nothing.

## ઋણાનુબંધ

રમણલાલ સોની

ગતાંકથી ચાલુ....

થોડી વાર રહી વળી તે બોલ્યો :

' પાંડુ શેઠને કહેજો કે મહાદત તમને યાદ કરતો ગયો છે અને કાળાન્તરે ફરી એ તમને મળે ત્યારે એને ઓળખવો ભૂલતા નહિ ! એને તમારે ઘેર રાખવાનું તમે વચન આપ્યું છે એ યાદ કરજો ! '

બોલતાં બોલતાં તેણે આંખો મીચી દીધી. તે બબડયો : ' શેઠ, હું તમારે ઘેર જ આવીશ ! '

સાધુએ જોયું તો તે જ પળે મહાદતના પ્રાણ નીકળી ગય હતા.

કૌશામ્બી જઈ સાધુએ પાંડુ ઝવેરીને બનેલી બધી બીના કહી.

શેઠે મહાદત્ત અને તેના સાથીદારોનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કરાવ્યો. પછી મહાદતે બનાવેલી ગુપ્ત જગ્યાએથી પોતાનો માલ મેળવી તે રાજાને ત્યાં વેચી તેમાંણે સારી કમાણી કરી.



છેલ્લે બધી માલમિલકત પુત્ર પરિવારને સોંપી, ઘરબાર છાંડી પોતે વિહારમાં જઈને રહ્યા, ને બાકીની જિંદગી ઈશ્વરચિંતનમાં અને જનસેવામાં વિતાવવા માંડી.

મરણપથારીએ પડેલા પાંડુ ઝવેરીની આસપાસ સાધુઓની મંડળી બેઠી હતી.

એક સાધુ પાંડુના ઓશીકા આગળ બેઠા હતા. એ જ પેલા દયાળુ સાધુ હતા. એમના મોં પર શાંત સ્મિત હતું. પાંડુનં આંખો અડધી મીંચાયેલી હતી. એ કંઈક ચિંતવી રહ્યા હતા.

સાધુએ પૂછ્યું : ' બંધુ, શું ચિંતવો છો ? '

એવા જ અવિચળ ભાવે પાંડુએ જવાબ દીધો : ' વાંચુ છું.

સાધુ મંડળી કાન માંડી સાંભળી રહી. ચારે બાજુ એટલી બધી શાંતિ હતી કે હૃદયના ધબકાર પણ સંભળાય.

પાંડુનો ધીમો અવાજ સંભળાયો : એમની આંખો એવી જ બંધ હતી. તે બોલતા હતા :

' દયા ! શી દયા છે ! આવા ભીષણ અંધકારમાંથી મને વાટ જડી જ કેવી રીતે ? આટઆટલાં પાપકર્મો કર્યા પછી મારું ચિત આટલું શાંત થયું જ કેવી રીતે ? ઓહોહો ! આ હું છું આવો દુષ્ટ ? આવો પાતકી ? હા, એ બાપડાને મેં મારી નાખ્યો, ને હું નાસી ગયો ! વળી પાછો હું આવ્યો આ વખતે મેં ચોરી કરી, ને આરોપ બીજાને માથે નાખ્યો ! આહ વળી પાછો હું આવ્યો - આ વખતે વેરની આગમાં હું કેવો બળી રહ્યો છું ! મારાં રૂંવાડે રૂંવાડે ખુન્નસ વ્યાપી ગયું છે. રાતે છાનામાના જઈને મેં પેલાના ઘરને આગ લગાડી દીધી, એનો પાક જલાવી દીધો, એનાં બૈરી છોકરાંને ભીખ માંગતાં કરી નાખ્યાં ! આહ, વળી પાછો હું આવ્યો - આ વખતે મારાં બૈરી છોકરાં ભૂખે ટળવળતાં મેલી હું મારો જીવ વહાલો કરી નાસી ગયો, પણ કોકના કરેલા ગુનામાં હું સપડાઈ ગયો. મારા હાથપગ કાપી નાખવામાં આવ્યા. કૂતરા બિલાડાને મોતે હું મર્યો ! આહ, વળી પાછો હું આવ્યો, રાજાનો દીકરો થઈને ! આ વખતે મેં વગર કારણે લશ્કર ઉપાડ્યું, હું દેશ જીતવા ઉપડ્યો. અસંખ્ય જાનમાલની મેં ખુવારી કરી - કેટલી બધી

કતલ ચલાવી !.... લોહી....! લોહી....! લોહી....! હું હાર્યો, કેદ પકડાયો ને મને હાથીના પગ તળે છૂંદી મારવામાં આવ્યો! આહા, શી દયા છે !'

સાધુએ ધીરેથી કહ્યું : 'બંધુ, કતલમાં દયા દેખાય છે ?'

પાંડુએ એ શબ્દો સંભળ્યા નહિ હોય, એમણે આગળ બોલવા માંડયું :

'આહ, શી દયા છે! મેં બીજાને નથી મારી નાખ્યો, મેં મને જ મારી નાખ્યો છે. મેં બીજાના ઘરમાં ચોરી નથી કરી, મારા જ ઘરમાં કરી છે ! મેં બીજાનાં બૈરી છોકરાંને ભીખ માંગતા નથી કર્યાં, મારાં જ બૈરી છોકરાને કર્યાં છે ! હું કોકે કરેલા ગુનામાં નથી સપડાઈ ગયો, પણ મારા જ ગુનામાં સપડાયો છું ! મેં બીજાની ઉપર વેર નથી લીધું, પણ મારી જ ઉપર લીધું છે ! બીજાએ મને હાથીના પગ તળે છૂંદી માર્યો નથી, મેં જ મને છૂંદી માર્યો છે ! બીજાઓએ મને નથી છેતર્યો છે; બીજાએ મને નથી માર્યો, પણ જ મને માર્યો છે ! બીજાએ મને નથી રઝળાવ્યો, પણ મેં જ મને રઝળાવ્યો છે ! બીજાએ મને નથી દંડ્યો, નથી દમ્યો, નથી રિબાવ્યો, ભૂખે - તરસે નથી ટટળાવ્યો, પણ મેં જ એ બધું કર્યું છે. એ બધાના મૂળમાં 'હું' છું. એ 'હું' જ સૌથી ખરાબ છું, એ 'હું' જ સૌથી ભૂંડો છે; એ 'હું' એ જ મને ઘોર અંધકારમાં આંખે પાટા બાંધીને ફેરવ્યો છે !'

થોડી વાર રહી વળી તેમણે બોલવા માંડયું : દયા એ દયા જ છે. ઢગલો અંધારામાં પણ પ્રકાશનું એક કિરણ છૂપું ન રહે તેમ પાપકર્મોના કાળમીંઢ ઢગલામાં આ એક તણખલા જેવડું મારું સત્કર્મ ઝબૂક ઝબૂક થાય છે ! હજારો વર્ષે પણ એનો ઝબકારો શમ્યો નથી ! મને થતું હતું કે આ હોલાઈ જશે, ઢંકાઈ જશે, ભુરાઈ જશે : હું નિરાશ થઈ જતો હતો. પણ ના, એ નાનકડું બી તો ઊગ્યું ! ધીમે ધીમે કેવો મોટો ઘેઘૂર વડલો બની ગયો ! જે ધૂળમાં દટાયું હતું તે જ આજે વિરાટ સ્વરૂપ બની આકાશ અને પૃથ્વી ભરી ઊભું છે. નિરાશ થવાનું કોઈ કારણ નથી.

ધન્ય છે મારા સાધુ ! શી તારી દયા છે ! શી તારી કરુણા છે ! પહેલી વાર તમે આવ્યા ત્યારે મારે બારણેથી મેં તમને ધક્કો મારી કાઢી મેલ્યા. પણ પછી મારુ હૃદય જરાતરા રડ્યું. તમે બીજી વાર મારા જ અનાથ ભાંડુ બનીને આવ્યા ત્યારે મેં મન કમને તમને સૂકો રોટલો ખવડાવ્યો. આપવાનું તો મારી પાસે ઘણું હતું, પણ મેં કશું જ આપ્યું નહિ. વળી ત્રીજીવાર તમે આવ્યા, મારો દીકરો થઈને. મારી મિલકતના વારસદાર બનીને, પણ હું આપું તે પહેલાંતો મારે જ હાથે મારી બધી મિલકત ફના થઈ ગઈ ! આ વખતે આપવા મન હતું, પણ મારાથી કશું અપાયું નહિ. વળી ચોથી વાર તમે આવ્યા આપણે લડી પડ્યા. પણ તમે જીત્યા ને હું હાર્યો.... વળી ફરી તમે આવ્યા. મેં કહ્યું : તમે કંજૂસ છો, લોભી છો, સ્વાર્થી છો ! કશું આપતા નથી, માત્ર લીધા કરો છો ! પણ આજે મને સમજાય છે કે લોભી અને સ્વાર્થી તમે નહિ, પણ હું હતો વળી ફરી તમે આવ્યા - ઘડી બે ઘડી તમે મારા રથમાં બેઠા, તેમાં તો તમે મારા આયુષ્યને અજવાળી નાખ્યું ! પ્રભુ, હવે નથી વંચાતું, બધે તેજ તેજ ગયું છે ! હવે વાંચવાનુ મન નથી - તણખો અગ્નિ બની ગયો છે. હવે એ તણખો નથી, એ અગ્નિ છે ! એ ધન્ય છે ! એ ધન્ય છે.'

સાધુએ પાંડુના કપાળ પર હળવેકથી હાથ મૂક્યો.

પાંડુએ થોડીક વાર રહી આંખો ઉઘાડી. ક્ષણ પહેલાં પોતાને થયેલા વિરાટ જીવનના સાક્ષાત્કારનો આનંદ એમની ક્ષીણ આંખોમાં તરવરતો હતો.

એ આંખોમાં શાંતિ હતી, સુખ હતુ, સંતોષ હતો.

સાધુએ પાંડુનો હાથ પોતાના હાથમાં લઈ સાધુ મંડળીને કહ્યું : 'આજે બંધુને સમ્યકદર્શન થયું છે ! બધું પરમ પદ પામ્યા છે.'

ઘડીક પછી પાંડુએ આંખો મીંચી લીધી..

સાધુ મંડળીએ ભગવાનનો ગુણાનુવાદ કર્યો.

❋

### કર્મફળ

ગૌતમીના એકના એક પુત્રને સર્પે દંશ દીધો

છે. અર્જુનક નામનો એક શિકારી સાપને ફાંસલામાં બાંધી ગૌતમી પાસે આવે છે અને કહે છે : ' આ સર્પે તારા પુત્રનો વધ કર્યો છે. હવે કહે હું એને આગમાં નાખી દઉં કે એના ટુકડેટુકડા કરી નાખું ? '

પુત્રના શોકથી ગ્રસ્ત ગૌતમી તત્કાલ કહે છે : ' ના, અર્જુનક, એ સાપને મારવો નથી. તું એને મુક્ત કરી દે. '

ગૌતમી આ શબ્દો બોલી રહી છે ત્યારે તેના બાળકનું શબ હજી સામે જ પડ્યું છે. અર્જુનકના હાથમાં એ બાળકના મૃત્યુનું નિમિત્ત થનાર સર્પ તરફડી રહ્યો છે. ગૌતમી સ્વસ્થતાથી વિચારી શકે છે. એ પેલી કિસા ગૌતમીની માફક બાળકને સજીવન કરવાની પ્રાર્થના સાથે ભટકતી નથી. એ તો કહે છે : ' આ સર્પને મારી નાખવાથી મારો પુત્ર જીવિત નહિ થઈ શકે અને આ સર્પ જીવતો રહે તો તારું શું નુકશાન થવાનું છે ? '

શિકારીને ગૌતમીની આ દલીલ મંજૂર નથી. એ તો કહે છે : ' આ ઉપદેશ સ્વસ્થ પુરુષ માટે છે. હું તો આ નીચ સર્પને મારી જ નાખવાનો છું. '

ક્ષમા અને સજા આપવાનો વિવાદ ચાલે છે, ત્યારે બંધનથી પીડિત થયેલ અને ધીમેથી શ્વાસ લેતો પન્નગ - સર્પ મંદ સ્વરે માનુષી ગિરામાં બોલે છે :

' હે બાલિશ અર્જુનક, આમાં મારો શો દોષ છે ? હું તો અસ્વતંત્ર - પરાધીન છું. મૃત્યુએ મને આ કાર્ય કરવા માટે વિવશ કર્યો. '

પોતાના પરનો દોષ ટાળવા સર્પ, પોતાને આ દંશ દેવાની પ્રેરણા મૃત્યુએ કરી એમ કહે છે, ત્યાં મૃત્યુ સ્વયં આવી કહે છે: ' હે સર્પ, કાળથી પ્રેરિત થઈને મેં તને આ બાળકને ડસવાની પ્રેરણા આપી. આ શિશુના પ્રાણના વિનાશનો હેતુ ન તું છે, ન હું. '

મૃત્યુએ તો પોતે કાળને વશ છે એમ કહી હાથ ધોઈ નાંખ્યા.

મૃત્યુ અને સર્પ બન્ને દોષિત નથી એવું પુરવાર કરવાનો પ્રયત્ન કરે છે, પણ શિકારીનું મન માનતું નથી.

સર્પે શિશુને દંશ દીધો છે. એ માટે પ્રેરણા કરનાર મૃત્યુ માટે તો એ ધિક્કારના જ શબ્દો કહે છે. સર્પનો વધ કરવાનો એનો નિશ્ચય અટલ છે. ભલે મૃત્યુની પ્રેરણાથી આ કર્યું હોય.

—ક્રમશ:

**પ્રશ્ન :** સેયંતે મરણંભવે સૂત્રના ભાવોને સુધર્માસ્વામિની પાટપરથી ઓઘો ગુરૂને આપીને ઘરે જવામાંને પંડિત બનીને ભણાવવાના પગાર લઈને ભોગ વિલાસના ૧૮ પાપ સ્થાનકના થાય કરવામાં લાભ છે તે ઉચિત છે કે સંતો સજ્જનો સતીઓ વ્રતને ખંડિત ન કરવા જીભ કચડીને સદ્ગતિ પામે તે યોગ્ય છે. વ્રત ન પાળી શકાય તો રેલ્વે પાટા પર અનશન સમાધિને નવકાર જાપ થી સેયંતેમરણં ભવે પાપ ભીરૂતા છે કે વ્રતભંગ નાવિ પાકો પર નિર્ધસ પટિ (ગાળી થઈ બુધ્ધિને પુણ્યપાપના જોરે પાપી થઈને પુણ્ય ભોગવવું શું યોગ્ય છે ?

**પ્રશ્ન :** અગાઉ જતી ને જતનીઓની જયાતની વાતો ગોરજીઓની જમાત હતી તેમ અત્યારે પંડિતોની જમાત યુનિયન બનતું જાય છે તે માટે બુધ્ધિ કે શ્રધ્ધાથી વિવેક થવો જરૂરી નથી ?

## ભક્તિ ગીતો

### ● સમરો મંત્ર ભલો નવકાર ●

**સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર**
**એના મહિમાનો નહીં પાર, એનો અર્થ અનંત અપાર**
**... સમરો.**

**સુખમાં સમરો દુ:ખમાં સમરો, સમરો દિવસ ને રાત**
**જીવતાં સમરો મરતા સમરો, સમરો સહુ સંગાથ**
**... સમરો.**

**યોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક**
**દેવો સમરે દાનવ સમરે, સમરે સહુ નિ:શંક**
**... સમરો.**

**અડસઠ અક્ષર એહના જાણો, અડસઠ તીરથ સાર,**
**આઠ સંપદાથી પરમાણો, અડ સિધ્ધિ દાતાર**
**... સમરો.**

**નવપદ એહના નવનિધિ આપે, ભવભવના દુ:ખ કાપે,**
**વીર વચનથી હૃદયે સ્થાપે, પરમાતમ પદ આપે**
**... સમરો.**

# ના, પુણ્ય પરવાર્યું નથી

- મંગેશ હ. વૈદ્ય

## ' એની મા નથી '

દુનિયામાંથી માનવતા સાવ જ મરી પરવારી છે. તેવું નથી. માની અનુપસ્થિતિમાં જયારે પણ બાળકની લાચારી કે મજબૂરી જોઉં છું ત્યારે મને પાંચેક વર્ષ પહેલાં જોયેલું એક દ્રશ્ય યાદ આવે છે.

વરસાદના દિવસો હતા. હું બસમાં બહારગામ જઇ રહી હતી. બસ હોટલ પર ચા- પાણી કરવા માટે ઊભી રહી. વરસાદની ઝરમર હજુ હમાણાં જ અટકી હતી. મેં બારી ખોલી. સામે જ એક તંબૂ નીચે તરબૂચનો વેપાર કરી રહેલ એક શ્રમજીવી કુટુંબ ભાંગ્યતૂટ્યા ખાટલા પર બેઠું હતું.

સવારનો ચા- પાણી - નાસ્તાનો સમય હતો. શ્રમજીવી પરિવારમાં પાંચ સભ્યો હતા. પતિ, પત્ની અને ત્રણ બાળકો, પતિ- પત્નીએ દાતણ કરી સાર્વજનિક નળેથી પાણી પીધું. બે નાનાં બાળકોને રાતનો વાસી રોટલો બે ભાગ કરીને આપ્યો. સાથે તરબૂચના ટુકડા કાપીને આપ્યા. સૌથી નાનું બાળક જે હમાણાં જ ચાલતા શીખ્યું છે અને લગભગ બારેક મહિનાનું છે તેને માટે હોટલમાંથી દૂધની થેલી લાવી તેમાં નાનકડું છિદ્ર કરી બાળકને પીવા માટે આપ્યું. તેમની પાસે દૂધ કાઢવા માટે કોઇ પાત્ર નહોતું. તંબુ, ખાટલો અને જીર્ણશીર્ણ કાપડનું પોટલું એ જ તેમનો અસબાબ હતો.

રોટલો ખાઇ રહેલા બંને બાળકો નાના બાળક પાસેથી દૂધ લેવાની કોશિષ કરવા લાગ્યા. તેમને આમ કરતા જોઇને માતાએ ગુસ્સો કરીને તેમ ન કરવા જણાવ્યું. બંને બાળકો રોટલો બતાવી માતાને કહેવા લાગ્યા, ' રોટલા સાથે દૂધ જોઇએ છે, ' પરંતુ માતાએ તેમને હેતથી સમજાવ્યા. બંને બાળકો માની ગયા, શાંતિથી રોટલો અને તરબૂચ ખાવા લાગ્યા.

નાનું બાળક થેલીમાંનું દૂધ પીતું પીતું ખાટલાને પકડીને ઉભું થયું ત્યાં એક ગલૂડિયું આવ્યું અને દૂધ પી બાળક સામે જોઇ રહ્યું. બાળકો સાથે બેઠેલ માતાએ આ દ્રશ્ય જોયું એક - બે મિનિટ. .

અને આ શું ! માતાએ અચાનક બાળકના હાથમાંથી દૂધની થેલી લઇ લીધી અને બાળકને ખોળામાં બેસાડી સ્તનપાન કરાવવા લાગી. સાથે સાથે ગલુડિયાને પણ ઉચકીને ખાટલામા બેસાડ્યું. પોતાના હાથે ગલુડિયાનું મોં પહોળું કરી બીજા હાથે દૂધની થેલીમાંથી ગલુડિયાના મોંમાં દૂધની ધાર કરી અને બધું જ તેને પિવડાવી દીધું. રોટલો ખાઇ રહેલા બાળકો પણ ખુશ થઇ ગલુડિયાને હાથ ફેરવવા લાગ્યા.

બારીમાંથી આ અદ્ભુત દ્રશ્ય જોઇને મને એક ન સમજાય તેવો રોમાંચ થયો. બસમાંથી આ અદ્ભુત દ્રશ્ય જોઇને મને એક ન સમજાય તેવો રોમાંચ થયો. બસમાંથી નીચે ઊતરી તે માતાને પૂછયું કે તમારાં બાળકોએ દૂધ માંગ્યું તો તમે બાળકોને સમજાવી દીધાં અને દૂધ માત્ર નાના બાળકને જ આપ્યું અને પછી આ ગલુડિયાને...

માએ હસીને જવાબ આપ્યો, ' ગલૂડિયાની મા નથી. ' ખરેખર એક શ્રમજીવી - ઘરબાર વગરની સ્ત્રી, પણ કેવો મમતાનો મહાસાગર ક્યાંક તો માનવતા - મમતારૂપી દરિયો જરૂર લહેરાય છે. એ દિવ્ય દર્શનને હું મનોમન વંદી રહી.

- ડૉ. જયોતિ યાજ્ઞિક

**ના, પુણ્ય પરવાર્યું નથી**

**જૈનધર્મ, કર્મ અને તત્વની ચર્ચામાં રસ નથી, પણ બને એટલું સન્માર્ગે ચાલવાની ખેવના છે, એવા સામાન્ય માણસોના ખમીર અને ખુમારીની, નેક, ટેક અને દિલાવરીની સત્ય ઘટનાઓ અત્રે રજૂ કરી છે. વાચકો પણ આવી સત્ય ઘટનાઓ મોકલી શકે છે.**

## 'મારું નથી એ મને ન ખપે'

સુરતના ગમનલાલ પોતાનું મકાન ભાડે આપી મુંબઇ નોકરી અર્થે રોકાયા હતા. સર્વિસ પૂરી થતાં વતન આવી, ઘર ખાલી કરવા કહેતાં ભાડુઆતે ઇન્કાર કર્યો. ન્યાયની કોર્ટોએ કે સમાજે કશી મદદ ન કરી, ત્યારે એક કથાશ્રવણની કેવી અસર પહોંચી તે જોઇએ.

મહતીને પાટલે મહાસાગર મહિનો બેઠો. ઘીયા શેરીમાં રામાયણની કથા શરૂ થઇ. વ્યાસપીઠ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીથી શોભતી હતી. શાસ્ત્રીજી ભારે જ્ઞાની. એમની વાણી અતિમધુર. સાંભળનાર ભારવિભોર બની જાય. કથામંડપ ભાવિકોથી ઊભરાય જાય. ગમનલાલના ઘરમાં રહેતો પેલો ભાડુઆત પણ રોજ કથા સાંભળે.

કથા તો રામાયણની. રામની ને ભરતની. લક્ષ્મણની ને હનુમાનની. કથા ભારે રસદાયક. સાંભળનારને ઊઠવાનું મન જ ન થાય. શાસ્ત્રીજીની વાણી વહેતી હતી :

રામ વનમાં ગયાં. એ ગયા તે વેળા ભરત અયોધ્યામાં ન હતાં. ગાદી ભરતને મળવાની હતી. ભરતનું અયોધ્યામાં આગમન થયું. બાપનું મોત. ભાઇઓનું અને ભાભીનું વનગમન. બધી હકિકત જાણી ભરતની વેદનાનો પાર નહિ. એને રાજ નહોતું ખપતું. એ તો દોડીને ગયો વનમાં રામ પાસે. એ કહે, ' મારા ભાઇ, રાજગાદી તમારી. એ મને ન ખપે. આગ્રહકનું હું શી રીતે ભોગવું ? રાજગાદીનો હક તમારો. મારાથી એ ગાદી પર શેં બેસાય ? ગાદી તમારી. ભાઇ, તમે પાછા ચાલો. ગાદી સંભાળો. મારું નથી' એ મને ના ખપે.'

બે ભાઇઓનું મિલન. શાસ્ત્રીજીની વાણીમાં મધુર કરુણા. એમની આંખમાં અદીઠ આંસુડાં, સાંભળનારની આંખોય ભીંજાઇ. પેલા ભાડૂઆત ભાઇ પણ પોતાના ધોતિયાના છેડા વતી આંખો લૂછવા લાગ્યા. એમના કાનોમાં ભરતની વાણી પડઘાતી હતી : રાજગાદી તમારી, મને એ ન ખપે. મારું નથી એ મને ના ખપે. આગ્રહકનું મારાથી શી રીતે ભોગવાય ? વારંવાર એ વાણીના પડઘા કાનમાં ગુંજતા હતાં.

એ દિવસે કથા પૂરી થઇ. પેલા ભાઇ ઘરે ગયા. આજે ખાવાનું અકારું થઇ ગયું. થાળીમાંથી એક કોળિયોય ન લીધો. ખાધા વિના ઊઠી ગયા. એ ખાટલામાં સૂતા. વિચારને ચકડોળે ચઢી ગયા. એ ખાટલામાં સૂતા. વિચારીને ચકડોળે ચઢી ગયાં. વારંવાર ભરતની વાણી એમના કાનને પડદે ઢોલની ઉપર અથડાતી ડાંડીની જેમ અફળતી રહી. મારું નથી એ મને ના ખપે. રાત આખી પથારીમાં આળોટતા રહ્યા. સવાર થઇ. ચોમેર અજવાળું ફેલાઇ ગયું હતું. એમનું મન પણ હલકું ફૂલ બની ગયું હતું. નાહઇધોઇ એ મકાનમાલિકને ઘેર મકાનમાલિકને ઘેર પહોંચી ગયા. ગમનલાલ હળવે પગને ઠેકે હીંચકો હલાવતા બેઠા હતા. ભાડુઆત દોડીને એમને પગે પડી ગયા. ગમનલાલ ઘડીભર વિચારમાં પડી ગયા. એમણે એમને હાથ પકડીને ઊભા કર્યા. આદરથી પાસેની ખુરશી પર બેસાડ્યા. ખુરશીમાં બેઠા બેઠા એ ભાઇ તો આંખ લૂછતા જાય, ગમનલાલને કહેતા જાય, ' ગમનલાલ, મેં મોટી ભૂલ કરી છે. છતે ઘરે તમનેભાડાના ઘરમાં વસવાની વેળા આવી. મારાથી એ પાપ થઇ ગયું છે. મને માફ કરી દો. ઘર હું બે દિવસમાં ખાલી કરીઆપીશ. આપ સુખેથી આપના ઘરમાં આવી વસો. મારું નથી એ મને ના ખપે.' ભાડુઆતની વાણી ગમનલાલને ભીંજવી રહી. મોડે મોડેય ભાડુઆતને ભાન થયું ગમનલાલના દિલમાં આનંદ છવાઇ ગયો.

ભાડુઆતે રજા લીધી. ઘરના બારણા સુધી ગમનલાલ એમની સાથે ગયા. ભાડૂઆત પગથિયાં ઉતરતા ગયા. બેઉના દિલ વચ્ચે પડેલ આંટી પણ એક એક પગથિયે ઉકલતી ગઇ.

**- ગુજરાત સમાચાર**

Spare when you are young to
spend when you are OLD.

આચાર્ય શ્રી કૈલાસ સાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,
કોબા, જિ. ગાંધીનગર, પીન-૩૮૨૦૦૯

# અમદાવાદ શ્રેયસ ટેકરા પર ઉજવાએલ દબાદબાભર્યો ઐતિહાસિક દીક્ષા સમારોહ

અમદાવાદની ઐતિહાસીક ભૂમી પર આંબાવાડી વિસ્તારમાં શ્રેયસ પ્રતિષ્ઠાનની શ્રેયસ સ્કુલના પ્રાકૃતિક સૌંદર્યકારક ટેકરા પર ઋષિકિરણ પરિવારની કુળદિપીકા જિજ્ઞાકુમારીએ સર્વસંગનો ત્યાગ કરી એક હજારથીય અધિક સાધુ સાધ્વીના અધિનાયક સુવિશાલ ગચ્છાધિપતિ જૈનાચાર્ય શ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજ હસ્તે જેને દીક્ષા ગ્રહણ કરેલ.

અમદાવાદના ગર્ભશ્રીમંત સુબોધચંદ્ર પોપટલાલ પરિવારની સુપુત્રી અને કે.ડી એન્ડ સન્સ તરીકે પ્રખ્યાત કંપનીના ધારકભોગીલાલવાલચંદ સુપુત્રી સરલાબેનની સુપુત્રી કુ. જિજ્ઞાબેન એક બહુમુખી વ્યકિતત્વ ધરાવનાર દીક્ષાર્થી તરીકે સમસ્ત અમદાવાદમાં છેલ્લા કેટલાય દિવસોથી પ્રસિધ્ધ થઇ ચૂકયા છે.

સંસ્કૃત, પ્રાકૃત, રશિયન, ફ્રેન્ચ, અંગ્રેજી, હિન્દી આદિ આઠ આઠ ભાષાઓ ઉપર પ્રભુત્વ ધરાવનાર જીજ્ઞાકુમારી સવારે ૭ વાગે ઋષિકિરણ સ્થિત ગૃહમંદિરમાં બિરાજમાન શ્રી શાન્તિનાથ પરમાત્મ પ્રાર્થના કરી શ્રેયસ ટેકરા પર બાંધેલો વિશાળ દીક્ષામંડપમાં ઉપસ્થિત થતા દીપકભાઇ બારડોલીવાળાએ વાતાવરણમાં ત્યાગ, વૈરાગ્ય અને દીક્ષાનો એક જબરજસ્ત માહોલ ઉભો કરી દીધો. હજારોની માનવ મેદનીમાં ગચ્છાધિપતિશ્રીજીના પાવન સાનિધ્યમાં જૈનાચાર્ય શ્રી જયકુંજરસૂરીશ્વરજી, શ્રી મુકિતપ્રભસૂરીશ્વરજી, શ્રી હેમભૂષણસૂરીશ્વરજી, શ્રી નરવાહનસૂરીશ્વરજી આદિની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્ર પૂના કેમ્પથી લાવેલા ચાંદીના સમવસરણ સમક્ષ દીક્ષાર્થી જિજ્ઞાબેનનો દીક્ષાવિધિનો પ્રારંભ ચારિત્ર્ય ધર્મના જયજયકાર સાથે થયો. તે પૂર્વે દીક્ષાર્થી પરિવારના મોભી શેઠ શ્રી ભોગીભાઇ તથા તેમના ભાર્યા શ્રીમતી વસુમતીબેને ભાવપૂર્ણ હૈયે દીક્ષાર્થીને વિદાય તિલક કરેલ.

દીક્ષા વિધિના પ્રારંભબાદ વેષ સમર્પણ ગચ્છાધિતિ આચાર્યશ્રીના વરદહસ્તે સંયમ ધર્મના પ્રતિક સ્વરુપ રજોહરણ પ્રાપ્ત થતાં કુ. જિજ્ઞાના આનંદ ઉલ્લાસનો કોઇ પાર નહોતો વચગાળામાં ઉપકરણનાં સમર્પણની બોલીઓમાં દાનવીરોઓ હર્ષભેર ભાગ દીક્ષાધર્મ પ્રત્યેનો પોતાનો અપૂર્વ અહોભાવ વ્યકત કરેલ મસ્તકના મુંડન સાથે સાધ્વીવેષ પરિધાન કરી જિજ્ઞાબેન દીક્ષા મંડપમાં આવી જતાં સર્વ પાપ વ્યાપારના ત્યાગ રૂપ કરેમિભંતે ની પ્રતિજ્ઞા ઉચ્ચારવામાં આવેલ. ત્યારબાદ તેઓનું નૂતન નામ ગચ્છાધિપતિશ્રી એ પોતાના સ્વમુખે તેઓને સંભળાવેલ અને તે નામની જાહેરાત સન્માનીય વૈદ્યરાજ ભાસ્કરભાઇ હાર્ડિકરે કરેલ ત્યારબાદ ઋષિકુમાર તથા અલોકકુમારે પણ નામની જાહેરાત કરી ત્યારે સર્વેએ નૂતન સાધ્વીજી શ્રી જિનપ્રજ્ઞાશ્રીજી નામને વધાવીલઇ હર્ષ વ્યકત કરેલો. ત્યારબાદ આચાર્ય શ્રી હેમભૂષણસૂરીશ્રી મહારાજાએ હિતશીક્ષા પ્રદાન કરી આ રીતે જાહોજલાલી પૂર્વક ઉજવાતા આ ઐતિહાસિક દીક્ષા પ્રસંગના મૂળમાં સુપ્રસિધ્ધ જૈનાચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની સિધ્ધાંતનિષ્ઠાને ઓળખાવેલ. દીક્ષા પ્રસંગે દીક્ષામંડપમાં દેશ - વિદેશથી આવેલ સ્વજન સંબંધીઓ તથા અમદાવાદના આદરણીય શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ આદિ શ્રેષ્ઠિવર્યોની ઉપસ્થિતિ સહુને માટે નોંધપાત્ર બની રહેલ.

ત્યારબાદ સાબરમતી ખાતે નિર્માણાધિન ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સ્મૃતિમંદિરમાં અંજન - પ્રતિષ્ઠા પત્રિકા લેખનનું કર્તવ્ય ઉપસ્થિત આગેવાનોની હાજરીમાં ધામધૂમથી નરેશભાઇ શાહ

નવસારી વાળાએ તથા અન્ય ટ્રસ્ટીઓએ આમંત્રણ પત્રિકા પૂજ્યશ્રીના તથા અન્ય આચાર્ય ભગવંતોના કરકમળ માં સમર્પિત કરી. તે પૂર્વે નરેશભાઇએ પોતાના ભાવભર્યા વકતવ્ય દ્વારા સભાને મંત્રમુગ્ધ કર્યા.

તે સમયે રાજકોટથી આવેલા દીક્ષાર્થી દિવાકર ભાઇ તેમના પત્નિ તથા તેઓની ત્રણ સુપુત્રીરત્નો તથા અમદાવાદના દીક્ષાર્થી હિનાકુમારી તથા બોરીવલીના મુમુક્ષુ નિશિથકુમાર અને ડીસાથી આવેલ મુમુક્ષુ સ્નેહાકુમારીને વિધિથી દીક્ષા મુહુર્તો પ્રદાન કર્યા.

અમદાવાદના ઇતિહાસમાં આવી શાંતિપૂર્વક, શિસ્તબધ્ધ અને પ્રભાવપૂર્વક આ દીક્ષા થઇ. એના અંતરભાવ દર્શકોના મ્હોઢે સાંભળી દીક્ષાર્થી પરીવારને ખૂબ જ સંતોષ થયેલ. આ પ્રસંગે જૈનાચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી પણ પધારેલા.

મુમુક્ષુ જિજ્ઞાબેને સાધ્વીજી શ્રી ચંદ્રાનનાશ્રીજીના પરિવારમાં વિદુષી સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી મ.ના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે.

સમસ્ત પ્રસંગનું સંચાલન સંવેદનાશીલ, તેજસ્વિ વ્યકિતત્વ ધરાવનાર દિપકભાઇ બારડોલીવાળાએ કરેલ અને સંગીતકાર નિકેશ સંઘવીએ પોતાના સુમધુર કંઠ દ્વાર તેમાં સાથ પૂરી વાતાવરણ પ્રસન્ન બનાવી દીધેલ. પૂ.આ.ભ. શ્રી હેમભૂષણસૂરિજી તથા મુનિરાજ શ્રી દિવ્યભૂષણ વિજયજી મ. ના શાસ્ત્રીય માર્ગદર્શન દ્વારા પ્રારંભાએલા આ દીક્ષા મહોત્સવ સહુના હૃદયમાં અવનવા સ્પંદનો જગાડવા પૂર્વક પૂર્ણતાને પામેલ.

---

## જન્મભૂમિ પ્રવાસી



જુઓ તો કોઇ ગ્રાહકે હાથ લગાડીને ટમેટાં દબાવવાં નહીં તેવી ચેતવણી આપવા આ કાછિયાએ બોલને દબાવવાનો ક્રિકેટર પર આક્ષેપ થયો હતો એ તસવીર ટોપલાની બાજુમાં રાખી છે અને એવા ગ્રાહકને સજા થશે તેવી દાદાગીરી બતાડવા પોતે અમ્પાયર જેવો વેશ પહેર્યો છે.



દરેક મહિનાની આખર તારીખનાં પાનાં નથી આપ્યાં તેવી આ ડાયરી મેં આપણા માટે ખાસ ખરીદી છે. આખા વરસ દરમિયાન દર માસની આખર તારીખમાં તમારા ખિસ્સાં ખાલી રહેતાં હોવાથી, એ દિવસોમાં ખરીદીની કોઇ નોંધ કરવાની હોતી નથી. એટલે મેં આ ડાયરી ખરીદી.



તમે કહેતા હતા ને કે આપણી નગરપાલિકાના પ્રતીકમાં નવાં ચિત્રો મૂકવાં છે. તો મારું આ સૂચન છે કે તમારી સુધરાઇની જે છાપ છે તેનું આવું ચિત્ર હવે પ્રતીકમાં મૂકવું. તમારા ખાતાના સ્ટાફવાળા ટેબલ નીચેથી હાથ ધરવામાં નિષ્ણાંત છે ને !



આ વેપારી ઇન્સ્પેક્ટરોને એમ કહે કે અમે બેલગામથી આવતાં ઘીમાં બનાવેલાં અડદિયાં વેચીએ છીએ, તેનું આ પાટિયું છે. પછી ગ્રાહક આવે તેને કહી દે કે અહીં તો અંકુશ વિનાનાં, બેલગામ ભાવવાળાં અડદિયાં મળે છે, તેનું બે અર્થવાળું આ બોર્ડ છે.

(કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ)

# ચન્દ્રશેખર વિજયજીનો બુધ્ધિ વિપર્યાસ

લે. પ્રિયદર્શન

જૈનશાસન વર્ષ ૧૧ ના અંક ૫-૬ માં "પંન્યાસજીના પુસ્તકની સમીક્ષા" લેખ વાંચ્યો.

પંન્યાસજી એટલે સવારે જે બોલે તે સાંજે ફેરવી તો લે અને પછી કહે કે "મારું છેલ્લું વિધાન સાચું માનવું" આ તે કોઇ માણસ છે ? અને છેલ્લા વિધાન પછીનું છેલ્લું વિધાન કરતાં પહેલાં તે ગૂજરી ગયા તો !

તો નાહી નાખવાનું સંઘે.

આ પંન્યાસજી નોસ્ટ્રાડામસની વાતો ઉપર મદાર બાંધીને, નોસ્ટ્રાડામસના લખાણમાં પોતાના ઘરનું ઉમેરીને "૫૦ કરોડથી વધુ લાશો પડવાની છે" આવાં વિધાન કરે ત્યારે તેમનું બીજું વ્રત પણ શોધવું પડે. નોસ્ટ્રાડામસે ૫૦ કરોડ લાશ પડવાનું ક્યાંય લખ્યું નથી. પણ નોસ્ટ્રાડામસના નામે વાત કરો તો ક્યાં તે કબરમાંથી ઉઠીને પૂછવા આવવાનો છે. તમતમારે દીધે રાખો બાપલિયા.

મુક્તિદૂમ જુલાઇ ૧૯૯૮ નાં અંકમાં પંન્યાસજી લખે છે કે નોસ્ટ્રાડામાએ લખ્યું છે કે ૧૯૯૯ના ૭મા મહિનામાં ભયંકર યુધ્ધ શરૂ થશે (અહિં પણ તે ૫૦ કરોડ લાશની વાત લખતા નથી) અને ન થયું તે પંન્યાસજી થુંકેલું ચાટશે ! માફી માંગશે !

આચાર્ય શ્રી વિજય રામચંન્દ્ર સૂ.મ. એ નોસ્ટ્રાસને વાંચ્યો હતો પણ કયાંય આવા વિધાન નથી કર્યા

પંન્યાસજીના મગજનો કોઇ ધડોજ નથી. એક વાર તેમણે છપાવ્યું કે "આ દેશને કોઇ પણ બચાવે તો માત્ર ઇન્દિરાગાંધીજી બચાવે" અને પછી ઇન્દિરા સતા પરથી ઉતરી ગયા તે લખાણવાળાં પુસ્તક રદ કરી વાચકો પાસેથી પાછા મંગાવ્યા.

અમદાવાદમાં મોરારજી દેસાઇ સામેય તેમણે છબરડા વાળ્યા અને મોરારજી દેસાઇએ ભરી સભામાં તેમને ખોટ્ટા અને જુઠ્ઠા કહી ઉભાને ઉભા વેતરી નાખ્યા તોય પંન્યાસજી સુધર્યા નહિં. એવા ને એવાજ રહ્યા.

રામચન્દ્ર સૂ.મ.એ તેમને કહ્યું હતું કે "ચંદ્રશેખરા પોલિટિકસ એ આપણો વિષય નથી. આપણે તો મોક્ષ માર્ગની જ દેશના આપવાની હોય" પણ એમ સુધરેતો પંન્યાસજી શેના ?

ઘડીકમાં પંન્યાસજી કહે છે કે આ વર્ષની સંવત્સરી પ્રેમ સૂ.મ. ના પટ્ટક અનુસારજ પાંચમની વૃધ્ધિ કાયમ રાખીને કરવાની હોયને, એટલે સંવત્સરી સોમવારેજ હોય ને! વળી પાછા મંગળવારની સંવત્સરીવાળાની સોડમાં ઘુસે છે. એક તરફ હિમાંશુ સૂ.મ.ને વડિલ કહે છે અને હિમાંશુ સૂ.મ. સોમવારે સંવત્સરી કરવાનું તેમને કહેવડાવે છે ત્યારે પંન્યાસજી પાંચમના ક્ષયમાં ઘૂસી જાય છે કયાં ગયો પ્રેમ સૂ.મ.નો આદર !

આવા ભેજાવાળા માણસોએ જૈન શાસનને પારાવાર નુકશાન કર્યું છે.

પંન્યાસજીને ઇતિહાસનું પણ જ્ઞાન નથી. લખે છે કે "યતિઓ સુવિશુધ્ધ બ્રહ્મચર્ય પાળતા" તો પછી તેમની જનાર્ણીઓ ક્યાંથી આવી ! પંન્યાસજી ! ગુરુચરણે બેસીને એકડે એકથી ભણવા માંડો નહિંતર આજ સુધી તમે અને તમારો પકવેલો બધો ફાલ નકામો જ નહિં પણ નુકશાનકારક અને સંઘની હીલના કરાવનારો થયો છે. તે ટી.વી.ના પડદા ઉપર તેમના ચેલાઓ કે જેમના દેદાર ભાંડભવાયા જેવા છે અને જે સુસ્મિતાસેન અને એશ્વર્યારાયના નામ દઇ દઇને પાટ ઉપરથી વેંત વેંત કૂદે છે પજુસણમાં અમને જોવા મલ્યા છે. પંન્યાસજી ! સંઘ ઉપર કૃપા કરો અને તમારી કલમ તથા જીભડી બંધ રાખો તો તમારું કલ્યાણ થશે. પંન્યાસજીના પુસ્તકની સમીક્ષા કરવી હોયતો એકજ વાકય બસ છે "જોકસની અને ગપ્પાની સરસ બુક" ૐ શાન્તિ:

# મારી દૃષ્ટિએ... મારા મહારાજજી..

- સા. શ્રી પુન્યદર્શના શ્રી મ.

રાજહંસજેવું જ ઉજ્જવળ જીવન જીવી જનારા મારા એ ગુરુદમહારાજ હતાં.. ૨૫૪ - ૨૭૪ શ્રમણીઓ નું નિરન્તર યોગ - ક્ષેમ કરનારા મારા એ ગુરુમહરાજ હતાં. ૬૯ વર્ષના વિશાળ સંયમપર્યાયમાં હંસની પાંખજેવું નિષ્કલંક ચારિત્ર આદરનારા મારા એ ગુરુ મહારાજ હતાં..

કારમી વ્યાધિવચ્ચેય મરકતું સ્મિત રેલાવનારા મારા એ ગુરુમહારાજ હતાં.. ૮૦વર્ષની જૈફ વયે પણ નયનોને સમ્યજ્ઞાનમાં પરોવી રાખનારા મારા એ ગુરુ મહારાજ હતાં. ગુલાબની નાજુક કડી જેવી તેમની કાયા હતી. આમ છતાં એ કાયા દ્વારા એમણે જીવનના પર્યન્તભાગ સુધી કઠોર - અતિકઠોર ચારિત્રની આરાધના કરી હતી..

એમના નામથી, વ્યાખ્યાનવાચસ્પતિ પૂજયપાદ આ.ભ. વિજય રામચંન્દ્રસૂરિશ્વરજી મહારાજાનો ભાગ્યેજ અજાણ હશે !

છાણી ગામમાં જન્મ અને જતન પામનારા મારા ગુરુમહારાજે વિક્રમની ૧૯૮૯ સાલમાં વૈશાખ સુદ છઠના દિને સ્વજનોનું, ભોગસામગ્રીનું અને અનુકુળતાના રાગનું ખૂનૂન કરી દઈને સકલગમ રહસ્યવેદી, જ્યોતિષમાર્તણ્ડ પૂજ્યપાદ આ.ભ. વિજયદાન સૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે રજોહરણનો સ્વીકાર કર્યો હતો.

આવા પરમસંવેગીપુરુષના કરકમળો દ્વારા રજોહરણની એમને સંપ્રાપ્તિ થઇ,એ એમનું અનુહું સૌભાગ્ય હતું.. એમની દીક્ષાના પુન્ય પ્રસંગે વ્યાખ્યાનવાચસતિ પૂ. આ ભ. વિ રામચંદ્ર સૂરીશ્વજરજી મહારાજા ( તે સમયે પન્યાસ રામવિજયજી મ.) પાસેનાજ વડોદરા શહેરમાંબિરાજમાન હતાં. એ સમયના ગાયકવાડી રાજ્ય વડોદરામાં ત્યારે બાળદીક્ષા પ્રતિબન્ધક બિલ પસાર થઈ રહ્યું હતું. પ્રભુશાસનની જીવાદોરી જેવી દીક્ષા બાળ દીક્ષાની પવિત્ર પ્રણાલીના રક્ષણની કપરી જવાબદારી એ સમયે પન્યાસ રામવિજયમહારાજ શિરે હતી.

દીક્ષા અને બાળદીક્ષા જેવા માર્ગોને ઘરમૂળથી નિર્મૂળ કરી દેવા વિરોધીઓએ ત્યારે જુવાળ ઉભો કર્યો હતો. જે જુવાળને પ્રચંડ પડકાર આપવાનું, દીક્ષા - બાળદીક્ષાના સમર્થનનો પ્રતિજુવાળ ઉભો કરવાનું કાર્ય પન્યાસશ્રી રામવિજયજી કરી રહયાં હતાં. એમની શાસન રક્ષા વિષયક પ્રવૃતિના આવશ્યક રોકાણને કારણે તેઓશ્રી મારાગુરુમહારાજની દીક્ષાની પળે ભલે ઉપસ્થિત ન રહી શકયાં, પણ જીવનભરમેં નિહાળ્યું છે કે સામાન્યજનતા મારા ગુરુમહારાજને વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના બેન મહારાજા તરીકે જોતી.

મારાગુરુમહારાજા અને પૂજ્યપાદશ્રી, બે વચ્ચે એવો કોઈ અપૂર્વ ઋણાનુંબંધ હશે કે પહેલીનજરે જોનારી વ્યકિત બન્નેયને ભાઈ - બહેન જ સમજી લેશે. આ એક સ્વાનુભૂત સત્ય છે.

પ્રખરવકતા,પૂજયપાદ આ.ભ.વિ. કનકચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની અપાર કૃપાદૃષ્ટિ અને અપૂર્વવાત્સલ્ય પામીને સંયમજીવનમાં કપરા સંયોગો વચ્ચેય આશ્રિતોનું હિત સાધનારા મારા આ ગુરુમહારાજ પ્રવૂતિની પરમવિદૂષી સા.ભ.શ્રી દર્શનશ્રીજી મહારાજના પ્રથમ શિષ્યા હતા. સાં.મ. હંસશ્રીજી મહારાજા તેમનું નામ હતું.

ગુરુભગવંતની આજ્ઞાને એવીતો હૃદયસ્થ બનાવી કે ગુરુકૃપાનો ધોધ એમની પર વરસી પડ્યો. ગુરુકૃપાના એ ધોધમાં એમણે પોતાનું નાવ એવુંતો પૂરજોશમાં ચલાવ્યું કે અનેક લાયકજીવોની સાથે તેમણે પોતાનું સામૂહિક કલ્યાણ નિયત કરી દીધું.

જયાંસુધી શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેમણે ત્રણ ડીગ્રી તાવમાં પણ પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયા ઉભા - ઉભા જ કરી છે. એટલું જ નહિ રોગના દિવસોમાં પણ તેમણે માંડલીમાં જ પ્રતિક્રમણ કરવાનો આગ્રહસેવ્યો છે.આવી હતી, તેમની અપૂર્વ ક્રિયારુચિ ! આવો હતો, તેમનો સ્ખલન વિનાનો

આત્મભાવ!

એમની પ્રકૃતિ વાત્સલ્યના જળથી સીંચાઇ - સીંચાઇને ઘડાયેલી હશે, એવું અમને લાગ્યા વિના રહેતું નહિ. મે મારા દીક્ષા જીવનમાં દીક્ષાદિનથી માંડીને ૩૦ - ૩૦ વર્ષ સુધી તેમનું સામીપ્ય માણ્યું છે, પણ આ ૩૦ વર્ષોમાં એમને એકાદવાર પણ આવેશમાં નિહાળ્યાં નથી. ક્રોધવિષ્ઠ બનીને બોલ્યાં હોય, તેવું યાદ નથી. આશ્રિતવર્ગમાં ગમે તેવી ક્રોધાવિષ્ઠ બનીને બોલ્યાં હોય, તેવું યાદ નથી. આશ્રિતવર્ગમાં ગમે તેવી ફરીયાદો ઉભી થાય, પોતાની પાસે ગમે તેવા દાવા - પ્રતિદાવા થાય કે પોતાનો શત્રુ ભલેને આવીજાય, પણ આમ છતાં એ બધાયને વાત્સલ્યથી નવડાવી દેવાની કળા તેમને સહજ રીતે વરી હતી. મારા એ ગુરુમહારાજ વાત્સલ્યના દ્રહ જેવા હતાં. પ્રશિષ્યાઓનેઅને અન્યપણ આશ્રિતોને પોતાની શીતળ છાયામાં એ રીતે તેઓ સમાવી લેતાં કે તેમને અમે એમના શિષ્યા નથી, એવો ભાસ સુધ્ધાં થતો નહિ. ઉત્કૃષ્ટકક્ષાની નિઃસ્વાર્થ વૃતિમાંથી ઉદ્દભવેલી તેમની આ એક હાર્દિક ઉદારતા હતી.

પરમગુરુણીજી શ્રી દર્શનશ્રીજી મહારાજના કાળધર્મ પછી પણ મારા ગુરુમહારાજે એમના બહોળા પરિવારને એવી ઉદારતાપૂર્વક એક તાંતણે બાંધી રાખ્યો કે મહારાજજી ગુમાવ્યાનો અફસોસ કોઇને સતાવે નહિ.

એમની નિઃસ્પૃહતા પણ અજીબોગરીબ હતી. ક્યારેપણ એમણે ભક્તવર્ગ ખડો કરવાની કે કોઇને શિષ્યાબનાવી દેવા માટે આકર્ષવાની કોશિષ કરી નથી. ૬૦ થી વધુ વર્ષના સંયમજીવનમાં અને ૨૫ જેટલી આર્યાઓના પ્રવર્તિની પદે આરુઢ બન્યા પછી એમને એડ્રેસાનીડાયરી રાખવી પડી નથી. એવી ડાયરી રાખવાની ઇચ્છાય તેમાણે રાખી નથી. નિઃસ્પૃહભાવનું આ એક વિરલ કહી શકાય તેવું સામ્રાજ્ય હતું.

યોગ અને અધ્યાત્મના ગ્રંથોમાં જે જ્ઞાતા - દૃષ્ટા ભાવોને મોક્ષ - પ્રાપ્તિ માટેનું આવશ્યક અંગ કહયાં છે એવો જ્ઞાતા - દૃષ્ટાભાવ તેઓ જરૂરથી સિધ્ધ કરી શકયાં હશે, તેમ મારા અનુભવ પરથી કહેવા પ્રેરાઉ છું. તેઓશ્રીને કોઇપણ પ્રવૃતિમાં 'કર્તા - ભોકતા' બનીને વિહરતાં જોયા નથી. એમને બોલતાં સાંભળવા હોય તો પુરા ૨૪ કલ ક બેસવું પડતું. એ ૨૪ કલાકમાંય બે - ચાર શબ્દ માંડ સાંભળવા મળતા. એમના જીવનનો આ એક જ ગુણ, શિષ્યોપ્રત્યેની, સામગ્રી પ્રત્યેની અને સન્માન પ્રત્યેની તેમની નિર્લેપવૃતિને સૂચિત નથી કરી જતો શું? તેમને પ્રાપ્ત થયેલા જ્ઞાતા -દૃષ્ટા ભાવોનોજ આ એક પ્રશસ્ત કોટીનો પરિપાક હતો.

પીતાવર્ણી ત્વચા, રકતવર્ણી હાથ -પગના તળિયા અને નિર્મળનેત્રોથી ગોઠવાયેલી તેમની દેહયષ્ટિ ખૂબ સુકોમળ હતી. તેમ છતાં પોતાનું કાર્ય કદાપિ બીજાને ભળાવવાનું તેઓ શીખ્યાં ન હતાં. આવી પ્રકૃષ્ટકોટીની નિર્લેપદશામાંથી એવું અપૂર્વ પુન્ય તેઓ પામી શકયાં હતાં કે રાતે ન ઉઠાડે તોય એકની જગ્યાએ ચાર-ચાર સાધ્વીજી ભગવંતો તેમની શુશ્રુષા માં જાગી જતાં. કોઇને આકર્ષવાનો બેકાદોય ઉપાય નહિવિચારવા છતાં શિષ્યાવૃંદ એમની પાસે ભ્રમરની જેમ વીંટળાયેલો રહેતો. સમૃધ્ધ ભક્તોની હયાતિમાંય એમની શિષ્યાઓ મારા આ ગુરુ મહારાજને ખુરશીમાં બેસાડી ખુરશી સ્વયં વહન કરતી.. ૫૦૦-૫૦૦ કે ૧૦૦૦-૧૦૦૦ કી.મી.ના વિહારોય શિષ્યાઓએ ખુરશી ઉપાડી કરાવ્યા છે. પૂર્ણ નિર્લેપભાવમાંથી પ્રગટેલા તેમના પુન્યનો આ એક પરિચય હતો. તે શિષ્યાવૃન્દના પરમ વિનયગુણની આ એક પ્રતીતિ હતી.

જિનશાસનના જયોતિર્ધર, પૂજ્યપાદ આ.ભ.વિ રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાનું આજ્ઞા સામ્રાજ્ય તેમાણે અખંડિત પણે સ્વીકાર્યું હતું. મહાપુરુષની વિદાય પછી પણ તેમના જ પટ્ટાલંકાર ગચ્છાધિપતિ પૂ.પાદ આ.ભ. વિજય મહોદય સૂરીશ્વરજી મહાજાની આજ્ઞાને શિરસાવન્ઘ રાખી હતી.

છેલ્લે પરમગુરુદેવના અગ્નિસંસ્કાર સ્થળે તૈયાર

થયેલા ભવ્યાતિભવ્ય સ્મૃતિમંદિરનો અંજન- પ્રતિષ્ઠા મહોત્સવ વિ.સં ૨૦૫૮માં ઉપસ્થિત થતાં તન્નિમિતક ૨૭ દિવસના ઐતિહાસિક મહોત્સવમાં ઉપસ્થિત રહેવા તેઓશ્રીએ નાજુક તબિયત વચ્ચે ય વિહાર કર્યો હતો. વાપી, તેઓશ્રીની કર્મભૂમિ હતી. વાપીગામની ધરા સાથે એવો કોઈ ઋણાનુબંધ બંધાયો હશે કે વાપી તેમજ પરગણાના ગામોમાં તેમનામાટે અપૂર્વ ચાહના હતી. ઘણીય શિષ્યાઓ પણ આ જ પ્રદેશમાંથી પ્રાપ્ત થઈ હતી.

આમ છતાં ભવિતવ્યતાનું નિર્માણ કઈક જુદુંજ હશે, જેથી તેઓશ્રી છેલ્લે વાપી છોડીને અમદવાદ પધાર્યા. વિહારપણ એકંદરે સુખરૂપ થયો. પણ અમદાવાદ પહોંચ્યા પછી માંડલીમાં માદગીનો વાયરો ફૂંકાયો. એક પછી એક સાધ્વીજી ભગવંત શર્દી -કફના જવરમાં ખેંચાવા માંડ્યા.

મારા આ ગુરુદેવ પણ ફ્લૂ ના તાવમાં પટકાયાં.

શરૂઆતમાં તો માન્યું હતું કે વિહારના પરિશ્રમને કારણે તાવ આવ્યો હશે. આથી તાવને અમે ગંભીરતાથી નિહાળ્યોજ નહતો. પણ ત્યાં જ એકાએક એમના સ્વાસ્થ્યે કરવટ બદલી. અમને ડાયાબીટિશનો જૂનો રોગ હતો. હાયડાયાબીટીશે પોતાનું વિકરાળ જડબું ખોલ્યું. ડોક્ટરો ચેતી ઉઠ્યાં. અમને સમાચાર મળતાં અમારા મનમાંય ભયની લહેર ફૂકાંઈ ગઈ. હાય ડાયબિટીશની સારવાર માટે મારા ગુરુમહારાજને અમદાવાદના પાલડી - ચંદનબાળા એપાર્ટમેન્ટથી પો.વ ૪ના દિવસે સાબરમતી ખાતેની પુખરાજ રાયચંદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં. ત્યાંના તબીબોએ સઘન ચિકિત્સા આપીને પહેલે દિવસે સાંજે જ એમને ' આઉટ ઓફ ડેંજર ' જાહેર કર્યા. અમારો શ્વાસ પણ એ સાંભળીને શાંત થયો.

અફસોસ: પણ પછીના દિવસોમાં ડાયાબિટીશની વધઘટ ચાલુજ રહી. સુગરનો પારો ભયમુક્ત સપાટી ઓળંગીને ગમેત્યારે આગળ વધી જતો. ત્યારે બધાંય ચિંતામાં મુકાઈ જતાં. પાછી સઘન સારવાર થતી અને ડાયાબિટીશ અંકુશતળે આવતું.

આમ, પોવ. ૪,૫, અને ૬, આ ત્રણ દિવસો સુધી ડાયાબિટીશ ના રોગો જીવન - મરણ એમને ઝોલે ચઢાવ્યાં. પણ એમની સમતા અદભુત હતી. એમનું ધ્યાન સારવાર તરફ નહોતું. એમનું ધ્યાન શુભસમાધિ તરફ હતું. રાજ જેટલા સાધ્વીજી ભગવંતોનો પરિવાર પ્રાય: ઉપસ્થિત હોવા છતાં, તેમાં જરાય ધ્યાન આપ્યા વિના તેઓશ્રી અરિહંત પરમાત્માની છબિમાં મસ્તી અનુભવતાં હતાં. એમની આંખો આવી અંતિમપળોમાંય પરિવાર ભણી ન હતી, આશ્રિતો ભણી ન હતી કે ચિકિત્સકો ભણી નહતી. પણ કેવળ અરિહંતદેવની છબિપર સ્થિર થઈ હતી.

પૂ. આ. ભ. વિ. હેમભૂષણ સૂ.મ., પૂ. આ.ભ.વિ. શ્રેયાંસપ્રભ સૂ.મ., પૂ. ગણિવર્યશ્રી નયવર્ધન વિ.મ, અને પૂ. ગણિવર્યશ્રી જયદર્શન વિ.મ.આદિ પૂજ્યો આ ત્રણ દિવસોમાં વારંવાર આવીને એમને જાગૃત રાખતા હતાં. સમાધિનો સંદેશો આપી પ્રબોધતા હતાં.

તો સાબરમતીમાંજ બિરાજમાન ગચ્છાધિપતિ પૂ.આ.ભ.વિ. મહોદય સૂ. મહારાજા પણ પોતાની નાજુક તબિયત વચ્ચેય મારા ગુરુ મહરાજ પર સમાધિના સદેશા પાઠવતા હતાં.

આ દરમ્યાન હાય-ડાયાબિટીશની સઘન ચિકિત્સા ચાલુ હતી. એની આડપેદાશ તરીકે શ્વાસના રોગે પહેલીવાર માથું ઉચક્યું. મારા ગુરુમહારાજને આમતો શ્વાસનું દર્દ હતું નહિ, પણ છેલ્લે છેલ્લે ત્રાટકેલા આ શ્વાસના રોગે જ એમના પ્રાણ લીધા હતાં.

છેલ્લે, છેલ્લે, શ્વાસની ધમણ સખ્ત અને અનિયમિત ચાલુ થઈ જતાં ડોક્ટર ટેન્શનમાં મુકાઈ ગયાં. પણ ત્યારેય બધાય પચ્ચક્ખાણો કરી દઈ તેમણે ' અરિહંત' શબ્દની ધૂન જગાવી હતી. કેવળ અરિહંત શબ્દની ધૂન એમના કાર્ણપટલ પાસે ચતુર્વિધ સંઘ રેલાવતો હતો. પોતે પણ અરહિંત શબ્દનું સૂક્ષ્મ રટણ કરીને સંઘને પ્રતિસાદ આપી રહ્યાં હતાં.

દિવસ હતો. પોષવદ ૭ + ૮ નો. સમય હતો ઢળતી બપોરનો. ૪ - ૦૦ આસપાસનો. વિસ્તાર હતો સાબરમતીનો. સ્થળહતું : પુ. રા. હોસ્પિટલના રાજમાર્ગીબાજુની પેલેસના ત્રીજાનંબરના કમરાનું. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ હતી. આંખસામે દેવ - ગુરુની છબિહતી. હવામાં ' અરહિંત ' શબ્દ રેલાઈ રહ્યો હતો. જે ૨૫ - ૫૦ મુખેથી ઉદ્‌ભવીને છેક મારા ગુરુદેવના કાર્ણપટલ સુધી પહોંચતો હતો. ' અરિહંત ' શબ્દના એ વાયુમંડળમાં ' અ..રિ.. હંત.. ' ' એવો એક તીણો સાદ પણ સામેલ હતો. જે મારા ગુરુમહારાજનો હતો. એ સાદ જ્યારે પ્રગટતો ત્યારે આસપાસના બધાજ સાદો ક્ષણભર માટે અટકી પડતાં. બધાને જ્યારે ખબર પડતીકે મહારાજજી ખુદ ' અરિહંત ' બોલી રહ્યાં છે, ત્યારે મહારાજજીની એ અનન્યજાગૃતિ પર ઓવારી જતાં. શિષ્યાની આંખોમાં પાણી ઉભરાતું.. એમનુંમુખ પશ્ચિમઅને દક્ષિણવચ્ચેનીઅંતરિયાળ દિશા... સન્મુખ હતું. નિકટના ભક્તો અનાયાસે જ હાજર થઈ ગયા હતાં. ચારે પ્રકારના આહારનો એમણે ત્યાગ કર્યો હતો. સાગારિક અનશનની એ ઈચ્છવા જોગી અવસ્થા હતી. જાગૃતિ અપૂર્વ હતી. વેદના વચ્ચેય સમાધિનેમરકતી જોઈ સઘળાય ભક્તો ભાવવિભોર બન્યાં હતાં.નિર્યામણા ચાલુ હતી અને અ..રિ..હંત.. શબ્દ ઉચ્ચારીને મારા પરમોપકારી, પરમતારક ગુરુ મહારાજ અમને રડતાં છોડીને ચાલ્યાં ગયાં.... સમાધિપૂર્વક કાળધર્મ પામીને સ્વર્ગને શં ભાવવા દોડી ગયાં..

ના, એક સાધ્વીજી જ કાળધર્મનહતાં પામ્યાં, પણ ૨૫૪ શ્રમણીઓનું યોગ ક્ષેમ કરનારા નિકટભવમોક્ષગામી આત્માની આ વિદાયહતી. શિષ્યાઓનો આધાર ખૂંચવાઈગયો હતો. સમુદાયનાસાધ્વી સંઘનું એક તેજસ્વીરત્ન ચાલ્યું ગયું હતું..

હાં ! મારા ગુરુમહારાજના જીવનને અનુરુપ વિદાય પણ એમના ભક્તો એ આપી.. બીજે દિવસે પો.વ. ૯ ના દિવસે સવારે ૮-૦૦ કલાકે એમની અંતિમવિધિની ઉછામણીઓ શરૂ થઈ. જે હજારો - લાખોના આંકડાઓમાં તરવા માંડી. મોટી ઉછામણી પૂર્વક એમની અંતિમવિધિ કરવામાં આવી..

મારા પરમતારક,પરમોપકારી ગુરુમહારાજના પાવન ચરણકમળમાં કોટી - કોટી વંદના અર્પવા સીવાય હવે અમે કરીપણ શું શકીએ ?

---

❑ રચનાના તોફાનમાં ગાંડા બનેલાને રોગ ઘેરી વળે છે. ભોગ રૂપી ભાંગમાં પાગલ બનેલાનાં ભોગ લેવાઈ જાય છે. બુધ્ધિ કુંઠિત બની જાય છે. પછી ભોઠ બળી જાય છે. ચારે બાજુથી હડધૂત થાય છે. ચકોર ચક્રમ બની જાય છે. ચૌર્યાસીના ચક્કરોમાં ચગદાય છે. આવા આત્માઓના જીવનમાં શોકસિવાય કાંઈ રહેતું નથી. માટે બે પાંચ મિનિટનો સ્વાદ મૂકી શકે તે ૨૪ કલાક સ્ફુર્તી વાળો થઈ જાય છે. કર્મનો કચરો કાઢતો જાય છે. ધર્મનો માલ ભરતો જાય છે. પછી માલેમાલ બની જાય છે.

❑ પાંચ મિનિટના સ્વાદમાં લોલુપ આખો દિવસ લકવા જેવો બની જાય છે. જીવન મસ્ત બનાવવાને બદલે ચુસ્ત બની જાય છે.

❑ સંસારના સુખ એવા છે જે એને મળે છે તે મરે છે. અને જેને તે નથી મલતા તે શોકમાં ઝૂરે છે. અરે ! જેને નથી મળતાં તે અન્યના સુખો જોઈ વગર આગે બળ્યા કરે છે. જેને આવા સુખો જોઈતાં નથી તે સદાકાળ ખિલે છે.

❑ સંસારની અનાદિની પ્રીત તોડો, અને જીવનમાં પ્રભુની આજ્ઞાની રીત જોડો. તો નહિ નીકળે તમારો ખોડો. બાકી બનશો તમે જીવનમાં લોલો.

# શું બનવું છે ? - પૃથુરાજ કે પ્રતાપ ?

*( 'વીરશાસન' પુસ્તક - ૮, અંક - ૨૪, ફાગણ સુદ - ૧૫, શુક્રવાર, તા. ૧૪ - ૩ - ૧૯૩૦ના અંકમાંથી સાભાર.*

*આજે પણ આ વાત એટલી જ જરૂરી છે જે જીવનની દશા - દિશા પણ બદલી શકે છે.*

*- સંપા. )*

મરવા છતાં જીવતા રહેલા, રાખ થવા છતાં અમરતા ભોગવતા, અને જેમના સ્થૂલ દેહનું અસ્તિત્વ સેંકડો વર્ષો પૂર્વે મીટી જવા છતાંય, જે અવિનાશ રહ્યા છે, ત્હેમનાં જીવન એના અનુજોનો રાહ છે. એની જીવનલીલા ઉપર મીટ માંડીને અનેક રાહદારીઓ પોતાનો જીવનપંથ કાપે છે. એ પ્રરકબલ છે : આકર્ષણ શકિત છે : સંરક્ષક બખ્તર છે : અને ભવાટવિના મુસાફરનું વળાવું છે. આજ માટે ભૂતકાળના મહાપુરૂષોનાં જીવન લખાય છે, વંચાય છે, કહેવાય છે, અને વર્ષોનાં વર્ષો પછી પણ એનાં સંભારણાં એને તાજાં બનાવે છે. અયોગ્યરીતિએ વેડફાએલું જીવન સાવધાનીનો સાદ દે છે ! આડે રસ્તે જતાં 'સબૂર'નો નાદ એમાંથી મળે છે : યોગ્ય રીતિએ જીવાએલ જીવન કાંટા - કાંકરા - પત્થર - નદિ - નાળાં - ભેખડ વગરની, સીધી ને સપાટ સડક બતાવે છે ! અને વિજય દુર્ગમાં પ્રવેશવાનો રાજમાર્ગ પણ એ જ શોધી આપે છે.

પૃથુ ને પ્રતાપ: ઉભય ઐતિહાસિક જીવતા પુરૂષો: છતાં બેઉના જીવનમાંથી એકબીજાથી વિરુદ્ધ બોધપાઠ મળે છે. શાહબુદ્દિન ઘોરી જેવા મુસ્લીમ સમ્રાટને વખતોવખત એણે હાર ખવડાવી ને ઉદારતાપૂર્વક છોડી દીધો. પરન્તુ એથી એનામાં ગંભીરતાને બદલે ગર્વ - બેદરકારી આવી. જયચંદ્રની પુત્રી સંયુક્તા એને વરી એટલા જ ખાતર એનો મસીયાઈ ભાઈ જયચંદ્ર ઝેરી નાગ બન્યો અને મુસ્લીમ સમ્રાટને ચરણે રાજપૂતાઈનું લીલામ કરાવીને એ શાહબુદ્દિનને લઈ આવ્યો. પૃથુરાજનો સંયુક્તા પાછળ ઘેલો થઈ ગયો. વિલાસની ભૂખ એને એવી જાગી, કે એને રાજ્યનું ભાન ન રહ્યું. બેદરકારી અને વિલાસપ્રિયતાને પરિણામે પરાક્રમી પૃથુરાજ પાણીપતમાં મરાયો અને મુસ્લીમ વાવટો દીલ્હીના તખ્ત ઉપર ફરફરી રહ્યો.

પ્રતાપનું જીવન એનાથી તદ્દન જુદું. એ જન્મ્યો ને જુવાન થયો ત્યારે એના જાતભાઈઓ દુન્યવી સત્તા, ને ચંચળ લક્ષ્મી માટે પોતાના પૂર્વજોની ઈજ્જતને પરદેશી - પરધર્મીઓને વેચી રહ્યા હતા. એમને એમના ધર્મ કરતાં એમની પોતાની સુખસામગ્રી વ્હાલી લાગતી હતી. તેઓ સમયજ્ઞ હતા, એટલે એમણે જીવન, સત્તા, ને લક્ષ્મીના ભોગે ધર્મરક્ષા કરવાનું અનુચિત માન્યું અને ધર્મને; ઈજ્જતને, બ્હેન બેટીયોને વેચીને પણ જીવન, સત્તા ને લક્ષ્મી મેળવવાનું ઉચિત માન્યું. પૃથુરાજ પણ રજપૂત હતો, છતાં એને તો આ વિચાર જ અસહ્ય થઈ પડયો. ધર્મ, ઈજ્જત ને બ્હેનબેટીયોને વેચવા કરતાં ફના થઈ જવું, તારાજ થઈ જવું, લુંટાઈ જવું, ભૂખ્યે મરી જવું, અરે રખડતા ભીખારી થઈ જવું સારું, એમ એ પ્રતાપ માનતો. રાજપૂતાઈનો એ રક્ષક અણનમ રહ્યો. મુસ્લીમ સમ્રાટ્નો માનવંતો બનેલો માનસીંગ એને આંગણે આવ્યો, ત્યારે એણે એને અન્નદાન દીધું, પરન્તુ એની સાથે જમવા તો ન જ બેઠો. એને એમાં આભડછેટ લાગ્યો. ધર્મદ્રોહી ને રાજપૂતાઈના દ્રોહી જોડે કેમ બેસાય ? જેને ખાવાને અન્ન નહોતું, વસવાને ઝૂંપડી નહોતી, લડવાને લશ્કર નહોતું અને પહેરવાને સારાં વસ્ત્ર નહોતાં, એ પ્રતાપ માનસીંગના કે મુસ્લીમ સમ્રાટના તેજમાં ન અંજાયો. એને એ ગરીબાઈમાં જ પ્રભુતા ભાસતી : ધર્મવૃત્તિને એ અપૂર્વ ખજાનો માનતો.

ધર્મપ્રેમી જૈન યુવક ! બોલ, તું કોનો રાહ લેવા માંગે છે ? કોને આદર્શ બનાવવા ઈચ્છે છે ? પૃથુને

પ્રતાપ બેઉ પરાક્રમી તો હતા જ : પરન્તુ એક પરાક્રમી છતાં જ્યારે વિલાસભૂખ્યો, ને બેદરકાર બન્યો ત્યારે એણે એની પૃથ્વી પરની પ્રભુતાને પ્રાણ પણ ગુમાવ્યા. આજે કેટલાય ધર્મિ યુવાનો પણ એટલા બધા બેદરકાર અને સુખશીલયા બની ગયા છે, કે જેથી તકનો લાભ લઈ જૈન સમાજના જયચંદ્રો આજે સત્તા દ્વારા વિનાશની યોજનાઓ રચી રહ્યા છે. જો તું આજે પૃથુ બન્યો અને બેદરકાર રહ્યો, તો ત્હારૂં મરણ નિર્ધારિત જ છે. આવા વખતે કોને સુખચેન ગમે ? જ્યારે શત્રુઓએ કિલ્લાને ઘેરો ઘાલ્યો હોય, પોતાના જ ભાઈઓ જ્યારે શત્રુ બન્યા હોય, જિનમૂર્તિ, જિનમંદિર ને જિનાગમ ઉપર જ્યારે આક્રમણ લાવવામાં આવતાં હોય, પવિત્ર વિભૂતિયોને જ્યારે પાખંડી કહેવાતી હોય અને ધર્મનાં દ્વારની આડે શેતાનની તલવાર રાખવામાં આવી હોય, ત્યારે શું બેદરકારી કે સુખચેની પાલવે ? ત્યારે તો એક જ નિર્ધાર હોઈ શકે કે - 'અમારે પૃથુ નહિ, પરન્તુ પ્રતાપ બનવું છે !'




જન્મભૂમિ પ્રવાસી

# जीवदया प्रेमी सुश्रावक वकील श्री ललित जैन की कसाईयों द्वारा निघृण हत्या

भिवंडी (जि. ठाणे) - जीवदया, अहिंसा, करुणा, जिनकी रोम-रोम में बसी थी, ऐसे बारहव्रत धारी सुश्रावक वकील श्री ललित जैन (उम्र ३१ वर्ष) की महावीर कल्याणक के एक दिन पूर्व १४ अप्रैल को दोपहर ११.३० बजे भरे बाजार में कसाईयों ने गोली मारकर निर्मम नृशंस, क्रुर हत्या कर दी। जालोर जिले के गुडाबालोतान निवासी श्री जैन वकालात करते थे। पिछले ८ वर्षों में २०० से ज्यादा केस लड़कर गैरकानूनी कत्ल के लिये ले जाये जा रहे ५००० से अकिक पशुओं को बचाया था। आचार्य श्री हेमरत्नसूरिजी म. सा. के सम्पर्क में आने के पश्चात् जीवदया, अहिंसा, करुणा, धर्म के प्रति वे पूर्ण रुप से समर्पित हो गये थे। श्रावक के बारह व्रतों को अंगीकार कर दोनों समय प्रतिक्रमण, जिन पूजा, भक्ति, बीयासणे, पर्युषण आराधना करवाने जाना आदि संस्कार उनके जीवन में धुल-मिल गये थे। वे बजरंग दल - भिवंडी शाखा के प्रमुख थे। यंग एलर्ट ग्रुप, वर्धमान संस्कृति धाम, विनियोग परिवार आदि संस्थाओ से जुड़े हुए थे। स्थानीय जैन संघ के साथ प्रत्येक कार्य में अग्रणी रहते थे। सामाजिक सेवाओं को देखकर महाराष्ट्र राज्य सरकार द्वारा विशेष कार्यकारी अधिकारी के **(S.E.O.)** के रुप में उनकी नियुक्ति की गयी थी।



ललित जैन को कई बार मारने की धमाकियाँ भी मिली थीं, पर वे जीवदया के प्रति संवेदनशील रहते हुए अपने मिशन को आगे बढ़ाते रहे और अदालतों में विजय श्री प्राप्त करते रहे। वे कहा करते थे कि जो कानून बने हैं, उन पर राजनेता या पुलिस अमल क्यों नहीं करते ? ऊनका झगड़ा न सिर्फ कसाईयों या कत्लखाने ले जाने वाले गोवंश के समाज विरोधी तत्वों से था, बल्कि उनका विरोध कानून न पालने वाले राजनेताओं और पुलिस से भी था। अतः यह हिंसा कानून का पालन करने वाले एक राष्ट्रप्रेमी नागरिक की हत्या है, अहिंसा की हत्या है।

यह विडम्बना है कि राजनेताओं, पुलिसों व कसाईयों के गठबंधन के कारण कानून को धोलकर पिया जा रहा है और गैर कानूनी कत्ल का धंधा पनप रहा है। जीवदया प्रेमी कार्यकर्ताओं पर लगातार हमले हो रहे हैं। २७ अगस्त सन १९९३ में अहमदाबाद में गीताबेन बी. रांभीया (उम्र ३३ वर्ष) की दिन दहाड़े कसाईयों ने छूरे से १९ वार कर निमर्म हत्या की थी, जिन्होंने ७०,००० पशुओं को छुड़ाया था। ७-१०-९७ को डीसा में श्री भरत भाई कोठारी पर प्राणघातक हमला हुआ था। डीसा में ही २०-४-२००० को श्री प्रकाश भाई शाह पर हमला हुआ और वे जीवदया के लिए शहीद हो गये। बाड़मेर फलौदी आदि में भी जीवदया प्रेमियों पर प्राणघातक हमले हुए हैं। हमलावरों को सजा न मिलने के कारण उनके हौंसले बढ़ रहे हैं। इस दुर्भाग्यपूर्ण घटना से अहिंसा में आस्था रखने वालों को गहरा आघात लगा है।

यदि जनता और सरकार दोनों ने इस भयावह घटना से कोई सबक नहीं लिया तो वह दिन दूर नहीं जब कि देश में हिंसक, बर्बर, ताकतों का बोलबाला होगा। करुण, संवेदना, भाईचारा, इन्सानियत ये शब्द मात्र शब्दकोश में रह जायेंगे। अनैतिकता, अराजकता का काला साया इस पृथ्वी पर नजर आयेगा।

**श्री ललित जैन के आदर्श जीवन की एक झलक-**

● १२ व्रतधारी श्रावक ● दोनों समय प्रतिक्रमण ● प्रतिदिन सामायिक ● तीन बार पर्युषण पर्व की आराधना करवाने गये। आगरा (सं. २०५५), मालेगांव (सं. २०५६), चालीसगांव (२०५७) ● पू. आचार्य श्री हेमरत्नसूरिजी म. सा. की निश्रा में जून-९४ में आयोजित त्रि-दिवसीय शिबिर से जीवन में धर्म के प्रति विशेष लगाव ● प्रतिदिन अष्टप्रकारी पूजा साथ में अपने नन्हें दोनों पुत्रों को लेकर जाते थे ● चौमासे में बियासणा व अष्टमी - चतुर्दशी को आयंबिल ● प्रायः ब्रह्मचर्य का पालन ● पिछले आठ माह से प्रति रविवार को युवकों के साथ रात्रि भावना में अपने मधुर कंठ से प्रभु-भक्ति ● रोज सिद्धचक्रजी का जाप पंचसूत्र का पठन ● भिवंडी के निकट आणगांव में गौशाला प्रारंभ करने में महत्वपूर्ण योगदान ● पशुओं को बचाने के केस निःशुल्क लड़ते थे ● २०० से अधिक केसों में जीतकर ५००० से ज्यादा पशु बचाये।

# સમાચાર સાર

**ઈચલકરંજી (ગુજરી પેઠ) :** શ્રી **મનમોહન પાર્શ્વનાથ જિનાલયની ૧૧૮ મી** વર્ષગાંઠ નિમિત્તે શ્રી સંઘના આદેશથી શ્રી **ચીમનલાલ ભાઈચંદ શાહ**, શ્રી **ચંન્દ્રકાંત ચંદુલાલ શાહ** તથા શ્રી **શાંતિલાલ નેમચંદ શાહ** પરિવાર તરફથી શ્રી અઢાર અભિષેક શ્રી લઘુશાંતિસ્નાત્ર સમેત ત્રિ-દિવસીય જિનભક્તિ મહોત્સવ પ્રસંગે શ્રી સંઘની વિનંતિનો સ્વીકાર કરી પૂજ્યશ્રીએ મહા સુદ-૬ ના સસ્વાગત મંગલ પ્રવેશ કરેલ.

મહા સુદ-૮ ના કુંભસ્થાપના તથા અઢાર અભિષેક ખૂબ જ સુંદર થયેલ. મહા સુદ-૧૦ના દિને જિનાલયની સાલગિરિ નિમિત્તે ધ્વજારોપણ કાર્યક્રમ મંગલમય થયેલ. બપોરે શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય થયેલ. વિજય મુહૂર્તે શ્રી **લઘુશાંતિસ્નાત્ર મહાપૂજન** પણ ખૂબ જ ઠાઠમાઠથી વિધિકાર શ્રી અરવિંદભાઈ મહેતા, ઈચલકરંજીવાળાએ ભણાવેલ. આ મહોત્સવ પ્રસંગે પૂજા - ભાવના માટે સંગીતકાર શ્રી નિલેશભાઈ મર્ચન્ટ એન્ડ પાર્ટી, માલેગાંવથી પધારેલ.

એકંદરે પૂજ્યશ્રીની નિશ્રામાં મહોત્સવ ખૂબ જ સુંદર ઉજવાયેલ.

પૂજ્ય મુનિ ભગવંતો ઈચલકરંજીનો મહોત્સવ બાદ કોલ્હાપૂર પધારેલ છે. હાલ ૧ાા મહિનો કોલ્હાપુરમાં સ્થિરતા થવા સંભવ છે. વયોવૃદ્ધ પૂ. મુનિરાજ શ્રી અક્ષયબોધિવિજયજી મ. શાતામાં છે. હાલ સ્વાસ્થ્ય સારૂં છે.

**કાલન્દ્રીમાં અઠ્ઠાઈ મહોત્સવ :** પ. પૂ. આ. ગુણરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પંન્યાસ પ્રવર શ્રી રવિરત્નવિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં શ્રી બાબુલાલજી શંકરલાલજી પરમાર પરિવાર દ્વારા આયોજન શ્રી સિદ્ધચક્રમહાપૂજન, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવનું આયોજન થયું હતું. પ્રતિદિન સવારે ભક્તામર,* સ્તોત્રપાઠ, પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચન, વિવિધ ભાવનાઓ શત્રુંજય મહાતીર્થની ભાવયાત્રામાં ૧૦૮ આયંબિલ થયા હતા.

**ધાણેરાવ, લાહારમાં શાસન પ્રભાવના :** શા કુશલરાજ જુગરાજજી કોઠારી ધાણેરાવવાલા તરફથી ચૈત્રસુદ ૬ દિ. ૧૯-૪-૨૦૦૨ થી નવાહ્નિકા મહોત્સવનો પ્રારંભ થયેલ. ચૈત્ર સુદ ૧૫ + ૧ દિ. ૨૭-૪-૨૦૦૨, શનિવારને પૂ. શાસન-પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. પ્રવચન-પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય **દર્શનરત્નસૂરીશ્વરજી** મ. સા. આદિની નિશ્રામાં મહોત્સવ પ્રારંભ થયેલ તેથી પૂજ્યશ્રીને ઘરે પધારાવી વ્યાખ્યાન, નવાંગી ગુરૂપૂજન, સંઘપૂજન તથા કામલી આદિ વહોરાવેલ ચૈત્રસુદ ૧૩ ના દિવસે મૂછાલા મહાવીર મંડલ, ધાણેરાવ તરફથી છરીપાલકે ચતુર્વિધસંઘની નિશ્રામાં ચૈત્યપરિપાટી ગયેલ. ત્યાં ગુરૂદેવ ૨૬૦૦ નાં જન્મ કલ્યાણક નિમિત્તે જન્મ કલ્યાણકની મહિમા એવી રીતે ઉજવાય. પુસ્તકાલય, પાણીની ટાંકી, ઉદ્યાન વગેરેથી તો ભગવાન મહાવીરસ્વામી નિમિત્તે કરવાથી તો એમનું ભયંકર અપમાન થશે. જે વસ્તુને જોણે વ્યાજબી બતાવી એ જ વસ્તુઓની નામે કરવી એ શું અપમાન નથી ? આજુબાજુના સરકારી અફસરો પોતે પ્રવચનમાં આવેલ હતાં. લાહારામાં પૂજ્ય ગુરૂદેવની પધરામણી સાદડી મહોત્સવ પૂર્ણ કરી સંઘના આગ્રહથી પાટી ઉપાશ્રયમાં ૧૧ દિવસ લગભગ રોકાઈ વૈશાખસુદ ૨ દિ. ૧૪-૫-૨૦૦૨ ના શા જવેરચંદજી ખીમરાજજી શ્રીપાલ તરફથી જીવિત મહોત્સવ પ્રારંભ થયેલ ખૂબ ફાવે હતો. છેલ્લા દિવસે વૈશાખ સુદ ૬ દિ. ૧૮-૫-૨૦૦૨ ને સવારે દેરાસરની ૮૮ મી વર્ષગાંઠ પછી જીવિત મહોત્સવ કરનારનું બહુમાનની બોલી બોલીને બહુમાન કરવામાં આવેલ સંઘ તરફથી બહુમાન કરત. પહેલાં જવેરચંદજી તથા તેમના સુપુત્રો ભેવરજી પ્રવીણજીએ ચતુર્વિધ સંઘની ચિક્કાર ભીડ વચ્ચે મુખકોષ બાંધી ગુરૂનું નવાંગી ગુરૂપૂજન કરેલ પછી સંઘ તરફથી બહુમાન આદિ થયેલ. ૮૮ મી વર્ષગાંઠ પછી મોતીચૂરના લાડુની પ્રભાવના ધનાવાલા તરફથી તથા

સિદ્ધચક્ર મહાપૂજન પછી જવેરચંદજી તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ. વૈશાખ સુદ ૭ દિ. ૧૯-૫-૨૦૦૨ ને ગુરૂદેવે વિહાર કર્યો વૈશાખ સુદ ૮, દિ. ૨૦-૫-૨૦૦૨ તે મેવાડીમાં ગુરૂદેવનો ભવ્ય - પ્રવેશ તથા ૧૦ દિવસનો દશાહિન્કા મહોત્સવ પૂર્ણ કરી ગુરૂદેવ વૈશાખ વદ ૨ ના દિવસે મધ્ય-પ્રદેશ તરફ વિહાર કરશે. ગુરૂદેવનું ચાતુર્માસ રતલામ જય બોલાવેલ છે.

**राणकपुर तीर्थ में**
**राकापरिवार के तरफ से ओली**

प. पू. न्यायविशारद आचार्यदेव श्रीमद् विजय भुवनभानुसूरीश्वरजी म. सा. के पट्टधररत्न प. पू. मेवाडदेशोद्धारक आचार्यदेव श्रीमद् विजय जितेन्द्रसूरीश्वरजी म. सा. की शुभनिश्रा में ४०५ भाग्यशालीयों को संका परिवार सादडी से तरफ से राणकपुर में नवपदजी की भव्य ओली हुई उसमें चैत्र सुद १३ को जन्मभूमि पंचांग के अनुसार ही महावीर जन्म सत्थाग का भव्य वरघोडा विक्रम संवत, २०४७ में उदयात चैत्र सुद १३, को ही निकाला गया था।

**फालना कोन्फरेंश** में करीब ५० वर्ष पहले आचार्य वल्लभसूरिजी साहेब ने कहा कि 'बालदीक्षा का में ने जो विरोध किया है उसके लिये में सफल संघ के सामने में प्रायश्चित करता हूं और मुलजे आशा है कि सकल संघ प्रायश्चित देंगे। और बालदीक्षा शास्त्र के मुताबित सही है और आज से हमारे सिंघोडे (वल्लभसूरिजी के) में भी बाल - दीक्षा होगी। एवं आचार्यधर्म धुरंधरसूरिजी, आचार्य नित्यानंद सूरिजी एवं इनके भाई इन तीनों की बाल-दीक्षा इनके सिंघाडे में हुई है. एवं वे बडे विद्वान हुए है।

**પાટીના ઉપાશ્રય સાદડી - રાણકપુરમાં ભવ્ય શાસન પ્રભાવના :** પરમ પૂજ્ય શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલ રત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. સા. સાદડી રાણકપુર પધારતાં પર્યુષણ જેવો ઠાઠ જામ્યો છે. ચૈત્રસુદ ૧૧ + ૧ ધાણેરાવ ઉજવાણું ઓલી અઠ્ઠાઈ મહોત્સવ કરી સાદડી ચૈત્રવદ ૩, દિ. ૨૯-૪-૨૦૦૨ ને પધારેલ. ભવ્ય સામૈયું થયેલ. ચૈત્ર વદ ૬ દિ. ૨-૫-૨૦૦૨ ને સિદ્ધચક્ર મહાપૂજન સામિવાત્સલ્ય થયેલ. ચૈત્ર વદ ૩ થી વૈશાખ સુદ ૧ સુધી ગુરૂદેવ રોકાયેલ. રોજ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી મોતીચૂર, ઠોર આદીપ્રભાવના થયેલ તથા સંઘપૂજનો થયેલ. સાધ્વીજી ચેતોદર્શિતાશ્રીજીની નિશ્રામાં ધાર્મિક પાઠશાલીની પરીક્ષા લેવાયેલ. તેનું ઇનામ વિતરાણ વૈશાખ સુદ ૧ દિ. ૧૩-૫-૨૦૦૨ ને પૂજ્ય ગુરૂદેવની નિશ્રામાં થયેલ.

**વડોદરા :** અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિની નિશ્રામાં પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલના ઘર દેરાસરે પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા વૈ. સુ. ૩ ના ઠાઠથી થઈ સુંદર સવારે પૂ. શ્રી નો પ્રવેશ, ૮ વાગ્યે ગુરુમૂર્તિનો વરઘોડો ૯ વાગ્યે ગુરુમૂર્તિમાં અભિષેક બાદ પૂ. ગુરુદેવોના ગુણાનુવાદ ગુરુગુણ ગીત તથા પ્રતિષ્ઠા થઈ પ્રતિષ્ઠા બાદ ૩૦૦ જેટલા આમંત્રિત તથા મહેમાનો તથા પધારેલા સૌની સાધર્મિક ભક્તિ થઈ.

પૂ. શ્રી છાણી, નિઝામપૂરા સુભાનપૂરા પધાર્યા હતા. ત્યાં પ્રવચનો પ્રભાવના વિ. સારી રીતે થયા.

પૂ. શ્રી નું ચાતુર્માસ ગોપાલનગર ભીવંડી નક્કી થયું છે. અષાડ સુદ ૧૦, શુક્રવાર, તા. ૧૯-૭-૨૦૦૨, ચાતુર્માસ પ્રવેશની ધારણા છે. પત્ર વ્યવહાર સરનામું...

C/o. મગનલાલ લક્ષ્મણ મારૂ, નવપાડા, મહાત્મા ગાંધી રોડ, પારસમણિ, થાણા. ફોન : (રે.) ૫૪૦૧૪૧૩

પૂ. શ્રી વાપી બોરીવલી, વડાલા, લાલબાગ, ચંદનબાળા, શ્રીપાલનગર, દાદર, ઘાટકોપર, મુલુંડ થઈ થાણા, તા. ૭-૭-૨૦૦૨ આસપાસ પહોંચશે.

# કારંજા નગરથી ભાંડુકજી તીર્થની ભવ્ય સંઘયાત્રા

ડિગ્રસનગરમાં પાર્શ્વનાથ જન્મ કલ્યાણક ઉત્સવ વિવિધ પૂજનો ૪૦ અઠ્ઠમો અઠ્ઠાઇ ઓ...કાશના પ્રભુભક્તિ સમુહ સામાઇક કરાવી વરોશ નગર પૂ. લબ્ધિ ભુવનતિલકભદ્રંકર પુણ્યાનંદ સૂરિ કૃપા પ્રાપ્તી આચાર્યશ્રી વારિષેણ સૂરિજી મ. પં. વિનયસેન મ. પ્રવર્તક વજ્રસેન મ. પ્રવચનકાર વલ્લભસેન મ. સેવા મગ્ન વીરાગ સેન મ. પાંચ બંધુ પધાર્યા પ્રવચન સંઘ પૂજન સાથે કારંજાથી જૈન રત્નચંદન મલજી રડીયા ૨૫૦ યાત્રીકોનો સંઘ અંતરિક્ષજી પવનમાલ બસ યાત્રા કરાવતા પધાર્યાને સંઘના સ્વાગત સાથે સન્માન સંઘ પૂજનો થયા. ૧૬-૨-૨૦૦૨ ના સવારે જિનાલયમાં ભવ્ય સ્નાત્ર ઉત્સવ ભક્તામર પાઠ ને છ'રિ પાલિત સંઘ યાત્રાની પ્રસ્થાન વિધિ પૂજ્યોની નિશ્રામાં ભાવ વર્ધક થઇને તુરતી બાલાપુરના જૈન બેન્ડ મંડલના મધુર સરોદોથી રથયાત્રા સાથે સંઘયાત્રા પ્રયાણ થયું. જીવન પ્રથમ અનેક ભાવિકો ૧૫ કિલો મીટર પગપાળા તપ જપ સાથે ચાલ્યા હતા. પ્રથમ મુકામે ભુવન તિલક પાર્શ્વનગરમાં સ્વાગત ગહુંલી થયા બાદ પ્રવચન માંગલિક પાર્શ્વ પદ્માવતી મહાપૂજન ભક્તિ ભાવના ઉછળતા હૈયે પ્રારંભ થયું. મલકાપુર વાળા રાજુભાઇની મંડળીઓ વિધિવિધાનં સ્પષ્ટ ઉચ્ચારથી કરાવ્યું. જીવદયાટિપ, કુમારપાળ રાજાની આરતિ, જ્ઞાન સ્પર્ધા સુંદર થઇ. રાત્રીના પ્રતિક્રમણમાં આરાધકોની લાઇન લાગી હતી. પ્રભાવના સંઘ પૂજનો ૫.૧ રૂા. થયા. ભાવના માં બાલાપુર જૈન મંડળ ને સાથે સીવન સ્પર્ધાથી ભાવિકોનો ભાવ સાગર ઉછળતો હતો. સવારે સૌ કેશરી પાર્શ્વનેટવા ઉત્સાહથી દોડતા હતા. તીર્થ કમેટિના સામૈયા સાથે ૪૦૦ ભક્તોનો મેળો ભદ્રાવતી ભાંડુકજી તીર્થમાં ઉભરાયો. કેશરિયા પાર્શ્વજપુછું જાપના સહોદો ભવે ભવે પાસજિનચંદની ધુનોથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. સંઘ ભક્તિ સુંદર થઇ સંઘમાળા શ્રી ...વડાજી કારંજા વાળાઓને સંઘ સન્માન વિમલકુમાર પારેખે સંઘતિલક ઇંદરચંદ સોનીજી કરેલ. સંઘવીજીએ દાન ગંગા વહાવેલ અંગરચના સારી કરી હતી.

હિંગનઘાટ મુલતાઇ વરુડ બૈતુલ પૂ. આ. શ્રી પધારતા પૂ. ૐકાર તીર્થ મહાવીર લબ્ધિધામ તીર્થશ્રી વસ્તિતીર્થ પ્રેરક વિજય પુણ્યાનંદ સૂરિજી મહારાજના ૫૫ વા સંયમ જીવનમાં પ્રવેશને નિમીત્તે સંઘપૂજન સ્વામિવાત્સલ્ય અઢાર અભિષેક પૂજન અંતરના ભાવો સાથે ભણાવાયેલ. પૂ. શ્રી ઇંટારસી ચિંતામણી પાર્શ્વનાથ તીર્થ દોસંગા ભદ્રની યાત્રાર્થે પધારતા પ્રવચન જિનભૂમિ નો લાભ અનેકોએ લીધો હતો. માહેલીમાં પ્રતિષ્ઠા પ્રસંગે પૂરા નગરનું સ્વામિવાત્સલ્ય બેસીને થાળીમાં કરાવાયેલ. આયંબિલનો સંઘ જમાણનો આસાવાદ પણ સૌએ પ્રેમથી કર્યો હતો. ૨૦ અઠ્ઠમો થયા હતા.

ભેટ મળશે : પુણ્યાનંદ પ્રેરણા મરાઠિ ભાષામાં પૂજ્યશ્રીના વૈરાગ્ય વર્ધક પ્રવચનોની પુસ્તિકા રૂા. ૨ નો એમ. ઓ. કરીને તુરત મેળવી લો. પુન્યાનંદ પ્રકાશન રાજેશ એન. શાહ, કાપડ બજાર, છાણી-૩૯૧ ૭૪૦.

**સંસારમાં મહેમાન ને બોલાવીએ તે પોતાની મેળે જાય છે.પરંતુ સંસારની સામગ્રીની જંજાળને બોલાવો એટલે તુરત જંજાળનું આગમન થાય છે. પછી જંજાળમાં જકડી મરાય છે. પછી તેમાં તમે તમારી જાત જગત અને જગત્પતિને ભૂલી જાવ છો. માટે જગતની જંજાળને ઇચ્છવા જેવી નથી.**

# વસ્તુપાલ મંત્રીશ્વર સ્વર્ગભૂમિ અંકેવાળીયા તીર્થ
(તા. લીંબડી)

## શ્રી વાસુપૂજય સ્વામી ચંપાપુરી પંચકલ્યાણક તીર્થ

卐 ભવ્ય દેરાસર ચારે ખૂણે ચાર પંચકલ્યાણકોના દેરાસરો 卐

- ભવ્ય મંદિર પ્રતિમાના દર્શન કરો.
- લીંબડી વઢવાણ હાઈવે ઉપરથી જ મંદિર અને પ્રતિમાજીના દર્શન થાય છે.
- લીંબડીથી ૬ કિ.મી. અને વઢવાણથી ૧૪ કિ. મી. થાય છે.
- સંઘવી વસ્તુપાલની સ્વર્ગભૂમિ છે. તેમના પત્ની લલિતાદેવી પણ અહિં સ્વર્ગવાસ પામ્યા છે.
- સંઘવી તેજપાલ મંત્રીશ્વરે અત્રે દેરાસરો ઉપાશ્રય વિ. કરીને એક ટુંક બનાવી હતી.
- તેનો ઉદ્ધાર સંઘવી વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.
- ઉપાશ્રય-ધર્મશાળા, ભોજનશાળા વિ. તૈયાર છે.

**સંપર્ક : સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટ**

C/o. સુરેશચંદ્ર શાંતિલાલ શાહ, વિઠલ પ્રેસ, શેરી નં. ૪, ડો. પી.પી. દેસાઈ સામે,
સુરેન્દ્રનગર–363 00૧. ફોન : ૨૦૯૨૧

યશવંતરાય મોહનલાલ શાહ – શાંતિનગર, સુદર્શન એપાર્ટમેન્ટ, આશ્રમ રોડ,
અમદાવાદ – 3૮૦ 00૧3. ફોન : ૭૫૫૦૨૮૭

## પૂ. આ. દેવશ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

:: ચાતુર્માસ સ્થળ અને સરનામું ::

C/o. જૈન ઉપાશ્રય, ગોપાલનગર, કલ્યાણ રોડ, ભીવંડી-૪૨૧ ૩૦૨.
જી. થાણા. (મહારાષ્ટ્ર) INDIA.
(૧) શ્રી સંઘ- ફોન : ૨૯૯૮૭ (૨) જયંતિલાલ ખેતશી - ફોન : ૫૯૫૦૨
(૩) પ્રવીણચંદ્ર લીલાધર હરિયા - ફોન : ૫૪૧૫૮

**ચાતુર્માસ પ્રવેશ : ૨૦૫૮, અષાડ સુદ ૧૦, શુક્રવાર,
તા. ૧૯-૭-૨૦૦૨ના સવારે ૮-૩૦ વાગ્યે છે.**

# પરિમલ

—સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ મરવાનું તો સહુને છે, પણ જે સારી રીતે હસતા હસતા મૃત્યુ પામે, એ મરે તોય જીવતો જ ગણાય છે. અને જે રોતાં રોતાં જીવે, એ જીવતો હોવા છતાં મર્યા જેવો જ ગણાય છે. જેથી આંખ સામે મૃત્યુ હર હંમેશ તરવરતું હોય, એ જ સારી રીતે જીવન જીવી શકે અને સારી રીતે જે જીવ્યો હોય, એ જ મોજથી મરી શકે. વિષય-કષાયનો રસ ઘટે, તો આ શક્ય બને. વિષય-કષાયના અતિ રસિયા જીવો ડાઘુ જેવા છે. ડાઘુ સેંકડો મડદા બાળી આવે, પણ એને પોતાનું મૃત્યુ યાદ જ ન આવે, તેમ વિષય-કષાયના રસિયાને પણ મૃત્યુ યાદ આવતું નથી.

❖ આજે તીર્થયાત્રાઓ વધી છે, પણ યાત્રા પાછળ જે ધ્યેય હોવું જોઈએ, એ ભૂલાતું જાય છે. એથી જ દર પૂનમની યાત્રાઓ કરનારા પૂનમિયા ચૌદસની વિરાધના કરીનેય દર મહિને યાત્રા માટે નીકળતા હોય છે. સાચા ધ્યેયનો ખ્યાલ હોય, તો આવો વર્ગ તેરસે નીકળીને પૂનમની યાત્રા કરે, પણ ચૌદસની આરાધનાથી વંચિત ન રહે, જે વંચિત રહેતા હોય અને એનું દુઃખ પણ ન ધરાવતા હોય, તો એવા યાત્રિકની આવી યાત્રા પાછળ શો આશય હશે, એ તો એ જ જાણે !

❖ આજે પાલિતાણા શંખેશ્વર જેવા તીર્થસ્થાનોમાં ધર્મશાળાઓ વધી રહી છે, એમ મધ્યમ વર્ગને રહેવાની જગ્યા મળવી મુશ્કેલ બની રહી છે. આલિશાન બાંધકામવાળી ધર્મશાળાઓ કરતાં સાદી ધર્મશાળાઓ બંધાતી હોત, તો સૌને જગ્યા મળી રહેત અને ધર્મશાળાના ઓઠા નીચે આજે જે પાપો થઈ રહ્યા છે, એ પાપ સેવન થવા ન પામત. આજે તો ધર્મશાળાઓ લગભગ કર્મશાળાઓ બની રહી છે.

❖ તીર્થયાત્રાએ શા માટે જવાનું, એનો તમને ખ્યાલ છે ? ગામમાં રહેવાથી ઘરબાર કે દુકાન-પેઢીની યાદ ભૂલાતી નથી અને એથી ધર્મમાં મન ચોંટતું નથી, આ યાદ ભૂલાઈ જવાય ને ધર્મમાં દિલ ચોંટે, આ જ એક હેતુથી તીર્થયાત્રા કરવાની છે. આ હેતુ ભૂલાઈ જવાના કારણે તો આજે ઘર કરતાંય યાત્રામાં વધુ પાપ થાય છે. રોજ ધર્મ ન કરી શકે, એના માટે ધર્મ કરવાનો ઉલ્લાસ જગાડવા જેમ પર્વોનું આયોજન છે, એમ ઘર કરતાય વધુ સારી રીતે ધર્મારાધના કરવા તીર્થોનું આયોજન કરાયું છે. આ ધ્યેય ખ્યાલમાં હોય, એ તો અન્ય ક્ષેત્રમાં કરેલા પાપને તીર્થક્ષેત્રમાં પખાળી શકે. બાકી બીજા તો તીર્થમાં આવીને વજ્રલેપ જેવા પાપો બાંધે, તો નવાઈ ન ગણાય. તીર્થ તરવા માટે છે, ડુબવા માટે નહિ. તીર્થે તરવા જાય તે યાત્રિક, હરવા ફરવા જાય તે પ્રવાસી !

❖ સારા અને શ્રીમંત માણસની પાસે નોકરને યોગ્ય કામકાજ કરાવાય ખરું ? આવું કામ કરાવો, તો એ શ્રીમંત ફરી પાછો તમારા બારણે ડોકાય ખરો ? ધર્મ આપણો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વામી છે અને ઘણા ઘણા કાળ પછી આપણને એના દર્શન થયા છે, હવે ધર્મની પાસે આપણા સંસારની વાડીને લીલીછમ રખાવવાનું કાર્ય કરાવાય ખરું ? જો ધર્મ પાસે આવી અપેક્ષા રાખીને નોકર જેવું હલકું કામ કરાવો, તો એ ધર્મ આપણા આંગણે પાછો ડોકાય ખરો ? ધર્મ તો એવો સ્વામી છે કે, એની પાસે શરતો મૂકીને સોદા કરવાના ન હોય, એની તો શરણાગત જ બની જવાનું હોય, પછી આપણે આપણી જાત માટે, થોડીક પણ ચિંતા ફિકર કરવાની જરૂર જ ન રહે. બધી જવાબદારી એ ધર્મ જ સંભાળી લે !

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
23/7/02

8962

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

## મુમુક્ષુપણું સાચું ક્યારે ?::

एयं हि परमसोक्खं,
नूणमुमुक्खुण चत्तसंगाण।
जं नत्थि पियं नय किंपि,
अप्पियं मोफ्खकंखीण॥
(સંવેગ રંગશાળા,
ગા. ૧૭૪૬)

ત્યાગ કર્યો છે સઘળોય સંગ જેઓએ એવા મોક્ષાભિલાષી મુમુક્ષુજનોને માટે ચોક્કસ આ જ પરમ સુખ છે કે– 'કોઈ જ પ્રિય પણ નથી અને કોઈ જ અપ્રિય પણ નથી.'

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક

વર્ષ ૧૪ | અંક ૪૦/૪૧

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ: ૧૪) *સંવત ૨૦૫૮ અષાઢ સુદ ૭ મંગળવાર તા. ૧૬-૭-૨૦૦૨ (અંક: ૪૦

# ગુરુદ્રવ્યની સંપૂર્ણ રકમ દેવદ્રવ્યમાં જાય

## સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાના

## અભિપ્રાય પત્રો

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય કે સાધારણ દ્રવ્ય વગેરે ધર્મદ્રવ્યોનો તે તે ક્ષેત્રનાં ધર્મકાર્યો માટે પણ શ્રાવકોએ ઉપયોગ કરવાનો હોય નહિ. એ બધાં ધર્મદ્રવ્યોનાં તો નિધાનની જેમ સાચવીને શ્રાવકો દર્શન કરે. પોતાના સાંસારિક ખર્ચા મજેથી કે ગમે તેમ કરી શકનારા શ્રાવકો, ધર્મકાર્યો માટે જ જો ધર્મદ્રવ્યોનો ઉપયોગ કરવાની ઈચ્છા રાખતા હોય તો તે તેમની કૃપણતા દર્શાવે છે. પહોંચી ન વળાય તેવી કુદરતી કે બીજી આપત્તિના પ્રસંગે શ્રાવકો શક્તિ સંપન્ન ન હોય ત્યારે જ તે ધર્મદ્રવ્યોનો ઉપયોગ કરવાનો હોય. અને તે ઉપયોગ પણ, આપણ શાસ્ત્રોમાં ફરમાવેલી ધર્મદ્રવ્ય વ્યવસ્થાનો બરાબર ખ્યાલ રાખીને જ કરવાનો હોય. આવા ભાવનો સતત ઉપદેશ આપતા રહીને સ્વ. સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ અગણિત આરાધકોને, શ્રી જિનપૂજાથી માંડીને શ્રી જિનાલય નિર્માણ સુધીનાં ધર્મકાર્ય સ્વદ્રવ્યથી કરતા કરી દીધા હતા. અને ધર્મદ્રવ્યોના સ્વચ્છંદ ઉપયોગનો પ્રતિકાર કરી દેવદ્રવ્યાદિ ધર્મદ્રવ્યોની જીવનભર સુરક્ષા કરી હતી.

તેઓશ્રીના સ્વર્ગવાસ બાદ અંતિમ સંસ્કારની ભૂમિ ઉપર એક ભવ્ય સ્મારક રચાયું અને મહા સુદ ૧૩ ના તેની પ્રતિષ્ઠા, તેઓશ્રીજીના પટ્ટધર ગચ્છાધિપતિ (હવે સ્વર્ગસ્થ) પરમ પૂજ્ય મહોદય સૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ભવ્યાતિભવ્ય રીતે થઈ ગઈ. આ સુખદ અને અનુમોદનીય અવસરે દુઃખની વાત એ જાણવા મળી કે સ્વ. ગચ્છાધિપતિશ્રીજીના ભવ્ય સ્મારકના નિર્માણમાં, ગુરુમૂર્ત્તિ-ગુરુપાદુકા-આદિને લગતા ચઢાવાનું દ્રવ્ય (કે જે ગુરુદ્રવ્ય હોવાથી શાસ્ત્રીય મર્યાદા મુજબ દેવદ્રવ્યની જેમ શ્રી જિનમંદિરના જીર્ણોદ્ધારાદિમાં જ વપરાય તે દ્રવ્ય) વપરાયું છે. ૨૦૪૪ ના સંમેલનના સૂત્રધારોએ કરેલા અશાસ્ત્રીય ઠરાવોનો વિરોધ કરી દેવદ્રવ્ય રક્ષક ગણાયેલા જ આજે દેવદ્રવ્યના વિનાશક બની રહ્યા છે. સ્વ. ગચ્છાધિપતિશ્રીજીના આશીર્વાદથી, સંમેલનના વિરોધમાં પ્રગટેલા "જૈન શાસન" ના માથે આજે ફરી

દેવદ્રવ્યની રક્ષાનું કર્તવ્ય આવી પડ્યું છે. 'પોતાના' અને 'પારકા'નો ભેદ રાખ્યા વગર અસત્યનો પ્રતિકાર કરવાની ફરજ 'જૈન શાસને' બજાવી છે અને બજાવશે.

સ્વ. પૂજ્યશ્રીજી સિધ્ધાન્ત માટે જીવ્યા હતા. તેમનો સાચો અંતેવાસી સિધ્ધાન્ત માટે જીવનારો હોય. એને 'ગુરુભક્ત' ના પ્રમાણપત્રની પડી ન હોય. સિધ્ધાન્ત માટે જીવનારા આવા સાચા અંતેવાસીઓ દ્વારા પ્રાપ્ત થતી સામગ્રી સમયે સમયે પ્રગટ કરવાની 'જૈનશાસન' ની ભાવના છે. આજે પ. પૂ. જિનેન્દ્ર સૂ. મહારાજાએ સ્વ. પ. પૂ. મહોદય સૂ. મહારાજાની સેવામાં લખેલા પત્ર અને તેના આવેલા જવાબ પ્રગટ કરીએ છીએ. સ્મારક નિર્માણમાં દેવદ્રવ્ય વાપરવા સામે પૂજ્યશ્રીજીનો સ્પષ્ટ વિરોધ હોવા છતાં તેને અવગણીને, 'તેઓશ્રીજીની આજ્ઞા-આશીર્વાદ- સંમતિ' હોવાનો થતો પ્રચાર કેટલો ભ્રામક છે ને આથી સમજી શકાશે.

સંપા૦ :

---

*શંખેશ્વર*

*તારીખ : ૨૭-૧૨-૦૧*

પરમપૂજ્ય શાસન પ્રભાવક પ્રાતઃ સ્મરણીય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા આદિની પવિત્ર સેવામાં.

જિનેન્દ્રસૂરિની કોટિશઃ વંદનાવલી અવધારશોજી. આપશ્રીના દેહે શાતા હશેજી? છાતીમાં દુઃખાવો ક્યારેક થાય છે. તો આરામ અને ઉપચાર કરશોજી.

વિ. અમે અત્રેની પ્રતિષ્ઠા બે માસ લંબાવીને ત્યાં પૂ. શ્રી ના સ્મૃતિ મંદિરના પ્રસંગે આવવાનું રાખ્યું છે.

વિ. આપણે ત્યાં દેવદ્રવ્યની બાબતમાં કોઈપણ વિકલ્પ હોતો નથી. પૂજ્યશ્રીએ દેવદ્રવ્યની રક્ષા માટે જીવન આપ્યું છે.

હાલમાં સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા વખતે વિવાદ દેખાય છે. તેમાં દેવદ્રવ્યના ગુરુમંદિરની પ્રતિષ્ઠામાં વાપરશો? ગુરુદ્રવ્ય આઠમું ક્ષેત્ર વિ. પત્રિકાઓ પણ પ્રગટ થાય છે. અને સમુદાય તથા સમુદાયની શાસન પ્રકાશ તથા શાસન સિદ્ધાંત રક્ષકપણાને ધક્કો લાગે છે. તો આ બાબતમાં સત્ય અને સ્પષ્ટ થઈ જવું જોઈએ.

હું ત્યાં આવું છું તો અનેક આવશે અને ચર્ચા કરશે. પ્રસંગમાં પણ કોઈ વિક્ષેપ કરશે. આપની નાજુક તબિયતને કારણે ઉપઘાત સહન કરવો પડશે.

બોલી વિ. માં લાભ લેનારાઓમાં પણ આ વિષય અંગે કચવાટ છે. વિચાર વિનિમય કરીને એકતા સાધવી જોઈએ. પ્રતિષ્ઠા બે માસ લંબાવી ત્યાં આવીએ છીએ. અમારે પાછા ત્યાંથી શંખેશ્વર આવી પ્રતિષ્ઠા કરી પછી મુંબઈ તરફ વિહાર કરવાનો થશે.

સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા માટે ખાસ ડબલ વિહાર થશે ત્યાં આપને વિવાદમાં પડવું પડે તેમ થાય તો પ્રસંગ દીપશે નહિ. આ માટે ત્યાં મહાત્માઓ અને ટ્રસ્ટીઓ તથા કાર્યકરો તેમને યોગ્ય સમાધાન થાય અને પૂ. શ્રી નું તથા સમુદાયનું તથા શાસનનું ગૌરવ જળવાય તે જરૂરી છે. પ્રત્યુત્તર અત્રે ગમે તે માટે વિનંતિ છે.

કામ સેવા ફરમાવશો. તબિયતના સમાચાર જણાવશો. અત્રેથી સવીની વંદના.

*દ. : જિનેન્દ્ર સૂ. ની વંદનાવલી.*

માગશર વદ-૦૦) નવરંગપુરા

અમદાવાદ

વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્યશ્રી વિજય જિનેન્દ્રસૂરિજી યોગ્ય. અનુવંદના સુખશાતા સાથે જણાવવાનું કે - શંખેશ્વરથી તા. ૨૭.૧૨-નો પત્ર મળ્યો. મારી તબિયત વધુ બગડતાં જવાબ લખવામાં વિલંબ થયો છે.

શંખેશ્વર ખાતે તમારી નિશ્રામાં થનારી પ્રતિષ્ઠાનો પ્રસંગ સંભાળીને અને ડબલવિહાર કરવાનું કારણ ને લઈ, અને મારા સ્વર્ગસ્થ પરમ તારક ગુરુદેવશ્રીના સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠાના પ્રસંગ ઉપર ઉપસ્થિત રહેવાનો તમે નિર્ણય કર્યો જાણી આનંદ થયો છે. વિશેષમાં ગુરુ મંદિર - મૂર્તિ આદિના ચઢાવા અંગે તમે જણાવેલ વિગત જાણી. મારી દૃષ્ટિએ આવા વિચાર ભેદને આમાં અવકાશ રહેતો નથી. છતાં

પૂરી સ્પષ્ટતા અને સમજણના અભાવે
શંકા રહેલી હોય તો તેનું નિવારણ
થવું જોઈએ. ગુરુપૂજનની જેમ ગુરુમંદિર
ગુરુમૂર્તિ અને ગુરુપાદુકા વગેરેને લગતા
ઉછામણીઓના (ગુરુ ભક્તિ નિમિત્તના [illegible]
તેની આવક દેવદ્રવ્યમાં જમા જોઈએ.
એમાંથી ગુરુ સ્મારક આદિનું નિર્માણ થઈ
શકે નહિ. સ્વ. પૂજ્ય મારા ગુરુદેવશ્રીનો આજ
અભિપ્રાય હતો અને તેથી મારે પણ એ જ
અભિપ્રાયને અનુસરવાનું છે.
હવે તમે આવો છો તેથી વધુ વિગત રૂબરૂમાં
થઈ શકશે.
મારી શારીરિક પરિસ્થિતિ નબળી રહે છે પણ દેવ
ગુરુ કૃપાથી ઉપચાર સહન થઈ જાય છે
આત્મ શક્તિનો ઉપયોગ સ્વ-પરના કલ્યાણમાં
કરી શક્તિઓને સફળ બનાવો એ જ એક
શુભાભિલાષા.

લી. મહોદયસૂરિની અનુવંદના
[illegible]

મા. વદ. ૧૧ બપોરના ૩ વાગે નવરંગપુરા
વિ. માં મારી શારીરિક અસ્વસ્થતા પૂ. ઉ. દેવ...
શોભાના પણ મને વંચાવ્યો ન હતો તે પણ આ. શ્રી
વિ. જિનેન્દ્ર સૂરીજી નો હતો તે પણ મને મુનિશ્રી
રત્નવિજયજીએ વંચાવ્યો તે પણ ધ્યાન પૂર્વક
સાંભળ્યો.. ત્યારે મેં પૂછ્યું કે - ગુરુમંદિર માં
જે રકમ વપરાય છે તે દેવદ્રવ્યમાં વપરાય છે
ત્યારે મને કહ્યું કે આપણા સમુદાયમાં એ વિચાર
ધારા ચાલે છે. ત્યારે મેં કહ્યું કે - મારા
પરમ તારક ગુરુદેવશ્રી વારંવાર એમ ઉપદેશ
આપતા હતા કે શ્રી જિનમંદિર બાંધવું હોય તો
શ્રાવકોએ સ્વદ્રવ્યથી બાંધવું જોઈએ અને ગુરુમંદિર
માં ગુરુના બોલના ઉપયોગ થતા નથી
અને તે પણ સ્વદ્રવ્યથી બનાવવું જોઈએ.
ગુરુ નિમિત્તે જે કંઈ પણ બોલી બોલાય તે
બધું જ લાભ દેવદ્રવ્ય માં લઈ જવું જોઈએ
તે વાત મારી ભારપૂર્વક દરેકગચ્છને જણાવવી જોઈએ
જેથી બોલી બોલતા પૂર્વે દરેકને ખ્યાલ

આવે છે તે તમામ રકમ દેવદ્રવ્ય ખાતે જ વપરાય છે જેથી ભવિષ્યમાં કોઈ પણ જાતનો દાખલો લઈ ન શકે અને પરંપરા તરીકે ગુરુદેવ કને જે વાતો મને સાંભળવા મળી છે તે અખંડ રહે તે રીતે કહું તો શાસન સમુદાયના માટે હિતકર છે.

ઉપરના તમામ લખાણ મુનિશ્રી નરદેવસાગરજી મહારાજના લખેલ પત્ર પરથી છે. અને આ મુજબ મારું પણ માનવું છે. આ બાબતની તમામ બાબતમાં દરેક મહાનુભાવો આદર કરીને વિચારશો. લિ. મહોદયસૂરિ
પોષ સુદ ૩ નવરંગપુરા અમદાવાદ

**જૈનાબાદ**

**તારીખ: ૨૩-૧-૨૦૦૨**

પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક પ્રાત: સ્મરણીય આચાર્ય દેવ શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિની પવિત્ર સેવામાં.

લિ. સેવક જિનેન્દ્રસૂરિની કોટિશ: વંદનાવલી અવધારશોજી.

લિ. આપશ્રીને શાતા હશે ? અવારનવાર દુ:ખાવો થાય છે અને ઉપચારથી સારૂં થઇ જાય છે. તે જાણીને સંતોષ થાય છે.

અમો શંખેશ્વરની પ્રતિષ્ઠા બંધ રાખી બે મહિના આગળ લંબાવી તા. ૨૧ ના વિહાર કરેલ છે. પગની તકલીફ તો છે. ૬ા વાગ્યે નીકળેલા મુકામમાં ૧૨ા વાગ્યે પહોંચી આવ્યા છીએ.

લિ. આપશ્રીજીની માગશર વદ ૦)) ના લખેલી ટપાલ મળી વાંચી અનહદ આનંદ થયો છે. પૂજ્યશ્રીએ શાસન રક્ષા માટે સમર્પણ બની જીંદગી વીતાવી છે. અને તેમના જ મહાન સિદ્ધાંતિક વિચારોમાં ૧૦ વર્ષમાં વિકૃતિ થાય તે ઘણું જ અજુગતું કહેવાય.

પરંતુ આપશ્રીએ મારા પત્રના જવાબમાં દેવ દ્રવ્ય અને ગુરુ દ્રવ્ય અંગે પૂજ્યશ્રીના વિચારો સ્પષ્ટ લખી મને જે માર્ગદર્શન આપ્યું તે માટે આપશ્રીની કૃપા કદી ભૂલી શકાશે નહિ.

અમે પાલડી તા. ૨-૨-૦૨ લગભગ પહોંચવા ધારીએ છીએ. જેથી પોષ સુદ ૧૨-૧૩ ના હું પહોંચી શકીશ નહિ જેથી આપશ્રીજીની નિશ્રામાં સ્મૃતિ મંદિરની બોલીઓ થવાની છે જે તે વખતે આ અભિપ્રાય જાહેર થઇ જાય. બોલી બોલ્યા પહેલાં જ ટ્રસ્ટી મંડળને ખૂલાસો થઇ તેઓ તેજ રીતે જાહેર કરે તે જરૂર છે અને તેમ થાય તો જ આપશ્રીજીની નિશ્રામાં બોલી થાય તે યોગ્ય ગણાય.

અમે તા. ૨૭-૧- વીરમગામ છીએ. કંઇ આજ્ઞા હોય તે ફરમાવશોજી. સર્વ મહાત્માઓને સાદર અનુવંદનાદિ જણાવશો.

કામ કાજ ફરમાવશોજી તબીયતના સમાચાર જણાવશોજી.

*દ. જિનેન્દ્રસૂરિની કોટિશ : વંદનાવલી*

**દેત્રોજ (ભોટાણી)**

**મહાવદ ૧૩**

**તારીખ : ૧૧-૩-૨૦૦૨**

પરમ પૂજ્ય પરમ શાસન પ્રભાવક સુવિશાલગચ્છાધિપતિ પ્રાત: સ્મરણીય આચાર્યદેવેશ પૂ. પા.દ. વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની પરમ પવિત્ર સેવામાં

જિનેન્દ્રસૂરિ ની કોટિશ વંદનાવલી.

આપશ્રીજી શાતામાં હશોજી ? આપશ્રીને થોડી તકલીફ થઇ અને પદવી દીક્ષા વિ. પ્રસંગોમાં પધાર્યા ન હતા તેમ સમાચાર મલ્યા તો હવે ઉપચાર અને આરામથી આપનું સ્વાસ્થય સારૂં હશેજી ?

વિ. આપશ્રીની નિશ્રામાં દશેક આચાર્યદિ મલ્યા ત્યારે આપશ્રીએ જાણાવ્યું કે આપાણે નવું કંઇ કરવું નથી. તે વખતે આપશ્રી હેમભૂષસૂરીશ્વરજી મ. એ કહ્યું કે- આપે અમને સાંભળવા જોઇએ પછી આપ અભિપ્રાય આપજો. અને તેરસની પ્રતિષ્ઠા થયા પછી તેઓ આપશ્રીને વાત કરશે અને આપશ્રીનો અભિપ્રાય જાણાવશે.

પરંતુ તેને બદલે પદસ્થો પાસે એવી રજુઆત કરી કે- પૂ. શ્રીની પ્રતિષ્ઠાની બોલીઓ, ગણધરદેવોની પ્રતિષ્ઠાની બોલીઓ તથા વડિલ પૂજ્યોની પ્રતિષ્ઠાની બોલીઓ અમે સ્મારકમાં લઇ જવાના છીએ.

૯ કરોડની યોજના સ્મૃતિ મંદિરની મુકી છે જે રકમ થઇ જશે તો પાણ પ્રતિષ્ઠાદિની બોલીઓ અમે દેવદ્રવ્યમાં લઇ જવાના નથી. સ્મારકમાં લઇ જશું અને નવા નવા સ્મારકો બનાવીશું.

આમ તેઓ પક્ષના પદસ્થોને નિરુત્તર કરી પોતાનો નક્કી કરેલો માર્ગ ઉભો કરે છે અને એ બોલીઓ સ્મારકમાં ન જાય તેવા પાઠો રજુ થાય તેમ વિચારે છે.

એમ ખરેખર કરવાની તેમાણે કોણે આજ્ઞા આપી છે ? આપનો અભિપ્રાય લેવાની વાત એક બાજુ મુકી અને આ બીજી વાત પ્રચારે છે તેથી આપશ્રીજીને તે વાત તેમાણે રજુ ન કરી હોય તેમ લાગે છે. તેથી મેં આપશ્રીજીને આ નિવેદન કર્યું છે.

આપશ્રીએ આ બોલીઓ દેવદ્રવ્યમાં જ જાય વિ. જાણાવ્યું જ છે. તેથી આ પત્રનો જવાબ આવશે તો મહાકૃપા છે અને કદાચ ન આવે તો આપશ્રીજી ની કૃપા છે જ.

આ પત્રનો જવાબ આ. શ્રી હેમભૂષાણ સૂરીશ્વરજી લખીને આપે તે મારે અપેક્ષા નથી. કેમ કે તેમાણે અમારી વચ્ચે રજુઆત કરી તેમ કરવાનું વચન પાળ્યું નથી. આપને અંધારામાં રાખી પદસ્થોને પક્ષમાં લઇ પોતાના આગ્રહની પુષ્ટિનો પ્રયાસ કર્યો છે. તે આપશ્રીનો, સમુદાયનો, સિદ્ધાંતનો અને સકલ શ્રી સંઘનો અનાદર છે.

અત્યારે ૮-૧૦ કરોડની વાત છે. અને આ નવો માર્ગ શરૂ કરાશે તો ભવિષ્યમાં અબજો રૂપિયા દેવદ્રવ્યમાં જતા અટકાવવાનો મહા દોષ આપાણે શિરે આવશે.

જીવનભર દેવ દ્રવ્યની રક્ષા કર્યાનો આપનો પ્રભાવ છે તે તૂટશે. અને પછી તેની સામે પ્રતિકાર વિ. થશે તો સંઘ, શાસન, પક્ષ અને સમુદાયને ડહોળવાનું થશે.

આપશ્રીજીનું સ્વાસ્થ્ય સારૂં રહે અને પૂજ્ય શ્રીજી ની જેમ ૯૬ જ નહિ પરંતુ ૧૦૬ વર્ષ શાસન અને સમુદાયને માર્ગદર્શન આપી શાસન ધૂરાને વહન કરતા રહો એજ એકની એક નમ્ર વિનંતિ સાથે અભિલાષ છે.

મારે ચાલવામાં ગતિ બધી છે. તકલીફ તો છે પાણ વિહાર થઇ શકે છે આવતા શનિવારે શંખેશ્વર પહોંચવાની ધારણા છે.

કામ સેવા ફરમાવશોજી.

*શ્રી સેવક જિનેન્દ્રસૂરિની કોટિશ: વંદનાવલી.*

મહાવદ-૧૩ કંકુપગલા, સાબરમતી

વિનયાદિ ગુણગણાલંકૃત આચાર્યશ્રી વિજય જિનેન્દ્રસૂરિજી યોગ્ય
અનુવન્દના સુખશાતા સાથે જણાવવાનું કે તમારો પત્ર આજ રોજ
વાંચી વિગત જાણી. ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા વખતેના બધા ચઢાવાની આવક
ગુરુપૂજનની આવકની જેમ દેવદ્રવ્યમાં જ જવી જોઈએ. અગાઉના
મહા વદ ૦))ના તમારા ઉપર લખેલા મારા પત્રમાં અને તમે અગો(?) સ્મારક
પ્રતિષ્ઠા પ્રસંગે આવ્યા ત્યારે રૂબરૂમાં પણ મેં તમને મારો આ જ
અભિપ્રાય જણાવ્યો છે. તમે આ પત્રમાં જણાવો છો તે રીતે, ગુરુ
મૂર્તિને ભરાતા ચઢાવાની રકમ સ્મારકના કાર્યમાં વાપરવાની વાતો
મારા નામે થતી હોય તો તે તદ્દન ખોટી છે. મારી એમાં લેશ પણ
સંમતિ નથી. આ વાતની સ્પષ્ટતા માટે પ્રતિષ્ઠા પ્રસંગ દરમ્યાન
મહાસુદ ૮ ની સાંજે, તમારી સાથે અન્ય બધા આચાર્યોને વાત
કરવાની મારી ભાવના હતી. પરંતુ વિવાદનું વાતાવરણ ઊભું થતાં
તે વાત થઈ શકી નહી. મારો અભિપ્રાય મેં તમને અગાઉ જણાવેલ
તે જ આજે પણ જણાવી રહ્યો છું.
હાલ એજ(?) તમારી વિહાર કરવાની શક્તિમાં સુધારો થયાનું જાણી
આનંદ. મારે શરીરની પ્રતિકૂળતા રહે છે. છતાં દેવ ગુરુની દયાએ
ઉપચારથી રાહત થાય છે. આરાધનામાં ઉજમાળ રહી શાસનને સ્વ-પર
કલ્યાણ સાધો એજ શુભાભિલાષા.

લી. મહોદયસૂરિની અનુવન્દના.

તા.ક. મહાસુદ-૮ ની સાંજે બધા આચાર્યોને જણાવવાની વાત મેં
લખી રાખેલ, તેની નકલ તમારી જાણ માટે આ સાથે મોકલું...

સુવિશાલ ગચ્છાધિપતિ પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા તરફથી જણાવવાનું કે:

ગુરુમંદિર, ગુરુમૂર્તિ અને ગુરુપાદુકા વગેરેના ચઢાવાની આવક, ગુરુભક્તિ નિમિત્તની બોલીઓ, ગુરુપૂજન વગેરેના ચઢાવાની આવકની જેમ શાસ્ત્રીય પરંપરાનુસાર દેવદ્રવ્યમાં જવી જોઈએ. ગુરુમૂર્તિના પૂજનની કે ગુરુમૂર્તિની આગળના ભંડાર વગેરેની આવક પણ દેવદ્રવ્યમાં જવી જોઈએ. સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીની પરમતારક આજ્ઞાને અનુસરનારા આપણા સમુદાયના સર્વ મહાત્માઓને આ વિચારણા, પ્રરૂપણા અને આચરણાને અનુસરવાનું છે, અને વહીવટ કરનારા સુશ્રાવકોને પણ આ જ રીતનું માર્ગદર્શન આપવાનું છે.

'કુંકુ પગલાં' ઉપાશ્રય,
સાબરમતી - અમદાવાદ
૨૦૫૮ મહા સુદ ૮ બુધવાર

# તેજ બિન્દુ

*(વીર શાસન વર્ષ -૧૪, અંક - ૩૨, પૃ. ૪૮૧-૪૮૨ માંથી સાભાર)*

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરિવરનું કોઈ અજ્ઞાતે**

## આલેખેલું રેખાચિત્ર

અનુવાદ આ લેખક : શ્રી ચીમનલાલ સંઘવી.

## "Striking features of the world"

***'તેજની પ્રતિમાઓ'*** નામના અપ્રસિદ્ધ અંગ્રેજી ગ્રન્થના આધારે.

*(આ નીચે પ્રગટ કરાતી બીના, 'મુંબઈ સમાચાર', શનિવાર, તા. ૯-૫-૩૬ ના અંકમાંથી અક્ષરશ: પ્રગટ કરાય છે. શ્રી ચીમનલાલ સંઘવીએ પોતાનું નામ અનુવાદ આ લેખક તરીકે આપેલું હોવાથી, આના મૂળ લેખક તે ભાઈ છે અગર બીજા કોઈ છે, અને બીજા છે તો કોણ છે, એની માહિતી અમને નથી. એ ભાઈ પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને કયી દૃષ્ટિએ જૂએ છે એ એમના શબ્દો ધ્યાનપૂર્વક વાંચતા આપોઆપ સમજાય તેમ હોવાથી, કેવળ વાંચકોની જાણને માટે જ અત્રે તેનો ઉતારો આપવામાં આવે છે.*

** તંત્રી, **શ્રી વીરશાસન**)*

''યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત !!
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥''

શ્રી કૃષ્ણની ગીતાની એ વિખ્યાત પંક્તિઓના સ્મરણ સાથે દૃષ્ટિપટ પર જે તેજમય પ્રતિમા પ્રકાશી ઊઠે તેનું કાંઈક આછું સ્વરૂપ તે **મુનિશ્રી રામવિજય.**

મુનિશ્રી રામવિજયમાં તેજ છે, પ્રતિભા છે, વ્યક્તિત્વ છે. તેમની આંખોમાં ઉંડાણ છે, ચાપલ્ય છે, તેજનો ચમકાર છે. તેમની ભ્રુકુટિમાં સ્વસિદ્ધાંતનું રક્ષણ કરવાની તત્પરતા છે. તેમના અંગે અંગ પર એક પ્રકારનો ભાવનાનો રસ વહે છે, જે તેમની પ્રેરક શક્તિને પ્રકાશ આપે છે. તેમના મુખ પર સ્મિતની રેખાઓ હર -હંમેશ પથરાયેલી જ રહે છે, છતાં તેમના હૃદયમાં ધુધવતા આછા અવ્યક્ત દુ:ખની જળતી ચિનગારી કુશળ જોનારની દૃષ્ટિથી દૂર નથી રહેતી. સામાન્ય માનવીથી આ દ્વન્દ્વ સમજાવું અશક્ય છે. કોઈક તે દ્વંદ્વને ચાલાકીનું સ્વરૂપ પણ કહીએ, પણ હૃદયના સૂક્ષ્મ પરીક્ષક મહાકવિ ભવભૂતિએ તો ગાયું છે કે -

''वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि।
लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्ह ते॥''

તેજમૂર્તિઓનાં હૃદય અને વ્યક્તિત્વ હંમેશા અગમ્ય જ હોય છે. તેમના હૃદયમાં પુષ્પની કોમળતા હોય છે. કોઈક સમયે તેઓ વજ્રસમા કઠણ બને છે. તેમના હૃદયમાં દુ:ખની છાયા હોય છે. મુખ પર તેઓ સ્મિતની રેખાઓ પાથરે છે. કોઈક પળે તેઓ કેસીઅસે બ્રુટ્સને સીઝર સંબંધમાં કહ્યું હતું તેમ- He bestrides the narrow world liked colosus - સમા બની જાય છે. પ્રત્યેક માનવી આ વૈવિધ્યતા સમજવાને અશકત હોય છે. પરિણામે કોઈક અંજાઈને તેમને પૂજે છે, કોઈક અણસમજ્યે ધિક્કારે છે. તેમને સમજનારાઓ તો દૂર દૂરથી તેમને હૃદયનાં વંદન કરે છે ને તેમના પન્થની સફળતાની ભાવના ભાવી, તે પર મૂક આશિષ વેરે છે.

મુનિ શ્રી રામવિજય આવી તેજ મૂર્તિ હોય કે ન હોય, પણ છતાં એવા કોઇક તેજ પૂંજનું તે પ્રતિબિંબ તો છે જ. તેમને જોતાં દષ્ટિપટ પર 'હાથમાં ધનુષ્ય, મશાલ અને પુષ્પની માળા, હૃદયમાં કોમલતા અને મુખ પર મીઠાશ પાથરી, તેજે ઝળહળતી, વેગભર ધસી આવતી કોઇક લોકોત્તર પ્રતિમા' મૂર્ત થાય છે.

મુનિશ્રીમાં તેજમૂર્તિનાં તત્ત્વો છે, માનવીની અલ્પતા પણ છે. તેજના વેગ સમો તેમનો વેગ અપ્રતિહત નથી. તેમના હૃદયના ઉંડાણમાં અગાધતા નથી. વેગભર ધૈર્ય અને મીઠા ગાંભીર્ય પર ઉંમરની કંઇક છાયા ઢળે છે. તેમના ત્વરિત પગલાં શાંત અને સ્થિર તેજસ્વીતાની પ્રતિભાથી તેમને દૂર રાખે છે. કોઇક પળે તેમનો સ્વભાવ ઉન્મત્ત સરિતાનાં તરંગો સમો બની જાય છે. તે તરંગો કોઇકને ઠારે છે. કોઇક ધ્રૂજતાને વધુ ધ્રૂજાવે છે. તેમના સ્વભાવની ગતિ તેજ સમી એક ધારી નથી. કોઇક સમયે તે વધુ ત્વરિત બને છે, કોઇક પળે તે કંઇક ધીમી હોય છે. મુનિશ્રીની માનવતા સાથે ગુંથાયેલાં આ તત્ત્વો અઠીક કે અસુંદર છે એમ તો ન જ કહાય, કારણ કે - મુનિશ્રી આજે જે છે તેવા તેમને ઘડવામાં તે તત્ત્વોની પણ ઓછી સહાય નથી અને આજે મુનિશ્રી અદ્‌ભૂત તો છે જ.

જૈન સાધુતાનો હું સુક્ષ્મ અભ્યાસી નથી. તે ક્ષેત્રમાં તે આદર્શ છે કે કેમ તે હું ન કહી શકું. પણ એક માનવ તરીકે તે પૂર્ણ નહિ તો પણ આદર્શ અને અનુકરણીય તો છે જ. લોકોત્તર માનવતાનું સ્મરણ કરાવતું તેમનું વ્યક્તિત્વ, તેમને આદર્શ માનનારને તેજ માનવતાની નિસરણી પર મૂકે છે. અને પરાધીન ભારતની શક્તિનો અંશે અંશ જ્યારે કાણા ખપ્પર દ્વારા તે શક્તિને જ સળગાવનારાં મહાપાત્રમાં રેડાઇ રહ્યો છે, ત્યારે આ અપૂર્ણ છતાં અનુપમ વ્યક્તિની નિસરણી અફળ નજ નિવડે.

તેમનો શિષ્ય-સમુદાય બહોળો છે. તે સમુદાયના સફળ સુકાની તેઓ બની શકયા છે. પ્રજાને પણ તે પૂજ્ય તો છે જ. તેમની શિસ્તપાલન આકર્ષક અને અદ્‌ભુત છે. કોઇક સમયે કોઇક સાધુવેષ બદલે ત્યારે સમાજમાં હો.. હા થાય છે. પણ તે હો.. હા... કરનારાઓએ યાદ રાખવું આવશ્યક છે કે - જૈન સાધુતા અને તેની શિસ્તપાલન એટલા આકરાં છે કે - દઢ માનવીને પણ તે ચળાવી દે. ત્યારે અ તો ભાવનાના ઉન્નત ગિરિશૃંગ પરથી, માનવતાના સ્વર્ગમાં જઇ પહોંચેલા માનવીઓ ભાવનાનો ઉભરો કોઇક પળે બેસી જાય, કોઇક પળે તેનું શૃંગ સરકી પણ જાય, પણ કોઇક પળે જગતને તે તારી પણ દે. એટલે એમ પણ ન કહી શકાય કે - ભાવનાના શૃંગ પરથી સાધુ ન બનવું. અને કોઇક સાધુવેષ પહેરે તેથી એમ પણ ન કહી શકાય કે - જૈન દીક્ષા અયોગ્ય છે.

મુનિશ્રી રામવિજયે પ્રજાકીય દષ્ટિના અમુક દષ્ટિબિન્દુએ કંઇક અપ્રિયતા મેળવી છે. પણ માનવતાના માપમાં પ્રિયતા કે અપ્રિયતાને ઘણું ઓછું સ્થાન છે. જો તાત્કાલિક પ્રિયતા કે અપ્રિયતાથી જ માનવમહત્તા મપાતી હોય, તો ઇસુ ખ્રીસ્ત કે સોક્રેટીસ દેહાંત દંડને લાયક ન્હોતા, એ આજે શી રીતે સિદ્ધ થઇ શકત ?

મુનિશ્રીની અપ્રિયતાનું કારણ બાળદીક્ષાના વિરોધ સામે તેમણે ઉઠાવેલો અવાજ છે. પણ એ કારણ ભૂમિકાહીન છે. જૈનશાસ્ત્ર અને સાહિત્યમાં જૈન દીક્ષાને એટલું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે તેનો વિરોધ તેઓ જ કરી શકે કે - જેઓ જૈન શાસ્ત્ર અને સાહિત્યનો પણ વિરોધ કરવાને સજ્જ હોય અને કાળનું કારણ દર્શાવી તે વિષયનો વિરોધ કરનારાઓએ રાજનીતિનું એક જ સૂત્ર ધ્યાનમાં રાખવું આવશ્યક છે કે - 'રગે-રગમાં પરતંત્રતા પચાવી ગયેલા રાષ્ટ્રમાં કાળબળના નામે સર્જાવતા પ્રત્યેક નવા સિદ્ધાંતો અને તે જ નામના ઓઠે ત્યજાતા જુના સિદ્ધાંતો, તે રાષ્ટ્રની પરતંત્રતાને વધુ સૂક્ષ્મ સચોટ કરી લે છે.'

વ્યાખ્યાન પીઠ પર મુનિશ્રીની શક્તિઓ અદ્‌ભૂત ખીલે છે. તે સ્થાન પર તે કુશળ કલાકાર છે, સફળ વક્તા છે, વંદનીય જૈન મુનિ છે, શક્તિમાન વિદ્યાન છે, પ્રતિભાશાળી સુકાની છે. હૃદયના સૂતેલી લાગણીઓને હલાવતાં સમર્થ, વેધક શબ્દપ્રવાહને તે મોહક રીતે વહાવી શકે છે, અ

# શ્રી જિનવાણીનો જાદુ

—પ્રેષક : પૂ. બાલમુનિશ્રી વિરતીન્દ્ર વિજયજી મહારાજ

જિનવાણી સાંભળ્યા સીવાય કરાતો ધર્મ એ "છારપર લીંપણ સમાન છે. જીનાગમના રહસ્યો જાણી-સમજી લક્ષ્યગત કરી જિનમંદિર વિગેરે ધર્મસાધનો બનાવાય તો જ તે નિર્દોષ બને છે. જિનવાણી સાંભળનારા શાસ્ત્રના અર્થોની વિચારણા કરનારા લોકો સત્માર્ગને ચૂકી જાય તો પણ તેમની પાસે જ્ઞાનાંકુશ હોવાને લીધે ફરી પાછા કોકવાર અંકુશ ને વશ થયેલ હાથીની પેઠે ઠેકાણાસર આવી જાય છે. અર્થાત્ જે મુમુક્ષુઓ સંવેગ વિગેરે ગુણો પ્રાપ્ત કરવાને ઈચ્છે છે તેમ શ્રી જિનવાણી અવશ્ય સાંભળવી જ જોઈએ.

જેઓની વૃત્તિ ખૂંખાર હોય, ક્રૂર છે, ખોટાબોલા છે તેઓ પણ શ્રી જિનવાણી સાંભળી વીતરાગ દશાને પામી સિધ્ધિગતીને વરેલા છે. એવા એક શ્રી ગુપ્ત નામના પુરૂષની કથા અહિ ઉદાહરણ રૂપે રજુ કરવામાં આવે છે...

વિજયપૂરી નામે શ્રેષ્ઠ રત્નોથી સુશોભિત એવી નગરી છે. ત્યાં "નલ" નામે મહાપરાક્રમી રાજા વસે છે. તેને પદ્માવતી નામની રાણી છે. તેના રાજ્યમાં મહીધર નામે એક મોટો વેપારી વસે છે. એને શ્રી નામે સ્ત્રી છે. અને શ્રી ગુપ્ત નામનો વ્યસની પુત્ર છે.

તે મહીધર શેઠ સરળ સ્વભાવી, દાની પરોપકારી છે. પણ વ્યસની પુત્રના પરાક્રમોથી તે શેઠ ત્રાસી ગયેલ છે. આ રીતે વ્યસન ચાલુ રહે તો તેના ઉપર ભવિષ્યમાં દેણુ થઈ તેથી "પુર આવે તે પહેલા પાળ બાંધ" એ ન્યાયથી શેઠ ચેતી જઈ રાજાને બધી વાતોથી વાકેફ કરવા જાય છે. રાજાએ પણ તેમને યોગ્ય આસન આપી સ્નેહભરી નજરે આવવાનું કારણ પુછ્યુ- શેઠ બોલ્યા- કારણ કહી શકાતુ નથી. સહી સકાતુ નથી, પણ સ્વામીની આગળ કહ્યા સીવાય ચાલે નહિ તેથી મારૂ દુ:ખ આપને કહી દુ:ખ રહિત થવા આવ્યો છું.- શેઠનો અભિપ્રાય પોતાની વાત ખાનગી રાખવાનો જાણી, રાજાએ બીજાઓને ત્યાંથી ચાલ્યા જવાનુ કહ્યું. અને બરાબર એકાંત થયા પછી રાજાએ કહ્યું- કે ભાઈ તું મારા પર બરાબર વિશ્વાસ રાખી તારા દુ:ખની વાત કહે- શેઠ બોલ્યો : હે રાજા સાંભળો...

અમારૂ કુળ ચંદ્રમાં જેવુ છે. પણ તેમાં કલંક સમાન મારે એકનો એક જ પુત્ર છે. તેથી લાડકો છે અને લાડમાં હુ તેને અનેક દુર્વ્યસનોમાં પડેલો જોઉં છું, જાણુ છું છતા કંઈ કરી શકતો નથી. જુગાર રમે છે વેશ્યાના ઘરોમાં પડયો રહે છે. સાત પેઢીઓથી પરંપરાએ સચવાતો એવો મારો પૈસો વેડફી નાખ્યો છે. મે તેને એકાંતમાં ઘણુ સમજાવ્યો છતા તે 'હવે નહી કરૂ' એમ માત્ર મોઢેથી બોલી ફરી પાછું વિશેષ સ્વચ્છંદતાથી રહેવા લાગ્યો. આથી મે મારી બધી સંપત્તિ તે ન જાણે તેમ ગોપવી દીધી અને ચોકીદાર ગોઠવી દીધા છે. એક તાણખાણુ પણ તેના હાથમાં ન આવી શકે એવો સજ્જડ બંદોબસ્ત કરી દીધો એ હરિલા તેને પૈસો આણી આપવા હડમાં પૂર્યો, સારી રીતે બાંધ્યો- તો તેણે ત્યાંથી કોઈપણ રીતે છૂટ્ટો થઈને રાત્રે અમારા પાડોશી સોમશેઠને ઘેર ખાતર પાડ્યું. અને ઘણુ ધન ચોરી લીધુ અને પછી તે ધનને પોતાના જુગાર-વેશ્યાગમન આદિ વ્યસનોમાં વાપરી પણ નાખ્યુ. મેં તેણે રાખેલી રખાતોના નોકરોના મોઢેથી આ બધી હક્કિત જાણી છે. આ પ્રમાણે આ છોકરાના રાજવિરૂધ્ધ વર્તનથી હું પણ ડરી ગયો છું રાજાઓ હજાર આંખવાળા હોય છે. આપની પાસે

આ બધી વાતો આવે તે પહેલા જ હું મારૂ પોતાનુ દુશ્ચરિત આપને જણાવી દઉ'' તે માટે જ આટલો મોડો આપની પાસે આવ્યો અને શરમને લીધે પહેલા ન આવી શકતો.

હે રાજન્ ચોરને કોઈપણ પ્રકારે સહાય કરનાર ચોર જ છે તેથી આપ મારૂ બધુ ધન લઈ લો. રાજા બોલ્યો તુ શેનો અપરાધી અપરાધ તો તારા છોકરાનો છે તું શેનો અપરાધ કર્યો માટે તું શાંત થા. તારૂ ધન હમેંશ માટે અમારા તાબામાં જ છે. તુ ઉધ્વેગ કર્યા વગર ઘરે જા અને રાજાએ શેઠને પાન દેવરાવ્યું અને એ રીતે રાજમાન પામેલો શેઠ પોતાને ઘેર પાછો ફર્યો. બરાબર આ જ વખતે જેને ઘેર ચોરી થઈ હતી તે સોમશેઠ આગળ છે જેમાં તેવુ મહાજન ''અન્યાય અન્યાય'' એમ કરતુ રાજ દરબારમાં પેઠુ અને રાજા પાસે બહુમૂલ્ય વસ્તુઓની ભેટ ધરી અને રાજાને પગે પડી વિનંતી કરી કે હે દેવ આ તો ભારે અનુચિત થયુ છે. આપ વિજયવંત વર્તો છો ચારે બાજુ કોટવાલો ચોકી કરે છે છતાંય ધન અને ઘરવખરી લુંટાઈ જાય એ કેવુ કહેવાય ? રાજા બોલ્યો અરે કોટવાળ આ શું હકિકત છે ? કોટવાળ બોલ્યો બીજે ક્યાંયથી પણ ચોર આવી ચોરી કરી ગયો હોય તો અમે ભરી દઈએ રાજા બોલ્યો : શું ત્યારે નગરમાં જ ચોરો વસે છે. આમ કરી તુ વાણીયાના મહાજનનેજ ચોર ઠરાવવા માગે છે તે ઠીક નથી. આ વિશે મહાજન જ જે કહેવુ હોય તે કહે અને જણાવે કે કેટલુ ધન ચોરાઈ ગયુ છે ? પછી બરાબર વિચાર કરી મહાજન બોલ્યુ હે દેવ પચીશ હજાર સોનૈયા ચોરાઈ ગયા છે. ત્યાર પછી રાજાએ તેટલુ જ પચીશ હજાર સોનૈયા જેટલુ સોનું મંગાવી મહાજનને દેવડાવ્યુ તંબોલ વગેરે મુખવાસ અપાવી મહાજનનો આદર કરી તેણે વળાવ્યું.

આ તરફ રાજાએ શ્રીગુપ્તને બોલાવ્યો અને કહ્યું: અરે નાદાન તારા બાપની શરમને લીધે જેમ તને દંડ આપતો નથી તેમ તું ફાટતો જાય છે. માટે સોમ શેઠનું જે ધન ચોર્યું છે તે બધુ તેને પાછુ આપી દે. અને તારી જાતને ચોર તરીકે જાહેર કરી દે તો બચીશ. શ્રી ગુપ્ત બોલ્યો હે દેવ ! અમારા કુળમાં કોઈએ આવુ અકાર્ય કરેલુ છે. માટે કોઈએ આપને ભરમાવ્યા છે. વધારે મારે બચાવમાં બોલવાથી શું ? હું પછી જ પાણી પીશ જ્યારે હું નિર્દોષ શુધ્ધ છું તેવી મને ખાત્રી થશે.

રાજાએ જુગારીઓના મુખીને બોલાવીને પૂછયુ ? હે ! સાર્થવાહ આ છોકરાએ કેટલુ ધન હારેલુ હતુ ? મુખી બોલ્યો હે દેવ ! દશ હજાર પરંતુ તે આણે હમણા તો ભરી દીધા છે. પછી રાજા બોલ્યો: અરે શ્રીગુપ્ત ! તારા ઘરમાંથી તો તને એકપાઈ પણ મળે તેમ નથી તો આ દશ હજાર સોનૈયા ક્યાંથી લાવીને ભર્યા ? તે (છોકરો) બોલ્યો હે દેવ ! આપની કૃપાથી હજી સુધી તો મારા પિતા પાસે હું જેટલુ ભોગવી શકુ તેટલુ ધન તો છે જ. રાજા બોલ્યો ઘરમાંથી તો હવે તને એક પાઈ પણ મળે તેમ નથી. માટે સાચુ બોલ કે તું ધન ક્યાંથી લાવ્યો ? આપને મારા ઉપર અવિશ્વાસ જ હોય તો કૃપા કરીને મારી પાસે કોઈ દિવ્ય જ કરાવો અર્થાત્ મારી પાસે ધગધગતો લોઢાની ખંભી ઉપડાવો, ધગધગતા તેલમાં હાથ બોળાવો અથવા ધગધગતા કોયલા મારા હાથમાં આપો. આ સાંભળીને છતી આંખે જોયેલી હકીકતને પણ ખોટી પાડતો હોવાથી છોકરા ઉપર રાજાને ભારે કાળ ક્રોધ ચઢ્યો. આથી ન્યાય આપનારાઓને ધર્માધિકારીઓને બોલાવ્યાં અને કહ્યું: દેવમૂર્તિની સામે આ દુષ્ટ પાસે ધગધગતા તપેલા લોઢ નું ફળ પકડાવો અને એ શુધ્ધ છે કે નહીં એવો નિર્ણય કરી પાછો મારી પાસે આણો: 'જેવો આપનો હુકમ' એમ કહી ધર્માધિકારીઓએ, એને દેવમૂર્તિના સામે લઈ જવા ઉપાડ્યો એટલામાં શ્રી ગુપ્તે રાજાને વિનંતિ કરી હે દેવ આ પ્રસંગે સામું માથુ આપે એવો કોણ આવે તેમ છે ? અર્થાત્ હું સાચો નીવડું તો પછી મે પકડેલુ ધગધગતુ ફળ મારે બદલે કોણ પકડવાનો છે ? ક્રોધથી જેના ભવાં ખેચાઈ ગયા છે તેવો રાજા બોલ્યો

અરે હું જ સામું માથુ આપવાનો છું. અર્થાત્ તારે બદલે હું પોતે જ ધગધગતુ લોઢાનુ ફળ મારે હાથે પકડી મારૂ માંથુ આપવા તૈયાર છું. ''જ્યાં રાજા ઉઠીને પોતે જ સામું માથુ આપવાની વાત કરે ત્યાં પછી ન્યાયની વ્યવસ્થા ન ટકી શકે.'' એ રીતે ઉતાવળું ઉતાવળું બોલતા એ શ્રીગુપ્તને પેલા કાયણિકો ન્યાય આપનારા દેવમંદિર ભણી લઇ ગયા. કપડાબોળ તેને નવરાવ્યો અને જવાળાઓના સમૂહ જેવુ લોઢાનુ ફળ ખૂબ ખૂબ તપાવ્યું. શ્રીગુપ્ત પોતાના વાળ છૂટા મૂક્યા પહેલાં તે કોઇ સિધ્ધ પુરૂષની પાસે અગ્નિને થંભાવી દેવાની કરામત શીખ્યો હતો એ કરામતને તેણે આ પ્રસંગે અજમાવી અથવા હાથમાં ગમે તેવું ધગધગતું લીધુ હોય તો તેનાથી લેશ પણ દઝાય નહી અને ઉલટું એ, આપણને હિંમ જેવું શીતળ લાગે. એવી અગ્નિસ્તંભની વિદ્યા શીખ્યો હતો. આ પ્રસંગે શ્રીગુપ્તે એ વિદ્યાને સંભારી અને પછી એ હું સાચો હોઉ તો આ ફળ મને દઝાડશે નહી. એમ બધા લોકોની સમક્ષ મોટે અવાજે બોલ્યો ત્યાર બાદ ધર્માધિકારી લોકોના દેખતા એણે આદરપૂર્વક પોતાને હાથે એ ધગધગતા લોઢાના ફળને ઉપાડ્યું. પરંતુ રોમ માત્ર પણ દાઝયો નહી. ઉલટું એ ફળ બરફ જેવુ ઠંડુ લાગ્યુ ન્યાયાધિસે તેની બન્ને હથેળી તપાસી તો જાણાયુ કે એવી ને એવી જ ચોકખી છે. ફોલ્લો સરખો પણ ઉપડયો નથી. પ્રેક્ષકોએ તાળી પાડી અને - 'આ શુધ્ધ છે- આં શુધ્ધ છે' એવી ઘોષણા ત્યાં જોવા માટે નિમાયેલા પરિક્ષક બાહમણોએ કરી. તે સાંભળીને રાજા તો ચોંકી ઉઠયો અને 'પોતે માથુ આપશે' તેવી જે વગર વિચાર્યે કરેલ પ્રતિજ્ઞા બાબત વિચારવા લાગ્યો. જો હું દંડ ન આપુ (મને) તો રાજા સત્યવાદી હોય છે તે પ્રવાહ ધૂળમાં મળશે, ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ એ ત્રણ માર્ગોની વિભાગ પણ મટી જાય નીતી વગરના માણસે જીવીને શું કરવું ? જો મરવાનુ ચોક્કસ છે તો હમણા જ મરી જવુ ઉત્તમ છે. દેવ-ગુરૂને સવિશેષ પણે યાદ કરી પોતે કરેલ મરવાનો નિશ્ચય પ્રધાનોને જાણાવ્યો. પ્રધાનો શોકાતુર બન્યા અને કહેવા લાગ્યા : હે દેવ ! તમારે આ માર્ગ યોગ્ય નથી- અર્થાત્ તમારે માથે આખા ભૂમંડળનો ભાર છે. એટલે મરવાનો વિચાર કરવો ઉચિત નથી વળી, નગરમાં મોટા મોટા ઘરોમા વાત ફેલાતી શ્રીગુપ્તના પિતાએ પણ સાંભળી જમાનુ અડધુ મુકીને રાજસભામાં આવી રાજાને કહેવા લાગ્યો. આ બધાનો મુળ હું છું આપતો ''ઘાત જીવો'' અને મને તે સજા (આપની) ભોગવવા દો રાજા બોલ્યો - સાર્થવાહ ! સારૂ સારૂ તારી રાજ ભક્તિ સ્વામીભકિત વિશે વધારે શુ કહેવુ. આ વખતે રાજાના મહામંત્રીએ શેઠને પૂછયું તમે તમારા પૂત્રની અનિષ્ઠ પ્રકૃત્તિ સંબધી રાજાને વાત સંભળાવી તે શું અટકળ કરીને સંભળાવી હતી ? કે નજરે જોયેલી વાત સંભળાવી હતી. શેઠ બોલ્યો:

ચન્દ્રમાં કદાચ આગનો વરસાદ વરસાવવા મંડી જાય કોઈકાળે સુર્ય સંસારમાં બધે અંધારૂ ભરી દે સમુદ્ર ભલે કદાચ સૂકાઇ જાય તો પણ અમારૂ વચન ખોટુ નીકળતુ નથી માટે મારા વચનને વિશે વિકલ્પ શંકા ન રાખો અને આ સંબધમાં જે કરવુ ઘટે તે જ કરો. એ રીતે શેઠના વચનની સત્યતા સાંભળી તીક્ષ્ણ બુધ્ધિ વાળા મંત્રીઓએ વિચાર કરી રાજાને કહ્યું શેઠનુ વચન સાચુ છે તો એ છોકરો લેશ પણ દાઝયો નહી તેનું કારણ તેની કોઇ પ્રકારની યાંત્રિક યા બીજી જાતની આ સંબધમાં કરામત હોવી જોઇએ. તે આ છોકરા પાસે ફરીવાર દિવ્ય પ્રયોગ કરાવવો અને એવા સમક્ષ કરાવવો જે વિશેષ પ્રકારે મંત્રવાદી હોય આથી ધૂર્તની પોલ પકડાઇ જશે.

**- વધુ આવતા અંકે**

> સ્વાર્થ માટે થાય તે વાદ કહેવાય છે. હઠાગ્રહ સિધ્ધ કરવાં થાય તે વિવાદ કહેવાય છે. સ્નેહિજનો માટે બચાવાનું થાય તે સંવાદ છે. પરંતુ આત્મા માટે થાય તે પરિસંવાદ છે. પ્રતિક્રમણએ પ્રતિસંવાદ છે. તેનું ચિંતન કેવળજ્ઞાન પામવા માટે પગથિઆ છે.

# ટેકીલો ત્રિકમ તરગાળો

* પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

આજથી આઠેક દાયકા પૂર્વેના સોરઠ દેશમાં ત્રિકમ તરગાળો એક મોટું નામ કામ હતું. એનું નામ પડતું, ત્યાં જ એનું કામ નિહાળવા હક્કેઠઠ મેદની ઉભરાતી. ઇતિહાસને સજીવન કરવા દ્વારા સંસ્કાર-પ્રધાન મનોરંજન પીરસવું એ એનું કામ હતું. અભિનય, પાત્રસૃષ્ટિ, સંવાદો અને વાતાવરણ આદિને એ એવી રીતે સજીવન બનાવતો કે જેથી એના નાટકો માત્ર નાટકે એવું તકલાદી આયોજન ન બની રહેતા, પણ ન અટકે એવી એક સંસ્કાર-સરવાણી બની રહેતા.

ત્રિકમ તરગાળાની મંડલી સોરઠમાં તો ખૂબ જ પ્રખ્યાત અને પ્રિય હતી. એક દહાડો ત્રિકમ તરગાળો નવાનગરના ધણી જામબાપુ પાસે જઇ ઉભો. એમનાં ચરણને છબીને એણે કહ્યું: બાપુ ! આપના રાજમાં આવ્યો છું. ના ટકે એવા 'નાટક' નહિ, પણ જેમાંથી વહેતી સંસ્કારની સરવાણી ન અટકે, એવા નાટકો હું ભજવું છું. આપની અનુમતિ હોય, તો મારે 'રામાયણ'ની રજૂઆત કરવી છે.

જામબાપુ આ સાંભળીને ખુશ ખુશ થઇ ગયા. એક તો રામાયણ જેવા રસિક-પાત્રો અને એની રજૂઆત પાછી ત્રિકમ તરગાળાની મંડળી દ્વારા ! પછી રસની જમાવટમાં શી કમીના રહે ? બાપુએ પ્રસન્ન થઇને રજા આપતા નાટકની તડાપાર તૈયારીઓ ચાલુ થઇ ગઇ. એ તૈયારી જ વગર જાહેરાતની જાહેરાત બની ગઇ અને આખુ નવાનગર નાટકની ખુશાલીથી ખુશ થઇને રાતની પ્રતીક્ષા કરી રહ્યું.

દરબાર ગઢ જ નાટકનું સ્થળ હતું. જામબાપુ પધારે, એ પૂર્વે તો વિશાળ ચોક હક્કઠઠ થઇ ગયો. પ્રતીક્ષાનો જાણે એક સાગર જ ઘૂઘવી ઉઠ્યો અને નાટકની શરૂઆત થઇ. શરૂઆતથી જ એવી રસ જમાવટ થવા પામી કે, સમય ક્યાં વીતવા માંડ્યો, એની કોઇને ખબર પણ ન પડી. જાણે કલાકમાં જ નાટક પૂરું થઇ ગયું હોય, એવી અતૃપ્તિ અનુભવતી પ્રજાએ જ્યારે નાટકની પૂર્ણાહુતિ બાદ આકાશમાં નજર કરી, ત્યારે સૌને આશ્ચર્ય થયું કે, ઓહ ! શું ચાર વાગવા આવ્યા ? આટલો સમય કઇ રીતે પસાર થઇ ગયો, એની ખબર પણ ન પડી !

ત્રિકમ તરગાળાની કળાને વાહ વાહ કહીને વખાણતી પ્રજા ઘરે ગઇ. પણ સંસ્કારની છલમછેલ વહાવતી રામાયણની એ પાત્રસૃષ્ટિ કોઇની આંખ આગળથી ખસવાનું નામ જ લેતી ન હતી. રામાયણનાં જ સ્વપ્ન જોતા સૌની રાત પસાર થઇ. જામબાપુની પણ આવી જ સ્થિતિ હતી. તરગાળાની કળા પર એઓ એકદમ ઓળઘોળ બની ગયા હતા. આનો પડઘો રાજદરબારના પ્રારંભે જ પડ્યો. દરબારની હજી તો શરૂઆત થઇ, ત્યાંજ જામબાપુએ જાહેર કર્યું.

''ગઇકાલની રાત હજી ભૂલાતી નથી. કેવી ભવ્ય એ નાટક-કળા ! નાટકો તો ઘણાં જોયા, પણ એ બધા ત્રિકમ તરગાળાના આ નાટકથી હેઠ.. ત્રિકમ તરગાળો સોરઠની કલાસૃષ્ટિનો બેતાબ બાદશાહ છે એને રાજ્ય તરફથી સવા લાખ કોરીનુ ઇનામ આપવામાં આવશે.''

પ્રજા તો આ નવાજેશ સાંભળીને ખુશ ખુશ થઇ ગઇ, પણ આ સાંભળીને દીવાનની આંખ ફાટી ગઇ. એક તરગાળાને આવો શિરપાવ ? એણે જામબાપુને વિનવ્યા. આપની ઉદારતાને તો ઘણી ખમ્મા પણ બાપુ ! છાણના દેવને તો કપાસિયાની આંખ જ શોભે ! તરગાળો ઇનામ પાત્ર જરૂર છે. પણ આપની આટલી બધી મોટી કૃપા ઝીલવા તો એ ઘણો નાનો ગણાય ! માટે આ અંગે ફરી વિચારણા કરવા મારી

વિનંતિ છે.

જામ બાપુ થૂંકેલું ફરી ચાટે એવા ન હતા. એમણે કહ્યું દીવાના મારા મોઢામાંથી સવા લાખ કોરીનું વેણ નીકળ્યું, તે નીકળી ગયું. એમાં હવે કોઈ જ ફેરફાર નહિ થાય માટે આ સવા લાખ કોરીનાં મારે માટે હવ શિવનિર્માલ્ય બની ગઈ. આટલું ધ્યાનમાં રાખીને હવે તમારે જે કંઈ કહેવું હોય, એ બોલો.

દીવાનને થયું કે, સવા લાખ કોરી હવે જ્યારે રાજ કોશમાંથી ઓછી થવાની જ છે તો એ એવી રીતે ઓછી થવી જોઈએ કે, જેથી રાજ્યને પણ કંઈક લાભ થાય અને મારી ઉપકૃતિ હેઠળ કોઈ વ્યક્તિ આવીને મારી ઓશિંગલ બને. દીવાને બાપુને કહ્યું તો બાપુ ! એમ કરો કે, લાખ કોરી આપણાં જસા બારોટને આપો અને બાકીની કોરી તરગાળાને દઈ દો.

બાપુએ કહ્યું: દીવાન ! એ તો તમારે જે રીતે વહેંચણી કરવી હોય, તે રીતે કરી શકો છો. મારું કહેવું તો એટલું જ છે કે, મેં જાહેર કરેલ સવા લાખ કોરીનું ઈનામ ફોક ન થવું જોઈએ કે એમાં એકાદ કોટીનો પણ ઘટાડો ન થવો જોઈએ.

દીવાને જસા બારોટને બોલાવવા તેડું મોકલ્યું. થોડી જ વારમાં બારોટ દરબારમાં દાખલ થયા. એમને આવકાર આપતા દીવાને કહ્યું: આજ તો તમારા આંગણે અકાળે આંબા ફળ્યા ને વાદળ વિનાની વૃષ્ટિ થઈ. આપણા બાપુ આજે તમારી પર ખૂબ ખૂબ ખુશ થયા છે અને લાખ કોરીનું ઈનામ આપવા એઓ તમને આજે યાદ કરી રહ્યા છે.

જસા બારોટને કંઈ જ સમજણ ન પડી કે, આ શું ? અકારણ આવું ઈનામ શા માટે ? અને એ પણ ઓછું નહિ, લાખ કોરીનું ! બારોટે બાપુના પગે પડીને કહ્યું: બાપુ ! આજે કોઈ વાર નથી, કોઈ તહેવાર નથી, કે આપ મારી પર રીઝી ઉઠો, એવું કોઈ કાર્ય પણ મેં કર્યું નથી. માટે હું જાણવા ઈચ્છું છું કે, મારી કઈ લાયકાત પર આપ મારી પર લાખ કોરી વરસાવવા તૈયાર થયા છો ? આપ ઈનામ આપી રહ્યા છો, એ આપની ઔદાર્ય ભરપૂર શોભા છે પણ હું આવું કંઈ જાણ્યા વિના જ હાથ લંબાવી દઉં, તો એમાં મારા ભિખારી વેડા જ છતાં થાય માટે ખુલાસો કરવા વિનંતિ !

બારોટના આ પ્રશ્નો જામબાપુને કંઈ ખુલાસો ન આપવો પડે, એ દૃષ્ટિથી દીવાને જ ખુલાસો કરતા કહ્યું કે, બારોટ ! વાત જાણે એવી બની કે, ગઈકાલે આવેલા ત્રિકમ તરગાળા પર ખુશ થઈને બાપુએ સવાલાખ કોરીનું ઈનામ જાહેર કરી દીધું, ત્યારે મેં કહ્યું: બાપુ ! તરગાળાને આટલો મોટો શિરપાવ ન હોય ! આ સાંભળીને બાપુએ કહ્યું કે, સવા લાખ કોરીનું ઈનામ જાહેર થઈ ગયું છે, એમાં હવે ફેરફારને અવકાશ નથી. વહેંચણી ભલે તમે ગમે તેવી કરો. પણ મારું વચન એ વચન, એને હવે પાછું ખેંચવાની વાત મને મંજૂર નથી. આથી મેં બાપુને કહ્યું કે, આપણે બારોટને લાખ આપીએ અને બાકીની કોરી તરગાળાને આપીએ. બાપુને આ વાત ગમી ગઈ. અકારણ ગણો તો અકારણ અને કારણ ગણો તો કારણ, આટલું જ છે. માટે તો વધામણી આપતા જ મેં તમને કહ્યું કે, તમારા આંગણે આજે અકાળે આંબા ફળ્યાં !

દીવાનનો આ ખુલાસો સાંભળીને જસા બારોટ કોઈ જુદા જ વિચારે ચડ્યા: આ રીતે તરગાળાના પેટ પર પાટુ મારીને આ ઈનામ મારાથી ન જ લઈ શકાય ! હું કંઈ ભિખારી નથી, હું તો બારોટ છું. બારોટ કદી કોઈના પેટ પર પાટુ ન મારે. મનોમન નિર્ણય લઈ લઈને બારોટે કહ્યું: દીવાન જામબાપુએ જે ઈનામ તરગાળાના નામ પર જાહેર કરી જ દીધું છે, એમાંથી એક કોરી પર પણ નજર ઠેરવવાનો મારો અધિકાર ન ગણાય. તરગાળાના પેટ પર પાટુ મારીને હું મારો પટારો ભરું, તો હું બારોટ નહિ, બદમાસ ગણાવું. માટે આ ઈનામ ભલે તરગાળાના ભાગ્યને ચમકાવી જાય. મારા માટે તો આ પરધન પથ્થર બરાબર જ છે !

– ક્રમશઃ

# સમાચાર સાર

**પાલીતાણા :** સાચોરી જૈનભવનમાં પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી સમ્યગ્દર્શન વિજયજી મ. આદિ તથા પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂ. મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી ભાવેશરત્ન વિજયજી મ., પૂ. મૂ. શ્રી પ્રશમરત્ન વિ. મ. આદિ તથા પૂ. ઠા. શ્રી માર્ગદર્શિતા શ્રીજી મ. આદિ ઠાણા સમતમલજી જીવાજી વિનાઢરીયા મોકલશર નિવાસી હાલ પુનાવાળા તરફથી ચાતુર્માસ થશે. પ્રવેશ અષાડ સુદ ૨ ના થશે. તે પ્રસંગે શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ રખાશે.

**કારબાકમ્ (પોરુર) :** ચેન્નઈ - ભવ્ય શત્રુંજયગિરિ રચના તીર્થની અંજનશલાકા પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ વદ ૧૧, શનિવાર તા. ૫-૬-૨૦૦૨ થી ૧૩-૬-૨૦૦૨ સુધી ભવ્ય રીતે ઉજવાયો. જૈન કોલેજ સ્ટ્રીટ પુન્નીનગર માં આ શત્રુંજય ગિરિ તીર્થ બનાવ્યું છે.

**અમદાવાદ :** શ્રી કલ્યાણભાઈ મણિભાઈ રાવ પરિવાર તરફથી પૂ. આ. શ્રી વિજય મિમાનંદ સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં વૈશાખ વદ ૩ થી વૈશાખ વદ-૫ સુધી ગૃહમંદિરમાં ધ્વજ દંડ કળશ પ્રતિષ્ઠા નિમિત્ત ઉત્સવ યોજાયો. વિધિ માટે સાગુંદથી કામદેવભાઈ ભોગીલાલ પધાર્યા હતા.

ગોદાવરી ભીડંભજન જિનાલયે પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂ. મ. આદિની નિશ્રામાં વૈશાખ વદ ૭, સ્વ. સુમતિલાલ નેમચંદ પરિવાર તરફથી વીશ સ્થાનક પૂજન ભણાવાયું.

**સુરત :** પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આદિ અત્રે વૈશાખ સુદ ૪, ગુરૂવાર પધારતાં ગોપીપૂરા શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વર આરાધના ભવન તરફથી સામૈયું થયું. પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. આદિ સાથે પધાર્યા હતા. તેમની નિશ્રામાં ત્રણ દિવસ વાંચન શ્રેણીનું આયોજન હતું. સામૈયા બાદ પ્રવચન અને ઓસવાળ મિત્ર મંડળ તરફથી ૫-૫ રૂા., એકભાઈ તરફ ૧-૧ રૂા. ની પ્રભાવના થઈ હતી. બે દિવસ સ્થિરતા કરી હતી. ત્યાંથી નાનપુરામાં પધારતાં પ્રવચન પ્રભાવના થયા હતા. સુદ ૭ ના ભટાર રોડ પધારતાં હાલારી ઓસવાળ મિત્ર મંડળ તરફથી સામૈયું થયું તથા પ્રવચન બાદ પ્રભાવના થઈ. વદ ૮, સોમવાર શાસ્ત્રી નગર ઉધના પધારતાં સંઘ સામે આવ્યો. શ્રી અરવિંદભાઈ નંદલાલ ગભરૂભાઈ તરફથી બેંડ સાથે સામૈયું થયું. તેમને ઘેર મંગલિક સંભળાવી પ્રભાવના કરી ત્યાંથી ૧ કલાક પછી વિહાર કરી હરિનગર-૨ પધારતા ૯ વાગ્યે બેંડ સાથે સામૈયું થયું. શ્રી પ્રકાશ ચંદ્ર મણીલાલ શાહ તરફથી પ્રવચન બાદ શ્રીફળની પ્રભાવના થઈ.

વદ ૯ ના સચીન જી. આઈ. ડી. સી., ભીવંડી ગ્રુપમાં પધારતાં બધા ભાવિકો સારા પ્રમાણમાં સામૈયામાં જોડાયા. બધે ફરીને નરેશનભાઈને મકાને આવતાં ત્યાં પ્રવચન થયું અને સંઘપૂજન થયું. બધે બહુ ઉત્સાહ હતો. સંખ્યા પણ સારી થઈ હતી.

વૈશાખ વદ ૧૧, ગુરૂવાર ના પૂ. શ્રી નવસારી પધારતા શેઠ રમણલાલ છગનલાલ આરાધના ભવન તરફથી સામૈયું થયું. પ્રવચન બાદ સંઘપૂજન થયું. પૂ. શ્રી જેઠ સુદ ૩ વાપી, જેઠ વદ ૩ બોરીવલી પધારશે ત્યાંથી મુંબઈ જઈને થાણા થઈ ભીવંડી પધારશે.

# વસુદેવ હિંડ ચરિત્ર અંતર્ગત મદનવેગા લંભક

લભ્ ધાતુ ઉપરથી લંભક શબ્દ બન્યો છે. વસુદેવ સો વર્ષ ફરીને બહોતેર હજાર સ્ત્રીઓ પરણ્યા છે. તેમાં મુખ્ય મુખ્ય સ્ત્રીઓ કેવી રીતે મેળવી તેનું એકેક લંભક આપ્યું છે. ઘણી વિદ્યાધર કન્યાઓ પરણ્યા છે પૂર્વભવમાં કરેલા તપના નિયાણાથી ચક્રવર્તિ કરતાં અધીક સ્ત્રીઓના સ્વામી બન્યા છે. રામચંદ્રજી એ વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું. તે સાથે તેમનું મૂળ રહેઠાણ વૈતાઢ્યગિરિ પર આવેલ અરિંજયપુરનું રાજ્ય પણ આપ્યું હતું. તે વિભીષણના વંશમાં વિદ્યુત્વેગ નામે રાજા થયો. તેની વિધુત્પ્રભા નામે દેવીથી દધિમુખ, દંડવેગ ને ચંડવેગ નામે ત્રણ પુત્ર તથા મદનવેગા નામે પુત્રી થઈ. કોઈ એકવાર રાજાએ નૈમિતિકને મદનવેગાનું ભવિષ્ય પુછતાં તેણે કહ્યું કે તે કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવની ભાર્યા થશે તે તેની માનીતિ અને પુત્રને જન્મ આપનારી થશે. રાજાએ કહ્યું કે તે પુરૂષને મારે કેવી રીતે ઓળખવો ? નૈમિતિકે કહ્યું કે 'તમારો પુત્ર દંડવેગ વિદ્યા સાધન કરતો હોય તેના ઉપર જે પડે તે કન્યાનો પતિ જાણવો. તેનાથી દંડવેગને વિદ્યા સિદ્ધ થશે. એમ કહી નિમિત્તિઓ ગયો. હવે દિવિતિલક નગરમાં ત્રિશેખર રાજા ને સુર્પણખા દેવીથી હેફગનામે પુત્ર થયો. તે રાજા સાથે વિદ્યુત્વેગ રાજાને લાંબા કાળથી વિરોધ ચાલે છે.

એક વખત તે મોટું સૈન્ય લઈ ચઢી આવ્યો ને વિદ્યુત્વેગને જીવતાં પકડી લઈ કેદમાં નાખ્યો. તેનું રાજ્ય તે ભોગવવા લાગ્યો. વિધુત્વેગનું કુટુંબ નાસીને પર્વત પર વસ્યું. ત્યાં દંડવેગ વિદ્યા સાધવા લાગ્યો. અચાનક વસુદેવ તે વિદ્યા સાધનાર દંડવેગ પર પડ્યો. એટલે નૈમિતિકના કહેવા મુજબ મદનવેગાના પતિ જાણી તેના ભાઈઓએ પોતાની બ્હેન વસુદેવ સાથે પરણાવી. હવે પછીની વાત વસુદેવ પોતે કહે છે. અરિંજયનુ રાજ્ય પાછું લેવા વસુદેવને વિનંતી કરવાં વસુદેવે વિચાર્યું કે ત્રિશેખર રાજા માયાવી ને અસ્ત્ર વિશારદ હોઈ તેને જીતવો મુશ્કેલ છે. તો તેને જીતવા મારે અસ્ત્રવિધા સાધી તૈયાર થવુ જરૂરી છે. એવામાં ત્રિશેખરને ખબર પડતાં તે લડવા માટે આવ્યો. હું કવચ પહેરી રથમાં બેઠો. દધિમુખ મારો સારથી થયો. દંડવેગ ચંડવેગને યોદ્ધાઓ લડવા તૈયાર થયા. ઘણી મહેનતે મેં તેનું મર્મસ્થાન ભેદ્યુ. તેથી તે ધરતી પર પડયો. તે જાણી હેફગ પરિવાર સહિત નાસી ગયો મેં નગર કબજે કર્યું. વિદ્યુત્વેગ રાજાને છોડાવ્યો. પછી હું અરિંજયપુરમાં રહેવા લાગ્યો. દધિમુખ મારી સેવા કરતો હતો.

એવામાં મદનવેગા સગર્ભા બની. એક વખત તે મારી પાસે આવી મેં વેગવતી કહી તેને બોલાવી તે શોક્યની ઈર્ષ્યાથી મારા પર કોપાયમાન થઈને કહે કે 'જેનું નામ તમે લીધું તેની પાસે જાઓ મેં તેને ઘણી મનાવી પણ તે સમજી નહિ. બે ઘડી થતાં મદનવેગા પ્રસન્ન મુખવાળી બની મારી પાસે આવી. એટલામાં બહાર કોલાહલ થતો સાંભળી મહેલ સળગ્યો છે એમ કહી તે ઉઠી, મેં પણ અગ્નિ જોયો. મને ઉપાડી તે આકાશમાં ઉડી પણ પછી મને છોડી દીધો. મને પકડવા ઈચ્છતા માનસવેગને મેં જોયો. મદનવેગાએ આવી માનસવેગને નસાડી મુકયો. હું નીચે ઘાસની ગંજી પર પડયો. થોડીવાર પછી મેં જરાસંઘ ના ગુણ ગાતા માણસોને જોયો. તેમને પુછતાં તેઓએ કહ્યુ કે 'આ રાજગૃહ નગર છે. અહિ બૃહદ્રથનો પુત્ર જરાસંઘ રાજ્ય કરે છે. હું વાવમાં હાથ પગ ધોઈ નગર ગયો. નગરની સમૃદ્ધિ જોતો હું ધુતશાળામાં ગયો. ત્યાં કરોડોની હારજીત થતી હતી.

તેમની સાથે ધુત રમતમાં હું એક કરોડ જીત્યો તેમાંથી ઘણું દ્રવ્ય મેં યાચકોને આપ્યું. એવામાં રાજપુરૂષો આવી મને રાજા બોલાવે છે. એમ કહી લઈ ગયાં. એકાંતમાં જઈ મને મજબુત રીતે બાંધ્યો

મેં કહ્યું કે 'મારો શો અપરાધ છે કે મને મારો છો ? તેઓએ કહ્યું કે ''રાજાને કોઈ નિમિતકે કહ્યું હતું કે કાલે તારા શત્રુનો પિતા અહિં આવશે. તેની નિશાની એ કે ધુતમાં કરોડ જીતીને યાચકોને આપશે ? આ તારો અપરાધ છે. મેં વિચાર કર્યો કે પૂર્વકૃતકર્મ ભોગવે જ છુટકો થશે. થોડો વારમાં રાજપુરૂષો મને ચામડાના કોથળામાં ઘાલી ઘાણે દુર વાહનમાં બેસાડી લઈ ગયા એને છિન્ન કંટક પહાડની કરાડમાં નાખ્યો. આને કોઈએ ઝીલી લીધો છે. એવા શબ્દ મેં સાંભળ્યા.

મેં ચાર શરણાં અંગીકાર કર્યાં. હું ચામડાના કોથળામાંથી નિકળ્યો તો વેગવતીને રડતી જોઈ. તે કહેવા લાગી. પૂર્વે કેવું કર્મ આપે કરેલ જેથી આવુ દુઃખ પામ્યા. મેં કહ્યું બરાબર છે કર્મ કોઈને છોડતું નથી. પણ તેં મને શી રીતે જાણ્યો અને અહિં કેવી રીતે આવી. તેણીએ કહ્યું કે 'હું ઉંઘમાંથી જાગી પણ આપને શયનમાં જોયા નહિં હું રોવા લાગી. મેં વિચાર્યું કે મારો ભાઈ માનસ વેગ આપનું હરણ કરી ગયો હશે. મેં રાજાને ખબર આપી. તેઓએ કહ્યું કે તારી પાસે વિદ્યાઓ છે. તેનો જાપ કરી તારા પતિનું વૃતાંત જાણી લે. મેં તેમના કહેવા મુજબ કર્યું. આપનું વૃતાંત જાણી મારા પિતાને કહ્યું કે મારા પતિ હાલ સુખમાં છે. મદનવેગાને પરણ્યા છે. પિતાએ કહ્યું કે તું સર્વત્ર જઈ શકે છે. તો જઈને તેમને મળી લે. મેં કહ્યું કે 'સપત્નિ પાસે જવાનું મારે માટે યોગ્ય નથી. આપને ત્યાં રહેતાં મને શું દુઃખ છે. મહાપુરમાં આ રીતે હું આપના સમાગમની ઈચ્છાએ દિવસો ગાળતી હતી.

તેવામાં એક વખત આપના દર્શનની ઈચ્છાએ દેવીની રજા લઈ હું મદનવેગાના મહેલમાં આવી. તમે મદનવેગાને મારૂં નામ દઈ બોલાવી. તેથી મને સંતોષ થયો. પણ તે રોષ પામી ચાલી ગઈ. પછી અગ્નિ વિદ્યાવીં તમારો વધ કરવાની ઈચ્છા રાખતી. હેફગની બહેન મદનવેગાનું રૂપ ધારણ કરી તમને ઉપાડી લઈ જવા લાગી તે મારાથી અધિક વિદ્યાવાળી હોવાથી હું માનસવેગાનું રૂપ ધરી તમને બચાવવા હાથ પહોળા કરી ઉભી રહી. તેણીએ કહ્યું કે 'દાસ માનસવેગ મારા સ્વામીને મારવા ઈચ્છે છે ? એમ કહી તમને મુકીને મારી પાછળ દોડી. હું દોડીને જિનગૃહે પહોચું તે પહેલાંજ તે પાપીણીએ મને પ્રહાર કર્યો. મારી વિદ્યાઓ હરી લીધી. અને ચાલી ગઈ. રડતાં મેં આપની શોધ કરવાનું ચાલુ રાખ્યું. એટલામાં મેં આકાશવાણી સાંભળી કે તારો પતિ છિન્નકટક પહાડ ઉપરથી પડે છે. માટે શોકનો ત્યાગ કર. મેં અહિં આવી ચામડાનો કોથળો પકડી લીધો. આપ તેમાંથી નિકળ્યા. મારી વિદ્યાઓ ભલે ગઈ પણ આપ મળ્યા તેનું સુખ વધુ છે. પછી અમે પાંચ નદીના સંગમ પાસે આવેલા આશ્રમ પદમાં ગયા ત્યાં એક વખત શ્યામ શીલા પર બેઠેલી નાગપાશ વડે બંધાએલી બાલચંદ્રાને જોઈ. વેગવતી એ તેની ઓળખ આપી. વેગવતીના કહેવાથી મેં તેને બંધનમુક્ત કરી. તેણીએ કહ્યું કે આપે જીવીતદાન આપી મહાન ઉપગાર કર્યો છે. અમારા કુળમાં દુઃખપૂર્વક સાધી શકાય એવી મહાઉપસર્ગવાળી મહાવિદ્યાઓ આપના પ્રભાવથી સિદ્ધ થઈ છે. મારા પુછવાથી તેણીએ પોતાનો સમગ્ર વૃતાંત નીચે મુજબ કહ્યો.

આ ભરતની વૈતાઢ્યની બન્ને શ્રેણીનો વિદ્યુત્દંષ્ટ્ર નામે રાજા હતો તેણે પૂર્વ ભવના વૈરથી પશ્ચિમ વિદેહમાંથી પ્રતિમાધારી સાધુને આ પર્વત પર લાવી વિદ્યાધર રાજાઓને મારી નાખવા આજ્ઞા કરી. તેઓ મારવા તૈયાર થતાં જ ત્યાં થઈને જતા ધરણેન્દ્રે જોયું. નાગરાજે વિદ્યાધરોની વિદ્યા પડાવી લીધી ત્યારે ભય પામેલા વિદ્યાધરોએ કહ્યું કે ''અમો અમારા સ્વામી વિદ્યુદંષ્ટ્રના આદેશથી અકાર્ય કરતા હતા અમારો ગુન્હો માફ કરો, નાગરાજે શાંત થઈ કહ્યું કે પશ્ચિમ વિદેહમાં સર્લ લાવતી વિજયની વિતશોકાનગરીના સંજયને સત્યશ્રી દેવીથી સંજયંત અને જયંત નામે બે પુત્રો થયા. સંજય રાજાએ સ્વયંભુ તીર્થંકર પાસે વૈરાગ્ય પામી બન્ને પુત્રો સહિત દીક્ષા લીધી. સંજયરાજા કર્મ ખપાવી મોક્ષે ગયા.

- ક્રમશ:

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદિવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❖ આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે, પણ એ બરાબર નથી. શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય, તો એનું સમાધાન કરવું જ જોઈએ, નહિ તો શંકાશીલ રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય! ભગવાનની વાણી સર્વના સંશયો છેદનારી હતી, છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતા કેમ રોકી શકે? એની વાણીમાં ક્યાં સર્વના સંશયોને છેદનારી લબ્ધિ છે? હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

❖ તમારી સુખમસ્તી જોઈને દુઃખીને સુખી બનવાનું મન થાય છે, પણ તમારો ધર્મ જોઈને અધર્મીને ધર્મી બનવાનું મન થતું નથી. કારણ કે તમારા ધર્મમાં મસ્તી-ખુમારી જેવા તત્ત્વનો મૂળથી અભાવ હોય છે.

❖ આ જૈન શાસનમાં તો સમતા પૂર્વક દુઃખ સહન કરનારા એવા એવા મહાત્માઓ થઈ ગયા કે, એમની સમતા જોઈને, એમને દુઃખી કરવા આવનારા પણ ધર્મ પામી ગયા. આવું જૈન શાસન તમને વારસામાં મળ્યું હોવા છતાં તમે સુખ ભોગવતા એવા પાગલ-લીન બની જાઓ છો કે, તમને સુખસામગ્રી આપનારા પણ અધર્મ પામી જાય.

❖ આપણે ત્યાં અનેક મહાપુરુષોએ શરીરને સૂકવી નાખીને આત્માને એવો માલદાર બનાવ્યો કે જેથી તેવા મોક્ષે પહોંચી ગયા. તમે સૌ શરીરને માલદાર બનાવવા આત્માની એટલી હદે ઉપેક્ષા કરો છો કે, આત્મા દૂબળો જ નહિ, મૃતપ્રાયઃ જેવી અવસ્થાનો ભોગ બની ગયો છે. અને એથી તમારે દુર્ગતિના પનારે પડવાનો વખત આવશે. તોય તમારી નજર શરીર પરથી હઠતી નથી.

❖ સમકિતી એ ગણાય, જે દુઃખને સહન કરવા જેવું માને. શ્રાવક એને કહેવાય, જે દુઃખને સહન કરવાની ટેવ પાડતો હોય, અને સાધુ એને કહેવાય, જેને દુઃખ સહન કરવામાં જ મજા આવતી હોય.

❖ આજે અમે તમારા જેવા શ્રોતાઓની આગળ વ્યાખ્યાન તો કરીએ છીએ, પણ અમારે બહુ સાચવી-સાચવીને બોલવું પડે છે. અમને એમ થાય છે કે, હે ભગવાન! જે લોકોમાં જિજ્ઞાસા નથી, એવાની સામે બેસીને અમારે વ્યાખ્યાન કરવાનું ક્યાં આવ્યું? પરંતુ પાછું ભગવાનનું વચન યાદ આવી જાય છે કે, શ્રોતાને લાભ થાય કે ન થાય, પરંતુ હિતબુદ્ધિથી પ્રભુ આજ્ઞા મુજબ બોલનારને તો એકાંતે લાભ જ છે. ઘણામાંથી એકાદ પણ પામી જાય, તો અમારી મહેનત સફળ! એવી આશાએ અમે વ્યાખ્યાન કરીએ છીએ.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

## અઠવાડિક

### શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

**જિનાગમનો સાર**

अहिंसाध्यानयोगश्च रागादिनांविनिग्रहः ।
साधर्म्मिकानुरागश्च सारमेतज्जिनागमे ॥

('ઉપમિતિ', સારો દ્વાર)

**અહિંસા, શુભ ધ્યાન, શુભયોગ, રાગાદિનો વિનિગ્રહ અને સાધર્મિકો પ્રત્યેનો હૈયાનો અનુરાગ આ જ શ્રી જિનાગમનો સાર છે.**


## શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુતજ્ઞાનભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.
(સૌરાષ્ટ્ર) INDIA. PIN-361 005
PHONE : (0288) 770963

વર્ષ ૧૪

અંક ૪૨



आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

8977

# અગડ્મ-બગડ્મ

જામી







| | |
|---|---|
| It was hard to decied every day what saree to wear, what ornament to put on, so ? bought this computer. | Shamjibhai, Dont's be afraid; you can charge the rates as per your wish ! You don't need to be afraid of the government or public |







| | |
|---|---|
| Sir this people wants you to [illegible] their new wi[illegible] | Hello Mona's Mom, Don't unpack the laugage I have got transferred again |

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વાર્ષિક રૂા. ૧૦૦ • આજીવન રૂા. ૧૦૦૦ • પરદેશ રૂા. ૫૦૦ • આજીવન રૂા. ૬,૦૦૦

વર્ષ : ૧૫ ❖ સંવત ૨૦૫૮ અષાઢ વદ ૮ મંગળવાર, તા. ૩૦-૭-૨૦૦૨ અંક : ૪૨

## ધાર્મિકતાના નામે ભ્રમનો પ્રચાર

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

આત્મા શાશ્વત છે. શરીર નાશવંત છે. આત્માના ગુણો જ્ઞાન આદિ છે. શરીરના ગુણો રૂપ આદિ છે. આત્માના ગુણો ભવોભવમાં સહાયક છે. શરીરના ગુણો આ ભવમાં પણ આત્માને સહાયક બને અને ન પણ બને. વિવેકી જીવ શરીર દ્વારા આત્માનું સાધન કરે છે. અવિવેકી જીવ શરીર દ્વારા આત્માને વિરાધનમાં મુકે છે.

આ લોકની લાલસા માટે ભ્રમમાં પડનારા ઘણા છે. પરંતુ ધર્મને નામે પણ ભ્રમમાં નાખવામાં આવે છે. શરીર આદિના સુખ માટે ધર્મ બતાવીને જીવને ભ્રમમાં નાખે છે. ફલ તો કરેલા કર્મને આધારે મળે છે. બાવળ વાવનારને આંબા ન મલે અને આંબા વાવનારને કાંટા ન મળે તે સુવિદિત છે.

***સમકાલીન તા. ૨૦-૯-૨૦૦૨ ના અંકમાં 'શિક્ષણ' વિભાગમાં હિંમતભાઈ મહેતા લખે છે કે–***

'ટી.વી. પરથી બે કે ત્રણ મિનિટની ઈશુની પ્રાર્થના કરવાથી અસંખ્ય દર્શકોના ભયંકર રોગો દૂર થઈ જાય, તેવી ખાતરી પાદરીએ આપી. કદાચ ઘણા દર્શકોએ તે સમયે દુઃખ દર્દવાળા ભાગ પર હાથ રાખી પાદરી બોલતા હતા તેમ સાથે બોલીને પ્રાર્થના કરી હશે ? તેમાંથી સંજોગવશાત્ બે પાંચ જણને રાહત થઈ હોય તો તેનું શ્રેય પ્રાર્થનાને આપી કલિમ્પોગ ઈ મેઈલ પણ કરશે. આવા ઈ મેઈલ અને પત્ર પર પાદરી પોતાનો ધંધો વિકસાવશે.

ટી.વી. પરથી પાદરી દ્વારા પ્રાર્થનાના માધ્યમથી અસાધ્ય રોગ ઈન્સ્ટન દૂર થશે. તેમાં કોઈ તર્ક રહેલો છે ? વિવેક બુદ્ધિ આવું સ્વીકારી શકે ? છતાં આવી ***તર્કહીન ધાર્મિક વાતો માણી શકે છે અને ટી.વી. જેવા વ્યાપક માધ્યમો પણ આવી તર્કહીન વાતોને કાર્યક્રમમાં સ્થાન આપે છે.***

સમકાલીનમાં આવેલી આ વાત વિવેકીઓ તે સ્વીકારે નહિ પરંતુ ધર્મને નામે આવા માધ્યમો પણ ભ્રમ ફેલાવવાનું કામ કરે છે.

તેમ જૈન સંઘમાં રોગી, દુઃખી, આપત્તિવાળા જીવો હોય તેમણે આવી તર્ક હીન વાતોને માનવી ન જોઈએ અને ગરજમાં આવીને ફસાઈ જાય તો તે જાતની અજ્ઞાનતા પ્રગટ કરે છે.

શ્રી જૈન સંઘ પણ જ્યાં સુધી અજ્ઞાન રહેશે ત્યાં સુધી જૈન સંઘમાં પાદરીની જૈન ધર્મના નામે ભ્રમ ફેલાશે અને દુઃખી, દર્દી તેના ભોગ બનશે.

પાદરીની વાત સ્વીકારીએ નહિ પરંતુ જૈન સંઘમાં પણ મંત્ર, તંત્ર, દોરા, દાધા, દેવ દેવીઓની બાધા,

મંત્ર તંત્ર દ્વારા ભ્રમ ફેલાવાય છે. જૈનો તેમજ અનેક જૈન સંઘો પણ તેના ભોગ બને છે. અને તેવા મંત્રો તંત્રો અને દેવ દેવીઓની મૂર્તિઓ વિગેરે જિનમંદિરમાં પણ પધરાવીને અજ્ઞાન અને અવિવેકના ભાગી બને છે.

જેમ પાદરી આવો ભ્રમ ફેલાવે છે તેમ જૈન સંઘમાં સાધુઓ દ્વારા પણ આવા ભ્રમ ફેલાવી પાદરીની જેમ પોતાનો ધંધો ચાલુ રાખે છે. આ જૈન સંઘ અને શ્રમણ સંઘને માટે ભયંકર દૂષણ છે અને જૈન શાસનનો દ્રોહ છે. જૈન શાસનના નાશનો માર્ગ છે આવા સાધુઓ પ્રગટ છે. અને સ્વાર્થી અજ્ઞાન રોગીઓ અને સ્વાર્થી લાલચુ સંઘો આ દેવ દેવીઓ વિ. ના ફંદામાં ફસાય છે. જૈન સંઘ અને જૈન સાધુઓ સાવધ બને અને પાદરીની જેમ ગોરખ ધંધા ન કરે, આવા ગોરખ ધંધાને ટેકો ન આપે, તેમાં જોડાય નહિ તો સંઘની શુદ્ધિ થાય, સાધુઓનું પણ કલ્યાણ થાય, વિશ્વાસ પાત્ર બને.

એમ ન થવાથી આવાં સાધુઓ આમ કરી નાખશે, તેમ કરી નાખશે વિગેરે ભયથી પણ ઘણા જૈનો તથા સંઘો એ ગોરખધંધામા કંઈ કરી શકતા નથી તે તેમની નબળાઈ છે.

એક તેવા સાધુ સંઘનું પુસ્તક આપતા નથી અને ચકલી બનાવી દઈશ વિ. ભય બતાવતા હતા ત્યારે એક શ્રાવકે આંખ કાઢીને કહ્યું લુચ્ચા, ચોર, આપવા કે નહિ ? તેમ કહી હાથ ઉંચો કર્યો તરત પુસ્તક આપી દીધું, ન ચકલી બતાવી શક્યા ન પોપટ બતાવી શક્ય.

જૈન સંઘ આવો ગોરખ ધંધાનું ઘર બને તે સંઘની અજ્ઞાનતા અને નબળાઈ છે. તે ખંખેરી નાખી જૈન સંઘને ઉજ્વલ બનાવે અને જૈન શાસનના આરાધક બનો એજ શુભ અભિલાષા.

## બાળમિત્રોનાં કલ્પનાચિત્રો





હેલ્મેટ ફિટ પહેરો　Wear a tight Helmet

આવી ગયા ? પછી ફિટ પહેરેલું હેલ્મેટ માથામાંથી નીકળ્યું કે નહિ ?
Have you come ? Did you took off the tight helmet from your head.

તહેવારો તથા લગ્નમાં ધૂમધડાકા કરવા નહિ, એવો ઠરાવ અમારી સભામાં બરાબર ધૂમધડાકા સાથે જ પસાર થયો.
Their should not be any sound or noise in festival, that resolation was passed in our assembly with lot of fighting & noise.



ટીવીની ધાર્મિક સિરિયલનો કલાકાર છે: 'કંસ.' પૂછે છે, હેલ્મેટ પરવડતું નથી, આ મુગટ ચાલશે ?
He is an actor of an religious T.V Serial, "Kans", He is asking that he can't afford helmet, will this crown do instead.



# શ્રી જિનવાણીનો જાદુ

—પ્રેષક : પૂ. બાલમુનિશ્રી વિરતીન્દ્ર વિજયજી મહારાજ

*ગતાંકથી ચાલુ....*

બરાબર આ જ વખતે કોઇ કુશળસિધ્ધિ નામનો વિખ્યાત યાંત્રિક સિધ્ધશર્મા નામના પુરોહિત સાથે અહીં આવેલો છે. આપના દર્શન માટે સંમત્તિની રાહ જોઇને ઉભો છે. રાજા બોલ્યો એ બન્નેને જલદી મારી પાસે લઇ આવ અને તેની બધિ વાત જાણી ચોરને ધગધગતા દિવ્ય ફળની કંઇ અસર ન થઇની વાત કરી. એ ચોર, નક્કી ચોર છે તેમાં શક નથી. યાંત્રિક વિચારીને બોલ્યો તમે મારા સામે, ફરી એ ચોર પાસે ધગધગતા ફળનું દિવ્ય કરાવો. તેથી ફરીથી દેવળમાં ચોરને લઇને યાંત્રિકની સાથે ગયા. નગરજનો વિગેરે પોતપોતાના આસને બેઠા અને ચોરને તણખા ઝરે તેવા ધગધગતા ફળને લેવા કહ્યું- ચોરે પહેલાની જેમ જ પકડી રાખ્યુ યાંત્રિકે બીજાની વિધ્યાના પ્રભાવનો નાશ કરવા માટે પોતે સિધ્ધ મંત્ર વડે ચારે દિશામાં ચોખા ફેંકયાં આમ કરવાથી પેલુ દિવ્ય થંભી શક્યુ નહી એટલે ચોરની હથેળી ધગધગતા ફળને પકળવાથી ઠીક ઠીક બળી ગઇ. રાજાનો જયકાર થયો. યાંત્રિકને બહુ મુલ્ય આભૂષણોથી સન્માનીત કરી તેની ઉપર પ્રસન્નતા બતાડી ચોરને ત્યાંને ત્યાં પકડી હડમાં નાખ્યો. રાજા બચી ગયો તેથી નગરીમાં મોટી ધામધૂમ થઇ. નાટારંભો ચાલ્યા રાજા રાજસભામાં આવ્યા. રાજકચેરીમાં બેસનારા લોકોએ ઉત્તમોતમ મોતીના હાર પહેરાવી તેનું માંગલિક વાંછ્યુ.

કોટવાળે પુછયુ : ચોરને શું દંડ કરવો છે ?રાજા બોલ્યા તેના બાપડાના શરીરને કંઇ ઇજા ન થાય તેમ મારી સામે તેડી લાવો. રાજાએ બધિ વિગત પૂછી ચોરે પણ સત્ય વાત રાજાને જણાવી કે મે કાલાસંઘ નામના વામ માર્ગી આચાર્યને નિરંતર મદ્યપાનાદિ કરી પ્રસન્ન કરી દિવ્ય વિગેરે થંભાવવાની તથા કેટલીક વિદ્યા શીખેલો તેથી જ હુ પહેલા રોમમાત્ર દાઝેલો નહી. મંત્રી બોલ્યો તારી જાતને છેતરી એટલુ જ નહી પણ રાજાના જીવનને પણ જોખમમાં મુકયું. ચોર બોલ્યો હા, એ વાત ખરી હવે મને શસ્ત્રના ઘાથી મારો અથવા ઝેર પીને હું મરી જવ. રાજા બોલ્યો તું તારા પોતાના દુષ્ટ કાર્યોને લીધે જ મરી જઇશ માટેઆમ આપઘાત કરવાની જરૂર નથી. તારા પિતા (મારા મિત્ર) ની શરમ આવે છે. માટે તને બીજો કોઇ દંડ આપવાનુ મન નથી. પરંતુ તુ મને હવે તારૂ મોઢુ ન બતાવીશ લાંબા વખત જીવવાની તારી ઇચ્છા હોય તો મારા રાજ્યનો ત્યાગ કરી બીજે ઠેકાણે ઝટ ચાલ્યો જા.

રાજાની વાત સાંભળી કોટવાળોએ તેને રાજ સભામાંથી હાંકી કાઢયો. જતાં જતા લોકો તરફથી તિરસ્કારનો વરસાદ થયો. અને એ રીતે નગરમાંથી બહાર જતા નલરાજાનો સિમાડો વટાવી ગયો નાના ગામમાં એક ઠેકાણે વીસામો લઇ વિચાર કરવા લાગ્યો- યાંત્રિકે મને વિના કારણ હેરાન કર્યો માટે હવે ગમે ત્યાંથી તેને પકડીને તેનુ ખૂન કરુ. આ રીતે યાંત્રિક ઉપર ગુસ્સો કરતો ગામો અને ખાણીયા પ્રદેશમાં ફરતો ફરતો ગજપુર તરફ ગયો. ત્યાં એક શેરીમાં બેઠેલા અને હવે જેનુ આવી બન્યુ છે- તેવા કુશળસિદ્ધ યાંત્રિકને જોયો. તેને જોતાં તે, સારાસાર નો વિચાર ભૂલી ગયો. અને કોઇ બીજાના

હાથમાંથી તીક્ષ્ણ અણીવાળી છરી લઈને તેની (માંત્રિકની) ઉપર ક્રૂર રીતે ઘા કર્યો અને તેથી કુશળસિધ્ધિ મરી પણ ગયો. 'ઘા' કરીને નાસતા શ્રી ગુપ્તને ગજપુરના કોટવાળોએ પકડીને ન્યાયધીશોને સોંપ્યો. તેઓએ તેને ખુન કરવાનુ કારણ પૂછયુ અને તે તેણે એ ન્યાયાધીશોને જે ખરૂ કારણ હતુ તે બરાબર જણાવી દીધુ. ન્યાયાધીશોએ કહ્યુ કારણ ખરૂ હોય તો હજુ રાજા હયાત છે. ન્યાય અન્યાયનો વિચાર કરી શકાય છે. આ પરિસ્થિતિમાં થોડુ પણ વગર વિચાર્યે ન કરાય તો કાયદા વિરૂધ્ધ છે તે કોઈનુ ખુન તો કેમ કરી શકાય ? તે તો તારી મેળે જ ફેશલો કરી નાખ્યો. તે મોટો અન્યાય કહેવાય. જગતમાં ચોરેકોર પિશાચલીલા જ ફેલાઈ જાય. એમ થતા આખો સંસાર માનવ વીનાનો થઈ જાય. પછી સજા કરનાર અધિકારીઓએ તેને મરણાંતની સજા કરી ઝાડ ઉપર ટાંગીને મારી નાખવાનો આદેશ આપ્યો. કોટવાળો તેને ફાંસી દેવાની જગ્યાએ લઈ ગયા. શ્રી ગુપ્તને છેલ્લે છેલ્લે સંસાર જોઈ લેવા કહી ગળામાં સજ્જડ દોરડી બાંધી ઝાડની ડાળ ઉપર ટાંગીને પોતાના સ્થાને ચાલ્યા ગયા.

ટીંગાયેલા શ્રીગુપ્તનો શ્વાસ રુંધાવા લાગ્યો. સખત ભરડાને લીધે તે આંધળા જેવો થઈ ગયો. આંખો બહાર નીકળવા જેવી થઈ ગઈ. સખત પીડાને લીધે પૃથ્વી જેમ આકાશ જ ન હોય આકાશ કેમ જાણે જમીન જ ન હોય તેમ સમજવા લાગ્યો. ચન્દ્રની જ્યોત્સના સુર્યનો તેજ બધુ અદ્રશ્ય થઈ ગયુ છે. અને બધે અંધારું ને અંધારૂ જ ફેલાઈ ગયું તે લટકી રહ્યો તેના ભારને લીધે કહો કે બીજી રીતે દોરડાનો બંધ તૂટી જવા જેવો થઈ એકાએક તૂટી ગયો અને પવનનો ઝપાટો લાગવાથી સાક્ષાત તાડના ઝાડની પેઠે તે જમીન પર બેભાન દશામાં પડયો. તેની ઉપર વનનો શીતળ પવન આવ્યો તેથી શરીરની બળતરા થોડી ઘણી મોળી પડી. અને ક્ષણાંતરમાં તેની મુર્ચ્છા વળી ગઈ. તેને પાછું ચેતન આવ્યું એટલે ફરી જીવતો થયો હોય તેમ માનતો ધીરે ધીરે મસાણમાંથી ભાગવા લાગ્યો. બીકને લીધે ભાગતો એવો તે વનની કુંજમાં જ્યાં કોઈ જોઈ ન શકે ત્યાં ભરાઈ ગયો. ત્યાં તેણે વ સળી ના નાદ કરતા મધુર સ્વાધ્યાયનો નાદ કરતા મહાતપસ્વીને જોયા. બીકનો માર્યો વ્હેમાયો કે છળથી વેશધારી બની અમારા જેવા ગુન્હેગારોની તપાસ કરવા આ જંગલમાં નહિ આવ્યો હોય ને. પછી ગુપચુ' એ શું બાલે છે તે સાંભળવા લાગ્યો. તેણે કાન સરવા કરી ને વખતે સાંભળ્યુ કે:-

ઈંદ્રિયોરૂપ ઉન્મત હાથીના ટોળાના સંઘર્ષમાં આવીને પોતાનો ધર્મ ચૂકી ગયેલા એવા મનુષ્યો કોઈપણ પ્રકારનો ત્રાસ-બીક રાખ્યા વિના જ નિ શકપણે અકાર્યો તરફ પ્રવૃત્ત થાય છે.

એ રીતે કુકૃત્યોમાં પ્રવર્તતા લોકો પોતાની જાતને આનંદ આપે છે. પોતે ખૂબ સુખ માણી શકે એ માટે અનેક પ્રાણોનો સંહાર કરે છે. એવી ભયંકર જીવહિંસા કરવાથી પોતાને જ પાછાં અસંખ્ય એવા કઠોર દુ:ખો વેઠવા પડશે. એ બાબત તદ્દન બેદરકાર રહે છે. એ રીતે અનેક પ્રકારની તે તે વિરૂધ્ધ પ્રવૃત્તિઓ કરી કરીને મૂઢલોકો પોતાની જાતે જ પોતાની જાતને વેરફી નાખે છે. હણી નાખે છે. હા/હા/મહામોહરૂપ યોધાનું આ જાતનુ માહત્મ્ય છે. — **ક્રમશ:**

❑❑❑

❑❑❑

* Before you fire - aim.
* Before you act - PLAN.
* But be not afraid of greatness; some are born great, some achieve greatness and some have greatness thrust upon EM.

# પ્રવચન ત્રેપનમું - ચોપનમું

## પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૦, ગુરૂવાર, તા. ૧૭-૯-૧૯૮૭, શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૧, શુક્રવાર, તા. ૧૮-૯-૧૯૮૭, શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

*(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. - -અવ૦)*

पिय-मायऽवच्चभज्जासयण घणा सबलतितिथिमंतिनिवा ।
नायर अहमपमाया परमत्थमयाणि जीवाणं ॥

ધર્મ સાધુપણું જ છે. તે કોને અપાય ? ઘર-બાર, કુટુંબ-પરિવાર, માતા-પિતાદિ બધું છોડે, સંસારનું સુખ જેને ગમતું ન હોય, આના પ્રતાપે ભવિષ્યમાં આવું આવું સુખ મળે તેવી ઈચ્છા પણ ન હોય, ગમે તેવું કષ્ટ આવે તે મઝેથી ભોગવે અને પ્રાણના ભોગે સાચવે તેને અપાય, વાત વાતમાં મને આમ થાય છે અને તેમ થાય છે તેવું કરે તેવા નાલાયકને અપાય નહિ.

તમે બધા સાધુઓનાં મોટાં મોટાં સામૈયા કેમ કરો છો ? 'આ સાધુ ભગવંતો અમને સંસારથી છોડાવનાર આવ્યા છે. ધર્મ સમજાવશે તેથી અમારો લોભ ઘટશે. સારો ધર્મ કરીશું તો દુર્ગતિ નહિ થાય, સદ્‌ગતિ થશે અને મોક્ષે વહેલા જઈશું.' આ ભાવનાથી કરો છો કે નાટક કરો છો ? તમે નાટક કરો અને તે જાણવા છતાં પણ અમે તેમાં ભાગ લઈએ તો અમારું શું થાય ? જેને સાધુપણું ગમતું જ ન હોય તે સાધુના મોટાં સામૈયા કરી પાપ બાંધે છે. લોકોમાં સારા કહેવરાવવા કરે છે. તે પુણ્ય ઓછું બાંધે અને પાપ વધારે બાંધે છે.

પોતાનો જ બાળક જ્યારે સામું પણ જોતો નથી ત્યારે મા રોવું રોઈ છે કે બધાને રોવરાવે છે. તેને માની દયા નહિ આવતી હોય ? પણ તે વખતે તે બાળક વિચારે છે કે- જો અત્યારના માની દયા કરું તો હું ભગવાનના સંઘનું અપમાન કરનારો થાઉં, ધર્મની લઘુતા કરનારો થાઉં, મારો પણ સંસાર અનંતો વધી જાય. જ્યારે તે બાળક ઓઘો લઈને નાચે છે ત્યારે માને થાય છે કે - મારો પતિ સાધુ થયો છે, મારો ભાઈ પણ સાધુ છે અને આ બાળક પણ સાધુ જ થાય છે તો હું પણ સાધ્વી થઈ જાઉં.

આના ઉપરથી સમજાય છે ને કે- મા પણ ધર્મમાં રોકનારી હોય છે. તેવી માતા ધર્મ કરતા છોકરાને રોકી રોકીને દુર્ગતિમાં મોકલે. તમે કેવાં મા-બાપ છો ? તમારા છોકરાઓને સદ્‌ગતિમાં મોકલવાની ઈચ્છા છે કે દુર્ગતિમાં ? તમારા છોકરાં શું થાય તો રાજી થાવ ? ઘર માંડે તો કે સાધુ થાય તો ? આપણેય દુર્ગતિમાં જઈએ. સંતાનોનેય દુર્ગતિમાં મોકલીએ તો દુઃખ થાય ?

તમારે તો પ્રામાણિક પણે કહેવું જોઈએ કે - 'અમારા છોકરાં પાપ કરે તેમાં રાજી છીએ, ધર્મ કરે તેમાં નારાજ છીએ. આવું માનીએ એ અમારો ભારે પાપોદય છે.' 'અમને તો ધર્મ કરવાનું મન થતું નથી પણ અમારા સંતાનો ય ધર્મ કરે તે ય ગમતું નથી.' આ અમારી દશા છે. કહો તમને તમારો છોકરો ધર્મ કરે તે ગમે ? ઘણા છોકરાઓને મા-બાપે એવા એવા ધંધે જોડયા છે કે તે બીચારા દુર્ગતિમાં જ જાય. આજે જૈન કેટલા ? શોધવા પડે. વિશ્વાસ મૂકવો હોય તો કોના ઉપર મૂકાય ? અણીના અવસરે સાથે જ રહે તેવા કેટલા

ળે ? ધર્મને માટે માથું આપનારા પણ ઘણા થોડા છે. માથું આપનારને છોકરા આપતાં શું ભારે પડે ? છોકરા સાધુ જ થવા જોઈએ, તે ન થાય તો શ્રાવક તો થવા જ જોઈએ આવી માન્યતા છે ખરી ? તમારે કેવા મા-બાપ બનવું છે ? છોકરાઓને ધર્મી બનાવવા છે કે અધર્મી ? છોકરા રાતે ખાય તે ગમે ? ખોટા ધંધા કરે તે પણ ગમે ?

મોટેભાગે મા-બાપ ધર્મમાં આડે આવે. ધર્મ ન કરવા દે. ભણેલો છોકરો ધર્મ કરવા માગે તે ન ગમે પણ મરતા સુધી વેપારાદિ કરે તે ગમે તે બધા ધર્મી કહેવાય ખરા ? ધર્મી થવું હોય તો વિચાર ફેરવવા પડે, ડાહ્યા થવું પડે. જેને ધર્મ જ ગમે અને સંસાર ન છૂટકે કરવો પડે માટે કરે તેનું નામ જૈન ! ધર્મ કરવામાં બીજા કોણ કોણ આડે આવે તે વાત હવે પછી.

❑

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિ સુંદર સૂરીશ્વરજી મહારાજ ફરમાવી રહ્યા છે કે, જે આત્માઓને સમજાઈ ગયું છે કે, ધર્મની આરાધના મોક્ષ માટે જ કરવી જોઈએ. પણ મોક્ષને માટે આરાધના કરનારને ય સંસારમાં સંસારના રસિયા એવા માતા-પિતા-સ્ત્રી-પુત્ર આદિ જ્ઞાતિ-સંબંધી જીવો ધર્મની આરાધનાની આડે આવે છે. તેનાથી જે બચી શકે તે આત્માઓ સાચા ભાવે ધર્મ આરાધી શકે.

ભગવાન શ્રી જિનેશ્વર દેવનો શ્રી સંઘ તો ધર્મ આરાધકને સહાયક હોય. શ્રી સંઘ તે પચ્ચીશમો તીર્થંકર કહેવાય છે. ક્યો ? આજ્ઞા મુજબ ચાલે તે ! આજ્ઞા પાળવામાં તત્પર હોય તે ! આજ્ઞા પાળવા ઈચ્છે તેને સહાય કરવા તત્પર હોય તે. આજે જૈન કુળમાં જન્મેલા ઘણા જીવો ધર્મી તરીકે ઓળખાય છે. પણ સાધુ ધર્મ તેને પોતાને ય જોઈતો નથી. અને પોતાના પરિવારમાંથી કોઈ લે તેને ય અંતરાય કરે છે. તે માટે પિતા તરીકે ભૃગુપુરોહિતની વાત જોઈ આવ્યા અને માતા અંગે શ્રી વજ્રસ્વામિની વાત જોઈ રહ્યા છીએ.

તેમના પિતાશ્રી ધનગિરિજીને માતા-પિતાના આગ્રહથી જ લગ્ન કરવું પડેલું પણ લગ્ન કરવાની જરાપણ ઈચ્છા હતી નહિ. તેઓ બાલ્યકાળથી દીક્ષાના જ અર્થી હતા. પણ મા-બાપે રોકી રાખેલા અને પરાણે પરણાવેલા. તેમના મા-બાપ જે જે કન્યા સાથે નક્કી કરતા તો તે ત્યાં જઈને કહી આવતા કે, હું તો દીક્ષા જ લેવાનો છું. તેમાં આ સુનંદા કન્યા એવી મલી જે કહે કે- હું તો તમારી સાથે જ લગ્ન કરીશ. તે રીતના તેમને લગ્ન કરવું પડયું. પછી જ્યારે ખબર પડી કે, સુનંદાને ગર્ભ રહ્યો છે ત્યારે સમજાવીને દીક્ષા લીધી. જે દિવસે આ વજ્રસ્વામિ જન્મ્યા ત્યારે એટલા સુંદર રૂપસંપન્ન હતા કે તેમને જોઈને પડોશણો કહે કે- 'આનો બાપ હાજર હોત, સાધુ ન થયો હોત તો મોટો જન્મોત્સવ કરત.' આટલું સાંભળતા જ તેમને જાતિસ્મરણ થયું અને દીક્ષા યાદ આવી. ભૂતકાળમાં એવો સુંદર ધર્મ આરાધીને આવ્યા છે કે સાધુ જ થવાની ઈચ્છા થઈ. તેઓ સમજી ગયા કે ધર્મ નહિ પામેલી માતા મારા ધર્મમાં અંતરાય કરનારી બનશે. તમને આ વાતનો અનુભવ છે ? આજે પણ ઘણા એવા છે જેને ધર્મ પામવાની ઈચ્છા નથી એટલું જ નહિ ઘરમાં કોઈ ધર્મ કરે તે ય ગમતું નથી. આજે મોટાભાગે શ્રાવક કુળમાંથી ધર્મની વાત નીકળી ગઈ. શ્રાવકપણાનો વિધિ છે કે, ઘરનો આગેવાન હંમેશા કુટુંબને ધર્મની વાત સમજાવે. આજે દર્શન-પૂજન-વ્યાખ્યાન શ્રવણ રહી ગયા પણ ધર્મ સમજાવવાની વાત ચાલુ છે ? જે ખરેખર જૈન હોય તે તો 'અમે રોજ કહીએ છીએ' તેમ કહે. તમારો પરિવાર ધર્મ ન કરે તો દુઃખ કે સંસારના કામ ન કરે તો ! આ વાત ખાસ સમજવા વિચારવા જેવી છે. સંસારના જેટલા સંબંધી છે તે ધર્મ પામેલા ન હોય તો ધર્મમાં અંતરાય કરે.

આ બાળકને તો જાતિસ્મરણની સાથે જ દીક્ષાની ઈચ્છા થઈ. મારે સાધુ થવું હોય, ધર્મ આરાધવો હોય તો માને મારા પર પ્રેમ ન થાય તેવી રીતે જીવવું. તે માટે શું નક્કી કર્યું ? મા મને હસતો જૂએ નહિ, રોતો જ જૂએ તેમ જીવવું. હંમેશા રોતા છોકરા પર મા-બાપને

પ્રેમ થાય ખરે ? તમારા ઘરમાં જન્મેલા સંતાનો મરીને ક્યાં જાય ? મ રા ઘરમાં જન્મેલા ખરાબ ગતિમાં ન જાય, સારી ગતિમ જાય તેવી મા-બાપોની ઇચ્છા ખરી ? તમારો પરિવ ર મરીને ક્યાં જશે તેની ચિંતા ખરી ? તમારે તો પ્રામાણિ પણે કહેવું જોઇએ કે, અમને અમારી નથી તો તેની ચિં ા ક્યાંથી હોય ! મરવાનું નક્કી છે ને ? મરીને ક્યાં જવું છે ?

સભા : સદ્ગ તિમાં.

ઉ. - દુર્ગતિમાં જવાય તેવાં કામ બંધ કર્યા ? સદ્ગતિમાં જવાય તેવાં કામ ચાલુ છે ?

સદ્ગ તિમાં લઇ જાય તેવા કામમાં મજા આવે છે ? દુર્ગતિમાં લઇ જાય તેવા કામમાં મજા નથી આવતી ને ? માટે શ્રા ક સંસારના કામ મન વગર કરે અને ધર્મના કામ મનપૂર્વ ક કરે. ઘર ચલાવવું પડે માટે ચલાવે, વેપાર કરવો પડે મ ટે કરે પણ મન નહિ. મન તો ધર્મના કામમાં જ હોય. સદ્ગતિમાં જવું હશે તો આખું મન ફેરવવું પડે.

આમને (વજસ્વામિએ) નક્કી કર્યું કે, માને મારા પર પ્રેમ ન ાય તેમ જીવવું છે. તે માટે નક્કી કર્યું કે, માના ઊંઘ્ય પછી ઊંઘવું, જાગ્યા પહેલા જાગવું. મા મને જૂએ ત્યારે રોતો જ જૂએ તેમ રહેવું. આવું વજસ્વામિ જીએ કર્યું તે સારું કર્યું કે ખોટું કર્યું ? તમને આવો છોકરો ગમે ?

પ્ર. - માયા કરી ન કહેવાય ?

ઉ. - શાસ્ત્ર ધર્મમાં આવી માયા કરવાની કહી છે. સંસારમાં માયા કરવી તે પાપ. અહીં માયા યાદ આવી. આખો દિવસ માયા કરો તે યાદ છે ? આમને તો સમજીને માયા કરી છે.

છ મહિનામાં મા કંટાળી ગઇ કે આ છોકરો હવે મારે જોઇએ જ નહિ. પછીની વાત અનેકવાર કહી છે. તેના પરિણામે પોતે તરી ગયા અને માને ય તારી. સ્વયં દીક્ષિત થયા અને માનેય દીક્ષિત બનાવી.

ધર્મ હીન માતા હોય, તેને આધીન થાય તો શું થાય ? તેમાં શ્રી યશોધર રાજાની કથા છે. માના વચનને આધીન થઇ, લોટનો કૂકડો હણ્યો તો કેટલા ભવ ભટકવું પડયું તે યાદ છે ? મા-બાપનો વિનીત છોકરો, મા-બાપની બધી સેવા-ભક્તિ કરે પણ ધર્મ વિરુદ્ધ વાત કરે તો તે પગમાં પડી, હાથ જોડીને કહે કે- 'માથું જોઇએ તો આપી દઉં પણ ધર્મવિરુદ્ધ કામ, મરી જાઉં તો પણ કરું નહિ.' આવી પ્રતિજ્ઞા તમારે છે ખરી ? ન હોય તો તમે મા-બાપના ભગત નથી. તમે સુખી હો તો મા-બાપની ખબર પણ ન રાખો તેમાંની જાતના છો ! મા-બાપે તમને સુખી કર્યા પછી મા-બાપને સુખી કરે તેવા છોકરા કેટલા મળે ? સ્વતંત્રપણે જીવવા મા-બાપનો ત્યાગ કરનારા મળે પણ ધર્મ માટે મા-બાપનો ત્યાગ કરનારા મળે ? મા-બાપ ના પાડે તો ધર્મ કરતા અટકી જાય તેવાને ધર્મી કહેવાય ખરા ? સંસારમાં રહ્યા તો મા-બાપને સાચવવા જોઇએ, તેમને તકલીફ ન પડે તેની કાળજી રાખવી જોઇએ. પણ ધર્મ કરવો હોય અને મા-બાપ આડે આવે તો તેમનાથી છૂટવા જે કરવું પડે તે કરવું જોઇએ - આ વાત મંજુર છે ? ભણી-ગણીને છોકરો તૈયાર થાય અને કહે કે - મારે સાધુ થવું છે તો તે વાત તમને ગમે ખરી ? આજે તો તમે છોકરાઓને ભણાવો તે એટલા માટે કે, સાધુ કે શ્રાવક થવાનું મન ન થાય. તમે લોકોએ તમારાં સંતાનોને વકીલ-ડોકટર- ગ્રેજ્યુએટ બનાવ્યા પણ સાધુ બનાવવાની મહેનત કોને કરી ? તમારા ઘરમાં જન્મે તેને શું બનાવવાની ઇચ્છા છે ?

ક્રમશઃ

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

* SILENCE is one great art of conversation. — *Hazlitt*

* SADNESS and gladness succeed each other.

* Seeing is BELIEVING.

* Set a thief to catch a thier.

# સમાચાર સાર

**ચાતુર્માસ નિર્ણય અને ૫૧ મી સાલગીરીની ઉજવણી :** પરમ પૂજ્ય આ. વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય પૂ. આ. વિ. રત્નભૂષણસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણાં વિહાર કરતાં વૈ. વ. ૧ ના ખેડાતીર્થે પધારેલ. તે વખતે આણંદથી સંઘના પ્રમુખશ્રી મનુભાઈ તેમજ બીજા ટ્રસ્ટીઓ આદિ પધારેલ અને પૂજ્યશ્રીની સંમતિ મળતાં ખૂબ આનંદવિભોર બનીને તેઓએ ચોમાસાની જે બોલાવી છે. તે પછી પૂજ્યશ્રી વૈ. વ. ૫ ના આણંદ પધાર્યાં અને તેઓશ્રીની પાવન નિશ્રામાં વૈ. વ. ૬ ના રોજ શ્રી શાંતિનાથ દાદાની ૫૧ મી સાલગીરીની ભવ્ય ઉજવણી થઈ. સવારનાં પ્રભાતિયાં - સત્તરભેદી પૂજા-અપૂર્વ ભાવોલ્લાસ સાથે નૂતન ધ્વજારોપણ અને તે પછી પૂજ્યશ્રીનું માંગલિક પ્રવચન-પ્રભાવના તથા સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય આદિ થયેલ. દરેક પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ હતી.

વૈ. વ. ૭ ના પૂજ્યશ્રીએ વડોદરા તરફ વિહાર કર્યો છે. શેષકાળમાં એકાદ મહીનો ત્યાં લાભ આપીને અષાડ સુદમાં આણંદ ચોમાસાનો પ્રવેશ કરશે.

**અમદાવાદમા આરાધના પ્રભાવના :** બૈતુલમાં અઢાર અભિષેક મુલતાઈમાં અઢાર અભિષેક સ્વામિવાત્સલ્ય સમુહ સામાયિક પ્રવચનો બાદ નીશ્રામાં કર્નાટક કેશરિઆ ભદ્રંકર સૂરીજી પુણ્યતિથી વીર જન્મોત્સવ રથયાત્રા ૨૭ અભિષેક પૂજન પ્રવચનો સમુહ સામાયિક સંઘપૂજનો કરાવીને પૂ. લબ્ધિ ભુવન તિલક ભદ્રંકર પુણ્યાનંદ સૂરિજી કૃપા પ્રાપ્ત વિશ્વ વિક્રમ તપસ્વી મરાઠાવાડા દેશોધ્ધારક આ. વારિષેણ સૂરિ. મ. પં. વિનયસેન મ. પ્રવર્તક વજ્રસેનમ પ્રવચનકાર વલ્લભસેન મ. ભક્તિમગ્ન વિરાગ સેન મ. અમદાવાદ રાજનગર જૈન પુરીમાં ૧૧૦૦ કિ. મી. ની પદ યાત્રા કરીને પધારતા પંકજ સોસાયટિ જૈન સંઘ ભુવભાનુ સ્મૃતિ મંદિર ના સામૈયા સ્વાગત ગહુંલીથી પૂજ્યશ્રીને વધાવાયા પ્રવચનો સંઘપૂજનો થયા. કુમારી નેહાબેન નો દીક્ષા ઉત્સવ ભવ્ય ભક્તિ ભાવથી પ્રારંભ થયો. વિવિધ પૂજાઓ મંડળો દ્વારા ભણાવાયેલ, સિધ્ધચક્ર મહાપૂજન સુંદર મંત્રોચ્ચાર સાથે હિરાભાઈ ગિરધર નગરવાળાએ ભણાવાયેલ. પૂજન રથયાત્રા વર્ષીદાન યાત્રા સંઘ તરફથી દીક્ષાર્થી બહુમાન આશિષ મહેતાને કમલેશભાઈની ભાવના વિદાયગીત વિદાય તિલકના ચઢાવા ઉપકરણની બોલીઓ સારી થઈ હતી. દીક્ષાની મંગલ વિધિ પૂ. આચાર્યશ્રીએ પંન્યાસજી મા જે કરાવેલ. વક્તા યશો વિજય મ. જે ક્રિયાના મર્મ ભાવના પ્રવચનમાં સંમાવેલ નૂતન દીક્ષિતનું નામ સાધ્વી જિન રત્નાશ્રીજી રાખી સાધ્વી જિનેન્દ્રશ્રીજી મ. ના શિષ્યા જાહેર થયેલ. પૂજ્યશ્રી ચાર્તુમાસ ભગવાન નગર ટેકરે પાલડી નક્કી થયેલ છે. સોલામાં વર્ષીતપ પારણા નિમીત્તે પૂજ.સ્વામિ વાત્સલ્ય અને શાન્તિનગરમાં શ્રી બબુબેનની માસિક તિર્થ પૂજા થયેલ. શાહુપુર કલ્યાણ સોસાયટિ કુમારી પાયલનો દીક્ષા ઉત્સવ અંતરના ઉત્સાહથી ઉજવાયો. રથયાત્રા સિધ્ધચક્ર પૂજન આકર્ષણો સાથે ભક્તિ ભાવના રંગમાં થયેલ. આ ભુવન તિલક સૂરિજીમહારાજની ૩૦ મી પુણ્યતિથી ચંદ્રપ્રભુ લબ્ધિ ધામમાં જિન ભક્તિના ઉત્સવ સાથે ઉજવાયેલ. મહાસુખ નગરમાં ૧૪ સાલગિરિ ધ્વજઉત્સવ અખંડ જાપ પૂજા સુવર્ણના વરખોની આંગી નવકારથી સાથે ઉજવાયેલ. સંઘ પૂજનો થયેલ. પૂજ્ય મ. ચાર્તુમાસ પ્રવેશ ભગવાન નગર ટેકરે ૧૨-જુલાઈના ભાવયાત્રા પધારશે.

**અતિ પ્રાચીન કરેડા પાર્શ્વનાથ તીર્થે**
**પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન**
**સૂરીશ્વરજી મ. સા. ની શુભનિશ્રામાં**
**લાલચંદજી મહાત્માનો**
**ભવ્ય દીક્ષા – મહોત્સવ**

ભોપાલસાગર એટલે કરેડા પાર્શ્વનાથ તીર્થે સર્વપ્રથમ લાલચંદજી મહાત્માનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. જેઠ સુદ ૮, દિનાંક ૧૮-૬-૦૨ ની સવારે ગુરૂદેવના નગર પ્રવેશ એવં લાલચન્દજીના ઘેર પગલા કરાવામાં આવેલ. આજે પ્રવચન પછી લાલચંદજી મહાત્માએ સોનાની અંગૂઠી મૂકી ગુરૂની નવ અંગે મુખકોષ બાંધી પૂજા કરેલ. ત્યાર પછી વરઘોડો બજારમાં ફરી શ્રી કરેડા પાર્શ્વનાથ દેરાસરના કંપાઉડમાં આવેલ. ત્યાં દેરાસર માં સકલ સંઘ સાથે ચૈત્યવંદન થયેલ તથા માંગલિક થયેલ.

જેઠ સુદ ૯, દિનાંક ૧૯-૬-૦૨ ની સવારે ૯-૦૦ વાગે પ્રવચન વિજય મુહૂર્તે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ભણાવેલ. વિધિકારક મોતીલાલજી બિજોવા વાલા પધારેલ. સાંજે ચાર વાગે વર્ષીદાનનો વરઘોડો નીકળેલ. આ દીક્ષા પ્રસંગમાં પીંડવાડા, દાતંરાઈ, પાલીમારવાડ, મુંબઈ, સુરત, ઉદયપુર, બનેડિયા, કાનોડ, લપાવર, રાજાજીના કરેડા (ભીલવાડા) આદિથી અનેક ભાગ્યશાલિઓ પધારેલ. રતલામથી એક બસ આવેલ. રાત્રે દીક્ષાર્થીને બહુમાન પત્ર આપવામાં આવેલ. જેઠ સુદ ૧૦, દિનાંક ૨૦-૬-૦૨ ને પ્રાત: દીક્ષાવિધિનો પ્રારંભ રતલામ ચાતુર્માસની વિનંતિ થયેલ. ગુરૂદેવની સમ્મતિથી રતલામ સંઘે આનંદવિભોર બની વાતાવરણને જયનાદથી ગુંજી દીધું. આજે કાનોડ (ઉદયપુર) સંઘની ખૂબ આગ્રહ ભરી વિનંતિ વડી દીક્ષા ત્યાં રાખો એમ થયેલ. ગુરૂદેવે લાભ અને અતિ આગ્રહ જોઈ સમ્મતિ આપેલ. જેઠ વદ ૭, દિનાંક ૨-૭-૦૨ ની વડી દીક્ષા કાનોડમાં થઈ. જે ત્યાંના ઈતિહાસમાં સર્વપ્રથમ થશે. આ કરેડા તીર્થમાં દીક્ષાએ નવો રેકોર્ડ સ્થાપિત કરેલ છે.

## દીક્ષા મહોત્સવમાં ઉછામણી બોલી લાભ લેનાર ભાગ્યશાલી પરિવાર

(૧) દીક્ષાર્થીને તિલક - શ્રી હીરાલાલજી મહાત્મા (૨) માલા - સુરેશચંદ્રજી મહાત્મા (ઉદયપુર) (૩) પઘડી (સાફો પહેરાવવો) - સત્યનારાયણજી માવલીવાલા (૪)શ્રીફલ - સુરેશચંદ્રજી જૈન મન્દસોર એમના પરિવારનું આદિનું બહુમાન-સુરેશચન્દ્રજી જૈન મન્દસોર (૫) મુહપત્તિ - જિતેન્દ્રકુમારજી મહાત્મા, ભોપાલસાગર (૬) વિદાયતિલક - શ્રી હીરાલાલજી મહાત્મા (૭) કામલી- શ્રી સુરેશચંદ્રજી જૈન, મન્દસોર (૮) ચોલપટ્ટો નાથુલાલજી કુંવારિયા (૯) નકડો (ચાદર) તેજરાજજી મહાત્મા, આમેર (૧૦) કન્દોરો-દીપચંદજી મહાત્મા (૧૧) પાત્રા - જિતેન્દ્રકુમારજી તથા વિમલાદેવી (૧૨) તરપાણી - વાપી આર. રાનાવાલા પરિવાર, કુંવાણ્યાવાલા (૧૩) ચેતના હેમન્તકુમાર સીમા, સુરત (૧૪) પોથી - પંચાયત સમિતિ, પ્રધાન સરપંચ, ભોપાલસાગર (૧૫) દંડ - ઈન્દ્રચંદજી ઈશ્વરચંદજી જૈન, રાજસમન્દ (૧૬) દંડાસન - સોભાગમલજી અમારકુમાર, મનીશકુમાર, સુરત. (૧૭) આસન - જિતેન્દ્રકુમાર માંગીલાલજી મહાત્મા (૧૮) નામ જાહેર કરવુ. હીરાલાલજી મહાત્મા કરેડા (૧૯) નવકારવાલી - ભીમસિંહજી (૨૦) સંથારા - શ્રી હીરાલાલજી મહાત્મા - કરેડા (૨૧) ઉત્તરપટ્ટા - શ્રી સત્યનારાયણજી મહાત્મા - આમેર (૨૨) પુંજણી - શ્રીમતી માંગીબાઈજી મહાત્મા. (૨૩) સૂપડી - શ્રી જૈન શ્વેતાંબર સંઘ, રતલામ (૨૪) સાપડો - જયંતિલાલજી, ધાણેરાવ (૨૫) પાંગરણી - સત્યનારાયણજી મહાત્મા, આમેર (૨૬) કામલીનો કપડો - ઈન્દ્રમલજી જૈન શ્યામગઢ (૨૭) ગુરૂપૂજન, જ્ઞાનચંદજી મહાત્મા, ધણસા (પાલી), ગુરૂદેવને કામલી, હિમતપ્રકાશજી હીરાલાલજી કરેડા, દીક્ષા પછી સાંજે ગુરૂદેવ વિહાર કરી કાનોડ બાજુ પધારેલ છે. ત્યાંથી પ્રતાપગઢ થઈ રતલામ ચાતુર્માસ મંગલપ્રવેશ કરશે. નૂતન મુનિરાજનું નામ-મુનિરાજશ્રી લાભરત્ન વિજયજી જાહેર થયેલ અને આચાર્યદર્શન રત્નસૂરીશ્વરજી મ. ના શિષ્ય જાહેર થયેલ.

**ઉટી ચાતુર્માસ :** શ્રી પાર્શ્વલબ્ધિ ધામ તીર્થ બેંગ્લોરમાં પૂ. પા. શ્રી લબ્ધિ ભુવન તિલકસૂરિ પટ્ટાલંકાર પૂ. આચાર્ય શ્રી વિજય અશોકરત્ન

સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી અમરસેનસૂરીશ્વરજી મ., ઠા. ૪ અને પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ., આદિ ઠા. ૧૦ ની પાવન નિશ્રામાં શ્રી લબ્ધિ પાર્શ્વનાથ ભગવાન અને શ્રી પદ્માવતી માતાજીની વૈશાખ વદ ૨ ના પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અને પૂ. ગુરૂદેવશ્રી ભુવનતિલક સૂરીશ્વરજી મ. ની જેઠ શુદ ૨ ના ૩૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી ૧૮ અભિષેક શ્રી શાન્તિસ્નાત્ર મહાપૂજા અને શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન અને બે સ્વામી વાત્સલ્ય સાથે પાંચ દિવસનો મહોત્સવ ઉજવાયો હતો. પૂ. આચાર્ય મહારાજ આદિ વિહાર કરીને બેંગ્લોર મંડ્યા થઈ મૈસુર જેઠ શુદ ૩ ના સસ્વાગત પધાર્યા હતાં.

પૂજ્યશ્રીજીની નિશ્રામાં જેઠ શુદ ૫ ના શ્રી સુમતિનાથ આદિ ભગવંતોની પ્રતિષ્ઠાના ૭૫ વર્ષના અમૃત મહોત્સવ નિમિતે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત, ત્રણ દિવસનો મહોત્સવ ઉજવાયો હતો. પૂ. આચાર્ય મહારાજ આદિ વિહાર કરીને ઉટી ચાતુર્મા સાથે જેઠ વદ ૯ ના ૪ જુલાઈના પ્રવેશ કરશે.

**વીરમગામ :** પૂ. મૂ. શ્રી શાંતિભદ્રવિજયજી મ. તથા પૂ. મૂ. શ્રી યશકીર્તિવિજયજી મ. ઠા. ૨ અત્રે સોનાવી રૂપી ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ-૯, ગુરૂવાર, તા. ૧૮-૭-૨૦૦૨ ના કર્યો છે. સંઘમાં ઉત્સાહ સારો છે.

**અમદાવાદ કૃષ્ણનગર :** અત્રે શ્રી સંઘમાં પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૪નું ચાતુર્માસ નક્કી થતાં અષાડ સુદ ૧૦ના ભવ્ય પ્રવેશ થયો તે પહેલાં સેજપુરમાં પ્રવચન થયા બાદ ૧૦વાગ્યા પછી સામૈયું ચડી અને સામુદાયિક આંબેલ થયા. કૃષ્ણનગરમાં ૧૨૦૦ થી વધુ પરિવારો આરાધના કરે છે.

**સીમોગા (કર્ણાટક) :** અત્રે પૂ. આ. શ્રી નિત્યોદય સાગર સૂરીશ્વરજી મ. આદિનું ચાતુર્માસ નક્કી થતાં જેઠ વદ ૧૩, તા. ૮-૭-૨૦૦૨ ના ભવ્ય સામૈયા પૂર્વક પ્રવેશ તથા પંચકલ્યાણક પૂજા વિગેરે સુંદર કાર્યક્રમ થયો હતો.

**અમદાવાદ, શાહીબાગ :** અત્રે પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. ના સંયમભવન અનુમોદનાર્થે વૈશાખ વદ ૧૦-૧૧-૧૨, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ મહોત્સવ, પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિ ૧૧ આચાર્યદેવો આદિની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો.

**અમદાવાદ, સેટેલાઈટ :** કર્મશ્રેષ્ઠ ટાવરમાં પ્રભુ તથા ગુરુમૂર્તિ પ્રવેશ અને ચલ પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ સુદ-૬ ના ભવ્ય રીતે થયા.

**પાટડી (સુરેન્દ્રનગર) :** અત્રે શ્રી શાંતિનાથજી તથા જીરાવલા પાર્શ્વનાથ જિનમંદિર ભૂમિપૂજન તથા પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વર આરાધના ભવન તથા ઉપાશ્રય ઉદ્‌ઘાટન તથા ગુરુમૂર્તિ તથા મણિભદ્રજીની મૂર્તિની પ્રતિષ્ઠા જેઠ વદ-૨, પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ભવ્ય રીતે થયા.

**સમેત શિખરજી :** અત્રે મધુવનમાં પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજય જિનોત્તમ સૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૩ ના ઉલ્લાસથી થયો છે. અને સુંદર આરાધનાનું આયોજન થયું છે.

**રતલામ – પોરવાડવાસ :** અત્રે શ્રી દાનપ્રેમ રામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભવનમાં પૂ. આ. શ્રી વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. આદિ ઠાણા ૪ તથા પૂ. સા. શ્રી હર્ષિત પ્રજ્ઞાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૩, તા. ૧૩-૭- ના ઠાઠથી થયો છે.

**વલસાડ :** અત્રે વી. પી. રોડ ઉપર પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. ના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય કલાપ્રભસૂરીશ્વરજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧, ગુરૂવાર, તા. ૧૩-૭-૨૦૦૨ ના ઠાઠથી થયો. ચાતુર્માસનું આયોજનનો વાગડના વલસાડ વાસી ભાવિકોએ લાભ લીધો છે. ❑

# તરવાનો અમોઘ ઉપાય: ગુર્વાજ્ઞાપારતન્ત્ર્ય:

પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના સ્વર્ગવાસને દસ વર્ષ વીતી ગયાં, આ અષાડ વદ ૧૪ ના અગિયાર વર્ષ પૂરાં થશે ત્યાર તેઓશ્રીની સ્વર્ગતિથિ નિમિત્તે સ્થળે સ્થળે ગુણાનુવાદ થશે. આજ સુધી થયેલા તેઓશ્રીના ગુણાનુવાદમાં એક મહત્ત્વના ગુણ ઉપર ખાસ ભાર અપાતો નથી તે 'ગુર્વાજ્ઞા પારતન્ત્ર્ય' ગુણની આપણે વાત કરીએ.

પૂજ્યશ્રીની જીવનભર ચાલતી રહેલી સિધ્ધાન્ત રક્ષાની પ્રવૃત્તિમાં સાચી તિથિની પુન: સ્થાપના એક સૌથી મોટી ઘટના હતી. વિ. સં. ૨૦૨૦ માં પૂજ્યશ્રી પોતાના ગુરુદેવ પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી દાદાને વન્દન કરવા પીંડવાડા પધાર્યા હતા. પૂ. પ્રેમસૂરિજી દાદા અત્યની સરલ મહાત્મા હતા. સિધ્ધાન્તની રક્ષા સાથે શ્રી સંઘની એકતાની પણ તેઓ બહુ ચિન્તા કરતા. સામા પક્ષના એક એવા જ સરલ આચાર્યશ્રીએ પૂ. પ્રેમસૂરિજી દાદાને કહેલું કે ''તમે ચૌદસની આરાધના અમારી સાથે કરો તો (ભાદરવા સુદ) ચોથની આરાધના અમે તમારી સાથે કરશું.'' આ વાતથી પૂ. પ્રેમ સૂ. મ. ને એવી આશા બંધાઇ કે આપણે થોડું જતું કરીએ તો આખો સંઘ એક થઇ જાય. તેથી તેઓશ્રીએ પૂ. રામચંદ્ર સૂ. મ. ને, પૂનમ-અમાસની ક્ષય-વૃધ્ધિએ તેરસની ક્ષય-વૃધ્ધિ કરવાની વાત કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે ''સાહેબ, આ તો આપણું સાચું મૂકાવવાની વાત છે. સંવત્સરીની વાત આવશે ત્યારે એ એમનું ખોટું નહિ મૂકે. આપને આવી વાત કરનારા આચાર્યનું પણ તેમના પક્ષવાળા માનશે નહિ. એમને સુધારવાના લોભમાં આપણું બગાડવા જેવું થશે.'' પણ પૂ. પ્રેમસૂરિજી દાદાને સમાધાનની આશા વધારે હતી, તેથી તેઓશ્રીએ પૂજ્યશ્રીને કહ્યું કે ''મારી આજ્ઞા છે, આ સમાધાન સ્વીકારી લેવાનું છે.'' પૂજ્યશ્રીજીએ ગુરુ આજ્ઞા તહત્તી કરીને પટ્ટક બનાવીને સહી કરી. એટલું જ નહિ પણ આપણી તિથિમાન્યતા ધરાવતા બીજા સમુદાયના પદસ્થોની સહી મેળવી આપવાની જવાબદારી પણ પોતાના શિરે લીધી. પ્રાણના ભોગે પણ સત્યની રક્ષામાં બાંધછોડ નહિ કરનારા આપણા પૂજ્યશ્રીએ, પોતાના ગુરુદેવની આજ્ઞા ખાતર આ સમાધાન સ્વીકાર્યું.

સં. ૨૦૧૮ ની સાલમાં ઊંઝા ખાતે બિરાજતા પૂ. પ્રેમસૂરિજી દાદાએ પૂ. મુનિશ્રી અમરગુપ્ત વિજયજી મ. (હાલ સ્વ. આચાર્યશ્રી અમરગુપ્ત સૂ. મ.) ને કહ્યું કે ''રામચંદ્ર સૂરિ મળે તો સારું.'' આટલી મૌખિક વાત પૂ મુનિશ્રીજીએ ખંભાત બિરાજમાન પૂજ્યશ્રીને કરતાં જ, પૂજ્યશ્રીજીએ સ્વીકારેલા ઓળી-મહોત્સવ વગેરે પ્રસંગો બીજા મહાત્માને સોંપી તરત જ ચાર મહાત્માઓ સાથે ઉગ્ર વિહાર કરી પૂજ્યશ્રીજી અમદાવાદ-જ્ઞાનમંદિર બિરાજમાન ગુરુદેવશ્રીની સેવામાં હાજર થઇ ગયેલા. ગુર્વાજ્ઞાપારતન્ત્ર્યના આવા તો અનેક પ્રસંગો પૂજ્યશ્રીજીના જીવનમાં જોવા મળ્યા છે. વિ. સં. ૨૦૨૦ ના પટ્ટકનો પ્રસંગ આપણે યાદ કર્યો. એ પટ્ટક કર્યા પછી થોડા સમયમાં જ, એનાથી કોઈ લાભ નહિ હોવાનું પૂ. શ્રી પ્રેમસૂરિજી દાદાને પણ ખ્યાલમાં આવી ગયેલું. તેથી તેઓશ્રીએ જ પૂજ્યશ્રીને ''અવસર જોઇને આપવાદિક પટ્ટક મૂકી દેવાની'' આજ્ઞા આપેલી.

સં. ૨૦૨૮ અને ૨૦૩૩ ના સંવત્સરી ભેદ વખતે સામા પક્ષની સાચું નહિ જ સ્વીકારવાની નીતિ ખુલ્લી પડી જતાં પૂજ્યશ્રીએ પટ્ટક કાઢી નાંખવાનું વિચારેલું. છતાં સંયોગવશ પટ્ટક રાખવો પડેલો.

સં. ૨૦૪૨ માં તો પૂ. પ્રેમસૂરિજી દાદાના જ કેટલાક શિષ્યો પટ્ટક છોડી એકતિથિ પક્ષમાં ભળી જતાં આખરે ૨૦૪૬ માં પૂજ્યશ્રીજીએ પટ્ટક રદ કર્યો. આ બધાં વર્ષોમાં અમે અનેકવાર પૂજ્યશ્રીજીને કહેતા કે ''હવે ક્યાં સુધી આ અપવાદ ચલાવવાનો છે ?'' ત્યારે પૂજ્યશ્રીજી ફરમાવતા કે ''ધીરજ રાખો, અવસરે બધું બરાબર થશે.'' પટ્ટક કાયમ રાખવા પૂજ્યશ્રીજી ઉપર

અંદર-બહારથી ઘણું જ દબાણ હતું, પરંતુ પૂજ્યશ્રીજીએ સિધ્ધાન્ત અને ગુર્વાજ્ઞાના પાલનમાં જરાય ઢીલાશ બતાવી નહિ.

સ્વ. પૂજ્યશ્રીજીના સ્વર્ગવાસ બાદ તેઓશ્રીની પાટે બિરાજમાન થયેલા સુવિશાલ ગચ્છાધિપતિશ્રી મહોદય સૂરીશ્વરજી મહારાજામાં પણ આવો જ અદ્ભુત ગુર્વાજ્ઞાપારતન્ત્ર્યનો ગુણ હતો. સ્મારક પ્રતિષ્ઠાના અંતિમ પ્રસંગે ગુરુદ્રવ્ય અંગે વિવાદ ઊભો થયો હતો. તેઓશ્રીજીના નામે ખોટી માન્યતા પ્રચારવાનો પ્રયત્ન થતો હતો. પણ તેઓશ્રીએ એક જ અભિપ્રાય સ્પષ્ટ આપ્યો હતો. ''મારા ગુરુમહારાજ જે ફરમાવી ગયા છે તેથી જુદી કોઇ વાત મારે કરવી નથી. ગુરુભક્તિ નિમિત્તનું બધું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય - આવી.

મારા ગુરુદેવની આજ્ઞા જ મારે પ્રમાણ છે.'' આપણા સૌના દુર્ભાગ્યે આજે એ મહાપુરુષ પણ હવે વિદ્યમાન નથી. ત્યારે આપણે સૌ આ મહાપુરુષોના ગુર્વાજ્ઞાપારતન્ત્ર્ય ગુણને જીવનમાં ઊતારી સાચા આરાધક બનીએ એજ અભ્યર્થના.

**● મનુભાઇ એન. શાહ**
**અમદાવાદ.**

- સત્યથી ધર્મનું રક્ષણ થાય છે.
- અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે.
- સદ્વર્તનથી કુળનું રક્ષણ થાય છે.
- ફેશનેબલ કપડા ન પહેરવાથી શીલનું રક્ષણ થાય છે.
- સાદાઇથી સદાચારનું રક્ષણ થાય છે
- દાનથી લક્ષ્મીનું રક્ષણ થાય છે.
- વિવેકથી જ્ઞાનનું રક્ષણ થાય છે.

**સેના**

## સ્વયં પ્રતિજ્ઞા

*હર્ષીદા એન. શાહ*
*અમીષ આર. શાહ*

* સ્વયં બીજાના પ્રાણનો નાશ કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારાઓને સારા માનીશ નહિ.

* સ્વયં મૃષા બોલીશ નહિ, બોલાવીશ નહિ અને બોલનારાઓને સારા માનીશ નહિ.

* સ્વયં અદત્તાધનને ગ્રહણ કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારાઓને સારા માનીશ નહિ.

* સ્વયં મૈથુન સેવીશ નહિ, સેવરાવીશ નહિ અને સેવનારાઓને સારા માનીશ નહિ.

* સ્વયં પરિગ્રહ રાખીશ નહિ, રખાવીશ નહિ અને રાખનારાઓને સારા માનીશ નહિ.

* સ્વયં રાત્રીભોજન કરીશ નહિ, કરાવીશ નહિ અને કરનારાઓને સારા માનીશ નહિ.

આવી ભીષ્મ પ્રતિજ્ઞા ઉચ્ચરેલા મહાત્માઓ ભગાવાને પ્રરૂપેલા મોક્ષમાર્ગ સિવાય સંસારનાં સુખ માટે પણ ધર્મ થાય. તેવી દેશના આપનારાઓને મારે ભલામણ કરવાની કે પૂજ્ય મહાપુરુષો પાસે ઉચરેલ આ મહાવ્રતોનો અર્થ બરાબર ન સમજ્યા હોય તો હવે બરાબર સમજી લેજો. આ પ્રાથમિક જ્ઞાન તો ચોક્કસ મેળવવા જેવું છે.

●

પ્રાણનાથે પીડિલા અર્ધાંગિનાના અધરોષ્ઠ પર ઉપસી આવેલા રંગ જેવી સંધ્યાની ચૂંદડી સૂર્યને સંકેત કરતી ઝૂલી રહી છે.

પૂર્ણ પુરૂષને જોઈને પરવશ થયેલી પાનીના શીર પરથી સાળુનો પાલવ સરી જાય એમ અરૂણ ક્ષિતિજમાં સરી રહ્યો છે.

દિવ્ય સ્ત્રીના શીતળ શીલ જેવો વસંતનો વાયરો વિહરી રહ્યો છે.

એવા વખતે નડિયાદ નગરમાં કંથારીઆ નુખનો બાલાશંકર નામનો નાગર કવિ મૂંઝાઈને બેઠો છે. મા શારદાની ઉપાસનામાં રાત-દિવસ રત રહેનારા આ મસ્તાન કવિનો હાથ ભીડમાં આવી ગયો છે.

એક જમાનામાં જેના પૂર્વજોની શરાફી પેઢીની નડિયાદમાં બોલબાલા હતી, જેનો ધીરધારનો ધંધો ઠેઠ જાતો બુંદી કોટાની બજાર સુધી પહોચી ગયેલો, જેના પિતાએ સુરતમાં મામલતદાર તરીકે રાજ્યની મોભાવાળી નોકરી કરી નેક અને ટેક જાળવી જાણેલી એવા પરિવારનો પુત્ર બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆ એટલે 'કવિ બાલ'. પોતાની કાવ્યકળાના સોળે કળાએ ખીલવનાર બાલાશંકરની નામના ગુજરાતને ગામડે ગામડે ગુંજી રહી છે તો બીજી તરફ સિતારના તાર પર એના ટેરવા ફરતા અને તેમાંથી મધુર સૂર નીતરતા હતા. આવા સૂર અને શબ્દમાં રમતાં કવિ પોતાના ડેલા ઉપરની માઢ મેડીમાં બેઠક જમાવતા. ગુજરાતના જાણીતા સરસ્વતીના ઉપાસકો કવિની મહેમાનગતિ માણવા આવતા. સાંજ પડ્યે ડાયરો જામતો. કવિતાના કસુંબલ કટોરા ઘૂંટાતા. કવિતાના કેફમાં સૌ મોજું માણતા.

કવિએ પોતાની ભીડ ભાંગવા માટે નડિયાદમાં આવેલું એક નાનકડું મકાન વેચી નાખીને નાણાં ઉભાં કરવાનો નિરધાર કરી લીધો.

બીજા દિવસે મકાન વેચાણ આપવા અંગે સગાંસંબંધીઓને જાણ કરી. બે દિવસમાં તો મકાન લેનાર મળી ગયો.

**ને કવિ બાલે કહી દીધું : 'મારે એમાંથી રતીભાર સોનું ન ખપે'**

તેમની જ જ્ઞાતિના માણેકલાલે કવિને રોકડા રૂપિયા ગણી દીધા ને કવિએ માણેકલાલને અઘાટ વેચાણનો દસ્તાવેજ કરી દીધો. કવિ પાસેથી મકાન લીધાનું ગૌરવ અનુભવતા માણેકલાલે જૂના મકાનને નવેસરથી ચણાવવાનો આદર કર્યો. કડિયા-મજૂરોને કામે લગાડ્યા. ત્રિકમ, પાવડા અને તગારા મંડયા કામ કરવા. કાટમાળ અને બારીબારણાં ઉતર્યા પછી ભીંતડા મંડયા પડવા. મકાનનો પાયો ખોદાવવો શરૂ થયો. પાયો ખોદતા મજૂરનો ત્રિકમ ચરૂ પર પડ્યો. મજૂરે મકાનના માલીક માણેકલાલને બોલાવી કહ્યું:

'શેઠ, આ પાયામાં ત્રાંબાનો ચરૂ છે.'

માણેકલાલ પાયામાં ઉતર્યા. અડખે પડખેથી માટી કઢાવી ચરૂ બહાર કઢાવ્યો, સૌની રૂબરૂ ચરૂનું ઢાંકણું તોડાવ્યું. ચરૂમાં સો ટચનું સોનું ઝબકી ઊઠ્યું. માણેકલાલે સોનીને બોલાવી તેની કિંમતનો અડસટ્ટો કઢાવ્યો. સોનીએ રૂપિયા ચાલીસ હજાર નગદ ગણી દેવાની તૈયારી બતાવી એટલે માણેકલાલે હસીને કહ્યું:

''ભાઈ, મેં તો તમને મૂલ કરવા બોલાવ્યા છે, ખરીદ કરવા નહીં.'

'આ અઢળક સોનાને ઘરમાં રાખીને શું કરશો ? ક્યાં સંઘરશો ?'

'એના માલિકને સુપ્રત કરીશ.'

માણેકલાલની વાત સાંભળી સૌ અચંબો પામીને બોલ્યા:

''માણેકભાઈ, આ મિલ્કતના માલિક તો તમે જ ગણાવ. તમારી માલિકીના મકાનમાંથી આ મિલ્કત મળી ગણાય. એનો માલિક ક્યાં ગોતવા જાશો ?'

સૌની વાત સાંભળી માણેકલાલ વદ્યા, ''ભાઈ, તમારી વાત લાખની ત્યારે લેખાય કે મારા બાપદાદાના મકાનમાંથી આ ચરૂ મળ્યો હોય તો હું તેનો ધણી છું.

આ મકાન કવિ પાસેથી વેચાણ લીધું છે. એનું ગુપ્ત ધન મેં વેચાણ નથી રાખ્યું. મને તો હકનું ખપે, હરામનું નહિ.''

એટલું બોલીને માણેકલાલ ખંભે સોનું ભરેલો ચરૂ લઈને પૂગ્યા કવિ બાલને ડેલે. કવિ તો એની મસ્તીમાં ચકચૂર હતાં.

માણેકભાઈએ ચરૂ કવિ બાલની સામે ધરીને કહ્યું, ''આ તમારૂં ગુપ્તધન સંભાળી લ્યો.''

કવિ બાલ પળવાર નવાઈ પામીને બોલ્યા, ''મારી કોઈ છૂપી સંપત્તિ નથી. જે છે તે જાહેર છે.'

માણેકભાઈએ વાતનો ફોડ પાડ્યો:

'તમારા મકાનનો પાયો ખોદતાં સોનું ભરેલો ચરૂ મળ્યો છે.' કવિ બાલે તરત જ વળતો ઉત્તર દીધો:

❑ ધરતીનો ધબકાર ❑
**દોલત ભટ્ટ**

''એ તો તમારૂં ધન ગણાય. મેં તો મકાન તમને આકાશપાતાળના હક્ક સહિત વેચાણ આપી દીધું છે. એટલે તમે જ તેના હક્કદાર ગણાવ. મારે એમાંથી રતિભાર સોનું ન ખપે.'' એટલું કહીને કવિ બાલ સિતાર પર આંગળીના ટેરવા રમાડવા લાગ્યા.

નોંધ : કવિશ્રી બાલશંકર કંથારીયાનો જન્મ ઈ. સ. ૧૮૫૮ માં થયેલો. તેમના ત્રણ પુત્રોમાં શ્રી ત્રિપુરાશંકરે 'મસ્તાન' ના ઉપનામે ગઝલો લખી છે.

તેમના બીજા પુત્ર શ્રી ભાસ્કરરાવે શિવરાજપુરમાં મેંગેનિઝની તેમજ મૈસુરમાં તાંબાની ખાણો શોધેલી.

નડિયાદમાં કવિના દાદાના નામ પરથી અર્જુનેશ્વર મહાદેવનું મંદિર છે. તેનો જીર્ણોદ્ધાર શ્રી ભાસ્કરરાવે પોતાનું મકાન વેચીને કરાવેલો. 'કવિ બાલ' ઈ સ. ૧૮૯૮ માં અવસાન પામેલા.

*:: તણખો ::*

ધર્મના ચાર ભેદ : દાન, શીલ, તપ અને ભાવ.

સેનાનાં ચાર અંગો : હાથી, ઘોડા, રથ અને પાયદળ.

## ● તીસાએ મોહનીય ઠાણેહિં

**પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ.**

ભાગ્યવંતોને માલુમ થાય કે ૭૦ કોડાકોડિ સાગરોપમની સ્થીતિ જેની છે તે મોદનીય કર્મનો બંધ ત્રીશ સ્થાનો ના સેવન થી થાય છે. જેમાં ઉપકારીનો અપકાર કરે. ધર્મશાસ્ત્ર ની નિંદા કરે. દંભનું સેવન કરે. સંઘ માં ફુટફાટ કરાવે. વિગેરે મહાન નિમીત્તો છે. તો આજના સમયે અનેક પૂજ્યોને પણ ઉપરના સ્થાનોની જાણકારી પ્રાપ્ત થતા તેઓએ ઉદારતા પૂર્વક સ્વીકાર કર્યું છે કે આ વર્ષના પર્યુષણમાં યુવાનોને બોલાવવા હોય તો સ્વપ્ન દ્રવ્ય જે સંમેલને સાધારણમાં લઈ જવા ઠરાવ્યું હતું તે પ્રમાણે નહિ પણ દેવદ્રવ્યમાં લઈ જવાનું નક્કિ કરીને જણાવશો.

ઉપરોક વાતની સાથે અનેક પૂજ્યોએ પણ સ્વ-સ્ય સમુદાય પૂર્ણ પેમ્પલેટથી સ્વીકાર કરાવ્યો છે કે સંઘમાં ફુટફાટનું સાધન ધર્મની નિંદા કરાવવાનું નિમીત, ઉપકારીનો ઉપકાર ભૂલાવતું ને દંભને પોષણ આપતું સંમેલન હવે કેન્સલ થયું છે. ઠરાવો કાગળ પર ગયાને આપણે સ્વતંત્ર છીએ.

મહામોહનીય કર્મનું બંધ કેટલાને સંમેલને કરાવ્યું હશે કેટલી પૂજ્યોની નિંદા ને સ્વ અહંમના પોષણ કરતા લખાણો લખાયા હશે. વાર્યા ન વળ્યા પણ હાર્યા તો વળવું જ પડ્યું. ગોસાઈ (ગુરૂનું) નું માનવા તૈયાર ન થયા પણ ગધ્ધાનું માનવા ઘણા તૈયાર રહે છે. હવે થોડુક પાછા વાળો એટલે દોઢતિથીના બેતિથી માં આવી જવાય. પણ હિંમત કરે કોણ હજી તો પડયા પડયાં પણ મિયાભાઈની તંગડી ઉંચી. જેવા હાલ ખેલવાનો ચાન્સ લેવાનું અભરખો થતો લાગે છે. સત્યના સ્વીકારમાં સમક્તિ છે. માયા કપટ ને દંભ માં મિથ્યાત્વ છે. સંઘમાં એકતા જૂદી છે પણ દુધને તેજાબની નહિ શિથિલા ચારીઓની સાથે થોડું આપનું ઘર સુધરેલું પણ બગાડવા પ્રયત્ન ન થાય. પ્રરૂપણા સાચી જ થાય આચરણ્યા કરતા મન દુ:ખે તે મોક્ષાર્થી કહેવાય. તે વિચારવાની અગત્યની જરૂર છે. ચાલો ઉઠો, જાગ્યા ત્યારથી સવાર.

## મનન મોતી

**પ્રેષિકા :- સૌ. અનિતા પટણી**

- ❑ આપણા જીવનમાં આવતી અશાંતિનું મૂળ આપણી ખરા ન કે માઠી ગ્રહદશા નથી પણ આપણી ખોટી આગ્રહદશા અને ખોટી જીદ તથા મમત છે.
- ❑ જેના ઉપર સૂઈ આપણે આપણી આખી જિંદગી પસાર કરીએ તે પાર કે પલંગ આપણી સાથે આવતા નથી પણ જેનો આપણે સ્વપ્ને પણ વિચાર કર્યો નથી કે જેના પર કયારે સૂતા પણ નથી તે ઠાઠડં -નનામી જ આપણી સાથે આવે છે અને બળે છે. ખરેખર અદ્ભૂત આશ્ચર્ય છતાં આપણે મોહ ધરતે નથી.
- ❑ આત્માના મોક્ષને હરે, દૂર કરે તેનું નામ મોહ !
- ❑ આપણને પાપમાં જોડનારા, પ્રેરણા કરનારા, સહાય કરનારા ઘણા બધા છે, ચારે બાજુ છે પણ પાપથી બચાવનાર માત્ર એક સુદેવ-સુગુરૂ અને સુધર્મ છે છતાં પણ હજી હૈયાની પ્રીતિ થતી નથી તે પણ કેવું આશ્ચર્ય !
- ❑ મનને જીતે તે માનવ, મનથી જીતાય તે દાનવ !
- ❑ મનની દરેક ઇચ્છાઓ જૂઓ - સમજો અને પછી ખોટી ઇચ્છાઓને તાબે ન થતા તેને કાપો.
- ❑ દૃષ્ટિદોષ અને દોષદૃષ્ટિ એ આત્માની કતલ કરનાર ભયાનક ડાકણો છે. દૃષ્ટિદોષ રૂપ પાછળ પાગલ બનાવે અને દોષ દૃષ્ટિ, દૂધમાંથી પોરા કઢાવે.
- ❑ તૃષ્ણા મનનો ભયાનક રોગ છે. તેને ઉત્પન્ન થતાની સાથે કાપો નહિ તો તમે કાયમના અસાધ્ય રોગી બની જશો. કે જેની ચિકિત્સા દુનિયાના કોઇ ડોકટર પાસે નથી.
- ❑ કોઇના પણ ગુણને જોવા મનને કેમેરા બનાવો. જેમ કેમેરામાં સામી વ્યક્તિનું પ્રતિબિંબ પકડાય અને કોઇના પણ દોષને જોવા મનને દર્પણ બનાવો. જેમ દર્પણમાં સામી વસ્તુ જેવી હોય તેવું પ્રતિબિંબ પડે પણ દર્પણને હર્ષ-શોક ન થાય. તેમ ગુણનું સન્માન કરી હૃદયમાં આવકારો અને અવગુણનું અપમાન કરી તેને જાકારો આપો કે હવે ફરી આવશો નહિ.
- ❑ આપણે આપણી ભૂલો જોતા નથી અને બીજાની ભૂલો ભૂલતા નથી. પણ સાચા ભાવે ક્ષમા આપવી છે તો આપણી ભૂલો યાદ રાખો ક્યારેય ભૂલો નહિ અને બીજાની ભૂલ તરત જ ભૂલી જાવ. **Forgive and Forget.** આ સિદ્ધાંત પચાવવાથી સાચા ભાવે ક્ષમાદાતા બનીશું.
- ❑ આજે આપણા બધાની એક મોટી નબળાઇ છે કે -ભૂલ કરે જવી અને સાથે સાથે તેનો બચાવ પણ. આને કારણે આપણે દોષોથી દૂર થતા નથી. હજી ભૂલ માફ થઇ શકે પણ ભૂલનો બચાવ તો આત્મામાં દોષોના દરવાજા ખોલી દે છે. ભૂલનો બચાવ એટલે દોષોને આમંત્રણ અને સદ્ગુણોને દેશવટો !
- ❑ કોઇ આપણું બગાડે, આપણને આપત્તિના ખાડામાં નાખી દે તો પણ તેનું ભલું જ ઇચ્છવું. 'અપરાધીશું પણ ચિત્ત થકી નવિ ચિંતવીએ પ્રતિકૂલ'. આ પરમાર્થ આત્મસાત્ થાય તો બેડો પાર. કૂતરો આપણને કરડે તો આપણે કૂતરાને કરડીએ ? કોઇ આપણને જનાવર કે પશુ કહે તો શું આપણે ચોપગા જનાવર થઇએ ? ગધેડો આપણને લાત મારે તો આપણે ગધેડાને લાત મારીએ ? કૂતરો ભસે તો તેની સામે ભસીએ ? આવી ચેષ્ટા કરીએ તો 'મેડ હાઉસ' પણ ઓછા પડે ! માટે આપણું બગાડે તેનું પણ ભલું કરવું તેનું નામ આત્મગુણ પ્રાપ્તિનું પગથિયું ચઢયા !

# મહાસતી - સુલસા

**લેખાંક : ૧૦ મો** ***પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.***

સુલસાના ઉદરમાં ભાગ્યશાળી પુત્રો અવતર્યા હતાં. દેવલોકમાંથી ચ્યવેલા તે ધન્યાત્માઓ હતાં. લલાટમાં ઐશ્વર્યના અમીટ લેખ લખીને તેઓ આવ્યા હતાં. મદમસ્ત દેહયષ્ટિના તેઓ સ્વામી બનવાના હતાં. મંગળઅશ્વ જેવી ઉત્સફૂર્ત અને તંદુરસ્ત કાયા તેમની મૂડી બનવાની હતી. રૂપસુધામાં મજ્જન પામીને બહાર નીકળ્યું હોય, એવું એમનું સૌન્દર્ય સામાન્ય નર-નારીઓ માટે આકર્ષણનો વિષય બનવાનું હતું. કુશાગ્ર તૃણ જેવી તીક્ષ્ણ બુધ્ધિપ્રતિભા દ્વારા તેઓ યશ અને પ્રતિષ્ઠાનું વિપુલ ઉપાર્જન કરવાના હતાં. વિનય અને વિવેકના ઉદાત્ત પાઠો શીખીને પોતાની મધુર ભાષા દ્વારા તેઓ માતા-પિતાના ચિત્તને રંજિત કરવાના હતા. પોતાના અજેય પરાક્રમ દ્વારા શત્રુઓને છઠ્ઠીના ધાવણની યાદી અપાવે તેવા વીર બનવાના હતા. અતૂટ વફાદારીનું બંધન પોતાના શેઠ કે સ્વામી સાથે નિભાવતા રહે તેવા ગુણવાન બનવાના હતાં. પોતાની કાર્યકટિબધ્ધતા દ્વારા રાજાને પણ રંજિત કરનારા બને તેવા આ બંધુઓ હતાં.

ઓછા નહિ, પૂરા બત્રીશ.

સબૂર ! આ તેમનું ભવિષ્ય હતું. ભવિષ્યની આવી આવી હર્ષોર્મિઓ આજે તો કેવળ સ્વપ્ન બનીને ઘૂમરાતી હતી. સતી-સુલસા સુખની આશાનું સુખ પૂરેપૂરૂ અનુભવી શકે તેમ ન હતી.

ખેર ! ભવિતવ્યતાની જ આ એક રમત હતી.

બાકી, સુખની અનુભૂતિ જેટલી સુંદર નથી હોતી એટલી સુંદર હોય છે, સુખની આશા. માનવી આશાની પળોમાં જ ઉત્સાહ, જે ખંત, જે જુસ્સો, જે ઓજ અને જે આનંદ અનુભવે છે, એ ઉત્સાહ, એ ખંત, એ જુસ્સો, એ ઓજ અને એ આનંદ અનુભૂતિની પળોમાં નથી અનુભવી શકતો.

આ એક પ્રમાણિત સત્ય છે. માટે સ્તો તીર્થંકર ભગવંતો એ આશાને નઠારી કહી છે. આ આશાના બન્ધનોની સામુંય નહિ જોવાની આજ્ઞા કરી છે. યાદ કરો આગમ સૂત્રને : ''अनिच्छामिच्छे'' **આશાના અભાવની જ તું આશા રાખ. આશા જો તારે છોડવી જ નથી !**

સતી-સુલસા તો એક તત્ત્વ વિદુષી હતી. પરમશ્રાવિકા હતી. તે ભીંતરથી પૂરેપૂરી સ્વસ્થ હતી. અલબત્ત, એના ઉદરમાં એકી સાથે ૩૨-૩૨ પુત્રો ઉછરી રહ્યાં હતાં. એકાદ ગર્ભની વેદના પણ માતાને ઉજળા ગગનમાં તારા દર્શાવી દેતી હોય, તો ૩૨-૩૨ પંખીઓ એકી સાથે માળો બાંધતા હોય એવી માની વેદના તો કેવી અપાર બની જાય ? બસ ! આવી જ અપાર વેદનાની ભોગ સુલસા બની હતી. એને પળ માટે ય ચેન નહતું પડતું. પુત્રોના ઉજ્જવળ ભવિષ્યની અને આકર્ષક આકૃતિઓની કલ્પનામાં ક્ષણ-બેક્ષણ માટે વિહરી શકે, એટલીય સ્વસ્થતા તેની પાસે નહોતી.

બીજી બાજું સમયનું પાન જેમ-જેમ ખૂલતું ગયું તેમ-તેમ સુલસાની ઉદર વેદના પણ વધવા માંડી. ધીમે-ધીમે એ વેદના સહન ન થઇ શકે એવા અસહ્ય તબક્કે પહોંચી ચૂકી. બાંધી પલાઠીએ બેસી પણ ન શકાય એવી ઉગ્ર કક્ષાને તે આંબી ગઇ. મખમલની શય્યામાં સૂતા પછી પણ નિદ્રા ન લઇ શકાય અને બીજાને હાથના સહારે ચાલવું પણ આંખે ઉના-ઉના આંસુ પડાવે, એવા ઘેરા સ્વરૂપમાં તે પ્રવર્તિત થઇ ગઇ.

સુલસા દેવી બેચેન હતી. પીડા અતિશય તીવ્ર થતી હતી. ઔષધો અને ઉપચારો આ પીડાનું ઉપશમન કરવામાં વ્યર્થ પૂરવાર થયા હતાં. હવે તો એવી અકથ્ય પીડા ઉત્પન્ન થવા માંડી કે આંખો ખોલીને એ શબ્દ ઉચ્ચારવા ય અશક્ય બની જાય. વેદના અને પીડાનો અતિરેક થયો હતો. સુલસાએ ઉપર-નીચેની નેણ પર દબાણ આણીને આંખો બંધ કરી દીધી.

પરિવારના સભ્યો ચિંતાના સાગરમાં ડૂબી જઇ સુલસાની ચોફેર ગોઠવાઇ ગયા. સૌથી વધુ ચિંતિત હતા; સારથિનાગ. ગર્ભમાં રહેલા પુત્રોના અમંગળની આશંકામાં તેમનું મન શેકાઇ રહ્યું હતું. તેમણે સુલસાની વ્યથા દૂર કરાવવા તાત્કાલિક રાજવૈદ્યો તેડાવ્યાં. રાજવૈદ્યોપણ વિના વિલંબે હાજર થઇ ગયાં. રાજવૈદ્યો

પાસે નાગ સારથિએ સુલસાને બચાવી લેવાની આજીજી કરી. સારથિએ કહ્યું: વૈદ્યવરો ! લાખો રૂપિયા ફના થઇ જાય તેની તમા નહિ રાખતાં, પણ ગમે તે ભોગે સતીનારીને રોગથી મુક્ત કરો. હું તમારો સદાયનો ઋણી રહીશ.

અફસોસ ! રાજવૈદ્યો નિરૂપાય હતાં. એકી સાથે બત્રીશ-બત્રીશ પુત્રો કોઇ મનુષ્યસ્ત્રીની કુક્ષિમાં ઉછરે, એ કલ્પના જ એમના માટે અગમ - અગોચર હતી. જે કલ્પના નહિ વાસ્તવિકતા બની હતી. આવી વિસ્મયકારી વાસ્તવિકતા પીછાણ્યા પછી તો વૈદ્યો આભા જ રહી ગયાં. આવું દર્દ અને આવા દર્દી, એમના આયુષ્યની આ બન્નેય અભૂતપૂર્વ ઘટનાઓ હતી.

સુલસાનું દર્દ જ્યારે વૈદ્યોએ બરોબર જાણ્યું, ત્યારે તેઓ પણ સ્તબ્ધ બનીને વિચારી રહ્યાં કે આવા દર્દનો ઉપાય પૂરા વૈદકમાં ક્યાંય સૂચવ્યો જ નથી. હવે કરવું શું ? ખેર ! આજે આપણું આરોગ્ય શાસ્ત્ર અને આપણી શાસ્ત્રજ્ઞતા, બન્નેય કસોટી પર ચઢીને પછડાઇ રહ્યાં છે ! વૈદ્યોને જ્યારે વ્યાધિશમનનો કોઇ ઉપાય જણાયો નહિ, ત્યારે તેમણે ગંભીરવદને પોતાની અશક્તિ જાહેર કરી.

રાજગૃહીના ટોંચના વૈદ્યો પણ જ્યારે હારી ગયાં ત્યારે નાગસારથિના વલોપાતની સીમા ન રહી. તેઓ નાના બાળકની જેમ ડૂસકા ભરવા લાગ્યાં. એમના આંસુનું જળ આસ-પાસની આંખોને પણ ભીંજવી દેનારૂં નીવડ્યું.

સબૂર ! આ બધીય શોકાન્તિકા વચ્ચે સુલસાદેવીનો આત્મા ઓર પ્રસન્ન બની ગયો. એની જિનધર્મ પ્રત્યેની અમીટ શ્રધ્ધા વિજેતાના સ્વાંગ રચીને ફરીથી પ્રકાશિત બનવા ઈચ્છતી હતી.

મહાસતી સુલસાએ આવી ગમગીન આબોહવાને નાબૂદ કરવા અત્યારે ધર્મ સંભાર્યો. તેણે અરિહંત પરમાત્માની પ્રણિધાન પૂર્વકની વંદના કરી. શાસનના અધિષ્ઠાયકોનું સ્મરણ કર્યું અને આવી પડેલા કષ્ટનેય વિસરી જઇને કાયોત્સર્ગ શરૂ કર્યો.

સુલસાની અતૂટ સમ્યક્ત્વ નિષ્ઠાનો આ એક ગજબનાક પ્રભાવ હતો કે અધિષ્ઠાયક દેવો તેને સહાય પૂરી પાડવા તત્કાળ દોડી આવ્યાં.

હા ! આવો ચમત્કાર આજે પણ સરજી શકાય છે. શર્ત એટલી જ માત્ર, સુલસા જેવું પ્રચંડ સત્ત્વ આપણે પણ કેળવી લઇએ. અધિષ્ઠાયક દેવો અને દેવીઓ આજે પણ જાગૃત છે. શાસનના અનુરાગી આત્મા પર ફિદા પુકારે છે. શું પ્રતિક્રમણના સૂત્રોમાં પણ કહ્યું નથી ? વેયાવચ્ચગરાણં, સંતિગરાણં, સમ્મદિટ્ઠિસમાહિગરાણં...

અધિષ્ઠાયકો કેવા ?

(૧) અધિષ્ઠાયકો સમ્યગ્દષ્ટિની વેયાવચ્ચ કરનારા..

(૨) અધિષ્ઠાયકો સમ્યગ્દષ્ટિને શાતા- સમાધિ આપનારા..

(૩) અધિષ્ઠાયકો સમ્યગ્દષ્ટિ જનોમાં શાંતિની લહેર પ્રસરાવનારા..

બસ ! સુલસાએ કાઉસગ્ગ શરૂ કર્યો ન કર્યો, ત્યાં જ તેના સમ્યક્ત્વથી આકર્ષિત થયેલું દેવતત્ત્વ તેને સહાય પૂરી પાડવા તૈનાત બની ગયું. તેની અતૂટ ધર્મનિષ્ઠાએ દૈવી તત્ત્વને ખેંચ્યું. સુલસાના પ્રણિધાન શુધ્ધિ પૂર્વકના કાયોત્સર્ગથી આવર્જિત થઇ પ્રથમ દેવલોકના નાયક શક્રેન્દ્ર મહારાજાનો સેનાપતિ હરિણૈગમેષઈ દેવ સહાય માટે દોડી આવ્યો.

મહાસતીને નમન કરીને તેણે પૂછયું: ભદ્રે ! દેવ-ગુરૂ ભક્તા ! ફરીવાર એવું શું અસાધ્ય કાર્ય ઉપસ્થિત થયું કે મને યાદ કરવો પડ્યો ? તું સ્વસ્થ છો ને ? મારાથી જે સાધ્ય બને તેવું કાર્ય હોય તો જરૂરથી જણાવી દે ભદ્રે ! હરિણૈગમેષીએ આમ, પ્રશ્ન પૂછ્યો અને પ્રશ્ન પૂછીને પોતાની કાર્યકટિબદ્ધતા પણ ઉચ્ચારી.

આ તબક્કે સતી સુલસાએ પણ કશું જ નહિ ગોપવવાનું નક્કી કર્યું. જે ભૂલ આ મહાસતીએ સામે ચાલીને કરેલી, એને એ દ્વારા અસહ્ય વેદનાને આમન્ત્રણ આપ્યું હતું, એ ભૂલ એણે પશ્ચાત્તાપ સાથે વર્ણવી.

ભદ્ર ! શું કહું ? હું મૂર્ખામીનો શિકાર બની છું. ખૂબ જ રૂપાળા, સર્વ ગુણ સંપન્ન પુત્રની વાંછામાં મે ૩૨ સેય ગુટિકાઓ એકી સાથે આરોગી લીધી. ખબર હતી કે એક એક ગુટિકાનો પ્રભાવ એક એક પુત્રનું દાન કરવાનો છે. આમ છતાં, પ્રભાવની મૂળભૂતતા બદલાવવાની મે કોશિશ કરી. મારે ૩૨ પુત્રો નહોતા

ખાતાં. હું એકાદ પણ અપ્રતીમ પુત્રની વાંછુક બની ગઇ. મારી વાંછાને વાસ્તવિકતાથીય વધારે શક્તિશાળી સમજવાની નાદાનીયત હું કરી બેસી મિત્ર ! એના પરિપાક સ્વરૂપે બત્રીશ-બત્રીશ પુત્રોની માતા બની છું. વેદના સહન થતી નથી.

સુલસાના વાકયોમાં અંતરની સો ટચની નિષ્કપટતા છવાયેલી હતી. આવી નિષ્કપટ મનોવૃત્તિની વેદના સાંભળીને હરિણૈગમેષીની આંખોમાંય સ્મિત ઉભરાયું. તેણે કહ્યું અરે ! મુગ્ધા ! વિદુષી બનીને આવી નાદાનિયત તે કેમ કરી ? ધીર બનીને આવી ઉતાવળ કેમ આચરી ? ખેર ! જે થયું તે હવે, એ લક્ષ્યમાં લઇ લે કે તું એકી સાથે બત્રીશ પુત્રોને જન્મ આપીશ. એ બધાય પુત્રો આકૃતિથીય સમાન રહેશે. આકાર, રૂપ અને દેહ[illegible]ી પણ સમાન થશે અને એમના આયુષ્યપણ સમાન જ રહેશે.

વિદૂષી ! જો તે બત્રીશ ગુટિકાઓ ભિન્ન-ભિન્ન સમયે આરોગી હોત તો તને બત્રીશ પુત્રો તબક્કાવર મળત. તેમના રૂપ, તેમના આયુષ્ય, તેમના પરાક્રમ, તેમની પ્રતિષ્ઠા અને તેમની વિધત્તા પણ અલગ-અલગ ક્ષેત્રે ખીલી ઉઠત.

દેવિ ! હવે શોક ન કરીશ. નિયતિના લેખ કોઇ ભૂંસી શકતું નથી.

હરિણૈગમેષીએ જ્યાં આવું કડવું પણ નિતાન્ત સત્ય પ્રકાશી જ દીધું ત્યારે ક્ષણભર સ્તબ્ધ બની ગયેલી સુલસાએ જણાવ્યું : ભદ્ર ! સાંકળા સરોવરમાં સાગર જેવડી વૃષ્ટિ ક્યારેય સમાતી નથી. સરોવરને ભલેને બેધાર અમૃત મળે પણ એની મર્યાદા પૂરી થતાં તે છલકાઇ ઉઠે છે. બસ ! માનવીનું ભાગ્ય જ જો સાંકળું હોય તો દેવોના દાન પણ તેને ધાર્યું સુખ નથી બક્ષી શકતા. મારી દશા પણ કૈંક આવી જ છે. દોષ મારા કર્મનો છે. કર્મ કોઇને માફ કરતા નથી.

કર્મો માફ કરવાનું શીખ્યાં જ નથી. શીખ્યાં છે, સાફ કરવાનું. આ કર્મે ભલભલા ચમરબંધીઓના સૂપડા સાફ કરી દીધાં છે.

પરિરક્ષિત રાજાએ સરોવર વચ્ચે એક થાંભલીયો મહેલ બનાવી એમાં વાસ કર્યો હતો. તોય તે મરણથી બચી શકયો નહિ.

રાજતિલકના કેશર અને અભ્રક ધોવાઇ ગયા હતાં, છતાંય રામચંદ્રજીને વનવાસ સ્વીકારવા પડ્યો.

સોળહજાર રાણીઓ આજ્ઞા ઉઠાવવા તૈયાર હતી, તોય રાવણે સીતાજીનું અપહરણ કર્યું. આ બધાય કર્મના જ ખેલ હતાં. આખરે તો માનવની બુધ્ધિ પણ કર્મની આજ્ઞામાં રહે છે. નથી કહ્યું શું ? મતિ: કર્માનુસારિણી

ખેર ! જે થયું તે. હું એનો શોક કરતી નથી. દેવ ! પણ મને જે અસહ્ય પીડા થઇ રહી છે એ પીડા શમાવવાની શક્તિ હોય તો પીડા દૂર કરો ! નહિતર આપના સ્થાને પાછા ફરી શકો છો. પીડા પા ા ભોગવી લઇશ.

સુલસાના આવા તાત્ત્વિક, સ્થિતપ્રજ્ઞ તથા અજબ-ગજબના સત્ત્વનો સ્પર્શ પામેલા વચનો સાંભળીને દેવ વધુ આવર્જિત થયો. દૈવી શક્તિનો તેણે પાત કર્યો. તત્ક્ષણ સુલસાની પીડા સાવ જ શમી ગઇ. પછી સતીની અનુજ્ઞાયાચીને તેણે વિદાય લીધી.

આ તરફ સુલસાએ કઉસગ્ગ પાર્યો. તેના વદન પર ખુશીનો નકશો અંકાઇ ગયો. પ્રસન્નતાનું સ્મિત ઉપસી આવ્યું. તેની નહિ ખૂલનારી આંખો ઓચિંતી ખૂલી ગઇ. તેની તરફડનારી કાયા અણધારી બેઠી થઇ ગઇ. તેની મૂક બની ગયેલી સંભાષા અચાનક વાચાળ બની ગઇ.

સુલસા બધાયના આશ્ચર્ય વચ્ચે સ્વસ્થ બનીને ઉભી થઇ. જાણે દિવાલથીય ઝાઝી મજબૂત જણાતી વેદના ક્યાંય વિલય પામી ગઇ હોય તેમ તે વર્તવા માંડી. બધાયના આશ્ચર્યનો પાર ન રહ્યો.

નાગ સારથિએ પૂછયું : કેમ છે, દેવિ !

દેવ-ગુરૂની કૃપાએ મને જીવિતાદાન બક્ષ્યું છે. હવે વેદના જરીકેય જણાતી નથી.''

સુલસાએ ટંકાર ભર્યો ઉત્તર વાળ્યો.

પણ વેદના શમી શી રીતે ગઇ ? એકી સાથે અનેકજનોએ પ્રશ્ન પૂછ્યો. ત્યારે આશ્રિતો તેમ જ વડીલો પણ જિન ધર્મમાં અડગ પ્રીતિ ધારણ કરતાં થાય, એવા જ એક માત્ર આશયથી સુલસાએ હરિણૈગમેષી દેવના આગમનની ઘટના સહુની સમક્ષ વર્ણવી.

- ક્રમશ:

# ચેત, ચેત, ચેતન ! તું ચેત !

— ભક્તિ પરાગ

હે આત્મન્ ! આ માટીના પિંડરૂપ દેહ-કાયામાંથી જોત જોતામાં તારો આતમ રૂપી હંસલો ઉડી જશે અને આ દેવળ દેવ વિનાનું જોત જોતામાં માટી ભેગું મલી જશે. તે માટીમાંથી 'લોક ચણે ઘરબાર રે, કુંભાર ઘડતાં પાત્ર રે.' જેવી હાલત થશે. આ નજરે જોવા છતાં પણ હજી તને આ નાશવંતા દેહ ઉપર આટલી બધી મમતા કેમ થાય છે ? જે દેહની સાર સંભાર, લાલી લીપસ્ટીક અને પફ પાવડર કરવામાં આખો દિવસ વીતાવે છે તે તેમાં રહેલા હંસલા માટે કેટલી તું ચિંતા કરે છે ? જે દેહ અવસરે વાંકો જ થાય છે. તેને ગમે તેટલો પાળીશ-પોષીશ-સેવીશ તો પણ તે તને દગો જ દેવાનો છે. છતાં પણ તેમાં જ તું ઘેલો-પાગલ બની, ભાનભૂલો બની તેનો જ પૂજારી કેમ બને છે ?

અશૂચિથી ભરેલી અને મળમૂત્રની ક્યારી રૂપ આ કાયાની ગંધાતી અંધારી કોટડીમાં ઊંધે માથે લટકતાં તેં અસહ્ય વેદનાઓને ભોગવતાં કરેલી પ્રતિજ્ઞાને ભૂલી જઈ વળી પાછો વિષયોની વેલડીમાં વીંટાળવામાં તને કેમ આનંદ આવે છે ? જ્યાંથી ઉત્પન્ન થયો તેને જ સેવવામાં કેમ પાગલ - ભાનભૂલો - વિવેકહીન બને છે ?

ચામડાની શોભામાં આકર્ષાઈને હાડપિંજર છે સ્વરૂપ જેનું અને ક્ષણ-બેક્ષણમાં વિનાશ પામનારા આ દેહમાં જ મૂર્ચ્છિત બનીને વિષય-વિલાસમાં રાચી-માચીને આનંદ પામતા તને ખબર નથી કે આ બધા વિષય વિલાસો મને વિલાપોને કરાવનારા છે, ભોગો તે રોગોને આપનારા છે. જન્મ-જરા-મરણના ભયાનક દુઃખોથી વ્યાપ્ત એવા આ સંસાર રૂપી કીચ્ચડમાંથી બચવાને બદલે તેના જ કિડા બનવામાં કેમ આનંદ આવે છે ? આયુષ્ય ઓછું થઈ રહ્યું છે તો પણ ચમારની જેમ આ ચામડાને ચૂંથવામાં કેમ તને આનંદ આવે છે ? તને ખબર નથી કે પૌદ્‌ગલિક સુખો મને પાયમાલ કરનારા છે, હું જે દુઃખોથી બચવા મહેનત કરું છું તે દુઃખોના દરિયામાં મને ડૂબાડનારા છે !! સંસાર રૂપી અટવીમાં આમે તેમ રઝળતો, વિષય-કષાય રૂપી પ્રમાદ રૂપી ચોરોથી આત્મ ધનથી લુંટાતો, ધર્મ રૂપી પ્રાસાદને પામવા છતાં પણ તેમાં રક્ત બનવાને બદલે મોહની દષ્ટિમાં મૂંઝાઈ, ચારે બાજુથી સળગતા ઘર જેવા સંસારમાં પતંગિયાની જેમ બળી મરતા તને કોણ બચાવશે ? જન્મ્યા તે સઘળાય જાય છે, મરનાર પણ જાય છે, રડનાર પણ જાય છે, તેને જોનાર પણ જાય છે. 'સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે' તો પછી આ દુઃખ રૂપ, દુઃખ ફલક અને દુઃખાનુબંધી સંસારમાં રાચી-માચીને પાપો કોના બળે કરે છે ? શું યમ સાથે તારે મૈત્રી છે ? અમર પટ્ટો લખાઈને આવ્યો છે ? મોહરાજાના પાશમાં ફસાયેલો, મોહરાજાની મોહકતામાં મૂંઝાયેલો તને કોણ બચાવશે તેવો વિચાર સ્વપ્ને પણ કરે છે ખરો ?

સૂર્યને ઘુવડ ન દેખી શકે, ખારી ભૂમિમાં વૃષ્ટિ થવા છતાં ધાન્ય ન પાકે, અગ્નિ છતાં કોકડું મગ ન ચઢે, પુષ્કરાવર્તના મેઘમાં મગશેલિયો પત્થર ન ભીંજાય તેમાં કોનો વાંક છે ? તેમ આવું તારક શાસન પામવા છતાં પણ અજ્ઞાન, અહંકાર, અભિનિવેશ અને આગ્રહથી મોહમૂઢ બનેલો તું શાસન નથી સમજતો, સમજવા પ્રયત્ન નથી કરતો પણ ડહોળવાનું કામ કરે છે તો કોનો વાંક ગણાય ? રાગ અને દ્વેષ એ જ આત્માના મોટા શત્રુ છે અને તું તેને જિગરજાન પ્રાણપ્યારા ભાઈબંધ માને છે પછી પસ્તાય તો કોની ભૂલ ? પૌદ્‌ગલિક પદાર્થોની લાલસા જ મારનારી છે, તેમાં સુખ કે દુઃખ આપવાની તાકાત નથી પણ મોહથી આંધળો બનેલો તું તેમાં જ સુખ-દુઃખની કલ્પના કરી દુઃખી દુઃખી થાય છે તો તે કોની ભૂલ ગણાય ?

આ શરીરનું ગમે તેટલું લાલન-પાલન કરીશ, તો

પણ અંતે તો તેની રાખ જ થવાની છે. 'કાયા રાખ સમાન રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે ? અને તારે દુર્ગતિના ખાડામાં પડવું પડશે. તો હજી પણ ચેતી જા...ચેતી જા... સાધી લે... નહિ તો પોક મૂકતાં, પસ્તાવા છતાં તને કોઇ બચાવશે નહિ.

●

મારા પ્યારા ચેતનજી ! જન્મ્યા પછી આજ સુધી તમે શું કર્યું ? ક્યા ક્યા સ્વપ્નોની હારમાલા સજાવી. શું ગ્રહણ કર્યું, શું ત્યાગું અને શું જાણ્યું ? માત્ર મોજ મજાઓ, ખાવા-પીવા-પહેરવા-ઓઢવાના અમન ચમનો, મહેફીલો-પાર્ટીઓમાંથી તું ઊંચો ન આવ્યો ! પણ તમે જાણતા નથી કે મોહનો મોટો મોહક હિંડોળો છે જે તને સુખ-દુ:ખની મીઠી-કડવી છાંયાઓમાં મૂંઝાવી ક્યાંય નાખી આવશે કે તમો શોધ્યા પણ નહિ જડો. અનિચ્છાએ પણ ઇષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગ કરાવી તમને તડપતા જોઇ તાબોટા પાડશે. જમાનાનો કેફ એવો ચઢાવશે કે તમો સન્માર્ગથી ચ્યુત-પતિત થશો. મતિથી ભ્રષ્ટ થશો અને માર્ગ વિહૂણો બનાવી ચારે બાજુ ભમાવશે. માટે હજી પણ ચેતો તો સારું છે... બાકી ભાવિ અંધારું છે... !

●

મારા પ્રાણ પ્યારા આતમરાજ ! માંડ માંડ દશ દશ દષ્ટાંતે દુર્લભ એવો આ મનુષ્યભવ મલ્યો છે તો હવે મોહનિદ્રાને ઉડાડો... ધર્મરાજાને શરણે જાઓ... કામવિહ્લતા અને વિષયાભિલાષિતાની આંધીમાં અટવાવ નહિ. તત્ત્વની જ્યોતિ પ્રગટાવો. અજ્ઞાનના અંધારાને દૂર કરો. મોહના અંધાપાને તિલાંજલિ આપો. આત્માના અનુપમ ખજાનાને નજરે નિહાળો. આત્માનું સાચું નૂર અને શૂર પ્રગટાવો. શહેનશાહોનો પણ શહેનશાહ તું આવી કારમી કંગાલિયતમાં કેમ મૂંઝાય છે ? તારી જાતને જો કેવા કિંમતી અલભ્ય ગુણરત્નોથી ભરેલી છે. પણ મોહની મતિથી તું સાવ જ દષ્ટિહીન બન્યો છે. અને દુનિયાની ગુલામી કરે છે ? તારી ગુલામી સ્વીકારવા દેવો અને દેવેન્દ્રો તૈયાર છે. પણ તું તારી દષ્ટિ બદલ, તારી દિશા ફેરવ પછી જો તું આશા-તૃષ્ણા, લાલસા-ગૃદ્ધિ-આસક્તિ-લોભનો દરિયો ક્ષણવારમાં તરી જઇશ. સામે કિનારે મુક્તિ વધુ સ્વયંવર માલા લઇ તારી તહેનાતમાં હાજર છે. તો આ જીવનને સફળ-સાર્થક કર. જેથી પુનરપિ જન્મ-મરણના ફેરા ન ફરવા પડે, કર્મના નાચ ન નાચવા પડે, ચોર્યાશીના ચક્કરમાં ન અટવાયા કરવું પડે. વિરહની વેદનામાં ન ઝૂરવું પડે. તો હજી પણ તું ચેત... ચેત... મા મૂંઝ વ... !

●

મારા કામણગારા કંથજી ! વિષયોની વિષમતા, કષાયોની કાલીમતા-કઠોરતા સ્વરૂપ સંસારમાં જરા પણ ન રાચો ન માચો ! આ સંસાર સ્વાર્થનો સગો છે. હું કોઇનો નથી, કોઇ મારું નથી, મારું-મારું કરીને ન મરો. 'ન કોઇ કોઇનો સંસાર રે, સ્વારથિયો પરિવાર રે.' તમારા વિના એક ક્ષણ પણ નહિ રહી શકું કહેનારા પણ ગયા. 'વાલેશર વિના એક ઘડી નહિ સોહાતું લગાર રે, તે વિણ જનનારો વહી ગયો, નહિ કાગળ-સમાચાર રે.' તેને પણ સૌ ભૂલી ગયા. કુડ-કપટ, માયાથી ભરેલો આ સ્વાર્થમય સંસાર છે. જીવનની દોરી ક્યારે તૂટી જશે તે ખબર નથી. જોત જોતામાં જીવનનો ખેલ ખતમ થઇ જશે અને ક્યાં ગયા તેનો પત્તો પણ નહિ લાગે. માટે જલ્દી ચેતીજા. આ દેહ અશુચિમાંથી પેદા થયો છે, અશુચિથી ભરેલો છે અને અશુચિમય આ દેહની અશુચિમાં ન રાચ. તને ખબર નથી કે દુનિયાની ફેક્ટરીનો કાચો માલ જોવો પણ ગમતો નથી પણ તેનું પ્રોડક્શન-ઉત્પાદન આંખે ઉડીને વળગે છે. જ્યારે આ કાયાનું કારખાનું સુંદર-મનોહર પદાર્થોને અ રોગે છે. અને તેનું પરિણામ અંતે અશુચિમાં આવે છે છતાં તું તેમાં કેમ મૂંઝાય છે ? અશુચિ શરીર પર લાગે તો તું પાણીથી સાફ કરે છે અને દેહની અશુચિને રગાડવામાં તું પાગલ બને છે. સુંદર રૂપ-રંગ પાછળ તારી હાલત કઇ થાય છે ? તેનાથી બચવા તારા જીવનને જિનાજ્ઞાથી સુવાચિત કરી દે. દાવાનલ રૂપ સંસારમાં બચવા તારા માટે શ્રી જિનરાજ જ શરણ છે. 'શ્રી જિનરાજને શરણે

અનુ. પાના નં. ૯૯૧ પર

# વસુદેવ હિંડ ચરિત્ર અંતર્ગત મદનવેગા લંભક

◆ ગતાંકથી ચાલુ...

સંજ્ય ત ઋષી નવપૂર્વ ભણી જિનકલ્પી થઇ એકાકી વિચરતા હતા. તેને વિદ્યુદ્દષ્ટ અહિં લાવ્યો છે. જયંતતે હુ શ થીલાચારી બની વિરાધના કરી ધરણેન્દ્ર થયો છું. તે વખતે સંજયંત મુનિને કેવળ જ્ઞાન થયું. દેવોએ મહોત્સવ કર્યો. ધરણેન્દ્ર ગયા પછી વિદ્યાધરોએ કેવળી ભગવાનને વિદ્યુદ્દષ્ટ સાથે વેરનું કારણ પુછતાં કેવળીએ કહ્યુ કે "આજ ભારતવર્ષમાં સિંહપુર નગરમાં સિંહસેન નામે રાજાને રામકૃષ્ણા નામે ભાર્યાથી સિંહચંદ્રને પૂર્ણચંદ્ર નામે બે પુત્રો થયા. રાજાને મોટો પુત્ર અનભિગ્રહિક મિથ્યાત્વી હતો નાના પુત્રને રાણી જૈનધર્મમાં અનુરક્ત હતાં. રાજાને શ્રીભૂતિ નામે પુરોહિત હતા. તેની પીંગલા નામે પત્નિ હતી. એકવાર પદ્મીની ખોટનો વતની ભદ્રમિત્ર સાર્થવાહ સિંહપુર આવ્યો તેણે શ્રીભૂતિને વિશ્વાસપાત્ર જાણી થાપણ સોંપી વહાણમાં બેસી આગળ ચાલ્યો.

દૈવયોગે તેનું વહાણ ડુબ્યું. લાકડાના પાટીઆના આધારે ભદ્રમિત્ર જેમ તેમ કરી કીનારે આવ્યો ત્યાંથી સિંહપુર જઇ શ્રીભૂતિ પાસે મુકેલ થાપણ માગી. શ્રીભૂતિએ જાણે ઓળખતો જ નથી એમ કરી થાપણ પાછી આપી નહિ. તે રાજદ્વારે જઈ પોકાર કરવા લાગ્યો રાજાએ મંત્રીને આ બાબતની તપાસ કરવા કહ્યું. મંત્રીએ ભદ્રમિત્રની પુરતી તપાસ કરી રાજાને કહ્યું કે શ્રીભૂતિએ તેની થાપણ ઓળવી છે, માટે તમો તેની સાથે દ્યુતરમી મુદ્રાની અદલી બદલી કરો. પછી તેની મુદ્રા પ્રતિહારીને આપી શ્રીભૂતિના ઘેર થાપણ લેવા મોકલો એટલે તેની સ્ત્રી વીંટી જોઇ આપી દેશે. આ મુજબ થાપણ મળતાં ભદ્રમિત્રને થાપણ આપી કૃતાર્થ કર્યો અને શ્રીભૂતિને નગરમાંથી કાઢી મુક્યો. તે મરીને અગંધન સર્પ થયો. રાજા એકવાર ભંડારમાં રત્નો જોતો હતો.

ત્યાં તે સર્પ ડસ્યો. ગારૂડીકોને બોલાવી વિષ ઉતારવા કહ્યું. ગરૂડતુંગ નામે ગારૂડીએ બધા સર્પોનું આવાહન કરી નિરપરાધીને છોડી મુકયા. અગંધન સર્પ ઉભો રહ્યો. તેને ઝેર ચૂસવા કહ્યું. પણ વમેલું ઝેર ચુસ્યું નહિ. તેથી બળતા અગ્નિમાં નાખ્યો તે મરીને ચમરીઓ મૃગ થયો. રાજા મરીને હાથી થયો, પછી સિંહચંદ્ર રાજા થયો અને પૂર્ણચંદ્ર યુવરાજ થયો.

એક વખત રામકૃષ્ણાની માતા હીંમતી સાધ્વી સિંહપુર આવી તેનાથી પ્રતિબોધ પામી રામકૃષ્ણાએ દીક્ષા લીધી. સિંહચંદ્ર રાજાએ પૂર્ણચંદ્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. તેઓ વિહાર કરી ગયા બાદ રામકૃષ્ણાને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં ફરી સિંહપુર આવી. પૂણચંદ્રે વંદન કરી પુછ્યું કે પૂર્વભવના કયા સંબંધથી આપના પર મને વધુ સ્નેહ થયો છે. કેવળીએ કહ્યું કે 'પૂર્વ ભવમાં હું મૃગ નામે બ્રાહ્મણ હતો. તું મારી વારૂણી નામે પુત્રી હતી. એક વખત સાધુ મહારાજ પધારતાં મેં તને વહોરાવવા કહ્યું. તે ભાવથી વહોરાવ્યું. તેથી તું મરીને રાજપુત્ર થયો તારી માતા થદિરા મરીને પ્રતિષ્ઠાનપુરમાં અતિબળ રાજાની સુમતિદેવીથી હીમતી નામે પુત્રી થઇ. તેને પોતનપુરના રાજા પુર્ણભદ્ર સાથે પરણાવી.

મેં તારા પરના સ્નેહથી દીક્ષા લીધી નહિ તેમ તને પરણાવી પણ નહિ. આકારણથી હું મરીને હીમતીની પુત્રી રામકૃષ્ણા થઇ ભદ્રમિત્રને થાપણ પાછી મળવાથી સાધુ પ્રમુખને દાન આપતો એક અટવીમાં પેઠો. તેની માતા તેના વિયોગથી મરીને વાઘણ થઇ. તેણે ભદ્ર મિત્રને ખાધો. તે ભદ્રમિત્ર મરીને મારો મોટો પુત્ર સિંહચંદ્ર થયો. સંસારી સંબંધો વિચિત્ર બને છે. માતા વાઘણ થઇ પુત્રને ખાય છે. પારકો પોતાનો થાય છે.

જેમ કે ભદ્રમિત્ર મારો પુત્ર થયો. અને તું બન્ને ભવમાં પ્રિય થયો. સિંહસેન હાથીના ભવમાં સાધુને જોઇ જાતિસ્મરણ પામ્યો. સિંહચંદ્રે ધર્મ સમજાવ્યો. તેથી તેણે અનશન કર્યું.

પુરોહિતનો જીવ ચમરીઓ મૃગ મરીને કુર્કુટ સર્પ થયો. તે રોષથી હાથીને કરડયો. હાથી મરીને મહાશુક્રમાં દેવ થયો. પારધીએ હાથીના દાંતને મોતી લીધાં, તેણે ધન મિત્ર વાણીઓને વેચ્યાં. તેણે તને ભેટ આપ્યાં. તેં દાંત સિંહાશનમાં અને મોતી ચુડામણીમાં જડાવ્યા. પિતાના શરીરના અવયવો શોકના કારણભુત છતાં તને હર્ષ થાય છે. તારા ભાઇ સિંહચંદ્ર અણગાર કાળ કરી,

ગ્રૈવેયકમાં દેવ થયા. એકત્રીસ સાગરોપનું આયુષ્ય પાળી અહીં જ ભરતમાં ચક્રપુર નગરના અપરાજીત રાજાની સુંદરી નામે દેવીનો ચક્રાયુધ નામે પુત્ર થયો. કુર્કુટ સર્પને વાનરે મારી નાખ્યો તે મરી પાંચમી નરકે ગયો. પૂર્ણચંદ્ર રાજા કંઈક કપટ ભાવથી સ્ત્રી વેદમાંથી શ્રાવકપણું આરાધી મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી વૈતાઢ્યની ઉત્તર શ્રેણીમાં નિત્યાલોકનગરના અરિસિંહ રાજાની શ્રીધરાદેવીથી યશોધરા નામે પુત્રી થઈ ઉંમર લાયક થતાં ઉત્તરશ્રેણીમાં પ્રભંકરાનગરીના સૂર્યાવર્ત રાજા સાથે પરણાવી.

સિંહસેનનો જીવ મહાશુક્રમાંથી ચ્યવીને યશોધરાનો પુત્ર રશ્મિ વેગ નામે થયો. સૂર્યાવર્ત રાજા ધર્મરૂચી તથા ધર્મનંદચારણશ્રમણનો ઉપદેશ પામી રશ્મિવેગને રાજ્ય સોંપી દીક્ષા લઈ કર્મ ખપાવી મોક્ષે ગયા. યશોધરાએ ગુણવતી આર્યા પાસે દીક્ષા લઈ કાળ કરી લાંતક કલ્પમાં દેવ થયા. રશ્મિવેગ હરિમુનિચંદ્ર પાસે દીક્ષા લઈ નવપૂર્વ ભાણી એકાંકી વિચરવા લાગ્યો. એક વખત તે કાંચનગુહામાં પ્રતિમા ધ્યાને રહ્યો હતો. ત્યાં પાંચમી નરકમાંથી નીકળી અજગર થએલ પુરોહિતનો જીવ તેને ગળી ગયો. રશ્મિવેગ મુનિ કાળ કરી લાંતક કલ્પમાં દેવ થયો. અજગર મરી પાંચમી નરકે ગયો. સિંહસેનનો જીવ રશ્મિવેગ દેવ ચ્યવીને ચક્રાયુધ રાજાની ચિત્રમાલા રાણીની કૂખે વજ્રાયુધ નામે કુમાર થયો. તેની રત્નમાળા સ્ત્રીની કુખે યશોધરાનો જીવ દેવભવથી ચ્યવી રત્નાયુધ નામે કુમાર થયો. વજ્રયુધે રત્નાયુધને રાજ્ય સોંપી વજ્રદત્ત મુનિ પાસે દીક્ષા લીધી. ચૌદ પૂર્વ ભણી વિચરતા ચક્રપુર નગરે આવ્યા. રત્નાયુધ વંદનાર્થે આવ્યો. વજ્રયુદ્ધ મુનિએ જીવદયા વિષે વર્ણન કરત સુમિત્ર રાજાનું દૃષ્ટાંત નીચે મુજબ કહ્યું. છત્રાકાર નગરમાં પ્રીતિકર રાજા મતિસાગર ગુરૂનો ઉપદેશ સાંભળી દીક્ષા લેવા તૈયાર થયો.

તેની સાથે પુરોહિતનો પુત્ર ચિત્રમતીએ પણ દીક્ષા લીધી. તપથી ખીરાશ્રવલબ્ધી જેને ઉત્પન્ન થઈ છે. એવા પ્રીતિકર મુનિ સાકેત નગરમાં આવ્યા. ત્યાં સુમિત્ર રાજાની ગણીકાથી ઉત્પન્ન થએલી બુદ્ધિસેના નામે કન્યા હતી. પ્રીતિકર મુનિના ઉપદેશથી તેણીએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. પુરોહિત પુત્ર ચિત્રમતી ગુરૂએ રોકવા છતાં બુદ્ધિસેનાને દીક્ષા આપવા સાકેત નગર ગયો. બુદ્ધિસેનાને જોઈ તેના રૂપમાં લુબ્ધ બન્યો. તેથી તે સુમિત્ર રાજાની સેવા કરવા લાગ્યો. સુમિત્ર રાજાને માંસ પ્રિય ન હતું. છતાં ચિત્રમતી એ વારંવાર ઉપદેશ આપી માંસભક્ષી બનાવ્યો. અને બુદ્ધિસેનાને પરણ્યો. રાજા અનંત સંસારી થયો. આ સાંભળી રત્નાયુધ રાજાએ જીવન પર્યંત માંસની વિરતી ગ્રહણ કરી રાજ્યમાં અમારી પડહ વજડાવ્યો. વજ્રયુધે જિનકલ્પ સ્વીકાર્યો, અજગરનો જીવ પાંચમી નરકમાંથી નીકળી દારૂણ કસાઈની કષ્ટાસ્ત્રીથી અતિકષ્ટ નામે પુત્ર થયો. પૂર્વ વૈરથી તેણ વજ્રયુધ મુનિને હણ્યા. મુનિ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. અતિકષ્ટ મરીને સાતમી નરકે ગયો.

-ક્રમશ:

અનુ. પાના નં. ૬૮૯ થી ચાલુ...

જાય છે, તેથી જોરાવર કોઈ નહિ, આખર તરશો તેહથી રે.' જે તારક આજ્ઞા પ્રત્યે સાચો સમર્પણ ભાવ કેળવી શરીરના રોમે રોમમાં આજ્ઞાને વસાવી દે, શ્વાસોશ્વાસ આજ્ઞામય બનાવ, લોહીના ભ્રમણમાં પણ આજ્ઞાનો નાદ જગાવ, હૃદયના ધબકારમાં પણ આજ્ઞાને ભરી દે. પછી જો જાદુ તારા જીવનની સાચી દિવ્ય જ્યોતિ પેદા થઈ જશે જે તને સાચું અમરત્વ આપશે. આ કાયાની માયામાંથી મૂકાવશે. માટે લોકહેરીમાં પડયા વગર, લાગણીઓના પુરમાં તણાયા વગર, પ્રપંચીઓના પ્રપંચમાં ફસાયા વિના, ક્ષણનો પણ પ્રમાદ કર્યા વિના તારક આજ્ઞાની સેવામાં રક્ત બની જા. તો સિદ્ધિવધુની વરમાળા તારા કંઠમાં આવી જજે અને તું અવિચલ-શાશ્વત સુખનો ભોકતા બનીશ. 'શિવાસ્તે પન્થાન:!'

- ક્રમશ:

# અંધશ્રધ્ધા ઉન્મૂલન

—પૂ. સા. આ. વિજય વારિષેણસૂરિ. મ., તેનાલી

મુંઈમ જાહેર સંડાસ પાસે કાળો પથ્થર ગણપતિ આકારનો મળ્યોને સંડાર મંદિર બની ગયું. બીડમાં માતાજીની માનતા ફળી તો પુત્ર થયો ત્યારે પુત્રની જીભ કાપીને માતાને ચઢાવી. આવી વાતો ને અંધ શ્રધ્ધા કહેનારા ઘણા છે. પણ વીતરાગ વચનની ઉપેક્ષા કરીને સુખ પુણ્યાઈથી મળે છે. છતાં સામગ્રીમાં અંધશ્રધ્ધા રાખીને રાગ દ્વેષના પાપો બાંધનારા ઘણા છે.

પૈસા પુણ્યાઈ થી મળે છે. છતાં આજના જમાનામાં અન્યાય વગર ચાલતું નથી. જે પૈસા માટે ધન પૂજન લક્ષ્મી પૂજન વહિ પૂજન શારદા પૂજન, તીજોરી પૂજન આદિ પૂજન તાલા પૂજન કરનારને અંધ શ્રધ્ધાળું કેમ ન કહેવાય ? પ્રભુ પ્રતિમા પૂજનારા ને અંધ શ્રધ્ધાળું કહેનારા ઘણા છે ને ટી.વી., વીડિયો, ફોટા લોકેટ સ્ટીકરના દર્શને ખુશી આનંદ મનાવતા ને અંધ શ્રધ્ધાથી પૂજવા માં પુણ્ય માને છે.

જડભોજન પર દવા પર અંધ શ્રધ્ધા રાખીને કંદ મૂળ રાત્રી ભોજન આરોગતા ખાનપાન, દવા કરવા માટે આર્તધ્યાન કરનારાને અંધ શ્રધ્ધાલું કોન માને. સંસારના સ્વાર્થી પરિવાર પત્ની પૈસા પ્રાસાદને અંધ શ્રધ્ધાની શરણદાતા માને છે ને વીતરાગ પૂજા પાઠને સાધુ સગંતને અજ્ઞાની અંધશ્રધ્ધાલું કહે છે. અરે "દુનિયાની મૌજે ક્યારે કમ નહિ હોગી, પરંતુ અફસોસ છે આમીર તુમ નહિ હોગે" દુઃખને રડે તે વાનર છે, પાપને રડે તે નર છે, સંસારને રડે તે નારાયણ છે. શ્રધ્ધાલુ કર્મને રડે છે, પાપને રડે છે, દોષને રડે છે, જ્યારે અંધશ્રધ્ધાલું દાળમાં મીઠું ઓછું આવે તો મગજનું મીઠું ઓગાળી નાખે છે. ચાયમા સાકર ઓછી લાગે તો આગ લગાવી દે છે. દુઃખ માટે દ્વેષને તિરસ્કાર માં મગ્ન બને છે. આજના મફતલાલ માખણ દહિમાંથી નહિ પણ પાણીમાંથી નીકળે છે એમ માનીને પાણી જેવા ભોગ સામગ્રીના સંગ્રહમાં ઓતપ્રોત છે. પણ પાણી કેટલી વલોવે ભીત થોડા પણ પુણ્યના દહિ જમા હશે તો પાપની પાણી જેવી પ્રવૃત્તિમાં પણ સુખનું માખણ દેખાશે. બાકિ સુખ પુણ્યરૂપી દહિનું જ ફળ છે તે શ્રધ્ધા રાખો ને રાતદિન પુણ્ય વધારવા પ્રયત્ન કરો પૈસા નહિ.

## :: દેખતું નથી::

મફતલાલને શેઠે પોસ્ટ કરવા કવર આપ્યુંને કહે ઓફિસમાં વજન કરીને ટિકિટ લગાવી રવાના કરને લે ટિકિટ એ રૂપિયાની લઈ જા. બુધ્ધિ નિધાન મફતલાલ ઓફિસમાંથી પાછા આવ્યા ત્યારે કવર મો પોસ્ટ કરીને આવ્યા પણ બે રૂપિયાની સ્ટેમ્પ પણ શેઠને પાછી આપી શેઠ કહે અરે શું કર્યુ ? ત્યારે પ્રજ્ઞાવાન મફતલાલ કહે શેઠ પોસ્ટ માસ્ટર વાતોમાં હતો ને મે ડબ્બામાં કવર ન દેખે તેમ વગર ટિકિટ લગાવે માળી દિધુ કાલે પહોચી જશે. આજે આવા મફતલાલોનો રાફડો ફાટ્યો છે. જે સમજે છે કોઈ ન દેખે તેમ હોશિંયારીથી પેલી ટિકીટ રીતે લોકોને ફસાવે છે. અન્યાય કરે છે ને સમજે છે કોઈ ન દેખે માટે આપણે છૂટી ગયા. કદાપિ નહિ, વગર સ્ટેમ્પનું કવર ડયુ થશે અને પત્રને ડબ્બલ સ્ટેમ્પ લેશે. તેમ વગર દેખાતા પાપોનુ ફળ પણ વ્યાજ સાથે ચુકવવા પડશે. માટે બ્લુ ફિલ્મો બ્લુ બુકસો નોવેલો ને વાશના ઉત્તેજક પ્રવૃતિઓથી સદા સાવધાન રહો. નહિતો કર્મ પાપ આપનો સગો નથી તે છોડી મૂકશે? કર્મના રાજમાં દેર છે. પણ અંધેર નહિ. યાદ રાખશો.

### અવિકારનો લાભ

- ચક્ષુનો વિકાર નષ્ટ થાય તો જ્ઞાન નિર્મળ થાય.
- મનનો વિકાર નષ્ટ થાય તો પ્રતિતિ થાય.
- નાકનો વિકાર નષ્ટ થાય તો ચારિત્ર ગુણની સુવાસ થાય.
- જીહ્વાનો વિકાર નષ્ટ થાય તો આત્મિક અનુભવનો રસાસ્વાદ થાય.
- સ્પર્શનો વિકાર નષ્ટ થાય તો સ્વભાવની રમણતા થાય.

- વસુમતી

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* આજે અમે તમારા જેવા શ્રોતાઓની આગળ વ્યાખ્યાન તો કરીએ છીએ, પણ અમારે બહુ સાચવી-સાચવીને બોલવું પડે છે. અમને એમ થાય છે કે, હે ભગવાન ! જે લોકોમાં જિજ્ઞાસા નથી, એવાની સામે બેસીને અમારે વ્યાખ્યાન કરવાનું ક્યાં આવ્યું ? પરંતુ પાછું ભગવાનનું વચન યાદ આવી જાય છે કે, શ્રોતાને લાભ થાય કે ન થાય, પરંતુ હિતબુદ્ધિથી પ્રભુ આજ્ઞા મુજબ બોલનારને તો એકાંતે લાભ જ છે. ઘણામાંથી એકાદ પણ પામી જાય, તો અમારી મહેનત સફળ ! એવી આશાએ અમે વ્યાખ્યાન કરીએ છીએ.

* આજે ભણતર વધ્યું છે, એવી ડંફાસ બહુ હાંકવામાં આવે છે. ડીગ્રીધારીઓનો તો આજે રાફડો ફાટ્યો છે, પણ એ ભણતરનું પરિણામ શું ? આ સભામાં બેઠેલો કોઈ પણ બાપ છાતી ઠોકીને એવું કહી શકે એમ છે કે 'મારા ભણાવેલા દીકરામાં મને પૂરો વિશ્વાસ છે ! કોઈ પણ ભૌતિક સ્વાર્થ ખાતર મારો દીકરો મારી સામે કોઈ કાળે થાય એમ નથી ! આવી ખાતરી આપનારો કોઈ બાપ આ સભામાં હોય, તો મારે એના દર્શન (!) કરવા છે, અને જો ન હોય, તો મારે કહેવું પડે કે, ધૂળ પડી આજના ભણતરમાં !'

* જીવતા રહીને પણ જેને ધર્મ જ કરવાની ભાવના હોય, એ જીવવા માટે એવું તો કઈ કરે જ નહિ ને કે, જેથી ધર્મ લાજે ! ધર્મ નિંદાય, એવા ઉપાય અજમાવીને જીવવા કરતા ધર્મ ન નિંદાય, એ માટે સમાધિથી અનશન કરી દેવું, એ એને વધુ ઉચિત જણાય.

* કાયદાની કલમનો આધાર લીધા વિના આજે મોટામાં મોટો ગણાતો બેરીસ્ટર પણ કોઈ વાત કરતો નથી. કોર્ટમાં બધા કેસો કાયદાના આધારે જ ચાલે છે. આજના ખરાબ કાળમાં પણ ચોપડા અને લખાણના આધારે જ દુનિયાનો બધો વ્યવહાર ચાલી રહ્યો છે. પરંતુ ફક્ત ધર્મની જ વાતમાં અમને શાસ્ત્રોને આઘા મૂકવાની સલાહ અપાઈ રહી છે. ભગવાનની આજ્ઞાને ઉડાવી દેનારી આ સલાહ તો સત્યનાશ નોંતરે એવી છે. આજે સરકાર પણ ટોળાંશાહીને આગળ કરી રહી છે, તો તેના ખરાબ પરિણામ નજરે દેખાઈ રહ્યા છે. ટોળું કહે તેમ કદી ન કરાય. ટોળું ગધેડાને હાથી જાહેર કરે, તો એની પર સવારી કરશો ? જગતમાં ભલે ક્યાંક ટોળાશાહીનો અન્યાય ચાલી રહ્યો હોય, પરંતુ ધર્મમાં તો આવી ટોળાંશાહી કદી જ ન નભી શકે.

* પોતાના ઘરમાં કોઈ ઘૂસી ન જાય, એની ભારે તકેદારી રાખનારાં કેટલાક લોકો આજે ભગવાનનાં સંઘમાં બધાને ઘાલવાની વાતો કરીને એકતા અને સમભાવની સૂફિયાણી સલાહ આપી રહ્યા છે. ભગવાન જેવા ભગવાને પણ 'સવિ જીવ કરું શાસન રસી' ની ભાવના ભાવવા છતાં પોતાના ચતુર્વિધ સંઘમાં ગણ્યા-ગાંઠ્યા માણસોને જ સ્થાન આપ્યું. અબજો લોકોને જતા કરીને એ તારકે લાખોને જ સંઘમાં ભેળવ્યા. એ ભગવાન કરતાં ય આજના પાગલો વધુ વિશાળ દિલ (!) ધરાવનારા નીકળ્યા છે. પણ એ નામદારો પાછા પોતાના ઘરમાં તો કોઈને ઘાલવા માંગતા જ નથી.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

### તે નિરનુકંપ છે

जइया णेणं चत्तं, अप्पणतो
नाण-दंसण-चरित्तं।
ताधे तस्स परेसुं, अणुकंपा
नत्थि जीवेसु ॥

(શ્રી વ્યવહાર ભાષ્ય, ગા. ૧૬૭૨)

જેણે પોતાના આત્મામાંથી
જ્ઞાન-દર્શન-ચારિત્રનો ત્યાગ
કર્યો તેવા આત્માને બીજાઓ ઉપર
અનુકંપા નથી.

વર્ષ ૧૪ | અંક ૪૪

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

# જૈન શાસન
અઠવાડિક

# જન્મભૂમિ પ્રવાસી



હિંદી સમાચાર શરૂ થાય ત્યારે તમાચા, એવા ઘૂમતા અક્ષર દેખાતા હોવાથી આ છોકરા કહે છે કે અનેક કરતૂત કરતા આપણા પડોશી દેશવાળાને આપણે જડબાંતોડ જવાબ આપતા હોઈએ, જાણે ઘૂમાવીને તમાચા મારતા હોઈએ. તેવાં આપણા નેતાઓનાં પ્રવચન ટીવી પર અત્યારે સાંભળવા મળશે તેનો આ સંકેત છે.

Before the starting of hindinews. the letters are read like "Tamacha" so this boys say that we give answer to our neighbouring country with hugh "Tamacha". that will be the news in the television by our Ministers.



નેતાનાં પૂતળાં ગોઠવવાની પ્રથા આપણે ત્યાં છે. પણ હાલ રાજ્યોની ચૂંટણી વખતે પિત્રાઈ ભાઈઓ જેવા કેટલાક પક્ષના આગેવાનોએ કૌરવ-પાંડવની જેમ એકબીજાની સામે દાવપેચ ખેલ્યા, તેમાં પ્રજાની હાલત બાણશય્યા પર ફસડાઈ પડેલા ભીષ્મ પિતામહ જેવી થઈ એવું પૂતળું અમે તૈયાર કર્યું છે.

We have a tradition to arrange statues of our minister. But is recent elections as our Ministers light like Kauravs & Pandavs in between them public is like Bhisma Pitama sleeping on the arrows & we so we prepared a statue like that.



સ્વાગત માટે જાણે રેલવેપ્રધાન અને નાણાપ્રધાન ઊભા હોય એવા દેખાવવાળાં બે કટઆઉટ આ રિસેપ્શનનાં પ્રવેશદ્વાર પાસે મૂક્યાં છે. તેમાં લોકોને ગેરસમજ થશે કે હવે રેલવે અને સામાન્ય બજેટમાં જેમ કરવેરા વધશે તેમ આ લગ્ન સમારંભમાં ચાંદલાનો ટેક્સ પણ બધાએ વધારે આપવો જોઈએ.

By putting images of Railway Minister & Finance Minister in the marriage ceremony they want to tell as that like increasivg taces the money for blerying will also to be given more.




તમારા પરાજયનું કારણ આ બે દીવાલપત્રમાં જોવા મળે છે. શહેરમાં પીવાનું પાણી આપતી પાઈપ બગડી ગઈ હોવાથી તેમાં ગટરનું પાણી ભળી જાય છે એવી ફરિયાદ પર તમે ધ્યાન આપ્યું નહીં. એ કારણે કોઈ મતદારે આપને વોટ આપ્યા નહીં.

Your failure in election is be cause of the two osters on the wall. The city was getting polluted water & you never gave attention to that so they did not gave you any vote.

(કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ)

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન
## (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) ※ સવંત ૨૦૫૮ શ્રાવણ સુદ ૫ ※ મંગળવાર, તા. ૧૩-૮-૨૦૦૨ (અંક : [illegible]૪

# શ્રીમદ્‌ના જ્ઞાન પ્રચાર માટે કલંકિત માર્ગ !

શ્રી જૈન શાસનમાં સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રનો માર્ગ બતાવ્યો છે. સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગ: એમ બતાવ્યું છે અને એ રીતે આજે જૈન શાસન ચાલુ છે તેમ તપાગચ્છ એ આ જ્ઞાન દર્શન ચારિત્રનો ધોધ છે.

આ જૈન શાસનમાંથી માત્ર જ્ઞાનનો માર્ગ લઈને શ્રીમદે જ્ઞાનની વાતો કરી છે અને પ્રચારી છે. દર્શન અને ચારિત્રની વાતોની ઉપેક્ષા કરી છે. તો ક્યાંક અવજ્ઞા કરી છે. શ્રીમદ્ પોતાના જીવનમાં કોઈ સાધુને માન્યા ન હતા. અપનાવ્યા ન હતા. તેથી સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા ૪ ાર અંગ હોય તો સંઘ શાસન તીર્થ કહેવાય છે. જ્યારે શ્રીમદ્ સાધુ સાધ્વીની ઉપેક્ષા કરી અને તે દ્વારા અવજ્ઞા કરી છે. અને તેથી દર્શન અને ચારિત્ર પ્રત્યેના અભાવવાળા અનાદરવાળા કે ઉપેક્ષાવાળા અથવા અજ્ઞાન જીવોને આ શ્રીમદ્‌ના માર્ગમાં ફાવી ગયું હોય તેમ બને. અને વહેવારમાં ખેંચવા માટે દેરાસર વિ. ક્યાંક કર્યા છે.

જેમ કાનજી સ્વામી માત્ર નિશ્ચય નયને માને છે છતાં જીવોને પક્ષમાં રાખવા માટે દેરાસરો મહોત્સવો વિગેરે કરે છે તે કાનજી સ્વામીના સિદ્ધાંત વિરુદ્ધ છે.

શ્રીમદ્‌નો પ્રચાર કરવા આશ્રમો બનાવે છે. અને ત્યાં શ્રીમદ્‌ના પુસ્તકો આદિનું વાંચન સ્વાધ્યાય કરે છે. તે માટે આશ્રમો તૈયાર કરે છે અને તેમાં સ્વાધ્યાય વિગેરે કરે છે.

પરંતુ મુંબઈ સમાચાર તા. ૨૦-૬-૨૦૦૨ ના અંકમાં શ્રીમદ્‌ના જ્ઞાન સ્વાધ્યાય માટે પુના મુંબઈ રોડ ઉપર પર્લી ગામમાં ૧૨ એકર જમીન લઈ સ્વાધ્યાય આશ્રમ ખોલવાનું નક્કી થયું છે. તેમાં ૭૦૦ જેટલા સ્વાધ્યાય પ્રેમી સ્વાધ્યાય કરી શકશે. ત્યાં સુધી તો કહેવાય કે તે શ્રીમદ્‌નો માર્ગ છે. પરંતુ આ આશ્રમ માટે નાણા એકત્ર કરવા શ્રીમદ્‌ને માનનારા નબીરા તૈયાર નથી અને તેઓ વિવિધ કાર્યક્રમો દ્વારા નાણા ભેગા કરવાના છે. તેમાં તા. ૨૦-૬-૨૦૦૨ ના જાણીતા ગાયક મનહર ઉદ્ધાની મહેફીલ રાખી છે. તે બિરલા માતુશ્રી ગૃહમાં રાખી છે. અને તે દ્વારા નાણા એકત્રિત કરશે. અને તેમા બીજા કાર્યક્રમો પણ રાખશે.

શ્રીમદ્‌ને નામે તેમના ભકતો નાણા આપે તે શ્રીમદ્‌નો મત જાણાય પણ પરંતુ નાટક ચેટક ડાયરા મુસાયરા અને મહેફીલો રાખીને નાણા એકત્ર કરતા તે શ્રીમદ્‌ના જ્ઞાન માર્ગનો પણ નાશ કરવા જેવું છે. અને શ્રીમદ્‌ના નામને ઉજવળ બનાવવાને બદલે કલંકિત બનાવવાનું છે.

જૈન શાસન પણ આવી મહેફીલો શો વિગેરે દ્વારા દાન એકત્રિત કરવું તે મહા અનર્થ છે. અને અનુ દંડજ રૂપ પામીને ઉત્તેજન આપવાનું છે. જેથી તેમની આ નાણા એકત્રિત કરવાની પ્રવૃત્તિ શ્રીમદ્‌ને તો કલંકિત કરે છે સાથે જૈન શાસનને નામે થશે એટલે જૈન

શાસનને કલંકિત કરે છે. આવા મોટા આશ્રમો જાતના ભોગે કરે તે વાત જુદી પરંતુ પાપના ભાગે કર તો તદ્દન અયોગ્ય છે.

શ્રીમદ્‌ને મહાન દેખાડવાનો આ પ્રયોગ નથી પણ રાજકીય સ્ટંટ છે અને કાર્યકર્તા તથા સ્વાધ્યાય પ્રેમીઓની પારકે પૈસે શુક્રવાર કરવાની કુટેવને આભારી છે.

માનવતા સજ્જનતા અને સભ્યતાનો માર્ગ લેવો તે જગત, દેશ, સંઘ અને સ્વાધ્યાય પ્રેમીઆને માટે સહાયક છે માટે શ્રીમદ્‌ના ઉપાસકો વિકૃત માર્ગ છોડીને સુકૃત માર્ગ અપનાવે તેમાં જ જીવોનું શ્રીમદ્‌ના ભક્તોનું હિત છે અને તેઓ જાગૃત બને એજ ભાવના.

❑ વચનશક્તિ તારક તીર્થંકરદેવોને મળી તેઓના જીવન દરમ્યાન તે શક્તિના બળે અગણિત આત્માઓનું આત્મકલ્યાણ થયું. તેઓના પગલે થઇ ગયેલાં મહાન પુરુષો દ્વારા પણ વચન શક્તિ દ્વારા ભવ્યાત્માઓનું કલ્યાણ થયું. તેમનાં જેવી વચનશક્તિ આપણને મળી છે. તે જીદ્દી અને જક્કી ન બની જાય તેનું ખુબ ધ્યાન રાખવા જેવું છે. નહિતો આપણાં સાચા હિતની વાત કરનાર પણ આપણાંથી લાખો યોજન દૂર રહેશે. જેનાથી આપણું જ નુકશાન થશે. અબજો રૂપિયાના નુકશાન કરતાં પણ આ નુકશાન વધુ છે. અબજો મળવા કે જેવા તે પુણ્યોદય કે પાપોદયનો ખેલ માત્ર છે. જ્યારે વચનશક્તિનો દૂર ઉપયોગ સ્વ અને સર્વને ભવોભવ નુકશાનકારક બને છે.

❑ પર્યાવરણવાદીઓ કહે છે એક જીવને બીજા ઠેકાણે ખસેડવા નહિ. ઝાડ કાપવા નહિ. આ બધું ઇરિયાવહિ સૂત્રમાં ગુંથાએલું છે. મોક્ષમાર્ગના સાધકોને થયેલાં પાપના મિચ્છામિ દુક્કડં માટે વારંવાર ઇરિયાવહિ કહી છે.

❑ ડોકટરો દર્દીને તપાસ કરતાં અને ઓપરેશન કર્યા બાદ વારંવાર હાથ ધૂએ છે. કારણ રોગના જન્તુઓ પોતાના શરીરમાં પ્રવેશી ભોગ ન લે. તેમ આત્મ કલ્યાણનો પ્રેમી પાપના જન્તુના આવી જાય તે માટે ઇરિયાવહિ સૂત્ર દ્વારા મિચ્છામિ દુક્કડમ્ માંગે છે.

- જ્ઞાન વિવેક વિના શોભતું નથી.
- રૂપ શીલ વિના શોભતું નથી.
- વિદ્વતા ચારિત્ર વિના શોભતી નથી.
- ભક્તિ ભાવ વિના શોભતી નથી.
- લક્ષ્મી ધન વિના શોભતી નથી.
- ધર્મ દયા વિના શોભતો નથી.
- ક્રિયા સમજણ વિના શોભતી નથી.
- અધ્યયન વિનય વિના શોભતું નથી.
- તપ સહનશીલતા વિના શોભતું નથી.

**રશ્મિકા**

SILENCE is one great art of conversation
—Hazlitt

SADNESS and gladness succeed each other.

Seeing is BELIEVING.

SEEK till you find and you will not lose your labour.

SELF-PRAISE is no recommendation.

Set a thief to catch a thief.

# પ્રવચન ચોપનમું- પંચાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૧, શુક્રવાર, તા. ૧૮-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦ ૦૦૬

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૨, શનિવાર, તા. ૧૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઇ - ૪૦૦ ૦૦૬

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

ગતાંકથી ચાલુ ...

*(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. - -અવ૦)*

पिय-मायऽव च्चभज्जासयण घणा सबलतित्थिमंतिनिवा ।
नायर अहमपमाया परमत्थमयाणि जीवाणं ॥

યશોધર રાજા બહુ સમજુ જીવ હતો. જૈનથી શું થ ય અને શું ન થાય તે સમજતો હતો. એકવાર તેને બહુ ખરાબ સ્વપ્ન આવ્યું. માને વાત કરી તો મા કહે કે-કુળદેવીને આટલો ભોગ આપ તો આ કુસ્વપ્ન ફળ નહિ આપે. તે કહે કે - મા, આવી હિંસા આપણાથી થાય નહિ, મારે નથી કરવી. મા ઘણો સમજાવે છે પણ ના જ પાડે છે. તે વખતે કૂકડાનો અવાજ થયો. મા કહે કે, આટાનો કૂકડો બનાવીને તું માર. તે ઢીલો બન્યો. તે કુકડાને માર્યો. તેના પ્રતાપે તે અને તેની મા કેટલા ભવ ભટક્યા તે ખબર છે ? સાત-સાત ભવ સુધી તિર્યંચપણામાં રખડયા અને એવી રીતે મર્યા કે વર્ણન ન થાય. જે દુ ખ વેઠયા તે જ્ઞાની જાણે !

તમે તમારા છોકરાઓને પાપમાં જોડો તો તે મરી મરીને કયાં જાય ? તેના પ્રતાપે તમારે કયાં કયાં જવું પડે ? તમે તમારા છોકરાઓને સદ્‌ગતિમાં મોકલવાની ઈચ્છાવાળ ખરા ? સંતાનોને ધર્મી જ બનાવવા છે પણ ગમે તેવા પાપ કરીને જીવે તેવા બનાવવા નથી-આવી પણ ભાવના છે ખરી ? આજે તમે ખોટા વેપાર કરો ને ? ઘણા પૈસા હોય તો ય વેપાર કરો ને ? તે વેપારમાં અનીતિ પણ મજેથી કરો ને ? તેમાં પાછી હોંશિયારી માનો ને ? આજે અનીતિ સારી રીતે કરે તે હોંશિયાર કહેવાય ને ? દીકરો તેવો હોંશિયાર પાકે તે ગમે ને ? કે અનીતિનો-પાપનો ભય લાગે તેવો ગમે? તમારો છોકરો પૈસા કમાવવા કારખાનું ખોલે ને ? પૈસા કમાવવા પરદેશ જાય ને ? તમારે તો પ્રામાણિકપણે કહેવું જોઈએ કે-'છોકરા પૈસા કમાવવા પરદેશ જાય શું, અમે જ મોકલીએ છીએ.' જેના છોકરા પરદેશમાં છે તેને પાછા બોલાવવાનું મન પણ છે ખરું ? ત્યાં મરી જાય તો ય વાંધો નથી ને ? અહીં પણ ગમે તેટલા પાપ કરે તો કહો ખરા કે-''આટલાં બધા પાપ શા માટે? આટલા પાપ કરીને જવું છે કયાં ? આવા કાળમાં તો જરૂર ન હોય તો ધંધાદિ કરવા જેવા નથી. ધંધાદિ કરવા પડે તો સંતોષથી જીવવું છે. પણ અનીતિ આદિ પાપના માર્ગે જવું નથી !'' તમારે કેવા છોકરા જોઈએ ? તમે રાજી થાવ તેથી મજેથી અધર્મ કરે ને ધર્મ ન કરે તેવા જોઈએ કે તમે નારાજ થાવ તો ય અધર્મ ન કરે અને ધર્મ કરે તેવા જોઈએ ? આજે તો તમે તમારા સંતાનોને એવી રીતે મોટા કર્યા છે કે મજેથી અધર્મ કરે અને ધર્મ કરવાનું મન ન થાય. આજના જૈનો ઉપર તો આક્ષેપ છે કે-ધર્મ રોજ સાંભળે છતાં ય અધર્મ કરતા દુઃખ ન થાય, ધર્મ કરવાની ઈચ્છા ય ન થાય. તેવા બધા જીવો દુર્ગતિમાં જાય અને પરિવારને પણ દુર્ગતિમાં મોકલે.

મારે તમને બધાને એક નિયમ આપવો છે કે ભણીને આવેલ તમારો છોકરો નવ તત્ત્વ ન ભણે તો તેનુ કમાયેલું ખાવું નહિ અને છોકરી તેટલું ન ભણે તો પારકે ઘેર મોકલવી નહિ. અર્થ સાથે જીવવિચાર નવતત્ત્વ સમજેલો કાં સાધુ થાય કાં શ્રાવક થાય. તમને તો સાધુ થાય તે નથી ગમતું, અનીતિ આદિ મજેથી કરે

દુર્ગતિમાં જાય તે ગમે છે. આને શ્રાવક કહેવાય ખરા ?

પ્ર. - સાંભળે તે શ્રાવક નહિ ?

ઉ. - શા માટે સાંભળે ? સમજવા અને શક્તિ મુજબ આચરવા સાંભળે તે શ્રાવક ! બાકી ખાલી સાંભળે તે શ્રાવક નહિ, લોકોને ઠગનારો.

આજે લોક કહે છે કે, ચાંદલાવાળાનો વિશ્વાસ કરવો નહિ. તમે અધર્મ કરો માટે કહે છે ને ? ધર્મ કરીએ તો અધર્મ નહિ કરવાનો તેમ પૂછે છે ? અધર્મને મજેથી કરનારો, ધર્મ સારા ભાવે કરે જ નહિ. ધર્મ કરે તેને અધર્મ ગમે ? અધર્મ કરવો પડે તો મજેથી કરે ? ધર્મ કરનારાને ઘર-પેઢી-પૈસો-ટકો ન ગમે, તે બધાથી છૂટવાનું જ મન હોય. ક્યારે છૂટું તેમ થયા કરે. તમને પૈસા-ટકાદિ ગમે છે ને ? જેને પૈસા-ટકાદિ ગમે તે શ્રાવક હોય ?

પ્ર. - ખાડો પૂરાતો જ નથી.

ઉ. - મરતા સુધી નહિ પૂરાય. નરકાદિ દુર્ગતિમાં જશો ત્યારે પૂરાશે. પૈસા અને મોજમજાદિની જ પાછળ પડેલા મોટે ભાગે નરક-તિર્યંચમાં જનારા છે આવી શ્રદ્ધા છે ? પૈસા-ટકાદિને જ સારા માને તેનામાં શ્રાવકપણું પણ ન હોય તેમ જાણો છો ? આ ખાડો પૂરાતો નથી માટે મરતા સુધી ધંધા-ધાપાદિ કરવાના જ છો ને? આવી દશા છે માટે આજે કોટિપતિ પણ ભીખારીની જેમ ભટકે છે. ભીખારી તો હજી સારા કે ભીખ ન આપે તો ચાલ્યા જાય પણ આ તો બધાને લૂંટે છે.

આજના મોટા વેપારી કેવા છે ? એક વેપારી એવો મળે જેને જીવનમાં અનીતિ મરી જાય પણ કરી ન હોય ! આજે તો આવા દુર્લભ છે ને? વેપાર કરવો તે જ પાપ છે તેમ પણ મોટોભાગ માનતો નથી પણ વેપાર કરવો જ જોઈએ તેમ કહે છે. જૈનકુળમાં જન્મેલા તો વેપારાદિને પાપ માને ને ? જૈનેતર પાપ કરે અને જૈન પાપ કરે તો વધુ પાપ કોને લાગે ? આજે તો તમે સાધુઓને ય ધોળી પીધા છે. આ બધાને સમજદાર ન કહેવાય, ઈરાદાપૂર્વકના ધિઠ્ઠા કહેવાય. આજે તો ઘણા અમને ય એમ જ કહે છે કે, અમે તો કરતા હોઈએ તેમ જ કરવાના. આવાને કોણ સુધારી શકે? રોજ સાંભળનારા કેવા હોવા જોઈએ ? દુર્ગતિમાં જવાનો ડર હોય, સદ્ગતિમાં જવાની ઈચ્છાવાળા હોય. દુર્ગતિનો ડર ન હોય, સદ્ગતિમાં ઈચ્છા ન હોય તે બધાને તો નાસ્તિક, મહામિથ્યાદષ્ટિ કહેવા પડે ને ? જરૂર વિના મોટા મોટા વેપાર-ધંધાદિ કરો તો તે ખોટું કરીએ છીએ તેમ લાગે છે ? હાથે કરીને દુર્ગતિમાં જવાનો ધંધો કરીએ તેમ લાગે છે ? દુર્ગતિ માનો છો ને ? દુર્ગતિ ભગવાને કહી છે ને ? જેને દુર્ગતિનો ડર ન હોય તે દુર્ગતિમાં જાય.

માતા-પિતાદિ કુટુંબીજનો જો ધર્મ પામેલા ન હોય તો ધર્મમાં વિરોધ કરે - અંતરાય કરે અને અધર્મમાં સહાય કરે. તેવા સંબંધીના સંબંધથી રાજી થવું તે મોટામાં મોટું પાપ છે. તમે મૈત્રી પણ કોની સાથે કરો ? કલ્યાણ મિત્રનો યોગ માગવાનું કહ્યુ છે. સારા વિચાર હોય તેની સાથે મૈત્રી કરાય. પાપ વિચારવાળા - ખરાબ વિચારવાળા હોય તેની સાથે મૈત્રી પણ ન થાય- તે ખબર છે ? અધર્મ કરવાનું જે કહે તેની સાથે મૈત્રી પણ ન થાય. તેને ના પાડવામાં પાપ નહિ, હા પાડવામાં પાપ ! આના ઉપરથી એમ ના કહેતા કે, હું છોકરાઓને મા-બાપની આજ્ઞા પાળવાની ના કહું છું. મા-બાપની બધી આજ્ઞા માનવાની છે પણ ખોટી એક આજ્ઞા માનવાની નથી. ''તમારી ધર્મવિરુદ્ધ ખોટી આજ્ઞા માની હું કે તમે દુર્ગતિમાં જઈએ તે પસંદ નથી'' - આમ કહેવાની હિંમત છે ખરી ? તમે બધા સંસારમાં મા-બાપની આજ્ઞા માનતા નથી અને ધર્મની બાબતમાં આજ્ઞા વચ્ચે લાવો છો. જે એમ કહે કે, મા-બાપની સંમતિ વગર દીક્ષા ન લેવાય. તે એમ કહે ખરા કે - મા-બાપને રઝળતા મૂકી સ્ત્રી સાથે નોખા પણ ન રહેવાય ! તમારા બધાની અક્કલ ઊંધે માર્ગે છે, સીધે માર્ગે પણ નથી. શ્રાવક-શ્રાવિકામાંથી. સાધુ-સાધ્વી પાકનારા છે. તમારા ઘરમાંથી સાધુ-સાધ્વી ન પાકે તો ક્યાંથી પાકે ? તમારા સંતાન સાધુ થાય તે ગમે કે સંસારમાં લહેર કરે તે ગમે ?

શ્રાવકપણાની આબરૂ જીવવી હોય તો મા-બાપાદિના કહેવાથી પણ ખોટું નહિ કરવું જોઇએ. આ વાત સમજી જાવ અને ડાહ્યા થઈ જાવ તો દુર્ગતિ બંધ, સદ્ગતિ નક્કી અને વહેલી મુક્તિ થાય. વહેલા મોક્ષે

મોકલવા મને તો સાધુ બનાવવા છે, તેવી તાકાત ન હોય તો તેવી તાકાત મેળવવા શ્રાવક બનાવવા છે. તે સિવાય બીજું બનાવવાની મહેનત નથી. તે માટે શું કરવું તે વિશેષ અવસરે.

❑

## "વ્યાખ્યાન પંચાવનમું"

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે - મોક્ષસાધક ધર્મને આરાધવાને માટે જે આત્માએ ક્ષયોપશમના યોગે અને પુણ્યના યોગે તૈયાર થયા છે, તેમને પહેલા મોક્ષની ઈચ્છા થવી જોઈએ. મોક્ષની ઈચ્છા થયા વિના વાસ્તવિક ધર્મ થતો નથી. મોક્ષની ઈચ્છા થાય અને ધર્મને આરાધવાની ઈચ્છા થઈ તેવા જીવો માટે આ આખો સંસાર ભયરૂપ છે. તેમાં માતા-પિતા-સંતાન-ભાર્યા આદિ જેટલા સંબંધી છે તે બધા સંસારના જ રસિયા હોય તો પોતાના સ્વાર્થ માટે ધર્મમાં ગમે તે રીતે અંતરાય કરે.

મોક્ષસાધક ધર્મને કરવાની ઈચ્છા પેદા કરવા માટે ઘણી ઘણી વાતો કરી આવ્યા. પણ સંસારના મોટાભાગને ગાઢ મિથ્યાત્વનો ઉદય હોય, ભવ્ય પણ ભારે કર્મી હોય ત્યાં સુધી 'તેને સંસાર અસાર અને મોક્ષ સાર' તે વાત ખુદ શ્રી અરિહંત પરમાત્મા પાસે સાંભળે તો ય જચતી નથી. તેવા જીવો તો સંસારમાં ભટકવા જ જન્મ્યા છે. ધર્મીના ઘરમાં જન્મ્યા હોય તો ય ધર્મીના ઘરમાં પણ મા-બાપ એવા હોય છે જે મોહાંધ હોય તો ધર્મ ન કરવા દે.

મોક્ષસાધક ધર્મને આરાધવાની ઈચ્છા પણ પેદા કોને થાય? ચરમાવર્ત્તમાં આવેલ, લઘુકર્મી બનેલો હોય તેને. તે ધર્મ કરવાની જેને ઈચ્છા થાય તે જો સાવધ ન હોય, કોઈની વાતમાં, મોહમાં કે પ્રેમમાં આવી જાય તો તે ય સંસારમાં રખડે. સંસારમાં સંબંધી મોટેભાગે સ્વાર્થી જ હોય. પોતાના સંબંધીના આત્મકલ્યાણની ઈચ્છા કેટલાને હોય? તમારા ઘરમાં તમારા આત્માની ચિંતા કરનારા કેટલા? અને તમે ય તમારા પરિવારની આત્મકલ્યાણની ચિંતા કેટલી કરો છો? લક્ષ્મી શરીરની ચિંતા કરનારા મળશે પણ આત્માની ચિંતા કરનારા કેટલા મળે? આ તો અનુભવની વાત છે ને? જે પોતાના આત્માના હિતની ચિંતા ન કરે તે આત્મા સાચા ભાવે ધર્મ ન કરી શકે, મોક્ષસાધક ધર્મ તો આરાધી પણ ન શકે. તેવા જીવો આ લોકમાં ય ભયરૂપ બને, પરલોકમાં ય ભયરૂપ બને.

ધર્મના કામ વખતે આમ થશે તેમ થશે કહો પણ સંસારના કામ તો મજેથી કરો ને? મરતા સુધી સંસારના કામ ચાલુ રહેવાના ને? માટે તો મોક્ષસાધક ધર્મ કરવો હોય તો કોણ કોણ વિઘ્નરૂપ બને તે વાત જ્ઞાનિઓ સમજાવી રહ્યા છે. તમારે ધર્મ કરવો નથી માટે આ વાતની ખબર પડતી નથી. બાકી કેટલાકને તો વ્યાખ્યાનમાં આવવું તો ય ના પાડે, ખોટો ટાઈમ બગાડવાનો નહિ તેમ કહે. ધર્મની વાત કરે તો તેમાં ય વાંધા. એકાશનાદિના પચ્ચક્ખાણ કરે તો કહે કે, કોને પૂછીને કર્યુ? પાણી કોણ ગરમ કરી આપશે? સંસારના કામમાં સ્વાર્થની સિદ્ધિ હોય તો કોઈ વિરોધ ન કરે. સંસારમાં લહેર કરે તેનું શું થાય તેની ચિંતા તમને છે? શ્રી જૈનશાસનમાં જન્મેલા, શ્રાવક તરીકે ઓળખાતા ને 'મારું પરલોકમાં શું થશે?' તેવી ચિંતા ન થાય તો બીજાને ક્યાંથી થાય? તમને બધાને મર્યા પછી મારું શું થશે તે ચિંતા છે? જવાનું-મરવાનું નક્કી છે તો ક્યાં જવું તે નક્કી ન કરે તો તે કેટલું ભારે અજ્ઞાન છે! આપણે સદ્ગતિમાં કે દુર્ગતિમાં જવું તે આપણા હાથની વાત કે બીજાના? જીવ સમજુ બને તો દુર્ગતિ બંધ અને સદ્ગતિ નક્કી. અણસમજુ માટે સદ્ગતિ ક્યારેક અને દુર્ગતિ કાયમ. તેને પાપનો ભય લાગે નહિ, બધા પાપ મજેથી ગોઠવી ગોઠવીને કરે. દુનિયાનું બધું જ્ઞાન છે પણ ધર્મનું છે? વેપારાદિ કરવાનું જ્ઞાન આપ્યું તો વેપારાદિમાં અનીતિ-અન્યાયાદિ ન કરાય તે જ્ઞાન આપ્યું છે? ઉપરથી ખોટા ચોપડા કેમ લખાય તે શિખવાડાય છે. પણ 'તમારે મરીને જવાનું છે, તમારી કરણી મુજબ ગતિ થવાની છે માટે લોભથી કે સ્વાર્થ માટે ખરાબ કામ કરીશ તો દુર્ગતિમાં જવું પડશે' તેવા પાઠ આપ્યા છે? આજના શિક્ષણમાં આત્માની, મોક્ષની, પરલોકની, ધર્મની, અધર્મની વાતો આવે છે ખરી? આજે તો ધર્મની વાત કરે તો મશ્કરી કરે છે. - ક્રમશઃ

# સાચી છે માયારે જિનઅણાગારની...

■ પૂ. આ. શ્રી વારિષેણ સૂરિ. મ.,
■ ૐકાર જૈન તીર્થ છાણી

''જંગમ તીરથ સેવના સખી તીરથ તારે જેહ ।
તે ગીતારથ મુનિવરા, સખી તેહશું કિજે નેહ ।।
ઉપા. યશોવિજયજી

દુઃખ રૂપ દુઃખ ફલક દુઃખ અનુબંધક એવા સંસારથી અનાસકત થવા માટે અને તની વૃધ્ધિ, દર્શનની શુધ્ધિ, માટે અને ગુણોની સમૃધ્ધિ પ્રાપ્ત કરવા, આહારની ગૃધ્ધિ ને પાપની બુધ્ધિ દુર કરવાને, અનંત સુખની સિધ્ધી મેળવવા માટે ગુરૂ કૃપા અનમોલ ઔષધ છે.

ગુરૂ નિશ્રા મળી જાય પુણ્યથી પણ ફળે છે. બહુમાન ને સદ્ભાવનાના અમૃત સેવનથી, વિદ્વતા નહિ પણ મહાનતા, ખ્યાતિ નહિ શુધ્ધી, સમૃધ્ધિ નહિ પણ સદ ગુણો, સદ્ગતિ નહિ પણ પરમ ગતિ, સફળતા નહિ પણ સરસતા, જાણકારી નહિ પણ પરિણમનનું એડ્રેસ છે. ગુરુમાં સદ્ભાવથી શરણ સ્વીકાર પ્રભુનો જમાઇ જમાલીએ કેવા ઉત્સાહને ઉત્સવથી દીક્ષા લીધીને ૫૦૦ ચેલાના ગુરુ અગીયાર અંગના અભ્યાસી સર્વજ્ઞ પ્રભુ મહાવ્રતના શિષ્ય પણ અહંના અંધકારમાં પ્રભુ પ્રત્યે અનાદર બુધ્ધિના વિચારના શિકાર બન્યા. સંયમ જીવન હારિ ગયા. ધ્યાન રાખો જનમ જનમના ભયંકર પાપ કર્મોનો નાશ કરવા ગુરૂના ચરણમાં અંતરમાં રહેવું ઉત્તમ છે. મુકિત સદ્ગતિ દરવાજાનું સમાધિનું ચાવી ગુરૂ કૃપાની ચાવીથી ખૂલે છે. મેઘનું પાણીને ચંદ્રમાની ચાંદની સૌના માટે છે ગુરૂની સેવા ભક્તિથી મુક્તિ સૌને મળી જાય છે. પાત્ર સીધુ ખુલ્લું હોય તો અનાદરના ભારથી ઉંધુ અથવા કાણું થાય તો દુર્ગતિના દારૂણ દુઃખોને આમંત્રણ વેલકમ થાય છે.

સમકિત સદ્ગુરૂની સેવા વંદન ભકિતથી સાત ફાયદા લાભ થાય છે.

(૧) સાધુ સમાગમ સાચામાં પ્રવૃતિબુરામાં નિવૃતિમાં પ્રેરક બને છે. (૨) સંસાર સમુદ્ર નીતરવાની બે ભૂજાઓ મુનિઓની સેવાને ભક્તિ છે. (૩) ગુરૂના સંપર્કથી ધાર્મિક ઉતમ પુન્ય વંનોના દર્શન સમાગમ થાય છે. (૪) ગુરૂકૃપાએ જૈન શાસન મોક્ષ માર્ગમાં ગધ્ધા વધે છે. (૫) પ્રવચન અંજન સદગુરૂ કરે તો દુર્ગી દુર જાય છે. (૬) વિનય કરવાથી મુકિતના દરવાજા ખુલે ને દુગુર્ણના દોષ શુધ્ધ થાય છે. સદગુરૂના સંગથી વંદન કરવાથી જિનાજ્ઞા પાલન થાય છે. માનરૂપી હિમાલય પીગળી જાય છે. જ્ઞાન દષ્ટિ ખૂલે છે. અંનતા ભવોના કુસંસ્કાર ના ઉકરડાની દુર્ગંધને સુવાસિત નંદન વન બનાવે છે. ગુરૂકૃપા વાસનાના સંગે વેશ્યા બનેલી ઈન્દ્રીયોને સંયમના શણગારથી સજાવે છે. મુનિ વર સેવા ગોશાળાના આત્મામાં ગુરૂ દ્રોહને આશાતનાના ભવોભવના સંસ્કાર તીર્થકરની આશાતના કરાવી નરકે ભમાવી અગ્નિને શસ્ત્રથી મરણ પામેશેને ગુરૂ આશાતના ન કરવા કેવળી થઇ પ્રેરણા આપશે મુનિવર પરમ દયાળુ છે ગુરૂ આજ્ઞાને ધારણ કરનારા મુનિવરોની સંયમ સાધનાની અનુમોદનાર્થ સેવા ભક્તિ કરી સદગતિને પામો એજ. ●

## ટપકું મુકતાં વિચારો

| | |
|---|---|
| ભાગ-હિસ્સો, | ભાંગ - પીણું. |
| હસ - હસવું, | હંસ - માનસરોવરનું પક્ષી |
| મદ - ગર્વ, | મંદ - ધીમું. |
| કટક - લશ્કર, | કંટક-કાંટો. |
| ખત - કાગળ, | ખંત- કાળજી. |
| જગ-જગત, | જંગ-યુધ્ધ. |
| કુત્તા-કુતરાઓ, | કુંતા-પાંડવોની માતા |
| કાગ- કાગડો, | કાંગ- એક જાતનું ધાન્ય. |
| જપ-રટણ, | જંપ-શાંતિ, |
| ગજ-હાથી, | ગંજ-ઢગલો, |
| ચિતા-અગ્નિ, | ચિંતા-વિચારણા. |
| રજ-ધૂળ, | રંજ-હેરાન કરવું. |

# પુન: જન્મ છે... છે... અને છે...

સોનીવાળા મીશ્રીમલજીનો પ્રસંગ

## પૂ. મુનિરાજ પ્રશમરત્ન વિજયજી મહારાજ

એક ફોરણા નામનું ગામ હતું. તે ગામમાં હસ્તીમલ, કેશરીમલ, મીશ્રીમલ, પુખરાજજી વિગેરે ભાઈઓ રહે છે. આ મીશ્રીમલજીને ફોરાણા ગામની પાસે સોની ગામમાં દુકાન કરી હતી. એક વખત સૂર્યાસ્ત પછી હસ્તીમલજી અને મીશ્રીમલજી સોનીથી ફોરણા જઈ રહ્યા હતા. રસ્તામાં જંગલ (સરો) આવે છે. તે જંગલમાં એક બાઈનું રૂદન સંભળાણું એટલે મીશ્રીમલજીએ હસ્તીમલજીને કહ્યું કે કોઈ બાઈ રડી રહી છે. તેને ગામ સુધી સાથે લઈ લો ત્યારે હસ્તીમલજી થોડા જાણકાર હતા. તેથી ભૂત, પ્રેત, ડાકણ ચાકણ હોવાની તેમને શંકા પડી. તેથી મીશ્રીમલજીને કહ્યું કે તું બોલીશ નહી, છાનો માનો ચાલ. ત્યારે તે બાઈએ કહ્યું કે હું તમારી સાથે આવું. તેથી મીશ્રીમલજીથી રહેવાયું નહી એટલે બોલી ગયા કે થારે આવાણું વે તો આવરી પછી બંને ભાઈઓ ફોરણા આવીનેરાત્રીના સમયે પોતપોતાના સ્થાનમાં વિશ્રામ કરી રહ્યા હતા. ત્યારે તેજ રાત્રે મીશ્રીમલજીની છાતી ઉપર ખાલી કોથળો (બોરો) પડ્યો. કોથળો પડવાથી મીશ્રીમલજી જાગી ગયા. અને જોયું તો બાજુમાં કોઈ સ્ત્રી ઉભી હતી. તે બોલી કે ડરવાનું કોઈ કામ નથી. હું ચુડવેલ છું. પૂર્વભવમાં તમે મારા પતિ હતા અને હું તમારી પત્નિ હતી. તમારું નામ હરીસીંગ હતું અને તમારા પિતાનું નામ સરદારસીંગ હતું. તમારી જાતિ રાજપુત હતી. તમારું ગામ તારંગા પાસે આવેલું ડભોડા છે. તે ડભોડા ગામમાં તમે જે દિવસે લગ્ન કરીને આવ્યા તે દિવસે વાઘ આવ્યો હતો તો તમે હરિસીંગ તે વાઘને મારવા માટે ગયા. પરંતુ વાઘ વિકરાળ હોવાથી તમને વાઘે મારી નાખ્યા. તો તમે હરીસીંગ મરીને ફોરણા ગામમાં જૈનના ઘરમાં જન્મ લીધો. તે તમે પોતે હરીસીંગ મરીને મીશ્રીમલજી બન્યા છો. અને તે તમારી પૂર્વભવની પત્નિ રજપુતાણી એવી હું તમારી પાછળ સતી થઈ છું. અને મરીને દેવની જાતિમાં ચુડવેલ બની છું. હવે હું તમારી પાછળ આવી છું. હવે મને તમારી પાસેથી ભોગ વિલાસનું સુખ મળવું જોઈએ. મીશ્રીમલજીએ ચુડવેલને કહ્યું કે આ તો વ્યભિચાર કહેવાય. છતાં ચુડવેલે ઘણું ઘણું સમજાવવા મહેનત કરી પણ મીશ્રીમલજી જરાય ચલીત થયા નહિ. પછી એ ચુડવેલ અદશ્ય થઈ ગઈ. નવ વર્ષ સુધી અદશ્યપણે રહી પછી મીશ્રીમલજીના ભાઈ પુખરાજના લગ્ન આવ્યા. લગ્નની તૈયારી ફક્ત આઠ જ દિવસમાં કરવાની હતી. વેવાઈ પક્ષને વિવાહ લંબાવવા કહ્યું પણ માન્યાં નહિ. તેથી આઠ દિવસમાં વિવાહ કરવાના નક્કી થયાં. પરંતુ આઠ જ દિવસ હોવાથી મીશ્રીમલજી વિગેરે મુંઝવણમાં મુકાયા. આઠ દિવસમાં બધી સામગ્રી ભેગી કેવી રીતે કરવી તેની ચિંતા થવા લાગી. પછી રસ્તામાં તે ચુડવેલ મળી. તેણે પુછ્યું કે મુંઝવણમાં કેમ દેખાઓ છો. ત્યારે મીશ્રીમલજીએ પુખરાજજીના લગ્નની વાત કરી કે આઠ દિવસમાં લગ્ન છે. અને સામગ્રીના ઠેકાણા નથી. તેની ચિંતા છે. ત્યારે ચુડવેલે કહ્યું કે તમારે ચિંતા કરવાની જરૂર નથી. હું બધી સામગ્રી લાવી દઈશ. પણ તમે મારી સાથે ભોગ વિલાસ કરવાનું વચન આપો તો આ સામગ્રી લાવી આપું. ત્યારે મીશ્રીમલજીએ ભોગ વિલાસ કરવાનું વચન આપ્યું. પછી એ ચુડવેલે કહ્યું કે સામગ્રીનું મને લીસ્ટ કરી આપો. અને ૩૧૦૦ રૂપિયા આપો. ત્યારે મીશ્રીમલજીને શંકા પડી કે ૩૧૦૦ રૂપિયા આપુ ને એ રૂપિયા લઈને જતી રહે ને પાછી આવે નહિ તો મોટી મુશ્કેલી થાય. કારણ કે પહેલાના સમયમાં એક રૂપિયામાં સાડી ત્રણ શેર ઘી મળતું હતું. ત્યારે મીશ્રીમલજીએ કહ્યું કે રૂપિયા પહેલા નહિ મળે. સામગ્રીને લાવી આપો પછી મળશે, અથવા ઉધાર લઈ આવો. અમે પૈસા ભરીને બીલ ચુકવી દેશું. ત્યારે ચુડવેલે કહ્યું કે સામગ્રીનું લીસ્ટ કરીને આપો પછી ચુડવેલને સામગ્રીનું લીસ્ટ આપવામાં આવ્યું. તે ચુડવેલ લીસ્ટ

લઇને રાજસ્થાનની પાલી સીટીમાં ગઇ અને બધી જ સામગ્રી (પડલા સહિત) ઉધાર લઇને આવી ગઇ. એક રાતમાં સામગ્રી લાવીને મીશ્રીમલજીને ફોરણા ગામમાં આપી. ચુડવેલ તે સામગ્રી મીશ્રીમલજી ફોરણાવાળાના નામે ઉધાર લાવી હતી. પછી મીશ્રીમલજી ચુડવેલના કહેવા અનુસાર ત્યાં પાલી જઇને સામગ્રીના લીસ્ટનું બીલ ચુકવીને આવી ગયા. ને વિવાહનું કાર્ય સારી રીતે પતી ગયું. પછી મીશ્રીમલજી એ વચન આપેલ હોવાથી તેમને ભોગવિલાસો ચુડવેલ સાથે ભોગવવા પડ્યા. પરંતુ મીશ્રીમલજીને ત્રણ દિવસ અંતરાયના અને સોળમા દિવસનું શિયળવ્રત પાળવાનો નિયમ હતો તેથી તેમણે ચુડવેલને નિયમની વાત કરી. પરંતુ ચુડવેલે કહ્યું કે અમારા દેવીના શરીરમાં મળ-મુત્ર વિગેરે હોતા નથી. તેથી તમારે મને ભોગ વિલાસ તો આપવો જ પડશે. પરંતુ મીશ્રીમલજીને નિયમ હોવાથી ચુડવેલને ઘણી સમજાવી, પણ એ માની નહિ. તેથી બંને વચ્ચે ઝઘડો થવા લાગ્યો. મીશ્રીમલજીએ કહ્યું કે તારે મારો જીવ લેવો હોય તો જીવ લઇને જા. પરંતુ મારાથી શીયળવ્રતનો ભંગ નહિ થાય. ત્યારે ચુડવેલે કહ્યું કે હું તમને દુઃખ નહિ આપું. આ રીતે ચુડવેલે તેમને ક્યારેય દુઃખ આપ્યું નથી. પરંતુ રકઝક બોલાચાલી બંને વચ્ચે થતી હતી. એકવાર ચુડવેલે તેમને ફાયદો કરી આપ્યો. ચુડવેલ કહેતી કે અમુક વસ્તું લો તેમાં ભાવ વધવાના છે. આ રીતે ઘણો ફાયદો મીશ્રીમલને તેણે કરાવી આપ્યો. અમુક માણસો તેમને કહેતા હતા કે આ ચુડવેલ સુવાંગણ નથી પણ દુવાંગણ છે. કારણ કે તે ચુડા વિગેરે પહેરીને બની ઠનીને આવતી હતી તેથી તેને દુવાંગણ કહેતા હતા. દુવાંગણ હોવાથી ક્યારે જીવ લઇને જશે તે કહેવાય નહિ. આથી મીશ્રીમલજીના ભાઇઓ વિગેરેને ડર લાગતો હતો. પણ મીશ્રીમલજીને તો જરાય ડર લાગતો ન હતો. કારણ કે મીશ્રીમલજીને તો તે ચુડવેલ રસોઇ કરીને પણ જમાડતી હતી. અને તેનું રૂપ રજપુતાણીનું જ હતું. બીજા કોઇ રૂપથી તે દેખાતી ન હતી. પૂર્વભવમાં તે રજપુતાણી હતી. અને તેના શરીર ઉપર પચ્ચીશ તોલા જેટલા સોનાના દાગીના હતા. તે સોનાના દાગીના તેના શરીર ઉપર હંમેશા રહેતા હતા. પરંતુ ચુડવેલ અને મીશ્રીમલજી વચ્ચે શિલવ્રત પાલનના કારણે રકઝક થતી. આ બધુ મીશ્રીમલજીના ભાઇઓ વિગેરેને ગમ્યુ નહિ તેથી તેઓને લાગ્યું કે આ ચુડવેલને હવે કોઇ દ્વારા કઢાવી દેવી જોઇએ નહિતો કોઇકવાર જીવ લઇને જશે. તેને કઢાવવા માટે શોધ કરતાં કરતાં પાટણના જયચંદભાઇ મળી ગયા. તે જયચંદભાઇએ તેને મંત્રવિદ્યા દ્વારા શીશામાં ઉતારી દીધી અને શીશાને નદીની રેતીમાં ઘાલી દીધો. આ પછી ચુડવેલ તેમની નજરમાં ક્યારેય આવી નથી. પછી મીશ્રીમલજીનો વિચાર ચુડવેલને શીશામાંથી બહાર કઢાવવાનો થયો. અને જયચંદભાઇને વાત કરી ત્યારે જયચંદભાઇએ કહ્યું કે જો આ ચુડવેલને હવે શીશામાંથી બહાર કાઢવામાં આવે તો મને વળગી જાય. પછી તારંગા પાસે આવેલા ડભોડા ગામમાં તપાસ કરવા માટે મીશ્રીમલજી વગેરે ગયા. અને તપાસ કરતાં તેમના (પૂર્વભવના) લગ્ન સમયની કપડા ભરેલી પેટી પડલા સહિત મળી આવી. અને મીશ્રીમલજીના પૂર્વભવના પિતા સરદારસીંગજી મળ્યા. બધી વાતો સાચી લાગી. મેં પોતે મીશ્રીમલજીને પુછ્યું કે તમે સરદાર સીંગજીને ક્યારે મળી આવ્યા. મીશ્રીમલજીએ મને કહ્યું કે આજથી પાંચ વર્ષ પહેલાં પણ તેમને મળી આવ્યા છીએ. માટે આ પ્રસંગ ઉપરથી ખાતરી થઇ ગઇ કે પૂનઃ જન્મ છે છે ને છે જ.

ગામ જંગોલવાળા મારા સંસારી પિતાજી શાહ ચિમનલાલે ચુડવેલના વિષયમાં કહ્યું કે મીસરીમલજી અને કોઇ બિમાર ભાઇ ભીલડીયાજી તીર્થના મેળામાં ગયા હતા. ત્યાં પાટણવાળા જયચંદભાઇ ભીલડી આવેલા. જયચંદભાઇને પદ્માવતી દેવીનો હથ્થો હતો. દેવીની કૃપાના બળે રોગને પારખવાની અને કાઢવાની શક્તિ તેનામાં પ્રગટ થઇ હતી. જયચંદભાઇની પાસે જઇને બીમાર માણસે બતાવ્યું, પછી એકભાઇએ મીશ્રીમલજીને કહ્યું કે તમે પણ બતાવી દો, તે વખતે મીશ્રીમલજીએ કહ્યું કે ના મારે નથી બતાવવું. પણ બીજા માણસોના

આગ્રહથી બતાવવું પડ્યું. ત્યારે જયચંદભાઇએ મીશ્રીમલજીને કહ્યું કે તમને ચુડવેલ વળગી છે. આ સાંભળતાં જ મીશ્રીમલજી જયચંદભાઇને જેવી તેવી ગાળો બોલવા લાગ્યા. પછી બીજીવાર જ્યારે ફરી જયચંદભાઇ પાસે ગયા ત્યારે મીશ્રીમલજીના હાથ ઉપર જયચંદભાઇએ દોરો બાંધ્યો. પછી મીશ્રીમલજી આદિએ ત્યાંથી વિદાય લીધી. અને રસ્તામાં તેમના હાથ ઉપર બાંધેલો દોરો અદશ્ય થઇ ગયો અને ગોલીવાડા વાળા કેસરીમલજીને મીશ્રીમલજી કહેવા લાગ્યા કે મારો દોરો તમારી માળામાં આવ્યો છે. પાછો આપી દો. આ ચુડવેલ આ રીતે મીશ્રીમલજી પાસે ચાળા કરાવતી હતી. કેસરીમલજીએ કહ્યું કે તમારો દોરો મારી માળામાં ક્યાંથી આવે, ન આવી શકે. છતાં મીશ્રીમલજી માનતા નથી એટલે કેસરીમલજીની માળાની ડબ્બી ખોલાવી તો દોરો માળામાંથી જ નીકળી આવ્યો. એ પછી બળદગાડી ઉપર બેઠેલો માણસ રસ્તામાં મળ્યો. તો તેને પણ મીશ્રીમલજી એ કહ્યું કે મારો દોરો તારી પોટલીમાં આવ્યો છે. પાછો આપી દે. તે વખતે બળદગાડી વાળા માણસે કહ્યું કે તમારો દોરો મારી પોટલીમાં ક્યાંથી આવે ? હું તો મારા ઘેરથી આવું છું. ત્યારે મીશ્રીમલજીએ કહ્યું કે તમારી પોટલી ખોલો બતાવું. પછી પોટલી તેની પાસે ખોલાવી તો અંદરથી દોરો નીકળ્યો. અને ઘેર આવ્યા પછી ચુડવેલે મીશ્રીમલજીને કહ્યું કે જો આ દોરો તમારા હાથ ઉપર ન બાંધ્યો હોત તો હું તમારો જીવ લઇને જાત. એ પછી ચુડવેલ અદશ્ય થઇ ગઇ.

ગામ જંગોલવાળા સંસારી બા ગણેશમલભાઇએ કહ્યું કે એ ચુડવેલ એમને રાતવાસો બહારગામ રહેવા દેતી ન હતી. અને ઘરનું બધું જ કામ કરતી હતી. અને આવી ત્યારે ભીંત ઉપર થઇને ઘરમાં આવી હતી. ગામ જંગોલવાળા સંસારી મોટાભાઇ પુનમચંદ કહેતા હતા કે એ ચુડવેલને ગમે તેટલું દળવા માટે આપતા, તો પણ થોડીકવારમાં બધું દળીને આપતી હતી. પરંતુ ચુડવેલે મીશ્રીમલજીને કહ્યું કે તમારે મારા વિષયમાં કોઇને પણ વાત ન કરવી. પરંતુ એક દિવસ ઘરમાં મહેમાન આવ્યા હતા. અને મીશ્રીમલજીના મોઢામાંથી વાત નીકળી ગઇ તે વખતે ચુડવેલ મીશ્રીમલજી ઉપર નારાજ થઇ હતી. ગામ જંગોલવાળા સંસારીભાઇ અશોકકુમાર કહેતા હતા કે એ ચુડવેલ જો શીશો ફુટે અને બહાર નીકળે તો જોણે તે ચુડવેલને શીશામાં પુરી હતી તેની સાત પેઢીનો નાશ કરે. તેનો વંશવેલો પણ ન રહેવા દે. ❖

(સમાચાર સાર - અનુ. પાના નં. ૭૧૪ થી ચાલુ)
सागरजी ने कीया। उसी दिन भव्य वरघोडा, गुरुमंदिर में भक्ति व संघ पूजा, स्वामिवात्सल्य एवम सिद्धचक्र महापूजन, तीनों मंदिरो में १८ अभिषेक एवं सामुहिक आयंबिल, सामायिक एवम विविध पूजाएं श्री जशवंतभाई विधिकारक ने करवाई।

मुंबई, सुरत, अहमदाबाद से कई भक्त वर्गोने पधारकर भक्तिभावना में अति उत्साह बढाया। पं. रविरत्न वि. यहां से विहार करके दियाणा, नितोडा, वाटेरा आदि तीर्थो में बर्षगांठ ध्वजा महोत्सव पर निश्रा प्रदानकर अहमदाबाद जैन नगर पालडी चार्तुमास प्रवेश दिनांक १३-७-२००२ को करेंगे।

ધરતીમા સુગ નથી
જીભમાં હાડકું નથી
સૂત્ર સિદ્ધાંતમાં જુઠ નથી
આકાશમાં સ્તભ નથી
ગુણમાં અવગુણ નથી
નિર્મળપાણીમાં ભરતી ઓટ નથી
મુક્તિમાં સ્મશાન નથી

— **સેના**

# ટેકીલો ત્રિકમ તરગાળો

● ભાગ-૨ જો

* પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

દીવાનને થયું કે, આ તો વળી નવી જ સમસ્યા ઉભી થઇ, આવું કઇ જ એમની કલ્પનામાં ન હતું. એથી દીવાને કહ્યું: બારોટ! જીવનમાં આ રીતે લક્ષ્મી સામેથી ચાંદલો કરવા આવે, એવી તક કઇ વારંવાર ઉભી થતી નથી. માટે બાપુથી આ પ્રસન્નતાને વધાવી લો, નહિ તો પછી જિંદગીભર પસ્તાવાનો અવસર આવશે.

બારોટ પોતાની ટેક નહિ જ મૂકે, એવો અણસાર આવી જતા જ જામબાપુએ પણ કહ્યું બારોટ! તરગાળાને આ ઇનામ અપાય, એમાં દીવાનનું દિલ માનતું નથી અને સવા લાખ કોરી ખજાનામાં પાછી મૂકાય, એ મને કોઇ રીતે મંજૂર નથી. માટે જ આ વચલી વાટ કાઢવામાં આવી છે. તમે જો આ ઇનામ સ્વીકારી લો તો બધી સમસ્યા ઉકેલાઇ જાય!

બારોટે ખૂબ જ વિનમ્રતા સાથે કહ્યું: બાપુ! આપ તો મારા ધણી છો અને એથી મારા માટે શિરોધાર છો. પણ આપનો આશ્રિત આ બારોટ આ ઇનામ સ્વીકારે, એમાં આપની પણ આબરૂ નહિ વધે અને મારી પણ આબરૂ નહિ વધે. અને આપની આબરૂમાં ઓછપ આવે, એવું કોઇ પગલું તો મારાથી વળી કઇ રીતે ભરાય?

દીવાનને અને બાપુને થયું કે, બારોટ હવે સાવ જ ખોટી જીદ કરી રહ્યો છે. એથી બાપુએ જરા આક્રોશ સાથે કહ્યું બારોટ! મારી આબરૂમાં ઓછપ આવે, એવું પગલું હું ભરું ખરો? માટે આ બધી વાતો રહેવા દો. જાણે અજાણે તમે મારું અપમાનમાં નિમિત્ત બની રહ્યા છો. માટે આ ઇનામ સ્વીકારી લઇને જાતને અપરાધી બની જતી અટકાવી દેવાની તક હજી તમારા હાથમાં છે.

બારોટને થયું કે, બાજી હવે બગડતી જાય છે. પણ બગડતી જતી બાજીને સુધારી નાખવા પોતાની ટેકને ફગાવી દેવાની એની તૈયારી ન હતી. એથી બાપુના ચરણની રજ માથે ચડાવતા એણે કહ્યું બાપુ! હું આપના ચરણની રજ છું. પણ એનો અર્થ એવો તો નથી જ કે, હું કોઇ ટેક ન જ ધરાવી શકું અથવા આદર્શ રાખવાનો મને કોઇ અધિકાર જ નથી! મારો અંતિમ જવાબ આટલો જ છે.

જામબાપુ હવે ગુસ્સાને કાબૂમાં ન રાખી શક્યા. એઓ બરાડી ઉઠ્યા, બારોટ! શું તું આને જવાબ ગણાવી રહ્યો છે? આ તો મારું હડહડતું અપમાન છે. જો આ જ તારો જવાબ હોય, તો તું અહીંથી હાલતો થા, હાલતો! હું પણ જોઉં છું કે, તને બીજે આશરો ક્યાં અને કઇ રીતે મળી શકે છે?

બારોટ ઊભો થઇ ગયો. પહાડની જેમ અડીખમ ઉભા રહીને, એણે ગર્જના કરતા સિંહના સાદથી સંભળાવ્યું.

જસા ન માંગે જામકું, યહ હૈ બારોટ કી ટેક.
તેરે માંગણ બહોત હૈ મેરે ભૂપ અનેક.

બાપુ! હું જ ભિખારી જેવો માંગણ નથી, પણ હું તો એક બારોટ છું અને એક બારોટ તરીકે મારી આ ટેક છે. તમને માંગણ તો ઘણા મળી રહેશે અને મને ભૂપ ઘણા મળી રહેશે. માટે મારી કોઇ જાતની ચિંતા ફિકર કરવાની જરાય જરૂર નથી

બારોટ તરીકેની ટેક જાળવવા આ પ્રમાણે સણસણતું સવિ સંભળાવી દઇને જસા બારોટે સભાત્યાગ કર્યો. બારોટની આ ટેક વાયરે ચઢીને આખા શહેરમાં ફેલાઇ ગઇ. બારોટે તો ઘરે જઇને ઘરવખરી ગાડામાં ભરવા માંડી. નવા નગર રાજ્યને સલામ ભરીને, પોતાને આવકારે એવા રાજ્યમાં પ્રવેશવાનો એનો નિર્ણય અફર હતો. બીજા દિવસનો સૂર્ય ઉગે એ પૂર્વે તો બારોટનો રસાલો નવાનગરને જીવ્યા-મૂઆના જુહાર કરીને ચાલી નીકળ્યો. બારોટ તરીકે પોતાને આવકારનાર તો અનેક મળી શકે એમ હતા. પણ નવાનગરની સામે બગાવત જાહેર કરીને બાગી બનનાર બારોટને આવકાર કોણ મળી રહે, એ મોટો સવાલ હતો. નવાનગરથી નીકળેલો બારોટનો રસાલો આગળ ને આગળ વધવા માંડ્યો, એને આવકાર આપવા સજ્જ થનારા રાજવીઓને જ્યાં બારોટની બગાવતનો ખ્યાલ આવતો, ત્યાં જ સ્વાગત કાર્ય લંબાયેલા એ હાથ પુન: પાછા વળી જતા. **— ક્રમશ:**

# 'इन्द्रियाणां जये शूर: ।'

- પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

ભાગ : ૧લો

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહાપુરૂષો મહામૂલા આ માનવભવને સફળ બનાવવા અનેક પ્રકારના હિતોપદેશો આપે છે. તેમાંનો એક છે- 'ઇન્દ્રિયોનો જય કરો'. 'ઇન્દ્રિયોની આધીનતા એ અનાચાર અને અધ:પતનનો માર્ગ છે. ઈન્દ્રિયોનો જય એ સદાચાર અને ઉન્નતિનો માર્ગ છે. 'ઈન્દ્રિયોનો સંયમ એ સદ્ગતિનો રસ્તો અને ઈન્દ્રિયોનો અસંયમ એ દુર્ગતિનો રસ્તો'- તારે જે રસ્તે જવું ત્યાં જા! મહાપુરૂષો તો માર્ગદર્શક પાટીયાની જેમ માર્ગ બતાવે પણ તે માર્ગે ચાલવું તો આપણે જ પડે. ન ચાલીએ તો ઈષ્ટ સ્થાને કઇ રીતના પહોંચાય ? જ્ઞાનિઓએ ઈન્દ્રિયોને મોહની દૂતી પણ કહી છે. દુષ્કરમાં દુષ્કર કામ હોય તો ઈન્દ્રિયોનો જય કરવો તે તેના પર થોડી પ્રાસાંગિક વિચારણા કરવી છે.

મોક્ષમાર્ગ દર્શક આસ્તિક એવાં બધાં દર્શનો આ બાબતમાં એકમતી છે, એક અવાજવાળા છે. કહેવાની રીત જુદી હશે પણ દષ્ટિ તો અંતે ઈન્દ્રિયોના જયની છે.

મહા ભારતમાં એક સ્થળે કહેવાયું છે કે-

'' न रण विजयारो ऽध्ययनान्न पण्डि: ।
न वक्ता वा ग्पटुत्वेन, न दाता चार्थदानत: ॥ १ ॥
इन्द्रियाण जये शूरो, धर्म चरति पण्डित : ।
हितप्रायो क्तिर्भिर्वक्ता, दाता सन्मानदानत: ॥२॥

**ભાવાર્થ :** યુદ્ધમાં જય પામવાથી શૂર ગણાતો નથી, માત્ર શાસ્ત્રો ભણવાથી પંડિત બનાતું નથી, વ્યાખ્યાન સભાને ગજવવાથી માત્ર વાણીની પટુતા બતાવવાથી વક્તા બનાતું નથી અને ધનનું દાન દેવા માત્રથી દાતા થવાતું નથી.

ઈન્દ્રિયોને જે જીતે છે તે જ સાચો શૂરવીર છે, ધર્મને જે નિષ્કામ ભાવે આચરે છે તે જ સાચો પંડિત છે, જે સ્વ-પર હિતકર વચનો ને કહે છે તે વક્તા છે અને જે બીજાઓને યોગ્યતા પ્રમાણે આદર-સત્કાર-સન્માનાદિ આપે છે તે સાચો દાતા છે.

દુનિયામાં પણ પ્રત્યક્ષ દેખાય છે કે, 'વીર ચક્ર' 'મહાવીર ચક્ર' ના સુવર્ણના ચંદ્રકોના' ધારક શૂરવીરો પણ અબળા આગળ કેવા નબળા થઈ જાય છે તેના કટાક્ષથી કેવા વીંધાય છે તેના હાસ્યાદિમાં કેવા મૂંઝાય છે અને શું શું નથી કરતા તે જ નવાઈ!

આપણે ત્યાં પણ કહેવાયું છે કે-

''सुचिय सूरो सो चेव, पंडिओतंपसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटियं जस्स चरणधणं ।

**ભાવાર્થ :** તે જ સાચો શૂરવીર છે, તે જ વાસ્તવમાં પંડિત છે અને તેની જ અમે નિત્ય પ્રશંસા કરીએ છીએ જેનું ચારિત્રરૂપી ધન, ઈન્દ્રિયો રૂપી ચોરો વડે લુંટાયું નથી.

વાસ્તવમાં સન્માન ચંદ્રકને પામવાને લાયક હોય તો તે પુણ્યાત્માઓ છે. સાચી શૂરવીરતા કે પંડિતાઈ પણ ઈન્દ્રિયોના વિકારોમાં વશ થવામાં નથી પણ તેને જીતવામાં છે. તે જ સાચો મનનો માલિક છે, બીજા બધા તો મનના ગુલામ છે. ઈન્દ્રિયો જે જે ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, સ્પર્શવા, સૂંઘવા, જોવા, સાંભળવા માગે તે તે માટે પ્રવૃત્તિ કરે તે બધા ગુલામ કહેવાય. ઈન્દ્રિયોનો વિજેતા સાચો પ્રશંસનીય છે. ઈન્દ્રિયોના ગુલામની પ્રશંસા તો સ્વ-પરના હિતની ઘાતક છે. દુનિયાને ઉન્માર્ગે લઇ જનારા છે. અને ઈન્દ્રિયોને બહેકાવનારી છે. પછીનું પરિણામ આપણી આંખ સામે છે. આજે ઈન્દ્રિયોની પાછળ બહુ બનેલા, પાગલ બનેલાના કારસ્તાનો મોટા મોટા અક્ષરોમાં વાંચવામાં જોવામાં આવે છે. માટે જ જ્ઞાનિઓ કહે છે કે-

(અનુ. પાના નં. ૭૧૨ પર)

# શ્રી જિનવાણીનો જાદુ

હપ્તો ૨જો... —**પ્રેષક :** પૂ. બાલમુનિશ્રી વિરતીન્દ્ર વિજયજી મહારાજ

એ મહાતપસ્વીને સાંભળીને તે શ્રી ગુપ્તે એ વિશે વિચાર કર્યો કે આ મહાતપસ્વી અક્ષરશ: સાચુ બોલે છે. શું હું તેની પાસે થોડો વખત વીતાવું ? જણાય તો ધાર્મિક પુરૂષ છે. પણ મારે તો પકડાવાની બીકે બધે જ અવિશ્વાસ જ રાખવો ઘટે. તેમ વિચારી વનનિકુંજમાં વચ્ચે ભાગતો ભાગતો કેટલેક દૂર સુધી પહોંચી ગયો ત્યાં તો સૂર્ય આથમી ગયો અને ખૂબ પાકી ગયેલી દાડમીનાં દાડમનો ઝુમખો ન હોય તેવે જરાક ચંદ્ર ઉદય પામ્યો. ચોર વિચારવા લાગ્યો કે આ સ્થળ વિઘ્નવાળું છે. તેમ વિચારી વડની વડવાઇઓ ઉપર ચડી મોટી ડાળ શોધી તે ઉપર સૂતો અને પેલા સાધુએ ઉચ્ચારેલા વચનો સંબંધે વિચાર કરવા લાગ્યો. એટલામાં પહોરેક રાત વીતી ગઇ હશે ત્યારે ત્યાં વડના થડની બખોલમાં માણસની બોલી જાણવામાં કુશળ એવો એક પોપટ આવ્યો. પોપટીએ ઉભી થઇ તેનું સ્વાગત કર્યું. અને પૂછ્યું કે - આજે અહીં આવતા આટલુ બધુ મોડુ કેમ થયુ ? પોપટ બોલ્યો સંસારની વિવિધ ઘટનાઓ ભારે આશ્ચર્યકારી હોય છે અને તે કહી શકાય એવી પણ નથી હોતી. પોપટી બોલી ત્યારે તો જરૂર બધું કહેવુ પડશે. પોપટ બોલ્યો સાંભળ ત્યારે:

હું આજે ચણ ચરવા માટે સરસ્વતી નદીને કાંઠે પહોંચ્યો હતો ત્યાંથી ચણ ચરી પાછા ફરતા એક અશોક ઝાડ (ઉતમ) પાસે પહોંચી તેની ડાળ ઉપર વિસામો લેવા બેઠો હતો ત્યાં એક શ્રમણ વિધ્ધાધર યુવાનને ધર્મોપદેશ કરતા મારા જોવામાં આવ્યા તે શ્રમણે કરેલ ધર્મોપદેશને લીધે એ વિદ્ધાધર યુવક બોધ પામ્યો પછી શ્રમણના પગમાં ભક્તિપૂર્વક માથુ નમાવી પોતાના પૂર્વભવની વાત તેને (શ્રમણને) પૂછી તે શ્રમણ ભગવંતે જેવી હતી તેવી જ તેના પૂર્વભવની હકીકત કહી સંભળાવી. એ યુવાન ખુશખુશ થઇ ગયો. આ બધુ જોઇને પોપટ કહે છે કે મને પણ ભારે કુતુહલ થયુ અને ડાળીએથી ઉડી હું એ સાધુપુરૂષના પગમાં જઇને પડ્યો. અશોકના કુણા પાંદડાં જેવી લાલ લાલ હથેળી મારી પીઠ ઉપર ફેરવીને એ શ્રમણ ભગવંતે મને આશીર્વાદ આપ્યો અને પૂછ્યુ કે હે બચ્ચા ! તારે શું કહેવાનું છે ? હું (પોપટ) બોલ્યો: હે ભગવંત ! મારા ઉપર પ્રસાદ કરો અને મે પૂર્વભવમાં એવી કઇ અનુચિત પ્રવૃત્તિ કરી હતી જેને લીધે આ ભવમાં હું તિર્યંચની યોનીને- પક્ષીના અવતારને પામ્યો ? સાધુ બોલ્યા સાંભળ:-

તુ પુર્વભવમાં શ્રાવસ્તી નગરીનો રહીશ હતો તારી વૃત્તિભવ્યાત્માં જેવી હતી. તેથી તું સંસારથી ભય પામી ઘરબાર-કુટુંબ-કબીલાને તજી દઇ સારા ગુરૂની પાસે દીક્ષિત થયો. ત્યાર પછી તું છઠ્ઠ, અઠ્ઠમ વગેરે ઘોર તપ મનમાં કપટ રાખીને તપવા લાગ્યો-અને જ્યારે તારો અંતકાળ નજીક આવ્યો ત્યારે પણ તુ કપટભાવનું પ્રાયશ્ચિત-પ્રતિક્રમણ ન કરી શક્યો કપટના સંસ્કારો સાથે વ્યંતરયોની યોનિમાં જન્મ પામ્યો.

હે ભલા પોપટ ! ત્યાંથી તું કાળધર્મ પામ્યો અને તે કરેલા કપટ ભાવના દોષને લીધે જ તું આ જન્મમાં પક્ષીની યોનિમાં આવ્યો છે. આ તારી પૂર્વભવની ખરી હક્તિત છે હવે તને ઠીક લાગે તેમ કર.

પોપટ બોલ્યો : હે પોપટી ! એ સાધુ પાસે મારા પૂર્વજન્મની વાત સાંભળી હું ભારે ઉધ્વેગ પામ્યો અને મને ત્યાં જ મૂર્ચ્છા આવી ગઇ. થોડીકવાર તો જાણે 'હુ મરી ગયો છું' એમ મને લાગ્યુ અને પછી મુર્ચ્છા વળતી મને વૈરાગ્ય આવ્યો પછી મે તે મુનિરાજને આમ કહ્યું- "હે ભગવંત ! હવે મારે શું કરવુ જોઇએ ? હું પોપટ છું તેથી તમારા ચરણોની સેવાને લાયક નથી રહ્યો તેમ દીક્ષા લેવાની મારામાં યોગ્યતા નથી એવુ પ્રશસ્ત તીર્થસ્થાન બતાવો કે જ્યાં જઇને હું જૈન શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે મારૂ જીવન પૂરૂ કરું આણસણ વગેરે કરીને મારા જીવનનો અંત આણું.

— **ક્રમશ:**

# ચેત, ચેત, ચેતન ! તું ચેત !

હપ્તો બીજો — ભક્તિ પરાગ

હે ચેતનરાજ ! તમને દુઃખ તો સાંભળવું પણ ગમતું નથી અને દૃષ્ટિ દેખવું પણ ગમતું નથી અને જરાક દુઃખની સંભાવના લાગે તો હાય વોય... દોડા દોડ... બચાવો... બચાવો... કરો છો. પણ દુઃખ કેમ આવે છે તે વિચાર ક્યારે પણ કરો છો ખરા ! દુઃખ આવે પાપથી અને પાપ થાય સુખને માટે. તો જો દુઃખ ન જ જોઈતું હોય તો સુખની લાલસાને મીટાવો. દુઃખથી બચવાની આ રામબાણ અજોડ ઔષધિ છે છતાં પણ વિષમય વિષયની વેલડીમાં વીંટળાઈને દુઃખના પોટલા માથે ઉપાડ્યા કરો છો. આ સંસારના ક્યા ભાગમાં ક્યા ખૂણામાં કઈ જગ્યાએ સુખ સંતાઈને છૂપાઈ ગયું છે તો ઝાંઝવના નીરની જેમ ભ્રમિત થઈને તેને ઢૂંઢવા-ઢંઢોળવા ભ્રમ્યા જ કરો છો અને ભટકાઈને આ જન્મ નિરર્થક હારી જાવ છો. આ વિષયની વાસનના વિરાટ વનમાં શા માટે અટવાઈ ગયો છે અને ચિતાથી પણ અધિક એવી ચિંતાઓથી શા માટે બળ્યા કરે છે. તું વિષયોમાં મૂંઝાઈશ નહિ પણ ચતુર તું ચેતી જા. કારણ કે - સૌ સ્વાર્થના સગાં છે. મારા મારા કરીને મમતા રાખ્યા કરીશ તેમની પાછળ મરીશ તો પણ તારા જિગરને તોડી નાંખનારી ભયંકર દુઃખોની અસહ્ય વેદનામાં તેમાંના એક પણ ભાગ લેવા આવવાના નથી અને તું જ બલિનો બકરો બની દુઃખોની આગમાં હોમાઈ જઈશ. બહુ લાલન-પાલન કરી પંપાળી પંપાળીને પુષ્ટ કરેલાં આ દેહની અનિત્યતા અને ક્ષણભંગુરતા, વિનશ્વતા જાણી તે તને શું મૂંઝવે પણ વિવેકી એવો તું તેની જ માયા-મમતા મૂકી દે અને તેને અંતિમ નોટીસ આપી દે કે હવે મારી સાથે જરાપણ ખોટું અડપલું કર્યું છે તો તારી ખેર નથી. સતી સ્ત્રીના સત્ત્વની જેમ આ દેહને મૂળમાંથી ઉખેડવા તારા બધા સત્ત્વને ફોરવ. જેથી સંસાર રૂપી કારાગૃહની બધી જંજીરો બહાદૂરીથી તોડી આ દેહ રૂપી પાંજરાના મૂળને ભેદી નાખ. અને તારક શ્રી જિનાજ્ઞાને રોમે રોમે વસાવી, જીવનને ઓતપ્રોત બનાવી સાધ્યને સાધી લે. ફતેહ પામો વિજય પામ !

આજનો માનવી મર્યાદા અને સંયમના નામથી ભડકે છે. પણ ડગલે અને પગલે બીજાને મર્યાદા અને સંયમમાં રહેવાની પાછી સૂફીયાણી સલાહ આપવાની તકને ચૂકતો નથી. ખરેખર તો માનવને સાચા માનવ, મહા માનવ અને દેવ અને દેવાધિદેવની કોટિમાં લાવનાર જો કાંઈપણ હોય તો આ મર્યાદા અને સંયમ.

જીવનના સ્વેચ્છાચાર-ઉધ્ધતાઈ-ખોટી સ્વતંત્રતા- સ્વચ્છંદતાનો, સભ્ય- શિષ્ટ- આજ્ઞા પૂર્વકનો ઉચિત અંકુશ તેને મર્યાદાથી ઓળખાવી શકાય. તે જ રીતે મન-વચન-કાયાની ઉચ્છૃંખલ અને અશુભ પ્રવૃત્તિઓને સંયમિત બનાવવી તેનું નામ સંયમ કહેવાય. મર્યાદાહીનના મોંઢામાં મર્યાદા અને સંયમહીનના મોંઢામાં સંયમ શબ્દ શોભે નહિ પણ તેનો તે બીજા પાસે સ્વીકાર કરાવવા ઈચ્છે છે.

સંયમ અને મર્યાદાના સાચા સ્વરૂપને સમજવું હોય તો 'તીવ્ર-કઠોર તપશ્ચરણ, અડગ આત્મવિશ્વાસ, ધ્યેય પ્રત્યેનો નિર્દંભ સમર્પણભાવ, સત્ય સિદ્ધાન્તોનું ઉગ્ર શિસ્તપાલન અને મન-વચન-કાયાનો પ્રમાદ દૂર કરવો' તે જીવનમાં હોવું જરૂરી છે.

'મર્યાદા અને સંયમ' બંધન જરૂર છે પણ છૂટાપણું નથી, તાબેદારી જરૂર છે પણ સ્વેચ્છાચારી અને સ્વચ્છંદીપણું નથી. એ તાબેદારી સાચી સ્વાધીનતાની ખુમારી છે. એ બંધન સાચી સ્વતંત્રતા અને આત્મોન્નતિનો પૂનીત પયગામ છે. દુનિયામાં પણ મર્યાદાશીલ વખણાય પૂજાય છે અને નિર્મયાદ વખોડાય છે. નિંદાય છે. દૂધાળા ઢોર મર્યાદાથી રક્ષાય છે અને હડાયા ઢોર નિર્મયાદાથી મરાય છે. ભલે આજે વાતવાતમાં બધા લોકો આ બે શબ્દને માટે જેમ તેમ

(અનુ. પાના નં. ૭૦૫ પર)

**લાલબત્તી**

**ચેપી રોગથી મુકત એવું પ્રમાણપત્ર લાવનારા આ વાચવાના અધિકારી છે. 'પોતાની પીઠ જાતે જ થાબડનારોએ આ વાંચવા તસ્દી ન લેવી. નાહક પોતાની જાત ભેજાગેપ-હલકાઈનો ભોગ બની જશે.**

# પોત પ્રકાશ્યું

*—શ્રી ગુણદર્શી*

એક હતા મિયાભાઇ. તેમણે રસ્તે જતાં એકવાર બ્રાહ્મણોનું જ્ઞાતિજમણ દેખ્યું અને રસોઇની ગંધથી તેમના મોંઢામાં પાણી છૂટયું. તેમણે નક્કી કર્યું કે એક વખત બ્રાહ્મણનો સ્વાંગ સજી આવું ભોજન જમવું તે પ્રમાણે તેમણે કર્યું પણ ખરું. પછી તો ગામમાં બ્રાહ્મણોનું જમણ ક્યારે ક્યારે છે તેની મીયાભાઇ ખબર રાખતા અને ખબર પડે કે અમુક વાડીમાં જમણ છે તો તે બ્રાહ્મણનો વેષ પહેરી ટીલાં-ટપકાં કરી જમવા આવનારના ટોળા ભેગા વાડીમાં પેસી જતા અને જમી આવતા. આમ ચાલ્યું.

એકવાર આ રીતના જમવા ગયા તો મીયાભાઇના પતરાળામાં લાડુ પીરસનાર તેનો ચોકો ભૂલ્યો. બીજી બધું આવી ગયું ને મીયાભાઇ ઉશ્કેરાયા. તે ઊઠ્યા ને લાડુ પીરસનારને પકડી પીટવા માંડયા અને કહે કે- 'ક્યા મેં સાલે બામન નહિ હૂં. મેરે ભાને મેં લડુ કયું નહિ રખા.'

મીયાભાઇએ જાત બતાવી! લાડુ ખાવાને બદલે માર ખાવાનો વખત આવ્યો.

આ વાત અત્યારે એટલા માટે યાદ આવી કે- પરમારાધ્યપાદ અનંતોપકારી સુગૃહીતપુણ્યનામધેય પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના સમાધિપૂર્વકના કાળ ધર્મ બાદ, આ જયવંતુ જૈન શાસન જાણે બોડી બામલુંનું ખેતર ન હોય તેમ બધા પોત પોતાનું પોત પ્રકાશવા માંડ્યા છે. દુનિયામાં પણ કહેવાય છે કે 'અસલિયાત છૂપી ન રહે.' તેમાં નજીકના પણ બાકાત હશે કે કેમ તે એક ગંભીર વિચારણીય સવાલ છે.

શાસનરસિક આત્માઓ જેઓ સત્યમાર્ગની પ્રરૂપણા કરે છે તેમને પોતાની સઘળીય સહાય કરે છે, તેમાં આનંદ પામે છે. સૂર્યનો પ્રકાશ જોવાનું સદ્ (!) ભાગ્ય ઘુવડ પામી શકયો નથી તેના જેવી દશાવાળા જીવોને સાચી વાત તો ન ગમે પણ સાચી વાતનું પ્રકાશન કરનારા પણ ન ગમે અને ઉપરથી કહે કે- આવી 'હલકી' વાતોથી પ્રકાશન કરનારની હલકાઈ થાય છે. ત્યારે તેઓ પોતાની જાત ખરેખર ખુલ્લી કરે છે પોતાની મનોદશા સ્પષ્ટ કરે છે અને 'પાપા: સર્વત્ર શંકિતા:' ઉકિતને પૂર્ણ ન્યાય આપે છે. કાચના ઘરમાં રહેલા બીજાના ઘર ઉપર પત્થર મારે તો શું હાલત થાય? પોતાના પગ પાસે બળતું નહિ દેખનારા પર્વત પરનું બળતું દેખી બૂમાબૂમ કરે તો લોકમાં કેવા હાસ્યાપદ બને તે ભૂલી જાય છે! આજના લોભામણી જાહેરાતના જમાનામાં પોતાના માલમાં આકર્ષક પેકીંગ અને હલકો માલના જેવી જ વૃત્તિ ધરનારા પોતાની પીઠ પોતાની જાતે જ થાબડે તો શું કહેવું!

પોતાની ત્રેવડ ન હોય તો ન કરે તેનોય વાંધો નથી, બીજાને સાથ આપવા જેટલીય ઉદાત્તતા ન કેળવી હોય તે ય બની શકે તો તેનેય ક્ષંતવ્ય ગણી શકાય પણ જેઓ શાસન રક્ષાનું કામ કરી રહ્યા હોય તેઓને હીન તરીકે ચીતરનારા પોતાની જાતની જ હીનતા પ્રગટ નથી કરી રહ્યા તો શું અમે કરીએ તે જ 'સાચું' બીજા અમને પૂછીને કરે તો ઠીક બાકી અમને પૂછયા વિના, જાણબહાર, અજાણ રાખીને કરે તો ખોટું જ. તેમાં શાસનની 'સેવા' માને ત્યારે અત્યંત દુઃખ થાય છે. શાસનની સાચી રક્ષા માટે તો સત્ત્વશીલતા અને મજબૂત છાતી જોઇએ તે સ્વાર્થીઓ અને પોતાના સાચા કરતાં પારકાને માઠુ' ન લાગે તેની કાળજી રાખનારામાં આવવાની સંભાવના જ નથી. માટે તેવાઓ ભલે પોતપ્રકાશ્યા કરે અને હાથી પાછળ કૂતરાની જેમ ભસ્યા કરે તેની ચિંતા શાસન જેના હૈયામાં હોવા શાસન માટે કરી છૂટવાની તમન્ના અને ધગશ હોય તેવા આત્માઓ કરતા જ નથી અને કરે પણ નહિ. તેવાઓએ તો તેની કાયરતાને દેશવટો જ આપી દીધો હોય છે, એકાન્ત કલ્યાણ બુદ્ધિથી શાસનની રક્ષા આદિનું કામ ઉત્સાહ પૂર્વક આગળ ધપાવે જ રાખે છે. અને સફળતાના સોપાન પણ પામે છે. 'તેજીને ટકોરો બસ' સમજી સૌ મહાપુણ્યે પ્રાપ્ત આવાં પરમ તારક શાસનની રક્ષા, પ્રભાવના અને આરાધના અને પ્રચારના કાર્યમાં યથાશક્તિ ઉજમાળ બની પોતાનું સાચું આત્મહિત સાધે અને શાસનદેવ તેવા સૌને સદ્‌બુદ્ધિ આપે તે જ ભાવના.

---

(ચેત, ચેત ....અનુ. પાના નં. ૭૦૩ નું ચાલુ)

બોલે છે, લખે છે પણ પોતાના ઘરમાં પોતાના ખાન-પાનમાં તે બેને જરૂરી ન રાખે તો હાલત-દશા શું થાય તે અનુભવે છે. એક ઘર કે એક વ્યવહાર પણ ન ચાલે ! દુનિયાનું કોઇપણ ક્ષેત્ર હોય પછી તે ધાર્મિક, સામાજિક, રાજકીય દરેકને આ બેનો સ્વીકાર કરે જ છૂટકો છે ! શિસ્તપાલનની જવાબદારી, કાયદાભંગની ભૂતાવળો, ભયનો હાઉ, સ્વૈરવિહાર પર નિયંત્રણ રાખે છે કે નહિ ? જો ભય-ડરના કારણે આ બે જરૂરી-અનિવાર્ય લાગે છે તો આત્મહિતૈષી આત્માઓ, આત્માના કલ્યાણના માટે સમજીને આ બંન્નેનું પાલન કરે તેમાં ગૌરવ કેવું વધે ! અને આ બંન્નેની અણછાજતી ટીકા કરે તે તો પોતાની હલકટ અને કિન્નાખોરી મનોદશાનું પ્રતીક બને છે. શું પસંદ કરવું તે વિચારક સ્વયં વિચારી લે. સુજ્ઞેષુકિં બહૂના ? 'હું કોણ છું, ક્યાંથી આવ્યો છું, ક્યાં જવાનું છે, શું કરવાનું છે' આ વાત આજે ધર્મી વર્ગમાંથી પણ ભૂલાઇ ગઇ છે તેથી જે નુકશાન થયું છે - થઇ રહ્યું છે તે ભરપાઇ થાય તેવું નથી. જેઓ આ વિચાર કરતાં નથી તેઓ દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ મહામૂલા આ મનુષ્યજન્મને એળે ગુમાવી દે છે. આજે માણસનો જેમ જેમ બુદ્ધિનો વિકાસ થાય છે તેમ તેમ કામ-ભોગોની પાછળ એવો ઘેલો બને છે, એવી આંધળી દોટ મૂકે છે કે વાત ન પૂછો. ગમે તેવી કારમી થપ્પડો પડે, ગમે તેટલી ચિંતાઓ કરે તો પણ જરાય થોભતો નથી. બસ કોઇપણ રીતે ભોગ સામગ્રી અને ભોગો માટે ઉથલપાથલ કરે જ જાય છે. લાભના બદલે નુકશાન થાય, પાપો કરી મેળવેલું ક્ષણવારમાં ગુમાવી દે, અશાન્તિની આગમાં તડપ્યા કરે છે, અસમાધિ, અસંતોષમાં મરે છે છતાં પણ પોતાના અનુભવોથી પણ તે વિચારતો નથી કે - 'હું કોણ છું અને મારું શું છે ?' શરીર અહીં જ પડ્યું રહે, સ્નેહી-કુટુંબી, ઘર-બાર, પરિવાર-પૈસા-ટકાદિ કોઇની સાથે ગયા નથી, જતા નથી કે જશે પણ નહિ તે બધું નજરે જોવે છે તો પણ તેમાંની મમતામાં અણુમાત્ર પણ ઘટાડો થતો નથી ઉપરથી મમતાથી આકુલ-વ્યાકુલ થાય છે, મૂંઝાય છે, મારા - તારામાં જ મરે છે.

— ક્રમશઃ

# સાંવત્સરિક ક્ષમાપના

—રાજુભાઈ પંડિત

એક મહાત્મા જઈ રહ્યા હતા. દૂરથી દોડતા દોડતા ચાર જણ, ૧ સ્ત્રી અને ૩ પુરૂષ તેમની પાસેથી પસાર થઈ રહ્યા હતાં. મહાત્માએ તેમને અટકાવ્યા. પૂછ્યુ તમે કોણ છો ?

ચારે કહ્યુ અમે કષાય છીએ.

◆ ક્યાં રહો છો ?

મલિન અંતરાત્મામાં.

◆ કેટલા સમયથી રહો છો ?

અનાદિ કાળથી.

◆ આમ ભાગંભાગ ક્યાં જાવ છો ?

અમારી પાછળ પેલી સ્ત્રી પડી છે એટલે

◆ એ સ્ત્રી કોણ છે ?

ક્ષમાપના

◆ ક્યાં રહે છે ?

નિર્મળ અંતરાત્મામાં.

◆ કેટલો સમય રહે છે ?

ઘડી - બે ઘડી.

◆ તે શું કામ કરે છે ?

અમે જે લોકોને ક્રોધથી ધમધમતા કરી મૂકીએ છીએ તેને આ સ્ત્રી સાવ કોમળ બનાવી દે છે. અમે જેની આંખમાં લાલાશ ઉભી કરી દઈએ છીએ તેમની આંખમાં આંસુ ભરીને ક્ષમાભાવની ઠંડક ભરી દે છે. અમે જે હૈયોમાં ખુન્નસ પેદા કરીને અપરાધીના વૈરની વસૂલાત લેવા માટે લોકોને હથિયાર ઉગામવવાનું શીખવીએ છીએ તેમને આ ક્ષમાપના નામની સુકોમળ સ્ત્રી અપરાધની સામે હથિયાર હેઠા મૂકાવી દઈને બે હાથ જોડીને અપરાધીને ક્ષમા આપવાનું શીખવે છે. હું તો ત્યારે આવે છે કે આ ક્ષમાપના જીવના પોતાના અપરાધીના અપરાધ તરફ ન જોવાનુ તો શીખવે છે પણ સાથે સાથે પોતાના જ કર્મના અપરાધને ચિંતવવાનું દરેકને શીખવે છે. એટલે કે આ સંસારમાં કોઈ કોઈનું અપરાધી નથી. કોઈ કોઈનો દુશ્મન નથી. આત્માએ પોતે કરેલા કર્મો જ આત્માના ખરા અપરાધી છે. એ ખરા અપરાધીને જ જડમૂળથી ઉખાડી નાખવા જોઈએ આવુ એ ક્ષમાપના દરેકને શીખવે છે.

◆ પણ તમે આટલા બધા ઝડપથી કેમ ભાગો છો ?

અરે ! આ ક્ષમાપના ક્યાંક વાસ-વસવાટ કરી દે તે પહેલા અમારે દરેક આત્મામાં વસી જવું છે.

◆ પણ એ તો ઘડી બે ઘડી જ રહે છે ને ?

હા ! પણ એ ઘડી બે ઘડીમાં તો કષાય એવા અમને જડ મૂળથી ઉખાડી નાંખવાની શક્તિ ધરાવે છે. અને પછી અમને ક્યાંય રહેવા આશરો ન મળે. માટે એની પહેલા અમે લોકોમાં વસી જવા ઈચ્છીએ છીએ.

આમ કહીને ચારે કષાયો ભાગ્યા, પાછળ આવી રહેલી ક્ષમાપનાને અટકાવવા મહાત્માએ પ્રયત્ન કર્યો પણ તે તો કશો જ જવાબ આપ્યા વિના રોકાયા વિના જ ભાગી. એટલું બોલતી ગઈ કે મારે તો હવે પળનો પણ પ્રમાદ કરવો પાલવે તેવો નથી.

ચારે કષાયની પાછળ પાછળ ક્ષમાપના આવી રહી હતી. પણ અફસોસ ! તેણે આવીને જોયુ તો ચારે કષાયોએ એકે એક આત્મામાં વસવાટ કરી દીધો હતો.

હવે તેને ક્યાંય સ્થાન ન મળ્યું. તેને દુઃખ થયુ કે કષાયને આધીન બનીને બિચારા લોકો નરકાદિ દુર્ગતિમાં ભટકી મરશે.

પછી તે ગુરૂભગવંત પાસે ગઈ અને ગુરૂ ભગવંતને કહ્યું કે - ગુરૂદેવ ! મને ક્યાંક રહેવા સ્થાન આપો. મારૂ મહત્ત્વ લોકોને ખ્યાલમાં આવે તે રીતે કાંઈ કરો. ગુરૂદેવે કહ્યું - હું તારી લોકોને ઓળખ કરાવીશ. પણ તે લોકો તને અપનાવશે તેની હું ગેરંટી નથી આપતો. છતાં પાંચ પર્વકૃત્યમાં / ૧૧ વાર્ષિક કર્તવ્યમાં / સંવત્સરીના દિવસે તને મહત્ત્વ આપવામાં આવશે.

આવી ક્ષમાપના આપણી પાસે આવી રહી છે.

આપણે સૌ અતીતના વૈર-ઝેરને ભૂલી જઈ સાચા દિલથી ક્ષમાપના કરીએ એ જ શુભેચ્છા.

❊❊❊

'વંદે વીરમ્' નામનું પુસ્તક આમ તો તા. ' -૮-'૮૯ના રોજ બહાર પડેલું છે પણ તાજેતરમાં જ મારા જોવામાં આવ્યુ. આ પુસ્તકમાં વીરને વંદન કરવાને નામે લેખકે પોતાની ગરમ ગરમ વરાળ બહાર કાઢવાનો જ ક્ષુદ્ર પ્રયાસ કર્યો છે. 'દરેક ક્ષુદ્ર કે હીન કાર્ય મહાન કાર્યની ઓથ લઈને કરવામાં આવે તો મુગ્ધ જીવોને મૂર્ખ બનાવવામાં સો ટકા સફળતા મળે છે'- આ સત્ય લેખક સારી રીતે જાણે છે. અનેકવાર અનુભવ પણ કરી ચુક્યા છે.

આ પુસ્તકના લેખક છે - વિવાદાસ્પદ અને પરસ્પર વિરોધી વિધાનો કરવા માટે વિખ્યાત બનેલા (કુખ્યાત કે નામચીન શબ્દ વાપરો તો બંધ બેસતો આવે એમ છે. પણ લોકોને અશ્લીલ લાગે છે.) તપોવની પન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી ગણિવર ! કમલ પ્રકાશન ટ્રસ્ટે આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ ટ્રસ્ટે-ટ્રસ્ટ મંડળે પોતાના પ્રકાશકીયમાં અજાણતાં જ ભુલમાં ને ભુલમાં એક સત્યનો ઘટસ્ફોટ કરી દીધો છે. તેમણે પ્રકાશકીયમાં એકરાર કર્યો છે કે લેખકની હૃદયની ગતિ અનિયમિત હતી ત્યારે આ ચિંતન ! પ્રગટ્યુ હતું. જો કે આટલી માહિતી જ પર્યાપ્ત નથી. અમને તો ચોક્કસ ખાતરી છે કે - એ વખતે હૃદયની અનિયમિત ગતિની સાથે લેખકે પોતાની માનસિક સમતુલા, સ્વસ્થતા અને તંદુરસ્તી પણ ગુમાવી હતી. કમલ પ્રકાશન ટ્રસ્ટે પોતાના પ્રકાશકીયમાં 'હાર્ટ-એટેક' ની સાથે સાથે જ કોઈક 'એ-વન' મનોચિકિત્સક પાસે લેખક મહાશયની માનસિક તુંદરસ્તી વિષેનો રીપોર્ટ મેળવી છાપ્યો હોત તો વાચકો ઉપર મહાન ઉપકાર થાત ! અને કદાચ મારે આ લખાણ કરવાની કસરત મારે પણ ન કરવી પડત !!

આ સંપૂર્ણ પુસ્તકમાં લેખકની વર્ષો જુની વૈચારિક વિકૃતિઓ સ્થાને સ્થાને ખદબદે છે. તમે પુસ્તક ખોલો એટલે જ તમને ખબર પડી જાય તેમ છે કે લેખકની દાનત વીરને વંદન કરવાની છે કે પોતાની વૈચારિક વિકૃતિની વરાળ બહાર કાઢવાની

## વીરને નામે ?

છે ! વીરને વંદન કર્યા ન કર્યા ત્યાં તો લેખકશ્રીનો પગ પર્યાવરણના કુંડાળામાં પડી ગયો છે. જો કે તેઓ સમજીને જ પર્યાવરણમાં પડ્યાં, પછડાયા કે પલોટાયા છે તેથી પશ્ચાત્તાપ પેદા થવાનો કોઈ અવકાશ રહેતો નથી. દેવાધિદેવ શ્રીવીર પરમાત્માના આત્મશુદ્ધિ-મુક્તિકર જીવરક્ષાના મહાન તત્વને સાંસારીક સુખાકારીમાં વેચી મારનારા લેખકશ્રીએ વીર પરમાત્માને વંદન કર્યા છે કે વટાવ્યા છે (ચલણી નાણાંની જેમ) તે સુજ્ઞ વાચક પોતે જ નક્કી કરી લે. દેવાધિદેવને પર્યાવરણના આદ્યપિતા તરીકે જાહેર કરીને તે તારકોની સર્વજ્ઞતાનું સન્માન કર્યું છે કે પોતાની દેવાધિદેવ વિષેની અજ્ઞાનતાનું વરવું પ્રદર્શન કર્યું છે તે સૌ ગીતાર્થપુરુષો સમજી શકે તેમ છે. આવા પ્રદર્શનો તો આ પુસ્તકમાં ઠેર ઠેર પથરાયેલા છે.

આ પુસ્તકનું એક પ્રકરણ તો ખાસ ધ્યાન ખેંચે તેવું છે. પેજ ૧૪૦ થી ૧૬૨ સુધીમાં **'બીજો ઉપદેશ વિચારે અનેકાન્તી બનો'** આ હેડીંગ નીચેના લખાણમાં લેખક નાયક વિવાદનો મધપુડો છંછેડ્યો છે. અહીં આ પ્રકરણમાંના લેખકશ્રીના અવતરણો પહેલા આપીને પછી તેના ઉપરની સમાલોચના આપવામાં આવે છે.

**જૈન શાસ્ત્રજ્ઞોએ આ (હાથીનું) દષ્ટાન્ત આપીને એ ફલિત કર્યું છે કે, "તમે જેની સાથે વૈચારિક-મતભેદ ધરાવો છો તે માણસનો, તેની અપેક્ષાએ સાચો પણ હોઈ શકે છે. તમે તેના દષ્ટિકોણથી તેના વિચારને વિચારો (પેજ.૧૪૦)**

**સમાલોચના :** જૈન શાસ્ત્રજ્ઞોના નામે લેખકે સફાઈબંધ ગપ્પુ માર્યું છે. વાક્યરચનામાં પણ ગોટાળા છે. દરેક માણસ પોતાના દષ્ટિકોણથી પોતાના વિચારને સાચો જ માનતા હોય છે. જો બધા માણસો પોતાના દષ્ટિકોણથી સાચા બની ગયા તો દુનિયામાં જૂઠો કોણ ? નાસ્તિક પણ સાચો અને આસ્તિક પણ સાચો ! હિંસક પણ સાચો અને અહિંસક પણ સાચો ! ચોર પણ સાચો અને શાહુકાર

પણ સાચો ! તો પછી ધર્મ અને અધર્મની વ્યવસ્થાની કોઇ જરૂર ખરી ? અનેકાન્તના ઓથા હેઠળ દરેક માણસને સત્યવાદીમાં ખપાવવા મથનાર લેખકની અસત્યપ્રિયતા ઉઘાડી પડી જાય છે. જૈન શાસનના અનેકાન્ત તત્વને સત્ય સ્વરૂપે સમજવા માટે લેખકને હજી બીજો જન્મ લેવાની જરૂર છે. બાવાઓ અને ફકીરો સાથે વધુ પડતી બેઠક-ઉઠક ધરાવતા અને અવસરે એક મંચ ઉપરથી ભાષણો ઝીંકતા આ મહાનુભાવને ખોટા માણસને પણ સાચા તરીકે જાહેર કરવા પડે તેમાં કોઇ આશ્ચર્યની વાત નથી. આખી દુનિયાને માખણ લગાવવાના શોખીનોને 'દરેક માણસો પોતાની અપેક્ષાએ સાચા પણ હોઇ શકે' એમ માનવું જ પડે છે !

**પ્રેમની ભૌતિક દુનિયાનું સર્વોત્કૃષ્ટ વાક્ય ગણાય છે, "I Love You."**

**આધ્યાત્મિક જગતનું સર્વોત્કૃષ્ટ વાક્ય (અપેક્ષાએ) આ છે : "કદાચ તમે પણ સાચા હો." (પેજ - ૧૫૦)**

**સમાલોચના :** તમે અક્કલનું 'અથાણું' બનતું ક્યારે પણ જોયુ કે ચાખ્યું છે ? આ અથાણું કોઈ બજારમાં વેચાતું નથી. આવા પુસ્તકોમાં એ ક્યારેક જોવા મળે છે. 'આઇ લવ યુ' આ વાક્ય પ્રેમની ભૌતિક દુનિયાનું સર્વોત્કૃષ્ટ વાક્ય છે કે નહિ ? તે 'મજનૂ' ઓને પુછવાનો વિષય છે. પણ આધ્યાત્મિક જગતનું સર્વોત્કૃષ્ટ વાક્ય શોધવાનું કામ સતત સમસ્યાઓથી ઘેરાયલા માણસનું તો નથી જ. 'કદાચ તમે પણ સાચા હો.' આ વાક્ય સંશયાત્મક વાક્ય છે. આવા સંશયાત્મક વાક્યને આધ્યાત્મિક જગતના સર્વોત્કૃષ્ટ. વાક્ય તરીકે ગણાવતા આ લેખકની આધ્યાત્મિકતા પૂરી શંકાસ્પદ બને છે. 'કદાચ તમે પણ સાચા હો' આ વાક્ય તો અનિશ્ચિતતામાં અટવાતા માણસના મોઢેથી જ નીકળે છે. આવા અનિશ્ચિતતામાં અટવાતા અને છતાં આધ્યાત્મિક જગતના સર્વોત્કૃષ્ટ ! વાક્યના લેબલ લગાવનારા સમાજને ઉભો કરવા પાછળ પાગલોની વસ્તી વધારો કરવા સિવાય બીજો કયો ઉમદા ! આશય હોય શકે ? આવા ઉમદા આશયો (દિવાસ્વપ્નો એમ વાંચો) ધરાવતા માણસને વહેલામાં વહેલી તકે.... હોસ્પિટલમાં ભરતી કરવા જોઇએ એમ નથી લાગતું ?

**સમાધિ, સમાધાન, શાંતિ વગેરે સત્ય છે: માટે તેમને જે પેદા કરે તે જ સત્યો સત્ય છે. તેમને જ સ્વીકારવાં જોઈએ. (પેજ-૧૫૦)**

**સમાલોચના :** અત્યાર સુધી તો અમે એવું માનતા હતા કે દુનિયાને ઉંધા ચશ્મા પહેરાવવાની મોનોપોલી કેવળ તારક મહેતાની જ છે. પણ આ લેખકે પણ આ વ્યવસાયમાં ઝંપલાવ્યું છે તેની હવે જ જાણ થઇ છે. લેખક અત્રે ઉંધા ચશ્મા પહેરાવતાં તમને સમજાવવાનો પ્રચાર કરે છે કે 'તમે જે કહેતા હો કે આચરતા હો એનાથી સામો માણસ અસમાધિમાં પડી જાય, તેના મનનું સમાધાન ન થાય કે તેને અશાંતિનો અનુભવ થાય તો તમારું કહેલું કે આચરેલું સત્ય હોય તો પણ અસત્ય બની જાય છે.' આનુ નામ 'દુનિયાને ઉંધા ચશ્મા' કહેવાય ! હવેથી સૌએ ચેતીને ચાલવા જેવું છે. ભુલે-ચૂકે પણ કોઇ માણસ આ લેખકશ્રી પાસે પહોંચી જાય અને કહે કે તમારા સાધુપણાથી મને ખૂબ જ અસમાધિ થાય છે. અશાંતિનો અનુભવ થાય છે. તો તરત જ આ લેખકશ્રી પોતાના સિદ્ધાન્ત મુજબ સત્ય ! ની સુરક્ષા માટે સાધુવેશ ઉતારવાની શરૂઆત કરવા માંડશે. એમના માટે તો સમાધિ, સમાધાન અને શાંતિ (લોકોની) મહત્વની ચીજ છે. લોકોની શાંતિ માટે તેઓ સાધુવેશ ઉતારવો પડે તો પણ તૈયાર છે. એમને મન લોકોને ખુશ રાખવા એ જ સત્ય છે !

અસલમાં જ્ઞાનીઓની સત્યની વ્યાખ્યા અલગ છે. જ્ઞાનીઓને મન સત્ય આટલું માટીપગું નથી. સત્ય કોઈની અસમાધિ, અસમાધાન કે અશાંતિથી અસત્ય બની જાય એટલું તકલાદી નથી. આખી દુનિયાનાં વિરોધ વચ્ચે પણ સત્ય સૂર્યની જેમ પોતાના તેજસ્વી કિરણો રેલાવતો સદા પ્રકાશિત જ રહે છે. લોકોની શાંતિ-અશાંતિમાં તણાનારો માણસ કદી સત્યને પામી શકતો નથી. સત્યની

આવી ઉલટી વાતો પ્રચારનાર આ લેખક જેવા માણસો જૈન સંઘની ધાર્મિક તંદુરસ્તી માટે ખૂબ જ જોખમકારક છે. અમારી સૌને અપીલ છે કે ધાર્મિક આરોગ્ય જાળવવા માટે આવા અનિષ્ટ તત્વોના સંસર્ગ / સંપર્કથી સૌએ બચીને ચાલવું.

**એકાદ વ્યકિતના મનની અસમાધિ (સંકિલષ્ટ ચિત્તસ્થિતિ) આખા ઘરને અધ્ધરતાલ -ઉદ્વિગ્ન રાખે છે તો આખા સંઘની દાયકાથી ચાલી આવતી સંઘર્ષની પ્રવૃત્તિઓ સંઘમાં કેટલી બધી ઉદ્વિગ્નતા ઉભી કરી હશે ? એથી કેટલાં બધાં સારાં કામ થતાં અટકી પડ્યા હશે ? (પેજ-૧૫૧)**

**સમાલોચના :** જુના કાળમાં લગ્ન કરીને પીયરમાં પડી રહેતી અને આખા ગામને સલાહ આપતી વહુને ઘણીવાર ડોસીઓ કહેતી : ડાહી સાસરેજતી નથી અને........! આ લેખકની હાલત પણ આવી જ છે. સંઘમાં સંઘર્ષ અને ઉદ્વિગ્નતા દૂર કરવાની સુફીયાણી સલાહ આપે છે. પણ પોતે આ જ સુધી આજ કામ કર્યા છે. એમના બાપ-દાદાઓના સમયથી ચાલી આવતા બે વિભાગમાં તેમણે ત્રીજો પંથ કાઢ્યો હતો. વીરસૈનિક નામની સંસ્થા સ્થાપીને સંઘર્ષના મેદાનનું ઉદ્‌ઘાટન કરવા દ્વારા આ શાંતિપ્રિય ! માનવે ગામોગામ સંઘોમાં હોળી સળગાવી હતી. દર બે કે પાંચ વર્ષે સંઘર્ષના બીજ વાવવાની આદત ધરાવતા એમનો ઈતિહાસ પ્રગટ છે એના કરતા વધુ અપ્રગટ છે. છેલ્લા સાત-આઠ વર્ષથી તો આદત સે મજબુર આ લેખકે સંઘર્ષ પેદા કરવામાં અને વધારવામાં પોતાના જાનની બાજી લગાવી દીધી છે. સંઘની હિતચિંતા કરવાના શબ્દો હવે એમના મોઢે શોભતા નથી. નહિ તો કોઇ માથા ફરેલ માણસ કહી દેશે - સો સો ચૂહે.......!

**જે સાચી અને સારી અપેક્ષા લેવાથી ઝઘડાનું નિરાકરણ થાય, ચિતમાંથી ઉદ્વેગ ટળે, કુટુંબ કે સંઘમાંથી સંઘર્ષ તે અપેક્ષાને જ 'સાચી અને સારી' કહેવાય. બાકીની અપેક્ષાઓ 'સત્ય' હોય તો પણ અસમાધિના અસત્યને ઉત્પન્ન કરવાથી અનુબંધમાં અસત્ય જ કહેવાય. (પેજ - ૧૫૧)**

**સમાલોચના :** આનો જવાબ આગળ આપ્યો જ છે. હંમેશા સારા અને સાચા માણસની સામે લોકો ઝઘડવાના જ છે. પણ એટલા માત્રથી એણે ખોટા અને ખરાબ બનવાની જરૂર નથી. સત્યના ઉપાસકને અસમાધિ ક્યારે પણ સતાવી શકતી નથી. બાકી તો વસંતઋતુમાં જ્વાસો સુકાતો જ હોય છે. એની ચિંતા વસંતઋતુએ કરવાની નથી. તમારી સત્યમાર્ગની આરાધનાથી કોઇને અસમાધિનું અસત્ય ઉત્પન્ન થતુ હોય એટલા માત્રથી તમારું સત્ય અનુબંધમાં અસત્ય બનતું નથી. સૂર્યના ઉદયથી ઘુવડની જાત અંધાપો અનુભવે છે. એટલા માત્રથી સૂર્ય ઉદય પામવાનું બંધ કરી દેતો નથી. અનુબંધ અસત્ય કોને કહેવાય એની આ લેખકને જાણ ગતાગમ નથી છતાં અનુબંધ જેવો ભારેખમ શબ્દ વાપરીને પંડિતાઇ છાંટવા જાય છે. પણ એમને ખબર નથી કે મોર નાંચે નહિ ત્યાં સુધી જ સારો લાગે છે. નાચતાં નાચતાં મોર ભાન ભુલી જાય છે અને પાછલો ભાગ ખુલ્લો થઇ જાય છે. પછી એનું નૃત્ય દર્શનીય કે પ્રદર્શનીય નથી રહેતું પણ પ્રહસનીય બની જાય છે. આ લેખક પણ પાછલો ભાગ ખુલ્લો કરવાના શોખીન જ લાગે છે.

**(ક્રમશઃ)**

---

1. Still waters run deep.
2. Strike while the iron is hot.
3. Suspicion is the poison of FRIENDSHIP.
4. Sweet things are bad for the teeth.
5. See no EVIL, hear no evil, speak no evil.
6. The winds and waves are always on the side of the ablest navigators.

— Gibbon

# રાજકોટ વર્ધમાનનગરથી ગિરનારજી મહાતીર્થના છ'રી પાલિત યાત્રાસંઘના ચિરસ્મરણીય સંસ્મરણો

કોઈપણ સારું કાર્ય શરૂઆતમાં અસંભવિત જણાતું હોય છે. પણ જ્યારે એ પૂર્ણતા પામે છે ત્યારે ચિરંજીવ બની જતું હોય છે.

પરમશાસન પ્રભાવક ૮-૮ દાયકા સુધી જૈન-શાસન ગગનાંગણે, સૂર્યવત્ તેજસ્વી રહી જૈન-જૈનેતર સેંકડો ભવ્યાત્માઓ ઉપર ઉપકારની હેલી વરસાવનાર પ. પૂ. આ. દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સાહેબના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા સાહેબના આજ્ઞા આશિર્વાદથી અમારા શ્રીસંઘમાં ચાતુર્માસાર્થે પધારેલ.

પૂજ્યપાદ પરમગુરૂદેવશ્રીના વિનેય શિષ્યરત્નો બન્ધુબેલડી તપસ્વી મુનિપ્રવર શ્રી તત્વરત્ન વિ. મ. સા., પ્રવચનદક્ષ મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. સા.

પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી હિતધર્મ વિ. મ. સા. તથા સાધ્વીજી ભ. પરમવિદુષી ચંદ્રાનનાશ્રીજીના શિષ્યા સરળ સ્વભાવી સા. ચંદનબાળાશ્રીજી આદિનો મંગળ પ્રવેશ થયો ત્યારથી ઉત્તરોત્તર ચઢિયાતા ધર્માનુષ્ઠાનો થઈ રહેલ હતા. તેના અંતિમ કળશ રૂપે આ સંઘ ઘણો શાસનપ્રભાવક બની રહ્યો. પૂજ્યોની નિશ્રામાં કા. વદ. ૫, બુધવારે શ્રી સંભવનાથ જિનાલયે પ્રયાણ અંગેની મંગળ વિધિનો શુભારંભ થયો. તે પછી પૂજ્યોએ માંગલિક સંભળાવ્યું. દરેક સંઘપતિઓને તિલક-સાફા વગેરેથી બિરદાવામાં આવ્યા અને ત્યાર પછી પ્રગટ-પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પ્રભુજી, શ્રી આદિનાથ ચોવીશી, શ્રી શાન્તિનાથ પંચતિર્થી મંગલવાદ્યોના ધ્વનિસહ, ગગનભેદી જય-જયકારના નાદ સાથે રથમાં પધરાવવામાં આવ્યા.

સંઘ પ્રયાણ થતાં સહુથી આગળ પલગતો ગજરાજ તેની પાછળ બેન્ડપાર્ટી, પૂ. ગુરૂ ભગવંતો ખુબ જ મોટી સંખ્યામાં શ્રાવકો પછી પ્રભુજીનો જાજરમાન રથે સુંદર શણગારેલો. પૂ. સાધ્વીજી ગણ અને પાછળ વિશાળ સંખ્યામાં બહેનો.

**પ્રથમ દિવસે** વચમાં વલ્લભભાઈ પટેલની ફેકટરીએ શ્રી સંઘનું ભાવભીનું સ્વાગત કર્યું અને દસ રૂા. નું સંઘપૂજન કરી પૂ. ગુરૂભગવંતોના માંગલિક તેમજ ચાંદીની ગીનીથી પૂજનનો લાભ લેવાયો તે દિવસે શાપર હાઈવે ઉપર પારડીગામ પાસે મુકામે પહોંચતાં બપોરના ૧૧-૦૦ વાગ્યા હતા. સંઘ યાત્રિકો સિવાય પણ ઘણા નાના-મોટા ભાગ્યશાળીઓ પૂ. ગુરૂભગવન્તોને વખામણુ કરવા ત્યાં પધારેલ.

સંગીતકાર સુશ્રાવક અનંતભાઈની મંડળીએ ભવ્ય સ્નાત્રપૂજા ભણાવી. આજના દિવસની સાધર્મિક ભક્તિનો લાભ વસા સૌભાગ્યચંદ તિલકચંદ પરિવારે લીધેલ. બપોરે બરાબર ત્રણ વાગ્યે પૂજ્યોના પ્રવચનનો પ્રારંભ લગભગ ૧ાા કલાક ૦ાા પ્રવચનબંદ હાથી પર બેસવાના પ્રભુજીને રથમાં લઈને બેરવાના તથા પ્રભુજીના સારથિ બનવાના ચઢાવા, તે ખેતરના માલિકનું સન્માન તેમજ સાધર્મિક ભક્તિ કરનારા પરિવારનું પણ બહુમાન આદિ રોજ થતા હતા. સંઘપૂજન રૂા. ૭/૦૦ થયેલ.

સાંજે સંધ્યાભક્તિ વિરમગામના શરણાઈવાદકો, પૂજ્યોના પાલ પાસે બરાબર છ વાગ્યે હાજર થઈ જતા. શ્રાવકોની વિનંતી અને પૂજ્યોનું પ્રયાણ. સંઘની મુમુક્ષુ બહેનો દ્વારા પ્રભુશ્રીને કરાતી નિત નવી આંગીઓ જેના દર્શને ભાવિકોના મન ડોલી ઉઠતા.

પૂજ્યોની સાથે રોજ નવી-નવી સ્તુતિઓ, સ્તવનો જે નાનકડી પુસ્તિકા, તીર્થયાત્રાનું નવલુ નજરાણું, તેમાંથી જોઈને સહુ જ્યારે એક સાથે બોલી ઉઠતાં ત્યારે સર્જાતો પ્રભુ ભક્તિનો માહોલ જે જોવાનો પણ અમુલ્ય લાભ જણાતો હતો. સમુહ પ્રતિક્રમણ બાદ રાત્રે ૮-૩૦ કલાકે ભક્તિભાવનાની રંગઝટ જામતી.

આમ રોજ નવા ગામને નવારે મુકામ...

રોજ નવી આંગીઓને નવા નવા ભાવ.

**બીજે દિવસે** આજની ભક્તિ શેઠ શ્રી પ્રાણલાલ ભુદરભાઈ શાહ પરિવાર, પીપળીયા મુકામ. વ્યાખ્યાન બાદ ગુરૂપૂજન, સંઘપૂજન રૂા. ૨/૦૦

### ત્રીજે દિવસે મુકામ ગોંડલ

આજની ભક્તિ શેઠશ્રી કાંતીલાલ ડાયાલાલ શાહ પરિવાર. વ્યાખ્યાન-બાદ ગુરૂપૂજન-સંઘપૂજન ૧૨/૦૦રૂા.

### ચોથે દિવસે મુકામ વીરપુર

આજની ભક્તિ શેઠશ્રી કે. પી. બગડીયા પરિવાર વ્યાખ્યાન બાદ ગુરૂપૂજન - સંઘપૂજન રૂા. ૨૫/૦૦

### પાંચમે દિવસે મુકામ જેતપુર

રવિવાર હોઈને રોજ કરતાં સંઘના દર્શને ઘણાં ભાવિકો પધારેલ. આજની ભક્તિ શેઠશ્રી મનસુખલાલ જીવરાજભાઈ શાહ ભાડલાવાળા પરિવાર વ્યાખ્યાન બાદ ગુરૂપૂજન-સંઘપૂજન રૂા. ૨૧/૦૦

સાંજે ભવ્ય મહાપૂજન જેવું આયોજન થતાં શેઠશ્રી હસમુખલાલ ડુંગરશીભાઈ સંઘવી અમદાવાદવાળાએ બોલીનો લાભ લઈ હાથી પર બેસી પૂજ્યોની સાથે પ્રભુજીના દર્શનાર્થે સહુ પધારતા સાંજનો આનંદ નિરાવધિ બન્યો હતો.

શ્રી નેમિનાથ યુવા ગ્રુપે ખૂબ સારી જહેમત ઉઠાવી હતી. ભક્તિમ નાચ-ગાન કરતાં સહુ ગુલતાન બની ગયા હતા.

### છઠ્ઠે દિવસે જેતલસર મુકામ

આજની ભક્તિ શ્રીમતી રેવાબેન ચંદુલાલભાઈ વસા પરિવાર. વ્યાખ્યાન બાદ ગુરૂપૂજન-સંઘ પૂજન રૂા. ૧૫/૦૦.

વિશેષમાં સાંજે ગરવા ગિરનારજીના દર્શને સહુ સાથે મળી ગએલ. દૂર રહીને ભાવથી ગિરિને વધાવેલ. ગિરિને વધાવો મોતીડે વધાવો.......

### સાતમો દિવસ વડાલ મુકામ

વડાલ જૈન સંઘ તરફથી સ્વાગત સામૈયું કરાએલ. તેમજ દર્શનાર્થે પધારેલ સર્વની ભક્તિ કરાઈ હતી.

આજની ભક્તિ મેસર્સ પી. એમ. ડીઝલ્સ, રાજકોટ.

પૂ. મુનિ શ્રી પ્રશમાનન્દ વિ. મ. સા., પૂ. મુનિ શ્રી તત્વસુંદર વિ. મ. સા. જુનાગઢથી આજરોજ સંઘમાં પધાર્યા. વ્યાખ્યાન બાદ ગુરૂપૂજન-સંઘપૂજન રૂા. ૨/૦૦. સાંજે મલયતા ગજરાજ ઉપર બેસીને ચઢાવો બોલીને લાભ લેનાર ભાગ્યશાલીઓ ઉલ્લાસભેર વાજતે-ગાજતે ગુરૂ ભગવંતોને સાથે લઈ ગિરિવંદનં માટે જ્યાં પહોંચ્યા ત્યાં તો વિશાલ જનમેદની જામી ગઈ. ગિરિને વધાવવા આદિના કાર્યો થયા.

**આઠમો દિવસ જુનાગઢ** ગામ આવતા શ્રીસંઘે બેન્ડવાજા સાથે ભવ્ય સ્વાગત કરેલ. સેંકડો ગહુંલીઓ સહ મુખ્ય રાજમાર્ગો પર ફરી બંને જિનાલયોએ દર્શન-વંદનાદિ કરી પૂ. ગુરૂભગવંતો ઉપાશ્રયે માંગલિક ફરમાવી ત્યાંથી નીકળી વાજતે-ગાજતે તળેટીએ ઉતારા માટે નિયત કરાએલ કોળી જ્ઞાતિની વાડીએ પધાર્યા.

ત્યાં સમુહ સ્નાત્રપૂજન બાદ સાધર્મિક ભક્તિ શાહ ઈંદુલાલ માધવજીભાઈ તથા કુસુમબેન (દિવાનપરા). બપોરે વ્યાખ્યાનમાં પૂ. ગુરૂ ભગવંતોના પ્રવચનબાદ સાતમાળની ઉછામણી બોલવામાં આવેલ. ગુરૂપૂજન-સંઘપૂજન રૂા. ૭/૦૦ નું થયેલ.

સાંજે ગિરિવંદના પરમાત્મસ્તવના આદિ થયેલ. પ્રતિક્રમણ બાદ ભક્તિભાવના અને આરતી-મંગળ દીવો ત્યાર પછી સંઘવી પરિવારોનું બહુમાન.

૧) શ્રી પ્રવિણચંદ્ર કે. શાહ પાટણવાલા હાલ મુંબઈ.
૨) શ્રીમતી મધુબેન પી. શાહ પાટણવાળા હાલ મુંબઈ.
૩) શ્રી સૌભાગ્યચંદ તલકચંદ વસા, રાજકોટ.
૪) શ્રી મગનલાલ મોતીચંદ મહેતા, રાજકોટ.
૫) શ્રી શિવલાલ ભુદરભાઈ શાહ, રાજકોટ.

૬) શ્રી જયંતીલાલ હીરાચંદ વસા, રાજકોટ.
૭) શ્રી નટવરલાલ ડાયાલાલ શાહ, રાજકોટ.
૮) શ્રી રાયચંદ પ્રેમચંદ શાહ, રાજકોટ.
૯) શ્રી એકસદ્‌ગ્રહસ્થ, રાજકોટ.

ત્યારપછી નાની ૮ થી ૧૨ વર્ષની ઉંમરના ૧૫ જેટલા બાળક-બાલિકાઓનું તેમજ સંઘના કાર્યકર્તાઓનું સન્માન તેમજ આભારવિધિ કરાએલ.

**નવમો દિવસ તીર્થમાળ જુનાગઢ તળેટી**

સંઘ સાથે પૂ. ગુરૂભગવંતો સવારે સહસ્રાવનદિક્ષા કેવળજ્ઞાન સ્થલની અર્ચના કરી દાદા શ્રી નેમિનાથજીની ટૂંકે પધાર્યા.

ત્યાં સામુદાયીક પ્રદક્ષિણા થી માંડીને ચૈત્યવંદનની ક્રિયા કર્યા બાદ શ્રી નેમિનાથ દાદાના શિખરે ધજા ચઢાવામાં આવી. શાસન તીર્થ અધિષ્ઠાયિકા દેવી શ્રી અંબિકામાને ચુંદડી ઓઢાડાઇ.

ત્યારબાદ નીચે તળેટીએ વાડીમાં સંઘમાલની ક્રિયાનો પ્રારંભ થયો અને શુભમુહુર્તે સંઘમાળ આરોપણ કરાઇ જેનો લાભ

| માળ પહેરાવનાર | માલ પહેરનાર |
|---|---|
| ૧. કનક લત્તાબેન મનહરલાલ | શ્રી નટવરલાલ ડાયાલાલ<br>શ્રી પંકજભાઇ નટવરલાલ |
| ૨. શ્રી જયંતીલાલ હીરાચંદ વસા | શ્રી ભાવેશ જયંતીલાલ<br>શ્રીમતી રીટાબેન ભાવેશભાઇ |
| ૩. શ્રી દિપકભાઇ પ્રવિણચંદ્રશાહ | શ્રી પ્રવિણચંદ્ર કેશવલાલ શાહ<br>શ્રીમતી મધુબેન પ્રવિણચંદ્રશાહ |
| ૪. શ્રી સૌભાગ્યચંદ તીલકચંદ વસા પરિવાર | શ્રી કનુભાઇ સૌભાગ્યચંદ વસા<br>શ્રીમતી નીરૂબેન કનુભાઇ વસા |
| ૫. શ્રી કાંતીલાલ ડાયાલાલ શાહ | શ્રી કાંતીલાલ મગનલાલ મહેતા<br>શ્રીમતી જ્યોતિબેન કાંતીલાલ મહેતા |
| ૬. શ્રી શિવલાલ ભુદરભાઇ શાહ પરિવાર | શ્રી શિવલાલ ભુદરભાઇ શાહ<br>શ્રીમતી ભારતીબેન પ્રવિણભાઇ શાહ |
| ૭. શ્રી કિશોરભાઇ મણિયાર | નીતાબેન હરેશકુમાર શાહ<br>માલાબેન જયરાજકુમાર શાહ |

માળારોપણ બાદ સર્વે ભાગ્યશાલીઓએ ખુબ ઉલ્લાસભેર આ સર્વે પુન્યશાલીઓને અક્ષતથી વધાવેલ. અને તે પછી. ગુરૂભગવંતોએ અંતીમ હિત-શિક્ષા ફરમાવેલ.

આ પ્રસંગે પણ શ્રી સંઘના અતિઆગ્રહથી પૂ. મુનિ શ્રી પ્રશમાનંદ વિજયજી મ. સા. ગામમાંથી પધારેલ.

ગુરૂપૂજનની બોલી બોલાયેલ. તેમજ કામળી વગેરે વહોરાવાએલ.

સંઘમાં ઘણા ભાગ્યવાનો સહુ પ્રથમવાર જોડાયેલ. કેટલાય રાજકોટ વાસીઓએ નજીકમાં આવેલ ગઢગિરનારની જાત્રા ન હોતી કરી તે સહુને આ સંઘ નીકળવાથી ખૂબ ખૂબ લાભ થયેલ છે.

વર્ધમાનનગર શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, રાજકોટ એવી ભાવના ભાવે છે કે આવા સંઘો વર્ષો વર્ષ નીકળ્યા કરે અને જૈનશાસનની સુંદર પ્રભાવના થવા દ્વારા અનેક ભવ્યાત્માઓને સિધ્ધિગતિની પ્રાપ્તિમાં કારણભૂત બોધિબીજની પ્રાપ્તિ થાય એજ. **લી. ટ્રસ્ટીગણ.**

---

**('इन्द्रियाणां जये शूर:।'**

અનુ. પાના નં. ૭૦૧ નું ચાલુ,)

''स्त्रीभि: कस्य न खंडितं भुवि मन:।'' આ જગતમાં સ્ત્રીઓ વડે કોનું કોનું મન ખંડિત નથી કરાયું ! રૂપની પાછળ પાગલ બનેલા ભાન ભૂલેલાઓ ચારે ચારે, ચૌટે-ચૌટે રૂપની હરિફાઇઓ કરે-કરાવે છે. જે રૂપ સંરક્ષક ગોપનીય હતું તે રૂપનું જાહેરમાં વસ્ત્રાહરણ કરાય છે પછી ઉન્માદ બહેકે અને ફજેતીના ફાળકાઓ થાય તેમાં નવાઇ છે ? માટે તો શ્રૃંગાર શતકમાં ભતૃહરિ જેવાએ પણ કામની પ્રશંસા કરતાં ગાયું કે-

''शम्भुस्वयम्भूहरयो हरिणेक्षणानां,
येनाऽक्रियन्त सततं गृहकर्मदासा:।
वाचागोचरचरित्रविचित्रिताय,
तस्मै नमो भगवते कुसुमायुधाय॥''

**(ક્રમશ:)**

# સમાચાર સાર

**सेवाड़ी (राजस्थान) में दो पन्चाहिन्का महोत्सव :** વૈશાખ સુદ ૮, દિનાંક ૨૦-૫-૨૦૦૨ ને પરમ પૂજ્ય વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. સા. નો બેંડ સાથે મંગલ પ્રવેશ થયેલ. બે પંચાહિન્કા મહોત્સવમાં ત્રણ મહાપૂજનો ભણાવામાં રાખેલ. પહેલો પંચાહિન્કા મહોત્સવ ગામ તરફથી હતો. તેમાં બન્ને ટાઇમ પાંચ દિવસ પૂરા ગામની નોકારશી હતી. બીજા પંચાહિન્કા મહોત્સવમાં વૈશાખ સુદ ૧૪, શનિવારને તા. ૨૫-૫-૨૦૦૨ ને પ્રવેશ વાજતે ગાજતે થયેલ. આજે પ્રવેશ પછી મહોત્સવનું આયોજન કરનાર જીવરાજજી રૂપાણા અને ધર્મ પત્ની સાપરબેને પોતાના જીવિત મહોત્સવ નિમિત્તે આજે ગુરૂ મહારાજ પાસે ચતુર્વિધ સંઘની હાજરીમાં વ્યાખ્યાન પછી ચતુર્થવ્રત ઉચ્ચરેલા અને ગુરૂનું બન્ને જણાએ નવાંગી ગુરૂ પૂજન કરેલ. વૈશાખ વદ ૨ ના દિવસે નાણ માંડી વિધિવત્ ચતુર્થવ્રત ઉચ્ચરેલ સંઘ તરફથી બોલી બોલી જીવિત મહોત્સવ કરનારનું બહુમાન કરેલ. અને પોતે ત્યાંથી જુદા જુદા તીર્થોની યાત્રાએ અનેક બસો દ્વારા ગામવાલાને લઇ ગયેલ. ગુરૂ પાસે માંગલિક સાંભલી પ્રયાણ કરેલ. ગુરૂ ભગવંત વિહાર કરી જેઠ સુદ ૧૦, દિ. ૨૦-૬ ૨૦૦૨ ને લાલચંદજી મહાત્માને ભોપાલસાગર (કરેડાતીર્થ) માં દીક્ષા આપી રતલામ ચાતુર્માસ માટે પ્રવેશ કરશે.

**અમદાવાદ સોલારોડનાં આંગણિયે ઉજવાયેલ ભવ્ય જિનભક્તિ મહોત્સવ**

**અમદાવાદ (સોલારોડ) :** અત્રે ચિત્રકૂટ - લબ્ધિ વિક્રમનગર મધ્યે, પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાના સમાધિપૂર્ણ કાળધર્મ તથા તપસ્વીરત્ન પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરની નવમી સ્વર્ગારોહણતિથિના અવસરે શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ ભદ્રવિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા., પૂ. મુનિરાજશ્રી કુલશીલ વિજયજી મ., પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ. આદિની નિશ્રામાં ખૂબ જ ઉલ્લાસ પૂર્વક ઉજવાયેલ. જેઠ સુદ ૧૦ ના દિવસે પૂ. આચાર્ય ભગવંત શ્રીજી આદિના ૪૦ માં દીક્ષાતપની અનુમોદનાર્થે સંઘપૂજનો, પંચકલ્યાણક પૂજા ભણાવાયેલ. જે. સુ. ૧૧ ના નવપદજીની પૂજા જે. સુ. ૧૨+૧૩ ના નવગ્રહાદિ પાટલા પૂજન જે. સુ. ૧૪ ના પૂજ્યશ્રીજીની નવમી સ્વર્ગારોહણ તિથિના પ્રસંગે ગચ્છાધિપતિશ્રીજી તથા પૂ. પંન્યાસજી મ. ના ગુણાનુવાદની સભાનું આયોજન થયેલ. સૌ પ્રથમ સંગીતકાર મુકેશભાઇ નાયકે ગુરૂગુણગીતની રમઝટ મધુર સ્વરે જમાવેલ બાદ સંઘ પ્રમુખ હર્ષદભાઇ, મહેશભાઇ આદિએ ગુણાનુવાદ કરેલ. બાદ પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ. એ હૃદયંગમ શૈલીમાં પૂજ્યોના ગુણાનુવાદ કરેલા. પ્રવચનમાં પૂજ્યશ્રીજીએ રાત્રિભોજન ત્યાગનું મહત્વ સમજાવતા આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના કૃષિ જેલ મંત્રી લીલાધરભાઇ વાઘેલાએ રાત્રિભોજન ત્યાગનો નિર્ણય જાહેર કરેલ. બાદ તેઓશ્રીએ તથા લાલભાઇ દેવચંદ શાહે પૂજ્યોના ગુણાનુવાદ કરેલા. અંતે પૂ. આચાર્ય ભગવંતશ્રીજીએ મધુર શૈલીમાં પૂજ્યોના ગુણાનુવાદ કરેલા. પવિધ ભાગ્યશાલીઓ તરફથી ૧૦ રૂા. નું સંઘપૂજન, ગુરૂ પૂજન આદિ થયેલ. આ પ્રસંગે બહારગામથી તેમજ અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી પધારેલા અનેક સાધર્મિકોની સાધર્મિક ભક્તિ સુંદર રીતીએ થયેલ. પૂજ્યશ્રીજીની સ્વર્ગારોહણ નિમિત્તે પૂજ્યશ્રીજીએ જીવનમાં વર્ધમાનતપની ૯૨ ઓળી કરેલી તેથી સામુદાયિક ૯૨ આયંબિલ થવા જોઇએ. પૂજ્યશ્રીજીની પ્રેરણાને લીધે સંઘમાં ૧૫૨ થી પણ વધારે આયંબિલ તે દિવસે થયેલ. આયંબિલની આરાધનાનો લાભ શ્રીમતી

કંચનબેન હીરાલાલ કાપડીયા પરિવારે લીધેલ. વિજયમુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજન શ્રી ભવાનજી લખમશી પરિવાર તરફથી ઉલ્લાસભેર ભણાવાયેલ. રાત્રે ભાવનામાં મુકેશભાઇ નાયકે પ્રભુભક્તિની અનેરી રમઝટ મચાવેલ. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી વલ્લભભાઇ કથીરીયા પણ ઉપસ્થિત રહેલ. જેઠ સુદ ૧૫ ના સવારે ૬-૦૦ કલાકે મિલન બેન્ડની મધુર સૂરાવલિ સાથે ચૈત્યપરિપાટીનું શાનદાર આયોજન થયેલ. અરિહંતનગર જિનાલયોના દર્શનાદિ કરી પુનઃ સોલારોડમાં માંગલિક બાદ સકલ સંઘની નવકારશી ખૂબ સુંદર રીતીએ થયેલ. ચૈત્યપરિપાટીનો લાભ શ્રીમતી રતનાબેન ઉમરશી ગીંદરા પરિવારે લીધેલ. તે જ દિવસે સવારે ૮-૩૦ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન શ્રી રમણલાલ નરોત્તમદાસ પરિવાર તરફથી ખૂબ સુંદર રીતીએ ભણાવાયેલ. મહોત્સવમાં પ્રભાતિયા પ્રવચન - પૂજા-- પૂજન - ભાવના આદિમાં વિશાલ સંખ્યાની ઉપસ્થિતિ થી મહોત્સવ ખૂબ શાસનપ્રભાવક બનવા પામેલ. પૂ. સાધ્વીજીશ્રી અનંતગુણાશ્રીજી મ. આદિ શ્રમણીવૃંદના પ્રસંગે પધારેલ વિધિવિધાન માટે સુપ્રસિદ્ધ વિધિકારક નવીનભાઇ જામનગરવાળા પધારેલ. અને સંગીતકાર મુકેશ નાયક પાટણવાળાએ જિનભક્તિની રમઝટ મચાવેલ. સોલારોડ સંઘના ટ્રસ્ટીગણ કાર્યકર્તાગણ આદિના પુરુષાર્થથી મહોત્સવ ખૂબ સુંદર રીતીએ સંપન્ન થયેલ. પૂ. આચાર્યભગવંત આદિ જે. વદ ૧ ના રંગસાગર પધાર્યા છે. પૂજ્યોનો કૃષ્ણનગર ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૧૦, તા. ૩૦-૭-૨૦૦૨ના થયેલ.

**ભાયંદરમાં ભાગવતી દીક્ષા સમારોહ ભવ્ય રીતે ઉજવાએલ :** અધ્યાત્મયોગી પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યના ચરમશિષ્યરત્ન ગોડવાડના ગૌરવ પ્રભાવક પ્રવચનકાર પૂ. ગણિવર્યશ્રી રત્નસેનવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં તા. ૫ મી જુનના રોજ ભવ્ય સમારોહ સાથે મુમુક્ષુ સંદીપભાઇએ દીક્ષા અંગીકાર કરી અને તેઓ પૂ. ગણિવર્યશ્રીના શિષ્ય મુનિશ્રી કેવલરત્ન વિજયજી બન્યા.

દીક્ષા નિમિત્તે દીક્ષાર્થી પરિવાર તરફથી પાંચ દિવસનો મહોત્સવ રાખવામાં આવેલ. ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ભવ્ય વરસીદાનનો વરઘોડો, દીક્ષાર્થીનો ભવ્ય વિદાઇ સમારોહ અને બહુમાન સમારોહ તથા પોદ્દાર હાઇસ્કૂલના વિશાલ ગ્રાઉન્ડમાં ભવ્ય દીક્ષા વિધિ કાર્યક્રમ ખુબ જ ઉત્સાહ-ઉલ્લાસપૂર્વક ઉજવાએલ.

તા. ૭ મી જુને પૂજ્યશ્રીએ ભાયંદરથી પૂના તરફ વિહાર લંબાવેલ. તા. ૨૧ મી જુને ખુબ ઉત્સાહ ઉલ્લાસ સાથે કામશેતમાં નૂતન મુનિશ્રી કેવલરત્ન વિજયજી મ. ની વડી દીક્ષાવિધિ સંપન્ન થએલી.

ત્યાર બાદ પૂના ક્ષેત્રના વિવિધ ઉપનગરોમાં વિચરણ કરી તા. ૧૮ જુલાઇના રોજ પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેનવિજયજી મ. સા. આદિ ત્રણ ઠાણા શ્રી મન મોહન પાર્શ્વનાથ જૈન મંદિર - ટિંબર માર્કેટ પૂનામાં ચાતુર્માસ માટે પ્રવેશ કરશે. તે જ દિવસે પૂજ્યશ્રી દ્વારા આલેખિત ૯૦મું પુસ્તક 'ચિંતનમોતી'નું વિમોચન પણ થશે.

ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં અનેકવિધ આરાધના-અનુષ્ઠાનો સંપન્ન થશે.

**पिंड़वाड़ा में आचार्य श्री प्रेमसूरीश्वरजी की ३४ वीं पुण्यतिथि एवम् अट्ठाई महोत्सव भव्य मनाया**

**पिंड़वाडा (राजस्थान) :** प. पू आ. श्री गुणरत्न सूरीजी म. के शिष्य मुनिश्री चरणगुणविजयीज म. एवं पन्यास श्री रविरत्न विजयजी म. सा. आदि की शुभ निश्रामे जैन संघ द्वारा अष्टाह्निका महोत्सव एवं आचार्य श्री प्रेमसूरीश्वरजी म. की ३४ वीं पुण्यतिथि एवं साध्वी प्रवर्तिनी वृयोवद्धा रोहिता श्रीजी म. के स्वर्गवास निमित्ते मनाया।

प. पू. आ. श्री प्रेमसूरीश्वरजी म. सा. की ३४ वीं पुण्य तिथि पर भव्य गुणानुवाद मुनि श्री गंभीररत्न वि. म., प. रविरत्न विजयजी एवं प. श्री नित्यवर्धन

(અનુ. પાના નં. ૬૯૯ પર)




# નિત્યભજો

અરિહંતના આલંબનથી રાગ - દ્વેષ નષ્ટ થાય છે.
સિદ્ધના આલંબનથી રૂપી ભાવ નષ્ટ થાય છે.
આચાર્યના આલંબનથી પંચાચારની દુર્લભતા નષ્ટ થાય છે.
ઉપાધ્યાયના આલંબનથી સુગાર્થની અયોગ્યતા નષ્ટ થાય છે.
સાધુના આલંબનથી મુક્તિ માર્ગનો અવરોધ નષ્ટ થાય છે.

સત્યથી ધર્મનું રક્ષણ થાય છે.
અભ્યાસથી વિદ્યાનું રક્ષણ થાય છે.
સદ્વર્તનથી કુળનું રક્ષણ થાય છે.
ફેશનેબલ કપડા ન પહેરવાથી શીલનું રક્ષણ થાય છે.
સાદાઈથી સદાચારનું રક્ષણ થાય છે.
દાનથી લક્ષ્મીનું રક્ષણ થાય છે.
વિવેકથી જ્ઞાનનું રક્ષણ થાય છે.

– સેના

જ્ઞાન વિવેક વિના શોભતું નથી.
રૂપ શીલ વિના શોભતું નથી.
વિદ્વતા ચારિત્ર વિના શોભતી નથી.
ભક્તિ ભાવ વિના શોભતી નથી.
લક્ષ્મી દાન વિના શોભતી નથી.
ધર્મ દયા વિના શોભતો નથી.
ક્રિયા સમજણ વિના શોભતી નથી.
અધ્યયન વિનય વિના શોભતું નથી.
તપ સહનશીલતા વિના શોભતો નથી.

– સેના

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

▼ આજે કેટલાક ઉપદેશકોને પણ ધર્મ ગમતો નથી, માટે જ ઉપદેશમાં પણ મોટું પરિવર્તન આવી ગયું છે. શ્રોતાઓ સમજુ નથી, માટે જ આવો ઉપદેશ ચાલે છે. શ્રોતાઓ જો સમજુ અને ધર્મના ખપી બની જાય, તો એ ઉપદેશકો પણ મોક્ષ-માર્ગને સમજાવતા થઇ જાય. આજે વેપારીઓની આબરૂ ઘટી છે, માટે સાવધાન થઈને ખરીદી ન કરનારો ઠગાયા વિના ન રહે, એમ ધર્મના બજારમાં પણ જે શ્રોતા સાવધ ન રહે, એને ધર્મના નામે એવી ચીજ વળગાડી દેનારા ઉપદેશકો ઘણા છે કે, જેથી એનો અધર્મ જ પુષ્ટ બને. ધર્મના બજારમાં ધર્મ કમાવા આવેલો ધર્મી જો સાવધગીરી નહિ રાખે તો કોણ રાખશે ?

▼ ભવનિર્વેદ એટલે સંસાર પર કંટાળો ! ભગવાન પાસે ભવનિર્વેદ માંગનારો આ નિર્વેદને પુષ્ટ બનાવવા માટે માર્ગાનુસારીતા અને ઈષ્ટફળસિદ્ધિ માંગે છે. ઈષ્ટફળની સિદ્ધિ તરીકે એ એવું માંગે છે કે, ભગવાન ! મને સુખ એવું ન મળો કે, જેમાં લીન બની જવા દ્વારા હું ધર્મ ભૂલી જઉં, તેમજ દુ:ખ પણ એવું ન મળો કે, જેમાં દીન બની જવા દ્વારા હું ધર્મ ભૂલી જઉં ! સુખમાં વિરાગની અને દુ:ખમાં સમાધિની પ્રાપ્તિ, એ ઈષ્ટફળ સિદ્ધિનો પરમાર્થ છે. આ રીતે ઈષ્ટફળની સિદ્ધિ માંગનારો ધર્મી સંસારના સુખોમાં ક્યાંય લેપાય નહિ, અને તાકાત આવે, તો સંસારના સુખો છોડી સાધુ બન્યા વિના રહે નહિ.

▼ ભગવાને કહ્યું છે કે, ગૃહસ્થને વધારેમા વધારે રાગ ધન ઉપર હોય છે, માટે તેને પહેલો ઉપદેશ દાનનો આપવો ! હમણાં ઘણાં એવા ડાહ્યાં પાક્યા છે, એ કહે છે કે, સામાયિક, પચ્ચક્ખાણથી ઉછામણી બોલાવવી જોઇએ. આનો ચેપ કેટલાંક સાધુઓનેય લાગ્યો છે. પણ મારે કહેવું છે કે, પૈસા બોલીને કોઇ નહિ ચૂકવે, તો એ દેવાદાર પણ ગણાશે ને એથી ચૂકવવાની એને ચાનક લાગશે. પણ સામાયિક બોલીને કર્યા કે નહિ, એ કોણ જોવા જવાનું છે ? માટે જે યોજના ઓ જે રીત-રિવાજો ચાલ્યા આવે છે, એ બહુ બુદ્ધિપૂર્વકના છે. એમાં ફેરફાર કરવાનું રહેવા દો !

▼ જીવન જીવવા છતાં જીવવા માટે પાપ ન કરવું પડે, એનું નામ જૈન સાધુ ! તમને સાધુ ઉપર પ્રેમ છે, પણ સાધુતા પર જોઇએ એવો પ્રેમ નથી. આનાથ ઊલટું પૈસાવાળા પર પ્રેમ બતાવનારને એ શ્રીમંત પર પ્રેમ નથી, પણ એની શ્રીમંતાઈ ઉપર પ્રેમ છે. સાધુ પરનો તમારો પ્રેમ સાધુતા પર પણ જામે, તો જ તમારું કલ્યાણ થાય. સાધુ રહેશે, ત્યાં સુધી ધર્મ રહેશે. સાધુએ તો ધર્મને જીવનમાં જીવવાનો છે અને જગતમાં વહેતો રાખવાનો છે. આવા સાધુનેય 'નવરા' કહેનારા બેવકૂફ છે અને એ સાધુ જો નવરો રહે, તો એ મહા-બેવકૂફ છે

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ - ગેલેકસી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
27/8/02

नमो चउविसाए तित्थयराणं उसभाइ महावीर पज्जवसाणाणं

# જૈન શાસન

**અઠવાડિક**

## શાસન અને સિદ્ધાંત રક્ષા તથા પ્રચારનું પત્ર

**શ્રી સંઘ સઘળા ગુણોનો આધાર**

संघो गुण संघातो, संघायविमोयगो य कम्माणं।
राग द्दोसविमुक्को, होति समो सव्वजीवाणं ॥

**(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૬૭૭)**

**ગુણોનો સમુદાય તે સંઘ છે. પ્રાણીઓને કર્મ સંઘાતથી મુક્ત કરે તેનું પણ સંઘ છે. રાગ-દ્વેષથી રહિત શ્રી સંઘ સઘળા ય જીવો પ્રત્યે સમાન બને છે.**

आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

**વર્ષ ૧૪**

**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર,
(સૌરાષ્ટ્ર) INDIA. PIN - 361 005
PHONE : (0288) 770963

**અંક ૪૬**

## સ્વાર્થી કોઈના ન હોય




એ ત્રાસવાદી તારો ખાસ દોસ્ત છે, એથી શું ? હવે પાકિસ્તાને એવાની દોસ્તી છોડી અમેરિકાની દોસ્તી કરી છે. તો એને ફટકાર, જેથી 'બુશ' સાહેબ ખુશ થાય ને આપણને પૈસાની વધુ મદદ કરે, સમજ્યો ?

That terrorist is your best friend so what ? How Pakistan has made friend ship with America instead of them. So hit them as President Bush will be happy ? Give us more help with money.




એક ત્રાસવાદી ગુંડાના કારણે આપણે ત્યાં છ હજારથી પણ ધુ મરી જાય, તો એના બદલામાં આપણે ''કેટલાની હત્યા કરીએ તો 'યે ય ન્યાય' મળ્યો ગણાય ?'' એનો જવાબ ચાલોને આ રિસર્ચના વડાને જ પૂ લઈએ.

Because of one terrorist six thousand pe ple get killed so in reply of it how many people do w kill to get proper Jurtice ? lets ask the head of this res ch center.

## સ્વાર્થી સજ્જન હોત તો દુનિયાનો રંગ પલટાય જાત.



ને સાંભળો ! ત્રાસવાદને ખતમ કરવા તમે જે જે ખાત્રીઓ આપો છો- તેનો બરાબર અમલ તમે કરો છો કે પછી અમને ઉલ્લુ જ બનાવો છો તે ચકાસવા હવે અમારા આ ઓફિસર તમારી પાસે અહીં જ રહેશે-સમજ્યા ?

Listen ! To finish terrorism you promise this & as you don't break it to check that our, this officer will stay with you understand ?



હવે આપણો રસ્તો સરળ થઈ ગયો, સાહેબ ! ત્રાસવાદ મોનો નાશ કરવા અમેરિકાવાળા ચાહે ત્યાં લશ્કરી હુમલા કરવા તૈયાર હોય ો પછી -આપણેય કાશ્મીરના આતંકવાદીઓ પર-એ જ્યાં હોય ત્યાં હૂમલા ! ી જ શકીએ... ખરું કે નહિ ?

Now our way is clear ! To finish terrorism America can attack anywhere so let them tell to attack in Kashmir Right or not.

સૌજન્ય : ગુજરાત સમાચાર.

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च [illegible]वाय च

# જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧[illegible]) * સવંત ૨૦૫૮ શ્રાવણ વદ ૪ * મંગળવાર, તા. ૨૦-૮-૨૦૦૨ [અં[illegible] : ૪૬



## શ્રી મહાવીર જન્મ કલ્યાણક અંગે ૨૬૦૦મી રાષ્ટ્રીય ઉજવણીને નામે ફારસ



જૈન શાસન એ જિનઆજ્ઞા પ્રતિબદ્ધ શાસન છે. તેમાં પ્રભુ મહાવીરની ગેર હાજરીમાં પ્રધાનપણે આચાર્યો છે. અને તે પણ જિનવચનમાં પ્રતિબદ્ધ હોય તે સ્વમતિ કલ્પનાથી ચાલનારાઓ તો શ્રી શાસન અને સંઘને અવળે માર્ગે લઈ જનારા છે.

દિગંબરોએ ઉભી કરેલી આ યોજના અને શ્વેતાંબરોનાં કેટલાકો તેમાં ભળ્યા પણ તે આખી ઉજવણી એક ફારસ રૂપ બની ગઈ છે. ગમે તે કાર્યક્રમને તે રાષ્ટ્રીય ઉજવણીને નામે ચડાવી દેવી તે એક મેનીયા થઈ ગયો છે. તેમ છતાં કોઈ એવા જૈન શાસનને જ્વલંત બનાવે બતાવે તેવી વાત જ બહાર આવી નથી.

એક વર્ષ માંસાહાર નહી પીરસાય તેમ વડાપ્રધાનેશ્રીએ જાહેર કર્યું. અને પાકીસ્તાન વડા મુશરફના ભોજન સમારંભમાં માંસાહાર પીરસાયો. મુંબઈની ભગવાન મહાવીરની ઉજવણીની સભામાં વડાપ્રધાન કારીગીલ યુદ્ધ માટે બોલ્યા. શ્રી નરેન્દ્ર મોદી કોઈ કાર્યક્રમમાં ગયા અને તેમણે જાહેર કર્યું કે હજી ૬ માસ ભગવાન મહાવીરની રાષ્ટ્રીય ૨૬૦૦મી જન્મ કલ્યાણક ઉજવણી ચાલુ રાખવાની છે. આ બધુ અનાધિકાર છે. અને ખોટી રીતે માથુ મારવાની વાતો છે. સરકારને આમાં કાંઈ રસ જ નથી પણ જૈન સંઘના માન ખાટુઓ અને ક્યાં સત્તા મલી ગઈ હોય કે સમિતિ કમિટિમાં સ્થાન મલી જાય તે જાતની મહત્તા બતાવવા માટે ગોઠવાયેલાઓની આ લીલા હતી.

૨૬૦૦ જન્મ કલ્યાણક ગયું અને વર્ષ પણ પૂરું થયું. ૧૦૦ કરોડ અને ૧૦ કરોડની જાહેરાતો વાંચી પારકે પૈસે શુકરવાર કરનારાઓએ ભાષણો અને આયોજનો જાહેરાતો કરી પણ તે બધી શૂન્યમાં પરિણમી.

જૈન સંઘની નબળાઈ અને આ કાર્યક્રમ ગોઠવનારાની જાહેરાતની ભાવનાથી તેઓ કોઈ કાર્ય કરી શક્યા નથી.

વાજપાયીજી અને નરેન્દ્રમોદીને તો જ્યારથી આ અનધિકાર પ્રવૃત્તિમાં રસ લીધો ત્યારથી આપત્તિઓના દોર ચાલ્યા આવે છે. આવી અનાધિકાર પ્રવૃત્તિ ૨૫૦૦મી નિર્વાણ કલ્યાણક અંગે રાષ્ટ્રીય ઉજવણીનું આયોજન થયું ત્યારે રાષ્ટ્રપતિ ડિ.વી.વી. ગીરી વડાપ્રધાને શ્રીમતી ઈન્દિરા ગાંધી શ્રી મોરારજી દેશાઈ, વસંતરાવ નાયક, શ્રી મુંબઈ પ્રધાન શ્રી યાજ્ઞિક વિ. ઉપરને

કંઈ પદ રચવત અને આપત્તિઓ આવી તે તે વખતે વિસ્તારથી જાહેર થયું હતું.

જૈન સંઘમાં પણ શાસન મર્યાદા અને તેના રક્ષણ માટે જે પ્રમાદ છે તેને કારણે અનેક શાસનને વગોવવાના પ્રસંગો બન્યા છે. પોતાની જાતને મહાન અને ધર્મ પ્રણેતા માનનારાઓએ જ જ્ઞાન દર્શન ચારિત્રના ભગાઓ ઉભા કરીને જૈન ધર્મની લઘુતામાં જૈન ધર્મના ધ્વશમાં અને જૈન ધર્મની અપભ્રાજનામાં ભાગ લઈને પોતાની મહાનતાને નામે જૈન શાસનના હિતશત્રુઓનું કામ કર્યું છે.

આમ આ રાષ્ટ્રીય ઉજવણી એક ફારસ બની ગઈ છે. અને તેમાં ભાગ લેનારા છાતી ફુલાવનારા નપુંસક જેવા અકિંચિત્કર પુરવાર થયા છે. આ ઉજવણીતો પુરી થઈ પરંતુ જૈન શાસન સત્યો અખંડ રહ્યા છે. તે શાસનના પુણ્યોદય છે અને ભવિષ્યમાં આવી રીતે જૈન ધર્મના અધિકારોમાં અનધિકાર પ્રવેશ કરવા જૈનો આમંત્રણ ન આપે અને તેમાં ન ભળે તેજ અભિલાષા.

પુત્રીને પતિના ઘરમાંથી જાકારો મળે તો પિતા સાચવે પરંતુ પુત્રવધુ ઘર છોડીને ભાગી જાય તો તેને સાચવવા કે સંભાળવા સસરો ન જાય તેમ જૈન શાસનની વિધિ મર્યાદા અને આચાર અને આદેશની અવજ્ઞા કરનારાઓ ભાગી ગયેલી પુત્રવધૂ જેવા છે તે. તેમને પાળવા પંપાળવા જવું તે માનવતા, મર્યાદા અને શીલધર્મની પણ ધ્વંશ કરવા જેવું થાય છે.

જગતના જીવ માત્રના કલ્યાણના માર્ગ રૂપ જૈન શાસન ને જીવો, આરાધના આદિ માટે ઉત્સુક છે. તેમને પુત્રીની જેમ પુરેપુરુ પોષણ આપે. પરંતુ જૈન શાસનની વિટંબના રૂપ સિદ્ધાંત આચાર વિચારનો વિપ્લવ કરતાને ક્યાંય ઉતેજન મળે તે એક મહાન શીલ સદાચાર છે. તેને જૈન શાસન જૈન સંઘ તેના અનુયાયીઓ પાળે સાચવે અને પોતાનું કલ્યાણ કરે એજ મંગલ ભાવના.

---

- આડો-પાડોશમાં રહેતી બે નાની છોકરીઓ કાંઈક વાતો કરતી હતી. એક છોકરીએ કહ્યું-આપણા બન્નેની વચ્ચે રહેતો એક નાનો છોકરો પોતાની મમ્મીને મમ્મા કહે છે.
  બીજી છોકરી - (કાંઈક વિચાર કરીને) તને ખબર નથી પતળી માને મમ્મી કહેવાય. જાડી માને મમ્મા કહેવાય.
- જહાજ મહેલ જોવા ગયેલા પતિએ પગથિયે ઉભેલી પોતાની પત્નિને ધક્કો માર્યો. પત્નિ ગબડી પડી. સારી એવી ઈજા થઈ. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી. પોલીસે આવી એના પતિને પૂછ્યું "તમે એને મારી નાખવા માટે ધક્કો માર્યો હતો."
  ના એવું નથી. પતિએ તરત જ જવાબ આપ્યો.
  તો તમારો નિર્ણય શું હતો ? પોલીસે ફરી પૂછ્યું.
  મેં તો એને પહેલા પગથિયે જ ધક્કો માર્યો હતો. બાકીના પગથિયાં પરથી તો એ આપમેળે જ ગબડી ગઈ હતી. પુરુષે સ્પષ્ટતા કરી.
- પાર્ટીનો સમય હતો. ભીડ ગણી હતી. સૌ કોઈ ખાવા-પીવા-નાચ-ગાન આનંદ માણી રહ્યાં હતાં. એક ખુરશી પર એક મહિલા બેઠી હતી. સૌ કોઈની નજર વારેઘડીએ ત્યાં જતી હતી. ક્યારેક તે હાંડા ઘડીયાળીને જોતી હતી તો ક્યારેક પર્સમાંથી ઘડીયાળ કાઢીને જોતી હતી.
  સામે બેઠેલી એ વૃદ્ધાએ પૂછ્યું બહેન ! વારે ઘડીએ શું જુઓ છો ? હાથમાં તો ઘડીયાળ છે તો પછી શા માટે પર્સમાંથી કાઢીને જુઓ છો ?
  પોતાની બત્રીશી દેખાડતી મહિલા બોલી, માજી, હાથમાં બાંધેલી ઘડીયાળમાં કલાકનો કાંટો નથી ત્યારે પર્સની ઘડીયાળમાં મીનીટનો કાંટો નથી.

# શ્રી શંખેશ્વર હાલારી તીર્થમાં ભવ્ય દીક્ષાઓ

જામનગર નિવાસી શ્રી શાંતિલાલ નાથાલાલ ચંદરીયા તથા શ્રીમતી કંચનબેન શાંતિલાલ ચંદરીયાની દીક્ષા વૈશાખ સુદ ૬ ના શ્રી ભવ્ય રીતે પૂ. પં. શ્રી જિનસેન વિજયજી મ., પૂ. મુ. શ્રી મિત્રવિજયજી મ., પૂ. મુ. શ્રી હેમપ્રભ વિજયજી મ. આદિની નિશ્રામાં ઉજવાઇ.

તેઓએ જામનગર વૈ. સુ. ૩ ના પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. ની સુદ ૪ ના નિશ્રામાં શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું તથા કામદાર કોલોની ભવ્ય દીક્ષાના વરસીદાનનો ભવ્ય વરઘોડો તથા જ્ઞાતિનું સાધર્મિક વાત્સલ્ય ઓસવાળ સેન્ટરમાં રાખ્યા હતા. સુદ ૫ ના સવારમાં શંખેશ્વર આવી જતાં સવારે ભવ્ય રીતે વરસીદાનનો ઘોડો કાઢ્યો હતો. દશ રૂા. નું સંઘપૂજન દીક્ષાર્થી તરફથી થયું હતું. રાત્રે ભવ્ય રીતે ભાવના તથા દીક્ષાર્થી બહુમાનનું આયોજન થયું હતું.

સુદ-૬ ના સવારે દીક્ષાની વિધિ સારા ઉત્સાહથી થઇ હતી. રજોહરણ અર્પણ ઘણા ઉત્સાહથી થયું. દીક્ષાર્થી વેશ પરિવર્તન કરીને આવતાં જયનાદોથી વધાવાયા અને ૧૦૦ રૂા. ૫૦૦ રૂા.ની નોટો ઉછાળીને ભારે હર્ષ પ્રગટ કરવામાં આવ્યો હતો.

દીક્ષાર્થીનું શાંતિલાલભાઇનું નામ મુ. શ્રી હેમ વર્ધન વિજયજી મ. રાખી પૂ. મુ. શ્રી હેમપ્રભ વિજયજી મ. ના શિષ્ય જાહેર કર્યા હતાં. શ્રીમતી કંચનબેનનું નામ સા. શ્રી ક્ષમાવર્ધનાશ્રીજી મ. રાખી પૂ. સા. શ્રી ભાવવર્ધનાશ્રીજી જાહેર કર્યું હતું. ઉપકરણોની બોલીઓ સારી થઇ હતી. જીવ દયાની ટીપ સારી થઇ હતી. દીક્ષાર્થી તરફથી ઉદારતાર્થ. ધર્મશાળા તથા તિથિઓ લખાઇ હતી. પ્રાંતે રૂા. ૫૦-૫૦ નું સંઘપૂજન થયું હતું. જામનગર પોરબંદર, રાધનપુરથી બસો આવી હતી. સંખ્યા સારી હતી.

વિહાર કરી પૂ. શ્રી અમદાવાદ પૂ. પં. શ્રી વજ્રસેન વિજયજી ગણવર્યશ્રીની નિશ્રામાં પધાર્યા છે. ચાતુર્માસ અમદાવાદ સેટેલાઇટ રોડ નક્કી થયું છે.

## ઉપકરણોની બોલીની વિગત

| ક્રમ નં. | લાભ લેનારનું નામ | ગામ | શાંતિલાલભાઇના ઉપકરણ | કંચનબેનના ઉપકરણ | કુલ રૂા. | બાબત |
|---|---|---|---|---|---|---|
| ૦૧. | માતુશ્રી ઉમરબેન પ્રેમજી સોની પરીવાર હ. વસંતજીભાઇ | લુણી (કચ્છ) | ૩૩,૩૩૩ | | | વિદાય તિલક સર્વ સાધારણ |
| ૦૨. | શ્રીમતી કસ્તુરબેન હેમરાજ | નાઘેડી (જામનગર) | | ૩૩,૩૩૩ | ૬૬,૬૬૬ | સર્વસાધારણ |
| ૦૩. | જીવરાજ લખમશી હરીયા (નાગડા) ભગવાનજી દેવન-નાગડા | મુંબઇ સિક્કા (મુંબઇ) | ૯,૧૧૧ | ૯,૯૯૯ | ૧૯,૧૧૦ | કાંમળી વૈયાવચ |
| ૦૪. | હંસાબેન-રમેશચંદ્ર-કાનજી, માલદે જતીનકુમાર શાંતિલાલ | કાકાભાઇ સિંહણ, મોમ્બાસા હારીજ | ૦૬,૦૦૧ | ૦૪,૫૦૯ | ૧૦,૫૧૦ | ચોરપટ્ટો સાળો વૈયાવચ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૦૫. | અમૃતલાલ દેવશી-નાગડા | રાવલસર-જામ. | ૩,૫૦૧ | | | પાગરણી વયાવચ |
| | રૂપાબેન નરશી પોપટ-મારૂ | પડાણા-જામ. | | ૩,૨૩૨ | ૬,૭૩૩ | કપડો-વયાવચ |
| ૦૬. | કાનજી હીરજી શાહ | નવાગામ-જામ. | ૩,૦૦૧ | | | કપડો-વયાવચ |
| | જતીનકુમાર શાંતીલાલ | હારીજ | | ૯,૯૯૯ | ૧૩,૦૦૦ | પાત્રા-વગાવચ |
| ૦૭. | હંસાબેન રમેશચંદ્ર કાનજી માલદે | કાકાભાઈ સિંહણ મોમ્બાસા | ૧૧,૧૧૧ | | | પાત્રા-વગાવચ |
| | જતીનકુમાર શાંતીલાલ | હારીજ | | ૪,૫૦૯ | ૧૫,૬૨૦ | તરપણી, ચેતનો |
| ૦૮. | પાનીબેન લખમશી ગડા-ભીવંડી | ખટીયા | ૫,૨૦૧ | | | ચેતનુ તર પણી |
| | દેવરાજ મેઘણ-ગડા-નાઘેડી | જામનગર | | ૪,૦૦૧ | ૯,૨૦૨ | પોથી-જ્ઞાનખાતા |
| ૦૯. | ગુઢકા જીતેન્દ્ર લાલજી - સિંગચ<br>હંસાબેન રમેશચંદ્ર તથા<br>દેમતબેન સોજપાર | વાપી<br><br>જામનગર | ૪,૦૦૧ | ૧૦,૦૦૧ | ૧૪,૦૦૨ | જ્ઞાન-પોથી<br><br>નવકારવાળી જ્ઞાન |
| ૧૦. | હંસાબેન રમેશચંદ્ર કાનજી વજા<br>અમૃતલાલ દેવશી નાગડા | જામનગર<br>રાવલસર<br>જામનગર | ૬,૫૦૧ | ૬,૦૦૧ | ૧૨,૫૦૨ | નવકારવાળી જ્ઞાન<br>ડાંડો<br>(વૈયાવચ) |
| ૧૧. | ફકીરચંદ માણીલાલ શાહ | અમદાવાદ | ૫,૦૦૧ | | | ડાંડો (વૈયાવચ) |
| | છગનલાલ ખીમજી ગુઢકા | મિઠોઈવાળા | | ૫,૧૦૧ | ૧૦,૧૦૨ | ડંડાસણ (વયાવચ) |
| ૧૨. | છગનલાલ ખીમજી ગુઢકા | મિઠોઈવાળા | ૪,૫૦૧ | | | ડંડાસણ-વયાવચ |
| | હંસાબેન રમેશચંદ્ર કાનજી માલદે | | | ૮,૮૮૮ | ૧૩,૩૮૯ | આસન-વયાવચ |
| ૧૩. | પાનીબેન લખમશી ગડા-ભીંવડી | ખટીયા | ૭,૫૦૧ | | | આસન-વયાવચ |
| | ભગવાનજી રણમલ શાહ-નવાગામ | થાનગઢ | | ૪,૪૪૪ | ૧૧,૯૪૫ | પુંજાણી-વયાવચ |
| ૧૪. | શાહ પ્રેમચંદ કચરા ચંદરીયા-રાવલસર | જામનગર | ૪,૦૦૧ | | | પુંજાણી-વયાવચ |
| | ભારમલ વેરશી-સુમરીયા-નવાગામ | મુંબઈ | | ૫,૦૦૧ | ૯,૦૦૨ | ચરવડી-વયાવચ |
| ૧૫. | યોગેશ પ્રેમજી છેડા | કચ્છ | | ૪,૦૦૧ | ૪,૦૦૧ | વયાવચ |
| ૧૬. | શાહ વેલજી કરમણ ચંદરીયા | જામનગર | ૫,૫૦૧ | | | સંથારીયો-વયા. |
| | લખમણ વિરપાર મારૂ | થાનગઢ | | ૪,૦૦૧ | ૯,૫૦૨ | સંથારીયો-વયા. |
| ૧૭. | લાલજી હરગણ ગુઢકા, સીંગચ | વાપી | ૪,૦૧૧ | | | ઉત્તરપટ્ટો-વયા. |
| | ખીમચંદ રાયશી ચંદરીયા | જામનગર | | ૩,૭૦૧ | ૭,૭૧૨ | ઉત્તરપટ્ટો-વયા. |
| ૧ | જતીનકુમાર શાંતીલાલ | હારીઝ | ગુરૂમહારાજને ઓરવવાની કામણી | | ૭,૨૭૨ | દેવદ્રવ્ય |
| ૨ | રતનબેન દેવશી નાગડા-રાવલસર | | ગુરૂપૂજનવા | | ૫,૦૦૧ | દેવદ્રવ્ય |

# પ્રવચન – પંચાવનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૨, શનિવાર, તા. ૧૯-૯-૧૯૮૭, શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ...*

*(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. —અવ૦)*

पिय-मायऽच्चमज्जासयण घणा सबलतित्थिमंतिनिवा ।
नायर अ:मपमाया परमत्थमयाणि जीवाणं ॥

આપણે સાવધ નહી હોઇએ તો આપણું કામ નહિ થાય. આપણને મોક્ષે જવાની ઈચ્છા થઈ છે ? આ સંસાર રહેવા જેવો નથી તેમ લાગે છે? સંસારનું સુખ જ પાપ કરાવનાર છે, દુર્ગતિમાં લઈ જનાર છે, બધાં પાપનું અને દુઃખનું મૂળ છે-તેમ લાગે છે? જીવ દુર્ગતિમાં કેમ જાય છે? સુખમાત્રના ભિખારી બનેલા મોટે ભાગે દુર્ગતિમાં જ જાય. પુણ્ય યોગે સુખ મળે તો તેનો ભય લાગે છે કે તેમાં પ્રેમ થાય છે ? દુઃખ પાપથી જ આવે છે તો મજેથી પાપ કરે તે દુઃખને બોલાવે છે ને ? દુનિયાની સુખ અને સંપતિને જ સારી માનનારા મરીને કયાં જાય ? આ મૂળ વાત યાદ નહિ હોય તો કામ નહિ થાય. તમને સુખ-સંપતિ મળી છે તેમાં જ મજા છે તો તમારું થશે શું ? તમને પૂછે કે - આમાં જ મજા કરો છો તો મરીને જશો કયાં તો તમને ગમે ? પૈસાને તો પરિગ્રહ નામનું પાપ કહ્યું છે ને ? છોડવાનું કહ્યું છે ને ?

પ્ર.- પુણ્યથી (સુખ) મળે તો ભોગવવું પડે ને ?
ઉ.- ભોગવવું પડે છે કે ભોગવો છો ? દુઃખ આવે તો તે પણ ભોગવવું પડે ને ? કેમ નથી ભોગવતા ? જેમ સુખ ભોગવો તેમ દુઃખ ભોગવો.

આ દુનિયાનું સુખ ભોગવવું ખરાબ છે, ભોગવવાથી નુકશાન થાય તેવુ છે, હૃદયપૂર્વક ભોગવવું પડે તો કમને ભોગવે તો તે બચી જાય પણ મજેથી ભોગવે તે તો માર્યા જવાના છે. સુખ ભોગવવું પડે માટે ભોગવે તેવા કેટલા મળે ? દુઃખ ભોગવવું પડે માટે ભોગવો છો પણ સુખ તો અમારે સારી રીતે ભોગવવું છે-આવી ઈચ્છા છે ને ? સુખ સારી રીતે મજેથી ભોગવે તે બધા મરી મરીને કયાં જાય ? દુઃખ રોઈને ભોગવે તે ય મરીને કયાં જાય ? આમ જાણવા છતાં ય મોટોભાગ સુખને મજેથી અને દુઃખને રોઈને ભોગવે છે. જગતના જીવોની આ જે કુટેવ છે તે કુટેવ છોડાવવા માટે ધર્મનો ઉપદેશ આપીએ છીએ. જે આ વાત સમજે તે દુઃખ રોતા રોતા ભોગવે ખરા ? સુખને પાપ કરીને મેળવે ખરા ? સુખ મેળવવા અનીતિ કરે ? ચોરી કરે ?

સમકિત જીવો આવા જ હોય. દુનિયાનું સુખ ભોગવવું પડે તો મજેથી ન ભોગવે પણ દુઃખપૂર્વક ભોગવે. માને કે - સંસાર છૂટતો નથી. સંયમનું બળ આવતું નથી માટે આ પાપ કરવું પડે છે. ખાવું પડે તેનું પણ દુઃખ હોય છે. આજે તો ખાવા-પીવાને માટે કેટલા પાપ ચાલુ છે ? ખાવાના લોભે રાતેય નથી છોડતા, અભક્ષ્ય પણ નથી છોડતા. ખાવાના શોખ ખાતર શું શું કરે છે તેનું વર્ણન થાય તેવું છે ?

નહિ સમજનારા તો ડગલે ને પગલે પાપ કરે છે. ધર્મી તો મરી જાય તો ય આવું કરે નહિ. ખરેખર ધર્મીજીવોએ સુખ છોડી દીધા અને દુઃખ ઊભા કરી કરીને વેઠયા છે. શ્રી તીર્થકર દેવો શું કામ સાધુ થયા ? હજારોને જીવાડી શકે તેવાને ય ભીક્ષાધર્મ માગતા શું કામ કર્યા ? ઘણા રોઈરોઈને જીવે છે, ઘરમાં ય તિરસ્કાર-અપમાન પામીને જીવે છે તેને ય સાધુપણું લેવાનું મન

થાય ખરૂ ? સાધુપણામાં બહુ કષ્ટ તેમ બોલો છો તો તમારે કષ્ટ ઓછાં છે ? પાપના ઉદયવાળા જીવોને કેટલાં કષ્ટ હોય છે ? ગમે તેટલી મજુરી કરે તેની કોઈને કિંમત નથી, ઉપરથી કહે કે, નવાઈ કરે છે ? આવું કહેનારા હોવા છતાં પણ તમને ઘરમાં જ રહેવાનું મન છે ને ? અહીં આવવાનું (સાધુ થવાનું) મન કેમ થતું નથી ? સાધુપણું ઉદયમાં નથી તેમ નહિ પણ ઉદય આવે નહિ તેવી કારવાઈ છે. ગમે તે રીતે સુખ મેળવવું છે અને મજા કરવી છે. તે માટે ગાળો ય ખાવ, તિરસ્કાર વેઠો, અપમાન પણ વેઠો. પણ ધર્મ માટે દુ:ખ વેઠવાની વાત આવે તો વેઠો ખરા ?

જે લોકો સમજાવવા છતાં બાણ વેપાર-ધંધાદિને પાપ ન માને તે અહીં આવે તેનો અર્થ નથી. આવું કહીએ તો કહે કે - કાલથી નહિ આવીએ! વેપાર-ધંધાદિ તે પાપ છે ને ? ઘર મળ્યું પુણ્યથી પણ રહ્યા છો શાથી ? પુણ્યથી કે પાપથી ? તમારા પોતાના ઘરમાં રહેવું તે પાપનો ઉદય હોય તો જ રહેવાય તેમ માનો છો ? વેપારાદિ કરો છો તે પુણ્યોદય કે પાપોદય ? વેપારાદિ કરો, બહુ કમાવ તેમાં આનંદ આવે તો ક્યું પાપ લાગે? તે જ મોટામાં મોટું અજ્ઞાન છે તેમ લાગે છે ? બહુ પૈસા-ટકાદિમાં આનંદ પામો તો ક્યાં જવું પડે ? મહારંભી અને મહાપરિગ્રહી જો તે બેને ખરાબ ન માને તો નરકે જાય તેમ લખ્યું છે તો ભય લાગે છે ? ઘણા જૈનો પણ મોટાં મોટાં કારખાનાં અને મીલો ચલાવે છે તે કેવી રીતે ચલાવે છે ? તેમાં તેના પૈસા કેટલા અને પારકાના પૈસા કેટલા ? કારખાનું ખોટમાં ચાલે કે જાય તો તે પોતે રોવે કે પૈસા ધીરનારા રોવે ? શાસ્ત્રે તો કહ્યું કે, જેની પાસે પોતાની મૂડી હોય નહિ તેને તો પેઢી પણ ખોલવી જોઈએ નહી. મૂડી વગરનો પેઢી ખોલે તો તેના હૈયામાં ખોટાપણું જ હોય. મળે તો આપવાના નહિ તો હાથ ખંખેરી નાખવાના. તમારી પાસે માગવા આવે તો ગુસ્સો કરોને ? વાઘ જેવા થાવ ? કોઈની પાસે લેવા જાવ ત્યારે ગરીબ બકરી જેવા થાવ ને? આ બધું શાથી ચાલે છે? વેપારાદિ પાપ લાગ્યા નથી પૈસા-ટકાદિ પાપ લગ્યા નથી માટે.

'દુનિયાના સુખની ઈચ્છા કરવી તે જ પાપ છે. તેને મેળવવાની મહેનત કરવી તે ય પાપ. તે મળે અને ગમે તે ય પાપ. મજેથી ભોગવવાનું મન થાય તે ય પાપ. તે મળેલું સુખ ચાલ્યું જાય ત્યારે ય રોવું તે ય પાપ અને તેને મૂકીને જવાનો વખત આવે ત્યારે ય રોવું તે ય પાપ' આ વાત તમને બધાને યાદ છે ખરી ? આવું પાપ કરતાં કરતાં જીવવું છે અને મરવું છે કે ધર્મ કરતાં કરતાં જીવવું છે અને મરવું છે? સુખ સામગ્રીવાળા ઘરમાં પણ જે દુ:ખથી રહે, 'ક્યારે છૂટે' 'ક્યારે છૂટે' તેની જ ચિંતામાં હોય તે ધર્મી! તમને બધાને ઘર-બારાદિ છોડવાનું મન છે ખરૂ ?

સભા :- ઘર હૈયામાં ઘર કરી ગયું છે.

ઉ. : માટે તો ઘર ભૂંડું લગાડવા આટલી મહેનત કરવી પડે છે. બાકી જૈનકુળમાં જન્મેલા બધા જ કહે કે, ઘર-બારાદિ અમને ભૂડાં જ લાગે છે, છોડવા જેવા જ લાગે છે પણ તેવા કર્મને કારણે હજી છોડી શકતા નથી. માટે ઘરમાં રહ્યા છીએ તે દુ:ખથી પણ મજેથી નહિ.

તમને આપણી પરંપરાની ખબર છે? શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનથી શ્રી અજીતનાથ સ્વામિ ભગવાન થયા. તે અસંખ્યાતકાળમાં અસંખ્યાત રાજાઓ થયા. તેમાં એક રાજા એવો નહિ જેણે દીક્ષા ન લીધી હોય અને મોક્ષમાં કે સર્વાર્થસિધ્ધમાં ન ગયા હોય! આજે તમારી પરંપરા કેવી છે ? આજે તમારી આ પરંપરા નાશ પામી ગઈ તેની ચિંતા છે ? ઘર ચલાવનાર પાકે છતાં ય જે બાપ ઘરમાં જ મજેથી ચોંટી રહે તો તે ધર્મશીલ કહેવાય ખરો ? ઘર છોડવાનું મન થાય છે કે ઘરમાં રહેવાનું મન થાય છે ? આ વાત કોને રૂચે ? જેને મોક્ષે જ જવાનું મન હોય, તે માટે સાધુ જ થવાનું મન હોય, સાધુ ન થઈ શકાય તો સાધુપણાની તાકાત આવે માટે શ્રાવક ધર્મ પાળવો જોઈએ આવું મન હોય તેને. તમને દર્શન-પૂજન રહી જાય, સામાયિક પણ ન થાય તો ચિંતા થાય ખરી ?

રાતે ય ખાવું પડે તો દુ:ખ થાય ખરું ? આજે તો શ્રાવકકુળોમાં જન્મેલા પણ રાતે મજેથી ખાય છે ને ? 'હું પાપી છું માટે મારે રાતે ખાવું પડે છે'-તેવું પણ દુ:ખ છે ખરું ? આજે તો ઘણા કહે કે, રાતે ન ખાઈએ તો ચાલે જ નહિ-આ સાચું બોલે છે ? કોઈ શ્રાવક નક્કી કરે કે, મારે રાતે નથી ખાવું તો તે મરી જાય ? અનીતિ ન કરે તે ય મરી જાય ? નીતિ કરે તે જીવી જ ન શકે ? આજે બધા કહે છે કે, આ કાળમાં તો નીતિપૂર્વક જીવી જ ન શકાય, અનીતિ વિના તો ચાલે જ નહિ. વેપારાદિ એવા છે કે, રાતે ય ખાવું પડે, જે મળે તે ય ખાવું પડે - આ બધી વાતો સાચી છે ? તમને ભક્ષ્ય મલતું હોય તો ય અભક્ષ્ય ખાવ ખરા ? દા'ડે ખાવા મળે તો ય રાતે ખાવ ને ? ઉપરથી અમને કહે કે, સાધુઓને શું ખબર પડે ? સંસારમાં કેમ જીવાય તે ખબર ન પડે તો અમે પાટે શા માટે બેસીએ? બધું તમે જ સમજો અને અમે તો કાંઈ ન સમજીએ તેમ માનો છો ને ?

આ કરવાની કુટેવ પડી માટે ચાલુ છે ને? આ કુટેવ કેમ પડી? ભગવાને જેને જેને પાપ કર્યું તેને તેને પાપ માન્યુ નહિ માટે ને? રાત્રિભોજનને નરકનું દ્વાર કહ્યું છે તો ય મજેથી રાત્રિભોજન કરનારા કેટલા ? ધર્મ માટે તો ન્યાય સંપન્ન વિભવ લખ્યો તો આજે ન્યાયનો પૈસો કેટલા પાસે મળે ? અન્યાયનો પૈસો નથી જ જોઈતો તેવો નિર્ણય કેટલાએ કર્યો છે ?

પ્ર.- ન્યાય કરનારા પાસે ય ન્યાયનો પૈસો નથી.

ઉ.- તે ય તમારી જાતના જ છે ને ?

આજના સતાધીશો, ગાડીવાળાઓ, શાહુકારો આદિ બધા જેલમાં બેસવા લાયક છે. આજે શાહને જૂઠ બોલતા શરમ આવે ? શાહ તે જૂઠ ન બોલે અને ચોરી ન કરે તેમ બોલાય ? લાખોપતિ કે કોટિપતિ પણ જૂઠ ન બોલે અને ચોરી ન કરે તેમ બોલાય ખરૂ ? આ બધાનું કારણ એ છે કે, અન્યાયનો ભય નીકળી ગયો, અન્યાય પાપ છે તેમ ભૂલાઈ ગયું, અન્યાય દુર્ગતિમાં લઈ જશે તે ય યાદ નથી. 'પાપથી દુર્ગતિ જ થાય' આ વાત યાદ ન હોય તે અસલમાં જૈન પણ નથી, જૈન ધર્મ પામવાને લાયકાત નથી. માર્ગાનુસારી પણ નથી. અનીતિ કરે તે ખોટી લાગતી હોય, અનીતિનું દુ:ખ થતું હોય, અનીતિ ન કરવી જોઈએ તેમ લાગતું હોય તો આ કાળમાં તેને સારો કહેવો છે.

પ્ર.- ખોટી લાગે તે અનીતિ કરે ?

ઉ.- ફસી ગયો હોય તો કરવી પણ પડે. આજે ઘણાને પોતાની પેઢી બંધ કરવી છે પણ સંયોગો એવા છે કે કરી શકતા નથી. ખરેખર અનીતિ ખોટી લાગે તે તો બંધ કર્યા વિના રહે જ નહિ. રોગીને રોગી રહેવાનું મન હોય કે નિરોગી થવાનું ? અસાધ્ય રોગ હોય તો જીવનભર રોગી રહે ને ?

'આ સંસાર છોડવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે' આ વાત હૈયામાં બેઠી છે ને ? પુણ્યથી મળેલી સારામાં સારી સામગ્રીવાળો સંસાર પણ છોડવા જેવો છે ને? દુ:ખમય સંસારથી છૂટવા ઝેર ખાય છે, ગળે ફાંસો ખાય છે. પણ આ સુખમય સંસાર છોડવા જેવો છે તે વાત મનમાં છે ખરી ? આ વાત જેના મનમાં ન હોય તેનામાં જૈનપણું હોય ખરૂ ? તે ખરેખર ધર્મનો અર્થી ગણાય ખરો ? આજે મોટાભાગને ધર્મ કરવો નથી. જે થોડા ઘણા ય ધર્મ કરે તે શા માટે કરે છે તે પ્રશ્ન છે? ધર્મ પણ ભગવાનના કહ્યા મુજબ કરનારા કેટલા મળે ? આપણા ભગવાને 'આ સંસારથી છૂટવા અને મોક્ષે જવા માટે ધર્મ કરવાનો કહ્યો છે' તો સંસારથી છૂટવા અને મોક્ષે જવા ધર્મ કરનારા કેટલા મળે? ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો અને તેનાથી મળતું જે સુખ, માનપાનાદિ બધું જ છોડવા જેવું છે - તેમ સમજીને તેનાથી છૂટવા મથતા હોય તેવા કેટલા મળે?

જૈન માત્ર સંસારથી છૂટવાની ઈચ્છાવાળા હોય. પછી તે લાખોપતિ હોય, કોટિપતિ હોય, રાજા-મહારાજા હોય કે ખુદ ચક્રવર્તી પણ હોય. તે માટે શ્રી ભરત ચક્રવર્તીની વાત કરી આવ્યા છીએ. માત્ર પ્રસંગ

(અનુ. પાના નં. ૭૨૩ પર)

# સદબોધ સરિતા

—પૂ. આ. વારિષેણસૂરિજી મ., ૐકારતીર્થ, છાણી

❑ મફત લાલની દિવાલ પર રાતના કોઇ લખી ગયું. પઢને વાલા પાગલ છે. મફતલાલે સવારે વાંચ્યુંને ગુસ્સે થયા ને ભૂંસિને લખ્યું. મોટા અક્ષરે લીખનેવાલા લલ્લું હૈ. આજે માનવી બીજાને ઉલ્લુ બનાવવા પોતે લલ્લુ બને છે. તેમ બીજાની પ્રશંસા મેળવવા જીવ મોર્ડન બનીને પાપો સેવીને નરકમાં વેદના સહન કરે છે.

❑ અમેરિકામાં લોકો હોટલના ભોજનનો ત્યાગ કરે છે. કારણ ન્યુયોર્કમાં હોટલના ભોજનથી ૫૦૦૦ માનવ રોગીષ્ઠ બનીને મૃત્યુને શરણ થયા છે.

❑ અમેરિકામાં ટી.વી. પર સિકસ્ટી મીનીટના પ્રોગ્રામમાં હોટલની નૂકશાની બતાવાય છે. જ્યારે ભારતમાં હોટલ શરણં ગચ્છામિ કહી અભક્ષ્યના પાપો બાંધે છે.

❑ અમેરિકાની ટી.વી. સિરીયલની અભિનેત્રી કોઇ આહારા શુધ્ધ શાકાહારિનો જન આગ્રહી છે. જ્યારે ઇન્ડીયામાં સર્વ ચીજોમાં ભેળ સેળ હિંસક થાય છે. ચેતજો.

❑ અમેરિકામાં રાત્રી ભોજન વિરોધિ મંડલ છે. શાકાહારી લાખો લોકો છાપે છે. માનવના નમનને હાથને પેટ સાફ રાખવા જોઇએ. પેટને અભક્ષ્યવાસી કંદમૂળ દ્વિદલ આરોગી કબ્રસ્ટાન ન બનાવો.

❑ ત્રણ વર્ષનો બાળક ને કોઇ લઇ જાય તો મમ્મીને દુ:ખ થાય છે. તો જે માતા એ ત્રીશ વર્ષ સુધી બાળકને લાલન પાલન કરીને રાખ્યો તે માતાથી પુત્રને અલગ પત્નિ કરાવે તો માતાને કેટલુ દુ:ખ થાય. મોર્ડન પત્ની શા માટે પતિને અલગ કરવાના પાપ બાંધે છે.

❑ પુત્રીને વિદાય આપો છો ત્યારે માતાપિતા આંસુ વહાવે છે તે મા-બાપનોને પુત્રને અલગ રાખતા બે વફાદારી જોતા દુ:ખને આંસુ વહાવવા પડે છે. માટે માત-પિતાને વફાદાર રહી સંયુકત પરિવારમાં સેવા ભકિતથી વિવેકથી પ્રસન્નતા મેળવો.

❑ ઘરને સાફ કરવા માટે ઝાડુ કિચડ વાળુ હશે તો કેમ થશે. પ્રથમ ઝાડુ સાફ કરવું પડે તેમ પ્રભુને અંતરના સિંહાસને પધરાવતા અગાઉ મનને શુધ્ધ ભાવોથી સાફ કરો.

❑ સ્વાર્થી સંસાર યુવતીને યુવાનનો પ્રેમ વાસનાના દર્શન કરાવે છે. પરિવારના પ્રેમમાં સ્વાર્થના દર્શન કરાવશે ને વડિલોના પ્રેમ મોકર્તવ્યના દર્શન થશે. પણ સતગુરૂના વાત્સલ્ય સભર પ્રેરણામાં કલ્યાણ મિત્ર ના દર્શન થશે. મુકિત નજીક આવશે.

❑ સર્વના વચ્ચે રહેવા માટે સર્વના પ્રેમને દીલ જીતવા માટે કરશે તો સ્વ સ્વભાવ સુધારવો જરૂરી છે.

❑ પ્રભુ પ્રિય બનવા માટેનો શ્રેષ્ઠ રસ્તો લોકપ્રિય પરિવાર પ્રિયને ધર્મપ્રિય બનવું હિતાવહ છે.

❑ સર્વ સંબધ સાચુ બોલવાથી ટકે છે. એમ નહિ પણ પ્રિય મધુર અચ્છા બોલવાથી વધે છે.

❑ સમાધિ પ્રસન્નતા સ્વસ્થતા પ્રાપ્ત કરવા માટે વિવેકપુર્ણ ઉદારતા વિકસાવવી જરૂરી છે.

❑ ટ્રેન ક્યારેય ખોવાતી નથી. ટ્રક ખોવાઇ છે. ટ્રેનને ટ્રેક છોડતી નથી. પાટા જેવા વ્રત નિયમને પકડી રાખ્યો છે.

❑ ચંદ્ર આકાશમાં ઉગે છે ને ભરતી સમુદ્રમાં થાય છે. તેમ સમ્યક સમજણનો પ્રકાશ અંતરમાં પથરાય છે ને સમકિતની ને શાંતિના સમભાવના અજવાળા જીવનમાં આનંદ પ્રગટે છે, આપે છે.

❑ ઓપરેશન કર્તા ક્લોરોફોર્મ, રસોઈ કરતા મીઠુ, મીઠાઈ બનાવતા સાકર, વેપાર કરતા પૈસા, હાજર રાખવા પડે છે. તેમ બાહ્ય અંતર ગુણો આત્મસાક કરતા સમતાને હાજર રાખીને સર્વ કર્મ, સર્વ પાપ, સર્વ દુ:ખથી રખવા મુકત બનો.

❑ દુધ પાકમાં રહેલો ચમચો હજારો મુખ મીઠા કરાવે પણ પોતે રાક્ષ સ્વાદ હિન રહે દાનની ગંગા વહાવહાવનારા પ્રભાવક પ્રવચનકારો હજારોને દીપક સમકિતની જેમ ભાવ સમિર બનાવતા હશે. સ્વ અહંમતા શું કરે છે. સ્વયં પણ લાભ લેવા ચુકશો નહિ

❑ જન્મ દીવસે પુત્ર બાપુજીને સોલુ માટે જુતાનો હાર પહેરાવે ઉજવણી નથી પજવણી છે. તેમ ધર્મ ના સ્થળે રાત્રી ભોજન કંદમૂળ યુવા યુવતી ના નાચ ગાન કલંક રૂપે છે. શેઠે નોકરને કહ્યું ધુમાડો દેખાય ત્યા ઠારવા માટેપાણીના ખો શેઠે અગરબત્તી સળગાવતા ધૂમાડો થયો નોકરે ડોલ ભરી પાણી નાખ્યું તેમ અવિવેકી ન બનો

(અનુ.પા. નં. ૭૨૧ નું ચાલુ, પ્રકીર્ણક ધર્મોપદેશ) પૂરતી વાત કરવી છે કે, યુદ્ધભૂમિમાં શ્રી બાહુબલિજી સાધુ થયા. શ્રી ભરતજી તેમના પગમાં પડીને કહે છે કે - ''આ રાજ્ય સંસારરૂપી વૃક્ષનું બીજ ન માને તે અધમ છે. આ વાત જાણવા છતાં પણ હજી હું છોડતો નથી માટે હું અધમાધમ છુ:'' તમને ઘર કેવું લાગે છે? પૈસા કેવા લાગે છે ? પેઢી કેવી લાગે છે? કુટુંબ કેવું લાગે છે? છોડવા જેવું લાગે છે ખરું ? તમે બધા જૈન છો ને ?

સભા:- તેમાં શંકા છે ?

ઉ.- સાચો જવાબ નથી આપતા માટે શંકા પડી છે.

ઘર-પેઢી સારી રીતે ચાલે માટે ભગવાનને પૂજનારા ઘણા છે. રોજ સ્નાત્ર કેમ ભણાવો છો ? સ્નાત્ર ભણાવીને જઈએ તો બજારમાં ઠીક ફાવટ આવે છે માટે ભણાવો છો ને ? આજે તો ઘર-બારાદિ પહેલા અને ધર્મ પછી તેવી માન્યતા ઘર કરી ગઈ છે. ઘર-પેઢી ચલાવવા જે કરવું પડે તે બધું કરાય, તેમાં પાપ તે પાપ નહિ - આ માન્યતા ફેલાઈ ગઈ છે. માટે જૈનકુળમાં જન્મવા છતાં જૈનપણું આવ્યું નથી. આ બધી ગરબડના કારણે ભગવાને કહેલી વાત સમજાતી નથી.

આ મહાપુરુષ સમજાવી રહ્યા છે કે, ધર્મ કરનારો તે જ હોય જેને સંસારની સુખ-સામગ્રી, સાહ્યબી-સંપતિ દુર્ગતિમાં જ લઈ જનારી છે તે શ્રદ્ધા પૂરી હોય. આવી શ્રદ્ધાવાળામાં જ જૈનપણું પણ આવે અને શ્રાવકપણું પણ આવે. આવી શ્રદ્ધા ન હોય તે શ્રાવકકુળમાં જન્મ્યા હોય, મંદિર-ઉપાશ્રયે જતા હોય તો પણ અસલમાં શ્રાવક નથી, જૈનપણ નથી. તમને લક્ષ્મીથી ભરેલું ઘર કેવું લાગે છે ? રહેવા જેવું કે છોડવા જેવું લાગે છે ? પેઢી સારી ચાલે છે તો તે ચલાવવા જેવી લાગે છે? રાખવા જેવી લાગે છે કે કાઢવા-છોડવા જેવી લાગે છે?

આજે તો ધર્મ માટે તમે પોતે જ વિઘ્નરૂપ છો. તમારે ખુદને જ ધર્મ કરવો નથી. જેને ધર્મ કરવો હોય તેને ય અંતરાય કરનાર બનો તેવા છો. તમે લોકો તો તમારા સ્વાર્થ માટે ભગવાનના, સાધુના કે ધર્મના તો નથી પણ તમારા મા-બાપના ય નથી. તમે સુખી હો અને મા-બાપ દુ:ખી હોય તેમ બને ખરું ? કહો કે, આજે તો મોટેભાગે બને. આવો પાક પાકયો તે તમારામાં ધર્મહીનતા છે તેથી ને? તમે ખરેખરા ધર્મશીલ હોત તો આવો પાક પાકત નહી. મારો તો આજના મા-બાપો ઉપર આક્ષેપ છે કે આજના છોકરા ખરાબ થયા તેમાં તેમના મા-બાપ પણ ખરાબ હતા માટે.

સભા:- શિક્ષણ, વાતાવરણ વગેરે કારણ નહિ !

ઉ.- શિક્ષણ કોને આપ્યું ? મા-બાપોએ ને? આજનું વાતાવરણ ખરાબ છે તેમ જાણો છો તો મરવા જાવ છો ? ગામમાં પ્લેગ હોય તો ગામ છોડી પરગામ જાવ ને ? આ તો મહાપ્લેગ છે. તમારા ઘરોમાં તેવું વાતાવરણ ન રાખવું તે તમારા હાથમાં છે. આજે ભુખે મરનારા દરિદ્રી ઘણા છે તો તમને દરિદ્રી થવાનું મન થાય ? તમારામાં જ ખામી છે. જૈનપણું નાશ પામ્યું તેનું પરિણામ છે. — ક્રમશઃ

**:: સુધારો ::**

તારીખ ૧-૭-૨૦૦૨, પેજ નં. ૪૩૬ તેમાં
બાર ઉપાંગો લખ્યું છે ત્યાં
બાર અંગો જોઈએ.

सकलाऽऽगमाधीतमतीनां व्याख्यान – वाचस्पतीनां, श्रीमतां
विजय – रामचन्द्र – सूरीश्वराणां गुणगौरव मुच्चै – सदाहरमानं
गूर्जरानुवाद समेतम्

# कल्याणमन्दिर – पादपूर्तिकाव्यम्

**रचयिता : पूज्य मुनिवर श्री हितवर्धन वि. महाराज**

छन्द : (वसन्ततिलकावृत्तम्)

षट्खण्डचक्रपरिकीर्तितचक्रिचुम्बि,
दोषाऽस्तरागमभिराजितमङ्घ्रिपद्मम्।
संसारनीरनिधिपारपर प्रवीणं,
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ १॥

**:: ભાવાર્થ ::**

(૧) ષટ્ખંડ ભરતક્ષેત્રના સ્વામી એવા ચક્રવર્તીઓ પણ જેને ચૂમી રહ્યાં છે,
(૨) દોષોનો જ્યાં અસ્ત થઇ ચૂક્યો છે,
(૩) અને સંસાર સ્વરૂપ મહાસાગરને તરી જવા માટે જે પ્રચંડ જહાજ સમા છે, એવા શ્રી જિનેશ્વર પરમાત્માના સુશોભિત ચરણકમળને નમસ્કાર કરીને...

नालं गुरुर्दिविषदां स्तवनं विधातुं,
लोकातिशायि चरितस्ययदाऽऽत्मशक्त्या ।
सिद्धान्तवैरिजनपातनधूमकेतो –
स्तस्याऽहमेष किलसंस्तवनं करिष्ये ॥२॥

**:: ભાવાર્થ ::**

નિજ શકિતથી જેમની સ્તવના કરવા માટે બૃહસ્પતિ પણ શકિતમાન નથી, એવા વિશ્વાતિશાયી ચરિત્રના ધારક તેમજ સિધ્ધાન્તઘાતી જનો માટે સાક્ષાત્ ધૂમકેતુસમા વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની હું પણ સ્તવના કરીશ.

विध्वस्तसाध्वस ! समाहितभाग्यभार !
व्यापादितान्तररिपो ! परिकीर्णकीर्ते !।
तेजोमयस्य भवतो मुखमण्डलस्य
रुपं प्ररुपयति किं किल द्यर्मरश्मेः ॥ ३॥

**:: ભાવાર્થ ::**

(૧) અંતરંગ રિપુઓને નિર્મૂળ કરનારાઓ ગુરૂદેવ !...
(૨) સર્વપાપોને નિર્મૂળ કરનારા ઓ ગુરૂદેવ !...
(૩) સૌભાગ્યના સમૂહની સમીપ રહેલાંઓ ગુરૂદેવ !..
(૪) ચોફેર કીર્તિને પ્રસરાવનારાંઓ ગુરૂદેવ...! સાચ્ચેજ સૂર્ય જેવા તેજસ્વી આપના મુખમંડલનું વર્ણન શેં કરી શકાય ?

मिथ्यात्व रावणनिपातन रामचन्द्र !
प्रेमामृतेनविलसत्पारिपूर्णचन्द्र !
वृत्या गुणस्य निचयो वचसांनिधिना,
मीयेत केन जलधेर्ननु रत्नराशेः ॥ ४॥

**:: ભાવાર્થ ::**

(૧) મિથ્યાત્વરૂપી રાવણનો શિરચ્છેદ કરનારા હે રામચંદ્ર !
(૨) પ્રેમરૂપી અમૃતના સાગરમાં વિલસનારા હે પૂર્ણચંદ્ર ! આપના ચરિત્રનો સમૂહ અને ગુણનો સમૂહ કયો વિદ્વાન્ સાચા અર્થમાં પારખી શક્યો છે ? સાગરના પેટાળમાં ભંડારાયેલા રત્નના સમૂહને મા રી શકાય ખરો ?

कारुण्यनीरनिधिरङ्गनिदोलनेन,
देव ! त्वया विकसितो भविन्दचन्द्र !।
वाचांनिधेश्चरितमर्जयितुं प्रवृत्त :
विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः ॥५॥

**:: ભાવાર્થ ::**

હે ગુરૂદેવ ! કરુણાના મહાસાગરની રેલમ છેલ મચાવી દઈને આપે ભવ્યજીવો રૂપી ચંદ્રમાને વિકસિત કર્યો છે. ખરેખર, સર્વાગમોના નિધાન સમા આપના ચરિત્રને એકત્રિત કરવા માટે પ્રવૃત્ત થયેલી વ્યક્તિ, પોતાની છીંછરી મતિ દ્વારા સાગરની વિશાળતાનો ખ્યાલ આપી રહી છે

जाने न मे भगवतां पुलकाः कदाचित्,
स्पृष्टाः क्षणं मतिमता मदनाऽनिलेन।
नालं मति स्तदपि ते स्तवनं करोमि,
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥ ६॥

**:: ભાવાર્થ ::**

અતિશય ચપળ એવા કન્દર્પની એકાદી લહેર એકાદ ક્ષણ માટે આપના રોમાંચ માત્રને ય સ્પર્શી હોય, એવું કદાપિ જાણ્યું નથી. ગુરૂદેવ ! આપની સ્તવના, એ મારા માટે મતેસામર્થ્ય બહારની ચીજ છે. છતાંય સ્તવના રચું છું. શું પક્ષિઓ પણ નિજ-નિજ ભાષામાં બોલતાં નથી ?

आस्तां स्थिति र्गुरुवरस्य शमांशुमूर्ते-
श्चित्रंविसूत्रजनतामनुतापकारि।
सूर्यांशुभिन्नपुलकान् पथिकान् दूरेऽम्बु
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥७॥

**:: ભાવાર્થ ::**

આપની ઉપસ્થિતિની તો શી વાત ? આપની પ્રતિકૃતિ પણ ઉત્સૂત્ર ભાષીઓને પીડિત કરી દે છે. આપના અંગ- પ્રત્યંગ પરથી સમતાના કિરણો પ્રસરી રહ્યાં છે.

સૂર્યના કિરણોથી સંતપ્ત બની ગયેલા મુસાફરોને જળ તો દૂર રહો, પદ્મસરોવરને સ્પર્શીને ધસી રહેલો વાયુ પણ ખુશખુશાલ કરી દે છે.

मार्गं वहन्ति सुतरां कुमतं प्रभिन्ते
नामाऽपि यस्य विरहेऽत्र सभाजनाय।
दूरेऽपयात्यहिग णो वलयाऽन्वितोऽपि
अभ्यागते वनशिखण्डिनि चन्दनस्य॥ ८॥

**:: ભાવાર્થ ::**

આપના વિરહમાં આપનું નામ પણ અહિં પરમહર્ષનું નિમિત્ત બન્યું છે. એટલું જ નહિ, એ નામ સન્માર્ગનું સંવહન કરીને ઉન્માર્ગનું ભેદન પણ કરી શકે છે.

ચંદનવૃક્ષને વીંટળાયેલા સર્પો વનમયૂરોનું આગમન થતાં જ શું દૂર-સુદૂર ચાલ્યાં નથી જતાં ?

उन्मार्गगामिमतयोऽभिभवं भजन्ति
पीयुषवर्षिणि महोदय ! धर्मवाचि।
गोभर्तरि स्फुरितविद्रियषिद्दष्टि मात्रे
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९ ॥

**:: ભાવાર્થ ::**

અમૃતનો વરસાદ વરસાવનારી આપની ધર્મદેશના જ્યાં જ્યાં વરસે છે ત્યાં ત્યાં ઉન્માર્ગગામીઓની મતિ કુંઠિત બન્યાં વિના નથી રહેતી.

ગોવાળની કરડાકી ભરી એક નજર પણ શું પલાયમાન થઈ રહેલાં ચોરોના સકંજામાંથી ગાયોને ઉગારી નથી શકતી ?

शास्त्रे विकारविगते नयनेऽवसन्ने
शास्त्रस्यरुपमभियासि विभोऽत्रसाक्षात् ।
व्याधौ दधौ शमबलं विरलं यदत्र
अन्तर्गतस्य मरु[१]तः स किलानुभावः॥ १० ॥
(१- मरुतः- अर्हतः)

**:: ભાવાર્થ ::**

જે નયનોમાં વિકારનો એક અંશ પણ નથી રહ્યો એવા આપના નેત્રો હંમેશા શાસ્ત્રોના પાનાઓમાંજ પરોવાયેલાં રહ્યાં છે. આથી જ આપ જીવંત શાસ્ત્ર સમા બની ગયા છો. અતિશય ગંભીર કક્ષાની વ્યાધિમાં પણ આપે વિરલ કોટીની જે સમતા ધારણ કરી હતી, હકીકતમાં અંતરમાં વિરાજેલાં અરિહંત પ્રભુના સામ્રાજ્યનો જ એ પ્રભાવ હતો.

त्रैलोक्यलोक-परितर्दिततत्त्वबुद्धि
योहन्ति हन्त ! सततं किल कामराज्यम्।

निर्वाहभाजि मरुतां सुहृदां जलौघं

पीतंन किं तदपि दुर्धर वाडवेन॥ ११॥

**:: ભાવાર્થ ::**

ત્રણેય લોકની તત્ત્વબુદ્ધિનો જેણે ભ્રંશકર્યો છે એવા કામ સામ્રાજ્યનો આપે ભ્રંશ કર્યો છે. અગ્નિનું શમન કરનારી વિરાટ જલરાશિને પણ દુર્ધર એવો વાડવાગ્નિ શું ગળી નથી જતો ?

वैरभरेषु ववृते करुणाप्रसङ्गो-

भक्तिम्भरेषु ववृते निरपेक्षरङगः।

येषममर्त्यमभिवन्दित कृत्यसङघ-

श्चिन्त्यो न हन्त ! महतां यदिवा प्रभावः ॥१२॥

**:: ભાવાર્થ ::**

(૧) વૈરિઓ પર આપે કરુણારસ છલકાવ્યો છે.

(૨) ભક્તોના વિષયમાં આપે ઉદાસીન વૃત્તિ દાખવી છે.

(૩) દેવોનેય અભિનંદવું પડે એવું આપનું સમ્યક્ચરિત્ર છે.

ખરેખર, મહાન હસ્તીઓનો પ્રભાવ ચિન્તનાતીત હોય છે.

शब्दाश्च ते जिनवचः प्रतिबिम्बमानाः

सर्वेऽशुभा व्यपहृता मद-मोह-मानाः।

दहन्ति भौतिकबलं मधुमद्वचांसि

नीलद्रुमाणि विपिनानि न किं हिमानि॥१३॥

**:: ભાવાર્થ ::**

આપનો પ્રત્યેક શબ્દ જિનેશ્વર પરમાત્માની વાણીને પ્રતિબિંબિત કરે છે. એ પ્રતિબિંબમાં નથી મોહ, નથી દર્પ કે નથી કન્દર્પ. આપની મધ મીઠી વાણી ભારે આકર્ષક એવા ભૌતિક બળોને પણ પડકારી રહી છે. કારણ છે એ તાકાતો કરતાં આપની વાણી વધુ મીઠી છે. વનની શીતળ વનરાજીને પણ શું હિમાની ઠારી નથી દેતી ?

अध्यात्मयोगमभिराध्य कृतार्थजन्मा

एकावतारमभिगृहय पुनर्न जन्मा।

आस्वादनं कविजनस्य समस्यतां ते

दक्षस्य सम्भविपदं ननु कर्णिकायाः ॥१४॥

**:: ભાવાર્થ ::**

અધ્યાત્મ અને યોગમાર્ગ, બન્નેયને આરાધને આપે જન્મને કૃતાર્થ બનાવ્યો છે. ગુરૂદેવ, હવે એક જન્મ પ્રાપ્ત કર્યા પછી આપી કદીય જન્મને ધારણ નહિ કરો. આપ એકાવતારી છો. આપની જીવન કર્ણિકાનું આસ્વાદન જ દક્ષ એવા કવિઓનો પ્રિયવિષય બન્યો છે.

जाड्यं विहाय शमिनां समितिश्चिनोति

गीतार्थतां भगवतां वरसङगमेन ।

संस्पर्शनात्परमसिद्धरसेन यान्ति

चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥१५॥

**:: ભાવાર્થ ::**

બહોળી સંખ્યાના મુનિવરો આપનો સુભગ સંપર્ક પામીને ગીતાર્થ બની શક્યાં છે. જડતાને ફગાવી શક્યાં છે. સિદ્ધરસનો સ્પર્શ પામીને અન્યાન્ય ધાતુઓ પણ શું સુવર્ણપણું નથી પામી જતી ?

त्वामेवबाढमनुरज्य दुरन्तसत्त्व !

शिष्यो जनिष्यति तथापि विराग जानिः।

जाने प्रशस्तमभियुध्य भवादृशास्तु

यद्विग्रहं प्रशमयन्ति महानुभावा ॥१६॥

**:: ભાવાર્થ ::**

અનંત સત્ત્વના સ્વામી ઓ ગુરૂદેવ ! શિષ્યો આપના તીવ્ર અનુરાગી છે. આમ છતાં, એઅનુરાગમાંથી વૈરાગ્યનં સ્વામીપણું તેઓમાં પ્રગટ્યું છે. હું તો માનું છું કે આપના જેવા મહાનુભાવો વૈરિવરોધની રીતોને અને રાગ-અનુરાગની પદ્ધતીઓને એવી તો પ્રશસ્ત દિશામાં વાળે છે કે તે શમ્યાં વિના ન રહે.

अस्तङ्गते त्वयि तपोधन ! पुन्यगात्रे

त्वन्नामतोऽपि यतयः परितो जयन्ति।

मन्त्राक्षरस्तु जपनेन निबाधितानां

किंनाम नो विषविकारमपाकरोति ? ॥ १७॥

:: ભાવાર્થ ::

પરમત પસ્વીઓ ગુરૂદેવ ! આપ અસ્તાચળ પર ખરી પડ્યાં છો, તો પણ અહિં આપના નામ માત્રના બળે મુનિઓ વિજયની વરમાળા વરે છે.

શું મંત્રાક્ષરના જાપદ્વારા પણ વિષગ્રસ્ત પુરૂષોના વિષ દૂર નથી થઈ જતાં ?

एवं तथापि रिपवो विवदन्ति तुभ्यं

सत्याऽर्चिषे शिवरताय समर्थधाम्ने ।

चित्रं न तत्र किमु रोगवता विहायो

नो गृहयते विविधवर्ण विपर्ययेण ॥ १८ ॥

:: ભાવાર્થ ::

મોક્ષના રટણમાં આપ રત છો. સત્યની ઝળહળતી જ્યોત છો. અનુપમ કક્ષાના સામર્થ્યના સ્વામી છો. તેમ છતાંય આપના હિતશત્રુઓ આપને નીંદે છે.

અલબત્ત, એમાં કશુંય આશ્ચર્ય નથી. પીળીયાનો દર્દી ધવળવર્ણા આકાશનેય પીળું નથી કહેતો શું ?

नामाऽपि मन्त्रसदृशं परितापवेधि,

राग-द्विषां परिरमां परमस्तदर्शि ।

नाम्नाऽपि ते तरणि दीधिति दर्शनेन,

किम्वा विबोधमुपयाति न जीवलोकः ॥१९॥

:: ભાવાર્થ ::

પરિતાપને દૂર હરે છે, રાગ-દ્વેષને અસ્તાચળ પર ઢાળી દે છે, એવું આપનું નામ મન્ત્રાક્ષર તુલ્ય છે. સૂર્યના કિરણો જેવા તે નામના શ્રવણ માત્રથી શું પૃથ્વી લોક પ્રબોધ ન પામી જાય ?

वैरं दधाति हृदये त्वयि केऽपि यत्र,

घोरं बिभर्ति विपदामिह यत्र तत्र ।

शास्तिस्तव ऽस्ति शिरसां तिलकेषु येषां,

गच्छन्तिनूनमध एव हि बन्धनानि ॥ २० ॥

:: ભાવાર્થ ::

હૃદયમાં જેઓ આપના પ્રત્યેનો દ્વેષ ધરબીને બેઠાં છે, ડગલેને પગલે તેઓ વિપત્તિનો શિકાર બને છે. તો જેમના લલાટ પર આપના અનુશાસનનું તિલક ચમકે છે, એમના સકળ બંધનો પલાયન થયા વિના નથી રહેતાં.

द्वेषं व्रजन्ति सहसाजिनशासनेऽपि,

ते हन्त ! मन्दमतयस्त्वयि शास्त्रपाणौ ।

भक्तिं तथा त्वयि गुरौ हृदये दधन्त,

भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥ २१ ॥

:: ભાવાર્થ ::

જેઓ આપના વૈરિ બન્યાં છે, તે મંદબુદ્ધિઓ જાણે-અજાણે જિનશાસનના પણ વૈરિ બન્યાં છે. જેઓ આપના પ્રત્યે હાર્દિક ભક્તિ ધરાવે છે તેઓ પૂર ઝડપે મોક્ષમાં પહોંચી રહ્યાં છે.

शृङ्गार सङ्ग परिरङ्गित किन्नरीणां,

दृप्यन्तमक्षनिकरं परिमर्दमानः ।

देवस्त्वमेव भगवन् । समुपासते त्वां,

ते नून मुर्ध्वगतयः खलुशुद्धभावाः ॥ २२ ॥

:: ભાવાર્થ ::

શૃંગારના અતિરેકમાં ડૂબી ગયેલી કિન્નરી જેવી નારીઓના વિષયવાસના સંબંધી ગર્વને નીચોવી નાખનારા ધર્મપુરુષ પણ આપ જ છો. ભગવંત ! જેઓ આપની ઉપાસના કરે છે, તેઓ નિશ્ચે ઉર્ધ્વીકરણ સાધે છે. શુદ્ધ સ્વભાવના સ્વામી બને છે.

श्यामानना निरघमुज्जवलमुच्चकान्तिं,

त्वां श्यामलं परिनिरीक्ष्य सुधर्मपीठे

अज्ञा भवन्ति परितर्दितदिग्विनोदं,

चामीकराऽद्रिशिरसीव नवाऽम्बुवाहम् ॥ २३ ॥

:: ભાવાર્થ ::

મેરુ પર્વતની ટોંચ પર મંડરાયેલા, દિશાઓના વિનોદનેય થંભાવી દેનારા વાદળો જેવા શ્યામળ છતા ઉજ્વળ, કાન્તિમાન્ એવા આપને પ્રવચન પર્ષદામાં સુધર્મપીઠ પર નિહાળીને વૈરિજનોના મુખ તો કાળામેંશ થઈ જાય છે.

तिग्मांशुहारि वदनं नलिने च नेत्रे,

भाषा च भातिं सततं कुमुदांशुधारा

आत्मापराधविकलस्त्वयि सच्चरित्रे,

नीरागतां व्रजति को न सचेतनोऽपि ॥ २४ ॥

**:: ભાવાર્થ ::**

સૂર્યની યાદી અપાવે એવું વદન, શતપત્ર કમળની યાદ અપાવે એવી ચક્ષુઓ, ચંદ્ર વિકાસી કમળની આભા જેવી ઝમકતી ભાષા અને દોષો શોધ્યા જડે નહિ તેવો આત્મા... આપનું આવું તો નિર્મળ ચરિત્ર છે.

હવે કહો, ક્યો બુદ્ધિમાન આપનો પૂર્ણ અનુરાગી ન બને ?

स्वच्छन्दछन्दरचनारचिताऽङ्गरङ्ग:
श्रोतारमर्पित सुधारसरऽगभङ्गः ।
जीमूतजागृतरतिर्निनदोऽद्भुतोय :
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥ २५॥

**:: ભાવાર્થ ::**

શ્રોતાજનોને અમૃતપાનનું વિસ્મરણ કરાવતો, છન્દોબધ્ધ કાવ્યોની સ્વયંભૂ હારમાળા સરજીદેતો અને મેઘને ય હંફાવતો આપનો બુલંદ ધ્વનિ સાચ્ચે જ દેવદુંદુભિના પ્રતિનિધિ જેવો જ છે.

संदीपितेषु भवता भुवनेषु नाथ !
आभान्वितो निहतशक्तिरयं कृशानुः ।
व्याख्यासु ते नयनयो रुचि-राग-वेग-
व्याजात्त्रिधा धृततनु र्धुवमभ्युपेतः ॥ २६॥

**:: ભાવાર્થ ::**

આપે ત્રણેય ભુવનને એવા તો ઉદ્યોતિત કર્યા છે, કે ઝળહળતા અગ્નિઓ પણ નિષ્ફળતાનો અહેસાસ કરતા થઈ જાય. એ અહેસાસને ઢાંકવા તે વ્યાખ્યાન દરમ્યાન આપના નેત્રોમાં ક્રાંતિ, મનોહરતા અને પ્રચંડતા, આ ત્રણ સ્વરૂપોમાં રૂપાન્તરિત થઈને વરે છે.

पादाम्बुजे भविजना धनमर्पयन्तः,
शिष्या मनोऽनुकुलनाय सुयत्नवन्तः ।
पूज्याः शिरस्सु करुणारसवर्षयन्तः,
सालत्रयेण भगवन्नभितो विभासि ॥ २७ ॥

**:: ભાવાર્થ ::**

ભવ્યજીવો આપના ચરણકમળમાં લક્ષ્મીનું અપાર્ણ કરે છે. શિષ્યો આપનાચિત્તને પ્રસન્ન કરવા પ્રયત્ન શીલ રહે છે અને વડીલો આપના મસ્તક પર કરુણાનો વરસાદ વરસાવે છે. આમ, આપ ત્રણ-ત્રણ રીતે સુરક્ષિત થઈને શોભી રહ્યાં છો.

मोक्षैकमुख्यमथकेन विवाहमाना,
धर्मोपदेष्टि-रिह येषु विरा जमाना।
कालत्रयेऽपि भविनो गतसूत्रितस्य,
तत्सङ्गमे सुमनसो न रमन्त एव । २८॥

**:: ભાવાર્થ ::**

મોક્ષના મુખ્ય મથકને વરેલી આપની ધર્મદેશના જેના હૃદયમાં વિરાજી રહી છે, તેવા સન્મતિમાન ભવ્યજીવો ઉત્સૂત્રભાષીઓના ઉત્સંગમાં ક્યારેય આનંદ નથી અનુભવતાં.

मेधासु नाऽस्ति छलना छलिताऽपमेघ !
वाचासु नाऽस्ति खलना खलिताऽपवाद !
जीवा द्रुवन्ति नितरामिदमत्र येन,
ज्ञानं त्वयि स्फुरति विश्वविकासहेतुः ॥ २९॥

**:: ભાવાર્થ ::**

દુર્બુધ્ધિઓને રમાડનારા ઓ રામ ! અપવાદને ફંગોળનારાઓ રામ ! આપની મતિમાં ક્યાંય છલના નથી અને વાણીમાં સ્ખલના નથી. ગુરુદેવ, કેટલાંય જીવોના હૈયાને પીગાળી દે એવું જ્ઞાન આપનામાં જગતના હિત માટે સ્ફુરાયમાન બન્યું છે.

सत्कृत्यपङ्क्ति परिकर्षणपिण्डितेन,
पुन्येन गच्छपतिता प्रतिशोभिताऽसि ।
भूपालगर्वदलनं विनयं प्रयासि,
चित्रं विभो ! यदसि कर्मविपाक शून्यः । ३०॥

**:: ભાવાર્થ ::**

શુભ કૃત્યોની શ્રેણિના ઉપાર્જન દ્વારા એકત્રિત થયેલાં પુન્યાનુબંધી પુન્યના ઉદયે આપે ગચ્છપતિના પદને અજવાળ્યું છે. રાજાધિરાજનું ગર્વખંડન કરે એવો બેનમૂન વિનય આપનો થાય છે. છતાં આપ કર્મબંધના ભાગી નથી. મહદાશ્ચર્ય... !

वैराग्यवारि-वरवर्षित-वाग्बलेन,
आत्माऽपराधरसिकस्य समुज्जहार ।
एवं तथापि युयुधे भवता समा स,

ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥ ३१ ॥

**:: ભાવાર્થ ::**

વૈરાગ્યની જલધારાનો વરસાદ વરસાવતી વાગ્ધારાના બળે આપે કંઈ કેટલાંય અપરાધી જીવોનો ઉધ્ધાર કર્યો છે. છતાંય જે કૃતઘ્ન આપની સાથે વૈર ધરે છે તે પોતાના જ દુષ્કર્મો દ્વારા ઘેરાય જાય છે.

दुःखाऽपगाऽकरणं सकलाऽऽगमानां,
ग्रामं दधासि सततं रसनासु देव !
ईर्ष्याऽऽतुरर तदपि रोपयति कलङ्कं,
सोऽऽस्याऽभवत्प्रतिभवं भवदुःख हेतुः ॥ ३२ ॥

**:: ભાવાર્થ ::**

દુઃખોને દૂર કરનારા સકળ આગમોના સમૂહને આપે જિહ્વાગ્રે ધારણ કર્યો છે. આમ છતાં ઈર્ષ્યાળુજનો આપને કલંકિત કરે છે. અફસોસ ! આ પ્રવૃત્તિ દ્વારા તેઓ પોતાની જ ભવ પરંપરાનું વર્ધન કરી રહ્યાં છે.

सङ्कल्प कल्पतरुराजिनिगामशोभं,
चेतस्सु यस्यनितरां जनचित्तहारि।
दोषाऽऽतपात्वगमिष्यति जातु पारं,
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ ३४ ॥

**:: ભાવાર્થ ::**

આપના ચરણકમળની પણ એ તાકાત રહી છે કે તે પૃથ્વીલોક પર રહેલા પ્રાણીઓને દોષોની પેલેપાર પહોંચાડી દે. ભગવંત, આપની ચરણરજ ભક્તોના મનોગતસંકલ્પોને કલ્પતરૂથીય વિશિષ્ટ સ્વરૂપે પૂર્ણ કરે છે. સાચ્ચે જ તે મનોહર છે.

चिन्तामणिस्त्वयितवैभववैभवोऽसि,
मिथ्यामतिर्भवति तत्र न ते निषादः ।
चिन्तामणौ नैकटवर्तिनि यत्र तत्र,
किम्वा विपद् विषधरी सविधं समेति ॥ ३५ ॥

**:: ભાવાર્થ ::**

વિપત્તિની નાગણો ત્યાં ફરકી શકતી નથી, જ્યાં સમીપમાં જ ચિંતામણિરત્નની ઉપસ્થિતિ છે. ગુરુદેવ ! આપે ચિંતામણિનેય પછાડી દીધું છે. કેમકે જ્યાં આપની ઉપસ્થિતિ છે ત્યાં મિથ્યાત્વની લહેર દોડી પણ શકતી નથી.

वाचं विराध्य भवतो भवतो मुमुक्षु,
रेवं तथाऽपि जनुषो जनुषो वशेन
पापेन हाऽथ शिथिलीकृत संयमानां,
जातो निकेतन महं मथिताऽऽशयानाम् ॥ ३६ ॥

**:: ભાવાર્થ ::**

હું સાચ્ચે જ મુમુક્ષુ છું. ભવથી ઉગરવા મથું છું, પરંતુ ગુરૂદેવ ! જન્મ-જન્માંતરથી ચાલી આવતા મારા સંયમની વિરાધનાના બંધનો આપની ભવ-નિસ્તારણી વાણીની અવગણના તરફ ધકેલે છે મને. ફલતઃ દુર્બુધ્ધિનું મંદિર બની ગયો છું હું. શું કરું નાથ !

स्वामिन् ! भवत्रयनियातनसंविपाका,
आसिञ्चिताः शिथिलकर्मकुलप्रचारात्
पूर्वार्जिताः प्रबलदुर्धरदोषबन्धा;
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ॥ ३७ ॥

**:: ભાવાર્થ ::**

સ્વામિન્ ! પૂર્વે ઉપાર્જેલા અને શિથિલ આચરણોના મદરસ દ્વારા સીંચી-સીંચીને પુષ્ટ કરેલા મારા એ પ્રબળ દોષો, અતીત, અનાગત અને વર્તમાન, ત્રણેય કાળને યાતનાની ખીણમાં ઢબૂરી રહ્યાં છે. શે નાબૂદ કરવા એને ?

गाढारतिर्जिनमते मम मानसेऽस्ति,
मां बाधते चरणकर्मणि हा ! प्रमत्तिः
सङ्ख्यापराः सुविहिता अपि धिक् प्रमादात्,
यस्मात्क्रियाः प्रतिफलन्ति न भाव शून्याः ॥३८॥

**:: ભાવાર્થ ::**

જિનશાસનની દાઝ મારા માનસમાં પ્રજ્વળે છે. પરંતુ ચારિત્રમાં હું હરપળ પ્રમત્ત બનતો જાઉં છું. હા, હું સુવિહિત અને અતિકઠિન એવી અગણિત ક્રિયાઓ કરૂં છું ખરો, પણ માનસિક પ્રમાદ દૂર હટતો નથી. કહો, મારી ક્રિયાઓ સાર્થક શી રીતે બને ?

पूर्वाऽपरस्य जनुषोऽवनतेर्जनीनं,
तिर्यग्निगोद-पदमस्ति मम प्रमादः ।

कृत्वा कृपां रसमयीं जननाथ ! हाथ !

दुःखाऽङ्कुरोद्दलन तत्परतां विधेहि ॥ ३९॥

**:: ભાવાર્થ ::**

ભૂત અને ભવિષ્ય, બન્નેયની કારમી અવનતિનું બીજ જો કોઇ હોય, તિર્યંચ અને નિગોદ જેવી દુર્ગતિનું દ્વાર જો કોઇ હોય, તો તે છે: પ્રમાદ. જે મને વળગ્યો છે.

હે જગદ્ગુરૂ ! કૃપા કરીને દુ:ખના આ અંકુરાને નિર્મૂળ કરી દો. પ્રાર્થું છું.

कृत्वा तपांसि कठिनं वपुषा बलेन,

श्रुत्वागमानि नवरं श्रुतिभिर्बलेन।

दुःखेऽरतिस्सुखरति र्यदि न प्रयाति,

वन्ध्योऽस्मि चेद्भुवनपावन ! हा, हतोऽस्मि ॥ ४०॥

**:: ભાવાર્થ ::**

શારીરિક બળ દ્વારા અત્યંત ઘોર તપસ્યાઓ આચર્યા પછી પણ અને પ્રબળ ક્ષયોપશમના યોગે સકળ આગમોને સમજ્યાં પછી પણ નથી દૂર થતો દુ:ખ દ્વેષ. નથી ઓસરતો સુખનો રાગ. ખરેખર, તો હું ધર્મવન્ધ્યજ છું. હે નાથ ! હું હણાઇ ચૂક્યો છું.

संसारघोर घनमणुलिते निशीथे,

गर्जत्समीरणसमूहदलेऽप्रमीते।

मामुद्धरस्व करुणाकर ! बोधभानो !

सीदन्तमद्य भयदव्यसनाऽम्बुराशेः ॥ ४१ ॥

**:: ભાવાર્થ ::**

અસંખ્ય વાદળોથી ઘેરાયેલી અંધારી રાતમાં અને ફૂંકાઇ રહેલાં જબ્બરદસ્ત ચક્રવાતમાં હું ફસાયો છું. હે કૃપાનાથ ! જ્ઞાનભાનો ! વિપત્તિના મહોદધિમાંથી સીદાઇ રહેલાં મને કેમેય ઉધ્ધરી લ્યો...

यत्किञ्चिदत्रपठितं समुपासितञ्च,

तत्त्वत्रयं जगदनिष्टहरं दयालो !

कुर्वे निदानमिति तस्य विपाकयोगात्,

स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि । ४२॥

**:: ભાવાર્થ ::**

હે દયાળું ! આ ભવમાં મે જે કાંઇ અધ્યયન કર્યું, તત્ત્વત્રયીનું આસેવન કર્યું, ઉપાસન કર્યું, તેના શુભ અનુબંધના વિપાક તરીકે મને ભવોભવ આપ જ ગુરૂદેવ તરીકે પ્રાપ્ત થાઓ. હું નિયાણું કરૂં છું.

संन्यासनं समुपयोज्य तवाऽभिधाया,

विन्यासनं समुपयोज्य निजाऽऽशयस्य।

भूमण्डलाऽवधि वियान्ति शुभप्रचारं,

ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥ ४३॥

**:: ભાવાર્થ ::**

તારા નામનો આશ્રય લઇને અને નિજમતિનો સમ્યગ્ ઉપયોગ કરીને જે ભવ્યજીવો તારૂં સ્તવન રચે છે, તેઓ પૃથ્વીના અંતસુધી પ્રચારિત થઇ જશે, એ નિ:શંક છે.

परमगुरुवररामचन्द्र ! तव चरितं प्रत्यूषोपमं श्रुत्वा।

नियतहिता जनमहिता, अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥

॥ ४४॥ (आर्या गीतिः)

**:: ભાવાર્થ ::**

ઓ પરમ ગુરૂદેવ !

વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા... !

નિરભ્ર ઉષાના દ્રષ્ટાન્ત જેવા આપના ચરિત્રને સાંભળીને ભવ્ય જીવો (૧) પોતાનું હિત સુનિશ્ચિત કરે છે. (૨) પ્રચંડ લોકાદરનું પાત્ર બને છે. (૩) અને શીઘ્રાતિશીઘ્ર મોક્ષ સુખના સ્વામી બને છે.

□□□

# ટેકીલો ત્રિકમ તરગાળો

● ભાગ-૩ ●

* પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

થોડા ઘણા દિવસો પછી એક દિવસે બારોટનો કાફલો નાગર નામના એક ગામના ગોંદરે જઈ ઉભો. ત્યાંનો ધણી બાદરો મેર પોતાના વિશિષ્ટ ગુણોથી વિખ્યાત હતો. ડાયરામાં બેઠેલા બાદરા મેરની શોભા જોવા જેવી બનતી હતી. ડાયરો જામેલો હતો, ત્યાં જ એની નજર પેલા બારોટ પર પડી, જેનો રસાલો કોઈ આશરાની શોધમાં હોય, એમ લાગતા જ બાદરા મેરે બારોટને આવકાર આપતા કહ્યું: પધારો, બારોટ ! પધારો. ક્યાંથી પધારો છો ? કોના મહેમાન છો ? અને આગળ ક્યાં જવાનો સંકલ્પ છે ?

બારોટે કહ્યું: આવું છું તો નવા નગરથી અને તમે આમંત્રણ આપો, તો તમારો મહેમાન ! જે સમજીને આમંત્રણ આપે, એનો મહેમાન બનીને ત્યાં જ રહેવાનો સંકલ્પ છે.

''ઓહ ! બારોટના બેસણાં તો ધન્ય ભાગ્ય ને ધન્ય ઘડી હોય, તો જ થાય. તમારો આવો સંકલ્પ હોય, તો મારું તમને આમંત્રણ છે. નવાનગર જેવી તો આગતા સ્વાગતા કદાચ અહીં નહિ મળે, પણ હૈયાના હેતપ્રીત આપવામાં તો અમે ઉણાં નહિ જ ઉતરીએ, એટલી ખાતરી આપું છું. પધારો બારોટ ! પધારો.''

બાદરા મેરનું આ આમંત્રણ ભાવભર્યું હતું, એમાં ના પાડી શકાય એવું નહતું. પણ ઓળખર કર્યા વિના પણ ચાલે એમ ન હતું. એથી બારોટે કહ્યું: બાદરા મેર ! આપનું આમંત્રણ સ્વીકારવામાં તો મને જરાય વાંધો નથી. પણ આપ મને પહેલા ઓળખી લો. હું માત્ર બારોટ જ નથી પણ મારા નામ આગળ 'બગાવતી'નું એક વિશેષણ પણ લાગેલું છે. હું બગાવતી બારોટ છું. એથી મને આશરો આપવાનો જ બીજો અર્થ એવો થઈ શકે કે, જામનગરને યુદ્ધ માટે આમંત્રણ આપવું ! મારી ખાતર એક યુદ્ધ ખેલવાની આપની તૈયારી હોય, તો મને આપના અતિથિ બનવામાં જરાય વાંધો નથી. આટલું સમજીને મને આમંત્રણ આપતા હો, તો મને અહીં રહી જવામાં જરાય વાંધો નથી !

બાદરો મેર તો બાદરો મેર જ હતો ! અતિથિ-અભ્યાગતનો એનો આવકાર એકી અવાજે વખણાતો હતો. એને વિચાર આવ્યો : અતિથિ દેવો ભવ નો પાઠ મને ગળથૂથીમાંથી જ મળ્યો છે. કટોકટીની આ પળે તો આ પાઠ મારે વધુ દૃઢતાથી ચરિતાર્થ કરવો જોઈએ. એણે બારોટને કહ્યું: માત્ર નવાનગર જ શા માટે, આખું ગુજરાત મારી સામે યુદ્ધ લલકારે, તોય હું આપને આશરો આપવાની મારી તૈયારી છે. કેમ કે જાન કરતા મહેમાનને વધુ માન આપવાની મારી ટેક છે. માટે કોઈ પણ જાતના વિચાર-વિકલ્પને સ્થાન આપ્યા વિના આપ મારી વિનંતિને સ્વીકારી લેવા કૃપા કરશો.

બારોટ હવે નિશ્ચિંત બન્યો. આવો ધીંગો ધણી માથે શિરચ્છત્ર તરીકે છાયો પસારવા તૈયારી દાખવતો હોય, પછી બીજું તો શું વિચારવા જેવું હોય ? બારોટે બાદરા મેરને માથે રાખવાના નિર્ણય સાથે એ આમંત્રણ સ્વીકારી લીધું અને બાદરા મેરે નવાનગરનું ગમે તેવું યુદ્ધ આવી પડે, તોય એને લડી લેવાની સજ્જતા સાથે બારોટને આવકારી લીધો.

આ વાત રહી રહીને ક્યાં સુધી ગુપ્ત રહી શકે ? થોડા જ દિવસમાં આ વાત નવાનગરના જામબાપુના કાને પહોંચી ગઈ. એથી પહેલાં તો એમણે બાદરા મેરને એક સંદેશો પાઠવ્યો કે, એક બગાવતી બારોટને વહાલા થવા જતા જો નવાનગરનો ખતરનાક ખોફ ઉતરી પડે એમ હોય, તો જે ડાહ્યો માણસ હોય, એ બારોટનો જ બહિષ્કાર કરે ! આટલું જ તમને જણાવું છું. કેમ કે શાણાને તો ટકોર જ કરવાની હોય !

(અનુ. પાના નં. ૭૩૪ પર)

# ચેત, ચેત, ચેતન ! તું ચેત !

હપ્તો : ત્રીજો

—ભક્તિ પરાગ

ઉપકારીઓ લાલબત્તી ધરે છે કે - ભાગ્યવાન ! પુણ્યાત્મા ! જરા તો થોભ ! જરા તો શાંતિ ચિત્તે વિચાર કર કે - 'તું કોણ છે ? તારું હોય તે તારી સાથે જ આવે !' પણ આમાંનું કાંઇ તારી સાથે આવતું નથી, તારી અનિચ્છા છતાં બધું છોડી એકલા જવું પડે છે. 'હું એ આ શરીર નથી પણ આત્મા છે. આત્માના ગુણો વિના મારું કાંઇ છે જ નહિ.' આત્મા, આત્માના ગુણો, આત્મગુણોને પેદા કરનારી સહાયક સામગ્રી વિના આ દુનિયામાં તારું કોઇ જ નથી. - આ વાતને વિચારવા આપણા બધાનો પણ પ્રયત્ન કેટલો છે ? આ જિન્દગી તો ચારદિનની ચાંદની જેવી છે. ગયેલો સમય પાછો આવતો નથી. ક્ષણો વહી રહી છે અને આપણે મૃત્યુની નજીક સરી રહ્યા છીએ. ક્યારે આંખ મિચાશે અને ખેલ ખતમ થશે તે ખબર નથી. છતાં પણ મરીને ક્યાં જઇશું તેવો વિચાર સ્વપ્ને પણ આવતો નથી. કારણ કે આપણે આપણી જાતને હજી ઓળખી જ નથી. જો આપણને આપણી વાસ્તવિક ઓળખાણ-પીછાન થઇ જાય તો આપણા માટે મંજિલ દૂર નથી. પછી તો ભાવિનો-પરલોકનો વિચાર એ જ આપણો સાચો સાથી બનશે. અહીંની મુસાફરી હવે પૂરી થવા આવી છે. ભાવિકાળ અનંત છે. તો આપણે અનંત ભાવિકાળને ભદ્રંકર બનાવવો છે કે ભયંકર ? સુધારવો છે કે બગાડવો છે ? 'હું હતો, છું અને રહેવાનો જ છું' જ્યાં સુધી આત્મિક સુખ નહિ પામું ત્યાં સુધી દુ:ખથી બચવાનો નથી. માટે મારે મારી જાતને ઓળખવી છે અને જાતને ઓળખ્યા પછી શાશ્વત સુખને પામવા જ બધો પ્રયત્ન કરવો છે. જાગ ! ઊઠ ! મુસાફિર ! સાચું સુખ તારી રાહ જૂએ છે.

* હે જીવ ! તું ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિની ચિંતામાં કેવો પાગલ બન્યો છે. પુદ્‌ગલની પંચાતમાં પડી તું તારી જાતને જ ભૂલી ગયો છે. ધનાદિ મેળવવાની આશામાં કેવો રિબાય છે. આજે નહિ તો કાલે જરૂર મળશે તેની ચિંતામાં કેવો અડધો થઇ જાય છે. આશાના હવાઇ કિલ્લાઓમાં - તરંગોમાં રાચે છે. પણ ખોબામાં રહેલ પાણીની જેમ તારું આયુષ્ય ઓછું થઇ રહ્યું છે તેને તો જોતો પણ નથી તો તને મૂરખ માનવો કે ડાહ્યો તે જ ખબર પડતી નથી. આ લોકમાં ભવિષ્યની ચિંતામાં આટલો દૂબલો પડયો છે તો પરલોકનો તો જરા વિચાર કર. રોટલાના ટૂકડા માટે કૂતરું પણ જ્યાં ત્યાં ભટકયા કરે છે. તેમ તું પણ અનિત્ય અને અનર્થકારક ધનાદિને માટે શું શું નથી કરતો, કોની બાદબાકી કરે છે, ક્યાં ક્યાં આજીજી-પ્રાર્થના નથી કરતો, કેવી કેવી દીનતા કરે છે, લાચારી બતાવે છે, અપમાન-તિરસ્કાર વેઠે છે. પણ તને ખબર નથી કે 'માગે તો ભાગે ! લક્ષ્મીની લાલચમાં તણાવાથી તે દૂરને દૂર ભાગે છે. જ્યારે જે જીવ લક્ષ્મીની સ્પૃહા પણ રાખતો નથી તેની પાસે તે તેના ચરણોમાં આળોટે છે. જે કહે મારે જોઇતી જ નથી તેની તો તે દાસ બને છે. તો તું પણ તારી આત્મગુણલક્ષ્મીનો પ્રયત્ન કર તો તારી દાસી બને જ છૂટકો છે ! જા ફતેહ કર !

* પરનિંદા અને આત્મશ્લાઘાને ધર્મ પામવાના મોટામાં મોટા બે અવરોધક કહ્યા છે. જેમ જ્યાં બે કે બેથી વધારે રસ્તા ભેગા થતા હોય ત્યાં **'Speed Breaker'** 'ગતિ અવરોધક' રખાય છે. આ રોજ અનુભવવા છતાં પણ પરનિંદાની ચળ મરતી નથી પણ તેની ખણના ખુજલીની જેમ વધતી જતી દેખાય છે. આજે આપણે આપણા દોષોને છૂપાવવા જેટલા આતુર છીએ તેટલા જ બીજાના અછતા દોષોને ગાવા, જોવા અને સાંભળવા આતુર છીએ. જો આપણું મોં, નેત્રો અને કાન આમાં જ પાવરધા હોય તો ઉકરડા અને

આપણામાં કાંઇ ફેર ખરો ? કદાચ ઉકરડાને કે તેની દુર્ગંધને દૂર કરીશું પણ આપણા મનની ! મ્યુનિસિપાલીટી જો બે-ચાર દિવસ કચરો ન ઉપાડે તો તેની ફરિયાદ કરનારા આપણે આપણા મનની ગંદકી, સડેલા વિચારો, પરનિંદાની ચળ, સ્વશ્લાઘાની આતુરતાને દૂર કરવા કોઇને ફરિયાદ કરી ? પારકાના નાના દોષોને જોવા આપણી નજર બાજ જેવી છે અને આપણા મોટા.... ! ઘણાને નિંદા કર્યા કે સાંભળ્યા વિના ખાવું ભાવે તો નહિ પણ ખાધેલું પચે પણ નહિ. આવી જેની દશા હોય તેની વાણી અને વર્તન દંભમય બને તેમાં પણ કાંઇ નવાઇ ખરી ? આ દર્દ આત્માની ગંભીરતાનો અભાવ સૂચવે છે અને વાસ્તવમાં ગંભીર પણ છે. રકતપિત્તિયા ચેપી રોગોને વટલાવે તેવું છે.

ગંભીરતા તો આત્માનો સદ્‌ગુણ છે. ખરેખર ગંભીર તે જ કહેવાય જે બીજાના બધા દોષો-દુર્ગુણો-અપલક્ષણો-ખામીઓ જાણતો હોય તો પણ તેના હોઠ કયારેય ફફડે નહિ પણ મૂંગો હોય, આંખ પરાયા દોષ જોવા આતુર ન હોય પણ આંધળી હોય, કાન બીજાના દોષ સાંભળવા સરવા ન હોય પણ બહેરા હોય. દોષ નજરે નિહાળે કે કાનથી સાંભળે તો ય મુખથી કયારેય ઉચ્ચારે નહિ. આપણે બધા પણ 'સાગરવર ગંભીરા' છીએ પણ આપણા દોષ માટે, હોંને, નહિ કે પાછા ગુણગાન માટે ! કયારેક કોઇ દોષિતને બચાવવા કે બીજાઓને તે દોષિતથી બચાવવા તેના દોષને જણાવવા પડે તો તેમાં નિન્દારસિકતા ન હોય પણ હિતબુદ્ધિ હોય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ કહ્યું કે- ''બીજાને ઉતારી પાડવા, ખરાબ ચીતરવા, હલકા બતાવવા, નીચા જોવરાવવા, જે કાંઇ પ્રવૃત્તિ કરાય તે બધી નિન્દા કહેવાય. અને સામી વ્યક્તિના હિતના માટે કદાચ કડક શબ્દો કે કઠોરતા બતાવાય તે નિન્દા ન કહેવાય.'' અનધિકારી આત્માઓ શિયાળના શરીર પર સિંહનું ચામડું ઓઢી આવી ચેષ્ટા કરવા જાય તો માર જ ખાય, સામાનું અહિત જ થાય. વાસ્તવમાં તો તેઓ નિન્દાના જ પ્યાદા બને છે. માટે જો ગંભીરતા મેળવવી છે તો તેનો રસ્તો પણ જ્ઞાનિઓએ બતાવ્યો કે- ઉદાર અને વિવેકી બનો, ધીરતાથી સમજવાનો પ્રયત્ન કરો અને બધું પચાવતા શીખો. આ સ્થિતિ ત્યારે પેદા થાય કે જે જીવ પહેલા પોતાના જ દોષ જોતાં શીખે અને બીજા માટે દૃષ્ટિ દોષ અને દોષ દૃષ્ટિનો ત્યાગ કરે. ગુણાનુરાગિતા કેળવે. જ્યારે આજે દોષ છૂપાવવાની હોડ ચાલે છે, દોષિત છતાં નિર્દોષ દેખાવાનું અને ગુણી તરીકે પૂજાવાનું ઘણું મન છે. તેથી જ પરનિન્દા અને આત્મશ્લાઘા તેના પર ચઢી તેને વિવેકહીન, ક્ષુદ્ર, છીછરો, અગંભીર બનાવે છે. આમાંથી જેટલા બચીશું તેમાં જ આપણા સૌનું સાચું કલ્યાણ છે. સુજ્ઞેષુ કિં બહુના ?

* જેના આત્મા ઉપરથી મોહનો અધિકાર ઊઠે તે આત્મા 'અધ્યાત્મ' ને પામે. આવા અધ્યાત્મ વેદીઓએ આપણા સૌના ભલા માટે, આપણા આત્માની મોહની નિદ્રાને ઉડાડવા અધ્યાત્મપદો બનાવ્યા છે. તેવા એક પરમહિતૈષી પુણ્યાત્મા ફરમાવે છે કે- 'રે નર ! જગ સપને કી માયા'. ખરેખર જો શાંતિથી વિચારીશું તો આ જ વાસ્તવિક નગ્ન સત્ય લાગશે. સ્વપ્નમાં ગમે તેટલા રાચીએ-માચીએ પણ આંખ ખૂલે ત્યાં તેમ જેઓ માત્ર સ્વપ્નોના સોદાગર બને તેઓ વાસ્તવિકતાથી દૂર રહે છે. સોહામણા સ્વપ્નોનું રંગીન આકાશ અનંતુ ભલે હોય પણ વાસ્તવિકતાની ધરતી તો બે પગ જ અનુભવે છે. જગતના પદાર્થોની માયા-મમતા-મૂર્ચ્છા ઉતારવા આ વિચાર ખૂબ જ જરૂરી છે. મોહ-માયા-મમતામાં મૂંઝાઇ, મારું-તારું કરી આપણા આત્માએ આજ સુધી મેળવ્યું કેટલું અને ગુમાવ્યું કેટલું ? તટસ્થતાથી વિચારીશું તો લાગશે કે માત્ર વૈર-વિરોધ, વૈમનસ્ય અને સંસારની વણથંભી રઝળપાટ ખરીદી !' ચીજ-વસ્તુની જરૂર પડવી તે વાત અલગ છે અને તેમાં મારાપણાની જ બુદ્ધિ માની મોહ-મમતા કરવી તે વાત અલગ છે. જરૂર તો ધૂળની પણ પડે તો તેને તિજોરીમાં ન ઘલાય

કે સાથે ન મૂકાય. 'જરૂર પડે માટે બધું જ સારું' આ મોહનો પ્રલાપ છે. 'જરૂર પડે છે તે મારી કમનશીબી, પામરતા છે, ક્યારે જરૂર ન પડે તેવી દશા પામું' તે 'જગ સપને કી માયા' હૈયાથી લાગે તેનો પ્રતાપ છે. શું પસંદ છે ? વિચારી લે.

જીવન પાણીના પરપોટાં જેવું અનિત્ય છે. યૌવન સંધ્યાના રાગ જેવું છે. જીવનની ક્ષણભંગુરતા, અસારતા, અનિત્યતાને માનનારા હજી આપણે હોઇશું. 'કોઈ અમરપટ્ટો લખાઇને નથી આવ્યું' 'જનારું જાય છે જીવન, હજી તું ચેતી જા' આવા પદો આપણે વારે તહેવારે બોલીએ છીએ. જો તે હૈયે અડી જાય તો આપણું કામ થઇ ગયું.

યૌવનને સંધ્યાના રાગ જેવું કહ્યું તેના પર થોડું વિચારીએ. સંધ્યાનો રંગ જોનારાને આનંદ આનંદ આપે, આફરીન બનાવી દે. જોતાં જ રહીએ તેમ થાય પણ તે ટકે ક્યાં સુધી ? રાત્રિનું આગમન ન થાય ત્યાં સુધી તેમ સુંદરી રૂપી રાત્રીનું સામ્રાજ્ય ન જામે ત્યાં સુધી યૌવન ખીલેલાં વિકસીત પુષ્પ જેવું- સંધ્યાના રાગ જેવું દેખાય પણ પછી શું ? સુંદરી રૂપ રાત્રિના સામ્રાજ્યની લગામો યૌવન જીવન રૂપી મુખમાં આવી પડે એ જેમ ચલાવે તેમ ચાલવાનું, તે જેમ કહે તેમ કરવાનું. તેની મના એટલે મના, ભલે તે કહેવાય અબળા પણ ભલભલા સબળાને ઠેકાણે પાડે. માટે કહ્યું કે નરને પહેલા વશ કર અને પછી પરવશ કરે તેનું નામ નારી ! યૌવન રૂપી પુષ્પની બહાર લુંટવાને સજ્જ બનેલો તે બિચારો બાપડો બની લુંટાઇ જાય, તેણીની મોહ જંજીરમાં આપોઆપ જકડાઇ જાય. તે નચાવે તેમ નાચે.

— ક્રમશ:

---

(અનુ. પાના નં. ૭૩૧ નું ચાલુ, ટેકીલો ત્રિકમ...)
આના જવાબમાં બારોટનો બહિષ્કાર કરવાની જ્યારે જરા પણ તૈયારી બાદરા મેરે ન જ દાખવી, ત્યારે નવાનગરના જામબાપુ ધમધમી ઉઠ્યા અને બાદરામેરને બેડીમાં બાંધીને એજ બેડીમાં બારોટનેય બાંધવાની પ્રતિજ્ઞા સાથે તેઓ નવાનગરથી વટ કે સાથ નીકળી પડ્યા.

નવાનગર અને નાકરનું સૈન્ય એક દિ' જવાંમર્દી સાથે સામ સામે ખડું થઇ ગયું. નાકરનું સૈન્ય કાંઇ બહુ મોટું ન હતું અને નવાનગરનું સૈન્ય કઇ ઘણું નાનું ન હતું. સંખ્યાની દષ્ટિએ જોવા જઈએ તો નવાનગર મેદાન મારી જાય એમ લાગતું હતું. પણ સચ્ચાઇનું સામર્થ્ય નાકરના બાદરા મેરને વહેલું હતું. એનો ખ્યાલ નવાનગરને થોડી જ ઝપાઝપી બાદ આવી ગયો. શરૂઆતમાં જીતની જણાતી બાજી એમએક પલટાઇ ગઇ અને નવાનગરને જ્યારે પોતાની હારનો અણસાર આવી ગયો ત્યારે અહિલંબે એ રણસંગ્રામમાં જામબાપુનો કુંવર હાથીના હોદે ધસી આવ્યો, પણ ઇલો ચાવડો ને બાદરો મેર આ પછી તો બરાબર જંગે ચડ્યો. અને એનું પરિણામ એ આવ્યું કે, કુંવરના માથે ભાલાનો ઘા થયો. આ ઘાના જવાબમાં નવાનગરના સૈન્યે તલવારો વીંઝવા માંડી. એ વીંઝણાના થોડા સપાટા બાદરા મેર અને ઇલા ચાવડાને વાગ્યા પણ ખરા, પણ એ જ વખતે મેરનું મર્દાનગી ભર્યું કટક વેગથી ધસી આવ્યું. એણે બાદરામેર અને ઇલા ચાવડાને બચાવી લઇને એવો ઝપાટો બોલાવ્યો કે, નવાનગરનું સૈન્ય પારોઠના પગલા ભરીને ઉભી પૂંછડીએ નાસી છૂટ્યું. સિંહનો પીછો લેનારો જ જવાંમર્દ ગણાય, શિયાળ કે સસલાનો પીછો તો કાયર હોય એ જ લે ! બાદરા મેરની સેના જવાંમર્દ હતી. ખુવારી ભારે થઇ હતી, છતાં બારોટ બાલબાલ બચી ગયો હતો. એનો અવર્ણનીય આનંદ સૌના મોં પર છલક છલક છલકાતો હતો. ત્યારે બારોટના પેલા બોલ આભમાં પડતા હતા.

*તેરે માંગણ બહોત હે, મેરે ભૂખ અનેક.*

# શ્રી જિનવાણીનો જાદુ

*હપ્તો ૩જો...* —**પ્રેષક :** પૂ. બાલમુનિશ્રી વિરતીન્દ્ર વિજયજી મહારાજ

મુનિ બોલ્યા : હે પોપટ ! જ્યાં પોપટ પ્રમુખ કરોડો સાધુઓ સિધ્ધિ પામ્યા છે એવા પુંડરીકશૈલ કરતાં બીજુ કોઈ તીર્થ ચડિયાતુ નથી.

પોપટ બોલ્યો : તો હું ત્યાં જઈને જ અણસણ કરીશ.

મુનિ બોલ્યા : હે પોપટ ! તારી ધારણા-નિર્વિઘ્ને સિધ્ધ થાઓ.

આ તરફ પોપટ બોલ્યો હે પોપટી મે આ ભવ પરભવમાં તારા જે અપરાધો મે કર્યા હોય તેની તારી પાસે હું ક્ષમા માંગુ છું. તેનુ મિચ્છામિ દુકકડં દઉં છું માટે હે સતનુ ! મારા થોડા પણ અપરાધની તું મને સાચી ક્ષમા આપ આ રીતે પોપટ અને પોપટી વચ્ચે થયેલી વાતચીત સાંભળીને તે શ્રીગુપ્તને એમ લાગ્યુ કે આ પોપટ જ સાધુ-જન છે તેથી તેણે પોપટને કહ્યું હે પોપટ ! તું પંખી છો તો પણ પુણ્યશાલી છો જે તેં તે મહાસાધુને સાક્ષાત્ વંદન કર્યુ અને તારા બધા સંદેહો ટાળવા પૂછયુ પણ ખરૂ.

ત્યારે હું એકલો જ અભાગિઓ છું કે જે દુષ્ટ બુધ્ધિવાળા મે તે મહામુનિને મધુર રાગે સ્વાધ્યાય કરતા નજરોનજર જોયા, છતાય હું તેને વાંદી ન શકયો. તેમ કશુ પૂછી ન શકયો. ઉલટું તેમના પર પણ અવિશ્વાસ આણ્યો.

હવે જે થઇ ગયું તે થઇ ગયું તે વિશે પસ્તાવો કરવાથી શું વળે ? તો હે પોપટ તું પોતે કર્તવ્ય અને અકર્તવ્યને બરાબર સમજી ગયેલો છે તેથી તું જ મને મારૂ કર્તવ્ય કહી સંભળાવ.

પછી તે શ્રીગુપ્તને ઉદ્દેશીને પોપટે દેવ, ગુરૂ અને ધર્મના બધા તત્વો બરાબર કહી સંભળાવ્યાં અને શાસ્ત્રોના વચન, સાંભળવા માટે પ્રયત્ન કરવાથી ઇષ્ટસિધ્ધિ થાય છે એમ પણ સમજાવ્યું-

તે બહાને ખમતખામણા કરી પોપટ પોતાનુ વાંછિત સિધ્ધ કરવા માટે પુંડરીકશૈલ તરફ ઉડયો અને દુ:ખી થઇ ગયેલો શ્રીગુપ્ત પણ ત્યાંથી ઉઠીને રસ્તા ઉપર જવા નીકળ્યો.

હવે આ તરફ પુત્રના વિયોગથી સંતાપ પામેલો પિતા મહીધર પૈસો પેદા કરવાનું બહાનુ કરી ઉત્તર દિશાના ગાંમો અને નગરોમાં ફરી ફરીને પોતાના પુત્ર શ્રીગુપ્તની શોધ કરવા લાગ્યો એમ કરતા એક વખત સાર્થવાહ ગજપુર સુધી આવી પહોંચ્યો. અને ગજપુરના સિમાડાથી થોડે દૂર પડાવ નાખેલો કયાં જવાં પેલો વનનિકુંજ હતો અને એજ વનનિકુંજમાં તેનો પુત્ર શ્રીગુપ્ત પણ હતો બરાબર તેજ વખતે કર્મ-ધર્મસંયોગે તે નિકુંજના ઝુંડમાંથી નીકળીને શેઠનો પુત્ર શેઠના પડાવ પાસે આવી પહોંચ્યો. શેઠે તેને બરાબર ઓળખી ને ભેટી પડયા. અને અત્યાર સુધી કયાં કયાં ફર્યો અને શું શું અનુભવ્યુ એ બધી હકિકત શેઠે આદરપૂર્વક પૂછી. પેલા શ્રીગુપ્તે પણ જન્મભૂમિ વિજયપુરી નગરીમાંથી નીકળ્યો ત્યાંથી માંડીને પોપટનો સમાગમ થયો ત્યાં સુધીની બધી ખરેખરી હકિકત કહી સંભળાવી એ બધી હકિકત સાંભળીને શેઠની આંખમાં આંસુ ઉભરાયાં અને તે, પોતાના પૂત્રે આજ લગી જે જે દુ:ખ અનુભવ્યૂ તેના આવેગથી ગળગળા થતા બોલ્યા, તું એમ ન સમજતો કે હું પૈસા કમાવવા સારૂ પરદેશ ખેડવા નીકળ્યો છું. ફકત તારી સોધ માટે જ આ બ્હાને નીકળી પડયો છું. ઘણી રખડપાટના અંતે તુ અંહિ મળ્યો અને મે તને ઓળખી પણ કાઢ્યો તે બહુ સારૂ થયુ હવે તું એવુ સરસ વર્તન રાખ કે આપણા પૂર્વજોની શરદ્‌ના પૂર્ણચન્દ્ર જેવી ઉજળી કીર્તિ ફેલાય. દુષ્ટ લોકોના મો કાળા થઇ જાય. અને તું સત્પુરુષોની પંક્તિમાં આગળ બેસનારો થઈ જા. શેઠની આ સ્નેહભરી વાણી સાંભળી શ્રીગુપ્ત બોલ્યો: પિતાજી, હવે આ વિશે વધારે કહેવાથી શું ? અર્થાત્ હું બધુ સમજી ગયો છું. હવે અનીતિના માર્ગને આ ક્ષણે જ છોડી દઉં છું, જો કે મારૂ મન સ્વચ્છંદ છે છતા તેના ઉપર અંકુશ રાખવાનો અભ્યાસ વધારી વધારીને હું તેને હવેથી સુમાર્ગ જ તરફ જોડાવાનો છું.

- ક્રમશ:

# 'इन्द्रियाणां जये शूर: ।'

- પૂ. મુ. શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

ભાગ : ૨જો

જે કુસુમાયુધ - કામદેવે, શંભુ, સ્વયંભૂ અને હરિ આદિ દેવોને હરિણાક્ષી-સ્ત્રીઓના નિરંતર ઘરકર્મ કરનારા દાસ બનાવી દીધા છે, તે વાણીને અગોચર ચરિત્રવાળા વિચિત્ર એવા ભગવાન કામદેવને મારા નમસ્કાર થાઓ.''

ભોગતૃષ્ણાલુ જીવોની હાલત ઓળખાવતા અન્યત્ર પણ કહેવાયું કે -

'कामेन विजितो ब्रह्मा, कामेन विजितो हरि: ।
कामेन विजितो शम्भू:, शक्र कामेन निर्जित: ॥

કામથી બ્રહ્મ, વિષ્ણુ, શંભુ અને ઈન્દ્ર પણ જીતાયા છે. જો દુનિયાના ગણાતા દેવો પણ કામથી હારી જતા હોય તો સામાન્ય લોકોની વાત જ શી કરવી ? આ બધાનું કારણ વિષયાભિલાષા, સ્ત્રી લોલુપતા, કામુકતા છે. કારણ કામદેવનું મુખ્ય શસ્ત્ર મનોહર નયનવાળી સ્ત્રીઓ છે, જે પાંચે ઈન્દ્રિયોના ભોગને એક સાથે પૂરા પાડે છે, તે માટે બધાને ઉશ્કેરે છે અને પછી વિહવલ બનાવે છે. કામીજનોને માટે તો અત્ર, તત્ર સર્વત્ર તે જ દેખાય છે, તેમાં જ જગતનો સાર માને છે, તેમાં જ બધું સુખ માને છે. તેને ઉશ્કેરવાનું કામ જગતમાં જોર-શોરથી ચાલુ છે. આજનાં બધાં જ મોજ શોખના સાધનો તેનો રસ પોષે છે. દુનિયાના પ્રચાર યુગમાં કોઈપણ જાહેરાત જુઓ આ જ તમને દેખા દેશે. પણ બાકી શું રહે ?

'द्रष्टव्येषु किमुत्तमं मृगदश: प्रेमप्रसन्नं मुखं,
घ्रातव्येषु किं तदास्यपवन: श्राव्येषु किं तद्वच: ।
किं स्वाद्येषु त दोष्ठपल्लवरस:, स्पृश्येषु किं
ततनुर्ध्येयं किं नवयौवनं सुहृदयै: सर्वत्र तद्विभ्रम: ॥''

કામીજનોના મનની વિહ્‌વલતાનો આબેહૂબ ચિતાર આ શ્લોક આપે છે કે - દર્શનીય-જોવા લાયક ચીજ વસ્તુઓમાં ઉત્તમ શું ? પ્રેમથી પ્રસન્ન થયેલું સ્ત્રીઓનું મુખકમલ. સુંઘવા લાયક સુવાસિત્ વસ્તુઓમાં ઉત્તમ શું ? તેણીના મુખનો સુવાસ. શ્રોતવ્ય-સાંભળવા લાયકમાં સારભૂત શું ? તેણીના સુમધુર વચનો. સ્વાદિષ્ટ વસ્તુઓમાં સ્વાદિષ્ટ શું છે ? તેણીના અધર પલ્લવનો અમૃત રસ. સ્પર્શ કરવા લાયકમાં ઉત્તમ સ્પર્શ કરવા લાયક શું ? તેણીનું સુકુમાલ શરીર. સહૃદયી પુરૂષોએ ધ્યાન કરવા લાયક શ્રેષ્ઠ વસ્તુ કઈ ? તેણીનું નવયૌવન અને વિલાસનો વિભ્રમ.

વાનરની જાત હોય, મદિરા પાન કર્યું હોય અને વિંછી ચટકો ભરે પછી શું બાકી રહે ? તેમ ઉન્માદીઓને આવું ભાવતું ભોજન મલી જાય તો શું ન થાય ?

એક કવિએ સાવચેતીના સૂર રૂપે કહ્યું કે -

**"Beauty is worse than wine; it into scicates both holder and beholder."**

સ્ત્રી સૌંદર્ય એ શરાબથી પણ વધારે ખરાબ છે. તેને ધારણ કરનાર અને જોનાર ઉભયને તે મહોન્મત્ત બનાવે છે.

આ જ વાત હિન્દી સાહિત્યમાં પણ જોવા મળે છે. કે - ''खूबसुरती का नशा शराब से भी जबर्दस्त है । शराब का नशा तो पीने से ही चढता है, लेकिन खूबसूरती का नशा तो आंखो मीलने से ही चढ जाता है ।''

શ્રી શેકસપીઅર તો એટલે સુધી કહે છે કે -

**"Beauty is witch against whose charms faith meltech into blood."** - ખૂબ સૂરતી એક એવી જાદુગરી છે કે જેની જાદુગરી આગળ નીતિ અને શ્રદ્ધા પળવારમાં લોહી ભેગી થઈ જાય છે અર્થાત્ નાશ પામે છે.

— ક્રમશ:

# સમાચાર સાર

**કાનોડમાં સર્વ પ્રથમ ઉપસ્થાપના વડીદીક્ષાનો ભવ્ય કાર્યક્રમ :** પરમપૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ના સમુદાયવર્તી પ. પૂ. શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દર્શન રત્નસૂરીશ્વરજી મ. સા. આદિને કાનોડ (જિલાઉદયપુર) રાજસ્થાન માં જેઠવદ ૪, દિ. ૨૮-૬-૦૨ ને ભવ્ય પ્રવેશ મહોત્સવ, જિનભક્તિ મહોત્સવ તથા જેઠ વદ ૭, દિનાંક ૨-૭-૦૨ ને જૈન સ્થાનકના વિશાલ પ્રાંગનમાં વડી દીક્ષા થયેલ. કાનોડ મૂર્તિપૂજકસંઘ તરફથી શ્રીફલની પ્રભાવના તથા માંગીબાઇ જિતેન્દ્રકુમાર ભોપાલ સાગરવાલા તરફથી સંઘપૂજન થયેલ. આજે સ્વામી વાત્સલ્ય, નવકારથી તથા રોજ બહારના સાધર્મિકોની ભક્તિ કાનોડ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી થયેલ. કાનોડ પધારતાં પૂર્વે પૂજ્ય ગુરૂદેવ, ભીંવંડી રોકાએલ. ત્યાં ના માજી જૈન સરપંચ શંકરલાલજી ચવ્હાણે ગુરૂનું નવાંગી ગુરૂપૂજન થયેલ. કાનોડમાં સામૈયાની બોલી ભેવરલાલજી પોખરનાએ લીધેલ. કાનોડ પ્રવેશના દિવસે નવાંગી ગુરૂપૂજનથી બોલી બોલાયેલ. તેનો લાભ ગણેશમલજી મહાત્માએ લીધેલ. કાનોડ જાહેર પ્રવચન થયેલ. વડીદીક્ષા ના દિવસે નૂતન મુનિરાજના સંસારી સંબધિયોના તિલકનો બોલીનો લાભ શાંતિબાઇ મહાત્મા પરેવારે લીધેલ. અને એમને હાર પહેરાવાની બોલીનો લાભ ઉદયચંદજી મહેતા, મુંબઇ વાલાએ લીધેલ. ગુ. મ. ને ચાદર ઓઢાવાની બોલીનો લાભ મહાત્મા પરિવારે લીધેલ. તથા નવા મહારાજને ચાદર ઓઢાવાની બોલીનો લાભ-માંગીબાઇ જિતેન્દ્રકુમારે લીધેલ તથા આજે નવાંગી ગુરૂપૂજનની બોલીનો લાભ ભેવરલાલજી પોઅરના પરિવારે લીધેલ. કાનોડ (રાજસ્થાન) સર્વ પ્રથમ વડીદીક્ષા થયેલ. સ્થાનકવાસી તેરાપંથી બધા સમાજના ભાઇઓ પધારેલ. આ વડી દીક્ષાથી નો નવો રેકોર્ડ સ્થાપિત થયેલ. અને કાનોડથી ૧ કિલોમીટર દૂર અતિપ્રાચીન રાજગઢ તીર્થની જાત્રા કરી જીવન સફલ બનાવો.

**વઢવાણ સીટી :** અત્રે ચાતુર્માસ બિરાજમાન સ્વ. પ. પૂ. વ્યા. વા. આ. શ્રી વિ. **રામચન્દ્ર સૂ. મ** સા. ના પરમવિનેયી શિષ્યરત્ન પ. પૂ. મુ. શ્રી **પ્રશાન્ત દર્શન** વિ. મ. ની અ. સુ. ૧૧ ની વડી દીક્ષા તિથિ નિમિત્તે તેમને વંદનાર્થે આવેલ સંસારી ભાઇ-બેનો આદિ તરફથી પ્રવચન બાદ ૧૦-૧૦ રૂા. સંઘપૂજન શીતલનાથ જિનાલયમાં પ્રભુજીને ભવ્ય અંગરચના રચાયેલ. જેમાં નીચેના ભાગ્યશાલીઓએ લાભ લીધેલ.

*સ્વ. રમણલાલ નેમચંદ પરિવાર-અમદાવાદ.*
*સૌ. ભાવનાબેન વસ્તુપાલભાઇ - સાબરમતી.*
*સૌ. રેખાબેન સી. શાહ - આકોલા.*
*સૌ. ઉજ્વલા એમ. શાહ - આકોલા.*
*સૌ. ભદ્રાબેન એમ. શાહ - કાંદીવલી, મુંબઇ.*

*પ્રતિક્રમણમાં પણ ૧૦-૧૦ રૂા. ની પ્રભાવના થયેલ. રોજ ૧૦ થી ૧૧ પ્રવચન ચાલે છે. અ. વ. ૧ થી ભરહેસર વૃત્તિ.' પર પ્રવચનો થવાના છે.*

**વઢવાણ સીટી :** સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આ. શ્રી વિ. **રામચન્દ્ર સૂ. મ.** ના વિનેયી શિષ્યરત્ન પ. પૂ. મુ. **શ્રી પ્રશાન્ત દર્શન** વિ. મ. આદિ ઠાણા ૨ નો સ્વ. ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. **મહોદય સૂ. મ.** ની હૈયાની ભાવનાથી તેમના સંસારી વતન વઢવાણમાં જેઠ સુદ ૧૧ ના સસ્વાગત ચાતુર્માસ પ્રવેશ કરેલ છે. પ્રવેશ પ્રસંગે શ્રીફળ - પેંડા આદિની પ્રભાવના, સામુદાયિક આયંબિલ થયેલ. રોજ સવારના ૧૦ થી ૧૧ મનનીય પ્રવચનો ચાલે છે. ચાતુર્માસ દરમ્યાન પૂ. શ્રી સાથે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતિ છે.

મુ. પ્રશાન્ત દર્શન વિ.
સંવેગી જૈન ઉપાશ્રય,
મસ્જીદ ચોક, બજારમાં,
મુ. વઢવાણ સીટી - ૩૬૩૦૩૦.

**વિક્રોલી પૂર્વ** : પૂ. આ. હેમચંદ્ર સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી મેરૂચંદ્ર વિ. મ. ની નિશ્રામાં ચાલીશ દિવસનો વીશ વિહરમાન તપ ચાલે છે. એક બેસણું કરાવાય છે.

**શ્રીપાલનગર વાલકેશ્વર (મુંબઈ) માં પૂ. ગુરૂદેવ શાસન પ્રભાવક આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. સા. આદિ સૂરિદ્વયનો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ** રાજસ્થાનથી વિહાર કરી સ્મૃતિમંદિર, અમદાવાદની પ્રતિષ્ઠા પછી પૂ. ગુરૂદેવ આ. ભ. શ્રીમદ્ વિજય **કમલરત્નસૂરીશ્વરજી** મ. સા. સપરિવાર નવસારી, દહીસર, બોરીવલી, મલાડ, વિલેપાર્લે, સાતરસ્તા, જોગેશ્વરી, વાંદરા, દિપક જ્યોત ટાવર આદિ ક્ષેત્રોમાં વાજતે ગાજતે, સામૈયાપૂર્વક શાસન પ્રભાવના કરતાં કરતાં ભૂલેશ્વર રોડ માધવબાગમાં સામૈયા સાથે પ્રવેશ થયેલ. ત્યાં ચાર દિવસ સ્થિરતા કરી ચિરાબાજાર ભવ્ય સામૈયા સાથે વાજતે ગાજતે પૂજ્યશ્રી પધારેલ, વાંદરમાં બે વ્યાખ્યાન થયેલ. દીપકજ્યોત, દહીસર, અંધેરી, મલાડ, વિલેપાર્લે આદિસ્થાનોમાં નાસ્તો અને સામી વાત્સલ્ય આદિ થયેલ. શ્રીપાલનગર (જમનાદાસ મહેતા માર્ગ) વાલકેશ્વર માં તો ભવ્યાતિ ભવ્ય પ્રવેશ થયેલ. બે બેન્ડ, ૫૪/- થી વધુ રૂપિયાનું સંઘપૂજન, સાધર્મીવાત્સલ્ય આદિ થયેલ. દરરોજ ન્યાયવિશારદ, જ્યોતિષમાર્તંડ, પ્રવચન-પ્રભાવક-આચાર્ય **ભગવંત શ્રીમદ્ વિજય અજીતરત્ન સૂરીશ્વરજી મ. સા. પ્રવચન** આપે છે. ચિરાબાજારમાં મુનિરાજશ્રી દીપકરત્ન વિજયજીના સંસારી માતાપિતા ખૂબ આગ્રહ હોવાથી અષાઢ સુદ ૭ દિ. ૧૬-૭-૦૨ ને પૂજ્યશ્રી ત્યાં પધારેલ. ત્યાં પણ શાસનપ્રભાવના ઐતિહાસિક થયેલ.

*** જૈન શાસનમાં નવો મળેલ સહકાર ***

રૂા. ૫,૦૦૦/- મનુભાઈ નગીનદાસ, ખુશી ભેટના, સાગર સમ્રાટ, અમદાવાદ.

રૂા. ૨૫૦/- પ. પૂ. આ. ભ. વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.
ચાર્તુમાસ પ્રવેશ પ્રસંગે ખુશી ભેટના
નરશીભાઈ કાનજીભાઈ કરણીયા, ગોઈજવાળા, હાલ મુંબઈ તરફથી ભેટ

**આઠ મદ - આઠ તિર્યંચ ગતિ**

જાતિ મદ કરવાથી - કૃમિ વિગેરે થવાય.
કુલ મદ કરવાથી- શિયાલ વિગેરે થવાય.
રૂપ મદ કરવાથી- ઉંટ વિગેરે થવાય.
બલ મદ કરવાથી- પતંગીયા વિગેરે થવાય.
વિદ્યા મદ કરવાથી- બોકડા વિગેરે થવાય.
ઋદ્ધિ મદ કરવાથી- કુતરા વિગેરે થવાય.
સૌભાગ્ય મદ કરવાથી સાપ વિગેરે થવાય.
લોભ મદ કરવાથી બળદ વિગેરે થવાય.

(વાસંતી)

**પરમાધામી દ્વારા ભયંકર વેદના**

અંબ - ૫૦૦ યોજન ઉછાળે.
અંબર્ષિ - છરાથી ટુકડા કરે.
શ્યામ - યષ્ટિ-મુષ્ટિથી પ્રહાર કરે.
શબલ- આંતરડા હૃદયને ફાડે
રૂદ્રદેવ - ભાલા, બરછીથી વિંધે.
ઉપરૂપદેવ - અંગોપાંગને વિંધે, છેદે.
કાલદેવ - કડકડતા તેલમાં નાંખે.
મહાકાલદેવ- માંસના ટુકડા ખવડાવે.
અસિદેવ - તલવારથી ટુકડા કરે.
પગધનુ- બાણોથી નાક-કાન વિંધે.
કુંભદેવો - કુંભીપાકમાં પકાવે.
વાલુકા - તપાવેલી રેતીમાં ભુંજે.
વેતરણી - તપાવેલા સીસામાં નાંખે.
ખરસ્વર - કાંટાવાળા વૃક્ષોથી બરડે.
મહાઘોષ- પશુઓની જેમ વાડમાં પુરે.

- રશ્મિકા

પંચમકાળમાં નરકગામીની સંખ્યા વીર પ્રભુના ૨૫૦૦ વર્ષ પછી

૫૫,૫૫,૫૫,૫૫ આચાર્ય ભગવંતો

૮૮,૮૮,૮૮,૮૮૮ શ્રાવકો

૬૬,૬૬,૬૬,૬૬૬ સાધુ ભગવંતો

૯૯,૯૯,૯૯,૯૯૯ શ્રાવિકાઓ નરકે જવા વાળા થશે.

(રશ્મિ)

# સિધ્ધોનું સુખ કેટલું છે ?

**પ્રેષક : પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ.**

સિધ્ધ પરમાત્માઓને જે સુખ છે તેવું સુખ દેવ કે મનુષ્યને કદાપિ હોતું જ નથી. દેવ માનવના સુખ અપૂર્ણ, અશાશ્વત અને દુ:ખમિશ્રિત છે. જ્યારે મુક્તિનું સુખ સંપૂર્ણ,શાશ્વત અને મિશ્રણ વિનાનું અખંડ નિર્મળ સુખ છે. એ સુખનું પ્રમાણ સમજાવવા માટે શાસ્ત્રમાં ઉદાહરણ આપ્યું છે કે ત્રણે કાળમાં ઉત્પન્ન થયેલાં ચારે નિકાયના દેવો જે સુખ ભોગવી ગયા તેનો વર્તમાનમાં ભોગવે છે તેનો અને ભવિષ્યમાં ભોગવશે તેનો સરવાળો કરીએ ત્યારે અનંત પ્રમાણનું સુખ થાય. આ અનંત સુખને ભેગું કરીને અનંત વર્ગો વડે વર્ગિત-ગુણિત હોય તો પણ મોક્ષ સુખના પ્રમાણની તુલ્યતાને પામતું નથી.

આ સુખની અનિર્વચનીય અપૂર્વ મધુરતાને જ્ઞાનથી જાણવા છતાં તેઓ-જેમ મૂંગો માણસ ગોળ વગેરે મધુર પદાર્થની મીઠાશને કહી શકતો નથી તે રીતે કહી શકતાં નથી. જેમ કોઇ ગ્રામીણજન રાજવૈભવના સુખનો ભોગવટો કરે પછી પોતાના ગામમાં જાય ને કોઇ ભોગવેલું સુખ કેવું હતું ? એમ પૂછતાં ગામડામાં પ્રસ્તુત સુખની ઉપમા આપી શકાય તેવી વસ્તુના અભાવે કહેવાની ઇચ્છા હોવા છતાં ઉદાહરણ આપી સમજાવી શકે નહિં તેવું આ સુખનું છે. સિધ્ધ જેવું સુખ બીજે કોઇ સ્થળે છે નહિં. એટલે પછી કોની ઉપમા આપી શકાય ?

પ્રશ્ન : મોક્ષમાં કંચન, કામિની, વૈભવ, વિલાસ, ખાવાપીવા વગેરેનું કશું જ સુખ નથી. તો પછી ત્યાં અનંતું સુખ કહેવામાં આવે અને તે સુખને અસાધારણ વિશેષણોથી અલંકૃત કરવામાં આવે તો તે કથન શું બરાબર હશે ખરું ?

ઉત્તર : હા. જ્ઞાનીઓનું કથન સંપૂર્ણ સાચું છે. સંસારના પૌદગલિક-માયાવી સુખ તે તો ક્ષણિક દુ:ખ મિશ્રિત અને નશ્વર છે. વળી સુખો તે તો કર્મોદય જન્ય છે. કર્મના ઉદયથી ભુખ લાગે. કામ ભોગોની ઇચ્છા થાય અને છેવટે ભોગવટો થાય. પરંતુ જેના તે કર્મ જ ક્ષય થઇ ગયા હોય તેને સંસારના કામભોગોમાં શો આનંદ આવવાનો હતો ? અર્થાત્ કશો જ નહિં. સંસારના તમામ પદાર્થો સ્ત્રી-પુત્ર, ધન ધર અન્ન એ બધું ક્યાં સુધી મીઠું લાગે છે ? જ્યાં સુધી અનુકુળ રહે ત્યાં સુધી સુખના કારણભૂત રહે ત્યાં સુધી પણ જ્યારે તે દુ:ખના કારણભૂત બને ત્યારે તે જ સુખો કટુ લાગે છે. ત્યારે થયું કે ઇન્દ્રિયજન્ય પૌદ્ગલિકભાવના સુખો એ સાચા સુખો જ નથી પરંતુ આત્મામાંથી ઉત્પન્ન થયેલ સમ્યગ્જ્ઞાનાદિ રત્નત્રયીજન્ય એ જ સાચું સુખ છે. પૌદગલિક સુખ પરપદાર્થ જન્ય છે. માટે જ તે સ્વાધીન સુખ નથી. આત્મિક સુખ સ્વજન્ય છે. એટલે અંતરના આનંદથી ઉત્પન્ન થનારૂં છે. માટે સ્વાધીન સુખ છે. સિધ્ધાત્માઓને સ્વજ્ઞાનથી જાણવું, જોવું. સ્વદર્શનથી જોવું સ્વચારિત્રથી સ્વગુણમાં રમવું. એમાં જે અનંત આનંદ સુખ થાય છે. તેવું બીજા કોઇને હોતું નથી. અહિંસા યોગીઓને કે જ્ઞાનપૂર્વકત્યાગી જીવન જીવનારને ક્યારેક ક્યારેક આનંદની અદ્ભૂત લહેરીઓ આવી જાય છે. તે વખતે તેને સમસ્ત દુનિયાના સુખો તદ્દન ફીક્કા નિસ્તેજ લાગે છે. સાંસારિક સુખ ખરજ જેવા છે. જેને ખરજ હોય અને તે ખણે, તેને જ ખણવાનું સુખ થાય. પણ જેને તે દર્દ જ નથી તેને ખરજજન્ય સુખ શું ? કંઇ જ નહિં. નાનું બાળક રૂપીયાનું મૂલ્ય સમજતો નથી હોતો એટલે લેવાની ઇનકાર કરી પતાસું જ પસંદ કરે છે. એવું જ મુક્તિસુખ માટે છે. ભોગવિલાસમાં મોહાંધ બનેલાને પતાસાં જેવા સંસારના સુખોનું જ મુલ્ય હોય છે. મહામૂલા મુક્તિ સુખના મૂલ્ય હોતાં નથી.

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

* તમને બધાને દાન મારનારું છે, તો સાધુને માન મારનારું છે. તમારા માટે જેટલું ધન ખરાબ છે, તેટલું સાધુ માટે માન ખરાબ છે. માનના ભિખારી બનેલા સાધુઓ અવસરે જુઠું પણ બોલે અને ઉત્સૂત્ર પણ બોલે, લોકોને શું ગમે છે ? તે જોઈને એ બોલે. જે સુખને શાસ્ત્રે કિંપાકના ફળ જેવું કહ્યું, 'તે સંસારના સુખ માટે પણ ધર્મ જ કરાય' એવું સાધુથી બોલાય ખરું ? બોલે તો તે સાધુ ગણાય ખરો ?

* વ્યાખ્યામાં કદી પણ ફેરફાર ન થાય, બે ને બે ચાર જ કહેવાય, પાંચ બોલે કે ત્રણ બોલે, એ સ્વાથી ગણાય. ઘણા આજે અમને દૃષ્ટિકોણ બદલવાની સલાહ આપતા કહે છે કે, થોડીક બાંધછોડ કરો. પણ મારે કહેવું છે કે, અમે સાધુપણું સ્વીકાર્યું, એટલે દૃષ્ટિકોણ ફેરવ્યો જ છે. હવે ફરી દૃષ્ટિકોણ ફેરવવાનો હોય જ નહિ. સિદ્ધાંત તો ત્રિકાલાબાધિત છે. એ કદી ન ફરે, હજી ક્રિયા ફરે ! એ લોકોનો તો જાણે એવો નિર્ણય છે કે, અમને સંભળાવવા માટે તમે ધર્મ છોડો, પણ ધર્મ સાંભળવા માટે અમે કંઈ જ છોડવા તૈયાર નથી.

* આજની તમારી ચૂંટણી પ્રથાએ તો દેશ અને ધર્મને ભારે ધક્કો પહોંચાડ્યો છે. વર્તમાનની સઘળી અવ્યવસ્થાનું મૂળ આ ચૂંટણીમાં જ રહ્યું છે. તમે લોકો તમારી પેઢીમાં નોકરો પસદંગી કરીને ગોઠવો છો અને ધર્મ સંસ્થાના વ્યવસ્થાપક કોને બનાવવા, એનો નિર્ણય અજ્ઞાન-લોકોના મતથી કરો છો. અમને આ વાત બહુ આઘાતજનક લાગે છે. પણ અમારાથી વધુ બોલ ય એવું નથી. કારણ કે આજે 'ટ્રસ્ટ' પદ્ધતિ અમલમાં છે. આ પદ્ધતિ અમલમાં આવી, ત્યારથી ધર્માદા સંસ્થાઓ પરથી સાધુઓ અને સદ્ગૃહસ્થોનું વર્ચસ્વ મરી પરવાર્યું અને ટ્રસ્ટીઓ જ લગભગ સર્વેસર્વા બની ગયા !

* હમણાં હમણાં એવો એક અવાજ નીકળતો થયો છે કે, જૈનો સત્તા ઉપર હોય તો સારું, તો આપણને બહુ નુકશાન ન થાય ! પણ હું કહું છું કે, સંસારને ભૂંડો ન માને, એવા આગળ વધેલાનો દાવો કરતા જૈનો જગતનું શું ભલું કરવાના હતા ? જૈન બાપના દીકરાએ સત્તા પર આવીને મત્સ્યોદ્યોગ ખાતું હોંશથી સંભાળ્યાના દાખલા મળે છે. આજે મેયર થાય, એટલે જીવો કાપવામાં પહેલી સહી કરવી પડે. જૈનની વાત તો દૂર રહી, જે આર્ય હોય, એય આજે મેયર ન બને. જો આર્યત્વ પણ જીવતું હોત, તો વર્તમાન ચૂંટણીમાં ઉભો - હેનાર કે મતદાન કરનાર કોઈ ન નીકળત ! એના બદલે આજે મેયર બનવાની અને ચૂંટણીની ટિકિટો મેળવવાની પડાપડી થાય છે, એ જ બતાવે છે કે, હવે તો આર્યત્વ પણ ઓસરી રહ્યું છે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

91180

# જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

## અઠવાડિક


વર્ષ ૧૪

અંક ૪૮


**રાગાદિની ભયાનકતા**

नाण-चरणसंघातं, रागद्दोसेहि
जो विसंघाते।
सो भमिही संसारे, चक्करंगं
अणवदग्गं॥

(શ્રી વ્યવહાર ભાષ્ય ગા. ૧૬૮૯)

જે મુનિ રાગ-દ્વેષાદિને આધીન બની, જ્ઞાન-ચારિત્રથી પ્રાપ્ત થયેલા ગુણોનો નાશ કરે છે તે ચારગતિમય સંસારમાં અનંતકાળ સુધી ભમે છે.


**શ્રી જૈન શાસન કાર્યાલય**
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005



आचार्य श्री कैलास सागर सूरि ज्ञान मन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र,
कोबा, जि. गांधीनगर, पीन-३८२००९

# 'પૂજામૂલં ગુરોર્ક્રમ:'

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ભવસાગરમાં ભમતા એવા મને આપ સમાન તારક ગુરુદેવ મળ્યા, આપની છત્રછાયામાં કિલ્લોલ કરતાં અમો આરાધનામાં આગળ વધતાં હતા પણ કાળ અમારું સૌભાગ્ય જોઈ ન શક્યો અને આપનો વિરહ થયો. સ્થૂલદેહે ભલે આપ વિદ્યમાન નથી પણ સ્મરણદેહે તો આપ અમારા શ્વાસોશ્વાસમાં વિદ્યમાન છો. આપની યાદી નયનોને ભીંજાઈ જાય છે. આપની યાદી અમારા મનમાં જે તાજની ઉમંગનો ઉત્સાહ ભરે છે, આપે આત્માની આપેલી સાચી મૂડી સંયમૈકનિષ્ઠતા તેનું તો જીવની જેમ જતન કરું છું. આપની પાસે એક જ યાચના છે કે આપના ચરણોની સેવા ભવોભવ મળે. આપના પ્રત્યે એવી ભક્તિ કરું જેથી આપની અનરાધાર કૃપાના બળે હું ભવસાગર તરી જાઉં, મારો આ સંસારવાસ છૂટી જાય.

કલ્પવૃક્ષ તો બહુ બહુ તો ભૌતિક સુખ-સામગ્રી આપે પણ આત્મિક ગુણ સંપતિ-સમૃદ્ધિ તો આપ જેવા તારક પાસેથી જ મળે. આપના ચરણોની સેવાથી મારે ઈચ્છાપૂર્તિ કે ઈચ્છાતૃપ્તિ નથી કરવી પણ મારી મૂર્ચ્છાની મુક્તિ કરવી છે, પરિગ્રહ સંજ્ઞાથી બચવું છે, સર્વસંગનો સાચો ત્યાગ કરવો છે. સંસારનો રસ અનંતકાળથી પીધો પણ હું તૃપ્ત ન થયો. હે ગુરુ મૈયા ! મને હવે બધા રસોનો રાજા ઉપશમરસ તેનું આકંઠ પાન કરાવો જેથી હું પણ અમૃતમય બની જાઉં. કષાયની પક્કડમાંથી મુક્ત થઈ ઉપશમરસની મહેફિલ માણવાનું સૌભાગ્ય મળે. આ સંસારમાં ભમતા એવા મેં ભવોભવ ઘણા પાત્રો-વાસણ આદિ વાપર્યા પણ હવે મારામાં એવી પાત્રતા પેદા કરવી છે. જેથી મારા આત્માની સાચી પાત્રતા વિકાસ પામે, ખીલે કે સંયમ જીવન સુંદર આરાધનાથી મઘમઘતું બની જાય. પ્રમાદરૂપી ચોરો મારા પ્રાપ્ત આત્મધન-વૈભવને લુંટી ન જાય તેવી જાગૃતિ આપ. આપના શ્રીમુખે કરેલ જિનવાણીરૂપ અમૃતના ઓડકાર મારામાં એવું બળ આપે જેથી મારા કષાયો ભાગી જાય, મોહ તો સરકસ ના સિંહ જેવો પાળતુ કૂતરો બની જાય. જડતા-વક્રતા તો દૂર જ ચાલ્યા જાય. આપના સુપરિચયે મને સંસારના સ્વરૂપનું જે જ્ઞાન થયું, અજ્ઞાન અંધકારનું ભાન થયું, તે આપના આરે પડી મેં જે દુર્ગતિના સંતાપો અનુભવ્યા તેનાથી બચવું છે . તે માટે આપ સૂર્ય જેવા બની મારા જીવનમાં સમ્યક્-જ્ઞાનનો પ્રકાશ પાથરો, મારા મોહ તિમિરને હટાવો, કષાયોથી બચાવી, વિષયોથી વિરામ પમાડી, મોક્ષમાર્ગમાં મારું અવિહડ પ્રયાણ બન્યું રહે તેવા આશીર્વાદ વરસાવજો. આપ મારા અંતરના અવાવરૂ ઓરડામાં દીપક બની અનાદિના અજ્ઞાન અંધકારને દૂર કરી અંતરને અજવાળનારા બનો જેથી હવે હું માર્ગભ્રષ્ટ કે માર્ગવિમુખ ન બનું. આજ સુધી 'અનાડી' બની 'અવળી ચાલે' ચાલ્યો, માન-સન્માનમાં કુલણજી દેડકા જેવા બની મેં કષાયની 'વરમાળા' પહેરી કષાયોને પોષ્યા પણ મારો ઉદ્ધાર ન થયો. આપના પસાયે હવે તો મને લગની લાગી છે મુક્તિ કન્યાની વરમાળાની, મુક્તિ મહેલે પહોંચી મુક્તિ સુંદરીને વરવાની. તે માટે જરૂર છે આપના આશિષની અમીરાતની. આપ દૂર-સુદૂરથી એવી આશિષની હેલી વરસાવો જેથી મારા જીવનમાં પણ એવું મંગલ પ્રભાત ઉગે જેથી આજ સુધી આપની પાસે શ્રવણ કરેલી જિનવાણીનો પરમાર્થ મારા રોમે રોમમાં પરિણામ પામે અને સાડા ત્રણ કરોડ રૂંવાડામાંથી આ જ્ઞાનો અપ્રતિહત અનાહત નાદ નીકળે અને એવી પુણ્યવંતી પળ મારા જીવનમાં આવી જાય કે ભવોભવના કર્મો ભાંગીને ભુક્કો થઈ જાય અને આપની અંતરની આરઝૂને સફળ કરનાર બનું તે જ મારી અભ્યર્થના !

卐卐卐

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च.

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

# જૈન શાસન (અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
ભરત સુદર્શનભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પાનાચંદ પદમશી ગુઢકા (થાનગઢ)

વર્ષ : ૧૪) * સંવત ૨૦૫૮ ભાદરવા સુદ ૧૧ * મંગળવાર, તા. ૧૭-૯-૨૦૦૨ (અંક ૪૮

## પ્રવચન – પંચાવનમું છપ્પનમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૨, શનિવાર, તા. ૧૯-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

સં. ૨૦૪૩, ભાદરવા વદિ-૧૪, સોમવાર, તા. ૨૧-૯-૧૯૮૭
શ્રી ચંદનબાળા જૈન ઉપાશ્રય, વાલકેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૬

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

*ગતાંકથી ચાલુ ...*

*(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજી ના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. —અવ૦)*

पिय-मायऽव चभज्जासयण घणा सबलतित्थिमं तिनिवा ।
नायर अहमपमाया परमत्थभयाणि जीवाणं ॥

અહીંથી મરવાનું છે તો ક્યાં જવું છે ? જીવતા મરવાની ચિંતા કોણ કરે તેમ કહે છે. પરલોકની ચિંતા કરીએ તો ઘર છોડવું પડે. પણ અમારે મરતા સુધી ઘર છોડવું નથી તેવો નિર્ણય છે ને? મરતા પહેલા ઘર છોડીને મરવું છે તેવા નિર્ણય વાળા કેટલા ? તમારાં હૈયામાં જેટલાં ઘર-બારાદિ છે તેટલા જો દેવ-ગુરુ-ધર્મ બેસી જાય તો ઠેકાણું પડી જાય. તમે સમજી જાવ તો લાગે કે, માતા-પિતાદિ સ્નેહી સંબંધી બધા ધર્મમાં અંતરાય કરનારા છે. જેને ધર્મ ન કરવો હોય તેને આ વાત નહિ સમજાય. તમારે ધર્મ કરવો છે ? ઘર-બારાદિ છોડવા જેવા લાગે છે? સુજન-સંપતિ છોડવા જેવી લાગે છે? ન લાગે તો તે દુર્ગતિ માં જ લઈ જાય ને? દુર્ગતિમાં જવું છે? ઘર-બારાદિ છોડવાની ભાવનાવાળો ઘરમાં મરે તો ય સદ્ગતિમાં જાય. આવી ભાવના ન હોય તે ધર્મ કરતો કરતો મરે તો દુર્ગતિમાં પણ જાય. કદાચ સારી ગતિમાં જાય તો ત્યાંથી ય દુર્ગતિમાં જાય. આજે આવી ધર્મસામગ્રીવાળો મનુષ્યજન્મ પામેલા પણ પાપ કરીને જીવે છે ને? પાપ, પાપ લાગતું નથી ને?

આપણે દેવ-ગુરૂ અને ધર્મ સારા મળ્યા છે પણ તે ત્રણ ગમે છે ખરા ? ભગવાનને જોઈને શું શું થવાનું મન થાય છે? ભગવાન પાસે શું શું માગો છો ? શાસ્ત્રે તે બધી નોંધ કરી છે. તેના માટે જુદું સૂત્ર બનાવ્યું છે. શ્રી જયવીયરાય નામનું પ્રાર્થના સૂત્ર લખ્યું છે. ચૈત્યવંદન કરનારા બોલી જાય છે પણ તેને ખબર નથી કે શું શું માગું છું ? એટલું બધું અજ્ઞાન વ્યાપ્યું છે કે વર્ણન ન થાય. આજે તમારા ઘર-પેઢી બગડે તો કહે કે, દેવ-ગુરુ-ધર્મમાં કશું રહ્યું નથી. આટલો ધર્મ કરીએ તો ય દુઃખીના દુઃખી. સુખ સાહ્યબી-સંપતિવાળું ઘર સારું લાગે તે કોની મહેરબાની ? પાપ કર્મની. તે પાપકર્મ દુર્ગતિમાં લઈ જનારું છે. તે તમને સંસાર સારો લગાડે છે અને ધર્મ ભૂંડો લગાડે છે. તમે પાપના ઉદયવાળા છો કે પુણ્યના ? સુખીને પુણ્યશાલી કહેવાય પણ દુનિયાનું સુખ સારું લાગે તે મહાપાપના ઉદયવાળા કહેવાય. સંસાર છોડવાનું કહું તે વાત ગમે કે સંસારમાં મજા કરવાનું કહું તે ગમે? તમે લોકો તો મારે જે બોલવું છે તે હું ન બોલી શકું તેવા પ્રશ્નો કરો છો. આ તો હું મારી વાત પકડી રાખું છું માટે ગાડી ચાલે છે. 'અમારે પૈસો અને પૈસાથી મળતું સુખ જોઈએ છે, તે માટે જે કરવું પડે તે કરાય

તેમાં પાપ નહિ'-એવું મારી પાસે બોલાવવા માગો છો પણ હું બોલવાનો નથી. હું તો ભગવાનનો ધર્મ મોક્ષ માટે જ કરાય તે વાતની ડીમ ડીમ પીટવાનો છું. દુઃખમાં રિબાય પણ પાપ ન કરે તેને સારો કહેવાય. પૈસો અને પૈસાથી મળતાં સુખ માટે પાપ ન કરે, જૂઠ ન બોલે, ચોરી ન કરે, અનીતિ-વિશ્વાસઘાત ન કરે તેને સારો કહેવાય! પૈસા માટે પાપ કરનારા તે પણ મજેથી-દુર્ગતિમાં જાય કે સદ્ગતિમાં જાય ? દરિદ્રી પણ સંતોષી હોય તો તે દુર્ગતિમાં ન જાય! ખૂબ પૈસાવાળો પણ જો તે અસંતોષી હેય તો દુર્ગતિમાં જાય! તમને સંતોષ ગમે કે અસંતોષ ગમે ? પૈસાની જરૂર પડે તે ખરાબ લાગે કે સારું લાગે? કેટલા પૈસા મળે તો તમને સંતોષ થાય? શાસ્ત્રે લખ્યું કે, અતિ ઊના ઘીથી ચોપડેલ રોટલી, સાંધા વગરનું વસ્ત્ર અને રહેવાની જગ્યા-આથી અધિક ઈચ્છે તેવો માર્ગાનુસારી જીવ પણ ધર્મથી પડે. સમજાય છે?આટલું તો તમારા બધા પાસે છે ને? તમને આજીવિકાનું સાધન હોવા છતાં ય અધિક પૈસો મેળવવાનું મન થાય તે ખરાબ લાગે કે સારું લાગે?

આ માટે મારી તો ભલામણ છે કે, તમે બધા જૈનકુળ અને જૈન જાતિમાં જન્મ્યા છો તો સાચા જૈન બની જાવ. પછી ધર્મની આડે આવનારાની વાતો કરું તો મજા આવશે. પછી તમને જ થશે કે, ધર્મમાં કોઈને ય અંતરાય કરવો નહિ. આપણે ધર્મ સમજ્યા નહિ તે ભૂલ કરી. તમે સાધુ નથી થયા પણ તમારા છોકરા સાધુ થયા વિના ન રહી જાય તેની ચિંતા છે ખરી ? છોકરા સાધુ ન થાય તો સાધુ થવાની શક્તિ આવે માટે શ્રાવકપણાના વ્રત વિના પણ રહી જાય તે પસંદ પડે ખરું? આપણને બધાને સામગ્રી સારી મલી છે તેમ છતાં ય જો આપણે દુર્ગતિમાં જઈએ તે આપણી ભૂલના પ્રતાપે. આપણા ખોટાપણાના પ્રતાપે માટે શાણા થઈ જાવ વિશેષ અવસરે.

❑

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે - જેણે સમ્યગ્દર્શન પેદા થઈ ગયું છે. જેની સમજમાં આવી ગયું છે કે, ધર્મની આરાધના પણ મોક્ષની સાધના માટે જ કરવાની છે, ધર્મની આરાધના સિવાય, આ જગતમાં સાચા સુખી થવાનો બીજો એક પણ ઉપાય નથી -અને મોક્ષ સિવાય આ સંસારમાં કશે સાચું સુખ પણ નથી તેથી જે આત્માઓ ભગવાનની આજ્ઞા મુજબ મોક્ષને માટે જ ધર્મ કરે છે, તેમણે મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં રહેવું પડે તો જે જરૂરી હોય તે બધું મળ્યા કરે છે. મોક્ષને માટે જ ધર્મ કરનારની બધી ચિંતા ધર્મ જ કરે છે. તેનો આ લોક પણ સારો હોય, જીવતાં ય સુખી હોય, મરતાં સમાધિમાં હોય, પરલોક પણ સુંદર બને અને થોડા જ કાળમાં મોક્ષને પામી જાય. દરેક ભવમાં ધર્મ ચૂકાય નહિ, મોક્ષ સાધક ધર્મની આરાધના ચાલુ રહે તેવી સામગ્રી મલ્યા કરે.

જ્ઞાનિઓ કહે છે કે, આ સંસારના જેટલા સ્નેહી - સંબંધી છે તે બધા ભયરૂપ છે. માતા-પિતાદિથી માંડીને રાજા-મંત્રી આદિ પણ. સંસારના સુખનો-મોજમજાદિનો જેટલો પ્રેમ હોય છે તેવો ધર્મનો પણ નથી હોતો. 'ધર્મ જ કરવો જોઈએ' તેવી તો રૂચિ પણ નથી. કદાચ તે ધર્મ કરે તો પણ સ્વાર્થ માટે.તમારો જ સગો દીકરો ધર્મ કરતો હોય અને કામમાં આડે આવે તો ધર્મ કરવા દો ખરા ? ભણેલો છોકરો, વેપારાદિ કરતો બંધ થઈ જાય અને માત્ર ધર્મ કરતો થાય તો તે તમને ગમે ? તમને પણ બંધ કરવાનું કહે તો ગમે ? જીવ ધર્મ ન પામે ત્યાં સુધી તેને ભગવાન સમજાતા નથી, આજ્ઞા સમજાતી નથી, આજ્ઞા મુજબ ધર્મ કરવાનું મન પણ થતું નથી.

ધર્મની આડે આવનાર પિતાના દષ્ટાન્તમાં ભૃગુ પુરોહિતનું દષ્ટાન્ત જોઈ આવ્યા.માતાના દષ્ટાન્તમાં શ્રી વજ્રસ્વામિજી ભગવાનની માતાનું, શ્રી ચંદ્ર રાજાની માતાનું દષ્ટાન્ત જોઈ આવ્યા. હવે બ્રહ્મદત ચક્રીની માતા ચુલનીદેવીનું દષ્ટાન્ત કહે છે. બ્રહ્મદતચક્રીના પિતા શૂલ રોગથી અચાનક દેવલોક પામ્યા. મિત્ર રાજા બાલ એવા બ્રહ્મદતનું રક્ષણ કરે છે. ચુલની તે રાજાની સાથે અનાચાર સેવવા લાગી. બ્રહ્મદતને ખબર પડી ગઈ કે, મારી માતા ખરાબ આચરણ કરે છે. તે બેને કહે છે કે - હું તમને બેને મારી નાખ્યા વિના રહીશ નહિ. તેથી તે રાજા ચુલનીને કહે છે કે, હવે આપણો જીવ જોખમમાં છે માટે આને મારી નાખવો જોઈએ. તે વખતે ચુલની કહે કે -આ તો મારો જ દીકરો છે, રાજ્યને લાયક છે, શી રીતે મારી નાખું. રાજા કહે કે-મારા થકી પણ તને અન્ય પુત્રો થશે. મોહાંધ બનેલી એવી તે પોતાના દીકરાને મારી નાખવા

સુધીનો પ્રયોગ કરે છે. આપણે પ્રાસંગિક આટલી વાત કરવી છે.

માતા-પિતાદિ સંતાનનું હિત જ કરે કે અહિત પણ કરે ? હિત શું અને અહિત શું તે ખબર નથી ? આજીવિકાનું સાધન હોય તો ય વેપારાદિ કરો તે શાથી કરો છો ? ધંધો કેવો માનો છો ? પાપ કે કરવા જેવો ? ઘર પણ કેવું માનો છો ? સારું કે છોડવા જેવું ? ઘરમાં મજેથી બેઠા છો કે દુઃખથી ? શ્રાવક ઘરમાં મજેથી રહે ? મજેથી પૈસા કમાય ? મજેથી સુખ ભોગવે ? આ બધું મજેથી કરે તે શ્રાવક હોય ? તે સમકિતી હોય કે મિથ્યાદષ્ટિ હોય ? તમે આ બધું મજેથી કરો તો તમને લાગે કે, હજી આપણું મિથ્યાત્વ ગયું નથી અને સમ્યક્ત્વ આવ્યું નથી. તો આપણને મિથ્યાત્વનો ભય ખરો ?

આ મહાપુરુષ ફરમાવી રહ્યા છે કે, જેને આ સંસારમાં ધર્મ કરવો હોય તેને માતા-પિતાદિથી પણ સાવધ રહેવું પડે. તમારાં સંતાનોને ધર્મ કરવો હોય, તે ધર્મ કરવા તૈયાર થાય તો તમે બધા તેને રાજીથી ધર્મ કરવા દો ખરા ? સંતાનોને એવી જાતિનું શિક્ષણ આપ્યું - આપો છો કે, ધર્મ કરવાની વાત પણ ન કરે. દેખાવ ખાતર મા-બાપ ધર્મ કરવાનું કહે તો છોકરા સમજે છે કે-ખાલી બોલે છે પણ ધર્મ ન કરીએ તો દુઃખ થતું નથી. મારું સંતાન સદ્‌ગતિમાં જઈને, વહેલો મોક્ષે જાય તેવી ઈચ્છાવાળા માતા-પિતા કેટલા ? તમને તેવા માતા-પિતા થવાનું મન થાય છે ? તમારું સંતાન અધર્મ કરે, અનીતિના વેપાર કરે, ગમે તે રીતે પૈસા કમાય તો રાજી કે નારાજ ? તમે તો કહો કે, અમે જ અનીતિ મજેથી કરીએ છીએ અને સંસારમાં લહેર કરીએ છીએ પછી ક્યાંથી કહીએ ? સંસારમાં લહેર-મોજ મજાદિ કરવાથી દુર્ગતિ થાય છે-તે વાતની શ્રદ્ધા છે ખરી ? સંસારમાં રહેવાનું દુઃખ ન હોય, તેવું જેના મનમાં ન હોય તેને શ્રાવકપણું સ્પર્શ્યું કહેવાય ? શ્રાવક સંસારમાં દુઃખથી રહે કે સુખથી ? સંતાનો સંસારમાં મજેથી અધર્મ કરે, લહેર કરે તેવું ભણાવે ? આજે તો સંતાનોને બધું ભણાવો, માત્ર ધર્મનું જ ન ભણાવો ને ? તમારા ગ્રેજ્યુએટ છોકરાને સામાયિક, ચૈત્યવંદન કરતાં ન આવડે તો તે માતા—પિતા હિત કરનારા કહેવાય કે અહિત ? આજે તો દુઃખ સાથે કહેવું પડે છે કે, જૈન જાતિ—કુળમાં જન્મે, તે તેનો મોટામાં મોટો પાપોદય ! કેમ કે, તેને ધર્મના સંસ્કાર ન મળે, બાકી બધું મળે. ધર્મ ન શીખે તેની કાળજી રાખે. વેપાર—ધંધાદિ કેમ કરવા, પૈસા કેમ કમાવા—તેમ શીખવો પણ ધર્મ શીખવો ને ? કદાચ પાઠશાળા ચાલે તો કેટલા મા—બાપ મોકલે ? દુનિયામાં નાપાસ થાય તો ધમકાવી નાખો ને ? તમને ધર્મ સ્પર્શતો કેમ નથી ? એક જ કારણ છે કે, જે સાંભળો તેની દરકાર નથી, સમજો તેની શ્રદ્ધા કરવાની પણ દરકાર નથી. જેને શ્રદ્ધા થાય તો તે આત્મા શક્તિ જેટલો ધર્મ કર્યા વિના રહે નહિ. વ્યાખ્યાનમાં સાંભળેલું સમજાયું કે નહિ તેની ચિંતા નથી, શ્રદ્ધા કેમ થતી નથી તેની ય ચિંતા નથી, શ્રદ્ધા કરવા માટેની કોઈ મહેનત પણ દેખાતી નથી.

શાસ્ત્રે કહ્યું છે કે, ધર્મ પામેલા આત્માઓ પણ સંતાનના મોહથી ધર્મ ભૂલી જાય છે, જાગૃત થાય તો ઠેકાણે પડી જાય. તેમાં શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિની કથા કહેવાના છે. તે સાંભળી છે ને ? તે રાજા કેવા હતા ? નાના છોકરાને ગાદી ભળાવી સાધુ થઈ ગયા છે. કેટલો વિરાગ હશે ! મંત્રીઓ પણ પ્રામાણિક હતા. બાલ્યરાજાને પોતાના માલિકની જેમ સાચવતા હતા. એકવાર આ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ નગરની બહાર આતાપના લેતા ઉભા છે. મધ્યાહ્‌ન કાળે સૂર્ય સામે દષ્ટિ રાખી આતાપના લઈ રહ્યા છે તે વખતે શ્રી શ્રેણિક મહારાજા ભગવાન શ્રી મહાવીર પરમાત્માને વંદન કરવા જઈ રહ્યા છે. આ મુનિને આતાપના લેતા જોઈ હાથી ઉપરથી ઉતરી, વંદન કરી ભગવાનની પાસે જાય છે અને મનમાં વિચારે છે કે, આમને અને મોક્ષને છેટુ નથી. મોક્ષ તો તેમના હાથમાં છે. ભગવાન પાસે આવી ઉચિત અભિગમાદિ સાચવી, વંદન કરી દેશના સાંભળે છે. અવસરે પૂછે છે કે, હે ભગવંત ! મેં જ્યારે રાજર્ષિને વંદન કર્યું ત્યારે તે મરે તો ક્યાં જાય ? ભગવાન કહે છે કે, સાતમી નરકે. શ્રેણિક રાજા વિચારે છે કે, મારા સાંભળવામાં ભૂલ થઈ. થોડીવાર પછી પૂછે કે, ''હમણાં મરે તો ક્યાં જાય ?'' ભગવાન કહે—સર્વાર્થસિદ્ધમાં. થોડીવારમાં દેવદુંદુભિ વાગી. શ્રેણિક રાજાના પૂછવાથી ભગવાને કહ્યું કે, તે રાજર્ષિને કેવળજ્ઞાન થયું છે તેથી દેવો તેનો મહિમા કરે છે. તેથી રાજા ભગવાનને પૂછે છે કે—મને મૂળમાંથી બધી વાત કહો.  - ક્રમશઃ

# શ્રી જિનવાણીનો જાદુ

હપ્તો ૪...

—પ્રેષક : પૂ. બાલમુનિશ્રી વિરતીન્દ્ર વિજયજી મહારાજ

ત્યાર પછી પોતાની સાથે આણેલુ કરીયાણું એ સાર્થવાહે ગમે તે ભાવે જેમ આવે તેમ વેચી નાખ્યું અને પોતાના પુત્રને લઈને સાર્થવાહ પોતાની વિજયપુરી નગરી તરફ જવા માટે ત્યાંથી પાછો ફર્યો નગરીમાં આવી મહામૂલા ભેટણા સાથે તે શેઠ, પોતાના રાજાના દર્શને ગયો અને પોતાનો પુત્ર શ્રીગુપ્ત હવે તદ્દન સુધરી ગયો છે. અને આપણે ન ધારીએ તેવો સદાચારી બની ગયો છે. એ બધી વાત રાજાને કહી સંભળાવી-રાજાએ પણ શ્રીગુપ્તને પોતાની રાજસભામાં મોટી ધામધુમથી તેડાવ્યો અને આવેલા તેનો વિશેષ આદર કર્યો.

પછી નગરીમાં રહેતો શ્રીગુપ્ત પોતાના પિતા સાથે રહેતો શ્રી જિન ભગવાને બતાવેલા ધર્મનુ એક મને શુધ્ધભાવે બરાબર આચરણ કરતો ધર્મ, અર્થ, અને કામ વિગેરે પુરુષાર્થની પરસ્પર અવિરોધભાવે સાધના કરવા લાગ્યો જેથી તે ઉજ્જવળ કીર્તિને પામ્યો.

નવા નવા શાસ્ત્રોના ભાવોને રોજને રોજ સાંભળવા લાગ્યો અને જેમ જેમ એ શ્રી જિનવાણીને સાંભળતો ગયો તેમ તેમ તેનો વૈરાગ્ય ભાવ વધતો ચાલ્યો અને તે, એ પરિસ્થિતિમાં શાસ્ત્રના ભાવોનું વિશેષ વધુ ચિંતન કરવા લાગ્યો.

પછી પોતાની શક્તિ પ્રમાણે ૧૨ વ્રત સ્વીકારે તે પ્રમાણે જ પોતાનુ વર્તન રાખવા લાગ્યો અર્થાત અત્યાર સુધી તો તે, પોતાના દેહસુખો વગેરે માટે અમર્યાદ રીતે વર્તતો હતો તે હવે તે માટેની વિવિધ મર્યાદાઓ કરી, તૃષ્ણા ઓછી કરી સંતોષપૂર્વક વર્તવા લાગ્યો. ત્યાં પેલા પોપટની વાતને યાદ કરતો તે મહાત્મા પોતાનો વખત વીતાવવા લાગ્યો.

હવે એક વખત રાત્રે બરાબર એક સંધ્યા સમયે તે શ્રીગુપ્ત, ચૈત્યવંદન કરી સામાયિકમાં બેઠો હતો ત્યાં બરાબર તે જ વખતે બધી દિશાઓમાં પોતાનો પ્રકાશ ચમકાવતો અને ઈન્દ્ર કરતા વધારે સૌંદર્યમાન એવો એક દેવ આવી ચડ્યો આવીને શ્રીગુપ્તને આદરપૂર્વક પ્રણામ કરીને એ દેવે પૂછ્યુ : હે શ્રીગુપ્ત ! તારી આત્મહિતની સાધના વગરવિઘ્ને ચાલી રહી છે ?-શ્રીગુપ્ત બોલ્યો : દેવ અને ગુરૂના પ્રસાદને લીધે, ખાસ કરીને તો પેલા પોપટ મહાશયના પ્રતાપે, મારી સાધના બરોબર વગરવિઘ્ને ચાલી રહી છે. દેવ બોલ્યો-વળી, એ પોપટ મહાશય કોણ છે ? તે સાંભળી પોતા ઉપર એ પોપટ મહાશયે જે ઉપકાર કર્યો હતો તે બધી વાત એ શ્રીગુપ્તે વિગતવાર એ દેવને કરી, દેવે જાણ્યુ કે "આ મહાશય મારો કરેલો ઉપકાર ભૂલી નથી ગયા તેથી એ દેવ વિશેષ સંતોષ પામ્યો અને બોલ્યો : હે શ્રીગુપ્ત તું શું એ પોપટરાજને ઓળખી શકે છે ? શ્રીગુપ્ત બોલ્યો : એ મહાશય તો પંચત્વને પામ્યા છે, હવે તો એ કથાશેષ બની ગયો છે. એટલે એ તે શી રીતે ઓળખાય ? પછી દેવ બોલ્યો : ભાઈ ! હું એ જ પોપટ છું. પોપટના અવતારમાં પેલા મુનિરાજ પાસેથી ધર્મની વાત સાંભળી મેં પૂંડરીકગિરિ ઉપર જઈ અણસણ આદરેલુ અને ત્યાંથી કાળધર્મ પામી હવે હું સનત્કુમાર નામના સ્વર્ગમાં દેવના અવતારમાં અવતર્યો છુ અને હમણા હું તને ધર્મસાધનામા સ્થિર કરવા માટે અને એક બીજી ખાસ વાત તને જણાવવા માટે તારી પાસે આવ્યો છું -શ્રીગુપ્ત બોલ્યો ઠીક કર્યું હવે કૃપા કરીને જે બીજી ખાસ વાત મને કહેવાની છે તે તમે કહી નાખો. દેવ બોલ્યો:- આજથી સાતમે દીવસે તું આ માનવ લોક છોડી જવાનો છે. અર્થાત તારૂ મરણ થવાનું છે. તો તું હવે વિશેષ સારી રીતે ધર્મની આરાધનામાં પુરુષાર્થ કરજે. દેવનું એ કથન સાંભળીને શ્રીગુપ્તે તેને વિશેષ અભિનંદન આપ્યા. અને પછી એ દેવ પોતાને સ્થાને પાછો ફર્યો.

—અનુ. પાના નં. ૭૪૪ પર

# ટેકીલો ત્રિકમ તરગાળો

● ભાગ-૪

* પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

તેનુ કારણ મહાપુરૂષો કહે છે કે, વાસ્તવમાં આ કાયાની માયા આપણે ઓળખી નથી તે છે. રૂપમાં મૂંઝાઈ પતંગિયા જેવા દિવાના બની પછી જ્યોતિમાં પડી મરી જાય તેવી હાલત થાય. સુંવાળી સુકોમલ રૂડી રૂપાળી ગૌરવર્ણી આ ચામડીથી મઢેલી કાયામાં શું છે ? આજે જેમ બધા આકર્ષક પેકિંગમાં મૂઝાઈ પછી રૂવે છે, પસ્તાય છે. તેવું જ આ કાયાનું છે. ગમે તેટલી દેખાવડી હોય પણ અંદર શું છે તે ખબર નથી. જો આ ચામડીનું પડ કાઢી નાખવામાં આવે તો એક ક્ષણ પણ ઊભા રહી જોઈ શકાય તેવું છે ! અરે, આપણા જ મળ-મૂત્ર આપણી સામે ધરે તો ? તે પણ આપણને ગમતું નથી, નાક મરડીએ, મોં બગાડીએ. આપણો જ આરોગેલ સારામાં સારો સ્વાદિષ્ટ - સમય મરીમસાલાથી ભરપૂર ભક્ષ્ય પદાર્થ અને તેનું થયેલું પરિણામ તે પણ જો આવી દશા જીગીપ્સનીય કરે છે તો મળ, મૂત્ર, માંસ, ચરબી, રૂધિરાદિથી ભરેલી આ કાયાની ઉપરથી મઢેલી ચામડી ઉતારીએ તો શું દશા થાય ? દુનિયાની ફેકટરીઓનો કાચો માલ જોવો ન ગમે પણ તેનું ઉત્પાદન આંખે ઉડીને વળગે. જ્યારે આપણી આ કાયાની હાલત તેનાથી સાવ વિપરીત જ છે ને ? તેની દુર્ગંધથી દૂર રહેવાનું ગમે છે. ત્યાં જેવી અરેરાટી, જુગુપ્સા પેદા થાય છે તેવી આ કાયામાં થતી નથી. સુંવાળી-રૂપાળી કાયા જોતાં જ જીવ પાગલ બને છે, તેમાં જ સર્વસ્વ સુખ માને છે, તે ખાતર બધું હોમે છે અને પાગલતા તો એવી કરે છે, એવી એવી ચેષ્ટાઓ લાજ શરમ નેવે મૂકીને કરે છે જે લખતાં લેખીની પણ લાજે ! આ કાયા જેમાંથી ઉત્પન્ન થઈ, જેનાથી બની અને વૃદ્ધિને પામી તે જ ચીજ વસ્તુઓ કાયામાં ન હોય તો બીજું શું હોય ? છતાં પણ મમત્વ છૂટતું નથી અને વળગણ-પલોજણ વધે છે તે જ મોટામાં મોટું આશ્ચર્ય નથી ! માટે જ એક કવિએ ગાયું કે -

"કાયા રે માયા કારમી પરદેશી રે;
અપની કબહુ ન હોય મિત્ર પરદેશી રે."

આ અસાર કાયાને ભોગવવાથી કે પંપાળવાથી કલ્યાણ નથી. આ કાયા તો વૃક્ષની છાયા જેવી છે. વૃક્ષની છાયાને ખસતા વાર ન લાગે તેમ આ કાયાને રાખ થતાં વાર ન લાગે.

જેમ આ કાયા કોઈની બની નથી, બનતી નથી. બનવાની નથી તેમ પુણ્યયોગે મળેલી સંપતિ એ પણ નદીના વેગ જેવી છે. લક્ષ્મીને ચંચળ અમથી નથી કહી. લક્ષ્મી આવે ય વેગવેગે અને જાય પણ વેગ વેગે. લક્ષ્મીની લાલચે જગતને, સૌને અને આપણાને પણ કેવા બનાવ્યા છે. ત્યો ધર્મનો જયનાદ ગુંજાવનારા આપણાને લક્ષ્મીની લાલચ વધુ કે લક્ષીનો આજ્ઞા પ્રમાણે ત્યાગ કરવો વધુ ગમે ? વર્તમાનમાં વિચારો દેવદ્રવ્ય-ગુરુદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય જેવું પવિત્ર દ્રવ્ય છતાં પણ આ લોભ અને લાલચ આપણને કેવા ભાન ભૂલા બનાવે છે. 'માયા દેખી મુનિવર ચળે' એ વાત આજે પ્રત્યક્ષ દેખાય છે. મહાપુરૂષના સન્માર્ગનું જતન કરવાના બદલે લક્ષ્મીના કેફે આજે આપણને જાણતાં કે અજાણતાં માર્ગનો લોપ કરાવનારા બનાવ્યા છે. લક્ષ્મી તો પસણી ભૂમિ જેવી છે. જે ન લપસે અને બચે તે જ ભાગશાલી !

જેમ માછલું માંસના કકડામાં લલચાય છે અને પછી કારમી વિંટબણાઓ પામે છે તેમ આપણો આત્મા પણ મોહ રૂપ જાળમાં ફસાય છે અને પછી ચાર ગતિના ચોકમાં ચોર્યાશીના ફેરામાં અટવાય છે.

જ્ઞાનિઓ આલબેલ પોકારે છે કે - જગતની માયામાં મૂંઝાયેલા જીવો, આ મનુષ્ય જન્મની દુર્લભતાને ન જાણે, અસ્થિર ક્ષણભંગુર આયુષ્યનો વિશ્વાસ રાખી યોવનની મોજ માણવા મલ, મૂત્ર, રૂધિરાદિ અશુચિ

'કીડાની જેમ કે વિષ્ટામાં ભૂંડની જેમ લીન બને છે. અને લક્ષ્મીનો લોભી, લાલચુ બની સંસારના સ્નેહી-સંબંધી, સ્ત્રી-પુત્ર આદિ પરિવારના મોહમાં મદોન્મત બને છે તે જ જગતનું અનોખું આશ્ચર્ય નથી !!! પછી તેની ખાના ખરાબી, હાલ-બેહાલલ વિચિત્ર દશા થાય તેમાં નવાઈ પણ શું છે ?

માટે આપણે હવે આનાથી બચવું છે તો અનંતજ્ઞાનિઓનું, તેમની પરમતારક આજ્ઞાનું સાચું શરણું સ્વીકારવું છે અને તેને જ સમર્પિત થવું છે. અનંત દુઃખમય સંસારથી બચવા અને અનંત સુખમય મોક્ષને પામવા આ જગતની માયામાં મૂંઝાયા વિના, માનવજન્મની દુર્લભતાને સમજી, આયુષ્યની અનિત્યતાને જાણી, યુવાનીનો સદુપયોગ કરી, કાયાની અપવિત્રતા, અશુચિમયતાને બરાબર આત્મસાત કરી, લક્ષ્મીને ભયાનક શેષનો સમાન જાણી તેની લોભ-લાલચથી બચી, મોહરૂપી જાળમાં ફસાવું નથી પણ તેને મારવા જ પ્રયત્ન કરવો છે. મોહ મારો મિત્ર નથી પણ જાલીમ શત્રુ છે. તેની તરફ મીઠી નહિ પણ લાલ આંખ કરી સુદેવ-સુગુરુ-સુધર્મના સાચા આરાધક બનવું છે અને આરાધનમાં આરાધક ભાવમાં આગળ વધી વિરાધના-વિરાધકભાવથી બચી આ સંસારના પારને પામીએ તે જ હૈયાની મંગલ કામના છે. ઉઠાવો કદમ, ફતેહ છે આગે ! **–સમાપ્ત**

(શ્રી જિનવાણીનો જાદુ, પાના નં. ૭૪૨ નું ચાલુ)

દેવની વાત સાંભળ્યા પછી તુરત જ શ્રીગુપ્ત શ્રી જિનમંદિરોમાં વિશેષ પૂજા પ્રભાવના કરવા લાગ્યો સકલસંઘની પૂજા કરીને જીવમાત્રને ખમાવ્યા. અર્થાત પોતાના અપરાધો બદલ જીવ માત્રની ક્ષમા માંગી અને પછી દિવ્ય જ્ઞાનવાળા વિજયસૂરિ નામના આચાર્ય પાસે સંથારો સ્વીકારી અણસણ માંડ્યુ. સંથારામાં પાંચ પરમેષ્ઠિના નમસ્કારરૂપ નવકાર મંત્રને જ અક્ષુબ્ધભાવે યાદ કરતા તે કાળધર્મ પામી સ્વર્ગે સીધાવ્યો.

આ પ્રસંગે નગરવાસી લોકોએ તે આચાર્યને પૂછ્યુ હે ભગવંત ! શ્રી ગુપ્ત અત્યંત દુષ્ટ અને ક્રૂર આચારવાળો હતો છતાય તે આ જાતના વિશુધ્ધ વિવેકને શી રીતે પામ્યો ? અર્થાત પાછળથી તે કેવી રીતે સુધરી ગયો ? એ વિજયસૂરિ આચાર્ય બોલ્યા શાસ્ત્રોને સાંભળી સાંભળીને એવા દુષ્ટ શ્રગુપ્તમાં પણ પવિત્ર સદાચાર તથા બીજા અનેક સદ્ગુણો આવી ગયા. અર્થાત શાસ્ત્રના શ્રવણ મનન અને ચિંતનથી અનેક સદગુણોને મેળવી શકે છે. માટે તમે બધા હે નગરવાસી લોકો શાસ્ત્રના શ્રવણ માટે વિશેષ ઉદ્યમ કરજો.

વળી આ શત છે, આ અશત છે, એવો વિવેક કરીને જાણે ત્યારે જ માણસના મનમાંથી સઘળી શંકાઓ ટળી જાય છે-અને વિશેષ વિવેકનો ગુણ પ્રાપ્ત થાય છે. એમ કરવાથી સાધક, અશુભ તત્ત્વ કે વિચારને છોડી શકે છે. માણસમાં જિનવાણી સાંભળવાની તીવ્ર વૃતિ હોય-તો જ તે વિવેકના શુધ્ધ ભાવને પામી શકે છે. માટે મુમુક્ષુ સાધકોએ લેશ પણ ખેદ રાખ્યા વિના થાક વગર-કંટાળા વગર જિનવાણી શ્રવણ માટે વિશેષ પ્રયત્ન કરવો જરૂરી છે.

પ્રાણીઓ તો જ્ઞાન સમજ વગરના છે. વળી કોઈ અતીન્દ્રિય જ્ઞાની પણ નથી સાપડતો-સંસારમાં પ્રખર પ્રભાવવાળો આ જિન ધર્મ ન હોત તો કોણ જાણે કેવા -કેવા કષ્ટો ન પામત.

શ્રી જિનભગવાને ઉપદેશેલા શાસ્ત્રો શિવ-નિર્વાણ માર્ગ સુધી પહોંચવા રથ સમાન છે. એ શાસ્ત્રો જ દુર્વાદિઓના મોઢા બંધ કરી શકે છે. મુમુક્ષુઓનો સારૂ એ શાસ્ત્રો દોષ વગરની નિર્મળ આંખ સમાન છે. અને બુધ્ધિના મોટા બગીચા માટે એજ શાસ્ત્રો ચૈત્ર માસ સમાન છે.

અર્થાત ચૈત્ર માસમાં બગીચો જેમ ખીલી નીકળે છે તેમ આ શાસ્ત્રો બુધ્ધિના ગુણોને વિશેષ ખીલવે છે. જેથી અંધશ્રધ્ધા-અવિવેક-કુતર્ક અને રૂઢ દુર્ગુણો વગેરે દોષો આપોઆપ ટળી જાય છે. તો એવા આ શાસ્ત્રોને ભવનો અંત આણવા કોણ ન ઈચ્છે ?

માટે જ જે મહાનુભાવ માનવો સમૃધ્ધિને ઈચ્છતા હોય, -નિરંતર પોતામાં ગુણશ્રેણિની અભિવૃધ્ધિ કરવા ચાહતા હોય તેમણે જે જિનવાણીના શ્રવણથી અનેક દુઃખો ટળી જાય છે. એવા શ્રી જિનેન્દ્રે કહેલા શાસ્ત્રોને વારંવાર સાંભળવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

❑ **સમાપ્ત**

# સચ્ચાઈની સલામતીના સર્જનહાર સ્વર્ગવાટે સંચર્યા

'પૂર આવતા પહેલાં નદીમાં હિલોળા ઊઠે તે રીતે એ મુદ્રા પણ સ્મિત આવતા પહેલાની મીઠાશ પ્રગટી છે. મોટી ફ્રેમના ચશમા હોવાથી આંખો અને ભમ્મર કાચમાંથી દેખાય છે. ઉંમરની અસર પડી હોય તે રીતે જ ભમ્મરના વાળ ઓછા થયા છે. આંખોની ચોપાસ શ્યામ કુંડાળા છે તે ગુરુની યાદનો બોલતો પુરાવો છે. બાકી, આંખોનું તેજ મહર્ષિ જેવું છે. ભૂરી લાગતી કીકીઓમાં સંમોહન છે. કપાળ વિશાળ, નાક સુરેખ અને તેના નસકોરાનો ફેલાવો પ્રભાવી. હોઠો સહેજ ફીકા પરંતુ તેનો સંપુટ સાત્ત્વિકતાની અદ્દ્ભુત પ્રતીતિ આપે. એક એક દોર હાથમાં લઈને ગણી શકાય તેવી દાઢી. વાળ સુંવાળા અને ઉજળા. વિચારબદ્ધતાનો પરિપાક દાખવે છે, સમસ્ત મુખમુદ્રા. ધ્યાન ખેંચાય તેવા વિશાળ કાન. લાંબી બૂટ જોઈને જ લાગે કે આ મહાન્ અને અજોડ વ્યક્તિ છે.

આ વર્ણન જીવંત આદમીનું હોત તો ખૂબ આનંદ હોત, વર્તુલાનો વિશાળ ઘેરાવો શિરછત્ર રૂપે માથે ઝળૂંબેલો હોત - પણ તેવું રહ્યું નથી. આ એક તસવીરનું વર્ણન છે અને એ તસવીરની નીચે નામ લખ્યું છે. કરૂણતા એ છે કે આ નામની આગળ પહેલી જ વાર નવું વિશેષણ લખાયું છે : સ્વર્ગસ્થ

સંપૂર્ણ નામ છે : **સુવિશાલગચ્છાધિપતિ પરમ પૂજ્ય સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજા.** આ નામ સાથે સૂરિરામના સુવિશાળ સમુદાયનું સૌભાગ્ય ઘડાયું, બંધાયું હતું. આ નામ સાથે અપ્રતિમ ઈતિહાસ જોડાયો હતો. માત્ર ૧૧ જ વર્ષમાં ૪૦૦ થી વધુ શ્રમણ-શ્રમણીઓની જનમગાથા આ નામના અજવાળે લખાઈ હતી, જે એક સ્વયંસિદ્ધ ઈતિહાસ છે. આ નામ, એક દસ્તાવેજના હસ્તાક્ષરરૂપે સકલ શ્રીસંઘ માટે સત્યમાર્ગનું પથદર્શક બનતું રહ્યું હતું. આજે આ નામ સ્મૃતિશેષ બની ગયું છે. આ નામનો અધિદેવતા ચૈત્ર વદ ૨, રવિવાર, તા.૨૮-૪-૨૦૦૨ ના દિવસે સ્વર્ગની વાટે ચાલી નીકળ્યો છે. વિ.સં. ૨૦૫૮ ની સાલ માટે આ ચિરવિદાયનો બોજો અસહ્ય બની રહેવાનો છે તે નક્કી વાત છે.

મહાપુરુષોની અલવિદા ઊંડો આઘાત આપે છે. આપણાં જીવનમાંથી નૂર ચાલી ગયું હોય તેવો અનુભવ થતો હોય છે. આપણા માથે રહેલું અનંત આકાશ ઊભેઊભું ચીરાયું હોય અને તેમાંથી અગનજાળ વરસી પડી હોય તેવી વેદના થતી હોય છે. મહાપુરુષો ચાલી જાય ત્યારે પુણ્યાઈનો પ્રચંડ સૂર્ય ડૂબી ગયો છે તેમ લાગે હોય છે. હકીકતે'ય આવી જ છે.

શ્રી જૈન શાસનમાં અત્યારે તપાગચ્છ સૌથી વિશાળ છે. તપાગચ્છમાં સૌથી વિશાળ શ્રમણ-શ્રમણી સમુદાય આ સૂરિભગવંતની છત્રછાયામાં હતો. આ 'હતો' શબ્દ લખવામાં, વાંચવામાં કે બોલવામાં પણ ભારે મુશ્કેલ છે. દરિયો સૂકાય નહીં અને દરિયો સૂકાય ત્યારે તેની ગેરહાજરી કબૂલી તો ન જ શકાય. એવી આ વાત છે. વાત્સલ્યની અમૃતધારા, પ્રકૃષ્ટ પુણ્યબળ સદાસર્વદા પ્રસન્નતા, નિર્દોષ અને નિખાલસ હાસ્ય, મધમીઠો અવાજ, ઊંડું જ્યોતિષ જ્ઞાન, સુવિશુદ્ધ સંયમ સાધના, સર્વમાન્ય સાર્થવાહ, અનુપમ સેવાભાવ, સહજ અને સર્વોચ્ચ વિનય, અતિશય અદ્દ્ભુત ગુરુપ્રીતિ - આવા તો કેટલાય વિશેષ તત્ત્વો આ સૂરિભગવંતની વ્યક્તિમતા સાથે એક રૂપ બની ચૂકયા હતા. સૂરિરામની ચિરવિદાય વિ.સં. ૨૦૪૭માં થઈ. તે પછીના અગિયાર વર્ષમાં ઓછી આંધીઓ નથી આવી. 'ઈષ્ટફલસિદ્ધિ' નો પ્રશ્ન નવેસરથી જાગ્યો હતો, દેવદ્રવ્યથી પ્રભુ પૂજા કરવાની હવા ફરીવાર પ્રગટી હતી, તિથીનો વિવાદ તો વાવંટોળ બન્યો હતો, આવા ઘણાય સવાલો સંઘને ગેરરસ્તે દોરી રહ્યા હતા. આ સૂરિભગવંતની પુણ્યવંતી ઉપસ્થિતિએ આપી હતી સલામતી. સૂરિરામની ચિરવિદાય થઈ તે વખતે લાગતું હતું કે સત્ય હવે નોધારું બન્યું છે. પણ આ સૂરિભગવંતે સત્યને આધાર આપ્યો. સચ્ચાઈની સલામતીના

- અનુ. પાના નં. ૭૫૦ પર

# ચેત, ચેત, ચેતન ! તું ચેત !

હપ્તો : ૪

—'પ્રજ્ઞારાજ'

આજ સુધી આપણો આત્મા સંસારમાં કેમ ભમ્યો ? આપણે જાણકારીનો ડોળ કર્યો પણ સમજદારી કેળવી નહિ અને જીવનમાં અમલમાં મૂકી નહિ. જાણકારી અને સમજદારીનો ભેદ વિચારવા જેવો છે. Knowing તે જાણકારી સૂચક છે અને Understanding તે સમજદારી બતાવે છે. જે જ્ઞાન તેમાહિતી માત્ર બુદ્ધિને અડે અને વાણીનો માત્ર વિલાસ કરાવે તે જાણકારી જે જ્ઞાન હૃદયને અડે અને જીવનમાં અમલી બનાવે તે સમજદારી. જાણકારી જીવન પરિવર્તનનું કારણ બને પણ સમજદારી જીવનમાં સુધારો જરૂર કરાવે જ. ગધેડો સાકરનો બોજ ઉપાડે પણ સુખી ન થાય કે તેની મીઠાશ ન અનુભવે. તેમ આપણું જ્ઞાન માત્ર બોજલ છે ! વાતોડિયું છે ! કે આચરણવાળું છે ! તું જ વિચાર કરી લે.

વાનરની જાત હોય, દારૂનું પાન કરે અને માખીએ ચટકો ભર્યો અને વીંછી ડંખ મારે પછી શું હાલત થાય ? તેવી જ સંસારી જીવોની હાલત છે. મનરૂપી મર્કટ જે પરિણામે ચંચળ છે, સત્ત્વહીન છે અને બડાશ હાંકવામાં 'એવોર્ડ' જીતે તેવું છે. તેને મોહ રૂપી મદિરાનું આકંઠ પાન કર્યું અને કષાય રૂપી મધમાખીએ ચટકો ભર્યો અને વિષયવાસનારૂપી વીંછીએ એવો ડંખ માર્યો છે - પછીની વાત સંસાર રસિકોમાં નજરે જોવાય છે. તેમાંથી આપણી જાત બચાવવી છે. મન રૂપી મર્કટને જ્ઞાનરૂપી દોરડે બાંધી કાબૂમાં રાખીશું તો જ જાતને બચાવી શકીશું. બાકી શું થશે તે જ્ઞાની જાણે ! અનંતા ભવોમાં એકનો વધારો થશે પણ એવો ખોડો નીકળી જશે કે બચવાની બારી તો દૂર રહી પણ કદાચ બચાવનાર પણ નહિ મળે...!

આત્મા એ દર્પણ જેવો છે. સામે જે પદાર્થ આવે તેનું તેવું પ્રતિબિંબ પડે. પદાર્થ ખસી જાય તો આત્મા પાછો હતો તેવો નિર્મલ થઈ જાય. જ્યારે મન તે કેમેરાની પ્રીન્ટ જેવું છે જે પ્રતિબિંબને પકડી રાખે છે. સ્મૃતિરૂપે પદાર્થને યાદ રાખે છે. તેમાં જો ગફલત થઈ તો બાજી બગડી ગઈ. આપણા દર્શનનું માધ્યમ મન છે તે મનને જ્ઞાનીની આજ્ઞામાં રાખવાનું છે. કેવલજ્ઞાનીના દર્શનનું માધ્યમ આત્મા છે. દૃષ્ટા અને જ્ઞાતાનો અર્થ પણ આ છે. પદાર્થો જોવાઈ ગયા પણ તેમાં રાગ-દ્વેષ કરો નહિ કે મૂઝાંવ નહિ !

સંસારના સુખોની લાલચે આત્માને કેવો બનાવ્યો ! દુ:ખો દૂર થયા ? ગણિત ઊંધું હતું. સુખ મેળવવા બીજા પાસે લાચારી ન બતાવો પણ સાત્ત્વિકતા કેળવો અને દુ:ખથી બચવા દીનતા ન બતાવો પણ ખુમારીથી સહન કરતાં શીખો. પછી જીવન ગણિતનો સરવાળો સાચો પડશે.

જીવનમાં ધર્મ પામ્યાની નિશાની એ છે કે. લાભના પ્રસંગમાં મન લોભાતું નથી, નુકશાનીમાં અકળાતું નથી. હર્ષમાં ઉત્તેજિત થતું નથી, ખેદમાં ભાંગી પડતું નથી. જો આપણી હાલત આવી ન હોય તો ફરીથી વિચારવાની જરૂર છે અને હું ક્યાં ભૂલ્યો છું તે જો સમજાય તો સફળતા - સિદ્ધિ સહજ છે.

મનને સ્ફટિક જેવું નિર્મલ બનાવો તે જ પારમેશ્વરી આજ્ઞા છે. આપણું મન કેવું છે તે વિચારતાં ખ્યાલ આવી જશે.

પોતે માનેલા ઈચ્છિત સુખોની પાછળ પાગલ બની, જેટલું મળે તે ઓછું જ લાગે. તેવી અસંતોષની આગ જેના હૈયામાં સળગી ઉઠી છે તેને સારા સ્થાનમાં બેસાડો તો પણ તેનું મન સંકિલિષ્ટ હોય, વચન તો વાતે વાતે કઠોર નીકળે, કાયાથી એવાં કાળાં કામ કરે કે લેખની પણ લજાય. દુનિયામાં પાગલને કોઈની શરમ ન નડે, તેમ લોભી-માની-કામી બનેલાને ગમે તેવી નાગાઈમાં શરમ ન આવે ! આવી હાલતથી બચવા જેવું છે.

ત્રણ પ્રકારના જીવોમાં મારો નંબર કેમ આવે છે તે રોજ વિચારો. 'What I have ?' મારી પાસે શું છે ! 'What I Do ?' હું શું કરું છુ ? 'What I am ?'

હું કોણ છું ? પહેલા વર્ગવાળાનું મન પણ ખરાબ અને આચરણ પણ ખરાબ. બીજો થોડો ભાવિનો વિચાર પણ કરે છે તેથી તેનું હૈયું કદાચ હજી સારું નથી પણ આચરણ તેવું ખરાબ પણ નથી. જ્યારે ત્રીજાને જાતનો જ વિચાર પ્રધાન છે, જાતનું ન બગડે તે જ ચિંતા છે માટે રોજ આત્મનિરીક્ષણ કરે છે. તેથી તેનું હૈયું પણ સાફ છે અને આચરણ પણ સુંદર છે. 'હું કોણ છુ ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનું છે ! મારું સ્થાન ક્યું ?' આ વિચાર જો હૈયાથી રોજનો થઈ જાય તો આપણો નંબર પણ ત્રીજા પ્રકારમાં આવે અને કલ્યાણ થઈ જાય.

આજે ધર્મ કરનારા મોટા ભાગની ફરિયાદ છે કે મારું મન વશમાં નથી. પણ આ ફરિયાદને દૂર કરવા પ્રયત્ન કેટલો કર્યો ? જો હું સાધુ છું તો મેં જેનો ત્યાગ કર્યો તે મને યાદ આવે છે કે હૈયાથી ભૂલી ગયો છું ? અને જેના ચરણોનો સ્વીકાર કર્યો તેના માટે ક્યારે પણ કોઈ ફરિયાદ કરતો નથી કે કરું છું ? સાચી હકીકત એ છે કે હજી આપણને તારક પદાર્થો પ્રત્યે હૈયાનો સમર્પણભાવ અને આત્મીય સંબંધ બંધાયો નથી. જ્યારે મારક પદાર્થો પ્રત્યે પૂરી આત્મીયતા દેખાય છે બોલ-ચાલ-બધામાં. પુદ્‌ગલ માત્ર આત્માથી પર હોવા છતાં, બીજાને સમજાવવા છતાં પર પદાર્થો પ્રત્યે આત્મીય સંબંધ ગાઢ છે. અને અનાદિનો અભ્યાસ તેથી નાતો કેમ તૂટે તેવો બચાવ છે ! જ્યારે તારક પદાર્થો પ્રત્યે માત્ર કામચલાઉ નાતો જોડ્યો છે તે પણ સારા દેખાવા ! મારક એવી પુદ્‌ગલ રમણતા સાથે દૂધ-પાણીની જેમ આત્મીયતા જોડાઈ છે. તારક એવા આત્મીય પદાર્થો સાથે તેલ-પાણી જેવો સંબંધ છે. એકની સાથે આત્મા પૂરેપૂરો ભળી ગયો છે, એકમેક થયો છે. બીજાની સાથે માત્ર મળી રહ્યો છે. એકમાં ઉષ્મા-ઉમળકો-ઉમંગ-ઉત્સાહનો થનથનાટ દેખાય. બીજામાં માત્ર દેખાડો. પછી મન શે વશ રહે ? ન રહે તો વાંક કોનો ?

મોહનો માર્ગ મોહક છે, સુંદર છે, સુખાકારી છે, આકર્ષક છે. ઇન્દ્રિયોને તો ખૂબ જ ગમે તેવો-મજા આવે તેવો છે, અનાદિ કાળથી સેવેલો છે, તેના જ પનારે પડેલા છીએ. તો પણ અંતે તો તે માર્ગ છે પતનનો, ઈન્દ્રિયોનો ગુલામ બનાવનારો. તોફાની દુર્દાની ઘોડા જેવો, ગાંડા હાથી જેવો. દુઃખ-દર્દ-દુર્ગતિના દરિયામાં ડૂબાડનારો છે. ધર્મનો માર્ગ તેનાથી વિપરીત છે પણ પરિણામે શુભાવહ છે, સાચાં સુખ-સમૃદ્ધિના શિખરે બેઠાડનાર છે. ક્યા માર્ગે જવું તે જ તું વિચારી લે !

આ સંસારરૂપી પ્રસાદના ચાર મજબૂત થાંભલા ચાર કષાય છે. ગમે તેવા વા-વંટોળિયામાં તેની કાંકરી પણ ખરતી નથી. મોહમૂઢ બનેલા તેમાં જ મૂંઝાય છે. પણ હે આત્મન ! તેં સંસાર છોડયો, સાધુ થયો છતાં હજી તું પણ કષાય વિજેતા ન બન્યો. વાત વાતમાં માથું ખસે, ઈચ્છિત ચીજ વસ્તુનો લાભ થાય તો માનનો પાર નહિ, તે મેળવવા માયાની પણ મૈત્રી કરી લે અને અનુકૂળતાના લોભની તો વાત જ ન પૂછો તો પછી તારું થશે શું ! જ્ઞાનિઓ કહે છે કે-સંયમની સફળતા-સાર્થકતા કષાય વિજેતા બનવામાં છે. થયેલી ભૂલનો સ્વીકાર કરી, ગઈ ગુજરી ભૂલી જઈ, જાગ્યા ત્યારથી સવાર માની, હારી બાજી જીતી લી તારો વિજયડંકો જરૂર વાગશે !

આત્માનું સાચું ભાન કરાવનારી જિનવાણી કેવી છે ? તો કહ્યું કે પતિતને પાવન કરનારી, અજ્ઞાનને ભેદનારી, તિમિરને હટાવનારી, મોહના પડલ છેદનારી, મોહ પર મૂળમાં ઘા કરનારી, માયાને ભગાડનારી, માનનું મર્દન કરનારી, લોભનું વિદારણ કરનારી, ક્રોધને કાપનારી, રાગને રડાવનારી, સાધકને સન્માર્ગ સમજાવનારી, ઉન્માર્ગગામીને સત્પંથ ચીંધનારી, હતાશાને હરનારી, તત્ત્વના તેજ પ્રગટાવનારી જીવનને અજવાળનારી, જ્ઞાનના કિરણ રેલાવનારી, ચંદ્રથી શીતલ, સૂર્યના તાપની શમાવનારી, આત્માને જગાડનારી, મોહનિંદ્રા દૂર કરનારી, આત્મગુણોમાં આનંદ આપનારી, પવિત્રતાથી પુનીત બનાવનારી હૃદયને હચમચાવનારી. આવી દુર્લભતમ જિનવાણીનું પાન કરી આત્માએ અમરત્વને માટે આળસ કરવી જોઈએ નહિ.

અનાદિ અનંતકાળ સંસારમાં ભટકતા એવા મને હે પ્રભો ! આપનું દર્શન થયું. આપનું તારક શાસન મળ્યું

! આપના શાસન સાધુપણું મલ્યું. છતાં પણ મારી કથની કઈ રીતના કહું ? અનાદિની અવર ચાલ હજી સુધરી નહિ. હે તારક ! કૃપાલો ! મારું શું થશે ? કષાયોના હાથે લુંટાયો. મનોહર વિષયોના વિષના પ્યાલામાં લોભાયો. પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો અને બસો બાવન (૨૫૨) વિકારોએ મારો તો એવો પીછો પકડ્યો છે કે તેનાથી ભાગવા પ્રયત્ન કરું, તેની પક્કડમાંથી મુકત થવા ઈચ્છું તેમ તેમ વધારે સતાવે છે. તે અનુકૂળ મનોહર, વિષયો વિષ જેવા છે, કિંપાકના ફળ જેવા છે, ખાતાં જ પ્રાણ હરે તેવા છે - આ વાત હું ય સમજુ છું, ઉપદેશમાં ય સમજાવું છું પણ પ્રસંગ આવે તેનો જ ગુલામ બનું છું. તેમાં જ લંપટ-લટ્ટુ-આસકત બનું છું, ભાન ભૂલો બનું છું. આ ગુલામી મારાથી સહન થતી નથી, તેનાથી બચવું છે. હે દીનાનાથ ! પતિત પાવન કરનાર ! તું જ મને તેમાંથી બચાવ ! મારો ઉદ્ધાર કર ! મારું રક્ષણ કર !

હે કરૂણાનિધાન ! 'જગતના બધા જ જીવો જીવવાને ઈચ્છે છે, કોઈ મરવાને ઈચ્છતું નથી. બધા જ જીવો સુખ મેળવવા અને દુ:ખથી બચવા પ્રયત્ન કરે છે. મારે સુખ જોઈએ અને દુ:ખ ન જ જોઈએ તો મારાથી બીજા જીવોને કઈ રીતના દુ:ખી કરાય ? આપે જીવમાત્રને સમાન માન્યા. મેં મારા સ્વાર્થને જોયો. આપે જીવોને અભય આપ્યું મેં જડની પ્રીતિ બાંધી જીવોને ભયભીત કર્યા. આપના માર્ગે જ હું ચાલું છું' તેમ લોકમાં જાહેર કરી અનાડી એવા મેં જડને પોતાનું જ માની, જડને રાજી રાખવા-કરવા, ચેતનોને દુભાવ્યા. આત્મિક જીવો સાથે પણ વેરઝેર-કડવાશ-કટુતાભર્યા સંબંધો કર્યા. ક્ષણિક સુખમાં મૂંઝાયો-લેપાયો, સ્વાર્થના સંબંધમાં બંધાયો, પરમાર્થના સંબંધો વોસિરાવ્યા. પાપાત્મા એવા મારું થશે શું ? હે સાર્થવાહ ! આપના જ સાર્થમાં જોડાયેલા મારા અવળા ચશ્મા દૂર કરો. વિષય વાસનાથી બચાવો, કષાય કચરાથી મુકત કરો. જેવો તેવો પણ પાપથી છલકનારો, કષાયથી કલંકિત થયેલો, વિષયથી વાસિત બનેલો છતાં ય તારા જ શરણે આવેલા મારું રક્ષણ કરો... રક્ષણ કરો..!

હે અનંતગુણોના ધારક ! સિદ્ધિરાણીના સ્વામી ! નિરૂપમ મુક્તિપુરીમાં મહાલનાર ! આપ તો અનંત શક્તિના સ્વામી છો, સમતા સુધારસ પાનમાં મગ્ન છો, મારો-તારો, પારકો-પોતાનો, કોઈ ભેદ નથી, પૂજક-નિંદકમાં સમદૃષ્ટિ છો. અને હું બધા અવગુણોથી ભરેલો છે, અવળચંડાઈથી વ્યાપી છું, બધા અપલક્ષણોમાં પૂરો છું. મારા-તારા, પારકા-પોતાનામાં ડૂબેલો છું, મમત-જીદમાં ચઢેલો છું. આપના માર્ગે, આપ ગયા ત્યાં મારે આવવું છે મારે પણ સિદ્ધિ ગોરીને વરવી છે, આત્મગુણોના ભોકતા બનવું છે. પણ આપના પથ પર ચાલવા હું ઘણો જ નબળો છું, કાયર છું પામર છું, નિર્માલ્ય છું. મારો અહંકાર ઘવાય, મારા માટે જરાક ઘસાતું સાંભળું, મારી જરા પણ નિંદા સાંભળું તો હું સહન કરી શકતો નથી. તરત જ આવેશમાં આવું છું. અકળાઈ ઊઠું છું. બદલો લેવા તડફડું છું, અધીરો બનું છું. પરોપદેશમાં પંડિત એવો હું મળેલી શક્તિનો સદુપયોગ સહન કરવામાં છે, સામનો કરવામાં નહિ-તે વાતથી મારી જાતને બાકાત રાખું છું. મારી શાંતિ - સમાધિ - સમતા વિદાય લે છે, મારા જીવનમાં ખળભળાટ મચી જાય છે, મારા માટે કહેનાર-બોલનારને બતાવી દેવાની, સંભળાવી દેવાની તાલાવેલીનું ઝનૂન ચઢે છે. સ્વાધ્યાય-સાધુતા-કષાયોના કટુ વિચારો, ક્રોધે ક્રોડપૂર્વનું સંયમફળ જાય, ક્રોધ ચંડાળ જેવો અસ્પૃશ્ય છે. અન્ય લોકો ભલે ક્રોધાવિષ્ટ થાય પણ શ્રી જિનવાણીરૂપી અમૃતનું પાન કરનાર ક્રોધાવિષ્ટ થાય તેના જેવી અજાયબી કઈ - આ બધી વાતો ભૂલી જાઉં છું. હે વીર વિભુ ! મારી આ કાયરતા, નિર્બળતા, નિર્માલ્યતાથી મને બચાવો. આપના જેવી સહનશીલતા આપો. મારા પર એવી કૃપા દૃષ્ટિ વરસાવો જેથી હું પણ આપની જેમ કષાય વિજેતા, મોહ વિજેતા બનું.

દુર્જનતા ફાટી ગયેલા દૂધ જેવી બેસ્વાદ છે, સજ્જનતા સાકરવાળા દૂધ જેવી સ્વાદિષ્ટ છે, સાધુતા કેસરિયા દૂધ જેવી અતિ સ્વાદિષ્ટ છે અને પરમાત્મપણું તો ઉપમાતીત છે - બોલ તને શું પસંદ છે !

મહાપુણ્યોદયે આવો દુર્લભ માનવભવ મલ્યો, બધા અંગોપાંગ સુંદર બન્યા. તો આ અંગોપાંગથી સંસાર સાધવો છે કે મોક્ષ ! હૃદયને કબૂતર જેવું નિર્દોષ, નજર બાજ જેવી ચપળ, પગ સાબર જેવા તેજ, કાન હરણ જેવા સરવા, ચાલ હાથી જેવી ઠંડી, મન શિયાળ જેવું સતર્ક, શરીર સિંહ જેવું પરાક્રમી બનાવ તો ધર્મારાધનામાં ઉલ્લાસનો અભાવ જોવા પણ નહિ મળે. મારે તો જીવન એવું જીવવું છે કે જે જીવનમાં ક્રૂરતા- કઠોરતા -કાવાદાવામાં રચ્યાપચ્યા રહેવું, અને સંકલેશને સ્થાન ન હોય. મારા જીવનમાં સ્થાન મલશે સરળતા, સૌજન્યતા, સહૃદયતા-સહનશીલતા-પરોપકારતા અને ઉદારતા-દાક્ષિણ્યતાને. પછી તો બેડો પાર છે.

સંમર્પિત ભાવ એ શિષ્યનો પ્રધાન ગુણ છે. વિનયગુણ એ શિષ્યપણાની સાચી મૂડી છે અને હૃદયની સાચી લાગણી એ જ શિષ્યની સાચી ઓળખ છે. લાગણીમાં જો માગણી ભળી તો સમજી લેવું કે બાવાના બે ય બગડ્યા. જેનો ત્યાગ કર્યો તે તરફ નજર પણ કરવાની નહિ અને તે યાદ પણ કરવાનું નહિ અને જેના ચરણે શીશ ઝુકાવ્યું તેના પ્રત્યે ક્યારે પણ કોઈ ફરિયાદ સરખી કરવાની નહિ અને શ્રદ્ધાદીપને હૃદયમંદિરમાં જીવંત રાખવાનો તે જ સાચું શિષ્યત્વ છે.

જો જીવનમાં સાચી શાંતિ જોઈએ છે તો વાંચવું થોડું-પાચન થાય તેવું અને વિચારવું વધારે-પરમાર્થ આત્મજ્ઞાન કરવો. બોલવું થોડું અને સાંભળવું વધારે.

દુઃખનું ઔષધ દહાડા નહિ પણ વિવેક છે. વિવેકદૃષ્ટિ ખોલે તો સત્ત્વ પ્રગટે. વિવેકથી દુઃખ પ્રકાશરૂપ બને, દુઃખનું મૂળ સમજાય, મૂળને કાપવા પ્રયત્ન પણ કરાય.

દુનિયાના જડ કે ચેતન પદાર્થની અપેક્ષા તે જ દુઃખનું મૂળ છે. અપેક્ષા રાખનારો 'આંધળો' છે. અધીરાઈ તે મુશ્કેલીમાં મૂકે છે. અધૈર્યવાન 'પાંગળો' છે. આવેશ સારાસારનો વિવેક ભૂલાવે છે અને 'પાગલ' જેવો બને છે. તેમાં જો અધિકાર ભળે પછી શું બાકી રહે ! તારી દશા આવી નથી તેનો તું વિચાર કર અને તેનાથી બચવા પ્રયત્ન કર.

તપ-જપ-સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિ ગુણો ઉત્તમ છે. પણ તેટલા માત્રથી મોક્ષ ન થાય. તેમાં જો 'સમર્પણ ભાવ' ભળે તો કલ્યાણ થાય. જમાલિ ભણેલો ખરો પણ સમર્પિત નહિ માટે હારી ગયો. માસતુષ મહાત્મા હોંશિયાર -ભણેલા નહિ પણ સમર્પણ ભાવથી તરી ગયા. ગુરુ જે કહે તે મારા સારા માટે, મારા હિત માટે જ કહે પછી તેમાં કોઈ સંકલ્પ-વિકલ્પ કે વાદ-વિવાદ કરે જ નહિ પણ 'તહતી' કરી સ્વીકારે તેનું નામ સમર્પણાભાવ છે.

ત્રણ પ્રકારના પણ જીવો કહેવાયા છે. ૧-રાખ જેવા. રાખ પાણીમાં પડે તો પાણીને બગાડે-બેસ્વાદ કરે. તેમ તેવા જીવો જ્યાં જાય ત્યાં વાતાવરણ બગાડે-કલુષિત કરે.

૨-સાકર જેવા. સાકર દૂધમાં ભળે તો દૂધને સ્વાદીષ્ટ કરે. તેવા જીવો જ્યાં જાય ત્યાં વાતાવરણ સુધારે, બધાને આનંદિત કરે.

૩-નદી જેવા. નદી સાગરમાં જાય અને સાગરમાં ભળી સાગર બની જાય. તેમ તેવા જીવો પરમાત્માની ભક્તિમાં એવા મળી-ભળી જાય કે ખુદ પરમાત્મા બની જાય.

આપણો નંબર શેમાં આવે તે આપણે વિચારવાનું.

જ્ઞાનિઓએ ત્રણ પ્રકારના જ્ઞાન કહ્યા છે, શ્રુત, ચિંતા, અને ભાવના. તેમાં શ્રુત જ્ઞાન શેરડી જેવું કહ્યું ચિંતા જ્ઞાન શેરડીના રસ જેવું કહ્યું અને ભાવના જ્ઞાન શેરડીના રસના આસ્વાદ જેવું કહ્યું. આપણું જ્ઞાન કયા પ્રકારનું છે ! માત્ર ઉપર છલ્લુ, વાતોડિયું કે હૈયામાં પરિણામ પામી અમલમાં આવેલું ? ◆

## નિર્માણલક્ષી

* નિર્વાહલક્ષી ભ્રમણ છે.
* નિર્માણલક્ષી ગતિ છે.
* નિર્માણલક્ષી પ્રગતિ છે.
* નિર્વાહલક્ષિતા પશુતા છે.
* નિર્માણલક્ષિતા પ્રાજ્ઞતા છે.
* નિર્વાણલક્ષિતા પ્રબુદ્ધતા છે.

# આત્માનું શાસન - મોહનિદ્રા ઉડાડો

''હા ! હા ! રે ! હીનગતિવાળા જીવ ! દુર્લભ એવો આ મનુષ્યભવ પામીને પણ જે સ્ત્રીઓને માટે તું તે હારી જાય છે તે સ્ત્રીઓમાં તેં શું સુંદરપણું જોયું ? જે મધ્યમાં છે તે જો બહાર હોય અને જે બહાર છે તે જ મધ્યમાં હોય તો સ્ત્રી અને કૂતરીના શરીરમાં શો વિભેદ છે ? અર્થાત બંન્ને સમાન ગણાય છે. ચર્મ-અસ્થિ (હાડકાં), માંસ અને રૂધિરમય, તેમજ મૂત્ર, આંતરડા, નસો અને ચરબીની દુર્ગંધથી વ્યાપ્ત એવા સ્ત્રીના દેહમાં શું સુંદરપણું છે ? કામદેવરૂપી દુર્ભેદ્ય અને દુરાચારી એવા ભિલ્લના બહુ તીક્ષ્ણ ભાલાઓથી જે વીંધાય છે તે પુરૂષ જ સ્ત્રીઓના મનોહર-સુકોમલ શરીરનો સ્પર્શ કરવામાં આસકત થાય છે. રે જીવ ! જેવી તરૂણી ઉપર તારી પ્રીતિ છે તેવી જો જૈનધર્મમાં રાખે તો તે જ ભવમાં તું મુક્તિસ્થાન પામે તેમાં કાંઈ સંશય નથી. વળી હે જીવ ! સ્ત્રીજન ઉપર સ્નેહબંધન કરવામાં શો સાર છે ? તેનાથી શું કલ્યાણ થવાનું છે ? આકાશમાંની વિજળીની માફક જેઓનો સ્નેહ અતિ ચંચલ દેખાય છે, તેમજ કટાક્ષદષ્ટિથી જોતી, અસ્થિર વિવેક સ્નેહને વહન કરતી અને અશુચિની કોટડી સમાન એવી અબળાઓ જેઓને સત્ત્વથી ભ્રષ્ટ કરે છે તેવા વિદ્વાનોની પણ જીહ્‌વા રેખા દૂર કરવી જોઈએ. વળી પુરૂષાકારને ધારણ કરતા અને તૃણમય પુરુષોની માફક વર્તતા એવા તેઓને વિશેષ શું કહેવું ? હા હા ! હે જીવ ! તું અનાર્ય કાર્યમાં ઉદ્યત થયો છે, અમે અધિક શું કહીએ ? મહાકષ્ટે આવું શ્રી જિનશાસન મળ્યુ છે તેને તું વૃથા ગુમાવે છે અને વિષયસુખમાં રાચી રહે છે. વળી મદોન્મત્ત હસ્તીની જેમ શુભ શીલરૂપી મોટી વનરાજીને મૂળથી ઉખેડી નાખે છે, અને દેશનારૂપી તીક્ષ્ણ અંકુશના પ્રહારથી ચેતતો પણ નથી. હે હતાશ હૃદય ! જૈન મત પામી, માર્ગાંતરમાં ભૂલો પડીને જે વિષયસુખ ની વાંછા કરે છે, તે તો જીવન માટે હલાહલ વિષપાન સમાન છે. હે જીવ ! તું જાણવા છતાં પણ વિષયસુખોમાં સુખ શોધે છે તેથી એમ જણાય છે કે તું વિષપાન કરવાથી મૂર્ચ્છિત થયો છે. અથવા તેં શું ધંતુરાનો રસ પીધો છે ? શું તું મોહરાજાના પાશમાં ફસાયો છે ? વિશેષ શું કહેવું ? તારી નિપુણતાને ધિક્કાર છે ! તારા ગુણોનો મહિમા પણ નિરર્થક છે. કારણ કે તું વિવેકી થઈને પણ વિષયભોગની ઈચ્છા કરે છે. બુદ્ધિનો નાશ કરવાથી વિષ જેવા, છેદન કરવાથી ખડ્ગ સમાન અને યશને મલિન કરવાથી મષિ સમાન એવા વિષયોને જાણી તેનો ત્યાગ કરવો. હે જીવ ! ક્ષણમાત્ર પણ વિષયોમાં મન રાખવું ઉચિત નથી. આ જીવન ઈન્દ્રધનુષ સમાન અતિચંચલ હોવાથી વિષયોમાં તૃષ્ણા રાખવી વૃથા છે. હે આત્મન્ ! આ પ્રમાણે લક્ષ્યપૂર્વક મનને સ્થિર કરી નિરંતર ભવસ્વરૂપનું ધ્યાન કરવું, જેથી જરા-મરણને દૂર કરનાર વૈરાગ્યભાવ પેદા થાય...''

*(પૂ. શ્રી લક્ષ્મણગણિ વિરચિત 'શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર' માંની અંતર્ગત ચંપકમાલાના કથાનકમાંથી)*

---

(સચ્ચાઈની સલામતીના , અનુ. પાના નં. ૭૪૧ નું ચાલુ)

સર્જનહાર સૂરિદેવ તરીકે તેમને સકલ શ્રી સંઘ અવશ્ય સંભારશે.

સમય હવે બદલાઈ રહ્યો છે. એક જમાનો હતો કે જ્યારે સાચી વાત કરનારાને ટેકો આપનારા મળી જતા હતા. સાચી વાત કરે તેમનું શિરચ્છત્ર બનીને બેસનારા સૂરિભગવંત પણ હતા. આજે શિરચ્છત્ર છીનવાયું છે. સાચના સાજ સજનારા ઘટી રહ્યા છે. પોતાના મહાપ્રભાવક વ્યક્તિત્વ દ્વારા સમસ્ત શાસનને આજ્ઞાનો સંદેશ આપતા રહેનારા મહાપુરુષોની ગેરહાજરીમાં હવે આજ્ઞા માટે આપણે સત્વનું નિર્માણ કરવું પડશે. સચ્ચાઈને જિવંત રાખવા માટે જીંદગીના તમામ મોજશોખ સાથે બાંધછોડ કરવાની તૈયારી રાખવી પડશે. સાચા રસ્તે પગલાં માંડવા માટે આપણે તૈયાર હોઈએ છીએ, પણ માર્ગદર્શકની અલવિદા થાય પછી ભૂલાવે પડવાની સંભાવના જબરદસ્ત રીતે વધી જતી હોય છે. સૂરિરામ અને સૂરિમહોદયની અલવિદા પછી તો હવે સત્યની ખુદની અપેક્ષા આપણા માટે છે. આપણે આ અપેક્ષા સમજીએ અને સાકાર કરીએ તો જનમારો સાર્થક.

***(જિનવાણીમાંથી)***

બોધકથા

## શું બનવું છે ! વિરાગી કે વિકારી !

-પૂ. સા. શ્રી અનંતગુણા શ્રીજી મ.

સંગીતમાં પણ સુંદર તાકાત છે. પુણ્ય યોગે સારી સુમધુર સૌની ડોલાવે તેવો કંઠ મલ્યો હોય તેનો ઉપયોગ વિરાગપેદા કરવામાં કે વિકાર ? સુદેવ-ગુરુ-ધર્મના ભક્તિ ગીતોમાં કે વિકારી ગીતોમાં ? વર્તમાનનું વિજ્ઞાન પણ સંગીતની તાકાત સ્વીકારે છે, દર્દીના દર્દને દૂર કરવા તે પણ સમર્થ છે તેમ માને છે.

અકબર અને તાનસેનની વાત જગપ્રસિદ્ધ છે. તાનસેન સારામાં સારો ગવૈયો હતો, તેના સંગીતમાં જે જાદુ હતો કે ભલભલાને ડોલાવી દે. તાનમાં આવેલા અકબર રાજાએ એકવાર તાનસેનને દીપકરાગ ગાવાની ફરમાઈશ કરી પણ તેને ઘણી ના પાડી. સ્પષ્ટ કારણ પણ જણાવ્યું કે આ રાગ ગાયા પછી મેઘમલ્હાર રાગ ગાવો પડે કેમ કે દીપક રાગ ગાયા પછી શરીરમાં અસહ્ય દાહ પેદા થાય. પણ હઠે ચઢેલો રાજા માનતો નથી અને નિરૂપાયે તાનસેન તે રાગ ગાવા તૈયાર થયો. ૧૦૦૦ દીપક તૈયાર કરાયા. તાલ બરાબર જામ્યો અને હજારે દીવાઓ પ્રગટી ગયા. આખી સભામાં તેની વાહવાહ થઈ પ્રશંસા ફેલાઈ પણ શરીરમાં એવી લાહ્ય લાગી છે, તાનસેનને જરા પણ ચેન નથી.

શરીરના દાહને ઠારવા તાનસેન ગામેગામ ફરવા નીકળ્યો છે કે કદાચ કોઈ મેઘમલ્હાર રાગનો જાણ મલી જાય. એક ગામ બહાર આવ્યો છે. ગામના કુવે બે પનીહારીઓ પાણી ભરવા આવી. તે બંન્ને સંગીતની જાણકાર હતી, તાનસેનના શરીર પણ ગરમી ઊઠેલી, ફોલ્લા પડેલા જોયા સમજી ગઈ પોતાના ઘેર જઈ પતિને વાત કરી કે આની હાલત આના કારણે આવી છે. જો આપની આજ્ઞા હોય તો કાં મંદિરમાં કાં આપની હાજરીમાં મેઘમલ્હાર રાગ ગાઈએ અને આને બચાવીએ. પતિએ સંમતિ આપી અને ખુલ્લાં મેદાનમાં બધા ગયા. આ બંન્નેએ મેઘમલ્હાર રાગનો પ્રારંભ કર્યો અને જ્યાં તાલ અને લય મલ્યા અને વરસાદ વરસ્યો અને તાનસેનને શીતલતા મલી અને શરીરની લાય-ગરમી-ફોલ્લા મટી ગયા.

મારા પ્રિય વાચકો ! આનો ઉપનય સાંભળો, તમે બધા ત્રેવીશ કલાક સંસારરૂપી તાપનો દીપક રાગ ગાવ છો અને ત્રાહિમામ ત્રાહિમામ પોકારો છો. તો એક કલાક પણ મેઘમલ્હાર રાગ રૂપી શ્રી જિનવાણીનું શાંતિથી, એકાગ્રતાથી શ્રવણ કરો છો ખરા ? મનનો સંતાપ ટળે છે, જીવનમાં-હૈયામાં શાંતિનો અનુભવ થાય છે ? વિરાગની મસ્તીમાં ઝૂલી વીતરાગ બનવાનો મનોરથ થાય છે ? કે પછી TV-વીડીયો રૂપી દીપક રાગ જ ગમે છે ? શું બનવું છે ? વિરાગી કે વિકારી ? મેઘમલ્હાર રાગ ગમે છે કે દીપક રાગ ગમે છે ?

---

શ્રદ્ધા હોય ત્યાં શક્તિ હોય જ.
સંપ હોય ત્યાં સંપત્તિ હોય જ.
પ્રેમ હોય ત્યાં પ્રગતિ હોય જ.
ધર્મ હોય ત્યાં શુદ્ધિ હોય જ.
ધૈર્ય હોય ત્યાં ભક્તિ હોય જ.
સુગુરુ હોય ત્યાં મોક્ષની વાત હોય જ.
જૈન શાસન હોય ત્યાં સિદ્ધાંતની વાત હોય જ.

મોના

---

ચંદ્ર વિનાની રાત્રી શોભતી નથી.
ઝડપ વિનાનો ઘોડો શોભતો નથી.
સુગંધ વિનાનું ફુલ શોભતું નથી.
જળ વિનાનું સરોવર શોભતું નથી.
દેવ વિનાનું જિનાલય શોભતું નથી.
વિનય વિનાનો વિદ્યાર્થી શોભતો નથી.
ધર્મ વિનાનો મનુષ્ય શોભતો નથી.
ત્યાગ વિનાનો સાધુ શોભતો નથી.
સત્ય વિનાનું જૈનશાસન શોભતું નથી.
શીલ વિનાની સ્ત્રી શોભતી નથી.

સોનું

# સમાધિનું નંદનવન

પૂ. આચાર્ય દેવ શ્રી વારિષેણસૂરિજી મ.

ચિતમાં સમાધિ, મનમાં શાંતિ, અને અંતરમાં શીતળતાના નંદનવનનો અનુભવ કરવો હોય તો, આપણી સામે વ્યવહારમાં હંમેશા બગીચાના ફુલને રાખો. ફુલ ખીલવાની પહેલા તો એને હેરાન પરેશાન કરનાર શુળ પેદા થઈ જાય છે. તો પણ ફુલ કેટલું પ્રસન્ન રહે છે. ફુલ એ જ શિક્ષા આપે છે કે મારી જેમ શુળની સાથે પણ હંમેશા પ્રસન્નતાથી રહો.

નંદનવનના સુવાસિત પુષ્પો સુર્ય થકી આજે પ્રકાશે છે ગંગા આજે વહે છે, સમાધિ અમૃત આજે પણ આસ્વાદાય છે.

અમરાવતીમાં સ્વસ્તિક ટી કંપનીવાળા અરવિંદભાઈની સાથે જઈ રહ્યાં હતાં. ત્યારે રસ્તામાં રેકડીવાળાની એમને અષ્ટાંગ પ્રણિપાત નમસ્કાર કર્યા. અરે ! ગુરૂ નહિ અને એને શા માટે ? ત્યારે રેવડીવાળાએ કહ્યું, કે એઓની પાસે ત્રણ વાર ચોરી કરી તો પણ દુકાનમાંથી મને ૫૦૦રૂા. આપીને સર્વીસથી છોડીને આ રેવડીનો ધંધો કરાવ્યો. વિચારો ! ચોર તરફ પણ કેવી ઉદારતા !! નો વ્યવહાર તેઓએ કર્યો.

કલકતામાં ધીરજભાઈ નામનાં યુવાન ઉપધાન કરી રહ્યાં હતાં માતાપિતાનાં એક જ દિકરા હતાં. માતાનું હાર્ટફેઈલ થઈ ગયું તો કહેવા લાગ્યા હવે મારે શું કરવાનું છે ? તે તો ચાલી ગઈ તો હું ઉપધાન શા માટે છોડું ? તમો એની અંત્યવિધિ કરી દો. હું એનાં નિમિતે વિશેષ ધર્મ આરાધના ઉપધાનમાં કરીશ.

જુઓ ! ગૃહસ્થમાં પણ કેવો મમત્વનો ત્યાગ છે.

રાયચુરામાં એક વખત એક વ્યક્તિએ શ્રાવકને બદનામ કરેલ. ભારે અપમાન કરીને એના ગામમાં તિરસ્કાર કરાવ્યો. તો પણ એ વ્યક્તિએ પોતાનાં અપકારી ઉપર ક્ષમાભાવ રાખીને પ્રેમથી એને કષ્ટના સમયમાં ઉદારતાપુર્ણ સહકાર આપીને પ્રેમની ગંગા વહાવી હતી.

બેંગ્લોરમાં એક રાજસ્થાની લખપતિ શેઠીયાએ પોતાનાં એક મિત્રને વ્યાપાર માટે વિના વ્યાજે એક લાખ રૂપિયા પ્રેમથી આપ્યાં. યોગાનુ યોગ એવું બન્યું કે એક વર્ષમાં એ મિત્રનું દેવાળું નીકળી ગયું. બીજે દિવસે લખપતિ તેમનાં ઘરે ગયો ને કહ્યું, ''ચિંતા કર નહિ, આ પચીસ હજાર રૂપીયા બીજા લે, અને પ્રયત્ન કર પરંતુ રૂપિયાની ચિંતામાં ધર્મ છોડીશ નહિ, હું કાંઈ તને કહીશ નહી.

મોરબીમાં બંધ તુટ્યો ત્યારે જયેશ સેવા કરતો હતો. એજ સમયે પાટણમાં પિતાજીનું હાર્ટફેઈલથી અવસાન થયાનાં ફોનથી સમાચાર આવ્યા એટેક ગુરૂજીના ખોળામાં પૌષધ પારતા થયેલ હતું. ત્યારે જયેશે કહ્યું, ''સેવાનો લાભ મહાન છે.'' માતુશ્રીને પુછી લ્યો હું શું કરૂં ? માતાજીએ સેવાનો પ્રયત્ન ચાલુ રાખવાની પ્રેરણા આપી. એના પરિવારે અંત્યેષ્ટિ કરી.

જલગાંવમાં પહેલીવાર થોડા ઘરોમાં મહોત્સવ કરવાનો લાભ મોકો મળ્યો. બીજે દિવસે સવારમાં ભાઈના સ્વર્ગવાસનો તાર આવ્યો. તો તાર લેવા વાળાએ તારને ખિસ્સામાં રાખીને બધા આઠ પરિવારોનો જિનભક્તિનો લાભ લેવા દીધો ''જે થયું છે તે શોકથી પાછું આવવાનું નથી સમાધિથી ઉત્સાહથી ઉત્સવ ઉજવીને દશમે દિવસે સાંસારિક વિધિ કરી અને લોકાચાર કર્યો.

મુંબઈમાં ત્રણ મેમ્બરનો ખર્ચ મહિને ૬૦૦રૂા. માં વ્યવહાર સાચવીને સંતોષી પરિવાર ૩૦૦રૂા. ધર્મમાં વાપરે ને નવસોના પગારમાં તપ ત્યાગ પ્રભુ ભક્તિને આરાધનાની ખુશીથી સુવાસ પ્રસરાવે છે. સંતોષી સદાય સુખી.

જયપુરમાં પ્રકાશભાઈ અને શશીકલાબેન રૂપિયા ચારસો કરોડ સુકૃતમાં વાપરીને મેરેજ કરીને પણ આજીવન બ્રહ્મચારી રહીને પ્રભુવીરના સંયમ પંથે ધન્ય બને છે.

મુંબઈ અંધેરીમાં પોતાનાં દોસ્તનાં દિકરાનાં

મરણનાં પ્રસંગ ઉપર આશ્વાસન આપવા માટે મફતલાલભાઈ ગયાં તો ચિમનભાઈએ કહ્યું, બેસો હું જઈને આવું છું. ''આવ્યાબાદ પુછ્યું કે કયાં ગયાં હતાં ? તો કહેવા લાગ્યા, કે ઝુંપડપટ્ટીમાં રહેતા મારા નોકરને મેલેરિયા થઈ ગયો છે. એને દવા આપવા ગયો હતો ! સેવા ધર્મ મહાન છે.

મહારાષ્ટ્રમાં પુ. આચાર્ય ત્રિલોચનસુરિજી મ. સાં ને મોટરકારે ધક્કો લગાડીને ભારે ઈજા પહોંચાડી. ભયંકર વેદના થઈ રહી હતી. લોહી પણ જોરથી વહી રહ્યું હતું. તો પણ કરૂણા નિધાન એવા તેઓ પોતાનાં સ્વમુખે નવકાર મંત્ર ગણવાની સાથે સાથે કહેતાં હતાં કે, ડ્રાઈવરને કોઈ તકલીફ આપશો નહિ, મારાં પાપના ઉદયથી આ બનાવ બન્યો છે !

કલકત્તામાં નરેન્દ્ર નામનાં યુવાનને ઉપધાનનું કામકાજ કરવા માટે રાખ્યો. પગારનું પૂછ્યું તો કહે ૨૫૦ રૂા. આપજો. પ્રમુખશ્રી કહે છે કે તમને ૬૦૦રૂા. આપીશુ તમે ૨૫૦ લેશો અને પછી ચોરી કરશો. ત્યારે કલિયુગનો પુણીયો શ્રાવક કહેછે, મને શું આવશ્યકતા છે ? ખાવું પીવું રહેવું બધુ અહીંયા જ છે તો પછી રૂપીયાની શું જરૂરીયાત છે.

કાંટોમાં પુષ્પ ન મળે, કાદવમાં હિરા ન મળે, ઝુંપડીમાં ટી.વી. ન મળે.

પણ ગરીબીમાં પણ સમાધિ સંતોષના રત્નો ચમકે છે.

સંતોષી આત્માનો વિચાર કેવો હોય છે. તમે જ વિચારો.

અપમાન કરવા વાળાને પણ આચાર્ય ભગવંતે સમતાભાવથી તેમનું કાર્ય પ્રસન્નતાથી સફળ બનાવ્યું પુરી પ્રસન્નતાથી ભક્તિભાવનું વાતાવરણ સર્જી આપ્યું હતું.

એક નગરમાં પત્રિકામાંથી પણ પુ. આચાર્યશ્રીના ગુરૂદેવોનું બે પેઈજનું મેટર કાઢી નાંખીને અપમાન કર્યું હતું. સમતા સાગરે ધર્મભાવનું વાતાવરણ બનાવ્યું હતું. ઉત્સવમાં પ્રેરણા ભરી ઉત્સાહ વધાર્યો હતો. જે કરશે તે ભરશે સમાધિ ભાવના દીપક પ્રગટાવી ધન્ય બન્યા.

વણી વાંસડાના જંગલમાં વિહારમાં નોકરને પોતાનું ઘર યાદ આવ્યું તો રસ્તામાં પુજ્ય ગુરૂવરનાં સામાનની રિક્ષા છોડીને ચાલ્યો ગયો. ગુરૂદેવને જંગલમાં હેરાન પરેશાન કરી દીધા. તો પણ સમતામુર્તિ ગુરૂવરોએ પગાર પેટે અને ભાડુ ટપાલથી સંઘની પાસે તેના માટે મોકલાવ્યું.

કેવો ગુરૂવરોનો વાત્સલ્યભાવ હોય છે !

**- ભાવનગર સેવક**

ઈંગ્લેન્ડનો વિખ્યાત નટ સર હેન્રી ઈર્વિંગ

કમાણી અને કીર્તિને શિખરે પહોંચ્યા બાદ એક મિત્રે તેને લખ્યું,

'કપરી ગરીબી અને જહેમતના તમારા શરૂઆતના જીવનકાળમાં તમે તમારી ઘર-માલિકણને એક પત્ર લખીને એક શિલિંગ ઉછીનો માગ્યો હશે, એ પત્ર મેં મહાપુરુષોના હસ્તાક્ષરો વેચનારાને ત્યાંથી ખરીદી લીધો છે. તમે કહો તો તેનો નાશ કરી નાખું.'

ઈર્વિંગે ઉત્તરમાં લખ્યું, 'એ સાચવી રાખજો; હું તો એને માટે મગરૂર છું.'

**- સત્યનું માન હોવું જોઈએ.**

ના, પુણ્ય પરવાર્યું નથી...

# 'મારો ચોપડો બોલે છે, તમારું લેણું સ્વીકારો'

ઈશ્વરભાઈ જે. પટેલ

વર્ષો પહેલાની વાત છે.

પેટલાદ એ અસલ ગાયકવાડી રાજ્યમાં મહાલનું મુખ્ય મથક. હવે ખેડા જિલ્લામાં. ત્યાં એક બોર્ડિંગ હાઉસ ચાલે. પેટલાદ બોર્ડિંગના નામે એ ઓળખાય. મોતીભાઈ સાહેબ એનું સંચાલન અને દેખભાળ કરે.

મોતીભાઈ સાહેબ જબરા તપસ્વી સમાજ સેવક. પોતાના જીવનના પ્રત્યક્ષ આચરણ દ્વારા એ વિદ્યાર્થીઓના જીવનને પહેલ પાડીને તેમને ઊજળા બનાવતા.

બોર્ડિંગમાં ત્યારે એક વિદ્યાર્થી, નામ એનું તુલસીદાસ. વતન પીજ. પિતા વેપાર કરે. પણ સંજોગો કથળ્યા ને વેપારમાં આવી ખોટ. એમને નાદારી નોંધાવવી પડી. દીકરાને અધવચ અભ્યાસ પડતો મૂકવો પડ્યો, - મેટ્રિક સુધી પણ પહોંચી શક્યો નહિ.

પણ એ હિંમત હાર્યા નહિ. ન નસીબને દોષ દીધો, ન કોઈને. એ સમયમાં ખેડા જિલ્લાના ઘણા પાટીદારો કમાવા માટે કેન્યા, યુગાન્ડા જતા. તુલસીદાસે પણ સ્ટીમર પકડી. પહોંચ્યા મોમ્બાસા. ત્યાંથી એક મિત્રની મદદ મેળવીને રેલવે દ્વારા પહોંચ્યા યુગાન્ડા.

તુલસીદાસ જિંજામાં સ્થિર થયા. એમના જેટલું ભણતર હોય તેવા ય ત્યારે વિરલ. તુલસીદાસને અંગ્રેજી ભાષાની પકડ સારી. બેળેબેળે માધવાણીની પેઢીમાં એ દાખલ થયા. થોડા વખતમાં તેમણે પોતાની બુદ્ધિ અને શક્તિનો પરચો આપ્યો. ધીમે ધીમે ત્યાં એ મૅનેજરપદ સુધી પહોંચ્યા. ભારે ઉદ્યમી માણસ. સતત ઉદ્યમ કર્યા કરે. પણ અંતરને ખૂણે રટણ એક જ. 'પિતાનું દેવું મારે વાળવું છે.' એટલે એ કરકસરથી રહે. પોતાનો મોભો પણ સાચવે ને પૈસો બચાવે.

> **ના, પુણ્ય પરવાર્યું નથી**
>
> જેને ધરમ, કરમ અને તત્ત્વની ચર્ચામાં રસ નથી, પણ બને એટલું સન્માર્ગે ચાલવાની ખેવના છે, એવા સામાન્ય માણસોના ખમીર અને ખુમારીની, નેક, ટેક અને દિલાવરીની સત્ય ઘટનાઓ અત્રે રજુ કરી છે.

પીજમાંથી પણ ઠીક ઠીક સંખ્યામાં લોકો આફ્રિકા ગયેલા. બધા બે-પાંચ વરસે વતનમાં આંટો મારી જાય, પણ આ તુલસીદાસ આવે નહિ.

૧૯૩૭ની સાલ. તુલસીદાસ એક દિવસ આવી પહોંચ્યા. હું ત્યારે આણંદની દાદાભાઈ નવરોજજી હાઈસ્કુલમાં. એમણે મને કહેવરાવ્યું, 'હું આવ્યો છું. મળી જશો ?'

હું પહોંચ્યો. મળ્યો. મને એક બાજુ બોલાવી કહે, 'પહેલુ કામ મારે પિતાનું દેવું વાળવાનું કરવું છે. ઝાઝો સમય થયો, પણ હું એ ભૂલ્યો નથી. દેવું તો ચાલીસ હજારનું હતું. એ રકમનું પૂરેપૂરું વ્યાજ તો મારાથી આપી શકાય તેમ નથી પણ રકમથી અર્ધુ વ્યાજ હું દરેક લેણદારને આપીશ. સૌને તમે સમજાવો.'

સમય ઝાઝો વીતી ગયેલો. એટલે ઘણાંને તો લેણાની જાણ પણ નહિ. તુલસીદાસે યાદી કરી રાખેલી. મેં એ યાદી લીધી. એક નિર્મળ સહૃદયી સજ્જન પાસે હું ગયો. માંડીને વાત કરી. એ સજ્જન કહે, 'મારા ચોપડામાં એની નોંધ નથી. નાદારી લેવાય એટલે તે જ વરસે ચોપડામાં માંડવાળ કરવી પડે. નાદારી લીધી છે એટલે હવે આ રકમ એ ધર્માદામાં આપે એવું સમજાવો ને ...'

હું તુલસીદાસ પાસે ગયો, ધર્માદાની વાત કરી. એમણે કહ્યું, 'ગામની કોઈ એવી પ્રવૃતિ હશે ને ધર્માદાની જરૂર હશે તો હું જરૂર વિચારીશ. પણ આ રકમ તો મારે

લેણદારોને પાછી આપવી જ પડે. કમાયો તો યે બાપનું દેવું દ વાળ તો મારા સંસ્કાર લાજે.'

તુલસીદાસે પણ સહુને વિનવ્યા : 'આમ તો મારે પૂરું વ્યાજ આપવું જોઈએ પણ તે હું આપી શકતો નથી. તો દરગુજર કરશો. આ ફૂલ નહિ તો ફૂલની પાંદડી સ્વીકારો અને મને દેવામાંથી મુક્ત કરો.'

પછી તો હિસાબની સમજૂતી થઈ ગઈ, રકમ ચૂકવાતી ગઈ. કેટલાક લેણદારો તો તંગીમાં હતા એમને તો જાણે અમીવર્ષા થઈ! સહુના અંતરમાં એક જ વાત હતી, 'દીકરા હજો તો આવા હજો.'

થોડાક લેણદારોએ વળી કુલીનતાનો એક નવો જ પરિચય આપ્યો. તેમણે સામી વિનંતી કરી : 'અમારા ચોપડામાં જે લેણું નથી તે જો અમે લઈએ તો અમે ભગવાનના ગુનેનાર થઈએ.'

તુલસીદાસ કહે. 'એ તો તમારું સૌજન્ય ગણાય. પણ મારો ચોપડો બોલે છે, તમારે લેણાની રકમ લેવી ઘટે.'

મેં તોડ કાઢ્યો, 'આ રકમો પરસ્પરની ઈચ્છા મુજબ જાહેર સેવાના કાર્યોમાં વાપરવી.' સહુ સંમત થયા.

તે દિવસે તુલસીદાસે રૂપિયા સાઠ હજારનું દેવું વાળ્યું. એ જમાનામાં આ રકમ ઘણી મોટી ગણાતી. રૂપિયો ત્યારે ગાડાના પૈડા જેવો ગણાતો. તુલસીદાસને હાશ થઈ. ગામમાં એની પ્રતિષ્ઠા થઈ. બધા ઉઠ્યા એટલે ગામની વ્યાયામશાળામાં એમણે રૂપિયા બારસો આપ્યા.

કોઈ ઈતિહાસમાં આ ઘરદીવડાની વાત કોઈએ કરી ન હોય ભલે, પણ આવા દીવડાના પ્રકાશે સમાજમાં અજવાળું અજવાળું છે.

**ગુજરાત સમાચાર**

To ask ADVICE is in line cases out of ten to tout for flattery.

**❋ John Churton Maxims & Reffections**

The true work of ART is but a shadow of divine per ection.

**❋ Michaelangelo**

The Aut ıor himself of the best judge of his performance.

**❋ Gibbon**

There is no cosmetic for beauty like HAPPINESS.

**❋ Lady Blessing Ton**

ફરીદપુરના ન્યાયાધીશે એક નામી લુટારાને સજા કરી. તેથી ઉશ્કેરાઈ લુટારાએ કહ્યું કે જેલમાંથી છૂટી આવું વેર લઈશ. અને એણે છૂટ્યા બાદ, ખરેખર, ન્યાયાધીશનો બંગલો સળગાવી મૂક્યો, જેમાં તમામ સ્થાવરજંગમ મિલ્કત સાફ થઈ ગઈ અને ન્યાયાધીશ માત્ર પોતાના નાના પુત્ર સાથે પહેર્યે લૂગડે બચી શક્યા. લુટારો તરત પકડાયો, પણ હવે પશ્ચાતાપથી ગળગળા થઈ તેણે કહ્યું કે મને કોઈ નોકરી અપાવો તો આ ધંધો મૂકી દઈશ.

ન્યાયાધીશે કહ્યું: 'વારું,: તો તું કાલથી જ મારે ત્યાં નોકર, ને આ છોકરાને નિશાળે લઈ જવા-લાવવાનું તારું કામ.' એ ન્યાયાધીશ તે જગદીશચન્દ્ર બોઝના પિતા ભગવાનચન્દ્ર; છોકરો તે જગદીશચન્દ્ર પોતે.

## પ્રેરણામૃત સંગ્રહ

-પ્રજ્ઞાંગ

(સં. ૨૦૩૭, મહા સુદિ-૧૦, બુધવાર તા. ૧૭-૧૨-૧૯૮૦ ના સુરેન્દ્રનગર-નૂતન જૈન ઉપાશ્રયના પ્રવચનમાંથી)

શ્રી જૈનશાસન તે સાધુપણું જ છે. શ્રી જૈનશાસનમાં જન્મેલ, સાધુપણાંની ઈચ્છાવાળા જીવનું હૈયું કેવું હોય. તેની અક્કલ કેવી હોય તે વાત સમજાવી છે. તે દરેક ચીજ ઉપર વિચાર કરનાર હોય કે બેવકૂફ હોય ? ગમે તેની વાત માનીને ગમે ત્યાં તે ચાલ્યો જાય ? માન આવે એટલે કષાય થયો ને ? ભગવાનનું શાસન પામેલાને અધર્મ પર-પાપ પર ભારેમાં ભારે ગુસ્સો હોય પરન્તુ અધર્મી પર ગુસ્સો ન આવે, અધર્મી ઉપર તો દયા આવે. પાપીની નિંદા કરનાર તો નાલાયક લોકો છે, જૈનશાસન સમજ્યા જ નથી. **શ્રી જૈનશાસનમાં પાપીની નિંદા નથી પણ પાપની નિંદા છે.** શાસ્ત્ર માન્યા વિના પાપ સમજાય નહિ. શાસ્ત્ર કહે તેને પાપ માનવું પડે. આજે કાયદો જેને ગુનો કહે તેને ગુનો માનવો પડે. પોતાની જાતને જ સારા કહેવરાવનારા માણસોનું જૈનશાસનમાં સ્થાન જ નથી. જગત જેને સારા કહે અને પોતે પોતાની ખામી કહે તેનું નામ સારો.

જગતમાં ધર્મી હંમેશા પોતાની ભૂલ જ જોવે. જેને મોક્ષ જ જોઈએ તેનામાં જ ખરેખર જૈનપણું આવે. તેવા જ જીવો જૈનશાસન શોભાવે, તે તત્ત્વની વાત ઉપર વિચાર કરે પણ આંધળી વાત કરનાર હોતા નથી. ગમે તેની વાત ઉપર ચાલનાર હોતા નથી. ભગવાનનું શાસન પામેલાના મનને કોઈપણ ફેરવે નાંખે ? તેનું માથું ય ઠેકાણે ન હોય ? જે પોતાની જાતને જ બુદ્ધિમાન માને તે બેવકૂફ હોય જ નહિ. આપણે ત્યાં તો ચૌદપૂર્વી કહે અમારી પાસે બિંદુ પણ જ્ઞાન નથી. કેવળજ્ઞાન આગળ અમારી પાસે કાંઈ નથી. શાસન મળ્યા પછી પણ શાસનની કિંમત ન સમજાય તે શાસન પામ્યો જ નથી. માટે ડાહ્યા બનવાની કોશિશ કરો પણ ડાહ્યા છો તેમ બતાવવાની કોશિશ ન કરો. આપણે આપણી દઢતા કેળવવાની છે. કોઈ ગમે તેમ બોલે પણ જરાય તેમાં આવીએ નહિ તેવા તમને બનાવવા છે.

ભગવાનના શાસ્ત્ર સાધુ જ વાંચે. સાધુનું પેટ સાગર જેવું હોય. શાસ્ત્ર પણ ગુરુ કહે તો જ વાંચવાના છે. લાયકને જ શાસ્ત્ર આપવાના છે. નાલાયકે તો શાસ્ત્રને અડવા જેવું પણ નથી. આજે ગમે તેને ભણાવ્યા તો પરિણામ શું આવ્યું તે તમે જોઈ રહ્યા છો. પુસ્તકમાંથી પણ ઝેર પાનારા નીકળ્યા છે. ગુરુની આજ્ઞા વિના પાટ પર ચોંટાય નહિ. તે રીતે બેસનારા પાટને અભડાવે છે. અને અનેકનું સત્યાનાશ કાઢે છે. જૈનશાસનમાં ગુરુનો અભાવ હોતો જ નથી. આ વાત મનમાં ઉતરે તો કામ થાય. ભગવાનનું શાસન હાલી મવાલીના હાથમાં ગયું નથી કે જવાનું ય નથી. ભગવાનનું શાસન પામવા ગુરુ આધીનતા જ જોઈએ. શાસ્ત્ર તો શસ્ત્ર પણ બને. અધિકારી માટે શાસ્ત્ર બને, અનધિકારી માટે શસ્ત્ર બને. માટે ગુરુ પરતંત્રતા સ્વીકાર ભગવાનનું શાસન સમજશો તો જ કલ્યાણ થશે. બાકી જેની તેની વાતમાં આવશો તો પામેલ હારી જશો અને સંસારમા ભટકવું પડશે.

(સં. ૨૦૩૪ ફાગણવદિ-૧ ને શનિવાર તા. ૨૫/૩/૭૮ ના પ્રવચનમાંથી, ભગવાન નગરનો ટેકરો, અમદાવાદ)

જગતના જેટલા બહિરાત્મા છે તેમને તો પોતાનું શરીર, પૈસો અને પોતે માનેલા કુટુંબમાં જ રતિ હોય છે. જ્યારે જે અંતરાત્મા બન્યા છે. મોક્ષ ગમ્યો છે, મોક્ષ જ જોઈએ છે, સંસારનું સુખ ભૂંડૂં લાગ્યું છે તેવા જીવોને જ શ્રી જિન, શ્રી જિનમત અને ભગવાનનો ચારે પ્રકારનો મોક્ષમાર્ગનો આરાધક જે સંઘ તેના પર જ રતિ હોય છે.

શરીર-પૈસો અને કુટુંબ તો સંસારમાં જ રખડાવનાર છે આ વાત જેને રુચિ નથી તે એવા એવા કામ કરે છે જેનું વર્ણન ન થાય. તમારા કુટુંબમાં આજે માબાપ-પાલક-વડિલ કે વડિલ બંધુનો નંબર જ નથી તે એક મોટામાં માટી ફજેતી છે. તેથી લાગે છે કે જૈનપણું

તો નથી પણ માર્ગાનુસારીપણું નથી. જૈનપણું તે ચોથું ગુણઠાણું છે જ્યારે માર્ગાનુસારીપણું તે પહેલું ગુણઠાણું છે. પહેલા ગુણઠાણે તો માતા-પિતાદિ વડિલોનું મુખ્ય સ્થાન છે તેમના નામે જ ધર્મ કરે.

જે જીવ કર્મને સમજે તે સાવધ થાય છે, ડગલે પગલે પાપથી દૂર રહે, પાપથી ગભરાતો હોય. ધર્મમાં તો પાપ કરે જ નહિ. ધર્મના નામે પાપ કરવાની છૂટ છે ?

**અમે ભગવાનનું શાસન બરાબર બોલીએ અને તમે સમજો તે જ 'રચનાત્મક' કાર્ય છે. તમારે સમજવું નહિ અને અમારે બોલવું નહિ તે 'ધ્વંસાત્મક કામ' છે. અમારે સંસ્થાઓ સ્થાપી તમને પોષવા તે અમારો ધંધો નથી. સાધુને પતિત ન બનાવો. તમારે સાધુ થવું નથી અને સાધુને જીવવા દેવા નથી.** ભગવાને શ્રી સંઘ સ્થાપીને કોને કેમ જીવવું તે બતાવ્યું છે. સઘળાય જીવોને ભગવાનનો માર્ગ બતાવવો અને માર્ગ કેમ જીવે તે બતાવવું તે જ ભગવાનના શાસનનું રચનાત્મક કામ છે. જે જે સંસ્થા સ્થાપીને બેઠા કે સંસ્થા સ્થાપવાના સ્વપ્નો કર્યા તે બધા સ્વાર્થી બની બેઠા છે. તે સંસ્થાઓ કેમ ચાલે તેનું તમને ભાન નથી. **અમારે કોઈ જ સંસ્થા સ્થાપવી નથી.** અમારે ભગવાનનો માર્ગ જીવવો છે અને તમને સમજાવવો છે અને જે જીવે છે તેને સ્થિર કરવા છે, બીજું કોઈ કામ કરવું નથી ભગવાનના માર્ગથી વિરુદ્ધ વાત કરનારા પાટ પર બેસી શકે છે તે તમે મૂરખ પાકયા માટે. જો તમે તેમને ઉભા રાખીને પૂછો કે ક્યા શાસ્ત્રમાં લખ્યું છે તો ઠેકાણે આવી જાય. તમારે કાંઈ કરવું નથી અને બધું અમારા પર ઢોળવું છે તે ન ચાલે. **જમાનાને અનુકૂળ થાય તે સાધુ કે શ્રાવક જ નથી.**

આ જમાનામાં તો અનીતિ વગર ચાલે જ નહિ તેમ જૈન બોલે ? જૈન તો કહે નીતિથી જે મળે તેમાં જીવશું. તેનું કુટુંબ પણ એવું હોય જે કહે કે 'ચોપડ્યું ખાવા અનીતિ કરતા નહિ. નીતિથી લુખું મળશે તે ય આનંદથી ખાઈશું.' આજે તો જૈનકુટુંબ પણ આવા નથી. આજે જૈન જાતિ-કુળ જીવતા રહ્યા નથી, જૈન ધર્મના આચારો જૈન કુટુંબમાં જોવા મળતા નથી. તેથી જ તમારા સંતાનો શું ખાય છે, પીએ છે, ભણે છે તેની તમને ખબર નથી. તમારા સંતાનો તમારી સામે બેસી અભક્ષ-ઈંડાદિ ખાશે તેવો વખત આવી રહ્યો છે.

ભગવાનનો માર્ગ જીવતો રાખવા અમારે-તમારે ડાહ્યા થવાનું છે, ભગવાનના શરણે રહેવાનું છે. શાસ્ત્ર વિરુદ્ધ એક અક્ષર ન બોલાય, એક કામ ન થાય તેની ચિંતા રાખવાની છે. તમારામાં અક્કલ નથી તેવું નથી. તમે અહીં શા માટે આવો છો તે મને ખબર નથી. જો મોક્ષ માટે જ આવતા હોત તો બધું સમજાય તેવું છે. જગતની બધી ચીજોમાં તમે હોંશિયાર છો, ધર્મની બાબતમાં ઈરાદાપૂર્વક બેવકૂફ થયા છો. તમે ય ભગવાનનું શાસન જાણતા નથી અને તમારા સંતાનને પણ ભગવાનના શાસનનો જાણકાર બનાવ્યો નથી. તમારા સંતાન ગ્રેજ્યુએટ, પ્રોફેસર, ડોકટર, વકીલ મળશે પણ નવતત્ત્વના જ્ઞાતા નહિ મળે.

શ્રી જિન, જિનમત અને શ્રી સંઘની તમને પીછાન નથી તે પીછાન કરાવવી છે. તે થાય તે પછી તમારી જે શકિત સંસારમાં ખર્ચો છો તે ધર્મમાં ખર્ચો તો બેડો પાર થાય. તમે અશકત નથી પણ મરદ છો પણ તે માટે ધ્યેય બદલાવું જોઈએ. તમને ન સમજાય તો પૂછવાનો અધિકાર છે, શાસ્ત્રાધાર માંગો તો ય અમે નારાજ નહિ થઈએ. તમે એવું પૂછો કે રસ પેદા થાય અને મારે પણ કહેવું પડે કે કાલે જવાબ આપીશ.

આપણને શ્રી જિનેશ્વરદેવ એવા મળ્યા છે કે તેમને ઓળખી લઈએ તો શ્રી જિનમત જાણ્યા વિના ચેન ન પડે. જેમ જેમ શ્રી જિનમત જાણે તેમ તેમ વિરાગ વધે પછી જો ત્યાગ અને સંયમ વધે, ખાન-પાનનો રસ જાય. તમને આજે ખાન-પાનનો રસ છે માટે તમારા ઘર નીતિથી ચાલતા નથી. આજના અનીતિથી શ્રીમંત થયેલા દુઃખી છે, પૈસા કેમ સાચવવા તેની ચિંતામાં છે. આજના શ્રીમંત ચોથા આરાનું નહિ છઠ્ઠા આરાનું સુખ ભોગવે છે ! આજનો કોટિપતિ બોલાવ્યા વિના ઉપાશ્રયે ન આવે. તેવાને બોલાવવા પડે તો અમારો મહાપાપનો ઉદય હોય તો જ બોલાવીએ. તે બધા શાસન માટે ઉપયોગી નથી. ઘણાએ આચાર્યો પાસે ધારેલા કામ કરાવી શાસ્ત્રનું ખૂન કરાવ્યું !!

– ક્રમશઃ

# ક્ષમાપનાનો સંદેશ

-પૂ. મુ. શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

વિષમતાના ઘર રૂપ આ સંસાર યાત્રામાં અટવાયેલા જીવનમાં યાત્રિકને અનેક પ્રકારના આરોહ-અવરોહ પસાર કરવા પડે છે. આ જીવન યાત્રા આપણે ધારીએ તેવી સહેલી નથી. રોજે રોજ અનેકના સંબંધોમાં અપેક્ષાઓની માત્રાના કારણે મનોદુઃખના, વૈરવિરોધના પ્રસંગો ઊભા થતા હોય છે. ક્ષણ-બેક્ષણ સહવાસ જેમ મધુરતાનું કારણ બને તેમ કડવાશ-કટુતાનું પણ કારણ બને છે. પછી તેની યાદો જીવને સંતાપના અંગારાની આગમાં દઝાડ્યા જ કરે છે. જગતના બધા સંતાપોનું મૂળબીજ વૈરવૃતિ છે. 'મારું ન માને તેને બતાવ્યા વિના રહું જ નહિ' આ વૃતિમાંથી વૈરનો જન્મ થાય છે. કેમ કે વૈર એ કાંઈ આકાશમાંથી નથી ટપકતું કે વૈરની ક્યાંયથી આયાત પણ નથી થતી. વૈરવૃતિ તો પોતાના જ ચિત્તની - અંતઃકરણની એક બગડેલી અને વિકૃત બનેલી દશા છે. જે ઉપકારીને પણ ભૂલાવે છે. તેમાંથી પેદા થતી નફરત અને તિરસ્કારની વૃતિ ક્રોધના અગ્નિને પ્રજ્વલિત રાખે છે. તેમાં બળતણ-પેટ્રોલ ઉમેરવાનું કામ કરે છે ઈર્ષ્યા-મત્સર-અદેખાઈ-અસૂયા અને અસંતોષ ! તેથી જ વેરની સાથે સંશય-વહેમ-જડતા-ગેરસમજ, અજ્ઞાન બધા માથે સવાર થઈને આવે છે અને આંતરિક ડામાડોળ સ્થિતિનું સર્જન કરે છે. માટે જ કહેવાય કે આંતરિક ડામાડોળ અસ્થિર ચિતવાળાની કૃપા પણ ભયજનક છે. પ્રાણ પાથરવા પોતાના જ માનતા ક્યારે પ્રાણ લેનારા અને પરાયા બની જાય તે કહેવાય નહિ.

માટે જ જ્ઞાનિઓ પોકારે છે કે જીવનનું સમતુલન જાળવવા ક્ષમાધર્મ અને સહનશીલતાવૃતિને કેળવો. કેમ કે, ક્ષમા અને સહનશીલતાના અભાવે જીવન એ જીવન નથી રહેતું પણ એક દાવાનલ બની જાય છે. જે પળે પળે પોતાને અને પરિચયમાં આવનારા પ્રત્યેકને દઝાડે છે. અગ્નિની જ્વાળા સારી પણ આવી સ્થિતિ- ? આત્મિક શીતલતા શાંતિ વગર કદિ સાચી સ્થિરતા -સ્વસ્થતા અનુભવી શકાતી નથી.

માટે જ

આજના શ્રી સંવત્સરી મહાપર્વના મહાપવિત્ર દિવસે દરેકે દરેક ધર્માત્મા માત્રની જરૂરી નહિ બલ્કે અનિવાર્ય ફરજ થઈ પડે છે કે ખરા હૈયાપૂર્વક માફી-ક્ષમા માગવી અને આપવી. તે માટે જરૂર છે સરળતા અને નમ્રતાની. સરળતા અને નમ્રતા વિનાનું ક્ષમાનું આદાન-પ્રદાન તે માત્ર ધર્મ નહિ બનતા 'દંભનું' 'નાટક' અને આત્માને 'છેતરવાનો' ધંધો બની જાય છે. જેનું ફલ લખતાં પણ લેખિની લાજે છે તેવો દુરંત સંસાર છે ! સાચા ભાવે ક્ષમાના આદાન-પ્રદાનથી ચિત્ત હળવું-બોજારહિત - બની જાય છે અને નંદનવનના આનંદને અનુભવે છે. પણ **વૈરની નિવૃતિ અને દોષોની માફી સ્વીકાર્યા વિના અંતઃકરણની સ્થિરતા -સ્વસ્થતા-નિર્મલતા કોઈપણ કાળે શક્ય નથી. ન ભૂતો ન ભવિષ્યતિ !**

આંબાની ઈચ્છાવાળાએ આંબાનું બીજ વાવવું પડે કાંટાનું બીજ વાવવાથી આંબાની ઈચ્છા ક્યારે પણ ફળીભૂત ન થાય. તેમ જે માનવ કે માનવ સમાજ જીવનમાં સુખ-શાંતિ-સમાધિ-સ્થિરતા-સ્વસ્થતા ઈચ્છે તે દોષોની માફી અને વૈરની ક્ષમાપના વિના સ્વપ્ને પણ સંભવિત

નથી. ઝેરથી ખરડાયેલા હાથે અમૃતને અડીએ તો તે પણ જેમ ઝેર બની જાય છે તેમ વેરઝેર ભરેલું જીવન પણ જિંદગીને વિષવૃક્ષ સમાન શ્યામ કાજલ જેવું, ભાદ્રમાસની અમાસની ઘોર રાત્રિ જેવું અંધકારમય બનાવી દે છે.

તેથી હે ચેતન !

તારે તારું જીવન પ્રકાશમય બનાવવું છે તો તારી પ્રજ્ઞાને નિર્મલ કર અને જીવનમાં રહેલા દોષોનું દહન અને જીવ માત્ર પ્રત્યેના વેર ઝેરની સાથે સાચા ભાવે ક્ષમાપના કરી તારા આ પર્વને સોહામણું-સૌભાગ્યવંતુ બનાવ તો તારું જીવન ચંદનના નંદનવન સમું બની અનેકને શીતલતા પ્રદાન કરનારું બનશે, શીતરશ્મિ સમ સૌમ્ય-શાંત-સ્વચ્છ પ્રકાશથી પ્રકાશિત બનશે અને તારા પરિચયમાં-છાયામાં આવનાર સૌને પ્રકાશિત બનાવશે. 'શુભસ્તે પંન્થાન: ।' કવિની પંક્તિને યાદ કરી વિરમું છુ.

"વેરથી વેર શમે ના, ને પ્રેમે વેર શમે સદા.
પ્રેમ પારસ જે પામે, સુખ શાંતિ અનુભવે.
વિચારે પાપ મેં બાંધ્યાં, વાણીથી મન દુભાવ્યાં,
વર્તન દુ:ખ જે દીધાં, મિચ્છામિદુક્કડમ સહુ."

# ક્ષમાપનાથી આત્માને ઉજાળી લે !

- પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જીવન સફળમાં મળે છે ક્યારેક ગમતું કે ક્યારેક અણગમતું, ક્યારેક મનપસંદ કે ક્યારેક ના પસંદ, ક્યારેક ઇચ્છાથી કે ક્યારેક અનિચ્છાથી - ઘણું બધું થતું હોય છે, ઘણું બધું કરવું પણ પડતું હોય છે. કારણ જિંદગી એક નાનું વર્તુલ છતાં અજ્ઞાત લાગણીઓના ઘર્ષણમાં ક્યારેક તણખા ઝરે છે. દુશ્મનોમાં તો શું પણ મિત્રતામાં આગ લાગે છે. આ આગ બાળે છે હૈયું પણ અશ્રુ સારે છે નેત્રો. તે અશ્રુના ડાઘ ધોવામાં ન આવે તો તે કાયમભર રહે છે, હૈયાને વલોવે છે - રીબાવે છે - પીડાવે છે. પરિણામે ભવની સીમા નિ:શિમ બની જાય છે.

આપણા આત્માની આવી દશા ન થાય તે માટે ક્રોધ સામે ક્ષમા, હિંસા સામે અહિંસાનો ઉપયોગ કરજો. કટુ ધર્મભેદી વચનોને સહન કરવામાં જે મજા છે તે સામનો કરવામાં નથી જ. સહન કરનારા પરિણામે સાધી જાય છે. સામનો કરનારા અંતે હારી જાય છે. સહનશક્તિનો અભાવ એ જ હિંસાની જનેતા છે. જે ધર્માત્મા માત્ર માટે જ નહિ પણ માનવજાત માટે ય પરમાણું બોંબના વિસ્ફોટ કરતાં ય વિશેષ હાનિકારક છે. કેમકે એનો વિસ્ફોટ નિરંતર થતો જ રહે છે.

તો આ પરિસ્થિતિને પલટવા, સહન શક્તિને પામવા જીવન કવનના ડાઘને પ્રક્ષાલવા પાવની સુરગંગા સમા પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વને પામી, ક્ષમાપનાથી નિતર્યા જાણથી હું પણ પ્રક્ષાલન કરું છું. તમો સૌ પણ જરૂર ખમજો અને ખમાવજો. જેથી બધી નફરતને દૂર કરી, અહમ માત્રને દેશવટો દઈ ક્ષમાનું આદાન-પ્રદાન કરી આત્મ ધર્મને અજવાળનારા બનીએ. કો'ક કવિની વાણીનું સ્મરણ થયું કે

"મનુષ્ય માત્ર, ભૂલને પાત્ર.
ક્ષમા એ જ ખરું બ્રહ્માસ્ત્ર."

# ગુરુકૃપાની હેલી વરસાવો !

'રત્નરાજ'

જૈનશાસનમાં સદ્‌ગુરુનું સ્થાન અપેક્ષાએ શ્રી તીર્થંકર પરમાત્મા જેવું છે. શરીરના પ્રેમીઓ લેભાગુ ડોક્ટર ભટકાઈ ન જાય તેના માટે જેમ સાવધ રહે છે તેમ આત્માના પ્રેમી જીવો પણ લેભાગુ-લબાડ ગુરુ ભટકાઈ ન જાય તેના માટે સાવધ રહે છે. માટે તો 'આ જ' ગુરુ તેમ ન કહેતા 'આવા આવા ગુણસંપન્ન હોય તે ગુરુ' તેમ કહેવામાં આવ્યું. અને તે માટે 'ગુરુ સ્થાપના સૂત્ર' 'શ્રી પંચેન્દ્રિય સૂત્ર' માં સદ્‌ગુરુના ગુણોનું સ્વરૂપ સમજાવાયું.

નદી કે સાગરને પાર પામવા નૌકા-વહાણની જરૂર પડે. પણ કઈ નૌકા તારે અને કઈ ડૂબાડે તેનું જ્ઞાન બધાને હોય છે-મેળવી લે છે. નૌકાના માધ્યમથી સદ્‌ગુરુની ઓળખ કરાવાઈ છે. ત્રણ પ્રકારની નૌકાની જેમ ત્રણ પ્રકારના ગુરુ કહ્યા છે.

(૧) **પત્થરની નૌકા** - હોય મજબૂત, દેખાવે પણ સુંદર પણ તરવા-તારવા માટે નકામી. સ્વયં ડૂબે અને તેના આશ્રયે રહેલાને ડૂબાડે. તેવી રીતે કુગુરુના ફંદામાં ફસાયેલાનો સંસાર ન છૂટે કે ન મર્યાદિત બને પણ વૃદ્ધિ જ પામે.

(૨) **કાગળની નૌકા** - મજબૂત નથી, સુંદર નથી પણ સાગર તરવા સ્વયં સમર્થ છે, પણ બીજાને તારવા અસમર્થ છે. સ્વયં તરે પણ બીજાને તારી ન શકે. આવા ગુરુ મલ્યા હશે પણ કલ્યાણ ન થયું.

(૩) **લાકડાની નૌકા** - હોય મજબૂત અને પોતે પણ તરે અને આશ્રિતોને તારે. તે જ સાચા ગુરુ કહેવાય.

પુણ્ય યોગે આવા વિષમકાળમાં આપ સમાન ગુરુ મલ્યા. મારી ચિંતા ટળી. સંસારનું આકર્ષણ કરનારાં, મન લોભાવનારા અનેક રત્નો હોવા છતાં પણ આપે તેનાથી મોંઘેરા અમૂલ્ય એવા ત્રણ રત્નોનું પ્રદાન કર્યું. જે રત્નોના પ્રભાવે આજ સુધી લુંટારા - હત્યારા, કામી-ક્રોધી, ભયાનક પાપાત્માઓ પણ તર્યા તો ગરીબ-અમીર, રાજા-મહારાજા-ચક્રવર્તી આદિ પણ તર્યા. આવાં રત્નો પામ્યા પછી જો હું ન તરું તો ખામી મારી જ છે, ભૂલ મારી જ છે. કારણ હું દ્રવ્યથી તે પામ્યો પણ ભાવથી પરિણાવ્યાં નહિ. મારે એવો પુરુષાર્થ કરવો છે જેથી ભાવથી રત્નત્રયી પામું, સ્વ-પરની પીછાણ પરખું, પરની-પુદ્‌ગલમાત્રની આસક્તિ-મમતા છૂટે, સ્વ સ્વરૂપને સમજી તેમાં જ સ્થિર થઈ તેમાં જ મગ્ન બનું.

પણ આ કામ બોલવું સહેલું છે, કરવું-પામવું કઠીન છે. તે માટે મારે વિચારવું કે મારું સાચું ઘર ક્યું ? મારો આવાસ ક્યો ? આજ સુધીમાં મેં અનંતા ઘર કર્યા અને મૂકયા. જે પરનું ઘર હતું તે મૂકવું જ પડે ને ? પોતાનું ઘર હોય તે ન મૂકવું પડે. પણ પરઘરને જ મેં પોતાનું ઘર માન્યું તેની આ મોંકાણ મંડાઈ. સિંહના ભવમાં ગુફા કરી, ઉંદરના ભવમાં દર કર્યા, સાપના ભવમાં રાફડા કર્યા, પંખીના ભવમાં માળા કર્યા, પશુઓના ભવમાં તે તે સ્થાનો કર્યા, દેવના ભવમાં દિવ્યભવન કે વિમાનોમાં રહ્યો, મનુષ્યના ભવમાં ઘર-મકાન-મહેલ ચણાવ્યા પણ અફસોસ ! અલ્પ સમય તે તે આવાસોમાં રહ્યો અને ફરી આવાસ બદલ્યા. આવી રીતના ઘરો બદલી બદલીને હું હવે ગળિયા બૈલની જેમ થાકી ગયો છું. હવે તો મારે જોઈએ છે મારું ઘર, જે મારે ક્યારે પણ ફરી છોડવું ન પડે, બીજે ભટકવું ન પડે. તે છે ચૌદ રાજલોકમાં એક જ સ્થાન અને તે છે સિદ્ધશીલા ! **મોક્ષ એ જ મારા આત્માનું સાચું ઘર છે.** આપે આ વાત એવી ઘૂંટી ઘૂંટીને આત્મસાત્ કરાવી છે કે, હૈયામાંથી એક જ નાદ નીકળે છે કે - 'આજ્ઞા મુજબની એવી આરાધના કરવી છે જેથી ભવ ભ્રમણ ટળી જાય અને જડી જાય મને મારું શાશ્વત-સાચું ઘર.'

આપની કૃપાથી સાધુપણું પામ્યો. આપે સાધુવેષ અર્પણ કર્યો. આ વેષની એવી અદ્‌ભૂત બલિહારી છે કે માગે તેના કરતાં અધિક મળે. પણ મોહનીયની ગતિ

ન્યારી છે ઘર-બાર-કુટુંબ-પરિવાર, માતા-પિતા, ભાઈ-બહેન છોડીને આવેલો હું પરિગ્રહમાન ફસાઈ ગયો, મમતા-આસક્તિમાં જકડાઈ ગયો, રાગના બંધનમાં બંધાઈ ગયો, દ્રવ્ય-ભાવ સંસારથી મુક્ત થવાના લક્ષમાં મજબૂત થવાના બદલે, આરાધનામાં ઉદ્યમી થવાના બદલે નીત નીત નવા નવાં દ્રવ્યભાવ સંસારના બંધનમાં બંધાઈ ગયો, એક કુટુંબ પરિવાર છોડીને અનેક કુટુંબ-પરિવાર, ભાઈ-બહેન બનાવવા લાગ્યો, સંયમના ઉપકરણને અધિકરણ બનાવવાની મૂર્ચ્છાનો હું અનાયાસે શિકાર બની ગયો - 'મારું થશે શું ? હું કયાં જઈશ ?' 'આપ જેવા તારક ગુરુદેવ મલ્યા મને બચાવો ! મારો ઉદ્ધાર કરાવો,' 'મને સાચો અણગાર બનાવો' ગુરુ કૃપા જ અસંભવિતને સંભવિત બનાવે છે. પત્થર જેવાને પણ પંડિતની કોટિમાં મૂકવાનું અચિંત્ય સામર્થ્ય આવે તારક ગુરુકૃપામાં છે. આવી કૃપા વરસાવી મારા આત્માનો ઉદ્ધાર કરો ! મને આપના હાથનું આલંબન આપો, દીવાદાંડી બની મને બચાવો ! સુંદર આરાધનાનું સામર્થ્ય પામું તે જ આરઝુ છે. ● ● ●

## મિયાંની બિલ્લી

એક મિયાં હતા. એમના મકાનમાં ઉંદરડા ઝાઝા હતા. એમને ઉંદરડાની ધમાલ ગમતી હતી. પડોશ સાથે એમની જબાન અને વા સાથેય વઢવાની નીતિને લીધે પડોશીઓ સાથે ઝઘડા થયા કરતા. મિયામાં જાતે લડવાનું જોર નહિ. એટલે પડોશીના ઘરમાં ઉંદરડા છોડી આવે. અને એ રીતે પડોશીના ઘરમાં આતંકવાદ ફેલાવે પણ વખત જતાં ખુદ એમના ઘરમાં જ ઉંદરડા આતંક મચાવવા માંડ્યા. એમને લાંબે ટાંટિયે ઊંઘવા જ ના દે. મિયાં કંટાળ્યા... એમણે ઉંદરડાને કાઢવા એક બિલ્લી પાળી. બિલ્લીને દૂધ પાવાના ફદિયા મળે નહિ તો દૂધ ઉધારી લાવે અને બિલાડીને પીવડાવે. બિલાડીને લીધે ઉંદરડાનો ત્રાસ ઘટી ગયો. પણ એ બિલાડીની સાથે બીજો બિલાડો આવ્યો એમનાં બચોળિયા થયાં.

બિલાડીને અને એના 'ફેમિલી'ને દૂધ પાવાનું હવે મિયાંને પરવડ્યું નહિ. એટલે એમણે બિલાડીને હાંકવા માંડી, પણ બિલાડીએ જોરજોરથી મ્યાંઉ-મ્યાઉં કરીને મિયાંને મૂંઝવી નાખ્યા. બિલાડીની આવી નાપાક દાનત જોઈ મિયાં ગુસ્સે થઈ બરાડી ઉઠ્યા : 'ક્યા બાત હૈ ? મેરી બિલ્લી ઔર મુઝે મ્યાઉં?'

## રોજના ૬૦૦૦૦ મરઘા - બતકાની કતલ !

તા. ૨૨-૬-૦૨ ના એક રાષ્ટ્રીય અખબારમાં દિલ્હીના એગ્રીકલ્ચરલ માર્કેટીંગ બોર્ડ તરફથી જાહેરાત આપવામાં આવી છે કે રોજના ૬૦૦૦૦ થી એક લાખ ચીકન-મરઘા-બતકાની કતલ માટે ટેન્ડર મંગાવવામાં આવ્યાં છે.

ભગવાન મહાવીરના ૨૬૦૦ મા જન્મ-વર્ષે આ સમાચાર અત્યંત આઘાતજનક છે અને દરેક જૈનોના આગેવાન મંડળે, ટ્રસ્ટીઓએ જૈન દેરાસર તથા ઉપાશ્રયના કમિટી મેમ્બરો આ કતલનો ઉગ્ર વિરોધ કરે અને લાગતા-વળગતા પ્રધાનોને પત્ર લખી આ કતલખાનાને અટકાવે.

હમણાં ભારત ઉપર એક પછી એક કુદરતના તમાચા પડતા જાય છે પરંતુ લોકો મૂંગા જીવની અને અબોલ પશુ પક્ષીની હત્યા કરતા અટકતા નથી ને પછી ભગવાનને - કુદરતને દોષ આપે છે.

મેનકા ગાંધીએ આ પશુ-પક્ષી અને અબોલ જીવોની હત્યા સામે ઉગ્ર વિરોધ કર્યો તો તેમને પ્રધાન પદેથી દૂર કરવામાં આવ્યા. "ક્રુઅલ્ટી અગેઈન્સ એનિમલ્સ" સંસ્થાએ ભારત સરકારને નિવેદન આપી આવા કતલખાના (સ્લોટર હાઉસ) બંધ કરાવવા જોઈએ. જેમને યોગ્ય લાગે તેમણે આ અંગેનો વિરોધ પણ દિલ્હી વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીને મોકલવો જોઈએ.

- પ્રવીણચંદ્ર એચ. શાહ
૩, સર્જન બિલ્ડીંગ નં.૭, રૈયાણી ગ્રામ, શીમ્પોલી રોડ,
બોરીવલી (વે.), મું.-૯૨.

**મુંબઈ સમાચાર**

# સમાચાર સાર

**રતલામ :** શ્રી શેઠજીબજાર મહાવીર જિન પ્રાસાદનો ધ્વજારોપણ પ્રસંગે તા. ૧૮-૧૯-૨૦ ઓગસ્ટ ઉત્સવ થયો. પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂ. મ. ના પટ્ટધર પૂ. આ શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. ની નિશ્રામાં ચદ્રવીર પરિવાર તરફથી પૂજા વ્યવસ્થા થઈ.

**વિજય લબ્ધિસૂરિજી પુણ્યતિથી ઉત્સવ :**

**અમદાવાદ :** ભગવાન નગર ટેકરે આ. શ્રી લબ્ધિભુવતિલક ભદ્રંકર પુણ્યાનંદ સૂરિ કૃપા પ્રાપ્ત તપસ્વી આ. વારિષેણ સૂરિજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશ ધામધૂમથી થયો ને સાથે તપસ્વીઓને ૧૭ રૂા. બહુમાન સંઘ પૂજન થયેલ. ધર્મ બિન્દુ ગ્રંથ મલયા સુંદરી ચરિત્રના ચઢાવા પૂજન સુંદર થયા. રવિવારે કેવલવ્રત ના એકાંસના ૧૦૦ થયા સૌભાગ સુંદર તપ પ્રારંભ થતા ૧૫૦ બાળકોએ ઉત્સાહથી આરાધના આરંભ કરી. તપસ્વી પ્રવર્તક શ્રી વજસેન વિજય મ. જે અખંડ આયંબિલ તપ શરૂ કરેલ આ. શ્રીને ત્રાણ એકાતરા ત્રાણ આયંબિલ પારાણે બેસાણુંથી અરિહંત પદ દ્વારા ધના ચાલુ કરેલ છે.

સવારે પ્રવચન ભકતામર પાઠ રવિવારે જાહેર પ્રવચન સંઘ્યા ભક્તિમાં લોકો ભાવભક્તિથી લાભ સારો લે છે. જૈન ન્યાયરત્ન કવિ કુલ કિરીટ વ્યાખ્યાન વાયસ્થિતિ જૈન ચાર્યશ્રી વિજય લબ્ધિસૂરિજી મહારાજની શ્રાવાણ સુદ પાંચની ૪૧ મી પુણ્ય તિથિએ ભકતાંમર અઠ્ઠંમ તપ ત્થા જિનેન્દ્ર ભક્તિ પંચકલ્યાણક ઉત્સવ સુદ ૧ થી શરૂ થયો. સુદ. ૩ ના ભકતને અમર બનાવનાર ભક્તા બર મહાપૂજન ભક્તિ પ્રીય સજ્જનો તરફથી ઠાઠથી ભાણાવાએલ. વિધિકાર રાજેશ વાલાણીને સંગીત ગોપાલ જૈને રજુ કરવા પધારશે અઠમ તપસ્વીઓને ચાંદિની વાટકિની પ્રભાવના હિંગોળીવાળા ચાંદાબાઈ હેમરાજ પ્રેમરાજ સોની હિંગોલી તરફથી અપાયેલ પારાણા સંઘ તરફથી થયેલ. બાળકોમાં પૂજા બેસાણા આગળ તપની આરાધના સુંદર ચાલુ છે. આયંબિલ ખાતા ચાલુ છે. સાંકળી અઠમ તપ આયંબિલ સંઘપૂજનો થાય છે. ૐકાર જૈન તીર્થની પ્રતિષ્ઠા મહાવદ ૩ ના થનાર છે. અંજન શલાકા પ્રતિષ્ઠા ધામધુમથી થશે પૂજ્ય આ. પ્રાણ્યાનંદ સૂ. પધારશે.

**શીમોગા :** આચાર્ય શ્રી નિત્યોદય સાગર સૂરિ. મ. ના ચાતુર્માસ પ્રવેશથી શીમોગામાં અનેકવિધ આરાધનાઓ ચાલી રહી છે.

અષાઢ સુદ-૩ ના મુનિશ્રી ગુણચંદ્ર સાગરજી મ. ને ભગવતી સૂત્રના જોગમાં એવં મુનિશ્રી જૈનેશચંદ્ર સાગરજીને મહાનિશિથ સૂત્રના જોગમાં પ્રવેશ કરાવ્યો. મુમુક્ષુ ભરત એવં રાકેશની ભાગવતી દીક્ષા થઈ.

સંઘમાં ભકતામર એવં સિધ્ધિ તપમાં અનેક ભાવિકો જોડાયા એકાસાણા બિયાસાણા સંઘ તરફથી થાય છે. પૂજ્યશ્રીની પ્રેરણાથી શિખરબધ્ધ દેરાસર માટે વિશાલ જગ્યા લીધી. દશેરાથી પૂજ્યશ્રી નિશ્રામાં ઉપધાન થશે. શિમોગાના ઈતિહાસમાં પેલુ જ ચોમાસુ હોવાથી શ્રી સંઘમાં ઉલ્લાસ ખુબ સુંદર છે.

**વઢવાણ સીટી :** પ. પૂ. મુનિરાજશ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ. ની નિશ્રામાં સંવેગી ઉપાશ્રયમાં ચાતુર્માસની આરાધના ઉલ્લાસ પૂર્વક ચાલી રહી છે. દૈનિક પ્રવચનોમાં શ્રોતાઓ લાભ લઈ રહ્યા છે.

શ્રી જિનશાસન શાણગાર, સત્ય સિધ્ધાંત રક્ષ ણહાર સ્વ. પ.પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરિશ્વરજી મ. ની ૧૧ મી પુણ્યતિથિ નિમિત્તે, શ્રી સંઘમાં અઠ્ઠમતપ, તિથિના દિવસે આયંબિલ તપની આરાધના કરાવાયેલ. તથા દરેક દરેક શ્રી જિન બિંબોને સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજના આયોજનને પણ સારો આવકાર મળેલ. ચારે જિનાલયોમાં સુંદર અંગરચના રચાયેલ. વ્યાખ્યાનમાં ગુણાનુવાદ તથા બપોરના શ્રી નવપદજીની પૂજા ભાણાવાયેલ. પ્રવચન રાગ, સિધ્ધાંત પ્રેમ રક્ષા તથા દેવદ્રવ્યાદિની રક્ષા વિષયક પ્રસંગો પર સુંદર છણાવટ થયેલ.

# વાપી-શાંતિનગર ખાતે ઉજવાયો યાદગાર અને ભવ્યાતિભવ્ય મહોત્સવ

ગત જે. સુ. ૯ થી જે. સુ. ૧૪ સુધીના પાંચ દિવસોમાં વાપી નગરના રહીશોએ વાપી સ્થિત શાંતિનગર ખાતે ઉજવાયેલા પંચાહ્નિકા મહોત્સવમાં એવો તો ઉલ્લાસ નિહાળ્યો છે કે કમ સે કમ આગામી પાંચેક વર્ષ સુધી તેનું વિસ્મરણ વાપી તેમજ વાપી પંથકના રહીશો નહિ જ કરી શકે.

અગ્યારશો સાઇઠ શ્રમણો અને શ્રમણીઓના ઓજસ્વી અધિનાયક પદે વિરાજેલા ગરવાગચ્છાધિરાજ પૂ. આ. ભ. વિ. મહોદય સૂરીશ્વરજી મહારાજા તેમજ બસ્સો ચોપન શ્રમણીઓના પુન્યવંતા પ્રવર્તિની ભગવંત સા. શ્રી [illegible]સશ્રી. મ. ના સમાધિમય સ્વર્ગવાસ પ્રસંગે તેઓશ્રીના નિરતિચાર સંયમની અનુમોદનાર્થે વાપી ખાતે એક ભવ્યાતિભવ્ય મહોત્સવનું આયોજન થયું હતું.

વાપીના પ્રત્યેક ઘરે તેમજ બહારના સંઘો / મહાનુભાવોને મહોત્સવની રઢિયાળી પત્રિકાઓ અર્પિત કરાતાં મહોત્સવ દરમ્યાન મુંબઈ-સુરત-વડોદરા-નાશિક- જેવા શહેરોના અનેક ભાગ્યવાનો ઉમટી પડ્યાં હતાં.

મહોત્સવમાં નિશ્રાનું પ્રદાન કરવા પ્રવચન પ્રભાવક પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી નયવર્ધન વિ. મ. ના શિષ્ય-પ્રશિષ્ય રત્નો પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ., પૂ. મુ. શ્રી મંગળવર્ધન વિ. મ. તેમજ પૂ. મુ. શ્રી હિતવર્ધન વિ. મ. અમદાવાદથી ઉગ્રવિહાર કરીને પધાર્યા હતાં.

કુમારપાળની ૮ પ્રાર્થનાઓ પર ધારાબદ્ધ અને હૃદયસ્પર્શી પ્રવચનો વરસાવી પૂજ્ય શ્રીએ ભાવિકોને ઢંઢોળ્યાં હતાં.

જે સુ. ૯ના પ્રથમ દિવસે બપોરે પ્રવર્તિની ભગવંતના સુશિષ્યા સા. શ્રી પુન્યદર્શના શ્રી મ. ની નિશ્રામાં પૂ. પ્રવર્તિની ભગવંતની ગુણાનુવાદ-સામાયિક યોજાઈ હતી. જેમાં સાધ્વીજી ભગવંતો સમેત બહેનોએ પ્રવર્તિની ભગવંતનું ગુણ કીર્તન કર્યું હતું. વડોદરાથી પધારેલા તાલિમપ્રાપ્ત મહિલા મંડળે સંગીતની સરગમ સાથે બહેનોને ભક્તિરસમાં તરબોળ કરી દીધાં હતાં.

શ્રી સિદ્ધચક્રપૂજન, શ્રી ૧૦૮ પાર્શ્વાભિષેક પૂજન, ૯૯ અભિષેકની મહાપૂજા અને શ્રી શાંતિસ્નાત્ર જેવા પૂજનો સંગમનેર-આર્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલાં 'મહોદયપુરમ' મંડપમાં યોજાયા હતાં. જેમાં મુંબઈથી આવેલાં બળવંત ઠાકુર, નિરવ-નિકુંજ ઠાકુર, પિતા-પુત્રોની આ ત્રિપુટીએ ભક્તિની છોળો ઉછાળી હતી. રોજ રાત્રે ભાવનામાં મહોદયપુરમનો વિશાળ મંડપ પણ હાઉસફુલ થઈ જતો હતો.

મહોત્સવના અંતિમ દિવસે જે. સુ. ૧૪ ના પ્રભાતે ૯-૧૫ કલાકે આજ મંડપ સ્વર્ગત ગચ્છપતિ શ્રીની ગુણાનુવાદ સભાનો સમારંભ થયો હતો. પ્રથમ નિકુંજ ઠાકુરે 'સૂરિરામના ઓ પટ્ટધર' ગીત ભાવવાહી રીતે ઝીલાવ્યા પછી પૂજ્યશ્રીએ ૧૦ થી ૧૧-૪૫ સુધી પ્રવચનધારા વર્ષાવી હતી. પ્રાંતે ૩૦રૂ. નું સંઘપૂજન થયું હતું. શ્રીફળની પ્રભાવના પણ થઈ હતી.

મહોત્સવના અંતિમ ત્રણ દિવસોમાં રોજ સાંજે સ્વામી વાત્સલ્યો યોજાયા હતાં.

શાસનપ્રભાવનાની દીપ્તિની આ પ્રલંબમાળામાં છેલ્લા દિવસે સાંજે યોજાયેલી મહાપૂજાએ શુક્રના તેજ વેર્યા હતાં. જે. સુ. ૧૪ ને સાંજે ભગવાન શ્રી શાંતિનાથના દરબારસહ સંપૂર્ણ જિનાલયને અનેરો ઓપ આપી સજ્જ કરાયું હતું.

જેનું ઉદ્‌ઘાટન થતાં જ ભાવિકોએ દર્શન માટે લાંબી કતારો લગાવી હતી.

આમ, આ મહોત્સવ વાપીની જૈન જનતા માટે સંભારણું બની ગયો હતો.

# પરિમલ

- સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

❑ તમે પૈસામાં આટલા બધા મસ્તાન થઈને શાને ફરો છો ? એ જ મને સમજાતું નથી. આજે તો જગતમાં પૈસાવાળાની ફૂટી કોડી જેટલી પણ કિંમત નથી. પૈસાવાળાની સામે ભાટાઈ કરનારા જ એની પાછળ પેટ ભરીને નિંદા કરે છે. પૈસાવાળાને લૂંટીને સાફ કરી દેવાની આજે યોજનાઓ ઘડાઈ રહી છે. એક દહાડો ગાદી પરથી ઉતરી જઈને, પૈસાવાળાને ભીખ માંગવાનો વારો આવશે, એમ આજના દેશકાળ પરથી અનુમાન થઈ શકે ! આવા પૈસા પાછળ તમે શા માટે આટલા બધાં પાગલ બની ગયા છો, એ જ મને સમજાતું નથી.

❑ તમે હિસાબમાં હોશિયાર છો. કંઈ ચીજ, કેટલાં ભાવે મળે, એનું ગણિત તમારા મોઢે છે. મારે તમને પૂછવાનું એટલું જ છે કે, આ ગણિતનો તમે ક્યારેય ધર્મમાં ઉપયોગ કરો છો ખરા ? તમે જે રીતે ધર્મ કરો છો, તેનાથી તમને કેટલું પુણ્ય બંધાશે, તેનો હિસાબ તમે પોતે જ માંડો. તમે ધર્મમાં કેટલું અને કઈ રીતે ખર્ચો છો ? એના પરથી પુણ્યનો હિસાબ નીકળે.

❑ સમ્યગ્ જ્ઞાનપૂર્વકની સમ્યક્ક્રિયા તો કલ્પવેલડી છે. આટલું સમજાવ્યા પછી પણ જો તમારામાં જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા ન જાગે, તો મારે કહેવું જોઈએ કે, તમને ધર્મની ખપ જ નથી ? ધર્મની જરૂરિયાત ધર્મ માટે લાગે, એ જ સાચો ખપ કહેવાય. ધન માટે જો ધર્મની જરૂર જણાય, તો ધર્મ પણ ધંધો બની ગયો કહેવાય.

❑ આજે મોસમ-મોસમનો વેપાર થાય છે, એમ મોસમનો ધર્મ કરનારાય ઘણા નીકળ્યા છે. દુ:ખની વાત એ છે કે, એમને કોઈ સાચો ધર્મ સમજાવતું નથી. મોસમ પૂરતો ધર્મ કરનારાઓએ ધર્મને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. પર્યુષણમાં માસક્ષમણ કરે, નવપદના દિવસોમાં ઓળી કરે અને પછી પાછા રાત્રે ખાય, અભક્ષ્ય ખાય અને હોટલમાં પણ જાય. આવા મોસમિયા ધર્મીઓથી આજે ધર્મ વગોવાઈ રહ્યો છે. 'ઈચ્છાનિરોધ' વિનાનો તપ, તપ બની શકતો નથી. પર્યુષણમાં તપ વધે અને હોટલોમાં ઉભરાતી ભીડની સંખ્યા ઘટે નહિ, એ કેમ બને ? 'ઈચ્છાનિરોધ' માટે તપ છે, એ વાત સમજાય, તો કામ થાય.

❑ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણને શાસ્ત્રે મોટામાં મોટા પાપ કહ્યાં છે. મારે બધી અનુકૂળતાઓ જોઈએ અને પ્રતિકૂળતા એક પણ ન જોઈએ, એ વિચાર અવિરતિના ઘરનો છે. મળેલી અનુકૂળતાઓ ગમી જાય અને એ ગમે તેનું દુ:ખ પણ ન થાય, તે મિથ્યાત્વ નામનું પાપ છે.

❑ પોતાનું હૈયું નઠોર ન થઈ જાય, એ માટે કરાતી અનુકંપા પણ કંઈ એમ ને એમ વિના વિચારે ન કરાય ! ડુબતાને બચાવવા જનારો, પોતે તરવૈયો હોવો જ જોઈએ. એ એમ ને એમ ભુસ્કો મારી દે, તો એકને બદલે બેને બચાવવાની ઉપાધિ ઉભી થાય. દ્રવ્યાનુકંપાના જોખમ સમજીને પછી જ અનુકંપા કરવા નીકળાય. ડોકટર ઈન્જેકશન લઈને પછી જ પ્લેગના દર્દીઓ પર ઉપકાર કરવા નીકળે છે. તેમ દ્રવ્યાનુકંપા કરવા નીકળનારે ભાવાનુકંપાનું ઈન્જેકશન લઈને જ નીકળવું પડે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ – ગેલેક્સી ક્રિએશનમાંથી
છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.